क़ीमत में घास, पशु सब्सिडी और पीने के पानी का इंतज़ाम किया गया है। इसके अलावा कच्छ के बन्नी पच्छम इलाके के ४१ गाँवों में, जहां खेती न होने की वहजसे फसल आनावारी संभव नहीं थीं वैसे गाँवों में रु.२/- के राहत दर पर घास का वितरण करने का निर्णय कर के पशुधारकों को अन्य आंशिक सुखा पीड़ित इलाक़ों की तरह घास दिया गया था और इन इलाकों में गौशाला और कैटलकैम्प के पशुओं के लिए दैनिक रु. २५ की सहाय घोषित की थी।

**<u>वन और पर्यावरण</u>**

- सिंहो के रक्षण के लिए गीर इलाक़े के खुले कुँए सुरक्षित करने का और गीर क्षेत्र से गुज़रती रेलवे लाइन की दोनों तरफ वायर फेंसिंग का आयोजन भी किया गया है।
- फॉरेस्ट सर्वे ऑफ़ इंडिया २०१३ के रिपोर्ट के अनुसार चेर के जंगलों में ४.५ करोड़ वर्ग मीटर की बढ़ोतरी हुई है।
- राज्य में इस साल वन महोत्सव के मौक़े पर राजकोट जिले के कागवड में “शक्ति वन” का निर्माण किया गया है।
- (१) गुजरात प्रदुषण नियंत्रण बोर्ड द्‌वारा उसके मुख्य कार्यालय और प्रादेशिक कार्यालयों के लिए आई.एस.ओ. ९००१ और आई.एस.ओ. १४००१ प्रमाणपत्र प्राप्त हुए है। (२) बोर्ड द्‌वारा ऑक्यूपेशनल हेल्थ और सेफ्टी अंतर्गत OHSAS – 18001 प्रमाणपत्र पाने की कार्यवाही शुरू की गई है। (३) इसके आलावा मध्यस्थ प्रयोगशाला, गांधीनगर तथा भरूच, राजकोट, वापी और वड़ोदरा में स्थापित प्रादेशिक कार्यालयों की प्रयोगशालाओं को एन.ऐ.बी.एल. द्‌वारा स्विकृति प्रदान की गई है।
- वर्तमान में राज्य में ३० कॉमन एफ़्लुएन्ट ट्रीटमेंट प्लान्ट (सीइटीपी) कार्यरत हैं और ७ सीइटीपी सूचित/निर्माण स्तर पर हैं। देश के १३० प्लांटो का कुल १०६५ एम्.एल.डी. एफ़्लुएन्ट शुद्ध करने की क्षमता रखते है, जिसके सामने गुजरात के ३० प्लांट्स की क्षमता अंदाजित ५०० एम्.एल.डी. अर्थात ५० प्रतिशत के क़रीब है।

**<u>सूचना व प्रसारण</u>**

सोशल मीडिया के माध्यम से भी राज्य सरकार के महत्व के निर्णय और आयोजन की अधिकृत जानकारी प्रेसनोट, आलेख, फोटोग्राफ्स, टी.वी. कवरेज,

वेबसाइट, वेब कास्टिंग, इ-मेल द्वारा नियमित रुप में प्रजा तक पहुंचाई जा रही है।

**<u>खेलकूद युवा और सांस्कृतिक प्रवृत्तियाँ</u>**

- खिलाड़ियों को राष्ट्रीय और आंतरराष्ट्रीय स्तर पर खेलों में सिद्धि हासिल करने प्रोत्साहित करने के लिए नेशनल चैंपियनशिप से ले कर ओलिंपिक सुवर्णपदक तक मेरी सरकार ने रु.२५००० से लेकर रु. ५ करोड़ तक के इनाम घोषित किये हैं। राज्य के युवा यह चुनौती का स्वीकार करेंगे, ऐसी अपेक्षा है।

इस साल पाटन की राणकी वाव को यूनेस्को द्वारा विश्व विरासत के तौर पर वर्ल्ड हेरिटेज लिस्ट में शामिल करने का निर्णय लिया हैं। चांपानेर के बाद गुजरात की यह दूसरी पुरातत्व विरासत ने इस सूचि में स्थान ग्रहण किया है जो एक गौरवपूर्ण बात हैं।

**न्याय व्यवस्था**

- भिन्न-भिन्न अदालतों में अनिर्णित केसों का त्वरित निपटारा करके राज्य की जनता को त्वरित न्याय दिलाने के लक्ष्य को प्राप्त करने के लिए नामदार उच्च अदालत एवं उसके अधिनस्थ विविध अदालतों में इंफ्रास्ट्रक्चर की सुविधा प्रदान की गइ है।
- स्किल डेवलपमेंट के सदर के तहत राज्य के ३२० आसिस्टंट पब्लिक प्रोसिक्यूटर्स को आवश्यक हार्डवेर, सोफ्टवेर एवं कानून के पुस्तक मुहैया करवाने के लिए दो करोड रूपये का खर्च कीया गया है।
- गुजरात नेशनल लो युनिवर्सिटी को पहले आबंटित किये गये रू.१५० करोड के अनुदान के अलावा इस साल रू. ३०.३९ करोड का अनुदान कैंपस डेवलेपमेंट के लिया दिया गया है।

**आयोजन**

- गुजरात राज्य की वर्ष २०१४-१५ की वार्षिक विकास योजना के लिये रू. ७१५०० करोड का प्रावधान किया गया है। इसका सदरस: आबंटन करते समय सबसे विशेष अग्रता सामाजिक सेवा सदर को दी गइ है। इसमें पीने का पानी, प्राथमिक आरोग्य, प्राथमिक शिक्षा, आवास, पोषण, स्वच्छता एवं अनु.

जाति, अनु. जनजाति, सामाजिक और शैक्षिक रूप से पिछडी जातियो के विकास एवं महिला और बालको का समावेश होता है। इसमें मानव विकास को सबसे अधिक प्राधान्य दिया गया है। यह सब मिलके सामाजिक सेवाओ के सदर के तहत रू. ३४९५१ करोड यानि की कुल प्रावधान के ४८.८८ प्रतिशत आबंटन किया गया है। पीने के पानी तथा कृषिको के लिए सिंचाइ का पानी मुहैया करवाने के लिए सरदार सरोवर परियोजना के लिए रू. ९००० करोड का प्रावधान रखा गया है, जो कुल प्रावधान का १२.५९ प्रतिशत है। विकेंद्रित जिला आयोजन के लिए ७२८.३० करोड एवं अपना तहसिल वायब्रंट तहसिल के लिए रू. ४४२.२० करोड की योजना के साथ रू.११७०.५० करोड का प्रावधान किया गया है।

**वैधिक और संसदिय मामले**

मेरी सरकार इस सत्र में अन्य वैधिक कामकाज के अलावा गृह के विचार के लिए निम्न दर्शित विधेयक लाना चाहती है।

- गुजरात सार्वजनिक निर्माण करार संबंधी विवाद लवादी ट्रिब्युनल (सुधार) विधेयक, २०१५
- प्रोविंसियल स्मोल कोज कोर्ट (गुजरात सुधार) विधेयक, २०१५
- प्रेसिडेंसी स्मोल कोज कोर्ट (गुजरात सुधार) विधेयक, २०१५
- इंडीयन इंस्टीट्यूट ओफ पब्लिक हेल्थ गांधीनगर, विधेयक, २०१५
- श्रम कानून (गुजरात सुधार) विधेयक, २०१५
- गुजरात निजी यूनिवर्सिटी (सुधार) विधेयक, २०१५

**उपसंहार**

नवीनतम विचारों को लगातार प्रोत्साहन देने वाली मेरी सरकार ने अलग-अलग विषयों पर राष्ट्रीय और आंतरराष्ट्रीय सेमिनार का आयोजन किया हैं। नेशनल ट्रैफिक टेक्नोलॉजी समिट, फ्लावर शो, नेशनल कांफ्रेंस ओन इ-गवर्नेंस, सेमिनार ओन एम-गवर्नेंस, राष्ट्रिय हस्तकला मेला और संमेलन आदि में विशेषज्ञो ने बड़ी संख्या में भाग लेकर अपना ज्ञान और संशोधनों का फायदा देश की जनता को दीया हैं। गुजरात, जिसका ध्येय सर्वतोमुखी विकास द्वारा सबका कल्याण

करना है, जिसका लक्ष्य सुशासन से सुराज्य स्थापित करना है, सलामती, समृद्धि एवं प्रगति जिसकी नीति रही है, पारदर्शक प्रशासन जिसकी कार्यप्रणाली रही हैं, सवा सौ करोड़ भारतवासियों की सेवा जिसका संस्कार रहा है, जिसे युवाओं की अपूर्व शक्तियो में अविचल श्रद्धा हैं, जनशक्ति का सहयोग जिसकी धरोहर रही हैं, सर्वसमावेशक विकास जिसका मार्ग रहा हैं, उस राज्य के राज्यपाल की हैसियत से तेरहवीं गुजरात विधानसभा के सभी सन्माननीय सदस्यों को इस सत्र के आरंभ में इस गृह के ज़रिए संबोधन करना मेरे लिए प्रथम ऐसा एक आनंद का अवसर है। आप सभी के द्वारा लोकशाही प्रणालियाँ का पालन करने से गुजरात राज्य ने आज विश्व में अग्रिम स्थान प्राप्त किया है। आने वाले दिनों में भी आप सबकी निष्ठा और परिश्रम से गुजरात अपनी विकास यात्रा में और भी ऊँचे आयाम हांसिल करे ऐसी अभिलाषा के साथ में अंतःकरण पूर्वक शुभ कामनाएं देता हूँ।

जय जय गरवी गुजरात

जय हिन्द

**માનનીય અધ્યક્ષ મહોદય તથા વિધાનસભાના માનનીય સદસ્યશ્રીઓ,**

તેરમી ગુજરાત વિધાનસભાના ૬ઠ્ઠા સત્રના મંગલ પ્રારંભે આપ સૌનું હૃદયપૂર્વક સ્વાગત કરું છું. આપ સૌ સુવિદિત છો કે તા. ૯મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ પરત ફર્યા તે ઘટનાને ૧૦૦ વર્ષ પૂર્ણ થયા. મારી સરકારે આ પ્રસંગની ભવ્ય ઉજવણી થકી રાષ્ટ્રનું યુવાધન ગાંધીજીના જીવનમાંથી પ્રેરણા લઈ સર્વાંગી વિકાસ પામે તેવા પ્રયાસો કર્યા છે. આ વર્ષે પ્રવાસી ભારતીય દિવસ ગુજરાતમાં ઉજવવાની તક આપવા બદલ હું માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા કેન્દ્ર સરકારનો આભાર માનું છું. ગાંધીજી જેવા મહામાનવે દેશની આઝાદી માટે જીવનપર્યંત આપેલું માર્ગદર્શન સમગ્ર વિશ્વ સમક્ષ ઉજાગર થાય તે માટેનું આયોજન મારી સરકારે કર્યું છે.

ઝડપી ઔદ્યોગિક વિકાસના પાયોનિયર એવા માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ૨૦૦૩થી શરૂ કરેલી વિકાસયાત્રાનું સાતમું ચરણ એટલે વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૫, કે જેનું આયોજન જાન્યુઆરી ૨૦૧૫માં તારીખ ૧૧ થી ૧૩ દરમિયાન મહાત્મામંદિર, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ સમિટમાં વિશ્વના ૧૧૦ દેશોના ૨૫૦૦ ડેલિગેટ્સ સહિત કુલ ૨૫૦૦૦થી વધુ ડેલીગેટ્સએ ભાગ લીધો. આ સમિટમાં ૮ દેશો જેવાકે

અમેરિકા, જાપાન, કેનેડા, સીંગાપોર વગેરે કન્ટ્રી પાર્ટનર તરીકે હતા. બે દિવસ દરમિયાન ૯ જેટલા થીમબેઝ્ડ સેમિનાર, ૪ જેટલા કન્ટ્રી સેમિનાર અને નાના અને સુક્ષ્મ સાહસો સંમેલન યોજવામાં આવ્યાં, જેમાં ૪૦૦ જેટલી બીટૂબી તથા ૪૦૦ જેટલી બીટૂજી મીટીંગનું પણ આયોજન કર્યું હતુ. ગ્લોબલ સીઇઓ કોન્કલેવમાં વિશ્વના ૩૦૦ સીઇઓએ ભાગ લીધો. સમિટ દરમિયાન ગ્લોબલ ટ્રેડશોનું ૧,૨૫૦૦૦ ચો.મી.માં આયોજન કર્યું હતું, જેમાં ૧૭ પેવેલીયનમાં ૧૨૫૦ કંપનીઓએ ભાગ લીધો હતો અને ૨૦ લાખથી વધુ લોકોએ ટ્રેડ શોની મુલાકાત લીધી હતી. આમ, વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ – ૨૦૧૫ ખરા અર્થમાં ઉદ્યોગ વિકાસ અને યુવા રોજગારીની સૌથી વધુ તકો ઉભું કરનારું ગ્લોબલ પ્લેટફોર્મ તથા આપણું ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જિન બની રહ્યું.

તાજેતરમાં ગુજરાત સહિત સમગ્ર દેશમાં સ્વાઇન ફ્લુનો પ્રકોપ જોવા મળેલ છે. ગુજરાત રાજ્યમાં લગભગ અંદાજે ૨૩૦૦ જેટલા લોકોને સ્વાઇન ફ્લુ પોઝીટીવ માલુમ પડેલ છે. રાજ્ય સરકારે સમગ્ર રાજ્યમાં બધી જ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલો, બધી જ મેડીકલ કોલેજો સાથેની હોસ્પિટલોમાં સ્વાઇન ફ્લુના દર્દીઓની સારવાર કરવા માટે આઇસોલેશન વોર્ડ ઉભા કરેલ છે. જેમાં દર્દીઓને ઉપલબ્ધ આધુનિક પ્રકારની તમામ સારવાર આપવામાં આવે છે અને લગભગ ૧૩૦૦થી વધુ દર્દીઓ જેઓને સ્વાઇન ફ્લુ થયેલ, તેમને સારવાર આપીને સાજા થયા બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ છે. અત્યારે લગભગ ૧૨૯૮ દર્દીઓ સારવાર હેઠળ છે અને રાજ્યમાં લગભગ ૧૯૭ નાગરિકો મૃત્યુ પામેલ છે. સ્વાઇન ફ્લુ વધતો અટકાવવા અને જેમને સ્વાઇન ફ્લુ થયેલ છે તેમની સઘન સારવાર કરવા બધા જ દર્દીઓને વિનામુલ્યે ટેસ્ટ સહિતની તમામ સારવાર ઉપલબ્ધ કરવામાં આવે છે અને સ્વાઇન ફ્લુ વધતો અટકાવવા સમગ્ર રાજ્યમાં વિવિધ માધ્યમો દ્વારા જનજાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવી રહેલ છે. મને વિશ્વાસ છે કે આપણે સૌ સાથે મળી હવામાંના વાયરસથી ફેલાતા આ રોગને ઝડપથી કાબુમાં લઇ શકીશું.

૨૦૧૪નું વર્ષ ગુજરાત રાજ્ય માટે એટલા માટે વિશેષ મહત્વનું રહ્યું કે આ વર્ષે મુખ્યમંત્રી તરીકે ગુજરાત રાજ્યની શાસનધૂરા બાર વર્ષ સુધી સંભાળી રાજ્યનો સર્વાંગી વિકાસ કરનાર માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સમગ્ર રાષ્ટ્રની પ્રજાનો પ્રેમ અને વિશ્વાસ જીતીને દેશના ૧૫મા વડાપ્રધાન તરીકે સુકાન સંભાળ્યું. ગુજરાત તેઓના નેતૃત્વમાં વિકાસપથ પર કૂદકે ને ભૂસકે આગળ વધતું રહ્યું તે થકી સમગ્ર રાષ્ટ્રની જનતાને ગુજરાત મોડલ સમગ્ર દેશમાં સ્વીકૃત કરવામાં આવે તેવી મહેચ્છા થાય તે સ્વાભાવિક છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૧૪ની ૨જી ઓક્ટોબર, મહાત્મા ગાંધીજીના જન્મદિનથી દેશવ્યાપી ''સ્વચ્છ ભારત'' અભિયાનની શરૂઆત કરી છે અને ૨૦૧૯માં ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ સુધીમાં દેશને સ્વચ્છ બનાવવાની હાકલ તેમણે દેશવાસીઓને કરી છે. આ અભિયાનમાં પ્રજાકીય સહયોગ મળ્યો છે, જેમાં દેશના કરોડો નાગરિકો જોડાયા છે. આ હાકલને ઝીલીને ગુજરાત સરકારે પણ રાજ્યવ્યાપી સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું છે.

ગુજરાત રાજ્યનું શાસન જ્યારે પ્રથમ વાર એક મહિલા મુખ્યમંત્રીએ સંભાળ્યું છે ત્યારે રાજ્યમાં સ્ત્રીશક્તિકરણને નવો જ વેગ મળે તે સ્વાભાવિક છે. સરકારી નોકરીઓમાં મહિલાઓની અનામતનું પ્રમાણ ૩૦ ટકાથી વધારીને ૩૩ ટકા કરવામાં આવ્યું છે. રાજ્યની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહિલા સભ્યોની અનામતનું પ્રમાણ ૩૩ ટકાથી વધારીને ૫૦ ટકા કરવામાં આવ્યું છે. સખી મંડળને બેંકો દ્વારા આપવામાં આવતી ` પાંચ લાખ સુધીની લોનના લેખમાં સ્ટેમ્પ ડયુટીમાંથી પુરેપુરી માફી આપવામાં આવે છે. ગત વર્ષે ૧ થી ૧૫ ઓગસ્ટ સુધી નારી સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી.

મને એ કહેતાં આનંદ થાય છે કે અખંડ ભારતના નિર્માતા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની વિરાટતમ પ્રતિમા "સ્ટેચ્યુ ઓફ યુનિટી" સમગ્ર વિશ્વમાં એકતા-અખંડિતતા સાથે "એક ભારત-શ્રેષ્ઠ ભારત" નો મંત્ર ચરિતાર્થ કરનારું સ્મારક બની રહેશે. આ પ્રતિમાના નિર્માણનું આયોજન સરદાર સરોવર બંધની નજીક સાધુબેટ ખાતે હાથ ધરવામાં આવ્યું છે. જેના માટે ` ૨૯૮૯ કરોડના ટેન્ડર મંજુર કરી તા.૨૭-૧૦-૨૦૧૪ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવ્યો છે. આ પ્રતિમા આવનારી પેઢીઓ માટે સદીઓ સુધી પ્રેરણાસ્ત્રોત અને રાષ્ટ્રચેતના જગાવનારું સ્મારક બની રહેશે. સરદાર સાહેબના વ્યક્તિત્વનો વિશ્વને સાક્ષાત્કાર કરાવવાનો આ પ્રયાસ છે. આ સ્મારકનું ખાતમુહુર્ત કરી આ શુભ કાર્યનો શુભારંભ કરવામાં આવ્યો છે તે થકી અખંડ ભારતના શિલ્પી સરદાર સાહેબની પરિકલ્પના મુજબના રાષ્ટ્રનું નિર્માણ થશે તેવો મને વિશ્વાસ છે.

**ગતિશીલ ગુજરાત**

રાજ્ય સરકાર દ્વારા અમલી સરકારી યોજનાઓનો લાભ લોકો સુધી પહોંચે તથા તેનું સઘન અને યથાર્થ મોનીટરીંગ થાય તેવા આશયથી માન. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા "ગતિશીલ ગુજરાત" નામનો લોકાભિમુખ કાર્યક્રમ તા.૨૩.૦૬.૨૦૧૪ના રોજ જાહેર કરવામાં આવ્યો હતો, જેમાં નિશ્ચિત લક્ષ્યાંકો દ્વારા વહીવટી તંત્રને ગતિશીલ બનાવવા જુદા જુદા વિષયોને આવરી લઇ સંકલિત વિકાસની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

આ કાર્યક્રમમાં પ્રથમ તબક્કે મુખ્ય ૧૧ મુદ્દા અને ૫૧ પેટા મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા હતા, જેમાં મહિલાઓનું સશક્તિકરણ, પોષણયુક્ત ગુજરાત, મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન, લોકોને સેવાઓ પુરી પાડવાની જુદી જુદી ચેનલો, લોક સંવાદ સેતુ કાર્યક્રમ, ગરીબ કલ્યાણ મેળાઓ, ચિંતન શિબિર, સ્વાગત કાર્યક્રમને ઝુંબેશ તરીકે આવરી લઇ સરકારી વહીવટી તંત્ર લોકો સુધી પહોંચે, અને પ્રજાના પ્રશ્નોનું નિરાકરણ થાય તેવું આયોજન કર્યું હતું. મહેસુલી રેકર્ડ અદ્યતન કરવું, ગુજરાત શહેરી મિશન અન્વયે પીવાનું પાણી અને ગટર વ્યવસ્થા, ૫૦૦ શાળાઓમાં સ્માર્ટ લર્નિંગ કાર્યક્રમ, રોજગારી મેળવવા માંગતા યુવાનોની કુશળતા ઉંચે લઇ જવા માટે તાલીમ કાર્યક્રમ અને ભરતી મેળાઓનું આયોજન વગેરે બાબતો આવરી લેવામાં આવી હતી. આ અન્વયે ૧,૬૨,૮૯૪ વ્યક્તિગત શૌચાલયો પૂર્ણ કરવામાં આવ્યાં તથા ૪,૪૯,૦૮૨ વ્યક્તિગત શૌચાલયો મંજૂર કરવામાં આવ્યાં, ૭૯ ગરીબ કલ્યાણ મેળા યોજવામાં આવ્યા તથા ૨૨,૭૧૮ યુવક-યુવતીઓને રોજગારી માટેની તાલીમ આપવામાં આવી, જેનો લાભ નાગરિકોને થયો છે.

આ કાર્યક્રમના પ્રથમ તબક્કા અંતર્ગત ૧૩૮ % ની સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. આથી પ્રોત્સાહિત થઇ માન. મુખ્ય મંત્રીશ્રી દ્વારા આ કાર્યક્રમને નિરંતર કાર્યક્રમ તરીકે પ્રસ્થાપિત કરી તા. ૩૧.૦૩.૨૦૧૫ સુધીના લક્ષ્યાંકો નક્કી કરી તા.૦૮.૧૦.૨૦૧૪ના રોજ 'ગતિશીલ ગુજરાત કાર્યક્રમ'ના રોડમેપનું લોન્ચિંગ કરવામાં આવ્યું છે, જેમાં અગાઉના કાર્યક્રમથી આવેલ ગતિશીલતાને ધ્યાનમાં લઇ નવા થીમ સ્વરુપે અલગ વિષયો તૈયાર કર્યા છે. આ કાર્યક્રમનું અમલીકરણ માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવે છે. દરેક વિષય માટે સરકારે એક સંકલનકર્તા વિભાગ નક્કી કર્યો છે, જેથી યોગ્ય માળખા સાથે આ કાર્યક્રમ સુચારુરુપે કાર્યરત થાય. કુલ ૧૮ વિષયો તથા ૧૧૪ મુદ્દા સાથે આ કાર્યક્રમ અમલી બન્યો છે, જેમાં મહિલા સશક્તિકરણ, કુપોષણમુક્ત ગુજરાત, સ્વસ્થ ગુજરાત, મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન, ભારત સ્વચ્છતા મિશન, જાહેર વ્યવસ્થાનું સુદ્રઢીકરણ, ઇ-ગવર્નન્સ થકી સરકાર પ્રજાના દ્વારે, શહેરી મિશન અન્વયે માળખાગત સુવિધાઓ, રુર્બન મિશન, શિક્ષણ વ્યવસ્થાનું

સુદ્રઢીકરણ, કુશળતા વધારવી, રોજગારીની નવી તકોનું સર્જન, સુરક્ષા સેતુ, સિંચાઇનું વિસ્તરણ, ખેલકુદ ક્ષેત્રે વિકાસ, હસ્તકળા અને હાથશાળનું માર્કેટ ઉભું કરવું વગેરેનો સમાવેશ કર્યો છે. ગતિશીલ ગુજરાત કાર્યક્રમના લાંબા ગાળાના અને ટુંકા ગાળાના લક્ષ્યાંકોને નિયત કરવામાં આવ્યાં છે. આ લક્ષ્યાંકોની સિદ્ધિ મારફતે રાજ્યની પ્રજાને મહત્તમ લાભ મળે તેમજ રાજ્ય વિકાસના ઉચ્ચતમ શિખરો સિદ્ધ કરે તેવો મારી સરકારે નિર્ધાર કર્યો છે.

**લોક સંવાદ સેતુ અને ચિંતન શિબિર**

ગુજરાત રાજ્યે આજે દેશને એક નવી દિશા ચિંધી છે. પ્રજાને નાના નાના પ્રશ્નો બાબતે જિલ્લા મથકે કે સચિવાલય સુધી આવવું ન પડે, તેઓના પ્રશ્નો અંગે સમય મર્યાદામાં રહેઠાણના સ્થળથી નજીક તાલુકા કક્ષાએથી જવાબો મળી રહે તે માટે રાજ્ય સરકારે દરેક તાલુકાઓમાં “લોક સંવાદ સેતુ (લોક દરબાર)“ યોજવાનું શરૂ કર્યું છે. લોક સંવાદ સેતુ સંદર્ભે જિલ્લા/તાલુકા તંત્ર દ્વારા સમયબદ્ધ અને ચોક્કસ કાર્યવાહી કરવામાં આવે તે સરકારનો મુખ્ય આશય છે. તા. ૧૯.૦૨.૨૦૧૫ સુધીમાં યોજાયેલા કુલ ૨૪૭ લોક સંવાદ સેતુમાં કુલ ૧૫,૨૩૪ રજૂઆતો મળી હતી, જેમાંથી ૧૩,૨૯૬ રજૂઆતોનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો છે.

રાજ્ય સરકારના લાખો કર્મયોગીઓ તેઓના સરકારી વહીવટના અનુભવના આધારે સૂચનો કરે, યોજનાઓ માટે અભિપ્રાય આપે તે આશયથી તાલુકા કક્ષાએ ૨૩૬ તથા જિલ્લા કક્ષાએ ૨૪ ચિંતન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું.

**વંચિતોનો વિકાસ**

- ગુજરાતના અંદાજે ૯૦ લાખ આદિવાસીઓના કલ્યાણ માટે શરૂ કરવામાં આવેલી વનબંધુ કલ્યાણ યોજનાના બીજા તબક્કામાં ` ૪૦,૦૦૦ કરોડના પેકેજ પૈકી વર્ષ ૨૦૧૪-૧૫ માટે ` ૯૦૩૮.૫૪ કરોડની જોગવાઇ કરી હતી, જે આગળના વર્ષની સરખામણીમાં

  ` ૧૯૩૫.૫૪ કરોડ જેટલી વધુ હતી.

- અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટેના સરકારી છાત્રાલયો તથા અનુદાનિત છાત્રાલયોમાં ૧,૨૫,૦૦૦ જેટલા વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓને વિનામૂલ્યે રહેવા તથા જમવાની સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. આ વર્ગો માટેની અનુદાનિત આશ્રમશાળાઓ તથા આદર્શ નિવાસી શાળાઓમાં અંદાજિત ૧,૨૦,૦૦૦ જેટલા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને વિનામૂલ્યે રહેવા, જમવા અને અભ્યાસ કરવાની સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

- અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર અને આણંદ ખાતે સ્વામી વિવેકાનંદ સમરસ હોસ્ટેલ્સ, કે જે હોસ્ટેલ દીઠ અનુસૂચિત જાતિ/જનજાતિ/વિકસતિ જાતિના ધોરણ ૧૧-૧૨ તેમજ સ્નાતક અને અનુસ્નાતક જેવા ઉચ્ચ અભ્યાસ કરતા ૧૦૦૦ વિદ્યાર્થીઓ અને ૧૦૦૦ વિદ્યાર્થીનીઓને પ્રવેશની ક્ષમતા ધરાવે છે, તે આગામી વર્ષથી શરૂ કરવામાં આવશે. વધુમાં, ભૂજ, જામનગર અને હિંમતનગર ખાતે સમરસ હોસ્ટેલ્સનું બાંધકામ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

- ૭૩૦૨૯ જેટલા અનુસૂચિત જનજાતિ અને અન્ય પરંપરાગત વનવાસીઓને જમીનના રહેણાંક તેમજ જમીન ખેડવાના અધિકાર માન્ય કરવામાં આવ્યા છે. આ રીતે ૧૦.૯૭ લાખ એકર જમીન પરના દાવા માન્ય કરવામાં આવ્યા છે.

- ટેલેન્ટ પુલ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ચૂકવવામામાં આવતી ફી

` ૬૦,૦૦૦ માં વધારો કરીને ` ૮૦,૦૦૦ કરવામાં આવી છે.

- રાજ્ય સરકાર દ્વારા અત્યાર સુધીમાં યોજવામાં આવેલા કુલ ૧,૨૨૫ ગરીબ કલ્યાણ મેળાઓમાં ૮૯ લાખ લાભાર્થીઓને ` ૧૩,૩૮૯ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. આ વર્ષે સાતમા તબક્કામાં યોજવામાં આવેલા ૧૧૭ મેળામાં ૧૦ લાખ લાભાર્થીઓને ` ૧,૩૮૩ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

**આરોગ્ય**

- આરોગ્ય વિભાગ રાજ્યના છ કરોડ નાગરિકોને પોતાના ગામ કે શહેર સુધી વિવિધ પ્રકારની આરોગ્ય સેવાઓ આપી રાજ્યમાં સ્વસ્થ અને તંદુરસ્ત સમાજનું નિર્માણ થાય તે માટે વિવિધ યોજનાઓ દ્વારા બાળકો, કિશોરીઓ, સગર્ભા મહિલાઓ, યુવાનો તથા વૃધ્ધમાં વૃધ્ધ વડીલો સહિત તમામને આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવે છે, જેનો લાભ રાજ્યની જનતાને મળી રહ્યો છે. રાજ્ય ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે ત્યારે રાજ્યના નાગરિકો ઉપરાંત ધંધા રોજગારી અર્થે રાજ્ય બહારથી આવતા નાગરિકોનું સ્વાસ્થ્ય જાળવવાની જવાબદારી પણ રાજ્ય સરકારે સારી રીતે નિભાવી છે, જે પ્રશંસાને પાત્ર છે.

- રાજ્ય સરકાર દર વર્ષે પ્રાથમિક શાળાથી માંડીને હાઈસ્કૂલ સુધી રાજ્યની તમામ શાળાઓમાં અભ્યાસ કરતા ૧ કરોડ ૨૦ લાખ થી વધુ વિદ્યાર્થીઓની શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ ચકાસણી કરે છે, જે થકી કોઈ પણ વિદ્યાર્થીને કોઈ પણ નાનો કે મોટો રોગ જણાય તો તેની તમામ પ્રકારની સારવાર ૧૦૦ ટકા રાજ્ય સરકારના ખર્ચે કરવામાં આવે છે, જેમાં હૃદયના વાલ્વના ઑપરેશન સહીતની હૃદયરોગની સારવાર, કિડની, કેન્સર જેવા રોગોની સારવાર, બહેરા મૂંગા બાળકોની ` ૮ લાખના ખર્ચે કોકલીયર ઈમ્પ્લાંટ સહીતની સારવાર, આંખોના નંબરવાળા તમામ વિદ્યાર્થીઓને ચશ્મા આપવા વિગેરેનો સમાવેશ થાય છે.

- **"મુખ્યમંત્રી અમૃતમ યોજના(મા)" તથા "મા વાત્સલ્ય યોજના"** અંતર્ગત ૪૧ જેટલી ખાનગી તેમજ સુપરસ્પેશ્યાલીટી સારવાર આપતી ૧૯ સરકારી હોસ્પિટલો દ્વારા કિડની, કેન્સર, હૃદયરોગ, દાઝી જવાથી ગંભીર ઈજા, અકસ્માતથી થયેલ ગંભીર ઈજાઓ, પ્રસૂતા માતાઓના ગંભીર રોગની સારવાર વિગેરે જેવી ગંભીર બિમારીઓની સારવાર વિનામૂલ્યે રાજ્યના તમામ બી.પી.એલ. પરિવારો અને વાર્ષિક ` ૧,૨૦,૦૦૦ સુધીની આવક ધરાવતા પરિવારની બધી જ મહિલાઓ અને ૨૧ વર્ષની ઉંમર સુધીના યુવાનોને વાર્ષિક ` બે લાખના ખર્ચની મર્યાદામાં આપવામાં આવે છે.

- સુધારેલ રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ હેઠળ ક્યોર રેટ જે ૫૦% હતો તે વધીને ૮૮% સુધી પહોચ્યો છે, તેમજ મૃત્યુ દર ૩૦%થી ઘટાડીને ૪% સુધી લઇ જવાયો છે.

- **"ચીરંજીવી યોજના"** હેઠળ યોજનાની શરૂઆતથી આજદિન સુધી ૪૧૩ સ્ત્રી રોગ નિષ્ણાતો દ્વારા ૯.૮૮ લાખ સુરક્ષિત પ્રસુતિ હોસ્પિટલોમાં કરાવવામાં આવી છે તથા **"બાળ સખા યોજના"**માં જોડાયેલા ૧૮૨ ખાનગી બાળરોગ નિષ્ણાતો દ્વારા ૩.૭૪ લાખ નવજાત શિશુઓને વિનામૂલ્યે સારવાર આપવામાં આવી છે.

- રાજ્ય સરકારે બાળ અને માતાના કુપોષણની સમસ્યાને નાથવા **"મિશન બલમ સુખમ"** યોજના હેઠળ સરકારના વિવિધ વિભાગો તેમજ વિવિધ ભાગીદાર સંસ્થાઓ સાથે

સંકલન કરી પોષણ અંગેની જનજાગૃતિ ઉભી કરી છે.

- રાજ્યની હોસ્પિટલોમાં સને ૨૦૧૪-૧૫ના વર્ષ દરમિયાન સપ્ટેમ્બર અંતિત કુલ ૮.૪૫ લાખ લોકોને અંદરના દર્દી તરીકે અને ૩૨ લાખ લોકોને બહારના દર્દી તરીકે તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવી છે.

- સિદ્ધપુર, મહેસાણા, વ્યારા, હિંમતનગર, રાજપીપળા, નવસારી, નડિયાદ, લીંબડી, કડી, એસ.એસ.જી. હોસ્પિટલ-વડોદરા, રાજકોટ, ભાવનગર, મોરબી અને વલસાડની હોસ્પિટલો ખાતે કિડનીના દર્દીઓ માટે ` ૧૦ કરોડના ખર્ચે આધુનિક તબીબી ઉપકરણો સહિત હિમોડાયાલિસીસ યુનિટની સ્થાપના કરવામાં આવી છે.

- ગુજરાત રાજયમાં તબીબી શિક્ષણ ક્ષેત્રે વર્ષ ૨૦૧૪-૧૫માં એમ.બી.બી.એસ.ની ૨૯૩૦, બી.ડી.એસ.ની ૧૨૪૦, ફીઝીયોથેરાપીની ૧૭૯૦, આયુર્વેદની ૫૬૫ અને હોમીયોપેથીની ૧૮૦૦ યુ.જી. બેઠકો ઉપલબ્ધ છે. છેલ્લાં પાંચ વર્ષમાં આ બેઠકોમાં એમ.બી.બી.એસ.ની ૮૭૫, બી.ડી.એસ.ની ૨૦૦, ફીઝીયોથેરાપીની ૬૪૫, આયુર્વેદની ૧૦૦ અને હોમીયોપેથીની ૧૦૦નો વધારો થયેલ છે. રાજયમાં પી.જી.મેડીકલની ૧૪૭૧ બેઠકો ઉપલબ્ધ છે.

- સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ સ્થિત પ્રતિષ્ઠિત કિડની ઈન્સ્ટીટ્યુટને અપગ્રેડ કરી યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સીસ બનાવવાની મારી સરકારે મંજૂરી આપી છે અને તેને માટેનું વિધેયક વિધાનસભાના આ સત્રમાં રજુ કરવામાં આવશે.

- ગાંધીનગરમાં ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લિક હેલ્થ યુનિવર્સિટી શરૂ કરવાનું વિધેયક વિધાનસભાના આ સત્રમાં લાવવામાં આવશે.

- રાજયમાં અમદાવાદ ખાતે અંદાજીત ` ૬૫૦ કરોડના ખર્ચે તથા અન્ય જિલ્લાઓમાં અંદાજીત ` ૧૮૫૦ કરોડના ખર્ચે મેડિકલ કોલેજો, હોસ્પિટલો, જિલ્લા, તાલુકા કક્ષાની હોસ્પિટલો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામ તથા રિનોવેશનના કામો કરવામાં આવી રહયાં છે.

- રાજયમાં નવા જીલ્લા કાર્યાન્વિત થતા બોટાદ, દેવભૂમિ-દ્વારકા, છોટાઉદેપુર અને લુણાવાડા સામૂહિક આરોગ્ય કેન્દ્રને જીલ્લા કક્ષાની હોસ્પિટલમાં રૂપાંતર કરવા માટે જરૂરી માળખાગત સુવિધામાં વધારો કરવા ` ૫.૨૫ કરોડનું આયોજન કર્યું છે.

- માંડવી અને સંતરામપુર ખાતે નર્સીંગ સ્કુલના બાંધકામ પૂર્ણ થયેલ છે જયારે ધરમપુર ખાતે બાંધકામ અંતિમ તબક્કામાં છે. આ ત્રણે સ્થળોએ જનરલ નર્સીંગનો અભ્યાસક્રમ ચાલુ કરવા માટે ` ૧૫૦ લાખની માળખાકીય સુવિધા ઉભી કરવા માટેની કાર્યવાહી પ્રગતિમાં છે.

- ગુજરાત સરકાર સંચાલિત ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાઓના સરળ સંચાલન માટે ૧૦૦ નવી એમ્બ્યુલન્સ વસાવવા ` ૧૫ કરોડની મંજૂરી આપી છે. આ ઈમરજન્સી સેવાઓ હેઠળ રાજ્યમાં તા.૩૦.૧૧.૨૦૧૪ સુધી  કુલ ૪૯,૩૮,૪૧૬ કોલ એટેન્ડ કરવામાં આવ્યા છે, જે પૈકી ૧૭,૧૪,૯૭૪ જેટલા પ્રસૂતિ સંબંધિત કોલ હતા તેમજ  કુલ ૩,૭૭,૭૧૭ લોકોની મહામુલી જીંદગી બચાવવા ૧૦૮ સેવા અતિ ઉપયોગી પુરવાર થઇ

છે.

- **ચીફ મિનિસ્ટર સર્વિસીસ ઓફ એક્ષ્પર્ટ એટ ટ્રીટમેન્ટ યુનિટ યોજના (સી.એમ. સેતુ):** આ યોજનાનો મુખ્ય ઉદ્ધેશ સરકારી હોસ્પિટલ તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે સ્પેશ્યલાઇઝ્ડ સારવાર અર્થે આવતા દર્દીઓને આરોગ્ય વિષયક સેવાઓ આપવાનો છે, જે માટે ૨૨૭ ખાનગી નિષ્ણાત તજજ્ઞોને નિમણૂંક આપવામાં આવી છે.

- રાજયમાં સુરત, ભરૂચ, રાધનપુર, વેરાવળ તથા મોડાસા ખાતે કુલ ` ૧૨.૫૦ કરોડના ખર્ચે પાંચ નવી સરકારી આયુર્વેદ હોસ્પિટલોના બાંધકામનું કામ વિવિધ તબક્કે પ્રગતિમાં છે.

- રાજયના આદિજાતિ વિસ્તારો દાહોદ તેમજ રાજપીપળા ખાતે ` ૧૦ કરોડના ખર્ચે સરકારી આયુર્વેદ કોલેજ સંલગ્ન હોસ્પિટલના બાંધકામ પૂર્ણ થયેલ છે. જયારે વાંસદા, જિ.નવસારી ખાતે ` પાંચ કરોડના ખર્ચે સરકારી હોમિયોપેથી કોલેજ સંલગ્ન હોસ્પિટલના બાંધકામનું કાર્ય પ્રગતિમાં છે.

- અગરિયાઓના સ્વાસ્થ્ય માટે પેટા આરોગ્ય કેન્દ્રો અને મોબાઈલ દવાખાનાની સવલતો આપવામાં આવી છે.

**શિક્ષણ**

**પ્રાથમિક શિક્ષણ**

- રાજ્યના અંતરિયાળ વિસ્તારમાં વધુ શિક્ષણ સુવિધા ઉપલબ્ધ કરાવવા ૨૧ પ્રાથમિક શાળા અને ૮ પ્રારંભિક શાળા શરૂ કરવામાં આવી**.**

- રાજ્યની ૨૨,૦૦૦ ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં ઇન્ટરનેટની સુવિધા આપવાની કામગીરી પ્રગતિમાં છે.

**વિદ્યાલક્ષ્મી બૉન્ડ**

- ધોરણ-૧માં પ્રવેશ પામતી કન્યાઓને ` ૨૦૦૦ ના વિદ્યાલક્ષ્મી બૉન્ડ આપવામાં આવે છે.

- પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યુ હોય તેવી ૧૫,૧૧,૨૬૦ કન્યાઓએ ` ૧૭૨.૩૪ કરોડના વિદ્યાલક્ષ્મી બૉન્ડનો લાભ મેળવ્યો છે.

**કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય( કે.જી.બી.વી.)**

- કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય(કે.જી.બી.વી.) યોજના એ શાળા બહારની, કદીએ શાળાએ ન ગયેલી, ડ્રોપ આઉટ કન્યાઓ માટેની નિવાસી શાળા વ્યવસ્થા છે. ગુજરાતમાં કુલ ૧૦૯ કે.જી.બી.વી.માં ૬૪૮૪ કન્યાઓ અભ્યાસ કરી રહી છે.

**મોસમી છાત્રાલયો**

- ૯૯૨ મોસમી છાત્રાલયો દ્ધારા ૨૯૭૬૧ સ્થળાંતર કરતા બાળકોને નજીકની શાળાઓમાં પ્રવેશ માટે આવરી લેવામાં આવ્યા છે.

- ૭૩,૪૮૭ બાળકોને શાળાએ આવવા જવા માટે વાહનની સવલત પુરી પાડવામાં આવી છે.

**મધ્યાહન ભોજન**

- ૪૩ લાખ બાળકો મધ્યાહન ભોજન (એમ.ડી.એમ.)નો લાભ લે છે.

- ૩૩,૩૭૪ એમ.ડી.એમ. કેન્દ્રોમાં રસોઈ કાર્યક્ષમ રીતે ધુમાડામુક્ત વાતાવરણમાં ઓછી મહેનતે તૈયાર કરવા એલ.પી.જી. જોડાણો આપવામાં આવ્યાં છે, જે પૈકી અમદાવાદ,ગાંધીનગર, રાજકોટ, વડોદરા અને સુરત ખાતે આરોગ્યપ્રદ ભોજન તૈયાર થાય તેવાં અદ્યતન, સ્વયંસંચાલિત કેન્દ્રીકૃત રસોડાં શરૂ કરવામાં આવ્યા છે.

**પ્રજ્ઞા(પ્રવૃતિ આધારિત શિક્ષણ)**

- બાળકોને બાળકેન્દ્રી પદ્ધતિએ શિખવવા સાથે બાળકોનો સર્વગ્રાહી વિકાસ થાય તથા બાળક સહપાઠી સાથે સ્વ-શિક્ષણ મેળવે તે માટે ૧૬,૦૦૦ શાળાઓમાં ૪૬,૩૩૯ શિક્ષકો દ્વારા ૧૫,૦૯,૫૦૨ બાળકોને આ પદ્ધતિએ શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

**બાલા (બિલ્ડીંગ એઝ લર્નિંગ એઇડ)**

- રાજ્યમાં ૨૧૩૫ શાળાઓમાં બાલા દ્વારા સર્વગ્રાહી આયોજન અને શાળા ઇન્ફ્રાસ્ટ્રકચરની મદદથી વિદ્યાર્થીઓને મૈત્રીપૂર્ણ અને આનંદદાયી વાતાવરણમાં શીખવવામાં આવે છે.

**માધ્યમિક શિક્ષણ**

- વર્ષ ૨૦૦૨-૨૦૧૪ દરમિયાન માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સંખ્યામાં ધોરણ-૯માં ૨૨.૮૬ ટકા અને ધોરણ-૧૦માં ૨૮.૦૬ ટકાનો વધારો થયો છે. આ ગાળા દરમિયાન માધ્યમિક શાળા કક્ષાએ કન્યા શિક્ષણમાં ૨૫.૭૮ ટકા વધારો થયો છે.

- વર્ષ ૨૦૦૨-૨૦૧૪ દરમિયાન ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની સંખ્યામાં ધોરણ-૧૧માં ૫૫.૮૦ ટકા અને ધોરણ-૧૨માં ૨૧.૧૫ ટકાનો વધારો થયો છે. આ ગાળા દરમિયાન ઉચ્ચતર માધ્યમિક શાળા કક્ષાએ કન્યા શિક્ષણમાં ૪૭.૬૪ ટકા વધારો થયો છે.

- વર્ષ ૨૦૦૯-૨૦૧૪ દરમિયાન, રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (આર.એમ.એસ.એ.) અંતર્ગત કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ ધોરણ-૯ થી ૧૦ (ગુજરાતી માધ્યમિક)ની ૩૯૮ શાળાઓ શરૂ કરવામાં આવી છે.

**ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ**

- વર્ષ ૨૦૦૦માં ગુજરાતમાં ૧૫ યુનિવર્સિટીઓ, ૨૦ સરકારી કોલેજો અને ૩૧૯ અનુદાનિત કોલેજો હતી. વર્તમાન સમયે ૬૨ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ (યુનિવર્સિટીઓ, સંશોધન કેન્દ્રો સહિત) ૭૨ સરકારી કોલેજો અને ૩૫૬ અનુદાનિત કોલેજો છે.

- પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપના ધોરણે સુરત જિલ્લામાં વધુ એક ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ફોર્મેશન ટેકનોલોજીની સ્થાપના માટે જમીનની પસંદગી માટેની કાર્યવાહી ચાલુ

છે.

- ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તા સુધારણા માટે Technical Education Quality Improvement Programme(TEQIP)ના દ્વિતીય ચરણમાં કુલ ૬ સરકારી અને ૧ અનુદાનિત ઇજનેરી કોલેજોને આવરી લેવામાં આવી છે. આ યોજના અંતર્ગત ` ૭૩ કરોડની યોગ્યતાના ધોરણે સંભવિત સહાય મળનાર છે, જે પૈકી હાલ ` ૨૪ કરોડની સહાય પ્રાપ્ત થઈ છે.
- રાજ્યની પાંચ ઈજનેરી કોલેજો- રાજકોટ, પાટણ, મોરબી, ભાવનગર, ગુજરાત પાવર ઈજનેરી એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ મહેસાણા અને ૧ સરકારી પોલીટેકનીક જામનગરને Siemens centre of execellence સ્થાપવા માટે સંસ્થા દીઠ ` ૧૩૯.૧૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

**કર્મચારી ગણ વ્યવસ્થાપન**

**HRMS-યોજના**

- સરકારશ્રી દ્વારા ઈન્ફર્મેશન અને કોમ્યુનિકેશન ટેક્નોલોજી(ICT) સહાચિત માનવ સંસાધન અને વ્યવસ્થાપન પધ્ધતિ (HRMS- Human Resource Management System) અંગેની યોજના દાખલ કરવામાં આવી છે.
- આ યોજના અંતર્ગત દરેક કર્મચારીને સંસાધન તરીકે મુલવી, કર્મચારીઓની બૌદ્દિક ક્ષમતાના કાર્યક્ષમ ઉપયોગ માટે માર્ગદર્શન પુરું પાડવામાં આવશે, જે થકી સરવાળે કર્મચારીઓની ઉત્પાદકતામાં અને કાર્યક્ષમતામાં વધારો થશે તથા તેઓ દ્વારા અપાતી સેવાઓની ગુણવત્તામાં સુધારો થશે. માનવ સંસાધન ક્ષેત્રે સમસ્યાઓના ઉકેલની દિશામાં પણ ફળદાયી પરિણામો મળશે. પ્રથમ તબક્કે રાજ્ય સરકારના આઈ.એ.એસ., આઈ.એફ.એસ., અધિક કલેક્ટર અને સચિવાલય સંવર્ગના અધિકારીઓ તથા કર્મચારીઓ, અમદાવાદ અને ગાંધીનગર ખાતેની ખાતાના વડાની કચેરીઓના કર્મચારીઓ તથા ક્ષેત્રિય કચેરીઓના વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓને આવરી લેવામાં આવશે. હાલમાં ૨૫૦૦ અધિકારીઓને આવરી લેવામાં આવ્યા છે.

**ભરતી કૅલેન્ડર**

- ભરતી કૅલેન્ડર ગુજરાતના યુવાનો માટે સરકારનું વચન છે. દસ વર્ષના સમયગાળામાં સરકારમાં સીધી ભરતી મારફતે ૧,૫૪,૦૦૦ થી વધુ જગ્યાઓમાં ભરતી કરવા માટેની એક વિશાળ યોજના છે, જે ગુજરાતના તમામ મહત્વાકાંક્ષી યુવાનો માટે દીવાદાંડી સમાન છે. આ યોજના થકી રાજ્યના યુવાનો જાહેર ક્ષેત્રમાં પોતાની કારકિર્દી ઘડવા અંગે આયોજન કરી શકશે. મોબાઇલ ઍપ્લિકેશન દ્વારા ભરતી કેલેન્ડરની વિગતોની જાણકારી તમામને પ્રાપ્ય છે.

**શ્રમ અને રોજગાર**

- સમગ્ર ભારતભરમાં પ્રથમવાર પૂર્વ પ્રધાનમંત્રી આદરણીય શ્રી અટલબિહારી બાજપેયીજીના જન્મ દિને અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓને એક જ પ્લેટફોર્મ પર લાવી રાજયના ૨૦ જિલ્લા મથકોએ શ્રમયોગી કલ્યાણ મેળાના માધ્યમથી ચાર લાખ શ્રમયોગીઓની નોંધણી કરી અસંગઠિત શ્રમયોગીઓના કલ્યાણ માટેની સરકારની વિવિધ યોજનાઓને એક છત્ર હેઠળ લાવી આ શ્રમયોગીઓને યુ-વીન **(Unorganized Workers Identification Number)** ઓળખ કાર્ડ આપવામાં

આવી રહ્યાં છે. શ્રમયોગીઓના પ્રશ્નોને ત્વરિત વાચા આપવા શ્રમયોગી સુવિધા સેવા **(SSS)** વેબ પોર્ટલ અને ટોલ ફ્રી હેલ્પ લાઈન શરૂ કરવામાં આવી છે.

- શ્રમયોગીઓની આવક વધે અને તેમનું શોષણ ના થાય તે માટે તકેદારી રાખી સરકારે શ્રમયોગીઓના લઘુત્તમ વેતનમાં આ વર્ષે ૨૭ થી ૩૦ ટકાનો વધારો કર્યો છે.
- ખેત શ્રમયોગીઓને શ્રમિક સુરક્ષા અક્સ્માત જુથ વીમા યોજના હેઠળ આ વર્ષે ` ૨૨૩.૫૦ લાખની સહાય ચુકવવામાં આવી છે. મીઠાના શ્રમયોગીઓને કુંટુબ દીઠ રાહત દરે સાયકલ આપવાની યોજના હેઠળ આ વર્ષમાં ૧૭,૧૪૩ અગરિયાઓને સાયકલ આપવામાં આવી છે.
- માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના સ્કીલ ઇન્ડિયા, ડીઝીટલ ઇન્ડિયા અને મેઇક ઇન ઇન્ડિયાના દૃઢ નિશ્ચયને ચરિતાર્થ કરવા દર વર્ષે રાજ્યના ૪,૮૧,૦૦૦ યુવાધનને ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના જુદાજુદા ૧૭૨૫ ટ્રેડ્સમાં કૌશલ્યવિકાસની તાલીમ આપવામાં આવે છે, જે પૈકી ૧૪૮ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને “સેન્ટર ઓફ એકસલન્સ“ હેઠળ અપગ્રેડ કરવામાં આવી છે. ભારત સરકારના શ્રમ મંત્રાલય અને વિશ્વબેંક દ્વારા આ અપગ્રેડેશનની કામગીરીની પ્રશંસા કરવામાં આવી છે.
- ગુજરાતના યુવાનોને રોજગાર અને તાલીમ મળે તે માટે મારી સરકારે સ્કીલ યુનિવર્સિટીની સ્થાપના કરી છે.
- ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા પ્રકાશિત થયેલા છેલ્લા અહેવાલ અનુસાર સને ૨૦૧૩માં ૭૮ ટકા ઉમેદવારોને રોજગારી આપી સમગ્ર દેશમાં ગુજરાત રાજ્યે પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે.
- મારી સરકારે ૫૦ વર્ષથી વધુ જુના શ્રમ કાયદાઓમાં સુધારા કરવાનું નક્કી કર્યું છે, જેનું વિધેયક વિધાનસભાના આ સત્રમાં લાવવામાં આવશે.

**મહિલા અને બાળ વિકાસ તથા મહિલા સશક્તિકરણ**

- નવજાત શિશુ અને પ્રસુતા સ્ત્રીઓના સ્વાસ્થ્ય માટે ચિંતિત એવી મારી સરકારે સ્ત્રી સરકારી કર્મચારીઓને મળવાપાત્ર ત્રણ માસની પ્રસૂતિ રજાઓમાં વધારો કરીને છ માસની રજાઓ મંજૂર કરવાનો નિર્ણય કર્યો છે.
- રાજ્યની મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને પ્રોત્સાહન આપવા માટે “દૂધઘર” બનાવવા માટે વાર્ષિક ` ૧ ના ટોકન દરે ૩૦૦ ચો.વાર સરકારી પડતર જમીન ૧૫ વર્ષના ભાડાપટ્ટે ફાળવવાની જોગવાઇ કરવામાં આવી છે.
- વર્ષ ૨૦૦૨-૨૦૦૩માં આઇસીડીએસ યોજના હેઠળ ` ૨૦૮ કરોડની જોગવાઈ હતી, જે વર્ષ ૨૦૧૪-૧૫માં ` ૨૨૦૫ કરોડ છે, જે ૧૦૬૦ ટકાનો વધારો દર્શાવે છે.
- આઈસીડીએસના ભારત સરકારના ડેટા પ્રમાણે માર્ચ-૨૦૧૪ની પરિસ્થિતિએ દેશમાં ઓછા વજનવાળા બાળકોની ટકાવારી ૨૭.૬૦% હતી, જ્યારે ગુજરાતમાં આ ટકાવારી ૧૮.૫૭% હતી. ગુજરાત રાજ્યમાં ઓછા વજનવાળા બાળકોનાં પ્રમાણમાં છેલ્લા ૬ વર્ષમાં (૨૦૦૮ થી) ૪૮.૫૬%નો ઘટાડો થયો છે.
- વર્ષ ૧૯૯૯ સુધીમાં ૭૬૦૪ આંગણવાડી કેન્દ્રો હતા, હાલમાં ૩૪૮૫૪થી વધુ આંગણવાડી કેન્દ્રો પોતાનાં મકાનમાં બેસે છે. આમ કુલ ૨૭,૨૫૦ આંગણવાડી

કેન્દ્રોનો વધારો થયો છે.

- ૨૦૧૪-૧૫ દરમિયાન રાજ્યમાં શહેરી અને ગ્રામ્ય મહિલા કારીગરો માટે પાંચ પ્રદર્શન કમ વેચાણ મેળા યોજવામાં આવ્યાં, જેમાં કુલ ૩૮૦ મહિલા વ્યાપાર સાહસિકોએ ભાગ લઇ

  ` ૪.૮૨ કરોડનું વેચાણ કર્યું.
- મહિલાઓની સુરક્ષા માટે તેઓને પોલીસ, કાઉન્સેલર અને તબીબી સહાય ઝડપથી મળી રહે તે માટે ૧૮૧ નંબરની મહિલાઓ માટે ઇમરજન્સી હેલ્પલાઇન સેવા "અભયમ" ચાલુ કરવામાં આવી છે.
- પડકાર યોજના દ્વારા ૧.૫૩ લાખ મહિલાઓને સ્વરક્ષાની તાલીમ આપવામાં આવી છે.
- પોલીસ સ્ટુડન્ટ કેડેટ યોજના હેઠળ ધોરણ ૮ અને ૯ માં અભ્યાસ કરતી છોકરીઓને પોલીસ દ્વારા તાલીમ આપવામાં આવે છે.
- દૂધ સંજીવની યોજના હેઠળ રાજયના ૬ પછાત જીલ્લાઓના ૧૦ ઘટકોમાં ૩ થી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં બે વખત ૧૦૦ મીલી. પેશ્ચુરાઇઝડ ફ્લેવર્ડ ફોર્ટીફાઇડ દૂધ આપવામાં આવે છે. સખી મંડળો/માતૃ મંડળોના માધ્યમથી કુલ ૬૦૬ આંગણવાડીઓમાં આ યોજના હેઠળ ૨૦૧૪-૧૫ના વર્ષમાં દર માસે સરેરાશ કુલ ૪૦,૮૨૮ લાભાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે.

**જળસંપત્તિ**

- રાજ્યમાં અપૂરતા વરસાદ છતાં ઉત્તમ જળવ્યવસ્થાપન થકી સાતત્યપૂર્ણ અને વિશ્વસનીય સિંચાઈ સવલતો રાજ્યમાં ઉપલબ્ધ છે, જે રાજ્યના સર્વાંગી વિકાસનો અગત્યનો ભાગ બની છે અને જેનો રાજ્યના અર્થતંત્ર પર પ્રેરક પ્રભાવ જોવા મળે છે. લાખો ચેકડેમ, ખેત તલાવડીઓ, બોરીબંધ, જલમંદિરો, તળાવો ઊંડાં કરવાનું અભિયાન, જુની કેનાલોનું મરામત અને આધુનિકરણ, ટપક અને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ, સુજલામ્ સુફલામ્ યોજના, વિગેરે દ્વારા આ શક્ય બન્યું છે.
- ભૂગર્ભજળ રિચાર્જની યોજનાઓ પૈકી ૩૩૨ કિ.મી. લંબાઇની સુજલામ્ સુફલામ્ સ્પ્રેડીંગ કેનાલમાં ચોમાસા દરમિયાન પાણી ભરાવાથી તેમજ પૂર્ણ થયેલ નવ પાઈપલાઈન દ્વારા નર્મદા મુખ્ય નહેરમાંથી પાણી ઉદવહન કરી આ કેનાલમાં ભરવાથી ભૂગર્ભજળ રિચાર્જ થયા છે અને કેનાલની નજીકની આશરે ૭૦,૦૦૦ હેકટર જમીન માટે આ કેનાલ સિંચાઈનો મહત્વનો સ્ત્રોત સાબિત થઈ છે.
- સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ પાઈપ લાઈન યોજના (સૌની) યોજનાના પ્રથમ તબકકાના ૧૨ પેકેજના ટેન્ડરો આખરી કરવામા આવ્યાં છે અને એજન્સીઓ દ્વારા તમામ કામ શરુ કરવામાં આવ્યાં છે.
- સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં દરિયાઈ ખારાશ અટકાવવા માટે વર્ષ ૨૦૧૪-૧૫માં એક ટાઇડલ રેગ્યુલેટર, બે બંધારા, ત્રણ રિચાર્જ રીઝર્વીયર, બે રિચાર્જ ટેન્ક અને બોતેર અનુશ્રવણ તળાવના કામો પૂર્ણ થયા છે જેના દ્વારા ૫૭૫૦ હેક્ટર વિસ્તારને લાભ થવા પામ્યો છે.
- દક્ષિણ ગુજરાતમાં દરિયા કાંઠે વસતા લોકોની મિલકત તથા ખેતીને દરિયાઇ ભરતીથી થતું નુકશાન અટકાવવા ચાલુ વર્ષે ` ૧૪૦ કરોડના ખર્ચે સંરક્ષણ દિવાલ/દરિયાઈ

ધોવાણ પ્રતિરોધક કામો રાજ્ય સરકારે ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલયની મંજુરી મેળવી શરૂ કર્યાં છે.

- પાનમ હાઇ લેવલ કેનાલ, ઉકાઈ-પૂર્ણા હાઈ લેવલ કેનાલ તથા કડાણા હાઈ લેવલ કેનાલનાં કામો પ્રગતિમાં છે.

**સરદાર સરોવર યોજના**

**સરદાર સરોવર બંધ**

- સરદાર સરોવર બંધની ઉંચાઈ ૧૨૧.૯૨ મીટર સુધી પૂર્ણ થઈ છે. બંધના દરવાજા મુકવાનું કામ વર્ષોથી વિલંબમાં પડેલું હતું. કેન્દ્રમાં માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર રચાતાં ફક્ત ૧૭ દિવસમાં તે કામને મંજૂરી આપવામાં આવી. મંજૂરી મળ્યાના દિવસે જ માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે આ કામગીરીનો શુભારંભ કરવામાં આવ્યો.

**પાવરહાઉસ**

- સરદાર સરોવર યોજનાના બંને પાવરહાઉસમાંથી ૩૪૬૫ કરોડ વીજ યુનિટનું ઉત્પાદન થયું છે, જેનાથી રાષ્ટ્રને આશરે ` ૧૩,૮૬૦ કરોડ રૂપિયાની આવક થયેલી ગણી શકાય.

**નહેરો**

- સરદાર સરોવર યોજના હેઠળ નહેરોના બાંધકામમાં ઝડપ લાવવા સરકારશ્રી દ્વારા તાજેતરમાં લેવાયેલ વિવિધ પગલાઓના પરિણામ સ્વરૂપે નર્મદાની મુખ્ય નહેર, શાખા નહેર, ડીસ્ટ્રીબ્યુટરી, પ્રશાખા અને પ્રપ્રશાખા સહિત ૨૫,૭૧૭ કી.મી. લંબાઈની નહેરોનું બાંધકામ નવેમ્બર-૨૦૧૪ સુધીમાં પૂર્ણ થયું છે. આ નહેરો થકી કુલ ૧૮.૪૫ લાખ હેકટર પિયત વિસ્તારમાંથી ૧૦.૧૫ લાખ હેકટર વિસ્તારમાં માઇનોર સુધી સિંચાઇ ક્ષમતા વિકસિત થઈ છે. કચ્છ શાખા નહેરની ૮૨ કિ.મી. લંબાઈનું કામ પૂર્ણ થતાં કચ્છમાં નર્મદાના નીરના અવતરણનું એક નવું સોપાન ઉમેરાયું છે.

**પિયત વિસ્તાર વિકાસ**

- ખેડૂતોના ખેતરોમાં ઢાળિયા સુધી પાણી પહોંચે અને ખેડૂતોની જમીનનો બગાડ પણ ન થાય તે હેતુથી સબ માઇનોર કેનાલનું કામ ભૂગર્ભ પી.વી.સી.ની પાઇપ લાઇન મારફત કરવા ૩૮ જેટલી કંપનીઓને સોંપવામાં આવ્યું છે, જેમાં પ્રથમ તબક્કે ` ૨૦૦૦ કરોડના ખર્ચથી ૯૦ ટકા રાજ્ય સરકારના અને ૧૦ ટકા ખેડૂત લોકફાળો યોજના હેઠળ ખેડૂતોને પાણી પહોંચાડવામાં આવશે. આગામી ત્રણ માસમાં આ કામગીરી પૂર્ણ થશે, જેમાં પાંચ લાખ હેક્ટર જમીનને સિંચાઇ ઉપલબ્ધ થશે.
- 

**પાણી પુરવઠો**

- રાજ્યમાં પીવાના પાણીની સુવિધા પુરી પાડવા માટેની મારી સરકારની સંવેદનશીલતા, દુરંદેશી આયોજન અને અસરકારક પગલાંને લીધે છેલ્લાં ઘણાં વર્ષોથી રાજ્યમાં અછત વેળાએ પીવાના પાણીની હાડમારીમાંથી પ્રજાને મુક્ત કરવામાં સફળતા મળી છે.
- ગ્રામ્ય વિસ્તારમાં નાના કસબાઓ, ફળિયાઓ, પરા વિસ્તાર સુધી ૯,૨૬૪ મીની પાઇપ યોજનાઓ અને ૨,૩૪,૬૬૬ હેન્ડપમ્પ બેસાડી છેવાડાના માનવી સુધી પીવાનું પાણી

પહોંચાડવામાં આવ્યું છે, જે પૈકી ૮,૭૮૧ મીની પાઇપ યોજનાઓ તેમજ ૧,૬૨,૭૮૦ હેન્ડપમ્પ આદિજાતિ વિસ્તારમાં બનાવી સરકારે છુટાછવાયા, ડુંગરાળ અને અંતરિયાળ વિસ્તારોમાં રહેતા આદિજાતિના લોકોની સુવિધામાં સતત વધારો કર્યો છે.

- બોટાદ, અમરેલી, રાજકોટ, જૂનાગઢ તથા ગીર-સોમનાથ જિલ્લાઓની પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવતી નાવડા-બુધેલ બલ્ક પાઈપલાઈન દ્વારા આ જિલ્લા વિસ્તારોમાં પાણી પહોંચાડવામાં આવ્યું છે.

**કૃષિ અને સહકાર વિભાગ**

- કૃષિ વિકાસદરને વધુ વેગવંત બનાવવા મારી સરકાર દ્વારા ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ કૃષિ વિકાસ વર્ષ તરીકે ઉજવાઇ રહ્યું છે. વર્ષ ૨૦૦૫થી મે-જુન માસમાં કૃષિ મહોત્સવનું સફળ આયોજન થતું રહ્યું છે, જેના ફાયદા ખેડૂતોને મળ્યા છે. ખેડુતોના બહોળા પ્રતિસાદને ધ્યાને લઇ રવિ ઋતુમાં પણ રાજ્યના ખેડુતોને આધુનિક કૃષિ સંશોધનો તેમજ વિવિધ કૃષિલક્ષી યોજનાની માહિતી મળી રહે તે માટે રવિ કૃષિ મહોત્સવનું આયોજન ડીસેમ્બર-૨૦૧૪માં રાજ્યના ૧૭૮ તાલુકાઓમાં કરવામાં આવ્યું હતુ,જેનો લાભ લાખો ખેડૂતોને મળ્યો છે.
- ચાલુ વર્ષે કૃષિ પેદાશોના ભાવ નીચા રહેતા ખેડૂતોને મદદરૂપ થવા માટે અત્યાર સુધીનું સૌથી મોટું ` ૧૧૦૦ કરોડનું પેકેજ મારી સરકારે જાહેર કર્યુ છે. ઉપરાંત, ફ્યુલ કોસ્ટમાં વધારો થતા ખેતીના વીજ બિલોમાં થતો કુલ ૨૫૦ કરોડનો વધારો ખેડૂતો પાસેથી ન લેતાં રાજ્ય સરકારે ભોગવ્યો છે.
- રાજ્યની કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓની આવક વર્ષ ૨૦૦૦-૦૧માં ` ૧૬,૧૭૯ કરોડ હતી તે વધી વર્ષ ૨૦૧૨-૧૩માં ` ૧,૦૮,૨૮૯ કરોડ થઈ છે. જે રાજ્યનો કૃષિ વિકાસ દર્શાવે છે.
- I.T.ની સવલતો ઉપયોગમાં લઇ ખેડુતોને વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ તથા અદ્યતન કૃષિ વિષયક માહિતી આસાનીથી ઘરઆંગણે મળી રહે તે હેતુસર **આઇ ખેડૂત પોર્ટલ** શરુ કરવામાં આવ્યું છે, જેના પર તેર લાખથી વધુ ખેડૂતોની ઓનલાઇન નોંધણી થઈ છે.
- આત્મા યોજના અંતર્ગત ફાર્મર પોર્ટલ દ્વારા આઠ લાખથી વધુ ખેડૂતોને કૃષિ તથા સંલગ્ન જુદા જુદા પ્રકારના છ કરોડથી વધુ એસ.એમ.એસ. ગુજરાતીમાં મોકલવામાં આવ્યા છે.

**પશુપાલન અને ડેરી વિકાસ**

- તાજેતરમાં પુર્ણ થયેલ ૧૯મી પશુધન વસ્તી ગણતરીમાં ૧૮મી પશુધન વસ્તી ગણતરીની સાપેક્ષે સમગ્ર દેશમાં પશુધન વસ્તીમાં જ્યારે ૩.૩૩% નો ઘટાડો નોંધાયેલ છે ત્યારે ગુજરાત રાજ્ય પશુધન વસ્તીમાં ૧૫.૩૬% નાં વધારા સાથે સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે રહ્યું છે.
- પશુ આરોગ્ય સુધારણા માટે પશુચિકિત્સા ક્ષેત્રે ૯૧.૪૧ લાખ પશુ સારવાર તથા ૨૬૧.૮૯ લાખ રસીકરણ કરવામાં આવેલ છે.
- ગુજરાત રાજ્ય દેશમાં દૂધ ઉત્પાદનમાં અગ્ર હરોળમાં છે. અત્યારે ૧૮ જીલ્લા દૂધ ઉત્પાદક સંઘ કાર્યરત છે. વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન રાજ્યના દૂધ ઉત્પાદક સંઘો દ્વારા દૈનિક સરેરાશ ૧૨૫.૭૫ લાખ લીટર દૂધ એકત્રીત કરવામાં આવ્યું હતું.

- તા.૨૬-૧૧-૨૦૧૪ના રોજ "મિલ્ક ડે" નિમિત્તે યોજાયેલ પશુપાલક મહિલાઓના પ્રશિક્ષણ અને જાગૃતિ શિબિરમાં ૭૫,૦૦૦થી વધુ મહિલા પશુપાલક સભાસદોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

**મત્સ્યોદ્યોગ**

- ભારત સરકાર અને રાજ્ય સરકારના સંયુક્ત પ્રયત્નોથી પાકિસ્તાનની કેદમાં રહેલા ૩૬૦ માછીમારોને આ વર્ષે છોડાવી શકાયા છે.
- ૨૦ મીટરથી ઓછી લંબાઇની માછીમારી કરતી યાંત્રીક હોડીઓમાં વપરાતા હાઇસ્પીડ ડીઝલ પર વેચાણવેરા રાહત યોજના તળે વર્ષ ૨૦૧૪-૧૫માં નવેમ્બર-૧૪ સુધીમાં ૫૯૧૭૨ લાભાર્થીઓને ડીઝલ વેટ રાહત ચુકવવામાં આવી છે.

**ગ્રામવિકાસ**

**સરદાર પટેલ આવાસ યોજના**

- સરદાર પટેલ આવાસ યોજના હેઠળ અત્યાર સુધીમાં લાભાર્થીઓ દ્વારા ૭.૯૫ લાખ આવાસ બાંધવામાં આવ્યા છે. ચાલુ વર્ષે નવેમ્બર-૧૪ અંતિત ` ૧૮૫.૬૪ કરોડનો ખર્ચ થયેલ છે અને ૬૫૪૯૧ આવાસોના બાંધકામ પૂર્ણ થયા છે.

**સરદાર આવાસ યોજના-૨**

- આ યોજના વર્ષ ૨૦૧૪-૧૫માં શરૂ કરવામાં આવી છે,જેમાં કાચા મકાન ધરાવતાં બી.પી.એલ સિવાયનાં કુટુંબોને પાકા મકાનની સુવિધા આપવામાં આવે છે, જે હેઠળ નવા પાકા આવાસ માટે યુનિટ કોસ્ટ ` ૧ લાખ સામે રાજ્ય સરકાર દ્વારા ` ૪૦,૦૦૦ની સહાય આપવામાં આવે છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫માં નવેમ્બર-૧૪ અંતિત ૧,૩૭,૦૦૦ મકાનોને મંજૂરી આપવામાં આવી છે. નવેમ્બર-૧૪ અંતિત આ યોજના માટે ` ૪૭.૦૯ કરોડનો ખર્ચ થયો છે.

**રૂર્બન**

- ગ્રામ્ય વિસ્તારોમાં આધુનિક શહેરીકરણ જેવી સગવડો પુરી પાડવા **માટે** ૨૫૫ રૂર્બન ગામ પૈકી પ્રથમ તબક્કે ૭૯ ભૂગર્ભ ગટરના કામો શરૂ કરવામાં આવ્યાં હતાં. તે પૈકી ૨૬ પ્રોજેક્ટની કામગીરી પૂર્ણ થયેલ છે. અન્ય કામો પ્રગતિ હેઠળ છે. કુલ ` ૪૪૫.૪૭ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. બીજા તબક્કાના ૧૭૧ ગામોમાં ડી.પી.આર. બનાવવાની કામગીરી પ્રગતિમાં છે.

**ઈ-ગ્રામ - વિશ્વગ્રામ યોજના**

- મહત્વની સેવાઓ જેવી કે જન્મ અને મરણનો દાખલો, આવકનો દાખલો, ચારિત્ર્ય પ્રમાણપત્ર, ૭/૧૨, ૮-અ ના ઉતારા વિગેરે સેવાઓ પુરી પાડવામાં આવે છે. કુલ ૩૪.૭૩ કરોડ પ્રમાણપત્રો ઈ-ગ્રામ દ્વારા ઇસ્યુ કરવામાં આવ્યાં છે. સુવિધાની ઝડપ વધારવા ઇન્ટરનેટ બેન્ડવીથ ૩૭ mbps થી વધારી ૯૬ mbps કરવામાં આવી છે.
- રાજ્ય સરકાર દ્વારા ૭/૧૨ અને ૮-અ ના ઉતારા વર્ષમાં એક વાર વિનામૂલ્યે આપવામાં આવે છે.

**તીર્થ ગામ-પાવન ગામ**

- અત્યાર સુધીમાં કુલ ૧૨૧૩ તીર્થગામ અને પાવનગામ જાહેર થયાં છે અને ` ૮.૬૫ કરોડનું અનુદાન આપવામાં આવ્યું છે.

**પંચવટી યોજના**

- અત્યાર સુધીમાં કુલ ૫૭૦૯ ગામોએ પંચવટી યોજના અમલમાં મુકી છે અને ` ૬૨.૪૫ કરોડનું અનુદાન આપવામાં આવ્યું છે.

**સમરસ ગ્રામ પંચાયત યોજના**

- આ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ ૧૧,૦૮૩ સમરસ ગ્રામ પંચાયત જાહેર થઈ છે, તે પૈકી ૩૯૨ ગ્રામ પંચાયત મહિલા સમરસ ગ્રામ પંચાયત બની છે. સમરસ ગ્રામપંચાયતને ` ૨૧૭.૧૭ કરોડનું પ્રોત્સાહક અનુદાન આપવામાં આવ્યું છે.

**સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ**

- ગ્રામ પંચાયત દ્વારા વેરા વસુલાતના પ્રમાણમાં ૨૦૦ ટકા સહાય આપવામાં આવે છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫માં ` ૨૭.૬૫ કરોડ ચૂકવવામાં આવ્યા છે.
- મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન હેઠળ ડોર ટુ ડોર કલેક્શનની કામગીરી માટે નવેમ્બર-૧૪ અંતિત ` ૧૮ કરોડ ચૂકવવામાં આવ્યા છે.

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ**

- **સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના:-**
- રાજયની સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે રાજ્ય સરકારે અમલમાં મૂકેલી આ યોજનામાં ` ૨૨,૦૦૦ કરોડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યોજના હેઠળ હાથ ધરવાની થતી ૧૧૦ નગરપાલિકાઓની પાણી પુરવઠા યોજનાઓ પૈકી ૪૮ યોજનાની કામગીરી પૂર્ણ થયેલ છે, ૫૮ યોજનાઓની કામગીરી પ્રગતિમાં છે, બાકીની ૦૪ યોજનાઓની કામગીરી જુદા જુદા તબક્કે છે.
- ભૂગર્ભ ગટરની ૧૫૭ યોજનાઓ માટે ` ૧,૩૧૬.૪૯ કરોડ ખર્ચ થયો છે. રાજ્યના સત્તામંડળોમાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના ૧૬ કામો પૂર્ણ થયાં છે અને ૨૦ કામો પ્રગતિ હેઠળ છે ,જેના માટે કુલ ` ૧૧૧.૭૧ કરોડ ખર્ચ થયો છે.
- મહાનગરપાલિકાઓમાં આંતરમાળખાકીય વિકાસના મંજુર થયેલ ૬૫૧૬ કામો પૈકી ૪૭૭૫ કામો પૂર્ણ થયાં છે અને ૧૧૯૪ કામો પ્રગતિ હેઠળ છે, જે માટે ` ૪૪૦૯ કરોડ ખર્ચ કરવામાં આવ્યો છે.
- શહેરી વિસ્તારમાં આવેલી સોસાયટીઓમાં જનભાગીદારી દ્વારા રસ્તા, સ્ટ્રીટ લાઇટ અને પીવાના પાણીની પાઇપલાઇનના કામો અંતર્ગત ૧૨,૮૪૬ કામોને ` ૧૨૦૬.૪૪ કરોડ ફાળવવામાં આવ્યાં છે.
-

- આ યોજના હેઠળ ગુજરાત શહેરી વિકાસ કંપની હસ્તકના ૨૦ શહેરોમાં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના કામ પ્રગતિ હેઠળ છે, ૨૧ શહેરોમાં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના કામ ટેન્ડરના વિવિધ તબક્કે છે.

**મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનઃ-**

- ''ઝીરો વેસ્ટ સીટી'' અને ટોટલ સેનીટેશન કાર્યક્રમના ભાગરૂપે મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ઘનિષ્ઠ સફાઇ ઝુંબેશને વેગ આપવા તથા સફળ રીતે પાર પાડવા માટે જુનાગઢ, ભાવનગર, જામનગર અને ગાંધીનગર જેવી નાની મહાનગરપાલિકાઓને તથા નગરપાલિકાઓને કુલ ` ૫૮.૮૫ કરોડની નાણાંકીય સહાય આપવામાં આવી છે.
- મિશન અંતર્ગત નિર્મળ ગુજરાત શૌચાલય યોજનામાં ખુલ્લામાં થતી શૌચક્રિયા નાબુદ કરવા માટે મારી સરકારે સને-૨૦૦૨થી સસ્તા દરે વ્યક્તિગત શૌચાલય યોજના અમલમાં મૂકી હતી. તે અંતર્ગત હાલમાં પ્રતિ શૌચાલય દીઠ ` ૮૦૦૦ની સરકારી સહાય લાભાર્થીને આપવામાં આવે છે. હાલની સ્થિતિએ કુલ ૩,૪૫,૧૫૬ વ્યક્તિગત શૌચાલયો માટે ` ૨૭૬.૧૨ કરોડની નાણાંકીય સહાય મંજૂર કરવામાં આવી છે.

**મિશન મંગલમ**

શહેરી ગરીબ કુટુંબોના સર્વાંગી વિકાસ તથા સશકિતકરણ માટે મિશન મંગલમ(અર્બન) યોજના અમલીકૃત છે. સદર યોજના પાછળનો મારી સરકારનો મુખ્ય ઉદ્બેશ મહિલાઓને આર્થિક રીતે સક્ષમ બનાવવાનો છે. આ યોજના અંતર્ગત કુલ ૨૪,૩૩૨ સખીમંડળોની રચના કરવામાં આવી છે. આ સખીમંડળોની કુલ બચત ` ૨,૬૩૧.૪૫ કરોડ થઈ છે. યોજના સાથે કુલ ૨,૬૨,૧૬૧ બહેનો સંકળાયેલ છે. યોજના અંતર્ગત ૯૫૧૭ જુથોનું બેંક દ્વારા ગ્રેડિંગ કરાવવામાં આવ્યું છે અને ૭૨૫૬ જુથોને ` ૫.૪૧ કરોડ રીવોલ્વિંગ ફંડ ચુકવવામાં આવ્યું છે. કુલ ૬૮૨ જુથોને બેંકો તરફથી ` ૫૨૪ કરોડની કેશ ક્રેડિટ આપવામાં આવી છે.

**શહેરી આવાસ યોજનાઓ**

- ગુજરાત રાજ્યમાં આર્થિક વિકાસ તેમજ શહેરીકરણના ઉંચા દરના કારણે વાજબી કિંમતના આવાસોની શહેરી વિસ્તારમાં વધતી જતી માંગને ધ્યાનમાં રાખી જુલાઇ-૨૦૧૩માં ગુજરાત સરકાર દ્વારા મુખ્યમંત્રીશ્રી ગૃહ યોજનાનો શુભારંભ કરવામાં આવેલ. આ યોજનાના બે મુખ્ય ઉદ્બેશો આગામી પાંચ વર્ષમાં ગુજરાત રાજ્યના શહેરોને ઝૂંપડપટ્ટી મુકત બનાવવા તેમજ શહેરી વિસ્તારોમાં વાજબી કિંમતના આવાસો પૂરા પાડવાનો છે. આ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ઝૂંપડપટ્ટીનું પબ્લિક પ્રાઈવેટ પાટનરશીપ દ્વારા પુનઃવસન કરવા માટેની નીતિ તેમજ EWS અને LIG કેટેગરીના લાભાર્થીઓ માટે કેપિટલ, ઈન્ફ્રાસ્ટ્રકચર અને વ્યાજ સહાયની યોજનાઓ જાહેર કરવામાં આવેલ. આ ઉપરાંત ફેબ્રુઆરી-૨૦૧૪માં ગુજરાત એર્ફોડેબલ હાઉસીંગ (PPP) પોલીસી જાહેર કરવામાં આવેલ.
- ભારતમાં સૌ પ્રથમ વખત અમદાવાદના સરદાર પટેલ રીંગ રોડ ફરતે ૧ કી.મી. ની

પહોળાઇ ધરાવતા ૭૫ ચોરસ કી.મી. વિસ્તાર એફોર્ડેબલ હાઉસિંગ ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યો. આ ઉપરાંત ટાઉન પ્લાનીંગ સ્કીમો, સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીઝિયન અને ટાઉનશીપ પોલીસી અંતર્ગત એફોર્ડેબલ હાઉસીંગ માટે રીઝર્વેશન રાખવામાં આવ્યું. સૌ પ્રથમ વખત ULC અંતર્ગત મહેસૂલ વિભાગને પ્રાપ્ત થયેલ પ૨(બાવન) હેકટર જેટલી ઉપયોગી જમીનો શહેરી આવાસન માટે ઉપલબ્ધ કરવામાં આવેલ છે. બિનઉપયોગી પરંતુ અગત્યની જાહેર જમીનો પણ શહેરી આવાસન માટે ફાળવવામાં આવેલ છે. આ ઉપરાંત ભારતમાં સૌ પ્રથમ વખત ગુજરાત રાજ્ય દ્વારા એફોર્ડેબલ હાઉસીંગ માટે અલગથી પ્લાનીંગ રેગ્યુલેશન્સ બનાવવામાં આવેલ છે. જેથી ઉપલબ્ધ જમીનોનું Optimal Utilization થઇ શકે.

- લાભાર્થીઓને આવાસ માટેની લોન ઝડપથી મળે તેના માટે ૨૭ બેંકો સાથે MOU કરવામાં આવેલ છે તેમજ લાભાર્થીઓ અને બેંકો સાથે લોન મેળાનું આયોજન પણ કરવામાં આવે છે. ગુણવત્તા સુધાર માટે પ્રથમ વખત આવાસ યોજનાનો સ્ટ્રકચરલ ડીફેકટ લાયેબીલીટી પીરીયડ ૧૦ વર્ષ રાખેલ છે. આ યોજનાઓ થકી ખાનગી વિકાસકારો દ્વારા પુરા પાડવામાં આવતા LOWER કેટેગરીના આવાસોની કિંમતમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળેલ છે.

- ઝૂંપડપટ્ટી પુનઃવસનની નીતિ અંતર્ગત સ્લમ કોમ્યુનીટીની ભાગીદારી, તેઓને આપવામાં આવતા લાભો તેમજ ખાનગી વિકાસકારોને આપવામાં આવતા પ્રોત્સાહનો ઉપરાંત પારદર્શિતાને કારણે સ્લમ કોમ્યુનીટી તેમજ ખાનગી વિકાસકારોનો વધુને વધુ સહયોગ પ્રાપ્ત થઇ રહેલ છે. ૫૭ શહેરોમાં સ્લમ સર્વે પૂર્ણ થયેલ છે તેમજ ૨૬ શહેરોમાં સ્લમ ફ્રી સીટી પ્લાન બનેલ છે. રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ ઉપરોકત જોગવાઇઓ તેમજ પારદર્શિતાના કારણે ટૂંકા સમયમાં મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત રાજ્યના ૭૦ શહેરો અને ૨૮ પ્રોજેકટસમાં ૪,૬૧,૭૩૦ આવાસોના આયોજન પૈકી ૧,૩૬,૫૦૪ આવાસોની ફાળવણી થયેલ છે. ૧,૧૩,૬૧૪ આવાસો પૂર્ણ થયેલ છે. ૧,૨૩,૫૧૫ આવાસો પ્રગતિ હેઠળ છે. ૧૩,૧૪૭ આવાસોના ટેન્ડર પૂર્ણ થયેલ છે. ૫૧,૭૫૪ આવાસો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે અને ૧,૫૯,૭૦૦ આવાસો તાંત્રિક અને વહીવટી મંજૂરી અંતર્ગત છે.

**માર્ગ અને મકાન** મારી સરકાર દ્વારા દેશમાં શ્રેષ્ઠ રોડ નેટવર્ક ધરાવતાં રાજયોમાં સ્થાન ધરાવતાં રાજયનાં રોડ નેટવર્કને વધુ સારું બનાવવા ` ૪૭૨૧ કરોડનો ખર્ચ કર્યો છે. રાજય સરકાર દ્વારા રાજયના કોર નેટવર્ક પૈકીના ૬૫૨ કિ.મી. લંબાઈના રાજ્ય ધોરીમાર્ગને અંદાજીત ` ૧૯૮૦ કરોડના ખર્ચે પહોળા અને મજબુત કરવા ગુજરાત રાજ્ય માર્ગ યોજના-૨ હાથ ધરવામાં આવી છે, જેમાં વિશ્વબેંકની

` ૧૦૫૦ કરોડની લોન સહાય મળનાર છે.

- રાજ્યના મહત્વના બંદરો, ઔદ્યોગિક વિસ્તારો, એસ.ઇ.ઝેડ. વિગેરેને જોડતા ૩૪૦ કિ.મી. લંબાઇના ૧૧ રાજ્ય ધોરીમાર્ગોને ` ૭૪૬ કરોડની યોજનાકીય અંદાજીત રકમથી ડીબીએફઓટી એન્યુઇટી પદ્ધતિથી ખાનગીકરણ ધોરણે ૧૦ મીટર પહોળા કરવામાં આવ્યા છે.

- ૧૩ મોટા પુલોના કામો પૂર્ણ કર્યા છે, ૨૮ મોટા પુલોનાં કામ પ્રગતિમાં છે તથા ૧૬ નવા પુલોનાં કામ શરૂ થનાર છે.
- ભરૂચ પાસે રાષ્ટ્રીય ધોરી માર્ગ ઉપરના પુલ ઉપર ભારે ટ્રાફીકની સમસ્યા નિવારવા અને ભરૂચ તથા અંકલેશ્વરના ભારે ટ્રાફીકને સરળતા થાય તે માટે ગોલ્ડન બ્રીજની બાજુમાં નર્મદા નદી ઉપર નવો ચાર માર્ગીય પુલ અંદાજીત ` ૩૩૩ કરોડના ખર્ચે બનાવવા માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.
- વર્ષ દરમિયાન ૪ રેલ્વે ઓવર બ્રીજ પુર્ણ કરવામાં આવ્યા છે તથા ૧૮ રેલ્વે ઓવર બ્રીજની કામગીરી પ્રગતિમાં છે.
- નવા જાહેર થયેલ ૭ જીલ્લા અને ૨૨ તાલુકા માટે સેવા સદનનાં બાંધકામની ` ૩૭૦ કરોડની અંદાજીત કિંમતની કામગીરી પ્રગતિમાં છે.
- મહાત્મા મંદિર ફેઝ-૨બી ની કામગીરી પ્રગતિમાં છે.

વાહનવ્યવહાર

- ગુજરાત રાજયના વિકાસમાં મોટર વાહન ખાતું એક અગત્યનો ભાગ ભજવે છે. રાજયની મહેસુલી આવકમાં પણ મોટર વાહન ખાતાનો મોટો ફાળો રહેલો છે.
- આંતરરાજ્ય વાહનવ્યવહારને સારી સુવિધા આપવા માટે રાજય સરહદો ઉપર આવેલી ચેકપોસ્ટ ઉપરની કચેરીઓ તથા રોડને સુદઢ તથા માળખાકીય સુવિધાયુક્ત બનાવવાની યોજના હાથ ધરાઇ છે.
- ઇન્ફર્મેશન અને ટેકનોલોજીના ઉપયોગના ભાગરૂપે તમામ ચેકપોસ્ટના જોડાણ અને સંકલનની યોજના હાથ ધરાઈ છે.
- કૉમ્પ્યુટરાઈઝેશન થકી મોટરવાહન તંત્રના વહીવટમાં પારદર્શકતા લાવી શકાઈ છે.
- મોટરવાહન ખાતામાં નવી જગ્યાઓ ઉભી કરી મહેકમમાં જરૂરી વધારો કરવામાં આવ્યો છે.
- નવા જિલ્લાઓમાં આર.ટી.ઓ. કચેરીઓ બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

**પરિવહન સેવા**

- રાજ્યમાં આ વર્ષે ૧૦૦૦ નવી બસો ખરીદવામાં આવી છે. છેલ્લા ૧૦ વર્ષમાં ઓવરએઇજડ બસો બદલીને ૧૨,૦૦૫ નવી બસો મુસાફર જનતાની સેવામાં મુકવામાં આવી છે. આનાથી એસ.ટી તંત્રમાં બસોનો ફ્રેશ રોલીંગ સ્ટોક જળવાઈ રહ્યો છે તથા ટ્રીપ ડ્રોપની સંખ્યા ઘટાડી શકાઈ છે.
- રાજ્યના છેવાડાનાં ગામો સહીત રાજ્યના ૯૭ ટકા ગામોને એસ.ટી. બસની સુવિધાથી આવરી લેવામાં આવ્યાં છે.
- ગુજરાત એસ. ટી.ની બસો સમગ્ર રાષ્ટ્રમાં સૌથી વધુ માઈલેજ આપતી બસો છે.
- વિદ્યાર્થીઓની જરુરિયાત ધ્યાને લઇ લગભગ ૪૦૦ નવી ટ્રીપો શરૂ કરવામાં આવી છે.

- ૩૦ વોલ્વો બસ રાજ્યના અલગ અલગ રૂટ પર શરૂ કરવામાં આવી છે.
- વિદ્યાર્થીનીઓને શાળા-કોલેજમાંથી જ પાસ મેળવવાની વ્યવસ્થા શરુ કરવામાં આવી છે.
- વડોદરા ખાતે પી.પી.પી.ના ધોરણે વિકસાવવામાં આવેલ બે સ્ટેટ ઓફ ધ આર્ટ બસ સ્ટેશનો મુસાફર જનતા માટે ખુલ્લા મુકવામાં આવ્યા છે. જિલ્લા મથકોએ આવાં બીજાં ૧૫ બસ સ્ટેશનો બનાવવાનું આયોજન છે.
- રાજ્ય સરકારની સહાયથી નિગમના જુના સ્ટાફ ક્વાટર્સ, ડેપો વર્કશોપ અને વિભાગીય કચેરીઓનું નવિનીકરણ કરવા અંગેની કામગીરી પ્રગતિ હેઠળ છે.

**બંદરો**

- રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળના બંદરો પરની માલસામાન પરિવહન ક્ષમતા વર્ષ ૨૦૦૧માં ૧૩૫ મીલીયન મેટ્રિક ટન હતી. તેમાં ૨૦૧૩-૧૪ના વર્ષમાં થયેલા ૨૧ મીલીયન મેટ્રીક ટનના વધારા સાથે માલપરિવહન ક્ષમતામાં ૧૮૭% જેટલો વધારો થઇને ૩૮૭ મીલીયન મેટ્રીક ટન થઈ છે.
- માલ પરિવહન ક્ષમતાની સાથોસાથ માલ પરિવહનમાં પણ નોંધપાત્ર વ્રુદ્ધિ થવા પામી છે. રાષ્ટ્રના તમામ બંદરો પરથી વહન થતા માલસામાન પરિવહનમાં રાજ્ય સંચાલિત બંદરોનો હિસ્સો વર્ષ ૨૦૦૦માં ૧૫ ટકા હતો, જે વધીને વર્ષ ૨૦૧૩-૧૪માં ૩૨ ટકા જેટલો થયો છે.

**કાયદો અને વ્યવસ્થા**

- ઇન્ટેલિજન્સ કાર્યવાહીને સુદ્રઢ બનાવવા, નવા મંજુર કરેલ ૧૧ વીજ પોલીસ સ્ટેશન માટે, રાજયમાં નવા સાત જીલ્લાની રચના વિગેરે માટે વિવિધ સંવર્ગની અંદાજિત ૧૫૫૦ નવી જગ્યાઓ મંજૂર કરી છે.
- રાજયના પોલીસ તંત્રને આધુનિક ટેક્નોલોજીયુક્ત હથિયારો તથા સ્વરક્ષણના સાધનો ફાળવવામાં આવ્યાં છે,
- મરીન એેકેડેમીની સ્થાપના બાબતઃ ભારતમાં આવેલ સમગ્ર પશ્ચિમ દરીયા કિનારે એક મરીન એેકેડેમીની સ્થાપના કરવા માટે કેન્દ્ર સરકારશ્રી દ્વારા મંજુરી આપવામાં આવી છે, જે માટે જામનગરની નજીક આવેલ પીંડારા ગામે ૨૫૦ એકર જમીન ફાળવવામાં આવી છે.

**ફોરેન્સીક સાયન્સ**

- દેશની તમામ કેન્દ્રીય તપાસ એજન્સીઓ જેવી કે, **NIA, CBI, DRI**, એનફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ વિગેરે તેમજ અન્ય રાજયોની પોલીસ દ્વારા મોકલવામાં આવેલ મહત્વના અને સંવેદનશીલ કેસો ઉપરાંત પડોશી દેશ નેપાળની તપાસ એજન્સીને ગુનાની તપાસમાં મહત્વની મદદ પુરી પાડી છે.
- ઓટોમેટેડ ફિંગરપ્રીન્ટ આઇડિન્ટીફીકેશન સીસ્ટમ **(AFIS)**ને રાજયના તમામ પોલીસ સ્ટેશનો સાથે ઓનલાઇન વેબ બેઇઝડ સોલ્યુશનથી જોડી વધુમાં વધુ ગુનેગારોના ફિંગરપ્રીન્ટનો ડેટાબેઝ તૈયાર કરી શંકાસ્પદ વ્યકિતની અન્ય ગુનાઓમાં સંડોવણી બાબતની માહિતી તુરત જ મેળવવાની સવલત દેશમાં સૌ પ્રથમવાર શરૂ કરી છે.
- દેશમાં સૌ પ્રથમ વખત ગુનાસ્થળની તપાસ માટે ૨૪ કલાક તત્કાળ સેવા પુરી પાડતી આધુનિક ટેકનોલોજીથી સજ્જ ઇન્ટીગ્રેટેડ મોબાઇલ ઇન્વેસ્ટીગેશન વાન રાજયના ૧૦

સ્થળોએ કાર્યરત કરવામાં આવી છે.

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ**

**વીજ ઉત્પાદન-નવા પ્રોજેકટો**

વણાકબોરી ખાતે ૮૦૦ મે.વો.ના ૩ એટલે કે કુલ ૨૪૦૦ મે.વો.ના કોલસા આધારિત સુપર ક્રિટીકલ વીજ પ્રોજેકટોની કામગીરી પ્રગતિમાં છે. જેને બારમી પંચવર્ષીય યોજના દરમિયાન કાર્યાન્વિત કરવાનું આયોજન છે. સિક્કા ખાતે ૨૫૦ મે.વો.ના બે એટલે કે કુલ ૫૦૦ મે.વો.ના કોલસા આધારિત વીજ પ્રોજેકટોની કામગીરી પ્રગતિમાં છે, જેને વર્ષ ૨૦૧૪-૧૫માં કાર્યાન્વિત કરવાનું આયોજન છે. ધુવારણ ખાતે ૩૭૫ મે.વો.નું ગેસ આધારિત સીસીપીપી એકમ-૩ તા.૨૧.૫.૨૦૧૪ના રોજ પૂર્ણ ક્ષમતાએ કાર્યાન્વિત કર્યું છે.

**વીજપ્રવહન**

વર્ષ ૨૦૧૪-૧૫માં ૧૦૦ નવા સબસ્ટેશનો તથા ૨૦૪૨ સર્કીટ કિ.મી. નવી વીજ લાઇન સ્થાપવાનું આયોજન હતું. જે પૈકી ડિસેમ્બર-૨૦૧૪ સુધીમાં ૧૪ નવા સબ સ્ટેશનો ` ૮૭૭ કરોડના ખર્ચે કાર્યાન્વિત કરવામાં આવ્યાં છે અને માર્ચ-૨૦૧૫ સુધીમાં લક્ષ્યાંક મુજબના કુલ ૧૦૦ સબસ્ટેશનો કાર્યાન્વિત થવાની આશા છે. સાગરકાંઠાના વિસ્તારના ગ્રાહકોને ગુણવત્તાયુકત વીજ પુરવઠો મળી રહે તે માટે ચાલુ વર્ષે ૬૬ કે.વી.ના ચાર સબસ્ટેશનોની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

**વીજ વિતરણ**

- **ઘરગથ્થુ વીજ જોડાણ યોજનાઓ:** રાજયના ૪૪,૮૪૮ ગરીબ લાભાર્થીઓને રાજય સરકારની વિવિધ યોજનાઓ હેઠળ નવા ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા.
- **નવા કૃષિ વિષયક વીજ જોડાણો:** વર્ષ ૨૦૧૩-૧૪ અને વર્ષ ૨૦૧૪-૧૫માં વાર્ષિક ૧ લાખ નવા કૃષિવિષયક વીજ જોડાણો આપવાનો લક્ષ્યાંક હતો. જેની સામે વર્ષ ૨૦૧૩-૧૪માં ૯૫,૩૧૨ અને વર્ષ ૨૦૧૪-૧૫માં ડિસેમ્બર-૨૦૧૪ સુધીમાં ૮૧,૦૮૫ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા છે.

**બિન પરંપરાગત ઊર્જા**

બિન પરંપરાગત ઊર્જા ઉત્પાદનક્ષેત્રે ગુજરાત હમેશાં અગ્રેસર રહ્યુ છે. વર્ષ ૨૦૧૦થી વર્ષ ૨૦૧૪ના સમયગાળા દરમિયાન રાજય સરકારે ૨૫૫૩ મે.વો. વીજ ઉત્પાદન ક્ષમતાનો વધારો કર્યો છે. કેન્દ્ર સરકારે પણ પ્રદુષણમુકત ઉર્જાના ઉત્પાદન ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરવા બદલ રાજયની પ્રસંશા કરતા માન. વડાપ્રધાનશ્રીના હસ્તે ગુજરાતને એવોર્ડ આપવામાં આવ્યો છે. પ્રદુષણમુકત વીજ ઉત્પાદન માટે ચાલુ વર્ષે ૯૬ મે.વો. ક્ષમતાના વિન્ડફાર્મ કાર્યાન્વિત કરી પવનઊર્જા આધારિત વીજ ક્ષમતા ૩૪૪૭ મે.વો. સુધી પહોંચાડી છે અને નવેમ્બર-૨૦૧૪ સુધીમાં રાજયની સૌર ઊર્જા આધારિત વીજ ઉત્પાદન ક્ષમતા ૮૯૩ મે.વો. થઈ છે.

**ગુજરાત ગેસ ગ્રીડ**

ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિ. એ ગુજરાત સરકારની કંપની છે, જેણે ૨૧૯૨ કિ.મી. લાંબી હાઇ પ્રેશર ગેસ ગ્રીડ નેટવર્કનું બાંધકામ સફળતાપૂર્વક પૂરૂ કર્યું છે, જેનો ઉપયોગ પણ શરૂ થઇ

ગયો છે. આ નેટવર્ક ગુજરાતના ૨૪ જીલ્લામાંથી પસાર થાય છે. તેના દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન લગભગ ૭૬૯૨.૮૪ એમએમએસસીએમ ગેસનું ગુજરાતના વિવિધ શહેરોમાં પરિવહન કરવામાં આવ્યું છે.

**શહેરી ગેસ વિતરણ**

હાલમાં ગુજરાત રાજ્યમાં લગભગ ૧૩.૩૦ લાખથી વધુ ઘરોમાં ૩,૮૦૦થી વધુ લઘુ અને મધ્યમ કદના ઔદ્યોગિક એકમોને, ૧૫,૯૦૦ કરતાં વધુ કોમર્શિયલ/નોન કોમર્શીયલ એકમોને પાઈપલાઈન દ્વારા ગેસ પુરો પાડવામાં આવે છે. તદઉપરાંત સમગ્ર રાજ્યમાં કુલ ૩૩૮ જેટલા સીએનજી સ્ટેશનો દ્વારા લગભગ ૨૬૧ લાખ કરતાં વધુ વાહનોને સીએનજી પૂરો પાડવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં ૩૩ જીલ્લાઓ પૈકી ૨૪ જીલ્લાઓમાં સીએનજી તેમજ પીએનજી નેટવર્ક ઉપલબ્ધ છે, જે સમગ્ર ભારત દેશમાં આવેલા શ્રેષ્ઠત્તમ ગેસ પાઈપલાઈન નેટવર્કનું દ્રષ્ટાંત છે.

**ઉદ્યોગો**

**નવી ઔદ્યોગિક નીતિ**

રાજ્ય સરકારે ઉદ્યોગોને પ્રોત્સાહન અને વેગ મળે તે હેતુસર નીચે દર્શાવ્યા મુજબની ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ જાહેર કરી છે.

- સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને સહાય
- સ્ટાર્ટ અપ અને ઈનોવેશન માટે સહાય યોજના
- પ્લાસ્ટિક ઉદ્યોગોને સહાય યોજના
- શ્રમપ્રધાન એકમોને સહાય યોજના
- ઔદ્યોગિક આંતરમાળખાકીય સુવિધાઓને સહાય યોજના
- પર્યાવરણીય સુરક્ષા પગલાં માટે સહાય યોજના

જેમાં મુખ્યત્વે યુવાધન, મહિલાઓ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ, શારીરિક અશકત ઉદ્યોગકારો તેમજ એમએસએમઈ એકમોને પ્રોત્સાહન મળી રહે તેવો અભિગમ અપનાવવામાં આવ્યો છે.

**ટેક્ષટાઈલ યોજના**

ગુજરાત સરકારે જાહેર કરેલી ટેક્ષટાઈલ પોલીસી-૨૦૧૨ અંતર્ગત ટેક્ષટાઈલ ઉદ્યોગ માટે વિવિધ પ્રોત્સાહન યોજનાઓ જાહેર કરવામાં આવી છે, જે માટે ડીસેમ્બર-૨૦૧૪ સુધી ` ૬૭.૭૭ કરોડનો ખર્ચ થયો છે.

**ખાણ ખનિજ**

રાજ્ય સરકારે ગૌણ ખનિજોનો પારદર્શક પદ્ધતિથી નિકાલ કરવા માટે ઈ-ઓકશન પદ્ધતિનો અમલ શરૂ કર્યો છે તેમજ ખનિજ સંશોધનને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. લીઝ હોલ્ડરોને અદ્યતન ટેકનોલોજીનો લાભ મળી રહે તે હેતુસર ઈ-પેમેન્ટ, ઈ-રોયલ્ટી પાસ, ઈ-રીટર્ન

જેવી ઈ-ગવર્નન્સ સેવાઓ અમલમાં મુકી છે.

**કુટિર ઉદ્યોગો**

- કલસ્ટર વિકાસ યોજનાઃ રાજ્ય સરકાર દ્વારા ક્રાફટ, ખાદી, હાથશાળ, હસ્તકલા અને માટીકામ વિગેરે માટેના કલસ્ટરને પ્રમોટ કરવા તથા મજબૂત કરવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે. નવેમ્બર-૨૦૧૪ સુધી ૫૬ કલસ્ટરમાં પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે.
- વેચાણ વ્યવસ્થાઃ કુટીર અને ગ્રામોદ્યોગને સંલગ્ન બોર્ડ/કોર્પોરેશન દ્વારા નવેમ્બર-૨૦૧૪ સુધી ૭૭ મેળા/પ્રદર્શન આયોજીત કરવામાં આવ્યા. જેમાં ૪૧૯૮ કારીગરોએ ભાગ લીધો હતો અને ` ૧૩.૮૫ કરોડના માલનું વેચાણ કરવામાં આવ્યું હતું. કુટીર અને ગ્રામોદ્યોગ હેઠળ નવેમ્બર-૨૦૧૪ સુધી ૧,૪૦,૨૯૦ પૂરક રોજગારીનું નિર્માણ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે.

**પ્રવાસન**

રાજ્યમાં આવેલા પ્રવાસન ક્ષેત્રોના વિકાસ માટેના રાજ્ય સરકારના અભિગમના કારણે પ્રતિવર્ષ પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થયો છે. વર્ષ ૨૦૧૨-૧૩માં ૨૫૪ લાખ પ્રવાસીઓની સરખામણીએ વર્ષ ૨૦૧૩-૧૪માં પ્રવાસીઓની સંખ્યા ૨૮૭.૮૮ લાખ થઈ છે. રાજ્યમાં આવતા પ્રવાસીઓને પારિવારિક વાતાવરણ મળી રહે અને સ્થાનિક લોકોને રોજગારી મળે તે હેતુસર હોમ સ્ટે યોજના અમલમાં મુકવામાં આવી છે, જયારે રાજ્યમાં આવતા પ્રવાસીઓને પ્રવાસન ક્ષેત્રોની માહિતી મળી રહે તે માટે ૪૫૦૦ જેટલા ગાઈડને તાલીમથી સજ્જ કરવામાં આવ્યા છે.

**યાત્રાધામ વિકાસ**

- સૌરાષ્ટ્રના પશ્ચિમ કાંઠે આવેલ દ્વારકાનગરીને આવરી લેતો દેવભૂમિ દ્વારકા જિલ્લો અસ્તિત્વમાં આવ્યો છે. આ યાત્રાધામમાં યાત્રિકોને સારી સુવિધા ઉપલબ્ધ થાય તે માટે આંતર માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરવા જુદા જુદા પાંચ પેકેજોમાં ` ૬૭.૮૪ કરોડની વિકાસ યોજના પૂર્ણ કરવામાં આવી છે.
- ભારત સરકાર દ્વારા ` ૨૨.૨૬ કરોડના ખર્ચે દ્વારકા હેરીટેજ સીટીનો મારી સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા વિકાસ કરવામાં આવશે. વધુમાં, બેટદ્વારકાની આસપાસની જગ્યાના વિકાસ માટે ` ૩૨.૪૦ કરોડના કામો પ્રગતિ હેઠળ છે.
- પાવાગઢ મંદિર પરિસર વિસ્તૃતિકરણની કામગીરી માટે અંદાજીત ખર્ચ ` ૨૭ કરોડ સહિત

  ` ૭૩ કરોડના પ્રોજેક્ટનો ફીઝીબીલીટી રિપોર્ટ તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

**નાગરિક ઉડ્ડયન**

રાજ્ય સરકારે ગુજરાતના મહત્વના સ્થળો જેવા કે અમદાવાદ, સુરત, ભાવનગર, જામનગર, ભૂજ-માંડવી, રાજકોટ-કેશોદને આવરી લઈને પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ રીજીયોનલ એરલાઈન્સ શરૂ કરેલ છે. જેના કારણે રાજ્યની પ્રજાને ઝડપી હવાઈ મુસાફરીનો લાભ મળી રહેશે અને આ વિસ્તારોના વિકાસને વેગ મળશે.

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી**

- મારી સરકારે ઇ-ગવર્નન્સને ઉત્તેજન આપવા આઇ.ટી. પોલિસીની જાહેરાત કરી છે.
- આઇ.ટી. અને ઇ-ગવર્નન્સ ક્ષેત્રે રાજય સરકારને અત્યાર સુધીમાં ૧૬૬ જેટલા એવોર્ડ્ઝ પ્રાપ્ત થયા છે.
- (Electronic Transaction Aggregation & Analysis Layer) વેબ પોર્ટલ પર તા.૧.૧.૨૦૧૩ થી તા.૧૬.૧૨.૨૦૧૪ સુધીમાં ૧૦૭.૬૫ કરોડ જેટલા ટ્રાન્ઝેક્શન્સ નોંધાયાં હતાં, જે સમગ્ર દેશમાં સૌથી વધુ છે. રાજય સરકારે દેશનું સૌ પ્રથમ અત્યાધુનિક ગુજરાત સ્ટેટ ડેટા સેન્ટર (GSDC)ની સ્થાપના કરી છે. GSDCને રાજયની તમામ સરકારી કચેરીઓ સાથે જીસ્વાન ઇન્ફ્રાસ્ટ્રકચર વડે જોડવામાં આવ્યું છે.
- ભાસ્કરાચાર્ય ઇન્સ્ટીટ્યુટ ઓફ સ્પેસ એપ્લીકેશન્સ એન્ડ જીઓ ઇન્ફોર્મેટીકસ(બાયસેગ) દ્વારા રાજયમાં દુરવર્તી શિક્ષણ, તાલીમ, વિસ્તરણ માટે ગુજરાત સેટકોમ નેટવર્કના માધ્યમથી DTH ku બેન્ડની બે ચેનલનાં નેટવર્કને વધારીને ૧૮ ચેનલો શરૂ કરવામાં આવી રહેલ છે.
- ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ)ના માધ્યમથી બાળકોમાં વિજ્ઞાન પ્રત્યે રુચિ પેદા કરવામાં આવે છે. ગુજરાત રાજય બાયોટેકનોલોજી મિશન કુશળ માનવબળ અને ઇનોવેશન સપોર્ટ પુરા પાડવા સાથે સેન્ટર ઓફ એક્સેલન્સ તરીકેની કામગીરી પણ અદા કરે છે. ઉપરાંત, ઈન્સ્ટીટ્યુટ ઑફ સિસ્મોલોજિકલ રીસર્ચ ભૂકંપને લગતું સંશોધન કરે છે. જેને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પાંચ એવોર્ડ્ર્સ પ્રાપ્ત થયા છે.

**મહેસૂલી વહીવટ**

- રાજયના તમામ ૩૩ જિલ્લાઓમાં ખેતીની જમીનની નવેસરથી માપણી (રિ-સર્વે) કામગીરી શરૂ કરવામાં આવી છે. ૪૨૦૦ ગામોનુ નવુ મહેસુલી રેકર્ડ તૈયાર કરવામાં આવ્યું છે અને ૧૦૬૧ ગામોના રેકર્ડ પ્રમોલગેશન કરી અદ્યતન રેકર્ડ અમલમાં મુકવામાં આવ્યું છે. ૨૧૮ મહેસુલી કચેરીઓમાં ૪૪ કરોડના ખર્ચે મોર્ડન રેકર્ડ રૂમ તૈયાર કરવામાં આવ્યા છે.
- સરકારશ્રી દ્વારા આખરી થયેલ ટાઉન પ્લાનીંગ સ્કીમો પરથી સીટી સરવેના રેકર્ડ તૈયાર કરવા કુલ ૨,૫૨,૦૦૦ મિલકતની માપણી કામગીરી પ્રગતિમાં છે.

**સ્ટેમ્પ્સ મૂલ્યાંકન તંત્ર**

- ફ્રેન્કીંગ મશીનના  કુલ ૩૬૪ પરવાના બેંકોને આપવામાં આવ્યા છે. અને ઇ-સ્ટેમ્પીંગ સુવિધા સમગ્ર દેશમાં સૌ પ્રથમ ગુજરાત રાજયમાં શરૂ કરવામાં આવી છે.

**રાહત કામગીરી**

- રાજયના કચ્છ જિલ્લાના લખપત, અબડાસા, ભુજ તથા માંડવી તાલુકાઓમાં અપૂરતો વરસાદ થયો હોવાથી પાક આનાવારીને ધ્યાને લઈ કુલ ૨૦૩ ગામોને અર્ધ અછતગ્રસ્ત જાહેર કરી પશુઓ માટે રાહત દરે ઘાસચારો, પશુ સબસિડી તથા પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત કચ્છના બન્ની-પચ્છમ વિસ્તારનાં ૪૧ ગામો, કે જયાં ખેતી થતી ન હોવાથી પાક આનાવારી શકય ન હતી, તેવા ગામોમાં ` ૨ (બે) ના રાહતદરે ઘાસ વિતરણ કરવાનો નિર્ણય કરી પશુધારકોને અન્ય અર્ધઅછતગ્રસ્ત વિસ્તારોની જેમ ઘાસ પૂરું પાડવામાં આવ્યું. વધુમાં આ વિસ્તારોમાં ગૌશાળા/

પાંજરાપોળ તથા કેટલકેમ્પના પશુઓ માટે ` ૨૫ ની દૈનિક સહાય જાહેર કરી હતી.

**વન અને પર્યાવરણ**

- સિંહોના રક્ષણ માટે ગીર વિસ્તારના ખુલ્લા કુવા સુરક્ષિત કરવા તથા ગીર વિસ્તારમાંથી પસાર થતી રેલવે લાઇનની બંને બાજુ વાયર ફેન્સીંગનું આયોજન પણ કરવામાં આવ્યું છે.
- ફૉરેસ્ટ સર્વે ઓફ ઇન્ડીયા-૨૦૧૩ના અહેવાલ પ્રમાણે ચેરના વનોમાં ૪.૫ કરોડ ચો.મી.નો વધારો થયો છે.
- રાજ્યમાં આ વર્ષે વન મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે રાજકોટ જિલ્લાના કાગવડ મુકામે “શક્તિવન” નું નિર્માણ કરવામાં આવ્યું છે.
    - (૧) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા તેની વડી કચેરી અને પ્રાદેશીક કચેરીઓ માટે આઇ.એસ.ઓ. ૯૦૦૧ અને આઇ.એસ.ઓ.૧૪,૦૦૧ સર્ટીફીકેટ મેળવ્યાં છે.
    - (૨) બોર્ડ દ્વારા ઓક્યુપેશનલ હેલ્થ અને સેફ્ટી અંર્તગત OHSAS-૧૮૦૦૧ સર્ટીફીકેટ મેળવવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે.
    - (૩) આ ઉપરાંત બોર્ડની મધ્યસ્થ પ્રયોગશાળા, ગાંધીનગર તેમજ ભરૂચ, રાજકોટ, વાપી, અને વડોદરા ખાતે આવેલ પ્રાદેશિક કચેરીઓની પ્રયોગશાળાઓને એન.એ.બી.એલ. દ્વારા અધિકૃતતા આપવામાં આવી છે.
- હાલમાં રાજયમાં ૩૦ કોમન એફ્લ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (સીઈટીપી) કાર્યરત છે અને ૭ સીઈટીપી સુચીત/બાંધકામ હેઠળ છે. વધુમાં, દેશના ૧૩૦ પ્લાન્ટ કુલ ૧૦૬૫ એમ.એલ.ડી. એફ્લ્યુઅન્ટ શુધ્ધ કરવાની ક્ષમતા ધરાવે છે, જેની સામે ગુજરાતના ૩૦ પ્લાન્ટની ક્ષમતા આશરે ૫૦૦ એમ.એલ.ડી., એટલે કે ૫૦ ટકા જેટલી છે.

**માહિતી અને પ્રસારણ**

સોશિયલ મિડીયાના ઉપયોગ દ્વારા પણ રાજ્ય સરકારના મહત્વના નિર્ણયો અને યોજનાકીય અધિકૃત વિગતો અખબારી યાદીઓ, લેખો, ફોટોગ્રાફ્સ, ટી.વી. કવરેજ, વેબસાઇટ, વેબ કાસ્ટીંગ, ઇ-મેઈલ દ્વારા નિયમિત પહોંચાડવામાં આવી રહી છે.

**રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ**

- ખેલાડીઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રમતોમાં સિધ્ધિ મેળવવા પ્રોત્સાહિત કરવા નેશનલ ચેમ્પિયનશીપથી શરૂ કરીને ઓલમ્પિક સુવર્ણપદક સુધી મારી સરકારે ` ૨૫ હજારથી માંડીને ` ૫ કરોડ સુધીના ઇનામો જાહેર કર્યાં છે. રાજ્યના યુવાનો આ પડકાર ઝીલી લેશે તેવી અપેક્ષા છે.
- ચાલુ વર્ષ દરમિયાન પાટણ ખાતેની રાણકી વાવને યુનેસ્કો દ્વારા વિશ્વ વિરાસત તરીકે વર્લ્ડ હેરીટેઝ લીસ્ટમાં સમાવવાનો નિર્ણય કર્યો છે. આમ, ચાંપાનેર પછી ગુજરાતનું દ્વિતીય પુરાતત્વ સ્થળ આ યાદીમાં સ્થાન પામ્યું છે જે ગૌરવની વાત છે.

**ન્યાય વ્યવસ્થા**

- વિવિધ અદાલતોમાં પડતર રહેલ કેસોના ઝડપી નિકાલ થકી રાજયની પ્રજાને ઝડપી ન્યાયના લક્ષ્યને સિધ્ધ કરવા માનનીય વડી અદાલત તથા તેમના તાબા હેઠળની વિવિધ અદાલતોમાં ઈન્ફ્રાસ્ટ્રકચરની સુવિધા પુરી પાડવામાં આવી છે.

- સ્કિલ ડેવલપમેન્ટ સદરે રાજયના કુલ ૩૨૦ આસિસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટર્સને જરૂરી હાર્ડવેર, સોફટવેર, તથા કાયદાના પુસ્તકો પુરા પાડવા માટે ` ૨(બે) કરોડ જેટલો ખર્ચ કરવામાં આવ્યો છે.

- ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીને અગાઉ ફાળવેલ ` ૧૫૦ કરોડની ગ્રાન્ટ ઉપરાંત ચાલુ વર્ષે ` ૩૦.૩૯ કરોડની ગ્રાન્ટ કેમ્પસ ડેવલપમેન્ટ માટે ફાળવવામાં આવી છે.

**આયોજન**

- ગુજરાત રાજયની વર્ષ ૨૦૧૪-૧૫ની વાર્ષિક વિકાસ યોજના માટે ` ૭૧,૫૦૦ કરોડની જોગવાઈ રાખવામાં આવી છે. જેની સદરવાર ફાળવણીમાં સૌથી વિશેષ પ્રાધાન્ય સામાજિક સેવાઓ સદરને આપવામાં આવ્યું છે. તેમાં પીવાનું પાણી, પ્રાથમિક આરોગ્ય, પ્રાથમિક શિક્ષણ, આવાસ, પોષણ, સ્વસ્છતા અને અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓના વિકાસ તેમજ મહિલા અને બાળકો વગેરેનો સમાવેશ થાય છે. તેમાં માનવ વિકાસને સૌથી વધુ અગ્રતા આપવામાં આવી છે. આ તમામ મળી સામાજિક સેવાઓના સદરે ` ૩૪,૯૫૧ કરોડ એટલે કે કુલ જોગવાઈના ૪૮.૮૮ ટકા ફાળવવામાં આવ્યા છે. પીવાનું પાણી તથા ખેડૂતો માટે સિંચાઈનું પાણી પુરું પાડવા માટે સરદાર સરોવર પરિયોજના માટે ` ૯૦૦૦ કરોડની જોગવાઈ રાખવામાં આવી છે. જે કુલ જોગવાઈના ૧૨.૫૯ ટકા છે. વિકેન્દ્રિત જિલ્લા આયોજન માટે ` ૭૨૮.૩૦ કરોડ, તેમજ આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો માટે ` ૪૪૨.૨૦ કરોડની યોજના સહિત ` ૧૧૭૦.૫૦ કરોડની જોગવાઈ ફાળવવામાં આવી છે.

-
-
-

**વૈધાનિક અને સંસદીય બાબતો**

મારી સરકાર આ સત્રમાં અન્ય વૈધાનિક કામકાજ ઉપરાંત ગૃહની વિચારણા માટે નીચેના વિધેયકો લાવવા ધારે છે.

૧. ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલ )સુધારા(વિધેયક, ૨૦૧૫

૨. પ્રોવિન્શિયલ સ્મોલ કોઝ કોર્ટ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૫

૩. પ્રેસિડેન્સી સ્મોલ કોઝ કોર્ટ(ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૫

૪. ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લિક હેલ્થ ગાંધીનગર વિધેયક, ૨૦૧૫

૫. મજૂર કાયદા )ગુજરાત સુધારા( વિધેયક, ૨૦૧૫

૬ ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા(વિધેયક, ૨૦૧૫

**ઉપસંહાર** નવીનતમ વિચારોને સતત પ્રોત્સાહન આપતી મારી સરકારે જુદા જુદા વિષયો પર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સેમિનાર યોજ્યા છે. નેશનલ ટ્રાફિક ટેકનોલોજી સમિટ, ફલાવર શો, નેશનલ કોન્ફરન્સ ઓન ઇ-ગવર્નન્સ, સેમિનાર ઓન m-Governance, રાષ્ટ્રીય હસ્તકલા મેળો અને સંમેલન વિગેરેમાં નિષ્ણાતોએ મોટી સંખ્યામાં ભાગ લઇ તેઓના જ્ઞાન અને સંશોધનોનો લાભ દેશની જનતાને આપ્યો છે. ગુજરાત કે જેનું ધ્યેય સર્વતોમુખી વિકાસ થકી સૌનું કલ્યાણ કરવાનો છે, જેનું લક્ષ્ય સુશાસન થી સુરાજય સ્થાપવાનું છે, સલામતી, સમૃધ્ધિ અને પ્રગતિ જેની નીતિ રહી છે, પારદર્શક પ્રશાસન જેની કાર્યપ્રણાલી રહી છે, સવાસો કરોડ ભારતવાસીઓની સેવા જેના સંસ્કાર રહ્યા છે, યુવાનોની અપૂર્વ શકિતમાં જેને અડગ શ્રધ્ધા છે, જનશક્તિનો સહયોગ જેની ધરોહર રહી છે, સર્વસમાવેશક વિકાસ જેનો માર્ગ રહ્યો છે, તે રાજયના રાજયપાલ તરીકે તેરમી ગુજરાત વિધાનસભાના સૌ સન્માનીય સભ્યશ્રીઓને આ સત્રના પ્રારંભમાં આ ગૃહ મારફતે સંબોધન કરવાનો મારા માટે આ પ્રથમ એવો આનંદનો અવસર છે. આપ સૌ દ્વારા લોકશાહી પ્રણાલિકાઓના અનુસરણ થકી ગુજરાત રાજયએ વિશ્વમાં આજે આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આવનારા દિવસોમાં પણ આપ સૌની નિષ્ઠા અને પરિશ્રમ થકી ગુજરાત તેની વિકાસયાત્રામાં હજુ પણ ઉંચા આયામો સર કરે તેવી અભિલાષા સાથે અંતઃકરણથી શુભકામનાઓ પાઠવું છું.

**જય જય ગરવી ગુજરાત**

**જય હિંદ**

--------------------

**રાજયપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ (રજૂઆત)**

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

‘‘અમો આ સત્રમાં એકત્ર થયેલ ગુજરાત વિધાનસભાના સભ્યો રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.’’

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કેશાજી ચૌહાણે જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું અનુમોદન આપું છું.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

## શોકદર્શક ઉલ્લેખ

ગુજરાત વિધાનસભાના પૂર્વ ઉપાધ્યક્ષ તથા રાજયકક્ષાના પૂર્વ મંત્રી સ્વ. શ્રી ઉપેન્દ્ર ત્રિવેદીના અવસાન અંગે

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ ઉપાધ્યક્ષશ્રી અને ગુજરાત રાજયના રાજયકક્ષાના પૂર્વ મંત્રીશ્રી ઉપેન્દ્રભાઇ જેઠાલાલ ત્રિવેદીનું તારીખ ચોથી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ ૭૭ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી ત્રિવેદીનો જન્મ ૧૪મી જુલાઇ, ૧૯૩૭ના રોજ મધ્યપ્રદેશના ઇન્દોર શહેરમાં થયો હતો.

સ્વર્ગસ્થશ્રી ત્રિવેદીએ ઇન્ટર કોમર્સ તથા ડિપ્લોમા ઇન ડ્રામેટિકસ સુધીનો અભ્યાસ કરેલ હતો. તેઓશ્રી અભિનયના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. કલાક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન માટે તેઓશ્રીને પદ્મશ્રીના રાષ્ટ્રીય સન્માનથી નવાજવામાં આવ્યા હતા.

સ્વર્ગસ્થશ્રી ત્રિવેદીએ સાતમી, આઠમી અને દશમી ગુજરાત વિધાનસભામાં ભિલોડા મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી લોકોના પ્રશ્નોને વાચા આપી હતી.

સ્વર્ગસ્થશ્રી ત્રિવેદીએ તા. ૧૩–૬–૧૯૯૨ થી તા. ૧૯–૨–૧૯૯૪ સુધી પંચાયત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ અને તા. ૨૨–૪–૧૯૯૪ થી તા. ૧૨–૩–૧૯૯૫ સુધી માહિતી અને પ્રસારણ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા શહેરી ગૃહનિર્માણ વિભાગના રાજયકક્ષાના મંત્રી તરીકે અને તા. ૩૧–૩–૨૦૦૦ થી તા. ૧૯–૭–૨૦૦૨ સુધી ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષશ્રી તરીકે સુંદર સેવાઓ આપી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજસેવક અને ગુજરાતી ફિલ્મ જગતના અભિનય સમ્રાટ ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફતે તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ચંદ્રવદન મકનજી પટેલના અવસાન અંગે

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા અત્યંત દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ચંદ્રવદન મકનજી પટેલનું તારીખ ૧લી ડિસેમ્બર–૨૦૧૪ના રોજ ૫૬ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી પટેલનો જન્મ ૧૬મી એપ્રિલ, ૧૯૫૮ના રોજ વલસાડ જિલ્લાના પારડી તાલુકાના વંકાછ ગામે થયો હતો.

સ્વર્ગસ્થ શ્રી પટેલે એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કરેલ હતો અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થ શ્રી પટેલે દશમી ગુજરાત વિધાનસભામાં પારડી મતવિસ્તારમાંથી ચૂંટાઇ આવી પ્રજા હિતના કામો કર્યા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : (વિરોધ પક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આપણી વચ્ચેથી બે ભૂતપૂર્વ ધારાસભ્યશ્રીઓએ વિદાય લીધી છે. તેમાંય ઉપેન્દ્રભાઇ ત્રિવેદી ગુજરાતના સ્ટેજના બહુ સરસ મજાના, 'અભિનય સમ્રાટ'નું જેને બિરુદ મળેલું એવા એક ગુજરાતી રંગમંચના કલાકાર હતા. પછી ગુજરાતી સિનેમામાં પણ પદાર્પણ કર્યું અને અનચેલેન્જ કહી શકાય એવી એક હીરોઇઝમવાળી પર્સનાલીટીએ આપણા વચ્ચેથી વિદાય લીધી છે. ઉપેન્દ્રભાઇ નાટકમાં કામ કરતા ત્યારથી મારે તેમનો પરિચય. રાજકારણમાં લાવવા માટે દક્ષિણભારત પેટર્ન ઉપર ફિલ્મ જગતના લોકો જો જાહેર જીવનમાં આવે તો એક સારું આકર્ષણ રહે અને તેના આધારે તેમણે રાજકારણમાં પ્રવેશ કરેલો. તે પછી તેમના ભાઇ અરવિંદ ત્રિવેદી–લંકેશ, દીપિકા ચીખલીયા, મહેશકુમાર ઘણા બધા મિત્રોએ તેમના પગલે પગલે જાહેરજીવનમાં– ધારાસભામાં, સંસદમાં પોતાની સેવાઓ આપેલી. ઉપેન્દ્રભાઇ છેલ્લે બિમાર હતા ત્યારે અમદાવાદની એક હોસ્પિટલમાં તેમને મળવા, ખબર કાઢવા હું ગયો હતો. સારી તબિયત હતી. પછી તેમને મુંબઇ લઇ ગયા પછી અચાનક જ જે કંઇ કારણ હશે, તબિયત બગડતાં લાંબું ટક્યા નહીં. ભીલોડા જેવું કહેવાતું પોતાનું વતન. એમને બહુ સંબંધ નહીં પણ મારું વતન આ કહેવાય. એવા આદિવાસી બાહુલ ક્ષેત્રમાં જયાં ઘણા બધા જૂના અનેક સારા આગેવાનો કહી શકાય, રચનાત્મક આગેવાનોના ક્ષેત્રમાં ભીલોડા જેવું ક્ષેત્ર એમણે પસંદ કરીને એ વખતે

જનરલ સીટ હતી. હમણાં અનામત થઇ છે. તેમાંથી ધારાસભામાં આવ્યા. ધારાસભામાં ઉપાધ્યક્ષ અને મંત્રીની પણ જવાબદારી એમણે સંભાળેલી. એવા ઉપેન્દ્રભાઇ આપણી વચ્ચે નથી. તેમના આત્માને મોક્ષ મળે. તેમના પરિવારજનોને સાંત્વના આપીએ.

બીજા પૂર્વ ધારાસભ્યશ્રી ચંદ્રવદન મકનજી પટેલ. ઢોડિયા સમાજ, ટ્રાઇબલ સમાજમાં થોડા સુશિક્ષિત કહી શકાય એવા સમાજમાંથી શિક્ષણ ક્ષેત્રમાં પ્રદાન કરેલું. તાલુકા પંચાયતમાં પણ પ્રમુખ રહી ચૂકેલા. બહુ નાની ઉંમરે આપણી વચ્ચેથી વિદાય લીધેલી છે. એવા ચંદ્રવદન મકનજી પટેલ એ ઢોડિયા સમાજમાં નવી પેઢીને શિક્ષણ કેમ મળે તેના માટે હાઇસ્કૂલ વિગેરેમાં, તાલુકા પંચાયત અને તાલુકા પંચાયતના પ્રમુખમાં પણ જનતાની સેવા કેમ થાય એ રીતે વિધાનસભામાં પણ તેમનો પ્રવેશ હતો. એ પણ એમના પરિવારને અને આપણને અચાનક મૂકીને સ્વર્ગે સીધાવ્યા છે. તેમના આત્માને મોક્ષ મળે માટે આપના માધ્યમથી મારા તરફથી, મારા પક્ષ તરફથી, હાઉસ તરફથી શ્રદ્ધાંજિલ આપું છું અને તેમના પરિવારજનોને દિલસોજીનો સંદેશો પાઠવવા વિનંતી કરું છું.

શ્રી રમણલાલ ના. પાટકર(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના સન્માનનીય ગૃહમાં માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકઠરાવ લાવ્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રીએ જેને અનુમોદન આપ્યું છે તેને હું અનુમોદન આપું છું.

૧૯૯૮માં ધારાસભ્ય તરીકે માનનીય ઉપેન્દ્રભાઇ ત્રિવેદી અને માનનીય ચંદ્રવદન મકનજી પટેલ સાથે કામ કરવાનો મને મોકો મળ્યો હતો. ચંદ્રવદનભાઇ એક ખેડૂતપુત્ર હતા. ભૂતકાળમાં વલસાડ, નવસારી અને સુરત ત્રણ સંયુકત વચ્ચે એક સુરત જિલ્લાનું અસ્તિત્વ હતું તે વખતે જિલ્લા પંચાયતમાં તેમના પિતા આરોગ્ય સમિતિના ચેરમેન તરીકે રહી ચૂકેલા છે. એટલે વારસાની રીતે તેમને રાજકારણનો અનુભવ થયેલ હતો સ્વ.ચંદ્રવદન પટેલ ૧૯૯૫-૧૯૯૮ સુધી તાલુકા પંચાયત પારડીના માનનીય પ્રમુખ તરીકે અને વલસાડ જિલ્લાની અંદર સામાજિક ધોરીયા સમાજના ઉપપ્રમુખ તરીકે સેવા બજાવેલ છે. ૧૯૯૮ની અંદર મારી સાથે ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. તેઓ પ્રગતિશીલ ખેડૂત હતા. તેઓ સાગ, ગુલાબના ફૂલ અને શેરડીનો મુખ્ય વ્યવસાય કરતા હતા. મને કહેતાં દુઃખ થાય છે કે, જ્યારે સરકારે સફાઇ અભિયાનનો કાર્યક્રમ કર્યો ત્યારે એ પોતે સાર્વજનિક સંસ્થાના શાળાના પ્રમુખ હોવાના નાતે રસ્તાની સફાઇ કરવા માટે ટ્રેકટર લઇને ગયા હતા. તેઓ તળાવના પાછળ મૂળીયું ભરાઇ જતાં તાકાત લગાવવા જતાં આગળનું વ્હીલ અંદર ફસાઇ જતાં તેઓ નદીની અંદર કોતરમાં પડી જતાં તેમનું સ્થળ ઉપર તરત જ અવસાન થયું હતું. તેમની સ્મશાનયાત્રામાં રાજય ક્ષેત્રે આગેવાનો, સમાજના આગેવાનો અને લોકો ખૂબ મોટી સંખ્યામાં આવ્યા હતા. હું પણ ત્યાં ગયો હતો. સદગતના કુટુંબની અંદર ૩ દિકરા અને પત્નીને વિલાપ કરતા મૂકી ગયા છે. તેમના કુટુંબ ઉપર ખૂબ દુઃખ આવી પડ્યું છે. નાની ઉંમરે તેમનું અકાળે અવસાન થયું છે. સદગતને શ્રદ્ધાંજલી આપી વિરમું છું.

શ્રી શકિતસિંહ હ.ગોહિલ(ભા.રા.કોં) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી પૂર્વ માનનીય સભ્યશ્રીઓના જે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે અને મારા પક્ષના નેતાશ્રીએ જેને શ્રદ્ધાંજલી અર્પણ કરી છે એ પૈકીના સ્વ.ઉપેન્દ્રભાઇ ત્રિવેદી સાથે ખૂબ નજીકનો ઘરોબો રહ્યો છે. ૧૯૯૦માં આ પાટલી ઉપર મારી સાથે વિરોધપક્ષના સભ્ય તરીકે બેસતા હતા. ભાગ્યેજ એવો દિવસ હોય, વિધાનસભાનું સત્ર ચાલુ હોય એ દરમિયાન ઉપેન્દ્રભાઇ ત્રિવેદી મિત્રોના ગ્રૃપ સાથે ધારાસભ્યશ્રીઓને કાં તો મારા ક્વાર્ટર ઉપર બોલાવતા યા તો એમના ક્વાર્ટર ઉપર ભેગા થઇને તેઓ પોતે મોટા કલાકાર છે કે અભિનય સમ્રાટ છે એવા અહંકારથી દૂર રહીને નાના જોક ટ્રેક કરવાના, બધા ધારાસભ્યશ્રીઓ સાથે હળીમળીને કામ કરતા. રાજકીય પરિસ્થિતિ પલટાઇ, સત્તાધારી પક્ષમાં બેસવાનું થયું તો મંત્રીમંડળના એક સભ્ય તરીકે કામ કરવાનો મોકો મળ્યો. એમની સાથે ખૂબ નજીકથી કામ કર્યું છે. એટલું કહી શકાય કે, જાહેર જીવનમાં જે આત્મીયતાની જરૂર હોય છે, મંત્રીમંડળના સભ્ય તરીકે કામ કરતા કરતા અનેક વખત નાના મોટા પ્રશ્નોમાં એનો બરાબર અહેસાસ કરાવ્યો હતો. જાહેર જીવનમાં આપણે સૌએ એમનામાંથી બોધપાઠ લેવો જોઇએ. લડાઇ સૈદ્ધાંતિક હોય છે. માત્ર વિરોધપક્ષમાંથી વાત આવે એ વિરોધની વાત હોય છે એટલે સ્વીકારવી નહીં એવું નહીં. રેકર્ડ ઉપર એ

વાતનો પુરાવો છે. પ્રશ્નોત્તરીના જવાબ દરમિયાન સ્વ.ઉપેન્દ્રભાઇ મંત્રીમંડળના સભ્ય તરીકે જવાબ આપતા હોય અને સામેના સભ્યશ્રીને સંતોષ થાય, એનો સકારાત્મક સ્વીકાર થાય એવો અભિગમ હતો. મેં એવા આત્મીય મિત્ર પણ ગુમાવ્યા છે. સતત એમની સાથે સંપર્ક રહેતો. અગાઉ જ્યારે એમને બાયપાસ સર્જરી કરવાની થઇ, ત્યારે એમણે સામેથી કહ્યું હતું કે, મને ક્યારેય એ અહેસાસ નહોતો થયો કે, સાયકિયાટ્રીકની ટ્રીટમેન્ટ પણ લેવી પડે એવી પરિસ્થિતિ બિમારીમાં થાય. એમના અંગત મિત્રોમાં વિરેન્દ્રસિંહ ડાભી જેવાએ રોજ એમના નિવાસસ્થાને એક એક કલાક એમની પાસે બેસવા જવાનો નિર્ણય કર્યો. ગુજરાતી ચલચિત્રોના ઇતિહાસમાં ઉપેન્દ્રભાઇ ત્રિવેદીનું નામ ચિરંજીવી છે. અભિનય સમ્રાટ તરીકેના બિરુદની સાર્થકતા એમણે બતાવી છે. કેટલાક મુશ્કેલીના સમયની અંદર ગારીયાધારના મિત્રોએ નક્કી કર્યું હતું કે, એમને અહીં લઇને આવો. માજી ધારાસભ્યને દિલીપસિંહ ટીંબાએ એમને આમંત્રિત કર્યા કે અહીંના ઢોરવાડા માટે થોડુંક ફંડ એકત્રિત કરવું છે મંત્રી તરીકે એમણે સામેથી એ વાત સ્વીકારીને ભાવનગર જિલ્લાના એ નાના નાના કાર્યક્રમો કરીને પણ માનવતાના એ કામ માટે ધન એકત્રિત થાય એ માટે પ્રવૃત્તિ કરી હતી. હું એમને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. સ્વ.ચંદ્રવદનભાઇને મકનજી પટેલને મારા પક્ષના નેતાશ્રીએ, માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને અન્ય સભ્યશ્રીઓએ જે શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે એમાં મારો સૂર પૂરાવું છું.

શ્રી રમણલાલ ઇ. વોરા (ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને આદરણીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવો લઇને આવ્યા છે એમાં સુર પૂરાવું છું. માનનીય અધ્યક્ષશ્રી, પદ્મશ્રી ઉપેન્દ્રભાઇ ત્રિવેદીએ મારા ઇડર તાલુકાના કુકડીયા ગામના મૂળ વતની હતા. અગાઉ વાત થઇ એ પ્રમાણે અરવિંદભાઇ– લંકેશ અને ઉપેન્દ્રભાઇ ત્રિવેદી આ બંન્ને ઇડર તાલુકાનું, સમગ્ર સાબરકાંઠા જિલ્લાનું અને સમગ્ર રાજયનું ગૌરવ કહી શકાય. એમણે ધારાસભ્ય તરીકે એ વિસ્તારમાં કરેલા કામો, એક મંત્રી તરીકે એમણે કરેલા કામો અને આ જ ગૃહમાં ઉપાધ્યક્ષ તરીકે એમણે બજાવેલી કામગીરી એ આજે પણ યાદ કરવાપાત્ર છે. ભિલોડા જેવો આદિવાસી વિસ્તાર અને એમાં આદિવાસી વિસ્તારમાં પણ એક આમ નાગરિક તરીકે, એક સેવાભાવથી આટલો ઉંચો કલાકાર અને છતાંય ખાટલે બેસીને ગરીબોની વાત સાંભળે અને એમના પ્રશ્નો ઉકેલે એ આદરણીય ઉપેન્દ્રભાઇની વિશેષતા હતી. ૧૯૮૭નો જયારે દુષ્કાળ આવ્યો ત્યારે માનવીની ભવાઇનું એમણે પિકચર કર્યુ, એ ખૂબ સફળ થયું. પરંતુ એ ફિલ્મ દુનિયાની વાત હતી પરંતુ મારો સીધો નાતો હોવાને કારણે દુષ્કાળના સમયે આ ગરીબોની મદદ કરવામાં ઉપેન્દ્રભાઇએ જરાય પાછી પાછી કરી નથી. એક સાચા સેવક તરીકે એમણે કામગીરી કરી છે. એક અત્તર વેચવાવાળો હોય છે એને અત્તરની કિંમત નથી હોતી એને એના મૂલ્યની કિંમત હોય છે અને ખરીદાર હોય છે એ ખરીદારને એના મૂલ્યની કિંમત નથી હોતી એને એની મહેંકની ખબર હોય છે. ઉપેન્દ્રભાઇ ત્રિવેદી મૂલ્ય અને મહેંક બન્નેના જાણકાર હતા અને એટલા માટે સમગ્ર ગુજરાતમાં અગાઉ કહેવાયુ તેમ અભિનય સમ્રાટ તરીકે એમણે બિરુદ પ્રાપ્ત કર્યું. આવો અભિનેતા ફરી ગુજરાતને મળવો મુશ્કેલ છે અને એટલા માટે એક અદના નાગરિક તરીકે, એક ધારાસભ્ય તરીકે, એક કલાકાર તરીકે એમણે ગુજરાતમાં જે કામગીરી કરી છે એ એક ઉત્તમ પ્રકારની કામગીરીને બિરદાવવાપાત્ર છે. માત્ર ઇડર તાલુકો, સાબરકાંઠા જિલ્લો નહીં સમગ્ર રાજયે એક ઘરેણું ગુમાવ્યું છે. આપણો એક આદરણીય નેતા ગુમાવ્યો છે ત્યારે સ્વર્ગસ્થ પદ્મશ્રી ઉપેન્દ્રભાઇ ત્રિવેદીને હું શ્રદ્ધાંજલિ અર્પુ છું. એમના કુટુંબીજનો ઉપર જે આફત આવી છે એમને સહન કરવાની પ્રભુ શકિત આપે એવી હું પ્રાર્થના કરુ છું. સાથેસાથે આદરણીય ચંદ્રવદનજીભાઇને પણ હું શોકાંજલિ અર્પુ છું.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી(ભા.રા.કોં) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી શોકદર્શક ઠરાવ લઇને આવ્યા છે અને તેમાં મારા નેતાએ સૂર પૂરાવ્યો છે એમાં હું મારો સૂર પૂરાવીને સદગતના આત્માઓને શ્રદ્ધાંજલિ આપવા હું ઉપસ્થિત થયો છું. પૂર્વ ઉપાધ્યક્ષ અને પૂર્વ મંત્રી સ્વ. ઉપેન્દ્રભાઇ ત્રિવેદી અને મારા મતવિસ્તારના અને પારડી તાલુકાનું પ્રતિનિધિત્વ કરતા સ્વ. ચંદ્રવદનભાઇ પટેલ, મૂળ વતન વંકાસ અને હાલ કર્મભૂમિ કુપરલી છે પણ પ્રતિનિધિત્વ પારડી તાલુકાનું કરતા હતા. ૧૯૯૫ થી ૧૯૯૮ના દાયકામાં તાલુકા પંચાયતના પ્રમુખ, ૧૯૯૮ થી ૨૦૦૦ દરમ્યાન પારડી તાલુકાના ધારાસભ્યશ્રી તરીકે પ્રતિનિધિત્વ કરતા હતા. એમના પિતા આઝાદી પહેલાના મૂક સેવક કે જેને

લોકો નામથી ઓળખતા, મકનજીકાકા કહેતા, તેમના પરિવારમાંથી આવનાર સ્વ. ચંદ્રવદનભાઇ, એમણે સુગર મિલ, ડીસ્ટ્રીકટ કો–ઓપરેટીવ બેંક અને તાલુકા પંચાયતના પ્રમુખ, ધારાસભ્ય અને અત્યારે હાલ અમારા પારડી તાલુકાની લવાછા જિલ્લા પંચાયતના સભ્ય તરીકે ફરજ બજાવતા હતા. અને તેની સાથે જિલ્લા પંચાયતના નેતા તરીકે પણ એમની નિમણૂંક કરવામાં આવેલી. એક ખાનદાન પરિવારમાંથી આવીને પ્રજાની સેવા કરવા માટે એમણે એનું પ્રતિનિધિત્વ કર્યું. આમ તો એમનો પારડી તાલુકો કહેવાય પણ મારા મત વિસ્તારમાં એમનું રહેઠાણ આવે છે. કારણ કે રાજકારણથી પર રહીને એ કામ કરતાં. ભલે પાર્ટી અલગ હોય પણ એમનો પ્રેમભાવ અને મિત્રતા હતી એ સમગ્ર સમાજને સાથે લઇને ચાલતા અને એ વિસ્તારની પ્રજાના હિતોનું કામ કરવામાં ખૂબ સહભાગી થયા હતા. એમના પરિવાર ઉપર આવી પડેલ આફતને સહન કરવાની ભગવાન શક્તિ આપે એવી પ્રાર્થના.

ડો. અનિલ જોષીયારા(ભા.રા.કોં) **:** માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા બન્ને પૂર્વ ધારાસભ્યશ્રીઓના જે શોકદર્શક ઉલ્લેખો લઇને આવ્યા છે અને એમાં અમારા નેતાશ્રીએ પણ સૂર પુરાવ્યો છે, એમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉપેન્દ્રભાઇ સાથેનો નાતો અમારે લગભગ ૧૯૮૪થી હતો. ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝમાં એમની ખૂબ લાંબી કારકિર્દી રહી. ત્યાર બાદ ભિલોડા કાર્યક્ષેત્ર એમણે સ્વીકાર્યું. ઉપેન્દ્રભાઇ પ્રજાના દિલ જીતવામાં માહેર હતા. એમની કામ કરવાની પદ્ધત્તિ પણ અનોખી હતી. એ ભલે આમ તો ઇન્દોરમાં જન્મેલા, કુકડના વતની પણ મોટાભાગે બોમ્બેમાં રહેલા. છતાં પણ ભીલોડા જેવા ક્ષેત્રમાં આવીને ચૂંટણીમાં જીતવું એ એમની આવડત હતી. એના લીધે તેઓ સફળ રહ્યા. એમની કામ કરવાની પદ્ધતિ પણ બીજી રીતે બહુ અનોખી હતી. પ્રજાના પ્રશ્નો ઉકેલવા માટે નાના નાના અધિકારીઓ પાસે બેસીને કામ કરાવતા હતા. લગભગ જ્યારે એમને અભિનય સમ્રાટનું બિરુદ મળ્યું તે પછી જ્યારે ૧૯૯૨ પંચાયત મંત્રી થયા તે વખતે એમણે ખૂબ સારી કામગીરી કરી હતી. એમણે શિક્ષણ ક્ષેત્રે પણ ખૂબ સારી કામગીરી કરી અને સૌથી વધુ જો પ્રજા વચ્ચે એમનું નામ પ્રચલિત થયું હોય તો અમારે ત્યાં ૧૯૮૭માં દુષ્કાળ પડેલો ત્યારે એમણે જે કામગીરી કરેલી અને તળાવો અને રસ્તાની કામગીરી ચાલતી હતી ત્યારે પ્રજાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને છાસનું વિતરણ એમણે કરેલું એના લીધે ખૂબ પ્રચલિત થયા હતા. પ્રજાને આવા સમયે તરસ બહુ લાગતી હોય ત્યારે આ પ્રકારની મદદ કરતા હોય ત્યારે ખૂબ આનંદ આવતો હોય છે. તેઓશ્રી આવી સરસ કામગીરી કરનારા હતા. ૧૯૯૫થી અમારે એકબીજાની આમને–સામને લડવાનું થયું. છતાં પણ ક્યારેય પણ એમના તરફથી મારા વિરુદ્ધ કે મારા તરફથી એમના વિરુદ્ધ એક શબ્દ પણ અઘટિત ઉચ્ચારવામાં આવ્યો ન હતો. એના લીધે એમનો મારા પ્રત્યેનો પ્રેમભાવ ખૂબ વર્ષો સુધી ચાલ્યો. છેલ્લે બિમાર હતા ત્યારે વાંકાનેરથી અમારા ભિલોડા તાલુકાના શ્રી શાંતીભાઇ પંચાલ એમની સાથે રહ્યા અને છેલ્લી મુલાકાત વિધાનસભામાં કોઇ મંત્રીશ્રીની ઓફિસ પાસે થઇ હતી ત્યારે મેં પણ એમના ખબર–અંતર પૂછ્યા હતા. એમને ડાયાબિટિસ અને બ્લડ પ્રેસરની તકલીફ હતી એટલે સારવાર બધી લેતા પણ કાળજી બહુ ઓછી લેતા. એટલા માટે કે ગમે તેટલો ડાયાબિટિસ હોય પણ ગમ્યું ખાવાનું હોય તો એ લઇ લેતા. એવું નહીં કે ડોકટરે ના પાડી છે તો કાળજી રાખવી, એવી કાળજી રાખતા ન હતા. એમને એમ હતું કે મરવાનું તો છે તો શા માટે પરેજી પાળવી જોઇએ? આવા મનના એ માણસ હતા. એમના જીવનમાં એમને પદ્મશ્રી એવોર્ડ મળેલો અને બીજો ઓમકારનાથ ઠાકુર એવોર્ડ પણ મળેલો. માનવીની ભવાઇ ફિલ્મ થકી તેઓશ્રી ખૂબ પ્રચલિત થયેલા અને ગામડામાં ગરીબ પ્રજામાં તો એનાથી એ ખૂબ પ્રચલિત થયા હતા. મને લાગે છે કે ઉપેન્દ્રભાઇ એવા સજ્જન માણસ, એવા સરસ માણસ હતા. પ્રજાની નાડ પારખનાર માણસ આજે આપણી વચ્ચે નથી એનું દુઃખ છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપે અને એમના પરિવાર ઉપર આવી પડેલ દુઃખ સહન કરવાની પ્રભુ શક્તિ આપે. સ્વ.શ્રી ચંદ્રકાન્તભાઇનો લાંબો પરિચય નથી પણ એમના આત્માને પ્રભુ શાંતિ આપે એવી પ્રાર્થના કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર(ભા.રા.કોં) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભાગૃહના નેતા બંને સદસ્યશ્રીઓ માટે જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે અને વિપક્ષના નેતાએ જેને અનુમોદન આપ્યું છે એમાં હું પણ મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. ઉપેન્દ્રભાઇ ત્રિવેદી કે જે એક સાચા કલાકારમાંથી એક સાચા નેતા બન્યાં ત્યારે કોઇપણ વ્યક્તિ જાહેર જીવનમાં જ્યારે આવતી હોય છે ત્યારે અને ખાસ કરીને ફિલ્મ લાઇનના લોકો જાહેર જીવનમાં કોઇપણ રાજકીય પાર્ટી જ્યારે એને આકર્ષણના ભાગરૂપે લાવતા હોય છે ત્યારે આમાંથી કોઇ જુદું સ્વ. ઉપેન્દ્રભાઇ ત્રિવેદીમાં  હતું. એ એટલા માટે કે જ્યારે એમનો રાજકારણ સાથે કોઇ નાતો નહતો ત્યારે મચ્છુ ડેમની હોનારત થઇ ત્યારે અમદાવાદ શહેરની અંદર ફંડ–ફાળા માટે કલાકારોનો જે રોડ શો રાખવામાં આવ્યો હતો. એ પોતે ફિલ્મોમાં વ્યસ્ત હોવા છતાં પણ શૂટિંગ રદ કરીને એ મચ્છુ ડેમ માટેના ફંડ–ફાળાનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો એમાં પોતે હાજર રહ્યાં હતા.  એ ઉમદા ઉદાહરણ એમણે પૂરું પાડ્યું હતું. ૧૯૮૬, ૧૯૮૭,  ૧૯૮૮ ની અંદર ગુજરાતમાં પડલો કારમો દુષ્કાળ સ્વ. અમરસિંહભાઇ ચૌધરી રાજ્યના મુખ્યમંત્રી અને સ્વર્ગિય મારા પિતા મનુભાઇ પરમાર પોતે એમની સાથે હતા અને એ વખતે ગૌમાતાની વાત નહિ પણ ગૌમાતાને પાણી અને ઘાસચારો મળી રહે એના માટે રાજકારણથી પર પોતે નેતા નહોતા, અભિનેતા તરીકે એમણે પોતે જ્યાં પણ કોઇ ટ્રસ્ટોએ ચેરિટી શોમાં બોલાવ્યાં હોય, રોડ શો કે નાના કોઇ પ્રોગ્રામની વાત થઇ હોય અને એની અંદર આવીને એમણે ફક્ત અને ફક્ત ગુજરાતમાં જે દુષ્કાળના લીધે ગૌમાતા ગુજરી રહી હતી એના માટે ફંડ–ફાળો એકત્ર કરીને ઘાસચારો અને પીવાના પાણીની વ્યવસ્થા એ જમાનાની અંદર અભિનેતા તરીકે પૂરી પાડી હતી.  એ મારા પિતાના ખૂબ સારા મિત્ર હતા.

મને એમનો એક યાદગાર પ્રસંગ યાદ છે. મારા જ્યારે ૧૯૯૪માં મૅરેજ થયા ત્યારે એ મૅરેજમાં સંગીત સંધ્યા રાખી હતી એ સંગીત સંધ્યાની અંદર પોતે એક ધારાસભ્ય, એક અભિનેતા હોવા છતાં  એક પરિવારના સભ્ય તરીકે, એના તાજના સાક્ષી શક્તિસિંહભાઇ પણ છે. પરિવારના સભ્ય તરીકે જ્યાં સુધી ગરબા અને મોજ–મસ્તીનો કાર્યક્રમ પૂરો ના થયો ત્યાં સુધી તેમણે ગરબા પણ ગાયા અને મોજ–મસ્તી પણ કરી. એ મારા જીવનનો યાદગાર પ્રસંગ છે. એમણે મારા રિસેપ્શન વખતે કોઇ ચાંદલો આપતું હોય છે કે સોના–ચાંદીની વસ્તુ આપતા હોય છે પણ એમણે એમની જે સારી ફિલ્મો હતી એ ફિલ્મોની લગભગ બારેક કેસેટ એમણે મને રિસેપ્શન વખતે ભેટ આપી હતી અને કહ્યું હતું કે, ભાઇ ટાઇમ મળે ત્યારે ગુજરાતી ફિલ્મો જોજે. એ બારે બાર ફિલ્મો મેં જોઇ હતી. આજે મને એ પ્રસંગ યાદ આવે છે ત્યારે ૧૦મી વિધાનસભામાં ધારાસભ્ય તરીકે મને કામ કરવાનો ખૂબ મોકો મળ્યો છે. એમનું અવસાન થયા બાદ હું પોતે પણ બોમ્બે એમના નિવાસસ્થાને બેસવા ગયો હતો. આજે ઉપેન્દ્રભાઇ રહ્યાં નથી ત્યારે એમણે કરેલી કામગીરીને એક ગુજરાતનો સામાન્ય છેવાડાનો માનવીથી માંડીને ગાદી પર બેઠેલો માણસ પણ યાદ કરે છે. એવી જ રીતે ચંદ્રવદનભાઇ પટેલનું પણ દુ:ખદ અવસાન થયું હતું. હું મારા પરિવાર વતી ચંદ્રવદનભાઇને શોકાંજલિ પાઠવું છું.

શ્રી કનુભાઇ મો. દેસાઇ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા માનનીય આનંદીબેન જે બે શોક પ્રસ્તાવ લઇને આવ્યાં છે એમાં મારો સૂર પુરાવું છું.

સ્વ. ઉપેન્દ્રભાઇ આટલા મહાન અને વિશાળ વ્યક્તિત્વ ધરાવતા હતાં. પરંતુ જ્યારે સામાન્ય માનવી સાથે એક અદના માનવી તરીકે વ્યવહાર રાખીને એક અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. એમને મારા તરફથી શોકાંજલિ આપું છું અને એમના કુટુંબને દિલસોજી આપું છું. ભાઇ શ્રી ચંદ્રવદનભાઇ મારા પારડી વિસ્તારના ધારાસભ્ય હતા અને છેલ્લે જિલ્લા પંચાયતના શાસક પક્ષના નેતા હતા. તેઓ બહુમુખી પ્રતિભા ધરાવતા હતા. ખેતીવાડી ક્ષેત્રે એમણે ગુલાબના ફૂલોની ખેતી સૌ પ્રથમ વીસ વર્ષ પહેલાં ચાલુ કરેલી હતી અને ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. તેઓ અંત સમય સુધી કાર્યશીલ હતા અને સ્વચ્છતા અભિયાનના ભાગરૂપે જ્યારે પોતે પોતાના વિસ્તારની આજુબાજુ ટ્રેક્ટરથી સફાઇ કરવા જતા અચાનક અકસ્માતમાં મૃત્યુને ભેટ્યા. આપણે સૌ એમના કુટુંબીજનોને દિલસોજી પાઠવીએ અને એમને શોકાંજલી આપીએ.

સભાપતિશ્રી : ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, આ ગૃહના પૂર્વ

ઉપાધ્યક્ષશ્રી ઉપેન્દ્રકુમાર ત્રિવેદી અને પૂર્વ સભ્યશ્રી ચંદ્રવદન પટેલના અવસાન અંગે જે શોકદર્શક ઉલ્લેખ કર્યો છે તેમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

સ્વ.શ્રી ઉપેન્દ્રભાઇ ત્રિવેદીએ કલા તથા અભિનય ક્ષેત્રે આપેલું ઉત્કૃષ્ટ પ્રદાન ક્યારેય ભૂલી શકાય નહીં. અભિનય ક્ષેત્રે તેઓએ અભિનય સમ્રાટ તરીકે બિરૂદ મેળવ્યું હતું અને તેમના અકાળે થયેલા અવસાનથી ખાસ કરીને ગુજરાતી ફિલ્મ ઉદ્યોગને અને ગુજરાતની રંગભૂમિને ન પૂરાય એવી ખોટ પડી છે. રાજકીય ક્ષેત્રે પણ તેઓએ વિધાનસભાના સભ્ય તરીકે, રાજ્યના મંત્રી તરીકે અને આ ગૃહના ઉપાધ્યક્ષ તરીકે યશસ્વી સેવાઓ આપી છે. પૂર્વ સભ્ય શ્રી ચંદ્રવદનભાઇ પટેલે પણ વલસાડ જિલ્લાના પારડી મત વિસ્તારમાંથી ચૂંટાઇને સમાજ સેવાના ઉમદા કાર્યો કર્યા છે. આ બન્ને મહાનુભાવોના અવસાનથી ગુજરાત રાજ્યના જાહેરજીવનમાં ન પૂરાય તેવી ખોટી પડી છે. પ્રભુ આ બન્ને મહાનુભાવોના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી હું પ્રાર્થના કરું છું. હવે આપણે સૌ આપણા સ્થાન પર ઉભા રહીને બે મિનિટ મૌન પાળી સદગતને અંજલિ આપીએ.( બે મિનિટ મૌન બાદ) માનનીય સભ્યશ્રીઓ સૌ પોતાનું સ્થાન લે. સભાગૃહની આ લાગણી સદગતોના કુટુંબીજનો તરફ મોકલી આપવામાં આવશે.

## પોઇન્ટ ઓફ ઓર્ડર

## માનનીય રાજ્યપાલશ્રીના અવમાન અંગે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સભાગૃહની સમક્ષ જ્યારે માનનીય રાજ્યપાલશ્રી બંધારણીય વડાની હેસિયતથી ગૃહને સંબોધન કરવા માટે આવતા હોય ત્યારે સૌ સભ્યોએ તેમને શાંતિથી અને આદરપૂર્વક સાંભળવા જોઇએ અને ગૃહની પ્રસ્થાપિત થયેલી ઉચ્ચ પરંપરાઓનું પાલન કરવું જોઇએ પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન દરમિયાન વિપક્ષના સભ્યો દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, ત્યાંથી અટકીને નહીં પરંતુ માનનીય રાજ્યપાલશ્રી ઉપર કાગળના ડૂચા છેક એમના સ્થાનથી એમના તરફ નાખવામાં આવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, સંસદીય પ્રણાલિકાના જાણકાર અનેક લોકો ત્યાં છે, કોઇએ એમને ટોક્યા નહીં અને માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહનું અવમાન છે, બંધારણીય વડા તરીકે રાજ્યપાલશ્રીનું અપમાન છે. માનનીય અધ્યક્ષશ્રી, આપે એ સૌની સમક્ષ કાર્યવાહી કરવી જોઇએ એ મારો આજનો આપની સમક્ષ મુદ્દો છે.

શ્રી શક્તિસિંહ ગોહિલઃ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી તો જૂની પ્રણાલિકાઓ વિધાનસભાની કાર્યવાહી ઉપર નજર નાખતા હોય એવી આશા અને અપેક્ષા હોય. ભૂતકાળમાં આજે જે પક્ષ સત્તામાં બેઠો છે એણે અહીંયા બેસીને રાજયપાલશ્રી સાથે કેવા વર્તનો કર્યા છે એ આપણી સંસદીય પ્રણાલિકાઓમાં ઉલ્લેખ છે. જે તે સમયે માનનીય રાજયપાલશ્રી ચેરમાં હતા અને જયારે માનનીય રાજયપાલશ્રી ચેરમાં હતા ત્યારપછી આ અંગેની કાર્યવાહીમાં ભૂતકાળમાં જયારે આપ વિરોધ પક્ષમાં હતા ત્યારે આવી ઘટનાઓ અંગે કયારેય, કોઇપણ વખત કોંગ્રેસ પાર્ટી સત્તામાં હોય...

સભાપતિશ્રી : આપ પોઇન્ટ ઓફ ઓર્ડર પર વાત કરો.

શ્રી શકિતસિંહ ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો માત્ર એટલો જ છે કે(અંતરાય)જરૂર આપ બોલતા હતા ત્યારે બધાએ સાંભળ્યા છે આપને, માનનીય અધ્યક્ષશ્રી, એક સંવેદનશીલ મુદ્દામાં રાજકારણથી પર ઉઠીને માનનીય અધ્યક્ષશ્રી પણ આજે સ્વાઇન ફ્લુથી પિડિત છે, આપના પક્ષના કચ્છના ધારાસભ્યશ્રી પણ સ્વાઇન ફલુથી પિડિત છે. અનેક લોકોને અસર થઇ છે એટલા માટે હું માત્ર ટૂંકમાં એટલું જ કહીશ કે પોઇન્ટ ઓફ ઓર્ડરનો આ કોઇ મુદ્દો નથી. આ બાબતની વ્યાકુળ બનીને ભૂતકાળમાં ખૂબ નીચી કક્ષાએ જઇને આ જ ગૃહમાં પરંપરા ઉભી થઇ હતી. આ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નથી.

સભાપતિશ્રી : આ પોઇન્ટ ઓફ ઓર્ડર હું સ્વીકારું છું અને કુટેજ તપાસી અને યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. નેકસ્ટ.

**સચિવશ્રીઃ** બાબત ક્રમાંક-૪

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ–૧૦૮ મુજબ જયારે આજે આખા ગુજરાતની અંદર સ્વાઇન ફ્લુથી ૨૧૦ થી વધારે લોકો જયારે મૃત્યુ પામ્યા હોય એક હજારથી વધારે લોકોને અસર હોય, ૧૧૬ની નોટિસ જયારે અમે આપી છતાં આજે ૧૧૬ની અમારી નોટિસ રીજેકટ કરવામાં આવી છે અને અવારનવાર એ તો કઇ ચર્ચામાં મૂકયું છે. અમે જે આપી છે એમાંથી ત્રણ નોટિસ આજે રદ કરવામાં આવી છે. ૧૦૮ અને એક કલાકની ચર્ચા માગી છે. સમગ્ર ગુજરાત જયારે માનનીય અધ્યક્ષશ્રીથી માંડીને ધારાસભ્યશ્રીથી માંડીને ગુજરાતના ચીફ સેક્રેટરીને એમ કહેવું પડતું હોય કે કર્મચારી કોઇ આવે અને માસ્ક પહેરીને આવે એવી સમગ્ર ગુજરાતની પરિસ્થિતિ પેદા થઇ હોય ત્યારે ૧૦૮ મુજબ તાત્કાલિકનો પ્રશ્ન છે એ સ્વીકાર કરવો જોઇએ અને સરકારે આ બાબતે એક કલાકની ચર્ચા આપવી જોઇએ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આદરણીય અધ્યક્ષશ્રીએ આના ઉપર નિર્ણય કરી લીધો છે એટલે આ બાબત ઉપર હવે રજૂઆત કે ચર્ચા હોઇ શકે નહીં.

સભાપતિશ્રી : બળવંતસિંહજી તરફથી આના ઉપર ૧૦૮ હેઠળના પ્રસ્તાવની સૂચના મળી છે. પ્રસ્તાવને ગૃહની અનુમતિ માટે રજૂ કરવાની પરવાનગી માનનીય અધ્યક્ષશ્રીએ એ કારણસર નથી આપી કે પ્રસ્તાવના વિષય અંગેની નિયમ–૧૧૬ હેઠળની સૂચનાને માનનીય અધ્યક્ષશ્રીએ મંજૂરી અગાઉથી આપી દીધી હતી અને તે આજરોજ હાથ ધરવામાં આવનાર છે. નિયમ–૧૧૬ હેઠળની સૂચના અંગે આપણને તક મળી રહેશે આ ઉપરાંત સૂચનાની બાબત અંગે આપને માનનીય રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ અંગેની ચર્ચા દરમિયાન પણ સમય મળશે. પૂરતી તક બધાને ચર્ચાની આપવામાં આવશે. વિષય ગંભીર છે. આપની લાગણી સમજી શકીએ છીએ. અને ૧૧૬ની ચર્ચા વખતે આપને તક મળે એમાં પૂરેપૂરી આપ ચર્ચા કરજો. ગૃહની આગળની કાર્યવાહી એજન્ડા મુજબ ચાલુ કરીએ. નેકસ્ટ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આ કોઇ રાજકીય મુદ્દો નથી. ૧૦૮ના નિયમ મુજબ અમે જે સૂચના આપી એમાં જે જવાબ આપ્યો છે કે તાકીદનો વિષય નથી અને કટોકટીનો. તો આપ અહીં બેઠા છો આ ચેરમાં એ તાકીદનો અને કટોકટીનો વિષય છે. જો માનનીય અધ્યક્ષશ્રીને સ્વાઇન ફ્લુ ન થયો હોત તો આ તાકીદનો પ્રશ્ન ઉપસ્થિત ન થયો હોત અને આવી કટોકટી પણ ઉપસ્થિત ન થઇ હોત. આમાં કોઇ પોલિટિકલ વસ્તુ નથી. આજના પી.એમ. અને જે તે વખતના સી.એમ. સાહેબને જયારે સ્વાઇન ફ્લુ હતો. આજે ગુજરાતમાં કટોકટીની માફક મહામારીના રોગ તરીકે આપણે લીધેલો. અત્યારે ટપોટપ લોકો મરે છે. આપણી પાસે પૂરતી વ્યવસ્થા નથી. જે વેક્સીન જોઇએ તે નથી. અલગ સ્વાઇન ફ્લુના વોર્ડ નથી.(અંતરાય) એટલે મારી આપને વિનંતી છે કે ૧૧૬ નીચે આપ ખાલી એક પ્રશ્ન પૂછવાની છૂટ આપશો. ૪ લોકોએ નોટિસ આપેલી એમાં એકનો સમાવેશ કર્યો છે.

સભાપતિશ્રી : આપ બધાને ચર્ચા કરવાની પૂરેપૂરી તક આપીશું. આપણે જે ૧૧૬ ની નોટિસ મંજૂર કરી છે. એમાં ચર્ચામાં આગળ વધીએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : એક કલાક માટે ચર્ચાની અનુમતિ આપવી હોય તો અમારી ભાગીદારી....

સભાપતિશ્રી : આમાં ચર્ચા કરીશું. બધાને પૂરેપૂરી તક આપીશું. ચર્ચા કરવાની છે. પૂરી તક બધાને આપવામાં આવશે. નેકસ્ટ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : સભ્ય સિવાયના બાકીના લોકોને પણ તક મળશે.

સભાપતિશ્રી : બે–ચાર પ્રશ્નો સભ્યોને સંતોષ થાય તે રીતે ચર્ચા કરીશું એવી ખાતરી આપું છું. નેકસ્ટ.

## તાકીદની જાહેર અગત્યની બાબત (નિયમ – ૧૧૬)
## રાજ્યમાં પ્રસરેલ સ્વાઇન ફ્લુના રોગ અંગે

શ્રી સુરેશભાઇ પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ–૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

''તાજેતરમાં રાજયમાં સ્વાઇન ફ્લુનો રોગ બેકાબુ બનેલ છે અને આખા રાજયમાં પ્રસરીને લગભગ સમગ્ર રાજયને ભરડામાં લીધેલ છે. વળી દિવસે દિવસે તેની વ્યાપકતા વધતી જતા આ જીવલેણ રોગથી રાજયની પ્રજામાં ફેલાયેલ ભય અને ગભરાટની લાગણી દૂર કરવા અને આ રોગને કાબુમાં લેવા રાજય સરકારે લીધેલા કે લેવા ધારેલા પગલાં.''

શ્રી નીતિનભાઇ ર. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, ઇન્ફ્લુએન્ઝા–એ ની બીમારી કે જેને આમ જનતા ફ્લુ, શરદી, સળેખમ કે સ્વાઇન ફ્લુની બીમારી તરીકે ઓળખે છે. ફ્લુની બીમારી સદીઓથી થતી બીમારી છે. જે વિષાણુથી થાય છે અને હવાથી ફેલાતો રોગ છે. વિષાણુના જનીનિક બંધારણમાં ૧૦ થી ૧૫ વર્ષે ફેરફાર થવાના કારણે તે સમગ્ર વિશ્વમાં વારંવાર જોવા મળે છે.

વર્ષ ૨૦૦૯માં વાઇરસના બંધારણમાં ફેરફાર થવાના કારણે સ્વાઇન ફ્લુનો રોગચાળો સમગ્ર વિશ્વ સાથે ભારતમાં પણ વ્યાપક રીતે પ્રસર્યો હતો. સને ૨૦૦૯ ના જુલાઇ માસમાં ગુજરાતમાં સૌ પ્રથમ કેસ નોંધાયો. તે બાદ ૨૦૧૦ માં સ્વાઇન ફ્લુના કેસ તથા મરણના નોંધપાત્ર કેસ થયેલ હતા. એ સમયે વિશ્વ આરોગ્ય સંસ્થા તેમજ ભારત સરકારશ્રીની ગાઇડ લાઇન અનુસાર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા અટકાવ અને નિયંત્રણ તેમજ સારવારની કામગીરી કરવામાં આવેલ હતી.

સને ૨૦૧૦ માં વિશ્વ આરોગ્ય સંસ્થાએ જાહેર કરેલ કે સ્વાઇન ફ્લુના વિષાણુ વાતાવરણમાં સામાન્ય ફ્લુના વાઇરસ તરીકે પ્રસ્થાપિત થયેલ હોઇ, હવે દર બે–ત્રણ વર્ષના સમયાંતરે, આમ જનતામાં રોગ સામેની રોગ પ્રતિકારક શક્તિ ઓછી થવાના કારણે કેસોની સંખ્યામાં વધારો જોવા મળશે. આમ સ્વાઇન ફ્લુના વિષાણુની પ્રકૃતિ મુજબ સને ૨૦૧૧, ૨૦૧૨ અને ૨૦૧૪ માં ગુજરાત રાજયમાં કેસો ઓછા નોંધાયેલ જયારે સને ૨૦૧૩ માં કેસો વધુ નોંધાયેલ. સને ૨૦૧૫ ની શરૂઆતથી જ દેશના મોટા ભાગના રાજયોમાં તથા વિશ્વના ઘણા દેશોમાં સ્વાઇન ફ્લુ રોગના કેસોની સંખ્યામાં વધારો નોંધાયેલ છે.

રાજયમાં હાલ તા. ૨૦–૨–૨૦૧૫ની સ્થિતિએ ૨૬૩૭ કેસ નોંધાયેલ છે. જે પૈકી ૧૨૧૯ વ્યક્તિઓ સાજા થઇ જતા હોસ્પિટલમાંથી રજા આપી ઘરે મોકલવામાં આવેલ છે. કમનસીબે ૧૮૬ વ્યક્તિઓના મૃત્યુ નોંધાયેલ છે. મૃત્યુ પામેલ દર્દીઓની કેસ હિસ્ટ્રી જોતા તેમાંથી મહદ અંશે દર્દીઓ ડાયાબિટિસ, કિડની, હૃદયરોગ, કેન્સર વિગેરે જેવા રોગથી પીડાતા હતા તેવું ધ્યાને આવેલ છે.

રાજયમાં આ વર્ષની શરૂઆતમાં સ્વાઇન ફ્લુના કેસોની સંખ્યા વધતા રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તુર્તજ રોગ અટકાયત અને નિયંત્રણ માટેના પગલા સઘન કરવામાં આવેલ. આ રોગના અટકાયત માટે વિશ્વ આરોગ્ય સંસ્થા અને આરોગ્ય પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા નિયત કરેલ માર્ગદર્શિકા અને ભલામણની અમલવારી કરવામાં આવી છે.

ભારત સરકારની ગાઇડલાઇન પ્રમાણે કોઇપણ પ્રકારના રોગચાળા અટકાવવા અને નિયંત્રણ કરવા જાહેર આરોગ્ય, મેડિસીન, માઇક્રોબાયોલોજી, પ્રિવેન્ટિવ એન્ડ સોશ્યલ મેડિસીનના ૮થી ૧૦ નિષ્ણાત સભ્યોની સ્ટેટ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવેલ છે. જે સંપૂર્ણ રાજયમાં તમામ રોગચાળાઓ અંગેની પરિસ્થિતિની સમીક્ષા કરી જરૂરી કાર્યવાહી કરે છે. વધુમાં સચિવશ્રી(આરોગ્ય)ના અધ્યક્ષપણા હેઠળ ઉચ્ચસ્તરીય કમિટીની રચના પણ કરવામાં આવેલ છે. જે નિયમિત રીતે મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષસ્થાને થતી ઉચ્ચ કક્ષાની મિટિંગમાં જાણકારી આપે છે.

૧લી જાન્યુઆરીથી રાજયમાં સ્વાઇન ફ્લુના દર્દીઓ નોંધાતા અને તેમાં ઉત્તરોત્તર વધારો જણાતા આરોગ્ય વિભાગ તરફથી તાત્કાલિક કાર્યવાહી કરી રાજયની તમામ જિલ્લા હોસ્પિટલો અને મેડિકલ કોલેજ સાથે સંકળાયેલ બધી હોસ્પિટલોમાં સ્વાઇન ફ્લુના દર્દીઓની સઘન સારવાર માટે આઇસોલેશન વોર્ડ શરૂ કરેલ, જેથી દર્દીઓને તેઓના રહેઠાણથી શકય તેટલા નજીકના સ્થળે સારવાર ઉપલબ્ધ થાય. સમગ્ર વિશ્વમાં સ્વાઇન ફ્લુની સારવાર માટે અપાતી અને ટેમીફ્લુના પ્રચલિત નામથી જાણીતી દવા રાજયની બધી હોસ્પિટલો તેમજ દવાખાનાઓમાં ઉપલબ્ધ કરાવેલ અને સરકારી હોસ્પિટલોની સાથે સાથે ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેતા દર્દીઓ તથા પડોશી રાજયો રાજસ્થાન, મધ્યપ્રદેશ અને કેન્દ્રશાસિત પ્રદેશો

દાદરા અને નગરહવેલી, સેલવાસ જેવા સ્થળોએથી આવતા દર્દીઓને પણ વિનામૂલ્યે ટેમીફ્લુ દવાનો કોર્સ જે અંદાજે ૫ થી ૧૦ દિવસ સુધીનો હોય છે તે વિનામૂલ્યે આપવામાં આવે છે.

સ્વાઇન ફ્લુના લક્ષણો ધરાવતા દર્દીઓને સ્વાઇન ફ્લુ પોઝિટિવ છે કે કેમ તેની ચકાસણી માટેનો લેબોરેટરી ટેસ્ટ રાજયની પાંચ (૫) લેબોરેટરીઓમાં વિનામૂલ્યે કરી આપવામા આવે છે. એક ટેસ્ટનો અંદાજિત ખર્ચ રૂ. ૫,૦૦૦/– જેટલો થાય છે.

સ્વાઇન ફ્લુ પ્રથમ તબક્કે સાદો તાવ, શરદી–ઉધરસ વિગેરે જેવા લક્ષણો ધરાવતો હોય છે. પરંતુ જે વ્યકિતઓમાં રોગપ્રતિકારક શકિત ઓછી હોય તેઓને સ્વાઇન ફ્લુ ગંભીર થવાની શકયતાઓ રહે છે. આથી રોગની જાણકારી તમામ લોકો સુધી પહોંચાડવા રાજયમાં સ્વાઇન ફ્લુની શરૂઆતથી જ રાજય સરકારે વિવિધ વર્તમાનપત્ર, ટી.વી. અને અન્ય પ્રસાર માધ્યમો દ્વારા સ્વાઇન ફ્લુથી બચાવ માટેની માર્ગદર્શન અને માહિતી લોકો સુધી વ્યાપક રીતે પહોંચાડેલ છે. આકાશવાણી અને એફ.એમ. રેડિયોમાં જાહેરાત, સમાચાર ચેનલો પર L-Band, સ્ક્રોલ તથા જાહેરાતો પ્રસારિત કરવામાં આવી. નિષ્ણાતો દ્વારા રેડિયો અને ટેલિવિઝન પર જરૂરી વાર્તાલાપ પણ યોજવામાં આવે છે. તમામ જિલ્લાઓ અને કોર્પોરેશનમાં સ્વાઇન ફ્લુના લક્ષણો અને સારવાર માટેના હોર્ડિંગ્સ અને ફલેક્ષ બેનરો મૂકવામાં આવેલ છે.

રાજયના તમામ લોકોને સ્વાઇન ફ્લુ અંગે જરૂરી માહિતી મળી રહે તે માટે રાજય કક્ષાએથી ૨૪ કલાક હેલ્પલાઇન નં.૧૦૮ (ટોલ ફ્રી) શરૂ કરેલ છે. આ ઉપરાંત અમદાવાદ મહાનગરપાલિકામાં ૧૮૦૦ ૨૩૩ ૨૫૧૧ (ટોલ ફ્રી), વડોદરા મહાગનરપાલિકામાં ૦૨૬૫ ૨૪૩ ૨૩૮૩ અને સુરત મહાનગરપાલિકામાં ૧૮૦૦ ૧૨૩ ૮૦૦૦(ટોલ ફ્રી) હેલ્પ લાઇન શરૂ કરવામાં આવેલ છે.

રાજય સરકાર દ્વારા રાજય કક્ષાએથી સેટકોમ દ્વારા તબીબી અધિકારીઓ તથા ફિમેલ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ સુપરવાઇઝર, આશા, આંગણવાડી કાર્યકરો ને માર્ગદર્શન, સ્વાઇન ફ્લુના કેસોનો કેન્ટેક સર્વે તથા ગાઇડલાઇન મુજબ જરૂરી સારવાર આપવા માટે જાણકારી આપવામાં આવેલ.

પ્રાથિમક અને માધ્યમિક સ્કૂલના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે વ્યક્તિગત સ્વચ્છતા, હાથ ધોવાની સારી રીત તથા સ્વાઇન ફ્લુ અને અન્ય સંક્રામક રોગ અટકાવવા માટેની અગમચેતીના પગલાંઓ અંગેની સેટકોમ કોન્ફરન્સ પણ કરવામાં આવી. શિક્ષણ વિભાગ દ્વારા દરેક સ્કૂલોમાં શંકાસ્પદ સ્વાઇન ફ્લુના વિદ્યાર્થીએ શું કાળજી લેવી તે અંગે સૂચનો– માર્ગદર્શન પૂરા પાડવામાં આવ્યા અને સમગ્ર રાજયમાં એક સાથે હાઉસ ટુ હાઉસ અવરનેસ કેમ્પેઇન કરવામાં આવેલ, જેમાં આશરે ૮૬ લાખથી વધુ ઘરોની મુલાકાત લઇ ૪ કરોડથી વધુ વ્યક્તિઓનો સંપર્ક કરવામાં આવેલ છે.

જનજાગૃતિના કારણે બહુ મોટી સંખ્યામાં લોકો હોસ્પિટલમાં નિદાન કરાવવા આવતા, તે પૈકી જે સ્વાઇન ફ્લુ પોઝિટિવ હતા તેમને ઝડપથી ઓળખી અને સારવાર આપી શકાયેલ છે. જેના કારણે અગાઉના વર્ષો કરતા મૃત્યુઆંકમાં ઘટાડો નોંધાયેલ છે, જે નીચે પ્રમાણેની વિગતો જોતા સ્પષ્ટ થાય છે.

| અનુક્રમ | વર્ષ | થયેલા કેસ | મૃત્યુ | મૃત્યુદર |
|---|---|---|---|---|
| ૧. | ૨૦૦૯ | ૬૯૭ | ૧૨૫ | ૧૮ % |
| ૨. | ૨૦૧૦ | ૧૬૮૨ | ૩૬૩ | ૨૨ % |
| ૩. | ૨૦૧૧ | ૭ | ૪ | ૫૭ % |
| ૪. | ૨૦૧૨ | ૧૦૧ | ૩૦ | ૩૦ % |
| ૫. | ૨૦૧૩ | ૯૮૯ | ૧૯૬ | ૨૦ % |
| ૬. | ૨૦૧૪ | ૧૫૭ | ૫૫ | ૩૫ % |
| ૭. | ૨૦૧૫ | ૨૬૩૭ | ૧૮૬ | ૭ % |

ઉપરોક્ત વિગતો જોતા સ્પષ્ટ જણાઇ આવે છે કે રાજય સરકારે હાથ ધરેલ જનજાગૃતિ ઝુંબેશ અને સ્વાઇન ફ્લુના દર્દીઓ માટેની ઉભી કરેલ સઘન સારવાર વ્યવસ્થાને કારણે અગાઉના વર્ષો કરતા દર્દીઓની

સંખ્યામાં વધારો હોવા છતા મૃત્યુઆંક ઓછો થયેલ છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાની માર્ગદર્શિકા મુજબની બાયોસેફટી લેવલ–૨ ની નીચે મુજબની ચાર સ્પેશ્યલ લેબોરેટરી રાજયમાં ઉપલબ્ધ હતી.

– બી.જે. મેડિકલ કોલેજ, અમદાવાદ
– ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ, સુરત
– પી.ડી.યુ. મેડિકલ કોલેજ, રાજકોટ
– જી.એમ.ઇ.આર.એસ. મેડિકલ કોલેજ, સોલા, અમદાવાદ.

સ્વાઇન ફ્લુના નમૂનાની તપાસ કરવા માટે કચ્છ જિલ્લામાં સ્વાઇન ફ્લુનો પ્રભાવ વધતા ત્યાંના નમૂનાઓની સ્થાનિક સ્તરે જ તપાસ થઇ શકે તે માટે રાજય સરકારે મેડિકલ કોલેજ, ભૂજ, કચ્છ ખાતે પણ લેબોરેટરીની શરૂઆત કરી છે અને વધુ ત્રણ લેબોરેટરી વડોદરા, જામનગર અને ભાવનગર ખાતે ટૂંક સમયમાં કાર્યાન્વિત કરવામાં આવશે.

સ્વાઇન ફ્લુના દર્દીને ગંભીર સ્થિતિમાં વેન્ટીલેટર જેવા સાધનો પર મૂકવા પડે તે ધ્યાને લઇ આ વર્ષે ૪૨ વધુ વેન્ટીલેટર વસાવવામાં આવ્યા છે અને હાલમાં રાજયમાં આવેલ સરકારી હોસ્પિટલોમાં ૮૦૦ પથારી તથા ૨૦૦ વેન્ટીલેટર આઇસોલેશન વોર્ડમાં ઉપલબ્ધ છે.

સ્વાઇન ફ્લુના દર્દીની સારવાર સાથે સંકળાયેલા તમામ ડોકટર, સ્ટાફનર્સ, પેરા મેડિકલ સ્ટાફ અને કર્મચારીઓ તથા ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારીઓને આ રોગની રસી આપવામાં આવી રહી છે.

રાજયના તમામ સ્તરે ટેમીફ્લુ કેપસ્યુલ અને સીરપ, પી.પી.ઇ. કીટ અને એન–૯૫ માસ્ક અને ત્રિપલ લેયર માસ્કનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. તમામ પ્રા.આ.કે., સા.આ.કે. ડિસ્ટ્રિકટ હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજ ખાતે કેપસ્યુલ ઓઝેલ્ટામીવીરનો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

ભારત સરકારશ્રીના તજજ્ઞોની એક ટીમે રાજયની મુલાકાત લીધી હતી. અને અમદાવાદ સિવિલ, સોલા સિવિલ, કચ્છની મેડિકલ હોસ્પિટલની મુલાકાત લઇ કામગીરી, વ્યવસ્થા અને સાધન સગવડ વિષે જાણકારી મેળવેલ અને માર્ગદર્શન આપેલ.

કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રી જે.પી.નડ્ડાએ તેમની ગુજરાત મુલાકાત દરમ્યાન સ્વાઇન ફ્લુ પરિસ્થિતિ અંગે રાજય સરકારના આરોગ્ય મંત્રીશ્રી અને રાજય કક્ષાના મંત્રીશ્રી અને અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરી વિગતો મેળવેલ. તેઓશ્રીએ અમદાવાદ સિવિલ હોસ્પિટલની મુલાકાત લઇ જાત માહિતી મેળવી કેન્દ્ર સરકાર તરફથી જરૂરી તમામ સહાયની ખાતરી આપેલ અને રાજય સરકારની માગણી મુજબ ૧૦,૦૦૦ દવા, ૨૦૦૦ લેબોરેટરી તપાસની કીટ, ૧,૫૦૦ વેક્સિન, ૧૦૦૦ પી.પી.ઇ. કીટ અઅને ૫૦૦ એન–૯૫ માસ્ક અને પાંચ વેન્ટીલેટર ફાળવેલ છે.

માન.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા સ્વાઇન ફ્લુ નિયંત્રણ કામગીરી પર સતત દેખરેખ રાખી માર્ગદર્શન આપવામાં આવે છે. દર બુધવારે યોજાતી મંત્રીમંડળની બેઠકમાં વિગતવાર સમીક્ષા કરવામાં આવે છે. આરોગ્ય મંત્રી શ્રી નીતિનભાઇ પટેલ, શ્રી શંકરભાઇ ચૌધરી, મુખ્ય સચિવશ્રી, કમિશ્નરશ્રી (આરોગ્ય) અને અધિક નિયામકની ટીમ પણ રાજયમાં વિવિધ હોસ્પિટલોમાં મુલાકાત લઇ સ્વાઇન ફ્લુ અંગેની તમામ બાબતોનું મોનીટરિંગ કરે છે. મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને દરરોજ સમગ્ર કામગીરી અંગે રિવ્યુ કરી જરૂરી સૂચના આપવામાં આવે છે.

આમ, રાજયમાં પ્રવર્તમાન પરિસ્થતિ પર સરકાર દ્વારા સતત મોનીટરિંગ રાખવામાં આવી રહ્યુ છે અને આ રોગના દર્દીઓને યોગ્ય સારવાર મળે તે માટેના તમામ પ્રયત્ન હાથ ધરવામાં આવેલ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હું વિવરણ આપું છું. શક્તિસિંહ, આપ ગંભીર વિષયમાં હું પહેલા, હું પહેલા શા માટે કરો છો?

સભાપતિશ્રી : આપને તક આપીશું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : શા માટે અહમનો પ્રશ્ન બનાવો છો.

સભાપતિશ્રી : શક્તિસિંહભાઇ, આપ બેસો. શક્તિસિંહભાઇ, આપ બેસો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : શા માટે અહમનો પ્રશ્ન બનાવો છો.

સુરેશભાઇ. પટેલ : જો કોઇ દર્દીને સ્વાઇન ફ્લુ થયો હોય તો તેના ટેસ્ટિંગ માટે રાજય સરકારે શું વ્યવસ્થા કરેલ છે. સ્વાઇન ફ્લુનું ટેસ્ટિંગ મોંઘુ હોય છે તો દર્દીને મદદરૂપ થવા માટે રાજય સરકારે શું વ્યવસ્થા કરી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બે દિવસ પહેલા જયારે આ ૧૧૬ ની દરખાસ્ત દાખલ કરવાનો વિષય આવ્યો ત્યારે સંસદીય મંત્રી માનનીય ભુપેન્દ્રસિંહજી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ મને સ્પષ્ટ સૂચના આપી કે આ વિષય સમગ્ર ગુજરાતને લગતો છે. પહેલા દિવસે માનનીય ધારાસભ્યશ્રીઓ જે પ્રજાની લાગણી વ્યકત કરે તેને સાંભળી અને સરકારે સમગ્ર દેશમાં સ્વાઇન ફ્લુની પરિસ્થિતિ છે. ગુજરાત સિવાય અન્ય રાજયોમાં પણ મોટા પ્રમાણમાં વ્યાપક કરીને સ્વાઇન ફ્લુના કેસ નોંધાયા છે અને જાન્યુઆરી ૧ થી આ વર્ષ ૨૦૧૫ શરૂ થયું ત્યારથી માંડી આ પ્રશ્ન નોટિસ દાખલ થઇ ત્યા સુધીની માહિતી આપવી જોઇએ, એટલે સ્વાભાવિક છે કે મેં જ સામેથી અધ્યક્ષશ્રીએ વિનંતી કરી કે અમે પ્રથમ દિવસે આ તાકીદની જાહેર અગત્યની બાબતમાં જવાબ આપીએ છીએ અને અધ્યક્ષશ્રીને સામેથી વિનંતી કરી કે પ્રણાલિકા પ્રમાણે બે-ત્રણ સભયો પ્રશ્નો પૂછે પણ વધારે સભ્યશ્રીઓને જો કોઇ માહિતી જોઇતી હોય તો સૂચનો કરવા હોય, વિચાર વ્યકત કરવા હોય તો હું ચોકકસ સાંભળીશ અને અમારા આરોગ્ય વિભાગ તરફથી શકય બધી કાર્યવાહી કરી છે એ બધી માહિતી સભાગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું અને એટલા માટે જ અત્યારે આમાં કોઇ રાજકારણ નહિ, આ પ્રજા, નાગરિક, મનુષ્ય, બાળકો, ભાઇઓ બહેનો, વડીલોને લગતી બાબત છે.
માનનીય અધ્યક્ષશ્રી, સ્વાસ્થ્યની બાબત છે. આ કોઇ માનવસર્જિત બાબત નથી. આ હવાથી ફેલાતા વાઇરસ છે. સમગ્ર દુનિયામાં મેં જે નિવેદનમાં જણાવ્યું છે કે આ ફ્લુ આજકાલનો નથી. સદીઓથી હવામાં આના વાઇરસ હોય છે અને તેના પિરિયડ પ્રમાણે ક્રમાનુસાર તેની સાઇકલ પ્રમાણે વધઘટ થતી હોય છે. જયારે તેમાં વધારો થાય ત્યારે અત્યારે જે પરિસ્થિતિ જોવા મળે છે તે પ્રમાણેની પરિસ્થિતિ આખા દેશ અને દુનિયામાં ઉદભવતી હોય છે. ૧લી જાન્યુઆરીથી જયારે કેસોની નોંધણી થવા માંડી, અમારી સરકારના આરોગ્ય વિભાગના ધ્યાન ઉપર આવ્યું તે દિવસથી વેરી ફર્સ્ટ ડે થી અમારા આરોગ્ય વિભાગ તરફથી, કારણકે ભૂતકાળમાં આ સ્વાઇન ફ્લુ રાજયમાં અનેક વખત થઇ ચૂકેલો છે. ૨૦૦૯, ૨૦૧૩, ૨૦૧૦, ૨૦૦૨થી શરૂઆત થયેલી. એટલે સ્વાભાવિક છે કે તંત્રમાં આની જાણકારી છે. અમારા જે નિયામક હોય, અમારા અધિકારીઓ હોય, જે સ્ટાફ હોય તે પણ ભારત સરકાર સાથે અને વિશ્વ આરોગ્ય સંસ્થા સાથે સંકળાઇ આ રોગની સારવાર કેવી રીતે કરવી, આના લક્ષણો શું ગણી શકાય તે બધા માટે વિશ્વ આરોગ્ય સંસ્થાએ આખી દુનિયા માટે માર્ગદર્શક ગાઇડલાઇન તૈયાર કરીને બધી જ સરકારોને, આખા દેશમાં અને દુનિયામાં તેનો જે પ્રોટોકોલ કહે છે, સારવારનો જે પ્રોટોકોલ છે તે બધાને આપ્યો છે. તે પ્રોટોકોલ પ્રમાણે ગુજરાતમાં સ્વાઇન ફ્લુના દર્દીઓની સારવાર આપણે કરી રહ્યા છીએ.

આમાં શરદી, સરેખમ, ઉધરસ, કફ જે થાય તે બિલકુલ પ્રથમ તબકકે મોટા ભાગના નાગરિકોને ગરમી ઠંડી, ચોમાસુ જાય, વાદળ આવે અથવા તો હવામાનમાં પલટો આવે તો સ્વાભાવિક છે કે શરદી અને ઉધરસ દરેક જગ્યાએ વર્ષોથી મોટા પ્રમાણમાં થતું હોય છે. તેમાંથી સ્વાઇન ફ્લુ કયારે થાય તે બહુ પાતળો સમય, બહુ ઓછો સમય છે, તેની પાતળી ભેદરેખા છે. મોટા ભાગના દર્દીઓ કે જેને શરદી, ઉધરસ, તાવ વગેરે થયું હોય તેને આપણે એમ જ સમજતા હોઇએ કે આ સામાન્ય પ્રકારનો તાવ અને શરદી છે અને તેની નોર્મલ દવા દર્દીઓ લેતા હોય છે. તેમાં જયારે આ સ્વાઇન ફ્લુનું અતિક્રમણ થાય, તેનો વાઇરસ વધુ મજબૂત અને સ્ટ્રેન્ધનીંગવાળો બને ત્યારે સ્વાભાવિક સ્વાઇન ફ્લુમાં દર્દીઓ પરિવર્તીત થતા હોય છે. તેમાં પણ આ નિષ્ણાતોએ, વિશ્વ આરોગ્ય સંસ્થા અને ભારત સરકારની જે પદ્ધતિઓ છે તેમાં સૂચવ્યા પ્રમાણે જે સર્ગભા માતા હોય, જે વૃદ્ધો હોય, જેને કીડની, હૃદયરોગ, ડાયાબીટીસ, બી.પી. વગેરે અન્ય રોગ હોય તેવા વ્યક્તિને તે વાઇરસ ઝડપથી લાગુ પડતો હોય છે. તેના કારણે તે સ્વાઇન ફ્લુમાં પરિવર્તીત થાય છે. સ્વાઇન ફ્લુમાં પણ ત્રણ પ્રકારના ગ્રેડેશન વિશ્વ આરોગ્ય સંસ્થાએ કર્યા છે. એ-કેટેગરી, બી-કેટેગરી અને સી-કેટેગરી. એ-કેટેગરીમાં જે દર્દીઓ આવે તે સામાન્ય શરદી સરેખમ હોય તેને તપાસી જરૂર પડે તો એક જ માત્ર દવા જે ટેમી

ફ્લુના નામથી પ્રચલિત છે તે ટેમી ફ્લુની ગોળી આપવાની હોય છે. તેનો કોર્ષ પૂરો કરે તો તે વ્યક્તિ સાજા થઇ જતા હોય છે. બી– પ્રકાર અને સી–પ્રકાર છે તેમાં બી–પ્રકારના દર્દીઓ કે જેને ફેફસાં સુધી ચેપ પહોંચ્યો હોય, કફ થઇ ગયો હોય, ન્યુમોનિયા થવાની તૈયારી હોય, શ્વાસમાં તકલીફ પડતી હોય, માથુ દુખતું હોય આવું બધુ થતું હોય તેનું ટેસ્ટીંગ આપણે કરીએ છીએ.

મારે સરકારની જે કરેલી કાર્યવાહી છે તે માનનીય સભ્યશ્રીઓના ધ્યાન પર મૂકવી છે. અગાઉ આપણે જે ટેસ્ટ કરવાની લેબોરેટરી ગુજરાતમાં ચાર હતી. આ વખતે પરિસ્થિતિ વિકટ થઇ ત્યારે અમે તરત જ નિર્ણય કરી બીજી નવી ચાર લેબોરેટરીમાં એક કચ્છ, એક વડોદરા અને એક ભાવનગરમાં મંજૂર કરી. કચ્છમાં તે લેબોરેટરી આપણે પંદર દિવસમાં ચાલુ કરી છે. ૩૫ લાખ રૂપીયાના ખર્ચે એક લેબોરેટરી બને છે. પૈસાની કોઇ કિંમત આપણે ગણી નથી. ખૂબ ટેકનિકલ આનું સેમ્પલ લેવાનું હોય છે. એટલે કચ્છમાં અત્યાર સુધી જે દર્દીઓ આવતા હતા તેના સેમ્પલ રાજકોટ મોકલવા પડતા હતા. છ થી આઠ કલાક સેમ્પલનો ટેસ્ટ કરતાં થાય, બાર–પંદર કલાકે સ્વાઇન ફ્લુ પોઝીટીવ છે કે નેગેટીવ તેની આપણને ખબર પડતી હતી, એટલે આપણે ત્યાં ચાલુ કરી જેથી દર્દીઓને ઝડપથી આપણે સારવાર આપી શકીએ. સ્વાઇન ફ્લુના દર્દીનો જો ટેસ્ટ કરવો હોય તો ટેસ્ટની કીટ લગભગ ૫ થી ૫.૫૦ હજાર રૂપિયાની આવે છે. પહેલા જ દિવસથી અમે કોઇ પણ દર્દીને ક્યાંય પણ ટેસ્ટ કરાવવો હોય તો એક રૂપિયો પણ ખર્ચ કર્યા વગર બધી જ ફી માફી કરી અને સરકારી હોસ્પિટલોમાં આપણે આનું ટેસ્ટીંગ કરીએ છીએ. બીજું આપને કહું કે આ લેબોરેટરી ગુજરાતમાં પાંચ છે અને બીજી ત્રણ બનશે પણ બીજા રાજ્યોમાં આપણા કરતા પણ ઘણી ઓછી લેબોરેટરીની સંખ્યા છે એટલે આપણે આધુનિક ટેકનોલોજીને ઝડપથી એડોપ્ટ કરી દર્દીઓને શોધવા માટેનો પ્રયત્ન કર્યો છે પછી આપણે નક્કી કર્યું કે ખાનગી હોસ્પિટલમાં, ધારાસભ્યશ્રીઓની રજૂઆત આવી, પ્રેસ મીડીયામાંથી અમને માહિતી મળી કે કોઇ વ્યક્તિ ખાનગી હોસ્પિટલમાં કદાચ દાખલ થાય તો ખાનગી હોસ્પિટલોમાં આના ટેસ્ટ માટેની કોઇ સુવિધા હોતી નથી તો એના માટે શું? તો અમે એને માટે એ પણ નિર્ણય કર્યો કે ખાનગી હોસ્પિટલમાં દાખલ થયેલા વ્યક્તિને પણ ટેસ્ટ કરાવવો હોય તો રાજ્ય સરકાર વિનામૂલ્યે સરકારી લેબોરેટરીમાં આ ટેસ્ટ કરી આપે છે. આ દર્દીને ટેમીફ્લુ નામની જે દવા આપવાની હોય છે એક માત્ર દવા છે જે ૪૫ રૂપિયાની એક ગોળી આવે છે અને સાત થી આઠ દિવસનો ડોકટરની સલાહ પ્રમાણે આઇસોલેશનમાં રહી અને એનો કોર્સ પૂરો કરવાનો હોય. પહેલા જ દિવસે અમે નક્કી કર્યું કે ટેમીફ્લુની ગોળી કોઇ પણ દર્દીને બજારમાંથી ખરીદવી ન પડે અમારા પી.એસ.સી., સી.એસ.સી. ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ અને સિવિલ હોસ્પિટલ બધી જ જગ્યાએ ટેમીફ્લુ આપણે મોટી માત્રામાં ઉપલબ્ધ કરાવી છે. ઇવન ખાનગી દવાખાને કોઇ દર્દી દાખલ થયો હોય અને ખાનગી દવાખાનામાંથી પ્રીસ્કીપ્શન લખીને આપણી હોસ્પિટલમાં આવે તો પણ આપણે એને વિનામૂલ્યે ટેમીફ્લુની ગોળી આપીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જે હું કેટેગરી કહેતો હતો ઇ કેટેગરીના દર્દીઓને પોઝિટિવ સ્વાઇન ફ્લુ આવે તો આઇસોલેશન વોર્ડમાં આપણે એને દાખલ કરીએ છીએ. રાજ્યની સિવિલ હોસ્પિટલ, અમદાવાદ મહા નગરપાલિકાઓની હોસ્પિટલો, ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલો બધામાં લગભગ ૮૦૦ જેટલા બેડ આપણે આવા દર્દીઓને સ્પેશિયલ આઇસોલેશનમાં રાખવા માટે, એમને એકાંતમાં રાખીને સારવાર કરવા માટે આપણે રાખીએ છીએ, કારણ કે હવાના વાયરસથી ફેલાતો રોગ છે જેની રોગ પ્રતિકારક શક્તિ ઓછી હોય એ વ્યક્તિ કદાચ જો એની પાસે જાય એક બે મિટરની મર્યાદામાં અને એના વાયરસ જો એને લાગુ પડે તો એને પણ સ્વાઇન ફ્લુ થવાની શક્યતા રહે છે. એટલા માટે આપણે એને આઇસોલેશનમાં રાખીએ છીએ. દર્દીના જે સગા આપણી હોસ્પિટલમાં એમના વોર્ડમાં જોડે રહેતા હોય એમને પણ ડોકટરોની સલાહ પ્રમાણે આપણે ટેમીફ્લુની ગોળીનો ડોઝ પૂરેપૂરો આપીએ છીએ જેથી દર્દીના સગાને પણ આ દવાના કારણે બીજા કોઇ ચેપ લાગે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આભાર માનવો છે અને મારે અભિનંદન આપવા છે, અમારા આરોગ્ય વિભાગના ડોકટરો, નર્સો, કર્મચારીઓ, સ્વીપર, વોર્ડબોય કે જેમને ખબર છે કે હું આ દર્દીની બિલકુલ નજીકમાં છું, મને પણ ચેપ લાગી શકવાની શક્યતા છે, મને જણાવતા આનંદ થાય છે કે છતાં પણ આજ

સુધી કે જે કર્મચારીઓને આઇસોલેશન વોર્ડમાં સ્વાઇન ફ્લુના દર્દીની સેવામાં સતત કાર્યરત રાખ્યા છે એમાંથી એક પણ કર્મચારીએ લગ્ન છે બીજું કાંઇ પણ પ્રસંગ છે એવું જોયા સિવાય રજા મૂકી નથી અને ગરીબ દર્દીઓની, સ્વાઇન ફ્લુના દર્દીઓની અમારા આરોગ્ય વિભાગના કર્મચારીઓએ, ડોકટરોએ સેવા કરી છે. જે રીતે દેશના સૈનિકો સરહદ ઉપર રહીને દેશનું રક્ષણ કરે છે એ રીતે અમારા આરોગ્ય વિભાગના કર્મચારીઓએ, ખાસ કરીને બહેનોએ આ દર્દીઓની સેવા કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું એમ નથી કહેતો કે કોઇને આ દર્દ નથી થયું મુત્યુ થયા છે અને આ પહેલી જાન્યુઆરીથી માંડીને આજ સુધીમાં ૨૦૭ જેટલા મૃત્યુ થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું લેટેસ્ટ આંકડા આપું તો જે સાજા થયા છે એની ચર્ચા કોઇ કરતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, આપણી રાજ્ય સરકારની હોસ્પિટલોમાં જે દર્દીઓને આપણે દાખલ કર્યા છે એમની જે પરિસ્થિતિ છે એમાંથી ૫૫ ટકા દર્દીઓ આઇસોલેશન વોર્ડમાં રહ્યા, એમને દવા આપી, સારવાર આપી, એ તમામ દર્દીઓ સાજા થઇ પોતાના કામધંધે પહોંચી ગયા છે. આમાં આપણે એટલા માટે દાખલ કરવા પડે છે કે મોટા રિપોર્ટ આવે કે આટલા દર્દીઓને દાખલ કર્યા પણ એટલા માટે દાખલ કરવા પડે છે કે, એ દર્દીઓ જો બહાર જાય, ઘરમાં માતા–પિતા, બાળકો કે બીજા કોઇને મળે તો શક્ય છે એનાથી એ રોગ ફેલાઇ શકે. એટલા માટે આપણે એમને આઇસોલેશનમાં રાખીએ છીએ. એટલે ગુજરાતમાં જે પરિસ્થિતિ ઉભી થઇ છે એમાં આપણે બધી જ રીતે આગોતરા નિયમિત રીતે જરૂરી પગલાં લીધા છે, ભારત સરકારે નિષ્ણાતોની ટીમ મોકલેલી, એમણે પણ વીઝીટ કરી, ભારત સરકારના માનનીય આરોગ્ય મંત્રીશ્રી જે. પી. નડ્ડાજી પણ મુલાકાત કરી ગયા, હું અને અમારા મંત્રીશ્રી શંકરભાઇ બન્ને જણા બધી હોસ્પિટલોમાં ફરીએ છીએ. અમારા કમિશનર અને અન્ય અધિકારીઓ એ પણ હોસ્પિટલોની સતત મુલાકાત લે છે, વચમાં કોઇએ થોડીક અફવા ફેલાવેલી કે દવાઓની તંગી છે પરંતુ કોઇપણ જાતની દવાઓની તંગી (અંતરાયઃ) ઉભા રહો બહેન હું આ ફ્લોર ઉપરથી રેકર્ડ ઉપર કહુ છું કે, દવાની તંગી હોય તો મારું હાલને હાલ રાજીનામું આપવા તૈયાર છું અને ના હોય તો તમે રાજીનામું આપો, ચાલો તૈયાર થઇ જાઓ, ઉપાડી લ્યો મારી ચેલેન્જ,.

સભાપતિશ્રીઃ તેજશ્રીબહેન, આપ બેસો, માનનીય નીતિનભાઇ આપ આપની માહિતી આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલઃ એ ડોકટર છે એમને સમજ પડવી જોઇએ કે,

સભાપતિશ્રીઃ આપ બેસો, એમને સાંભળો, આપને પણ તક આપવામાં આવશે. એમને સાંભળો. એ જે માહિતી આપે છે એ સાંભળો. બધાને પૂરેપૂરી તક આપવામાં આવશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં દિવસે પણ તંગી નહોતી અને આજે પણ તંગી નથી, આપણે વેન્ટીલેટર બધા વસાવ્યા છે, (અંતરાય) જોષીયારાજી, પણ મારી ચેલેન્જ છે કે જે સભ્યશ્રી ઊભા થઇને રેકર્ડ ઉપર એમ કહે કે દવાની તંગી છે તો હું સાબિત કરું તો મારે રાજીનામું આપવાનું અને ના સાબિત કરું તો તમારે રાજીનામું આપવાનું. મારી આ ચેલેન્જ છે. મારે આને રાજકારણમાં નથી લેવું. ખરેખર તો •(xxxxxx)

સભાપતિશ્રીઃ આપ માહિતી આપો. માનનીય રાઘવજીભાઇ પટેલ, (અંતરાય) આવા શબ્દ પ્રયોગને હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. આપ શાંતિ રાખો, રાઘવજીભાઇ, આપ આપની રજૂઆત કરો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું એમ અત્યારે સ્વાઇન ફ્લુની મહામારી રાજ્યમાં ભયાનક ઝડપે વધી રહી છે. હોસ્પિટલોમાં દર્દીઓ માટે જગ્યા નથી. મારા ધ્રોલમાં એક દર્દીને સ્વાઇન ફ્લુ થયો ત્રણ હોસ્પિટલમાં ગયા એકપણ ઠેકાણે ખાટલો ના મળ્યો. છેલ્લે એને ઘરે લઇ આવ્યા અને ઘરે એમનું અવસાન થઇ ગયું. હોસ્પિટલોમાં જગ્યા નથી. છેલ્લે હાઇકોર્ટે ઓર્ડર પાસ કર્યો કે જે ખાનગી હોસ્પિટલ સ્વાઇન ફ્લુના દર્દીને દાખલ ના કરે તેને સીલ કરવી. માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, રાજ્યમાં આવી કેટલી હોસ્પિટલો કે જેણે દર્દીને દાખલ કરવાની ના પાડી એની સામે સીલ કરવાના પગલાં લીધા. એવું જ માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારને માનનીય હાઇકોર્ટે એવું જ એક સૂચન કે આદેશ કર્યો છે કે, આ સ્વાઇન ફ્લુને રાજ્યની મહામારી તરીકે જાહેર કરવી.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

રાજ્યમાં મહામારી તરીકે જાહેર કરવાની વાત તો બાજુએ રહી પણ રાજ્ય સરકાર આ બિમારીને ગંભીરતાથી પણ લેતી નથી. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આ સ્વાઇન ફ્લુની બિમારીને રાજ્ય સરકાર રાજ્યની મહામારી તરીકે જાહેર કરવા માગે છે કે કેમ? ત્રીજી વાત આ સરકારની જાહેરાતમાં સ્વાઇન ફ્લુની જે જાહેરાત આવે છે ચેતતા રહેવા માટે એમાં ભુંડ દર્શાવવામાં આવે છે આ જે ભુંડ છે એ આ રોગનું મોટું વાહક છે એના જંતુઓ ફેલાવવા માટે એટલે એ રોગનું વાહક છે અને અમારા ખેડૂતોનું પણ દુશ્મન છે તો રાજ્ય સરકાર સમગ્ર રાજ્યમાંથી આ ભુંડનો સફાયો કરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાઘવજીભાઇએ કહ્યું તે પ્રમાણે આ ભૂંડ વગેરેની કોઇ જાહેર ખબરમાં સ્વાઇન ફ્લૂમાં...(અંતરાય) પૂરી વાત તો સાંભળો, આપણે બધાને કોઇને છીંક આવે, ઉધરસ આવે તો આગળ રૂમાલ રાખવો. જેને આવી બિમારી હોય તેણે જનરલ પબ્લિક જયાં વધારે પ્રમાણમાં ભેગી થતી હોય તો ત્યાં જાય નહીં કે જેથી બીજાને ચેપ ના લાગે અથવા શરદી, સળેખમ, ઉધરસ, ખાંસી કંઇ પણ હોય તો વહેલી તકે તપાસ કરાવી લે, જરૂર પડે તો ટેસ્ટીંગ કરાવે, સારવાર મેળવે એ પ્રકારની જાહેર–ખબર આપણે આપીએ છીએ. અમે આઇસોલેશન વોર્ડની કુલ મેં જે કહ્યું એ પ્રમાણે ૮૦૦ બેડ આખા રાજયમાં ડિસ્ટ્રીકટ હોસ્પિટલ, મેડિકલ કોલેજ સાથે સંકળાયેલી હોસ્પિટલો બધામાં આપણે વ્યવસ્થા કરી છે. ખાનગી હોસ્પિટલ આપણો પ્રયત્ન છે, જાહેર ખબરમાં પણ અમે કહીએ છીએ કે નાગરિકો સરકારી સેવાનો વિના મૂલ્યે લાભ લે. છતાં કોઇને એમ થાય કે મારે ખાનગી હોસ્પિટલમાં જવું છે અને તે ખાનગી હોસ્પિટલમાં જાય તો પણ તેનો ટેસ્ટ આપણે ફ્રી ઓફ કોસ્ટ કરી આપીએ છીએ તેની દવાના પૈસા પણ આપણે આપીએ છીએ. અને અન્ય કોઇ હોસ્પિટલ દર્દી પાસે ખૂબ મોટો ચાર્જ લેતી હોય એવી વાત આવે છે અમારા સમક્ષ વધારે પડતો કોઇ ખાનગી હોસ્પિટલે આ સંજોગોનો લાભ લઇ અને જો ખર્ચ કે બિલ લીધું હશે એવો પર્ટીકયુલર કિસ્સો ધ્યાન ઉપર આવશે તો ચોક્કસ ખોટી રીતે વધારે પૈસા દર્દી પાસેથી લેનાર ઉપર અમે અમારા ધોરણો પ્રમાણે તેની ઉપર ચોક્કસ કાર્યવાહી કરીશું.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો સીધો પ્રશ્ન છે કે ખાનગી હોસ્પિટલોવાળા દાખલ નથી કરતાં તો આ હોસ્પિટલોને સીલ કરી દેવી જોઇએ તો રાજયમાં આવા કોઇ બનાવો બન્યાં છે ? કોઇ હોસ્પિટલો આના કારણે સીલ થઇ છે ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ધ્યાન ઉપર ફલાણી હોસ્પિટલે દાખલ કર્યા નથી એવી કોઇ લેખિત ફરિયાદ નથી છતાં કંઇ હોય તો આપ આપજો. બીજુ, માનનીય અધ્યક્ષશ્રી, નાની હોસ્પિટલ હોય, આપણું ધ્યેય દર્દીને સાજા કરવાનું છે. નાની હોસ્પિટલો હોય, ઓછી સાધન–સગવડ ધરાવતી હોસ્પિટલ હોય અને ત્યાં તેના નિષ્ણાત ડોકટર ના હોય, વેન્ટીલેટર વગેરે ના હોય તો અમારા ડોકટરોની પણ સલાહ છે કે એવી હોસ્પિટલોમાં દાખલ થવું જોઇએ નહીં. કારણ કે આમાં એક મેડિસીનના ડોકટર જોઇએ છીએ, એક હાર્ટના ડોકટર જોઇએ છીએ અને એક પેથોલોજીસ્ટ જોઇએ છીએ. ત્રણ ચાર પ્રકારના સ્પેશ્યાલીસ્ટ હોય તો કદાચ ના કરે ભગવાન અને દર્દી સિરીયસ થઇ જાય તો લઇ જવા માટે anesthetic doctor ની પણ ઉપસ્થિતિ જરૂરી છે, એટલે સીધે સીધી સારવાર સારામાં સારી હોસ્પિટલમાં મળે એવો અમે પ્રયત્ન કર્યો છે, આયોજન કર્યુ છે મારી વિનંતી છે કે કદાચ કયાંક કોઇને થાય તો સીધી જ સારી હોસ્પિટલમાં સારવાર મેળવે તો વચ્ચે જે સમય બગડે ગોલ્ડન અવર જેને આપણે કહીએ છીએ તે ના બગડે તો ચોક્કસ દર્દીને આપણે વધુ સારી રીતે તેનો જીવ બચાવવામાં મદદરૂપ થઇ શકીએ.

સભાપતિશ્રી : Well equipped હોસ્પિટલમાં જવું જોઇએ જયાં સગવડતા ના હોય ત્યાં ન જવાય.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ મહામારીનો મુદ્દો પણ મેં ચકાસ્યો છે અમારા અધિકારીઓ સાથે અમે મિટિંગ કરી ભૂતકાળમાં જયારે મહામારી વખતે એક જી.આર. કર્યો હતો તેમાં ત્રણ બાબતો છે હું માનનીય સભ્યશ્રીઓના અને મિડિયા મારફતે પ્રજાના ધ્યાન ઉપર મૂકવા માગુ છું પત્રકારોને તો મેં અગાઉ બ્રીફ કરેલા જ છે. એક મુદ્દો એ હતો કે દર્દીને સ્વાઇન ફ્લૂ વગેરે થયુ હોય અથવા શંકાસ્પદ હોય તેને આપણે જયાં ઇચ્છીએ ત્યાં રાખી શકીએ તેને બહાર જવા દેવામાં આવે નહીં એટલે બહાર જઇને લોકોને

નુકસાન ના કરે એ તેની પાછળનો હેતુ હાઇ શકે. બીજુ, કોઇ મેળાવડા થતાં હોય કોઇ યજ્ઞ, કોઇ જૂનાગઢનો મેળો હમણાં ડાકોરનો મેળો આવશે અથવા કોઇ ગેધરીંગ હોય આવું બધુ હોય તો એને રોકવા માટેની સત્તા તેના આધારે મળે છે. કોઇ સમૂહ લગ્ન કરે તો પણ રોકી શકાય એવી સત્તા મળે છે અને ત્રીજી સત્તા એમાં એવી હતી કે ખાનગી હોસ્પિટલો જરૂર પડે એમાં એને requisite કરવી હોય તો કરી શકાય. આપણે રાજય સરકારે પાછલાં વર્ષોમાં માનનીય નરેન્દ્રભાઇ હતા ત્યારથી હોસ્પિટલો માટે એટલું મોટુ બજેટ આપ્યું છે, એટલી મોટી વ્યવસ્થાઓ નવી મેડિકલ કોલેજો દ્વારા ઉભી કરી છે કે સરકારની પોતાની હોસ્પિટલોમાં આપણે પૂરતી સારવાર આપી શકીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, હું જો લેટેસ્ટ દાખલો આપું તો આપણી પાસે ૮૦૦ બેડ છે. એમાં પણ અત્યારે ૩૦ ટકા પથારીઓ ખાલી છે. દર્દીને રજા આપી દઇએ છીએ. અઠવાડિયા દસ દિવસનો કોર્સ પૂરો થાય પછી રજા આપી દઇએ છીએ, પ્રાઇમરી હોય છે તો પણ આઇસોલેશનમાં રાખ્યા પછી આપણે રજા આપીએ છીએ. આપણા માનનીય ગણપતભાઇ વસાવાની તબિયત પણ બહુ સારી છે. આજે કે આવતી કાલે એમને રજા આપવામાં આવશે. બીજા ધારાસભ્ય પંકજભાઇ વિષે ચિંતા કરી છે, તેઓ પણ ઘરે જ આઇસોલેશનમાં રહીને સારવાર લઇ રહ્યા છે. એટલે ગભરાઇ જવાની કે ભયનું વાતાવરણ ઉભું કરવાની મારી દ્રષ્ટિએ કોઇ જરૂર નથી. અને નિષ્ણાતો અને ડબલ્યુ.એચ.ઓ. અને ભારત સરકારની સૂચના મુજબ સાવચેતી ચોક્કસ લેવી જોઇએ અને તે આપણે લીધી છે. અમે સતત સર્વેલન્સ, કેમ્પ કરીએ છીએ, ઉકાળાનું વિતરણ કરીએ છીએ. આર્યુવેદિક અને હોમિયોપેથીક ઉકાળા પાઇએ છીએ. અન્ય સંસ્થાઓ પણ એમાં બહુ સક્રીય રહીને કામગીરી કરી રહી છે. એટલે લોકો તેનો લાભ લઇ શકે છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ રોગ ૨૦૦૯માં વિશ્વમાં આવ્યો અને તેની સાથે ભારતમાં અને ગુજરાતમાં પણ આવા કેસો નોંધાયા હતા. ૨૦૧૫માં ૨૩ રાજયો અને કેન્દ્ર શાસીત પ્રદેશોમાં કુલ ૧૧૦૦૦ કરતા વધારે આવા કેસો નોંધાયા છે. હું રેગ્યુલર ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં દોઢ થી બે કલાક સેવા આપવા માટે જાઉં છું. અને મારા અનુભવના આધારે હું કહેવા માગું છું કે આ રોગ છે એમાં ૬૦ થી ૭૦ ટકા વ્યકતિઓ શરદી, ખાંસી આવવાને કારણે પોતાના ઘરમાં આરામ કરે તો પણ એ સાજા થઇ જાય છે. જરૂર પડે તો ૨૫ ટકા લોકો દવા લે છે. અને વધારે ગંભીરતા હોય તો તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે છે. મારા અનુભવના આધારે જે લોકોને કેન્સર હોય, ડાયાબીટીસ હોય તેવા લોકોને આ રોગ વધારે જકડમાં લે છે. અને જીવલેણ હુમલો થાય તો તેના માટે વેન્ટીલેટર મશીન અને એવા સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે સ્વાઇન ફલુની સારવાર માટે જરૂરી વેન્ટીલેટર મશીન રાજય સરકાર પાસે ઉપલબ્ધ છે કે કેમ? અને જો પૂરતા ન હોય તો જરૂર પડે તો વધારાના આવા સાધનો ખરીદવા માગે છે કે કેમ? અને હોસ્પિટલમાં આવતા દર્દીઓને સ્વાઇન ફલુનો ચેપ ન લાગે તેના માટે સરકાર શું આયોજન કરવા માગે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મેં શરૂઆતમાં જ જે આયોજન સરકારે કર્યું તેની વાત કરી છે. મોટી ઓ.પી.ડી. કે જેમાં રોજ પાંચસો કે હજાર દર્દીઓની ઓ.પી.ડી. ચાલતી હોય અને ત્યાં આવા દર્દીઓ આવે તો જનરલ ઓ.પી.ડી.માં જાય અને અન્ય રોગની સારવાર માટે આવેલા બીજા દર્દીઓને પણ સ્વાઇન ફલુ થવાની શકયતાઓ રહેલી હોય છે. એટલા માટે જ મેં શરૂઆતમાં કહ્યું કે જે શંકાસ્પદ દર્દી હોય, અથવા જેમને રીફર કરેલા હોય તેવા દર્દીઓ હોસ્પિટલમાં આવે તો તેને માટે અલગથી ઓ.પી.ડી. શરૂઆતથી જ કરી દીધી છે. તેમનો વોર્ડ પણ અલગ હોય છે, આવવા જવાનો વિસ્તાર પણ અલગ હોય છે. તેમના સગા વ્હાલાને રહેવાની જગ્યા પણ અલગ હોય છે. જનરલ હોસ્પિટલના બીજા દર્દીઓની સાથે સંપર્કમાં ન આવે તેની કાળજી સંપૂર્ણપણે રાખવામાં આવે છે. અને તેના પરિણામે ૩ હજાર દર્દીઓ દાખલ કર્યા હતા તે તમામ દર્દીઓ પૈકીના એમની સાથે રહેનારા એક પણ સગા વ્હાલાનો રિપોર્ટ સ્વાઇન ફલુ પોઝીટીવ આવ્યો નથી, તેમની સાથે રહેનાર સગા વ્હાલા, દર્દી સાથે રહેવા છતાં પણ તેમની કાળજી લેવાથી અને દવાઓ આપવાથી આમ થયું છે. વેન્ટીલેટરની વાત માનનીય સભ્યશ્રીએ કરી તો બધા જ સાધનો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. અને એડવાન્સમાં રાખેલા છે. કોઇ જગ્યાએ તકલીફ ન પડે તેની કાળજી રાખીએ છીએ. ઘરે ઘરે ફરી અને સર્વેલન્સ કર્યો છે. કચ્છથી શરૂઆત કરી અને આખા રાજયમાં ૪ કરોડ જેટલા લોકોને એમાં આવરી લીધા છે.

તેના પરિણામો એ આવ્યા છે કે બિમાર હતા તેઓ વહેલા દવાખાને આવ્યા, વહેલી સારવાર મળી અને ભયમુકત બન્યા છે. મેં મારા નિવેદનમાં પત્રક મૂકયું છે. ફકત બે દાખલાની સરખામણી કરું. ગુજરાત રાજયમાં જોઇએ તો સન ૨૦૦૯માં ૬૯૭ કેસ થયેલા અને તે વખતે ૧૨૫ મૃત્યુ થયા હતા. એ પછી સન ૨૦૧૩માં ૯૮૯ કેસ બન્યા એમાંથી ૧૯૬ મૃત્યુ થયા હતા. આપણું સર્વેક્ષણ, લોકોની સાવચેતી, સરકારના સઘન પગલાં એના કારણે આ વખતે ૨૬૩૭ કેસ નોંધાયા છે પણ એની સામે આ છેલ્લી માહિતી પ્રમાણે ૧૮૬ના મૃત્યુ થયેલા છે. એટલે આપણે મૃત્યુને કન્ટ્રોલ કરી શકયા છીએ.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, પાંચ હજાર વર્ષથી આ વસંતૠતુ આવ્યા કરે છે. મહર્ષિ ચરક તથા સુશ્રુતે પાંચ હજાર વર્ષ પહેલા કહ્યું છે કે આ વસંતૠતુમાં શરદી, સળેખમ, ખાંસી વગેરે થાય, એના માટે તે વખતે પણ આયુર્વેદે ઘણી બધી દવાઓ દીધી છે. સ્વાઇન ફલુના લક્ષણોમાં જોઇએ તો નાક ગળામાં સોજો આવે, લાલાશ થાય, ખાંસી આવે, તાવ વગેરે આવે છે. એવા લક્ષણો ઘણી બધી બિમારીઓમાં જોવા મળે છે માટે લોકો એનાથી સંપૂર્ણ જાગૃત છે. વડોદરાની અંદર ૧ લાખ ૧૦ હજાર સઘન સર્વેક્ષણ થયું જેમાં સાત લાખ લોકોને આવરી લીધા એમાંથી ૧૦૦ જણામાં લાગ્યું એની ચકાસણી પણ કરી. આ રીતે સરકાર તરફથી સ્વાઇન ફલુને રોકવા માટે જે કંઇ પ્રયાસો થયા એના માટે એ અભિનંદનને પાત્ર છે. એટલું જ નહિ ડો. રાજેશ શાહે હોમીયોપેથીકની ૧ લાખ ૧૦ હજાર વ્યકિતઓને દવાઓનું વિતરણ સ્વાઇન ફલુને રોકવા માટે કર્યું છે. ઘણા લોકો અહીંયા સ્વાઇન ફલુના બેનરો લઇને ઉભા થઇ જાય છે એના કારણે લોકોમાં વિના કારણે ભય પેદા થાય છે. વાસ્તવિક રીતે એવી બાબતમાં સત્ય ધરાવવું જોઇએ. આ તકે હું માનનીય આરોગ્ય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સ્વાઇન ફલુના દરદીઓને આપવામાં આવતી દવાના રૂપિયા ૪૦૦–૫૦૦ કે ૭૦૦ થતા હશે. દવા તત્કાળ મળી રહે એના માટે શું પગલાં લીધા છે?

શ્રી નીતિનભાઇ ૨. પટેલ : બધા જ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સિવિલ હોસ્પિટલ સુધી અને શેડયુલ એકસની દવા છે, એટલે ડોકટરનું ત્રણ નકલમાં પ્રિસ્ક્રિપ્શન લઇ આવે તો એ દવા રાજયમાં ૨૪ કલાક ખુલ્લી રહેતી ૩૦૦ જેટલી દુકાનોમાં ઉપલબ્ધ કરાવાઇ છે અને ત્યાંથી મળે છે. આજે પણ રાજય સરકાર પાસે ૩ લાખ કરતાં વધારે ટેબ્લેટો સ્ટોકમાં છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી રાજયની આજની શું પરિસ્થિતિ છે એની વાત કરી રહ્યા હતા. એમણે સન ૨૦૦૯થી ૨૦૧૫ સુધીની વાત કરી. સન ૨૦૦૯માં ૬૯૭ કેસ થયા હતા જયારે આજે સન ૨૦૧૫માં ગૌરવ સાથે કહી રહ્યા હતા કે આ વર્ષે ૨૬૩૭ કેસ થયા છે એટલે કે આ બાબતમાં પણ આ સરકાર નંબર વન પર છે અને એનું ગૌરવ લે છે એવી પદ્ધતિથી તેઓ કહી રહ્યા હોય એમ લાગતું હતું. અત્યાર સુધીના કુલ ૨૬૩૭ કેસો થયા છે. જયારે આ વર્ષે પણ આજની તારીખ સુધીમાં ૨૧૦ જેટલા મૃત્યું નોંધાયા છે. આ સરકારમાં છેલ્લા સાત વર્ષથી કેસો બની રહ્યા છે અને એમાં અત્યાર સુધીમાં એક હજારથી વધારે લોકોના મૃત્યુ થયા છે. દર વર્ષે આ સિસ્ટમ થતી હોય ત્યારે સરકારે પહેલેથી જ જાગૃત થવું જોઇતું હતું. સરકાર જાગી નહિ અને જે કેસો બનવાની શરૂઆત થઇ તેમ છતાં સરકાર ન જાગી એના કારણે આજે આજ સુધીનો રેકર્ડ તોડીને ૨ ૬૩૭ જેટલા કેસો થયા છે અને મારે સરકારને એમ પૂછવું છે કે સરકાર હમણાં એમ કહેતી હતી કે અમારી પાસે દવાઓ અને બધી વ્યવસ્થા છે. હું રાજીનામું આપી દઉં. માનનીય મંત્રીશ્રીને મારે કહેવું છે કે આ ૬૩૭ કેસની જવાબદારી સ્વીકારીને સરકારની અણઆવડતના કારણે જે કેસ બન્યા છે અને ૨૧૦ લોકો મૃત્યુ પામ્યા છે. આરોગ્ય મંત્રી આ જવાબદારી સ્વીકારીને રાજીનામું આપવા તૈયાર છે કે નહીં?

શ્રી નીતિનભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હજુ મારી ચેલેન્જ ઉભી જ છે. દવાઓ ન હોય એવું સાબિત કરો. બલવંતસિંહ, તમને પણ છૂટ, બધાને છૂટ, બાપુ સિવાય. બાપુ વડીલ છે એટલે તેમને નહીં લઉં. બાપુની અમારે જરૂર છે. બાકી જાવ તો વાંધો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મેં એમ કહ્યું કે અગાઉ ઓછા કેસમાં વધુ મૃત્યુ નોંધાતા હતા. એક પણ વ્યક્તિનું મૃત્યુ થાય તે અમને સ્હેજ પણ ગમે નહીં, કોઇને પણ ન ગમે. કોઇ પણ રીતનું મૃત્યુ થાય એ ન

ગમે. પણ જયારે કુદરતી આપત્તિ હોય, હવામાં વાઇરસ હોય, વાતાવરણ હોય, આખો દેશ અને દુનિયા ભોગ બનેલ હોય ત્યારે તેમાં બને એટલું શકય, સારું કરવું, દર્દીઓનો જીવ બચાવવો. દર્દીઓને સાજા કરવા એ અમારા આરોગ્ય વિભાગની ફરજ છે અને એ ફરજ બજાવવાના કારણે અગાઉ કરતા વધુ કેસ હોવા છતાં મૃત્યુનું પ્રમાણ અગાઉ કરતા અમે ઘણું મર્યાદિત કરી શક્યા છીએ. એ બાબત હું અહીં પ્રસ્થાપિત કરું છું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સ્વાઇન ફલુની મહામારી એ કુદરત સર્જિત છે માનવ સર્જિત નથી. આ વાત અમે સ્વીકારીએ છીએ. કોઇ પણ મહામારી હોય ત્યારે સરકાર એ પ્રજાની માઇ–બાપ હોય. માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે પેજ–૨ ઉપર. માનનીય મંત્રીશ્રી પણ વાંચી શકશે કે ૨૦૧૦માં વિશ્વ આરોગ્ય સંસ્થાએ ભારત સરકારને, ગુજરાત સરકારને જાણ કરી હતી કે આ સ્વાઇન ફલુ હવે વાતાવરણમાં પ્રવેશી ચૂક્યો છે એટલે આના નિયંત્રણ માટે ભારત સરકારે અને રાજય સરકારે યોગ્ય પગલાંઓ ભરવા જોઇએ. હું સ્પષ્ટપણે માનું છું કે આપણી ભારતની ૨૦૧૫ની સ્વાઇનફલુની મહામારીમાં ગુજરાત અવ્વલ નંબરે છે અને ગુજરાતમાં જો મારી ભૂલ ન થતી હોય તો મારા અમરેલી જિલ્લામાં સ્વાઇન ફલુના સૌથી વધારે કેસ નોંધાયા છે. આ હાડમારીને અમે નજીકથી જોઇ. મેં જવાબ પણ નિરાંતે વાંચ્યો છે. માનનીય આરોગ્યમંત્રીશ્રીએ બહુ આત્મવિશ્વાસ સાથે ઉંચા અવાજમાં અમારી સામે ઘણા બધા પડકારો પણ ફેંક્યા છે. મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે ૨૦૧૦માં વિશ્વ આરોગ્ય સંસ્થાએ જયારે આપણને ટકોર કરી ત્યારે રાજયની દરેક જિલ્લા હોસ્પિટલોમાં સી.એચ.સી., પી.એચ.સી.માં સ્વાઇન ફલુની હાડમારી જેનાથી માણસનું મોત પણ થાય છે તેનાથી બચવા, ભયના વાતાવરણમાંથી ગુજરાતને મુક્તિ અપાવવા જો વ્યવસ્થા કરી હોત તો આ કોષ્ટકના આંકડા મુજબ ૨૬૩૭ કેસ નોંધાયા. જે કેસમાં પરંપરાગત વધારો છે. સ્વાઇન ફલુને રોકવા માટે સરકારે જે આગોતરું આયોજન કરવું જોઇતું હતું તેમાં રાજય સરકારની ગંભીર બેદરકારીના કારણે આ કેસો વધ્યા હોય એવું મારું માનવું છે અને રાજય સરકારે આની સ્પષ્ટતા કરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દા નં. ૨. મારું કોઇ રાજકીય અવલોકન નથી. કારણ કે હું સૌથી અસરગ્રસ્ત જિલ્લાનો પીડિત પ્રતિનિધિ બોલી રહ્યો છું. માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો, સ્વાઇનફલુના જે આપણી પાસે કેસ નોંધાયા છે. રાજયમાં વણઓળખાયેલા ઘણા બધા મૃત્યુ થયા છે. કારણ કે લેબોરેટરીનો અભાવ છે. પ્રાઇવેટ લેબોરેટરીમાં ચેક થતું નથી. અમારી જિલ્લાની લેબોરેટરીમાં ચેક થતું નથી. રાજય સરકારે પણ સ્વીકાર્યું કે પાંચ લેબોરેટરી છે. પાંચ લેબોરેટરીમાં ચાર કરોડ લોકોના સેમ્પલ ટેસ્ટ થયા હોય એવું માનનીય અધ્યક્ષશ્રી, આપ તો ડોકટર છો..

સભાપતિશ્રી : ચાર કરોડ સેમ્પલ જરૂર ન પડે ને, ચાર કરોડ ટેસ્ટ નથી કરવાના.

શ્રી પરેશ ધાનાણી : ચાર કરોડ લોકો સુધી પહોંચ્યા..(અંતરાય)

સભાપતિશ્રી : પ્રશ્ન પૂછો, સૂચન કરો.

શ્રી પરેશભાઇ ધાનાણી : ચાર કરોડ લોકો સુધી પહોંચ્યા છીએ, એવું સરકારે પોતાના જવાબમાં આપ્યું છે. દરેક જિલ્લા કક્ષાએ સ્વાઇન ફલૂનો ટેસ્ટ થાય એવી લેબોરેટરીની વ્યવસ્થા કરવા માગે છે કે કેમ? સરકારે જે મૃત્યુના આંકડા જાહેર કર્યા છે, એમાં કોષ્ટકમાં ૧૮૬ છે. માનનીય મંત્રીશ્રીએ એમના પ્રવચનમાં ૨૦૭ લોકોના આજ સુધીમાં મૃત્યુ થયા એવું સ્વીકાર્યું છે. રાજય કક્ષાના માનનીય મંત્રીશ્રી શંકરભાઇ ચૌધરી અહીં બેઠા છે. ૩–૪ દિવસ પહેલાં એક પ્રતિનિધિ તરીકે એમનો મારા ઉપર ફોન આવ્યો હતો. મારા એલ.એ.ક્યુ.ના સંદર્ભમાં. મેં એક મુદ્દો એમના ધ્યાન ઉપર મૂક્યો હતો. મારા અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ચમારડી ગામના વસ્તરપરા ગામના એક દર્દીએ ૫ દિવસ સુધી અમરેલી હોસ્પિટલમાં સારવાર લીધી, ત્યાંથી એમને સ્ટર્લીંગ હોસ્પિટલમાં લઇ ગયા. એમને હાર્ટની પણ તકલીફ હતી. ત્યાંથી યુ.એન. મહેતા હોસ્પિટલમાં દાખલ કર્યા. યુ.એન.મહેતા હોસ્પિટલમાં આઠ દિવસ સારવાર લીધા બાદ એમનુ મૃત્યુ થયું. ત્યારે એનું ડેડ બોડી એમના વાલીઓને સોંપવામાં આવ્યું નહીં. એમને સ્વાઇન ફલૂનો ચેપ હોવાથી ઇલેક્ટ્રીક સગડી દ્વારા એમની ત્યાં જ અંતિમ વિધિ કરવાની થાય. એટલે એમનો વસ્તરપરા પરિવાર અહીં

આવ્યો. નીતિનભાઇ, એ અંતિમ વિધિ કરી. એ માણસમાં સ્વાઇન ફ્લૂ ઓળખાયો ત્યારે એના રહેણાંક હોય એની આજુબાજુના ૫૦–૧૦૦ ઘરની અંદર સ્વાઇન ફ્લૂ છે કે કેમ એની તપાસ કરવી જોઇએ. એની અંતિમ વિધિ કર્યા પછી કોઝ ઓફ ડેથ, મૃત્યુનું કારણ સરકારે ન આપ્યું. મેં ડી.એચ.ઓ. અમરેલીને પૂછ્યું. એમણે કહ્યું કે, એવી નોંધ અમારી પાસે આવી નથી. માનનીય શંકરભાઇ બેઠા છે. મૃત્યુના આંકડા છૂપાવવા માટે થઇને સ્વાઇન ફ્લૂનો વ્યાપ વધારવા માટે સરકાર પ્રયત્નશીલ છે. મારો બ્લેમ નથી. નામજોગ કહું. નીતિનભાઇએ કહ્યું કે, રાજીનામું આપી દઉં કે રાજીનામું લઇ લઉં. મને કોઇ વાંધો નથી. માનનીય મંત્રીશ્રીએ એમના જવાબના પેજ નં.૭ ઉપર આપ્યું છે. રાજ્યમાં તંત્ર દ્વારા તમામ સ્તરે ટેમી કેપ્સુલ, પીપીએફ કિટ્સ, એમ–૫૦ માસ્ક, ટ્રીપલ લેયર માસ્કનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. આજે સવારે દસ વાગ્યે મોબાઇલમાં મેં મિનિટ્સ પણ જોઇ લીધી છે. ૧૦:૦૦ વાગ્યે અમરેલી ડી.એચ.ઓ.ને ફોન કર્યો. સ્વાઇન ફ્લૂનો અમરેલીમાં વ્યાપ વધ્યો છે. આપણે તકેદારીના પગલાં લેવાં જોઇએ. કાર્યકર્તાઓ દ્વારા જે માસ્ક છે એ લોકોને વિતરણ કરવા માટે ડી.એચ.ઓ. પાસે મોકલ્યા છે. આજે નીતિનભાઇ કહે છે કે, આ માસ્ક ખરીદવા માટે ટેન્ડર આમંત્રિત કર્યા છે. માસ્ક ઉપલબ્ધ નથી. મારી આપને ચેલેન્જ છે. તમે સાબિત કરી દો કે, આજે સવારે દસ વાગ્યા સુધીમાં અમરેલી હોસ્પિટલમાં સ્વાઇન ફ્લૂથી બચવા માટેના માસ્ક ઉપલબ્ધ હતા તો હું રાજીનામું આપી દઉં. નહીં તો તમે રાજીનામું આપી દો. આ બાબતની સ્પષ્ટતા માનનીય મંત્રીશ્રી કરે. (અંતરાય)

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા નામનો ઉલ્લેખ થયો છે એટલે વચ્ચે ઉભો થયો છું. મેં સામેથી ધારાસભ્યશ્રીને ફોન કર્યો હતો. ફોન કર્યા પછી પૂછ્યું હતું કે, તમારે ત્યાંથી એક પેશન્ટ યુ.એન.માં દાખલ કર્યું હતું એની અંતિમ વિધિ અહીં થઇ. મેં છેક સુધી તપાસ કરી. વિધાનસભાના માધ્યમથી મારે સ્પષ્ટતા એ બાબતની કરવી જોઇએ કે, એક તો સ્વાઇન ફ્લૂ ટાઇપના ચિહ્નો દેખાયા હતા, પરિવારની સંમતિથી એમને અંતિમ સંસ્કાર અપાયો હતો. એમના પરિવારના તમામ સભ્યોને જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા ટેમી ફ્લૂની ટેબ્લેટ આપીને એની સાઇકલ આગળ ન વધે એટલે એની ટ્રીટમેન્ટ પણ આપવામાં આવી છે. આટલી સ્પષ્ટતા કરવાની થાય એટલા માટે હું ઉભો થયો છું. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક તો પહેલાં માનનીય પરેશભાઇએ કહ્યું કે હું અતિ અસરગ્રસ્ત જિલ્લામાંથી આવું છું. હું પીડીત છું. પીડીત તો એને કહેવાય જેને સ્વાઇન ફ્લુ થયો હોય. તમે પીડીત ના કહેવાવ. તમે તો સાજા, સારા, સ્વસ્થ, તંદુરસ્ત છો. તમે પીડીત બોલ્યા છો, રેકર્ડ જોઇ લેજો. ફરી રેકર્ડ જોઇ લેજો. બીજું જે અમરેલી જિલ્લાનો એમણે ઉલ્લેખ કર્યો, અમરેલી જિલ્લામાં ૬૫ દર્દી કુલ દાખલ થયેલા, ૩૪ની સારવાર કરી, રજા આપી છે, બાકીના ટ્રીટમેંટ હેઠળ છે અને ૪ વ્યકિતના અમરેલીમાં આજ સુધીમાં દોઢ મહિનામાં મૃત્યુ થયા છે. બીજું આ માસ્ક અને દવા માટે ખાસ હજુ પણ હું કહી દઉ દવા દર્દીને આપવા માટે છે. માસ્ક અમારા આરોગ્ય વિભાગના કર્મચારીઓ, બે પ્રકારના માસ્ક હોય છે. એક જનરલ માસ્ક, વોર્ડમાં ફરતા હોય એમના માટે અંદર જે દર્દી સાથે રહેતા હોય એમના માટે પીપીઇ કીટ છે, આખો સુટ આવે છે. લગભગ ૬૦૦ થી ૭૦૦ રૂપિયાનો પ્લાસ્ટિકનો સુટ આવે છે. આખો વ્યકિત કર્મચારી ઢંકાઇ જાય, અને એ જેટલીવાર અંદર રહે, બહાર આવે ચાર કલાક પછી એનો નાશ કરવાનો હોય છે. બીજા જે એન. ૯૫ના માસ્ક આપીએ છીએ, ૧૫૦ રૂપિયાનો એક આવે છે એ પણ વોર્ડમાં દર્દીઓ સાથે જે રહેતા હોય, સારવાર માટે અમારા કર્મચારી એને આપવામાં આવે છે. અને તમે જે આ બધા પહેરીને આવ્યા છો એ ટ્રીપલ લેયર માસ્ક છે એની કિંમત દોઢ થી બે રૂપિયા છે. અને એ હોસ્પિટલમાં સામાન્ય અવર જવર કરતા લોકોને આપવાનો છે. તમે એમ કહો કે મારે અમરેલીના બજારમાં ઉભા રહીને માસ્ક વહેંચવા છે તો એવી રીતે માસ્ક આપવાની કોઇ જોગવાઇ નથી. દર્દીઓ માટે છે, દર્દીના સગાવહાલા માટે છે, અને અમારા કર્મચારીઓ માટે છે. (અંતરાય) કેપ્સુલ ૧૩૪૬૦, ૨૯૦ ટેમીફ્લુની કેપ્સુલ૩૦ મીલીગ્રામની, બાળકોના ડોઝ માટે સીરપ, નાના બાળકોને થાય તો ટેબલેટ અપાય નહીં એને સીરપની દવા છે. ૯૦–૩૫ મેં અગાઉ કીધા એ પ્રમાણેના મોંઘામાંના અંદરના દર્દી સાથે રહેનારના સુટ ૨૪૦, ૯૫ માસ્ક અંદર રહેનાર માટે અને ૫૩૭૫ તમે પહેર્યા છે એવા ટ્રીપલ માસ્ક આજે ત્યાં આ રેકર્ડ પ્રમાણે ઉપલબ્ધ છે.

ડૉ.અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, આ સ્વાઇન ફ્લુ ગુજરાતમાં લગભગ છ વર્ષથી છે

અને ખાસ કરીને વાતાવરણ બદલાય ત્યારે એનો વ્યાપ વધી જતો હોય છે. રાજય સરકારના માનનીય મંત્રીશ્રીએ થોડા સમય પહેલા સ્ટેટમેંટ આપ્યું હતું કે ગરમીની શરૂઆત થઇ જશે ત્યારે ઓટોમેટીક સ્વાઇન ફ્લુ મટી જશે. એટલે સરકારે આમાં ગંભીર બેદરકારી દાખવી છે એના લીધે એનો વ્યાપ વધી ગયો છે બાકી અત્યારે જે કેસો થયા છે એ કેસો અત્યારે ત્યાં સરકારના રેકર્ડ ઉપર આવ્યા છે એટલા જ કેસો છે એના સિવાયના જે સમગ્ર ગુજરાતમાં જે માણસો મરે છે એનો કોઇ રેકર્ડ નથી. કારણ કે ગુજરાતમાં જિલ્લા લેવલે આની તપાસ માટેની કોઇ વ્યવસ્થા જ નથી. ગામડાઓમાં સી.એચ.સી. અને પી.એચ.સી.ની વાત કરી હમણા મંત્રીશ્રીએ કે ત્યાં ટેમીફ્લૂની દવા છે, મારે કહેવું છે પરમ દિવસે જ હું હોસ્પિટલમાં ગયો હતો અને હોસ્પિટલમાં તપાસ કરી, ટેમીફ્લુની દવા નથી. કોઇ પી.એચ.સી.માં આની દવા નથી અને જિલ્લા કક્ષાએ એક ડોકટરે સ્ટેટમેંટ આપ્યું કે અમારી પાસે ફકત ૧૫૦ ગોળીઓ છે. તમે તપાસ કરો કે આ ગોળીઓ ખરેખર કોઇ જગ્યાએ મળતી જ નથી? અને મેં ભિલોડામાં તપાસ કરી તો ત્યાં આગળ જે કર્મચારી છે એમણે કહ્યું કે સરકારે ત્યાં ટેન્ડર બહાર પાડ્યું હતું પણ હજી ગોળીઓ આવી નથી. એટલે મને લાગે છે કે સરકાર શહેરના જે આંકડા બતાવે છે પણ ગામડાઓનો એમણે રીપોર્ટ લીધો નથી. બીજું જે હમણા પરેશભાઇએ વાત કરી કે હું સ્વાઇન ફ્લુ ગ્રસ્ત વિસ્તારનો છું. પરેશભાઇને સ્વાઇન ફ્લુ નથી એમ ના કહી શકાય. અહીંયા પણ ઘણા બધાને સ્વાઇન ફ્લ્યુ હશે. કારણ કે હીડન સ્ટેજે સ્વાઇન ફ્લ્યુ હશે ત્યારે એના લક્ષણો દેખાતા નથી. અમદાવાદમાં ૩ ડોકટરોએ એમને એમ તપાસ કરાવી તો પણ પોઝિટીવ આવ્યો હતો. એમને કોઇ લક્ષણો ન હતા. જેનો રેજિસ્ટન્સ પાવર વધારે હશે એને અસર થતી નથી પણ રેજિસ્ટન્સ પાવર ઓછો થાય તો એનો એટેક થઇ જાય છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આના માટેની ગંભીરતા દાખવે અને જિલ્લા અને તાલુકા લેવલે દવાની વ્યવસ્થા કરાવે. જિલ્લા લેવલે કમસે કમ વધારે દર્દીઓ ગામડામાંથી આવે તો એની તપાસ થાય. કારણ કે એવું જરૂરી નથી કે તમે આ એચ.૧ એન.૧ માટેના ટેસ્ટ કરો. એના કાઉન્ટસમાં પણ ખબર પડે છે, એવું લાગે કે સસ્પેકટેડ કેસ છે તો એવા કેસ માટે વ્યવસ્થા ગોઠવો કે જિલ્લા લેવલે એના લોહીની તપાસ થાય અને સસ્પેકટેડ કેસ હોય તો અહીંયા મોકલી શકે. આટલી વ્યવસ્થા કરવામાં આવે તો એ કાબુમાં લાવી શકાય એમ છે. આ રોગ ભયંકર છે અને આટલા માણસો મરે એ આપણા બધા માટે દુઃખદ બાબત છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એમના સૂચનોની નોંધ લીધી છે અને કહેતી કહેવાતી વાતોનો મારી પાસે કોઇ જવાબ નથી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીની એ વાત સાથે હું સંમત છું કે આ એરબોર્ન ડિસિઝ છે એટલે કે એ આપણા કન્ટ્રોલમાં નથી. આખા દેશમાં એનો વ્યાપ હોય પણ એનો મૃત્યુંદર આખા દેશમાં ગુજરાતમાં વધી રહ્યો છે અને આગ લાગે પછી કૂવો ખોદવાની વાત હોય છે. ગયા વર્ષે અને એના આગલા વર્ષે પણ જ્યારે ૧૫૦–૨૦૦ પેશન્ટો મરી ગયા હતા તો આપણને ખબર છે કે દર વખતે આ સિઝનમાં થાય છે તો આગોતરું આયોજન કેમ ન કર્યું? જ્યારે આટલા બધા દર્દીઓ મરી ગયા પછી હવે એ વાત કરતા હોઇએ તો એના માટે મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે ડાયોગ્નોસિસ કેમ નથી થતા? સિવિલ હોસ્પિટલમાં ઇન્ડોર પેશન્ટ હોય, અમે પણ પેશન્ટ મોકલીએ છીએ ત્યારે પેશન્ટ ઇન્ડોર થાય તો જ રિપોર્ટ કરવામાં આવે છે. રિપોર્ટમાં વાર લાગે છે. આ વાયરસનો ગ્રોથ ફાસ્ટ છે. જ્યારે પેશન્ટનો મૃત્યુદર વધારે હોય અને ઝડપથી ડેથ થતા હોય ત્યારે વેન્ટીલેટરની સગવડો પણ નથી કરી ત્યારે રાજ્ય સરકારને પૂછવા માગું છું કે હવે તમે આના માટે વધારે ચિંતા કરો. જે પ્રમાણે કહેવાયું એમ કોઇ વ્યવસ્થા નથી. વેન્ટીલેશનના સાધનો નથી, ઓક્સિજન નથી, વર્ગ–૧ અને વર્ગ–૨ના ડોકટરોની જગ્યા પૂરવા માગો છો કે કેમ? બજેટમાં આરોગ્યની ઓછી વ્યવસ્થા કરવામાં આવી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : કશું જ નથી એટલી વાત કરો એટલે થઇ જાય. ઓક્સિજન નથી, આ નથી, તે નથી. તેજશ્રીબેન, તમે અને ડો. જોષીયારા બન્ને ડોકટર છો, તમે જવાબદાર છો. આપણે એ પ્રમાણે સજેશન કરીએ કે તમારા સૂચનો અમને (અંતરાય) હું ત્યાં જોઇને બોલું એમાં તમને શું તકલીફ થાય છે? (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, બધા સાધનો પૂરતા છે અને એમણે જે સજેશનો કર્યા, મારે બધા

સભ્યોનો આભાર માનવો છે કે એમણે કબૂલ કર્યું કે આ હવાથી ફેલાતા વાયરસથી ફેલાતો રોગ છે. હું બેનને એટલું પૂછવા માગું છું કે આટલી ફરિયાદો કરો છો તો આગોતરું શું આયોજન હોઇ શકે એ બન્ને ડોકટરો અહીંયા જણાવી દો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : તમે કેટલાને ઇન્ફ્લુએન્ઝાની વેક્સીન આપી?

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, સ્વાઇન ફ્લ્યુનો પ્રશ્ન ખૂબ ગંભીર છે. બધી સામ–સામી ચર્ચાઓ થાય છે પરંતુ લોકો મરી રહ્યા છે એના આંકડા છે એનાથી ડબલ મૃત્યું પામ્યા છે પણ ટેસ્ટ નથી થયા. ટેસ્ટ કરીને રિપોર્ટ બતાવે છે એના કરતાં ૧૦ ગણા માણસો પિડિત છે. લેબોરેટરીમાં ટેસ્ટ નથી થતા. ૫૦૦ માંથી ૨૫ના ટેસ્ટ થાય છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સબ સેન્ટરો કે સિવિલમાં કોઇ જગ્યાએ પૂરતો સ્ટાફ નથી. જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરો નથી તો કોણ આની સારવાર આપવાનું છે? એટલે માનવતાની દૃષ્ટિએ કારણ કે આ એક ભગવાનનો કોપ છે અને એની જવાબદારી સરકારની છે તો મંત્રી સાહેબને વિનંતી છે કે આપણે જો આમાં પાછળ રહીશું તો ભગવાન માફ નહિ કરે. જે લોકો ગામડામાં પિડાઇ રહ્યાં છે એની ચિંતા ખૂબ જ જરૂરી છે અને કોઇપણ જગ્યાએ ડોકટરો નથી તો ખરેખર પહેલા ડેપ્યુટેશન ઉપર મૂકીને પણ આ સમયમાં પૂરેપૂરી સારવાર આપવી જોઇએ. હમણાં મેં કાલે એક આર્યુવૈદિક ડોકટરને મળ્યો તો કહે કે ઉકાળો પાવો તો અટકશે તો કમસે કમ સિવિલ હોસ્પિટલોમાં, સબસેન્ટરોમાં ઉકાળો ચાલુ કરો તોય થોડું ઓછું થશે. એ તો કરો. શહેરની સિવિલો, મોટા શહેરોની સિવિલોની સારવારોમાંથી નીકળીને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સબસેન્ટરો, મોટા ગામોમાં ત્યાં સુધી જશો તો મંત્રી સાહેબ એની કાંઇક સાચી માહિતી મળશે. તો મારી આપને વિનંતી છે કે, દવા છે, નથી, એ શહેરોમાં હશે પણ તમે ગામડા તરફ થોડું ધ્યાન રાખો. તમામ પી.એચ.સી. ખાલી છે, માત્ર પટાવાળાના ભરોસે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ચાલે છે તો વહેલામાં વહેલી તકે એ ડોકટરો અને સ્ટાફ મૂકીને સારવાર મળે એવું આપ સૌ કરો અને આર્યુવેદિકવાળો ઉકાળો ગામે ગામ ચાલુ કરો એવી મારી તમને વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સભ્યશ્રીના સૂચન પ્રમાણે આર્યુવેદિક દવા, હોમિયોપેથિક દવા જેમ અમારા સભ્યશ્રી રાજેન્દ્રભાઇએ કહ્યું એ પ્રમાણે બધું શક્ય તેટલું સરકાર પણ કરે છે. આ પ્રિકોશનરી છે, સ્વાઇન ફ્લુ પોઝિટિવ હોય તો ટેમીફ્લુ જ આપવી પડે એટલે સ્વાઇન ફ્લુના અગેન્સ્ટમાં જે પ્રિકોશનરી છે એ આપણે લઇ રહ્યાં છીએ.

સભાપતિશ્રી : આપણે લગભગ સવા કલાકથી ચર્ચા કરી રહ્યાં છીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એમને સ્પષ્ટતા કરી દઉં કે, એમણે કીધું કે ધારાસભ્ય માટે (અંતરાય) એક મિનિટ, માનનીય અધ્યક્ષશ્રી, દરેક રોગની જેમ વેકસિન આવે છે એમ આની પણ વેકસિન બજારમાં ઉપલબ્ધ છે. રાજ્ય સરકાર તરફથી લગભગ પાંચસો, સાડાપાંચસોની બજાર કિંમતની રસી છે. આમાં અમારા જે કર્મચારીઓ આની સાથે સંકળાયેલા છે, ૧૦૮ ના જે કર્મચારીઓ દર્દીને લાવવા–મૂકવા જાય છે એમને અમે આપીએ છીએ. એમની તમામ કાળજી અમે લઇએ છીએ. નાગરિક તરીકે કોઇને એમ લાગે કે મારે આ રસી પ્રિકોશનરી તરીકે લેવી છે. આમ તો બેન તમે ડોકટર છો એટલે કહું W.H.O.ની સલાહ છે કે, ટેમીફ્લુ અથવા વેકસિન જ્યાં સુધી તમે સસ્પેકટેડ ના થાવ ત્યાં સુધી લેવી જોઇએ નહિ. કારણ કે, ભવિષ્યમાં જો બીજીવાર વાયરસ લાગે તો તમારી પ્રતિકાર શકિત ઘટે છે. હું ચાર હોસ્પિટલમાં ફરી આવ્યો છું. સતત સંપર્કમાં છું. આ મિનિટ સુધી મેં કોઇ વેકસિન કે ગોળી લીધી નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે મારે જાણવું છે કે, ૨૬૩૭ સ્વાઇન ફ્લુના કેસ જે તપાસમાં આવ્યાં. આજે ૧૪૧૯ દર્દીઓ જવાબમાં આપ્યા મુજબ હાલમાં નોંધાયેલા છે. મેડિકલ દૃષ્ટિએ કોઇ દર્દીને સ્વાઇનફ્લુ થયો હોય તો જ્યાં સુધી એ સાજો ના થાય ત્યાં સુધી હોસ્પિટલમાંથી રજા નહિ આપવી એવું સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે. આજે પરિસ્થિતિ એવી છે કે ૧૪૧૯ દર્દીઓ આજની તારીખમાં ગુજરાતની અંદર સ્વાઇન ફ્લુના રોગથી પિડાય છે. એની સામે ફક્ત સરકારે ૮૦૦ પથારીની જ વ્યવસ્થા કરી છે. આજે પણ ૬૧૯ પથારીની વ્યવસ્થા રાજ્ય સરકાર કરી શકી નથી. એમના પોતાના જવાબમાંથી સ્પષ્ટ થયું છે. એટલે એ પૂરેપૂરી વ્યવસ્થા સરકારશ્રી કરવા માગે છે કે કેમ? બીજો મારો પ્રશ્ન છે

કે, સ્વાઇન ફ્લુ બાબતમાં ૩ બાબત છે. એક લેબૉરેટરી કિટ્સ, એન.૯૫ માસ્ક અને ટેમીફ્લુ ટેબલેટસ્ એટલે વેકસિન. એ ડીસેમ્બર-૨૦૧૪ની દષ્ટિએ સરકાર પાસે આ ત્રણે ત્રણ માસ્ક, વેકસિન અને લેબૉરેટરી ટેસ્ટ માટેની કેટલી કિટ્સ ડીસેમ્બર-૨૦૧૪માં ઉપલબ્ધ હતી અને હાલની તારીખમાં કેટલી ઉપલબ્ધ છે? અને આજે કુદરતી દષ્ટિએ આ જે ૨૦૭ ગરીબ માણસોના મૃત્યુ થયા છે એમને સરકાર કોઇ આર્થિક સહાય આપવા માગે છે કે કેમ? આ ત્રણ મારા મુખ્ય પ્રશ્નો છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે કહ્યું કે આ તારીખની એવી કોઇ માહિતી હોઇ શકે નહિ. આજની તારીખ લેટેસ્ટ અને પહેલી તારીખ માંડીને આપણે બધી માહિતી (અંતરાય) ના, ના હવે આ પ્રશ્નોત્તરી નથી, અને આ તો પ્રશ્નોત્તરી નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : આ ટેબલ ઉપર મૂકજો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : પણ પૂછજો ને પ્રશ્નોત્તરીમાં તમારો વારો આવે તો. પ્રશ્નોત્તરી આની દાખલ થયેલી જ છે. તમને તક મળે તો પૂછજો એ દિવસે.

શ્રી શૈલેષ મ. પરમાર : આ રોગ છેલ્લા ચાર મહિનાથી..

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ચાર મહિનાથી નથી. ૧લી જાન્યુઆરીથી કેસો નોંધાયા છે શૈલેષભાઇ. જરા અભ્યાસ કરો એવી બધાને વિનંતી છે. ૧લી જાન્યુઆરીથી કેસો નોંધાયા છે. તમે બધા જરા માહિતી મેળવજો. બીજું માનનીય અધ્યક્ષશ્રી, જુદા જુદા કુદરતી રોગમાં કોઇ પણ વ્યકિતના મૃત્યું થાય તો કોઇ પણ દિવસ, કોઇ પણ પક્ષની સરકારો હતી, સહાય આપવાની યોજના નથી. પૂર આવ્યું હોય, ધરતીકંપ આવ્યો હોય એવા કિસ્સામાં મરણ થયા હોય તો સરકારના નિયમ પ્રમાણે વળતર અપાય છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ હતો કે, કોઇપણ સ્વાઇન ફ્લ્યુ થયેલી વ્યકિત જયાં સુધી સાજી ન થાય ત્યાં સુધી એને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવતી નથી. આજે પણ ૧,૪૧૯ દર્દીઓ ચોપડે નોંધાયેલા છે, સરકારી જવાબમાં કીધેલું છે. તેની સામે ફકત ૮૦૦ જ પથારીઓ ઉપલબ્ધ છે ત્યારે ૬૧૯ પથારીઓ નથી. એ સરકારશ્રી આ ૬૧૯ પથારીઓ નથી એ પથારીઓ જિલ્લા હોસ્પિટલોમાં વધારવા માગે છે કે કેમ?

સભાપતિશ્રી : ૧લી જાન્યુઆરીથી કેસ થતા હોય, હમણાં જે લોકો સાજા થઇ જાય, એને દસ દિવસમાં રજા આપતા હોય, પછી એવું કેલ્ક્યુલેશન ન કરાય ને શ્રી શકિતસિંહજી.

શ્રી શકિતસિંહ ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજ્ય માટે ચિંતાનો વિષય છે. કુદરતી આપત્તિ આવે ત્યારે પ્રજાના પ્રતિનિધિએ રાજકારણથી ઉપર ઉઠીને ચિંતા કરવાની થાય. W.H.O.એ સ્પષ્ટ કહ્યું છે, હું એમની ગાઇડ લાઇન જોઇ ગયો છું, કોઇ પણ એમ્બ્યુલન્સમાં સ્વાઇન ફ્લ્યુનો દર્દી જયારે આપણે લઇને જઇએ એ પછી આખી એમ્બ્યુલન્સને ફ્યુમિલિગેટ કરવી જોઇએ. આ આક્ષેપ નથી કરતો, હું જાતે ૧૦૮ ચલાવનારા એક કરતાં વધારેને રૂબરૂ મળીને પૂછ્યું કે ૧૦૮ની એમ્બ્યુલન્સમાં સ્વાઇન ફ્લ્યુનો દર્દી લઇને જાવ, આને ફ્યુમિલિગેટ કરો છો ખરા? તો કહે કે, ના સાહેબ, ફિનાઇલનું પોતું મારી દઇએ છીએ. W.H.O.ના પાડે છે કે, જયાં સુધી સ્વાઇન ફ્લ્યુના ઈફેકટેડ દર્દીને જેમાં લઇને ગયા હોય એને ફ્યુમિલિગેટ ના કરો ત્યાં સુધી એનો વાયરસ મરતો નથી અને એના કારણે આ પરિસ્થિતિ પેદા થઇ છે કે એમ્બ્યુલન્સમાં બીજા કોઇને લઇને જાય કે એના સગા-વહાલા બેસે એને સ્વાઇન ફ્લ્યુની અસર થઇ જાય. આની જવાબદારી કોની? માનનીય અધ્યક્ષશ્રી, આપણે તો વિકસીત દેશની બરાબરી કરે એમ વિકાસશીલ દેશ છે. મેં ગરીબ દેશમાં જઇને જોયું છે. આ ઈફેકટ શરૂ થઇ ત્યારે આફ્રિકાના દેશોમાં એરપોર્ટ ઉપર ઉતરો, તમારું ગળું ચેક કરે, તમારું નોઝ ચેક કરે અને સહેજ પણ ડાઉટ ફૂલ લાગે તો કહે કે, ભાઇ આવો તમે સ્વાઇન ફ્લ્યુ પોઝેટિવ છો કે કેમ એ અમારે ટેસ્ટ કરવું છે. આપે રણોત્સવ કર્યો, આપે વાયબ્રન્ટ ઉત્સવ કર્યો, વિદેશીઓ આવ્યા, આપણે ત્યાં સ્વાઇન એટલે પીગ, ભૂંડ પાળવાની પ્રથા નથી, બહારના અમુક દેશોમાં એ છે અને એના કારણે સ્વાઇન ફ્લ્યુ પહેલાં એ દેશોને લાગે છે, એ માણસ પર સવાર થયેલો રોગ આપણા દેશમાં આવ્યા પછી વકરે નહીં એની જોવાની જવાબદારી આપણી હતી. આપે નહીં કર્યું ટેસ્ટીંગ, આપણે વાયબ્રન્ટમાં મસ્ત રહ્યા અને સ્વાઇન ફ્લ્યુ વાયબ્રન્ટ થઇ ગયો. એ ચિંતા કરવાની હતી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે હું આ અપેક્ષા નહતો રાખતો, કદાચ માનનીય શંકરભાઇ જવાબો આપતા હોત, તો થોડી માનવતાવાદી વાત આવી હોત. બિલકુલ રાજકીય આપે જવાબો આપ્યા છે માનનીય મંત્રીશ્રી. આરોગ્ય વિભાગના મંત્રીની બરાબર માનવતા દેખાવવી જોઇએ એ દેખાઇ નથી. આપે કહ્યું કે, ભાવનગરમાં લેબૉરેટરી શરૂ થઇ ગઇ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : નથી કહ્યું. અમે કરવાના છીએ એવું કહ્યું છે.

શ્રી શક્તિસિંહ ગોહિલ : કરવાના છો, ચાલો હું આપનો જવાબ, આપે કહ્યું એમ કહીશ કરવાના. ક્યારે કરવાના આપ? તરસ લાગે ત્યારે કૂવો ખોદવા બેસશો આપ? માનનીય અધ્યક્ષશ્રી, આખા રાજ્યમાં સૌથી વધારે મૃત્યુ જો કોઇ જિલ્લામાં સ્વાઇન ફ્લ્યુના થયા હોય તો એ ભાવનગર જિલ્લામાં થયા છે, સરકારના આંકડા મુજબ(અંતરાય) ટકાવરીની દ્દષ્ટિએ. (અંતરાય) ભાઇ એ બીજી વાત કરે છે, હું ટકાવારી કહું છું. ગઇકાલનો સરકારનો આંકડો  એકસો સ્વાઇન ફ્લુ પોઝીટીવ કેસીસ ગઇકાલે સરકારે કહ્યા મુજબ ભાવનગરમાં અને સો સ્વાઇનફ્લુ પોઝીટીવમાંથી ૨૦ના મૃત્યુ ૨૦ ટકા મુત્યુ દર કયાંય સ્વાઇન ફ્લુથી થયો હોય તો એ ભાવનગર જિલ્લામાં થયો. સૌથી વધારે સ્વાઇન ફ્લુ ઈફેકટીવ કોઇ લોકો હોય તો એ કચ્છ જિલ્લામાં થયા. સતત અમે કહેતા હતા. વારંવાર અમે ધ્યાન દોર્યું હતું. તાત્કાલિક આ લેબૉરેટરીઓ કરી હોતને તમે, માનનીય સભ્યશ્રી પરેશભાઇ સાચી વાત કહેતા હતા તમે એના પરિવારને, એ પણ શંકરભાઇએ ત્વરિતતા બતાવીને કહ્યું હશે એટલે એમના પરિવાર સુધી ટેબલેટસ પહોંચી પણ એ ગામના આજુબાજુના વિસ્તારના લોકોને પહોંચી ખરી? કચ્છના કલેકટરને હું અભિનંદન આપીશ કે એમણે પહેલા એ કામ શરૂ કર્યું કે જે ઈફેકટેડ ગૃપો હતા એને ધ્યાને લઇને એનો સર્વે ચાલુ કર્યો. (અંતરાય) પ્રજાના હોય છે અને સરકારના હોય છે નિતિનભાઇ, તમારા નથી હોતા. બહુ ઉંડા ના ઉતરો. માનનીય મંત્રીશ્રીની અસહિષ્ણુતાની પરાકાષ્ટા તો જુઓ. માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું એક ધ્યાન દોરવા માગું છું. સરકાર એટલી ચિંતિત હોત, આપ અને હું આપની વચ્ચે એક સ્વાઇન ફ્લુના પેશન્ટ રહ્યા હોય, મને ખબર નથી કે આપને ટેમી ફ્લુ મળી કે નહીં, મને તો નથી મળી. આપને વેકસીન મળ્યું કે નહીં મને ખબર નથી મને તો વેકસીન નથી મળી. પરમ દિવસે કચ્છ જિલ્લાની જે સંકલન સમિતિની મિટિંગમાં પંકજભાઇ મહેતા આપની  અને મારી વચ્ચે બેઠા હતા અને એમને સ્વાઇન ફ્લુ પોઝીટીવ આવ્યો. આ સરકાર જો એ સંકલન સમિતિમાં બેઠેલાની ચિંતા નથી કરતી એ સામાન્ય માણસની કેટલી કરતી હશે? એ પંકજભાઇ મહેતાને સ્વાઇન ફ્લુ બીજે દિવસે પોઝીટીવ આવ્યો. આપે તપાસ કરી કે જે માણસ અઢી કલાક સુધી એ મિટિંગમાં બેઠા હતા , ત્યાંના અધિકારીઓ, ત્યાંના ધારાસભ્યશ્રીઓ એની નજીક બેઠા હતા એને ચેપ લાગી શકે છે એની ચિંતા આપે કરી? નહીંતો આટલી તો ચિંતા સેવાઇ હોત. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ૪૩ ટકા ડોકટરો ખાલી છે, ૪૩ ટકા અમદાવાદ સિવિલ હોસ્પિટલના ડોકટર્સ આપે મેડિકલ કોલેજમાં મોકલ્યા છે. સાહેબ, આપે તો ૧૦૮ મુલતવી રાખીને લખેલું ભાષણ વારંવાર વાંચ્યુ.

સભાપતિશ્રી : દોઢ કલાક થયો. ઘણી ચર્ચા થઇ ગઇ. આપને ચર્ચા કરવાની તક બજેટમાં મળવાની છે એટલે પ્રશ્ન પૂછો આપ.

શ્રી શકિતસિંહ ગોહિલ :  મારી તો ત્રણ જ મિનિટ છે અને આમાંની કોઇ ગેરવ્યાજબી વાત હોય તો આપ કહો. ૪૩ ટકા જગ્યાઓ (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, અમારી સભામોકુફીની દરખાસ્તના બદલે આપે કહ્યું છે.(અંતરાય) દોઢ કલાકમાં ૪૫ મિનિટ તો આ એકલા લે છે. (આ તબકકે વિરોધ પક્ષના સભ્યશ્રીઓ ઉભા થઇ અને બહાર જવાનો પ્રયત્ન કરતા)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ સાહેબ, મારે પરેશભાઇની વાતનો જવાબ આપવાનો છે. તમે જતા ન રહેતા. તમે જતા ના રહો એટલે કહું છું તમે એક કલાક કહો હું સાંભળવા તૈયાર છું પણ જતા ના રહેતા . પરેશભાઇનું મારે રાજીનામુ લેવાનું છે. મારી પાસે માહિતી આવી ગઇ છે. જતા ના રહેતા, મારે જવાબ આપવાનો છે.

સભાપતિશ્રી : માહિતી મંગાવી છે જવાબ આપશે આપનો પ્રશ્ન પુછો. આવી ગંભીર ચર્ચા આપણે

દોઢ કલાકથી કરીએ છીએ. શાંતિથી ચર્ચા કરીએ અને બધાના સહિયારા પ્રયત્નોથી આની સામે લડાઇ કરીએ. શંકરસિંહભાઇ, આપ બોલો.

શ્રી શંકરસિંહ વાઘેલા : હું આપનો ખાસ આભાર માનું છું કે આપે ૧૧૬ નીચે જે ચર્ચાની અનુમતિ આપી. ભલે ૧૦૮ નીચે અનુમતિ નહિ આપી. મુદ્દો એક જ હતો અને માનનીય સભ્યશ્રીઓ ખૂબ સારી રીતે ચિંતિત હોય આખું હાઉસ સ્વાઇન ફ્લુ માટે પેશન્સલી બધાએ સાંભળ્યા. અને છેલ્લે છેલ્લે નથી અનુકૂળતા આવતી મને ખબર નથી પડતી કેમ તમને શું તકલીફ છે? આ જાન્યુઆરીથી સરકારનું ધ્યાન દોરવાની શરૂઆત કરેલી કે કુછ દિન તો ગુજારીએ ગુજરાતમાં. તો સ્વાઇન ફ્લુ પરમેનન્ટ થાય છે, તેની ચિંતા કરી. વિધાનસભા પક્ષની અમારી મીટિંગ મળી તેમાં પ્રસ્તાવ કર્યો અમે અધ્યક્ષ મહોદય, ગવર્નરશ્રીને મળ્યા. સરકારને તાકીદ કરી કે લેબોરેટરી તાત્કાલિક બધે મોકલી આપો. મુવેબલ કયાંકને કયાંક ગમે તેમ ઓન વ્હીલ જાય તો પણ સારું. પણ જે માનનીય મંત્રીશ્રીએ વિગતથી જવાબ આપ્યો તે જવાબ પોલિટિકલ જવાબ છે. માનવતાના આધારે આ જવાબદારી સ્વીકારવી જોઇએ. લોકો મરે છે ગુજરાતીઓ મરે છે. દાખલ થાય છે આપણા લોકો મરે છે. એ બધામાં આપણા બધાની જવાબદારી છે. સરકાર જો પોતાની બગલ ઉંચી કરે કે ના, ના અમારી કોઇ જવાબદારી છે જ નહિ. આ મંત્રી પાસે જવાબની અપેક્ષા ન રખાય. જે કહ્યું તેમ આગ લાગે ત્યારે કૂવો ખોદવાની વાત છે. જે અસહિષ્ણુતા અમને સાંભળવાની એ માટે અમે જે રીતે બધા મિત્રોનો પ્રતિભાવ છે તે રીતે હાઉસમાંથી અમે આખા દિવસ માટે વોકઆઉટ કરીએ છીએ. અને આપને સદ્દબુદ્ધિ અને મહેનત આપે કે આપને વધારે સ્વાઇન ફ્લુના દર્દીઓ અટકે એ માટે જે ચિંતા થાય તે કરો તો વધારે સારું. ( આ દરમ્યાન વિરોધ પક્ષના તમામ સભ્યો દ્વારા સૂત્રોચ્ચાર કરતા કરતા વોક આઉટ કરવામાં આવ્યો.)

સભાપતિશ્રી : નેકસ્ટ..

## અનુમતિ મળેલા વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવા

## અનુમતિ મળેલા વિધેયકો

સચિવશ્રીઃ માનનીય અધ્યક્ષશ્રી, હું તેરમી ગુજરાત વિધાનસભાના પાંચમાં સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક–૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯ અને ૩૦ વિધાનસભાના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

અનુમતિ મળેલા વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

## કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ

## કામકાજ સલાહકાર સમિતિનો સાતમો અહેવાલ

સભાપતિશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ હું કામકાજ સલાહકાર સમિતિનો સાતમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક રવિવાર, તા.૨૨મી ફેબ્રુઆરી,૨૦૧૫ ના રોજ સાંજના ૫–૦૦ વાગ્યે અધ્યક્ષશ્રીના સમિતિ ખંડમાં મળી હતી. સમિતિએ નીચે મુજબની ભલામણો કરી છે.

૧. સોમવાર, તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ ના રોજ નીચે દર્શાવેલ સરકારી વિધેયકો વિચારણા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧–સન ૨૦૧૫નું ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલ (સુધારા) વિધેયક

(૨) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૧૫નું પ્રોવિન્શિયલ સ્મોલ કોઝ કોર્ટ(ગુજરાત સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૩–સન ૨૦૧૫નું પ્રેસિડન્સી સ્મોલ કોઝ કોર્ટ(ગુજરાત સુધારા) વિધેયક.

૨. બુધવાર તા.૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫ ના રોજ નીચે દર્શાવેલા સરકારી વિધેયકો વિચારણા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૪) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૧૫નું ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થ

ગાંધીનગર વિધેયક.

(૫) સન ૨૦૧૫ નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૧૫નું મજૂર કાયદા( ગુજરાત સુધારા) વિધેયક.

૩. ગુરુવાર તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૬–સન ૨૦૧૫નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી(સુધારા) વિધેયક વિચારણા માટે હાથ ધરવું અને તેની વિચારણા પૂરી કરવી. નેકસ્ટ.

સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના સાતમાં અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

સરકારી વિધેયકો

**<#D/અન્ય/D#>**

**સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧**

ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલ(સુધારા) વિધેયક, ૨૦૧૫

**ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૯૨ વધુ સુધારવા બાબત વિધેયક.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંકઃ૧ સન ૨૦૧૫ના ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલ(સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

સભાપતિશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંકઃ૧ સન ૨૦૧૫ના ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલ(સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૨ પહેલાંની સ્થિતિ એ પ્રકારની હતી કે રાજય સરકારના તાબા હેઠળ જે પબ્લિક અન્ડરટેકીંગ કોઇ બાંધકામ સંબંધી અન્ય કોઇ કરાર કરે ત્યારે તે તકરારનું લવાદના માધ્યમથી નિરાકરણ કરવાની સમજૂતિ આપવામાં આવતી હતી. એ પ્રક્રિયા એટલી લાંબી હતી કે તેના કારણે વિલંબ થતો અને કામોમાં અનેક સમસ્યાઓ થતી. આના માટે જે તે વખતે એક કાયદો લાવવામાં આવ્યો. તે કાયદામાં ગુજરાત પબ્લિક વર્કસ કોન્ટ્રેકટ ડીસ્પ્યુટસ આરબીટ્રેશન ટ્રિબ્યુનલ એકટ ૧૯૯૨માં બનાવવામાં આવ્યો. આ કાયદા હેઠળ કોઇ સુપર સ્ટ્રકચર, ડેમ, નદી બંધ,પુલ, તળાવો, પોલીસ હાઉસિંગ, જિલ્લા પંચાયતના કામો, રોડ રસ્તાના કામો હાથ ધરવામાં આવતા. આવા કામોની મોનીટરીંગ વેલ્યુ અત્યારે ૧૦ હજાર કરોડ છે. આ પ્રમાણેના દાવાઓ આ એકટ હેઠળ ચાલે છે. આની અંદર ચેરમેનની વય મર્યાદા ૬૫ વર્ષની છે અને ન્યાયિક સભ્ય છે તેની વય મર્યાદા ૬૨ વર્ષની છે. રાજય સરકારનો હેતુ આવા કેસો ઝડપથી ચાલે તેના માટે આ ટ્રીબ્યુનલની રચના કરી છે. પરંતુ આ વય મર્યાદાની અંદર ચેરમેન અને સભ્ય સમયસર ઉપલબ્ધ નથી થતા. એટલા માટે ઉપલબ્ધ નથી થતા કે રાજય સરકાર હાઇકોર્ટના નિવૃત્ત જજ કે જિલ્લાના નિવૃત્ત મુખ્ય ન્યાયાધીશો હોય તેને સરકારની અનેક નાની મોટી કામગીરીમાં સાંકળવામાં આવે છે. લોકાયુકત, માનવ અધિકાર પંચ, એકસાઇઝ ટ્રિબ્યુનલ, વેટ ટ્રિબ્યુનલ, સ્ટેટ કન્ઝયુમર ફોરમ, પાસા બોર્ડ, સ્ટેટ લો કમિશન, સરદાર સરોવર નીચેની ઓથોરિટી આ બધી જગ્યાએ હાઇકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ કે નિવૃત્ત ડીસ્ટ્રીકટ જજ કક્ષાની નિમણૂક કરવામાં આવે છે.

* વિધેયક તા.૧૧મી ફેબ્રુઆરી, ૨૦૧૫ ના રોજ સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ થયું.

આમાં હાઇકોર્ટના જે જજ છે તે ૬૨ વર્ષે નિવૃત્ત થતા હોય છે અને ડીસ્ટ્રીકટ જજ છે તે ૬૦ વર્ષે નિવૃત્ત થતા હોય છે. એટલે તેમને ઓછો સમયગાળો મળતો હોવાના કારણે આ પ્રકારની કામગીરી સાથે જોડાવાની સંમતિ ઓછી આપતા હોય છે. એટલા માટે મેં કહ્યું તેમ લગભગ દસેક હજાર કરોડ રૂપીયાના કેસીસ અને ૫૭૦૦ કરતાં વધારે કેસીસ પડતર છે. ચેરમેનની જગ્યા ખાલી છે. એટલે આ એકટની કલમ.૪(૧)(એ)ની જે ૬૫ વર્ષની મર્યાદા છે અને કલમ.૪(૧)(બી)ની ૬૨ વર્ષની મર્યાદા છે તે બે મર્યાદામાં સુધારો કરવા માટે આ બિલ લાવ્યો છું. કલમ.૪(૧)(એ)માં ૬૫ વર્ષની જગ્યાએ ૬૭ વર્ષ અને કલમ.૪(૧)(બી) માં ૬૨ વર્ષની જગ્યાએ ૬૫ વર્ષ કરવા માટેનો સુધારો લઇને આવ્યો છું. આ કરવાના કારણે રાજય સરકારની સ્ટેટ લીટીગેશન પોલીસી છે, લોકોને સસ્તો, ઝડપથી, ઘર આંગણે ન્યાય મળે અને રાજયની વિકાસ પ્રક્રિયા છે તે વધારે તીવ્રતાથી આપણે ચાલુ કરીએ એટલા માટે આ બે નાના સુધારા સન્માનનીય સભાગૃહ સમક્ષ લઇને આવ્યો છું.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આ જે પહેલો સુધારો માનનીય રાજય કક્ષાના કાયદા મંત્રીશ્રી લઇને આવ્યા છે તેને ટેકો આપવા માટે હું ઉભો થયો છું.

**(વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૧૫)**

**સભાપતિશ્રીઅધ્યક્ષ સ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકમાં જે સુધારા વધારા કરવાનું લઇને માનનીય કાયદા મંત્રીશ્રી આવ્યા છે એમાં હું વાત કરતો હતો કે વહીવટી તંત્રમાં દરેક લેવલ ઉપર સર્વિસની વયમર્યાદા નક્કી કરેલી હોય છે એજ રીતે લોકશાહીના એક સ્થંભ ન્યાયતંત્રમાં પણ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ, સેશન્સ જજ, હાઇકોર્ટ જજ, સુપ્રિમ કોર્ટ જજની વયમર્યાદા નક્કી કરેલી છે. પરંતુ કાળાંતરે ઘણો બધો અનુભવ થયો તો આપણે જુદા જુદા આયોગો બનાવ્યા ટ્રિબ્યુનલ બનાવી, પંચો બનાવ્યા અને એની અંદર જયુડિશરીમાં જે લોકોએ કામ કર્યું હોય એવા લોકોનો એમની નિવૃત્તિ પછી લાભ લઇ શકાય અને બીજી કોઇ એ ન ઉભી થાય એના માટે આપણે નિવૃત્ત હાઇકોર્ટ જજોને, નિવૃત્ત સેશન્સ જજોને અને ડીસ્ટ્રીકટ જજોની નિમણૂક કરવામાં આવે છે અને એવો જ એક કાયદો જાહેર બાંધકામ સરકારશ્રી દ્વારા જે યોજનાઓમાં જુદી જુદી યોજનાઓનો જે કોન્ટ્રેકટ આપવામાં આવે છે એ કોન્ટ્રેકટની અંદર સરકાર અને જે તે કોન્ટ્રેકટરની વચ્ચે કોઇ પણ ડીસ્પ્યુટ ઉભો થયો હોય તો એના માટે લવાદી ટ્રિબ્યુનલ ૧૯૯૨નો એક કાયદો બનાવવામાં આવ્યો છે. જેની અંદર ત્રણ જણાની કમિટી બનાવવામાં આવી એ કમિટીમાં એક ચેરપર્સન જે નિવૃત્ત હાઇકોર્ટ જજ હોય અને બે સભ્યો એમાં એક સભ્ય જે રીટાયર્ડ ડીસ્ટ્રીકટ જજ અથવા સેશન્સ જજ હોય અને એક ટેકનીકલ. આર્બિટ્રિશનમાં રોડ એન્ડ બિલ્ડીંગ ડીપાર્ટમેન્ટમાંથી એકઝીક્યુટીવ એન્જીનીયર સચિવ કક્ષાના (નિવૃત્ત) એ ત્રણ જણાની કમિટી બનાવવામાં આવે છે અને જેમાં આવા કેસોનો નિકાલ માટે આવી ટ્રિબ્યુનલની રચના કરી છે જેનું હેડ ક્વાર્ટર અમદાવાદ છે અને હાલમાં પણ આ ટ્રિબ્યુનલમાં સમગ્ર ગુજરાતના કેસોનો નિકાલ કરે છે જેમ મંત્રીશ્રીએ કહ્યું તેમ અને એ માટે આપણો અનુભવ કેમ કે હું સરકારી વકીલ તરીકે જયારે ફરજ બજાવતો હતો તો ધ્યાન ઉપર આવ્યું છે કે, હાઇકોર્ટ જજો અને સેશન્સ જજો નિવૃત્તિની વયમર્યાદા એમની થઇ જાય એના પછી જે આમાં ૬૫ વર્ષ અને સભ્ય માટે ૬૨ વર્ષ હતી એમાં ઘણી વખત આપણને મળતા ન હતા અને હાલમાં પણ આ ટ્રિબ્યુનલમાં ચેરમેનની જગ્યા ખાલી છે એટલે આ ખૂબ જ જરૂરી હતું કે, વયમર્યાદા વધારવામાં આવે તો એ લોકોની સેવાઓનો આપણે વધારે લાભ લઇ શકીએ અને વધારે એ કરી શકીએ. એટલા માટે હાઇકોર્ટના નિવૃત્ત જજ જે ચેરમેન તરીકે આ આયોગમાં કામ કરે, ટ્રિબ્યુનલમાં કામ કરે છે એમની વયમર્યાદા ૬૫ થી ૬૭ કરવામાં આવી છે જેના માટે કલમ ૪માં સુધારો કરવામાં આવ્યો છે. એજ રીતે જે બે સભ્યો છે જેમાં એક સેશન્સ જજ અને એક ડીપાર્ટમેન્ટના એક્સપર્ટને મૂકવામાં આવે છે એમની વયમર્યાદા ૬૨ થી ૬૫ કરવામાં આવી છે એ બંને સુધારા ખૂબ જ આવકારદાયક છે અને હું માનું છું કે એને મંજૂર કરવામાં આવે તો જયુડિશરીમાં જે ન્યાયની પ્રક્રિયા છે એ ઝડપી બનશે અને જે આ કેસો છે એનો નિકાલ જલદી આવે એના માટે હું આ સુધારાને અનુમોદન આપું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, જે આ ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલ સુધારા વિધેયક અને એમાં ખાસ કરીને આ વયમર્યાદાના એક કારણે આપણને જે હાઇકોર્ટના કે અન્ય કોર્ટનાં નિવૃત્ત જજો ઉપલબ્ધ નહોતા થતા મને લાગે છે કે આ સુધારો કરવાથી આપણને એ મળી શકશે અને એના કારણે આવા જે તકરારી કેસો છે એ કેસો કે જેમાં રાજય સરકારના અનેક મોટા પ્રોજેક્ટોના કામ સંકળાયેલા છે એ તકરારો અને લવાદનું નિરાકરણ થવાના કારણે કેસોનો નિકાલ લાવવાના કારણે રાજયની જે વિકાસની પ્રક્રિયા, રાજય સરકારની જે ગતિશીલ ગુજરાતની જે કલ્પના છે એ કલ્પનાને આપણે સાચા અર્થમાં ચરિતાર્થ કરીશું, સાર્થક કરી શકીશું એટલે માનનીય સભ્યશ્રીએ પણ મારા આ બિલની સાથે એમણે પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે એ સંદર્ભમાં બિલ સ્વયંસ્પષ્ટ છે જે આ બિલને માનનીય સભાગૃહ મંજૂરી આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૧ નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૧નું ત્રીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

સભાપતિશ્રી : સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૧, સન ૨૦૧૫નું ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલ (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૨**

**પ્રોવિન્શિયલ સ્મોલ કોઝ કોર્ટ (ગુજરાત સુધારા) વિધેયક**

**પ્રોવિન્શિયલ સ્મોલ કોઝ કોર્ટ અધિનિયમ, ૧૮૮૭ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (કાયદો અને ન્યાયતંત્રમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, •રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૨, સન ૨૦૧૫ના પ્રોવિન્શિયલ સ્મોલ કોઝ કોર્ટ (ગુજરાત સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

સભાપતિશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (કાયદો અને ન્યાયતંત્રમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૨, સન ૨૦૧૫ના પ્રોવિન્શિયલ સ્મોલ કોઝ કોર્ટ (ગુજરાત સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (કાયદો અને ન્યાયતંત્રમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં સ્થાવર અને જંગમ મિલકતોનું મૂલ્ય છેલ્લાં દાયકામાં મોટા પ્રમાણમાં વધ્યું છે તે સંજોગોમાં માનનીય વડી અદાલત દ્વારા ધ પ્રોવિન્શિયલ સ્મોલ કોઝ એક્ટ ૧૮૮૭ની કલમ–૧૫માં સુધારો કરીને સ્મોલ કોઝ કોર્ટને જે નાણાકીય હકુમત બે લાખ રૂપિયાની હતી તેની જગ્યાએ દસ લાખ રૂપિયા કરવા માટેની દરખાસ્ત કરી અને આ દરખાસ્તને હું આ સન્માનનીય સભાગૃહ સમક્ષ લાવ્યો છું. આ એટલા માટે કરવું પડ્યું કે ગુજરાતમાં છેલ્લાં ચૌદ વર્ષમાં તે વખતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસનકાળના કારણે ગુજરાતે

•વિધેયક તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ થયું.

સમગ્ર દેશ અને દુનિયાની અંદર પ્રગતિ સાધી અને વિકાસ સાધ્યો અને એના કારણે લોકોની સ્થાવર મિલકતોની અંદર નાણાકીય વધારો થયો અને આના કારણે સ્મોલ કોઝ કોર્ટની હકુમતમાં વધારો કરવા માટેની આવશ્યકતા ઉભી થઇ. માનનીય અધ્યક્ષશ્રી, આ સંદર્ભમાં કોઇ નાના મોટાં વિવાદ થાય, દાખલા તરીકે ચેક રિટર્નના કેસો હોય, ચેકના આધારે લેણા-દેણાની દાવાની સંખ્યામાં જ્યાં જ્યાં ડિસ્પ્યુટ થયા ત્યાં આ પ્રમાણેના દાવાઓમાં વધારો થતો હોય છે, આવા સંજોગોમાં કોમર્શિયલ ટ્રાન્ઝેકશનના સંદર્ભમાં કોઇ લેણા દાવા સિવિલ કોર્ટમાં દાખલ થાય તો એમાં સમય લાગે છે અને જો આ દાવા સમરી પ્રક્રિયાથી આ કોર્ટમાં ચાલે તો એનો ઝડપથી અને ત્વરિત નિકાલ લાવી શકાય છે. સમગ્ર ગુજરાતની અંદર છેલ્લાં કેટલાય વર્ષોથી આ રાજ્ય સરકારે લોકોને સસ્તો ન્યાય મળે, ઝડપી ન્યાય મળે, ઘરઆંગણે ન્યાય મળે એના માટે આજથી દસ વર્ષ પહેલાં જે બજેટ ફાળવતા હતા. તે સો કરોડ સવાસો કરોડનું બજેટ હતું અને ગત વર્ષમાં બજેટ જે મંજૂર કર્યુ તે લગભગ ૧૫૦૦ કરોડ રૂપિયા જેટલુ મંજૂર કર્યુ. જેના કારણે રાજય સરકારે સમગ્ર ગુજરાતની અંદર વહીવટી માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ થાય તેના માટે જે મુહીમ હાકલ કરી છે તેના કારણે સમગ્ર રાજયની અંદર ઇન્ફ્રાસ્ટ્રકચર ઘણું ઉત્તમ પ્રકારનું થયુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેના ઉપરાંત હાઇકોર્ટ દ્વારા તમામ જગ્યાઓ તમામ લેવલે ભરાય જાય તેના પ્રયત્નના ભાગરૂપે તેમણે તેમની જુદી જુદી કેડરો છે તે કેડરની અંદર પણ પ્રમોશન આપી અને તેમાં પણ ઝડપથી પ્રક્રિયા કરી છે. એવા સંજોગોમાં જો સ્મોલ કોઝ કોર્ટની હકુમત લેણાં-દાવા જે ૨ લાખ સુધીની છે તે હવે ૧૦ લાખ સુધીની કરવામાં આવે. રાજય સરકારની પોતાની સ્ટેટ લીટીગેશન પોલીસી છે અને તેના ભાગ સ્વરૂપે પણ આ રાજયના પડતર પ્રશ્નો, પડતર કેસોનો ઝડપથી નિકાલ થાય એના માટે રાજય સરકાર કટિબદ્ધ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રોવિન્શિયલ સ્મોલ કોઝ કોર્ટ એકટ-૧૮૮૭ હેઠળ રાજયમાં રાજકોટ ખાતે ૨ કોર્ટ, વડોદરા ખાતે ૩ કોર્ટ અને સુરત ખાતે ૨ સ્મોલ કોઝ કોર્ટ કાર્યરત છે. અને એના પ્રોવિન્શિયલ સ્મોલ કોઝ કોર્ટ એકટ હેઠળ કેસો ચલાવવાની કલમ-૧૫ મુજબ એને હકુમત આપેલી છે. બે લાખથી વધારે નાણાંકીય મૂલ્યો અંગેની લ્હેણી રકમ વગેરેના દિવાની કેસો તે જે તે જિલ્લાની સિવિલ કોર્ટમાં દાખલ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ધ પ્રોવિન્શિયલ સ્મોલ કોઝની આ કલમ-૧૫ હેઠળના અને તેના શેડ્યુલ-બેમાં જણાવ્યા સિવાયના દાવાઓ ચલાવવાની હકુમત છે તેમાં માનનીય અધ્યક્ષશ્રી, લ્હેણાંના દાવાઓ એટલે કે, money issue, ભાડા ધારાના ભાડુઆત માલિક વચ્ચેના ભાડાના તથા મકાન કબજાના દાવાને લગભગ તેના લગત તમામ લીટીગેશનો આ કાયદા હેઠળ સિવિલ કોર્ટને લાયસન્સી દાવા સમરી તરીકે ચલાવવાની સત્તા છે. આમાં જે સુધારો છે તેની કલમ-૧૫, આ કલમ-૧૫ના શેડ્યુલ-બેમાં દર્શાવ્યા સિવાયના તમામ પ્રકારના દાવાઓ કે જેનું નાણાંકીય મૂલ્ય રૂપિયા બે લાખ કરતાં વધારે ન હોય તેવા કેસો ચલાવવાની હકુમત પ્રોવિન્શિયલ સ્મોલ કોઝ કોર્ટને છે. આ નવી સૂચિત જોગવાઇ છે તેમાં નાણાંકીય મૂલ્ય રૂપિયા ૧૦ લાખ એવો સુધારો કરવાનો થાય. તેની સાથે આ બિલના સુધારા ક્રમાંકઃ૩ની અંદર પડતર કેસોની તબદીલીના સંદર્ભમાં આ સુધારા પહેલાં કોર્ટમાં ગયેલાં પક્ષકારોને મળી ના શકે જેથી પડતર કેસો અંગે પણ જોગવાઇ કરવાની જરૂરિયાત છે અને તેના ભાગ સ્વરૂપે ઉપરોકત કલમ-૧૫માં થનારા સુધારા પ્રમાણે જે તે જિલ્લાની દિવાની અદાલતોમાં સ્મોલ કોઝ કોર્ટ ચલાવી શકે તેવા પડતર દિવાની દાવાઓ કે જેની વિષયવસ્તુ રૂપિયા ૨ લાખ કરતા વધારે પરંતુ રૂપિયા દસ લાખ કરતા ઓછી હોય તે આ સુધારા બાદ યોગ્ય હકુમત ધરાવતી સ્મોલ કોઝ કોર્ટમાં આગળની કાર્યવાહી માટે તબદીલ થશે એટલે માનનીય અધ્યક્ષશ્રી, પડતર કેસોના સંદર્ભની અંદર પણ આની અંદર એનો સમાવેશ કરવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ કોર્ટમાં જવાના કારણે તેની જે પ્રક્રિયા છે તેની પ્રક્રિયાની પ્રોસેસ ઘણી ઝડપી હોવાના કારણે અને માનનીય હાઇકોર્ટનું સૂચન છે અને રાજય સરકાર માને છે કે ગુજરાતભરની અંદર જે લીટીગન્સ છે તે લીટીગન્સને તેના દાવાનો ઝડપથી નિકાલ મળે તેના માટે આ સુધારા સાથે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આ બિલ લઇને હું ઉપસ્થિત થયો છું.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી(રાવપુરા) : માનનીય અધ્યક્ષ મહોદય, વાસ્તવિકતા સ્વીકારનારી આ ગતિશીલ ગૌરવશાળી ગુજરાતના વિધાનગૃહમાં માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા સાહેબ જે આ પ્રોવેન્શિયલ સ્મોલ કોઝ કોર્ટ ગુજરાત સુધારા વિધેયક–૨૦૧૫નું વિધેયક ક્રમાંક નંબર–૨ ગુજરાત રાજયને લાગુ પડતો હોય તેટલે સુધી પ્રોવિન્શિયલ સ્મોલ કોઝ કોર્ટ અધિનિયમ–૧૮૮૭ સુધી સુધારવા બાબતનું વિધેયક જે લાવ્યા છે તે ખરેખર ખૂબ પ્રશંસનીય છે. કારણ એ છે કે વાસ્તવિકતા આ સરકારે સ્વીકારી કે સ્મોલ કોઝ કોર્ટ જે વડોદરા, રાજકોટ, સુરતમાં આવેલી છે. તેમાં રેન્ટ એકટના ખલાસ થઇ જવાથી રેન્ટ એકટના દાવાઓ ખૂબ ઓછાં થઇ ગયા. એને કારણે કોર્ટને પણ કામની જરૂરત હતી, એ સંજોગોમાં માત્ર બે લાખ સુધીની મર્યાદા હોવાથી એટલી કિંમતના દાવાઓ જ સ્મોલકોઝ કોર્ટમાં ચાલતા હતા, પરંતુ આ સુધારાથી એક સ્પીડી અભિગમ જે ગુજરાત સરકારનો રહ્યો છે તે અમલી બનશે અને દસ લાખ સુધીની મર્યાદાના તમામ કેસો તેમજ સમરી કેસો તરીકે જે કેસો કોર્ટમાં ચાલતા હોય છે અને સમરી કેસો ચાલવાને કારણે કેસોનો ન્યાય ખૂબ ઝડપી આવે છે અને તેના કારણે લીટીગન્સ છે તેમને ખૂબ મોટો ફાયદો થવાનો છે. વડોદરામાં ૩ કોર્ટોમાં ૨૬૯૯ દાવાઓ અને રાજકોટમાં ૨૧૨૩ દાવાઓ એ મુજબના દાવાઓ પેન્ડીંગ છે. આ દાવાઓ જે અન્ય અદાલતોમાં છે તેવા દસ લાખની મર્યાદા નહીં હોવાને કારણે બીજી ઉપલી અદાલતોમાં છે તે તમામ હવે સ્મોલકોઝ કોર્ટમાં દાખલ થઇ શકશે. એટલે ટુ જી માંથી થ્રી જી થવાનું છે. એટલે આ ગતીશીલ અભિગમ સાથે ગતિશીલ ગુજરાત બનશે માટે માનનીય મંત્રીશ્રીના આ સુધારાને હું હૃદયપૂર્વક ટેકો આપું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (કાયદો અને ન્યાયતંત્રમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહના માનનીય સભ્ય અને વિદ્વાન એડવોકેટ શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી આ કાયદાની લોકજીવન ઉપર અસર અને ગુજરાતની ગતિશીલતામાં વધારાના સંદર્ભમાં મારા બિલની સાથે હાર્દ સાથે સંમત થયા છે અને બિલને સમર્થન આપ્યું છે માટે આ બિલને પસાર કરવા માટેની આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવે તેવી વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (કાયદો અને ન્યાયતંત્રમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૧૫નું પ્રોવિન્શિયલ સ્મોલ કોઝ કોર્ટ (ગુજરાત સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો**.

**કલમ–૨ અને ૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (કાયદો અને ન્યાયતંત્રમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૧૫નું પ્રોવિન્શિયલ સ્મોલ કોઝ કોર્ટ (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

સભાપતિશ્રી : સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૧૫નું પ્રોવિન્શિયલ સ્મોલ કોઝ કોર્ટ (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તેને પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૩

પ્રેસિડન્સી સ્મોલ કોઝ કોર્ટ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૫

## અમદાવાદ શહેરને લાગુ પડે છે તેટલે સુધી, હવે પછી ઉપસ્થિત થતા હેતુઓ માટે પ્રેસિડન્સી સ્મોલ કોઝ કોર્ટ અધિનિયમ, ૧૮૮૨ વધુ સુધારવા બાબત વિધેય

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૫નું વિધેયક• ક્રમાંક–૩–સન ૨૦૧૫નું પ્રેસિડન્સી સ્મોલ કોઝ કોર્ટ (ગુજરાત

• વિધેયક તા. ૧૨મી ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ થયું.

સુધારા) વિધેયક આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

સભાપતિશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૩–સન ૨૦૧૫નું પ્રેસિડન્સી સ્મોલ કોઝ કોર્ટ (ગુજરાત સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા: માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના બિલમાં કહ્યું એ પ્રમાણે ગુજરાત રાજયે છેલ્લા ૧૪ વર્ષમાં ખૂબ જ વિકાસ અને પ્રગતિ કરી છે. રાજયના સર્વાંગી વિકાસના કારણે લોકોની સ્થાવર મિલ્કતોમાં નાણાકીય વધારો થવાને કારણે જે બે લાખ સુધીની કોર્ટોની હકુમત આવતી હતી એના કારણે અરજદારોને પોતાના કેસોના નિકાલ કરવા માટે ઉપરની કોર્ટોમાં એનું ભારણ વધારે રહેતું હતું. ત્યાં ભારણ વધારે રહેવાના કારણે એને સમયસર ન્યાય મળવાની અંદર સમસ્યા રહેતી હતી. તેવા સંજોગોમાં માનનીય હાઇકોર્ટ દ્વારા સૂચન કરવામાં આવ્યું અને એ સૂચનના આધાર ઉપર આપણે મૂળ એકટની અદર એની કલમ ૧૮, ૨૦, ૨૨, ૪૧, ૭૧ અને ૭૨માં સુધારો કરવાની આવશ્યકતા ઉભી થયેલ અને એના ભાગ સ્વરૂપે આ બિલ લઇને આવ્યો છું.

આ સંજોગોમાં કોમર્શિયલ ટ્રાન્ઝેકશનના સંદર્ભમાં કોઇ લેણા દાવા સિવિલ કોર્ટમાં દાખલ થાય તો સમય લાગે છે. તેથી જો આ દાવાઓ સમરી પ્રક્રિયાથી આ કોર્ટમાં ચાલે તો તેનો ત્વરિત નિકાલ થઇ શકે તેમ છે. તે જ રીતે, ભાડા –કબજાના દાવાઓ અને લેણા દાવાઓનો પણ ત્વરિત નિકાલ થઇ શકે તેમ છે.

છેલ્લા દાયકામાં રાજય સરકાર તરફથી કોર્ટોની સંખ્યામાં વધારો કરવામાં આવેલ છે તથા તમામ માળખાગત સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે. નવી ભરતી કરવામાં આવી છે. તથા બઢતીમાં પ્રમોશન આપવામાં આવ્યા છે એના કારણે આજે ગુજરાત ભરમાં જયુડીશીયરીને લગતા ઇન્ફ્રાસ્ટ્રકચર સારી રીતે કરી શકયા છીએ.

લિટિગન્ટસને ઝડપી અને સસ્તો ન્યાય હાલના વિકાસના દરને ધ્યાને રાખીને પૂરો પાડવા તેમજ લોકોનો વિશ્વાસ ટકી રહે તે મુદ્દાને પણ લક્ષમાં રાખતા રાજય સરકારને માનનીય હાઇકોર્ટ દ્વારા જે સુધારા સૂચવ્યા છે એ અત્યંત અગત્યના છે.

ધી પ્રેસિડન્સી સ્મોલ કોઝ કોર્ટ એકટ, ૧૯૮૨માં રાજય સરકાર દ્વારા અને સને ૧૯૬૧ના એમેન્ડમેન્ટથી અમદાવાદ શહેરનો સમાવેશ કરેલ છે. જે અન્વયે પ્રેસિડન્સી સ્મોલ કોઝ કોર્ટ કાયદાની કલમ ૧૮ મુજબના કેસો ચલાવવાની હકુમત અમદાવાદમાં આવેલ સ્મોલ કોઝ કોર્ટ ધરાવે છે.

અમદાવાદમાં ૧૪ જેટલી સ્મોલ કોઝ કોર્ટસનું મહેકમ ન્યાયધીશ સહિત મંજૂર કરવામાં આવેલ છે જે પૈકી હાલ ૧૧ કોર્ટ કાર્યરત છે. અમદાવાદમાં આજની સ્થિતિએ આ તમામ કોર્ટોમાં અંદાજીત ૧૨ હજાર જેટલા કેસો પડતર છે. જેમાં લેણા દાવાઓ (મની સ્યુટ) જેવા કે નેગોશિએબલ ઇન્સ્ટુમેન્ટ એકટ હેઠળના અને વેપારી વ્યવહાર અંગેના દાવાઓ. ભાડા ધારાના ભાડૂઆત–માલિક વચ્ચેના ભાડાના તથા મકાન કબજાના દાવાને લગતા તમામ લિટિગેશન તથા કલમ–૪૨માં કોર્ટને લાઇસન્સીના દાવા સમરી રીતે ચલાવવાની પણ સત્તા છે. આ દાવાઓનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

હાલમાં રૂપિયા બે લાખથી વધારે નાણાકીય વિષય વસ્તુ અંગેના દિવાની કેસો સિટી સિવિલ કોર્ટમાં દાખલ કરવામાં આવે છે. ધ પ્રેસિડન્સી સ્મોલ કોઝ એકટમાં રાજય સરકાર દ્વારા છેલ્લો સુધારો સન ૨૦૦૨માં કરવામાં આવેલ હતો. એ ૨૦૦૨માં સુધારો કરવામાં આવ્યો એ પ્રમાણે આ વખતે બીજો સુધારો કરવાથી વધારે અસરકારકતા ઉભી કરી શકીશું. બીજો સન ૨૦૦૪માં બોમ્બે કોર્ટ ફ્રીઝ એકટ રીપીલ કરી નાખ્યો એની જગ્યાએ ગુજરાત કોર્ટ ફ્રીઝ એકટ દાખલ કરવામાં આવ્યો. આ એકટની સંબંધિત જોગવાઇઓ લાગુ પડે તે માટે કલમ ૭૧ માં તથા ૭૨માં સુધારો કરવો જરૂરી બને છે.

ધ પ્રેસિડન્સી સ્મોલ કોઝ એકટની કલમ ૧૮, ૨૦, ૨૨ તથા ૪૧માં સુધારા થવાથી હાલના સ્મોલ કોઝ કોર્ટ ચલાવી શકે તેવા પડતર કેસો એટલે કે સિટી સિવિલ કોર્ટમાં પડતર દાવાઓ યોગ્ય નાણાકીય હકુમત ધરાવતી સ્મોલ કોઝ કોર્ટમાં તબદીલ કરી શકીશું. આ જે મૂળ ૧૮ નંબરની કલમ છે એમાં બે લાખનો ઉલ્લેખ કર્યો છે એ ૨ લાખની જગ્યાએ ૧૦ લાખ કરવાનું સૂચિત કર્યું છે. એ પ્રમાણે કલમ–૨૦માં જયાં પક્ષકારો કરાર દ્વારા એવી સંમતિ દર્શાવે કે કોઇ તકરારનું નિરાકરણ સ્મોલ કોઝ કોર્ટ દ્વારા કરવામાં આવશે તેવા દાવાની નાણાકીય હકુમત રૂ. ૨ લાખ કરતા વધારે હોય તો તે દાવા સ્મોલ કોઝ કોર્ટ ચલાવી શકે. આમાં પણ ૨ લાખની જગ્યાએ ૧૦ લાખ કરવા, કલમ–૨૨માં પણ તેની જે એ અને બી માં જે ઉલ્લેખ કર્યો છે એ જોગવાઇમાં પણ ૨ લાખના સ્થાને ૧૦ લાખ રૂપિયાનો ઉલ્લેખ કરવો. એ પ્રમાણે કલમ–૪૧માં પણ જે ૨ લાખનો ઉલ્લેખ કર્યો છે તેમાં ૧૦ લાખ રૂપિયા એવો સુધારો કરવાનો થાય છે. તેના ઉપરાંત ઇન્સ્ટીટ્યુશન ફી અને એનામાં જે બોમ્બે કોર્ટ ફીઝ એકટ–૧૯૫૯ના ચેપ્ટર–૩ માં જણાવ્યા પ્રમાણે કોર્ટની ફીઝ વસૂલ લેવા માટેની જોગવાઇ છે તેની જગ્યાએ ગુજરાત કોર્ટ ફીઝ એકટ–૨૦૦૪ના ચેપ્ટર–૨ તે મુજબનો સુધારો કરવાનો થાય છે. એ પ્રમાણે કલમ–૭૨. કલમ–૭૨માં પણ કોર્ટ ફીઝ એકટ–૧૯૫૯ની કલમ–૩૨ અનુસાર માનનીય હાઇકોર્ટ નક્કી કરે તે રીતની પ્રોસેસ ફી રજૂ કરવાની રહે તેવી જોગવાઇ છે તેના સ્થાને આ કલમમાં પણ બોમ્બે કોર્ટ ફીઝ એકટ–૧૯૫૯ની જગ્યાએ ગુજરાત કોર્ટ ફીઝ એકટ–૨૦૦૪નો સુધારો કરવાનો થશે. આ ઉપરાંત પડતર કેસોની તબદીલીના સંદર્ભમાં પણ સુધારા ક્રમાંક–૮ અને એમાં ઉપરોકત કલમોમાં થતાં સુધારાના કારણે સિટી સિવિલ કોર્ટમાં સ્મોલ કોઝ કોર્ટ ચલાવી શકે તેવા પડતર દીવાની દાવાઓ કે જેની વિષયવસ્તુ રૂ. ૨ લાખ કરતા વધારે હોય પરંતુ ૧૦ લાખ કરતા ઓછી હોય તે આ સુધારા બાદ ઓટોમેટીકલી સ્મોલ કોઝ કોર્ટની અંદર આગળની કાર્યવાહી માટે તબદીલ થઇ શકશે. એટલે સ્મોલ કોઝ કોર્ટ ચલાવી શકે તેવા રૂ. ૨ લાખથી વધુ પરંતુ ૧૦ લાખથી ઓછી રકમના જે દાવા હાલ સિટી સિવિલ કોર્ટમાં ચાલે છે એ બધા જ કેસો સ્મોલ કોઝ કોર્ટની અંદર તબદીલ થઇ જશે અને તેના કારણે અરજદારને ન્યાય અસરકારકતાથી અને ઝડપી મળી શકે એવા આશયથી આ બિલ સન્માનનીય સભાગૃહ સમક્ષ લઇને આવ્યો છું.

શ્રી અજયકુમાર જ. ચોક્સી(સુરત (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, કાયદામંત્રી માનનીય શ્રી પ્રદિપસિંહજી અહીં જે સુધારા વિધેયક લાવ્યા છે તેને હું આવકારું છું. આ સુધારાને કારણે હવે જે હજારો કેસો સિટી સિવિલ કોર્ટની અંદર પેન્ડીંગ છે. આ સ્મોલ કોઝ કોર્ટની અંદર લિમિટેડ હેતુઓ માટેના કેસો હોવાને કારણે અહીં કેસોનો નિકાલ ખૂબ ઝડપથી થઇ શકશે અને તેના દ્વારા લોકોને ખૂબ ઝડપથી ન્યાય મળશે.

માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી તે મુજબ માળખાકીય સુવિધાની પાછળ ગુજરાત સરકાર જે બજેટ ખર્ચે છે તેની અંદર અનેકગણો વધારો કરવામાં આવ્યો છે. આ અગાઉ અમારા સુરત શહેરમાં પણ નવા કોર્ટ બિલ્ડીંગના ઉદ્‌ઘાટન પ્રસંગે માનનીય કાયદા મંત્રીશ્રીની હાજરીમાં માનનીય હાઇકોર્ટ અને માનનીય સુપ્રીમ કોર્ટના જજોએ પણ જાહેરમાં એ વાતનો એકરાર કર્યો કે ગુજરાત આ માળખાકીય સુવિધાઓ ઉભી કરવામાં આખા દેશમાં અગ્રેસર રાજય રહ્યું છે અને તેના કારણે જ્યુડિશિયરીમાં પણ તમામ પ્રકારની સુવિધાઓ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત થઇ શકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે અધિનિયમની કલમ–૧૮, ૨૦, ૨૨, ૪૧ને બદલે હવે નવી કલમો ૨, ૩, ૪ અને ૫ તેમાં નવો સુધારો આવ્યો છે જેને હું આવકારું છું. સાથે સાથે જે ગુજરાત કોર્ટ ફી અધિનિયમ–૨૦૦૪ના પ્રકરણ–૨ મુજબ જે કોર્ટ ફી સ્ટેમ્પ હવે પછી લેવામાં આવશે એટલે તેની પણ કલમ–૭૧ અને ૭૨માં જે સુધારો સૂચવવામાં આવ્યો છે અને નવા અધિનિયમમાં કલમ–૬ અને ૭ થી તેની જોગવાઇ કરવામાં આવી છે તેને આવકારું છું. આમ આપણને લાગે કે, આ સુધારો નાનો છે, પણ એની અસર ખૂબ વ્યાપક થવાની છે. સીટી સિવિલ કોર્ટમાંથી કેસ સ્મોલ કોઝ કોર્ટમાં દાખલ કરવામાં આવે છે. એ સિવાયના અનેકગણા અનેક દાવાઓ દાખલ થતા હોય છે. પ્રેસિડન્સી સ્મોલ કોઝ કોર્ટમાં હજારો અને લાખોની સંખ્યામાં કેસો પેન્ડીંગ હોવાથી લોકોને ન્યાય મેળવવામાં વિલંબ થાય છે. મારા સાથી ધારાસભ્યશ્રીએ સ્મોલ કોઝ કોર્ટમાં પેન્ડીંગ દાવાઓની સંખ્યા જણાવી. હવે સ્મોલ કોઝ કોર્ટમાં કામ ખૂબ ઓછું છે. આ સ્મોલ કોઝ કોર્ટમાં

હજારોની સંખ્યાની અંદર પેન્ડીંગ દાવાઓ તબદીલ થવાના કારણે ન્યાય સસ્તો અને ઝડપી મળશે. એ માટે ગુજરાત સરકાર પ્રતિબદ્ધ છે એ આ વાતથી સાર્થક થાય છે. હું ફરીથી આ સુધારાને આવકારું છું અને એને સપોર્ટ કરવા માટે તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (કાયદો અને ન્યાયતંત્રમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રેસિડન્સી સ્મોલ કોઝ કોર્ટ( ગુજરાત સુધારા) વિધેયકના સંદર્ભમાં માનનીય સભ્યશ્રી અજયભાઇએ બહુ વિસ્તારપૂર્વક વાત કરી. મારે એટલું જ કહેવું છે કે, આ સરકાર રાજ્યના પડતર કેસોના જે અરજદારો હોય, એ અરજદારોને સમયસર ન્યાય ન મળવાના કારણે એમની વેદના છે એ વેદના વ્યાપક છે. એવા અરજદારોની સંવેદનાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ન્યાયની પ્રક્રિયા અને ન્યાય લોકોને ઝડપથી મળે એના માટે સર્વાંગી પગલાં લેવાના ભાગરૂપે આ સુધારો લાવ્યા છીએ. પ્રેસિડેન્સી સ્મોલ કોઝ કોર્ટમાં લગભગ ૧૨૦૦૦ જેટલા કેસો પેન્ડીંગ છે. એ આના માધ્યમથી એવા અરજદારોને એમનો ચુકાદો ઝડપથી મળશે અને એમને ન્યાય માટે આસ્થા ઉદભવશે. આ સુધારાને અજયભાઇએ સમર્થન આપ્યું છે એને આ સમગ્ર સભાગૃહ મંજૂરી આપે એવી વિનંતી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંક–૩ સન ૨૦૧૫નું પ્રેસિડન્સી સ્મોલ કોઝ કોર્ટ( ગુજરાત સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ –૨ થી ૮, કલમ–૧, દીર્ઘ સંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંક–૩ સન ૨૦૧૫ના પ્રેસિડન્સી સ્મોલ કોઝ કોર્ટ( ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

સભાપતિશ્રી : સન ૨૦૧૫ના ગુજરાત વિધેયક ક્રમાંક–૩, સન ૨૦૧૫ના પ્રેસિડેન્સી સ્મોલ કોઝ કોર્ટ (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ બપોરના ૩:૪૯ વાગ્યે પૂરું થતાં સભાગૃહ સભાપતિશ્રીના આદેશાનુસાર મંગળવાર તા.૨૪મી ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ બપોરના ૧૨:૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું .**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫**
**ફાલ્ગુન ૫, ૧૯૩૬ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું**
**સભાપતિ ડો. નીમાબેન બી. આચાર્ય અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

### મોરબી જિલ્લામાં જળાશયોમાંથી કાંપ કાઢવાની કામગીરી

* ૧૪૪૫૧ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મોરબી જિલ્લામાં મે–૨૦૧૫ સુધીમાં ખાલી જળાશયોમાં સરકારનું કાંપ કાઢવાનું આયોજન છે કે કેમ, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો કેટલા જળાશયોમાં આ કામગીરી હાથ ધરવામાં આવશે ? | (૨) ૬ (છ) જળાશયોમાં આ કામગીરી હાથ ધરવામાં આવશે. |

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા: માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલને અભિનંદન પાઠવું છું. એના માટેનો એક દાખલો આપવા માગું છું. મચ્છુ–રમાંથી કાંપ કાઢવાનો હતો, એને ઉંડો કરવાનો હતો, એના માટે ૭૦ લાખ રૂપિયા મંજૂર થયા. ૨૫ લાખમાં એ ગાળ પાંજરાપોળની જમીનમાં નાંખ્યો અને એનાથી બે હજાર વીઘા જમીન ખેડીએ છીએ. તો આવી રીતે તળાવો ઉંડા કરવાની વાત છે, ડેમો ઉંડા કરવાની વાત છે એમાં ખેડૂતો પોતાના વાહનોમાં માટી લઇ જાય તો એનાથી સરકારને અને ખેડૂતોને ફાયદો થાય છે. આ રીતે તળાવો અને ડેમો ઉંડા કરવાથી ખેડૂતોને શું ફાયદો થાય છે એ હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય સભ્યશ્રીએ જળાશયો ઉંડા કરવાનો હેતુ અને એનાથી થતો લાભ એવો પ્રશ્ન પૂછયો, એનો જવાબ મેં લેખિતમાં આપ્યો છે. એમાંથી એમનો પૂરક પ્રશ્ન છે એમાં ડેમો ઉંડા થાય અને એના લીધે પાણીનો ભરાવો વધારે થાય જ પણ એનો આડ લાભ શું થાય છે તો તળાવનો જે કાંપ છે એને ખેડૂતોએ પોતાના ખેતરમાં ભરવો હોય તો ભરી શકે એટલા માટે સરકારે ટેન્ડરની અંદર જોગવાઇ જ એવી રાખી છે કે તળાવોની અંદરની કાંપ કાઢવાનો હોય ત્યારે જે ઠેકેદાર છે એણે ખેડૂત પોતાનું જે કંઇ વાહન મૂકે એને ભરી દે અને એ ખાતર જેવી માટી ખેતરની અંદર ભરે એવી રીતની પણ જોગવાઇ રાખવામાં આવી છે. એના કારણે આ વિસ્તારના ખેડૂતોને ખૂબ લાભ થયો છે. એક તો પાણીનો સંગ્રહ ઉપરાંત આ વધારાનો લાભ થયો છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ જળાશયો ઉંડા કરવાની હાલની નીતિ શું છે અને કામો કઇ પદ્ધતિથી હાથ પર લેવામાં આવે છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : તળાવો ઉંડા કરવાનું કામ ટેન્ડર પદ્ધતિથી આપવામાં આવે છે. ટેન્ડરની અંદર બે પ્રકારની જોગવાઇ છે એક તો ઠેકેદાર માટી ખોદે અને એક કિલોમીટરની રેન્જમાં એ માટી ડમ્પ કરવાની. બીજું ઠેકેદાર માટીનું ખોદકામ કરે અને જો ખેડૂતને પોતાના ખેતર માટે માટીની જરૂર હોય અને ખેડૂત જો પાતાનું વાહન મૂકી તો એના દ્વારા એ માટી લઇ જઇ શકે છે. એટલે આ બે પ્રકારની પદ્ધતિ છે. ખોદકામ થયેલ માટી ખેડૂતોને લઇ જવી હોય તો લઇ જઇ શકે છે એને પોતાના ખેતરના પાળા મજબૂત કરવા હોય એ અથવા બીજા કોઇ સરકારી કામ ચાલતા હોય તો એની અંદર આપવાની પણ આમાં જોગવાઇ છે.

શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા : હમણાં માનનીય સભ્યશ્રીએ વાત કરી કે મચ્છુ–૨માંથી માટી લઇ અને ગૌશાળામાં નાખવામાં આવી, તો વાંકાનેર પાસે આવેલા મચ્છુ–૧ ડેમમાંથી કયારે કાંપ કાઢવામાં આવશે અને કયારે એનો નિકાલ કરવામાં આવશે. અત્યારે છ જળાશયોમાંથી આપે કાંપ ઉપાડયો છે એ કયા કયા જળાશયો છે અને કયારે કાંપ ઉઠાવવામાં આવ્યો છે. બીજું સૌની યોજનામાં મચ્છુ–૧ અને ૨માં નર્મદાનું પાણી આવવાનું છે એ નર્મદાના પાણી મચ્છુ–૧ અને ૨માં આવે એ પહેલા આ કામગીરી પૂરી કરવામાં આવશે કે એ પછી થશે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : પ્રશ્ન માત્ર મોરબી જિલ્લા પૂરતો જ પૂછવામાં આવ્યો છે. માનનીય સભ્યશ્રીએ છ ડેમોની વાત કરી. જે છ ડેમની વાત કરી તેમાં ડેમી, વણાઘરોઇ, બ્રાહ્મણી–૧, સીંધાવદર, કોઠારીયા અને ઘૂનડા જળાશયો છે તેમાંથી માટી કાઢવાનું કામ થયું છે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, જળ સંચયના આશયથી જે તળાવો ઉંડા કરવામાં આવે છે તેમાં થતી ગેરરીતિ અટકાવવા માટે કયા કયા પગલાં લેવામાં આવશે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : જળાશયો ઉંડા ઉતારવાનું કામ કરવામાં આવે છે તેમાં સરકારે એવી પદ્ધતિ અપનાવી છે કે તેમાં ગેરરીતિને કોઇ આવકાશ જ ન રહે. જળાશયો ઉંડા ઉતારવામાં ટેન્ડરની જોગવાઇ છે તેમાં જયારે કામ આપવામાં આવે ત્યારે જળાશયોમાં કામ શરૂ કરતા પહેલાં ગુણવત્તા નિયમનનો સ્વતંત્ર હવાલો ધરાવતા અધિકારીની હાજરીમાં જોઇન્ટ ઇનિશિયલ મેજરમેન્ટ લેવામાં આવે છે. કાર્યપાલક ઇજનેરશ્રી–ગુણવત્તા નિયમન દ્વારા રેન્ડમલી કામોની ચકાસણી કરવામાં આવે છે. કામો શરૂ કરવાના તથા કામો પૂર્ણ કરવાના ફોટોગ્રાફી રેકોર્ડ રાખવામાં આવે છે. જળાશયની વર્કસાઇટ પર ‘ વિના મૂલ્યે અહીં કાંપ ભરી આપવામાં આવે છે.’ તે પ્રકારના હોર્ડીંગ રાખવામાં આવે છે અને જળાશયોમાં કાઢવામાં આવેલ કાંપના જથ્થાનો અઠવાડિક અહેવાલ રજૂ કરવામાં આવે છે. એટલે આમાં ગેરરીતિ ન થાય તેના માટેના બધા જ પગલાં લેવામાં આવે છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે તેમણે જવાબમાં એમ કહ્યું છે કે ખેડૂતો આ કાંપ લઇ જઇ શકે છે. સરકારનું પોલીસ ખાતુ અને રેવન્યુ ખાતુ ખેડૂતોને આ બાબત વારંવાર અટકાવે છે અને વારંવાર કેસ કરે છે. તો આ બાબત સરકારની નીતિ શું છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સરકારની નીતિ પ્રમાણે જે મેં હમણાં પહેલાં વાત કરી તે પ્રમાણે નીતિ છે. કોઇપણ તળાવ ઉંડું કરવાનું હોય અને જો ખેડૂતોને એ માટી લઇ જવાની હોય તો તેમાં કોઇ રોયલ્ટી લેવામાં આવતી નથી. તેની મંજૂરીની સત્તા પણ સ્થાનિક લેવલે આપવામાં આવી છે. એટલે માનનીય સભ્યશ્રીએ એમ કહ્યું કે કોઇ અટકાવે છે એ એમના ઘ્યાનમાં હોય તો અમારું ઘ્યાન દોરે. અમે તેમને અટકાવીશું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે કે આ કામો ટેન્ડરથી આપવામાં આવે છે. ઠેકેદાર એજન્સી ફિક્સ કરવામાં આવે છે અને ખેડૂતોને વિના મૂલ્યે આપવામાં આવે છે. મારે એ જાણવું છે કે આ છ જળાશયોમાંથી ખેડૂતોને વિના મૂલ્યે આપવાની વાત કરી છે. ખરેખર ખેડૂતો પાસેથી ઠેકેદારો દ્વારા ટ્રેકટર દીઠ રૂ. ૧૦૦ થી ૩૦૦ ઉઘરાવવામાં આવે છે. આવી કોઇ ફરિયાદ રાજય સરકારને મળી છે ખરી? જો હા, તો રાજય સરકારે આ અંગે શા પગલાં લીધાં?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : ના, જી.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય મંત્રીશ્રીને એક વિનંતી કરવાની છે કે આ જે તળાવના અને ચેકડેમના પૈસા ફાળવતા હોય તેના ટેન્ડરની કાર્યવાહી થતી હોય તો તેમાં ચોમાસા પહેલાંનો એક મહિનો કામ માટે મળે છે. આ કામગીરી ચોમાસા પહેલાં ચારથી છ મહિના પહેલાં થાય તો આ તળાવ અને ડેમની કામગીરીમાં આ સમયનો અને પૈસાનો યોગ્ય ઉપયોગ થાય અને ખેડૂતોને પણ ફાયદો થાય.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : સભ્યશ્રીનું સૂચન છે.

**દાહોદ જિલ્લામાં પશુ આરોગ્ય મેળા**

* ૧૩૮૮૬ **શ્રી વીછીયાભાઇ જો. ભુરીયા (લીમખેડા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન દાહોદ જિલ્લામાં કેટલા પશુઆરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૧૭૫ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૪૨,૮૧૩ |
| (૩) તેમાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૧,૫૦,૭૨૫ |

શ્રી વિછીયાભાઇ ભુરીયા : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં કૃષિ મહોત્સવમાં કેટલા પશુ આરોગ્ય મેળા કરવામાં આવ્યા અને તેમાં કયા પ્રકારની સારવાર આપવામાં આવેલ છે? મારો બીજો પ્રશ્ન છે કે દાહોદ જિલ્લામાં પશુ આરોગ્ય મેળામાં જે દવા કરવામાં આવી છે તેમાં જિલ્લાની અંદર દૂધ વધારો કરવામાં આવેલ છે કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, પશુ આરોગ્ય મેળામાં સિઝેરિયન, રુમેનોટોમી, પેશાબમાં પથરી, ગાંઠ, મોતિયાના ઓપરેશન, ખરી, આંખના મસાનું ઓપરેશન, અસ્થિભંગ, ઝાડા, આફરો, અપચો, ન્યુમોનિયા, ચકરી, તાવ, ચામડીના રોગો આવા અનેક પ્રકારના રોગની સારવાર કરવામાં આવે છે. અને જે પશુ આરોગ્ય મેળા થાય છે અને સારવાર કરવામાં આવે છે તેના લીધે જિલ્લાની અંદર ૨૦૦૪–૦૫માં દૂધ ઉત્પાદન ૧.૮૦ લાખ મેટ્રીક ટન હતું એમાંથી વધીને આજે ૨.૫૮ લાખ મેટ્રીક ટન દૂધનો વધારો થયો છે.

શ્રી ગોવાભાઇ રબારી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ૧૭૫ મેળાઓ થયા છે. એમાં ૪૨,૮૧૩ પશુઓને સારવાર આપી છે અને ૧,૫૦,૭૨૫ પશુઓને રસી આપી છે. જ્યાં મેળાઓ નથી કર્યા એ જિલ્લાઓમાં લાખો પશુઓ છે એની સારવાર શું કરી અને જે રસી આપી છે એ રસી તો દરેકને આપવાની હોય. તો ક્યા પશુઓને રસી આપી? ગાય, ભેંસ, ઘેંટા, બકરા, ઉંટ જેવા પશુઓને રસી આપી છે કે કેમ? આ બાકી પશુઓ છે એમને કઇ જાતની સારવાર આપવામાં આવે છે? એમને રસી આપવાની શું વ્યવસ્થા છે? ઘેટા, બકરા અને ઉંટને રસી આપવામાં આવી છે કે કેમ?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, સારવાર આપવાની પ્રક્રિયા તો સતત ચાલે છે. પશુ આરોગ્ય અને કૃષિ મહોત્સવ હોય ત્યારે સારવાર આપવામાં આવે છે એનો પ્રશ્ન છે. આની અંદર બધા પ્રકારની સારવાર આપવામાં આવે છે. આ જે કૃષિ મહોત્સવનો ગાળો છે એની અંદર દાહોદ જિલ્લાના આઠ તાલુકાઓના ૬૦૬ ગામોને આવરી લીધેલા. એમાં ૮૫૨૩ પશુપાલકોએ ભાગ લીધેલો અને જે વર્ગવાર વાત છે એમાં દેવગઢબારીયામાં ગાય વર્ગના ૮૫૭૦ અને ભેંસ વર્ગના ૩૭૦૦ આમ કુલ ૧૨૨૭૦ પશુઓને સારવાર આપવામાં આવેલી. ધાનપુરમાં ગાય વર્ગના ૧૨૫૭૯ અને ભેંસ વર્ગના ૭૦૨૦ એમ કુલ ૧૯૫૯૯, દાહોદમાં ગાય વર્ગમાં ૬૪૩૦ અને ભેંસ વર્ગમાં ૨૭૧૧ અને ઘેટા વર્ગમાં ૫૦૦, એમ કુલ ૯૬૪૬, ફતેપુરામાં ભેંસ વર્ગમાં ૧૫૦૯૩ અને ઘેટા વર્ગમાં ૪૦૦૦ કુલ ૧૯૦૯૩, ગરબાડામાં ગાય વર્ગમાં ૯૪૪૨ અને ભેંસ વર્ગમાં ૫૦૦૦ આમ કુલ ૧૪૪૪૨, ઝાલોદમાં ભેંસ વર્ગમાં ૧૧૩૩૨ અને ગાય વર્ગમાં ૪૮૦૦ અને ઘેટા વર્ગમાં ૭૫૦૦ એમ કુલ ૧૬૮૮૨, લીમખેડામાં ગાય વર્ગમાં ૨૧૩૭૦, ભેંસ વર્ગમાં ૮૮૫૭ ઘેટા વર્ગમાં ૭૫૦ આમ કુલ ૩૦૭૯૯, સંજેલીમાં ગાય વર્ગમાં ૨૧૦૦૦, ભેંસ વર્ગમાં ૬૮૨૧ એમ કુલ ૨૭૮૨૧. આમ બધા કુલ ૧૫૦૭૨૫ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં કુલ કેટલા પશુ આરોગ્ય કેન્દ્રો આવેલા છે, કેટલા ડોક્ટરોની જગ્યાઓ ખાલી છે અને આ ખાલી જગ્યાઓ ભરવા માગો છો કે કેમ?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન પશુઓને સારવાર માટેનો છે મહેકમ માટેનો નથી. એટલે મહેકમ માટેનો પ્રશ્ન અલગ રીતે પૂછવામાં આવશે તો જવાબ આપવામાં આવશે.

શ્રી આનંદભાઇ ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આટલા પશુઓને સારવાર આપી છે તો કેટલા ડોક્ટરો ઉપલબ્ધ છે અને કેટલા ડોક્ટરોની જગ્યાઓ ખાલી છે? તો સારવાર માટે બહારથી ડોકટરો મંગાવો છો?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ જવાબ આપ્યો. આ પ્રશ્ન મહેકમનો નથી. કુલ કેટલા પશુઓને સારવાર આપી એનો છે. આપ અલગ રીતે પ્રશ્ન પૂછજો એટલે જવાબ આપીશ.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, પશુ આરોગ્ય મેળાઓ વર્ષમાં કેટલીવાર કરવામાં આવે છે? અને તાલુકા કે જિલ્લા મથકે જે કોઇ ખેડૂત પોતાના પશુઓને સારવાર માટે લઇ આવે અને લઇ જાય એના આવવા-જવાનો ખર્ચ સરકાર ભોગવવા માગે છે કે કેમ?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, પશુ આરોગ્ય મેળાઓ પહેલાં વર્ષમાં એક જ વખત કૃષિ મહોત્સવ વખતે કરવામાં આવતા હતા. માનનીય મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદષ્ટીને લીધે હવે આપણે બે મોસમમાં રવિ મોસમ અને ખરીફ મોસમમાં કૃષિ મહોત્સવ શરૂ કરવામાં આવશે. આમ તો તાલુકાવાઇઝ અને ગામવાઇઝ થાય છે. અને એમાં આપનું સૂચન છે કે પશુઓને લાવવાનો ખર્ચ, દવાનો ખર્ચ તો એની જે દવા છે એ આખા રાજયમાં દરેક પશુઓને કોઇપણ જગ્યાએ ખાલી કૃષિ મહોત્સવ પૂરતું જ નહીં આખા રાજયમાં કોઇપણ સમયે આ દવાઓ છે એ વિનામૂલ્યે આપવામાં આવશે.

**દાહોદ જિલ્લામાં જમીન માપણીના પડતર કેસો**

* ૧૪૧૭૭ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર જમીન માપણી અંગેની કેટલી અરજીઓ કેટલા સમયથી પડતરમાં છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કુલ ૧૮ અરજીઓ પડતર છે. જેની તાલુકા વાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | માપણીના પડતર કેસો | ૧ માસ સુધીના | ૧ થી ૨ માસ સુધીના |
|---|---|---|---|
| દાહોદ | ૬ | ૬ | ૦ |
| ગરબાડા | ૧ | ૦ | ૧ |
| ઝાલોદ | ૫ | ૧ | ૪ |
| સંજેલી | ૦ | ૦ | ૦ |
| ફતેપૂરા | ૦ | ૦ | ૦ |
| લીમખેડા | ૩ | ૧ | ૨ |
| ધાનપુર | ૨ | ૦ | ૨ |
| દે.બારીઆ | ૧ | ૧ | ૦ |
| કુલ | ૧૮ | ૯ | ૯ |

(૨) આવા પડતર કેસો રહેવાના કારણો શા છે, અને

(૨) સમય મર્યાદામાં નિકાલ કરેલ હોઈ પ્રશ્ન નથી.

(૩) કેટલા સમયમાં જમીન માપણીની કામગીરી હાથ ધરી પૂર્ણ કરવામાં આવશે ?

(૩) તા. ૩૧-૦૧-૨૦૧૫ સુધી તમામ અરજીઓનો નિકાલ કરેલ છે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે દાહોદ જિલ્લામાં જમીન માપણીના ઘણા બધા પડતર કેસો પડેલા છે અને એ પડતર કેસો સ્ટાફ ન હોવાને કારણે પડેલા છે તો આ ખાલી જગ્યા સરકાર ભરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે કહ્યું કે ઘણા બધા કેસો પડતર છે એ હકીકત સાચી નથી. જે જમીનની માપણી કરવા માટે ખેડૂતો, જમીન માલિકો ડી.એન.આર. સમક્ષ રજૂઆત કરે એમાં જુદાજુદા પ્રકારની પદ્ધતિથી માપણી કરવામાં આવે છે. આ પત્રક પ્રમાણે કુલ જે અઢાર કેસ માપણીના પડતર છે એમાં એક મહિનાની સમયમર્યાદાના નવ છે અને એક મહિનાથી બે મહિના

સુધીની સમયમર્યાદાના નવ છે. આપણો નિયમ એવો છે કે માગણી આવેથી ૭૫ દિવસની અંદર જમીન માપણી કરી આપવાની રહે છે એટલે બન્ને કેસ જોઇએ એક મહિનાથી વધુના કે એક મહિનાથી ઓછાના તો બન્ને થઇને અઢાર થાય છે. બંન્ને ૭૫ દિવસની સમયમર્યાદામાં આવી જાય છે. એટલે ૭૫ દિવસ પૂર્ણ થાય પછી પડેલા પેન્ડિંગ કેસ કહેવાય, સમયમર્યાદામાં બધા કેસમાં ખેડૂતોની રજૂઆત પ્રમાણેની માપણી કરી આપીએ છીએ અને સ્ટાફનું બહેનશ્રીએ જે પૂછયું ત્યાં આગળ જિલ્લામાં કુલ સાત સર્વેયરોની જગ્યા મંજૂર થયેલી છે, સાતમાંથી છ જગ્યા સર્વેયરની ભરેલી છે.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગુ છું કે જમીન દફતર ખાતા દ્વારા કેવા ઇસમોને જમીન માપણી માટેનું લાયસન્સ આપવામાં આવે છે અને જમીન દફતર ખાતામાં અમલી લાયસન્સી સર્વેયરો કયા પ્રકારના માપણીના કેસોનો નિકાલ કરી શકે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે આ વખતે મહેસૂલમાં ખૂબ મોટા પ્રમાણમાં વહીવટી સુધારાઓ, ખેડૂતોના, જમીન માલિકોના હિતોનું રક્ષણ થાય, પારદર્શકતા વધે, જમીનોના વિવાદો ઓછા થાય, ભાઇઓ–ભાઇઓ, પડોશી–પડોશી, કુટુંબ કુટુંબના ખેડૂતો જમીનના માપ માટે, જમીનની હદ માટે લડતા હોય છે, વિવાદો ચાલતા હોય છે, ફોજદારી કેસ બને, દિવાની દાવા બને, આવું બધું ચાલતું આવ્યું છે એટલે આ વખતે મુખ્યમંત્રીશ્રી માનનીય આનંદીબેન અગાઉ જયારે મહેસૂલ મંત્રી હતા ત્યારથી એમણે જે મહેસૂલ સુધારાઓની, વહીવટી સુધારાઓની ઝુંબેશ હાથ ઉપર લીધી છે એમાં અનેક નિર્ણયો ખેડૂતો માટે, જમીન માલિકો માટે કર્યા છે, કે જેથી વધુમાં વધુ સરળતા અને ઓછામાં ઓછા વિવાદો ઉભા થાય, એ માટેના નિયમો, કાયદા આપણે સુધાર્યા છે. અને અનેક રીતે એનો લાભ ખેડૂતોને, પ્રજાને મળી રહ્યો છે. એટલે માનનીય મુખ્યમંત્રીશ્રીએ એ પણ નિર્ણય કર્યો કે કદાચ કયાંય આવા કેસો જમીન માપણીના વધારે આવે અને સરકારી મહેકમ ઓછું હોય, કર્મચારીઓ રજા પર હોય તો ખાનગી સર્વેયરને પણ એજન્સીના લાયસન્સદાર તરીકે જે આની લાયકાત ધરાવે છે એવી વ્યકિતઓને લાયસન્સી સર્વેયર તરીકે નિમણૂક આપી કે કયાંક કોઇ જગ્યાએ અરજન્સી હોય, સ્ટાફ ઓછો હોય તો ખેડૂતોનું કામ અટકી પડે નહીં એટલા માટે ખાનગી એજન્સીઓને પણ આપણે નિમણૂક આપીએ છીએ અને ખાનગી સર્વેયર પણ સર્વે કરે છે જેથી રાજયમાં પડતર કેસોનો મોટા પ્રમાણમાં જમીન માપણીમાં નિકાલ થયેલો છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ જાણવું છે કે આ ડી.આઇ.એલ.આર.ની જગ્યા ભરેલી છે કે નહીં? એ કયારે ભરાઇ અને સ્પેશિયલ માપણી કેટલા દિવસમાં થઇ શકે? તે માટેના ફીના ધોરણો શું હોય છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વખત કોર્ટ ઓર્ડર કરતી હોય છે, કોઇને જમીન વેચવી હોય અને માપણી કરાવવી હોય તો ઝડપથી કરવાની હોય છે. મેં અગાઉ કહ્યું એ મુજબ ૭૫ દિવસમાં માપણી કરી આપવી એ સર્વ સામાન્ય નિયમ છે અને અરજી ઉપર હેકટર દીઠ ૬૦૦ રૂપિયા લઇને ૭૫ દિવસમાં માપણી કરવાનો નિયમ છે. એ સિવાય કોઇને ૪૫ દિવસમાં માપણી કરવી હોય તો પણ કરી આપવાની જોગવાઇ છે. કોઇને અરજન્ટ માપણી ૧૫ દિવસમાં કરવી હોય તો એ પણ છે અને કોઇની નીચેના સર્વેયરે માપણી કરી હોય અને એ અંગે કોઇને વાંધો હોય અને ઉપરી અધિકારી દ્વારા જો સરવે કરાવવો હોય તો એ ૬૦ દિવસમાં કરવાનો થાય છે. માપણી ફીની ડબલ રકમ એમાં ભરવાની થતી હોય છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, માપણીના જુદા જુદા કયા પ્રકાર છે અને તેની સમય મર્યાદા શું છે? બીજો પ્રશ્ન એ છે કે માપણી સમયસર થાય તે માટે સર્વેયરોની શું વ્યવસ્થા રાખવામાં આવી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આખા રાજ્યમાં આ પદ્ધત્તિ આપણે અખત્યાર કરી છે. દાહોદ જિલ્લામાં જ નહીં પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ સમગ્ર રાજ્ય માટે નિર્ણય કર્યો છે કે અંગ્રેજોના સમય પછી ગુજરાતમાં કદી જમીન માપણી થઇ ન હતી અથવા એની એન્ટ્રી સુધારા ઠરાવ ૭/૧૨માં થયો ન હતો અને પ્રમોલ્ગેશન થતું

ન હતું. એક ક્રાંતિકારી નિર્ણય કરી સમગ્ર રાજ્યમાં માપણી ચાલી રહી છે. દાહોદ જિલ્લામાં પણ અત્યારે ચાલી રહી છે અને એની અસર ૭/૧૨ સહિત આપવામાં આવશે એટલે દાયકાઓ અને પેઢીઓ પછી ખેડૂતોની અસલ જમીનની માપણી થાય, એમની જમીન ઉપર કોઇએ દબાણ કર્યું હોય, કોઇ સરકારી જમીનમાં જતી રહી હોય તો આખો નવો નકશો બનશે અને ૭/૧૨માં એની એન્ટ્રી પડશે એટલે ખેડૂતોને પોતાની જમીન કેટલી છે એ રેકોર્ડ ઉપર એનો કાયમી હક્ક પ્રસ્થાપિત થશે. લાયસન્સીંગની વાત પણ મેં કરી છે અને જે પદ્ધત્તિઓ છે કે કેટલા દિવસમાં, કેટલી ફી ભરવાથી સરવે કરાવી શકાય છે એ પણ મેં માહિતી આપી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારે પૂછવું છે કે એક તો ૭૫ દિવસનો ગાળો છે એ બહુ મોટો છે, એમાં આપ સુધારો કરવા માગો છો કે કેમ? અને ફીનું ધોરણ જુદું જુદું છે પણ જે લોકો ફી ભરવા સક્ષમ ન હોય, એટલા માટે કહું છું કે સમયમાં સુધારો કરવો જોઇએ અને એક વાર માપણી થયા પછી જમીન છે, ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં એમના નામે તરત થઇ જવી જોઇએ. જે વધારો મળે છે એ તરત થાય એવી વ્યવસ્થા સરકાર કરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય બલવંતસિંહજીએ પ્રશ્ન કર્યો એમાં મેં અગાઉ કહ્યું એ પ્રમાણે અત્યારે આખા રાજ્યમાં તબક્કાવાર બધા જિલ્લાઓમાં રી–સરવેની કામગીરી આપણે કરીએ છીએ એટલે કદાચ કોઇ અત્યારે માગણી ન કરે અને એની જમીન કોઇ ખરાબામાં જતી રહી હોય, દબાણમાં ગઇ હોય, માથાભારે માણસોએ દબાણ કરેલ હોય તો આખા રાજ્યનો રી–સરવે કરીએ છીએ. આ કામગીરી વિનામૂલ્યે થવાની છે. રેકોર્ડ સહિત ૭/૧૨ સહિતની એન્ટ્રી વિનામૂલ્યે રાજ્ય સરકાર કરી આપવાની છે. જ્યારે કોઇને જરૂર પડે તો જ માપણી કરાવવાની ખેડૂતો માગણી કરતા હોય છે. અત્યારે ૭૫ દિવસનો ગાળો છે એ અગાઉથી સમયમર્યાદા નિશ્ચિત કરેલ છે અને એ અંગે આપનું સૂચન છે.

**વલસાડ જિલ્લામાં ખેડૂતોને જીપ્સમ સહાય બાબત**

* ૧૪૦૦૭ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧) ૪૫૪ ખેડૂતોને. |
| (૨) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) (૧) વર્ષ–૨૦૧૩–૧૪માં રૂા. ૧.૩૬ લાખ. (૨) વર્ષ–૨૦૧૪–૧૫ની સહાય ચુકવવાની બાકી છે. |

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન જીપ્સમ ખાતર બાબતનો છે. વલસાડ જિલ્લામાં ૪૫૪ ખેડૂતોને એનો લાભ મળેલ છે. હું જાણવા માગું છું કે ૬ તાલુકા છે એ ૬ તાલુકામાં પ્રતિ ટન વાહતૂક ખર્ચ કેટલો થાય છે. મારો બીજો પ્રશ્ન એ છે કે તાલુકાવાર કયા કયા ખેડૂતોએ એનો લાભ લીધો છે અને ખેડૂતો પસંદ કરવા માટેની પદ્ધતિ શું છે?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે તે તાલુકાવાર જે ખર્ચ આવે છે એમાં જિલ્લા પારડીમાં પ્રતિ મેટ્રિક ટન રૂપિયા ૨૪૧.૪૬ પૈસા જીપ્સમના છે અને વાહતૂક માટે ૬૩૩.૫૪ એમ કુલ ૮૭૫ રૂપિયા પડતર થાય છે. અટક પારડીમાં ૨૪૧.૪૬ મૂળ ભાવ છે અને તેનો વાહતૂક ખર્ચ ૬૩૯.૫૪ છે અને કુલ રૂપિયા ૮૮૧ રકમ થાય છે. ધરમપુરમાં પણ જે વાહતૂક ખર્ચ છે એ ૬૭૪.૫૪ છે. ઉંમરગામમાં ૭૦૧.૫૪ છે અને કુલ રૂ.૯૪૩ થાય છે. કપરાડામાં ૨૪૧.૪૬, વાહતુક ખર્ચ ૮૧૫.૫૪ થાય છે.

શ્રી નલીનભાઇ ના. કોટડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી એ જાણવા માગુ છું કે, આ જીપ્સમ ખાતર આપવાથી જમીનમાં કયા કયા સુધારા થાય છે અને એનાથી ખેડૂતોને શા શા ફાયદા થાય છે? અમરેલી જિલ્લામાં જીપ્સમનું પ્રમાણ ખૂબ ઓછું છે. ખારાપાટ વિસ્તાર વધુ પ્રમાણમાં હોય વધારે જીપ્સમ આપવા માગો છો કે કેમ?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, જે જમીનમાં જીપ્સમની ઉણપ હોય અને તેમાં

કેલ્શ્યમ, સલ્ફર સ્ત્રોત તરીકે જો ઉપયોગ ઘટતો હોય તેમાં પીએસઆઇ ૮.૨ થી વધારે હોય અને બાષ્પિકતા જેમાં વધારે હોય તેમાં જીપ્સમ વાપરવાથી ખેડૂતની જમીન ફળદ્રુપ થાય છે અને પાકમાં ઉત્પાદકતા વધે છે.

શ્રી શક્તિસિંહ ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માગુ છું. એક તો ચાલુ વર્ષ ૨૦૧૪–૧૫ વર્ષ પૂર્ણ થવાના આરે આવ્યું હજુ સુધી ચાલુ વર્ષના પૈસા ચૂકવાયા નથી તો એના શું કારણો છે? ૪૫૪ ખેડૂતો લાભાન્વિત થયા. બાકીના કેટલી ટોટલ અરજીઓ હતી? તે પૈકી અથવા તો ૧૦૦% આપ્યા હોય તો એ આંકડો જાણવા માગું છું અને માનનીય અધ્યક્ષશ્રી, મને આનંદ છે કે અમારા માનનીય જશાભાઇ માનનીય સભ્યશ્રીએ કહ્યું એમ નહિ માનનીય મંત્રીશ્રી એટલે હજુ આ બાજુની અસર ચાલુ છે એનો આનંદ છે.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતને એક પણ પૈસો ચૂકવવાનો બાકી નથી. માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા કહેવા માગુ છું કે કુલ જે ચુકવણું થયું છે નેશનલ આઇસોકોલ યોજના મુજબ (અંતરાય) નહિ, બાકી છે એ જે એનો એજન્ટ છે, જે ડિસ્ટ્રિબ્યુટર છે એના પૈસા બાકી છે. ખેડૂતના નહિ. ભાઇ, શક્તિસિંહભાઇ હું આપને એ કહેવા માગુ છું કે જીપ્સમ અને એના વાહતુક ખર્ચમાં ૫૦% સબસિડી આપવાની રાજ્ય સરકારની સ્કીમ છે અને (અંતરાય)

શ્રી શક્તિસિંહ ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, પૈસા ૨૦૧૪–૧૫ ના બાકી છે, ખેડૂતના હોય, એજન્ટના હોય, એજન્સીના હોય મારે માત્ર કારણો જાણવા છે કે ૨૦૧૪–૧૫નું વર્ષ પૂર્ણ થવા આવ્યું છે એ એમના લેખિત જવાબમાં છે. મારો જવાબ નથી, તો આ પૈસા બાકીના કારણો શું? મારો સ્પેસિફિક કવેશ્ચન છે કે કુલ કેટલા માગણીદારો, એમાંથી કુલ કેટલા લાભાર્થી?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ખેડૂત લાભાર્થીનો એક પણ પૈસો બાકી નથી. જે ડિલર છે એજન્ટના ૩,૩૮,૦૦૦/– બાકી છે એ ટૂંક સમયમાં ચૂકવી આપવામાં આવશે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ખેડૂતોની જમીનની ફળદ્રુપતા માટે જીપ્સમ ખૂબ ઉપયોગી છે. એ જીપ્સમ સહાય યોજનાના ધ્યેયો અને ઉદ્દેશો શું છે? અને જીપ્સમ સહાય યોજનાના ધોરણો શું છે?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, જીપ્સમ સહાય યોજનાના ઉદ્દેશો અને ધ્યેયોનો મુખ્ય હેતુ જમીન સુધારણા, કેલશ્યમ તથા સલ્ફરના સ્ત્રોત તરીકે ઉપયોગ કરવાનો છે. જીપ્સમ સહાય યોજનાનો મુખ્ય ધ્યેય અને ઉદ્દેશ એ છે કે, જમીનમાં કેલશ્યમ અને ગંધકના તત્વોની ઉણપ હોય અને ત્યાં જીપ્સમથી આ ઉણપ દૂર કરી શકે છે. જે જમીનમાં પીએસઆર ૮.૨ થી વધારે હોય એટલે જમીન બાષ્પિક હોય તેવી જમીનમાં જીપ્સમ આપવાથી ખેડૂતના જમીનની ફળદ્રુપ્તા વધે છે અને દોઢો પાક થાય છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી એ જાણવા માગુ છું કે, હમણાં જ માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે જમીનની ગુણવતા સુધરે છે એ વાત સાચી છે પણ મારી જાણ મુજબ વડોદરા જીએસએફસીમાંથી જીપ્સમ દરેક ખેડૂત લઇ જાય છે અને દરેક જિલ્લા દીઠ ખેડૂતોને જો યુનિટ બનાવીને બરોડાથી દરેક જિલ્લાદીઠ યુનીટ બનાવવામાં આવે તો ખેડૂતોને ટ્રાન્સપોર્ટની કોસ્ટ ઓછી પડે. બીજી વાત એ છે કે, જ્યારે આ ટ્રાન્સપોર્ટેશન કરવાનું હોય ત્યારે વાહનો સમયસર જતાં નથી. જ્યારે ખેડૂત અરજી કરે એના ૩–૪ મહિના જેટલા સમય પછી જીપ્સમ મળતો હોય છે તો આ જીપ્સમ સમયસર મળે એના માટે સરકાર દ્વારા કોઇ સુધારા કરવા માગે છે કે કેમ?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આ જીપ્સમની ફાળવણી જીએસએફસીમાં મફતમાં ખેડૂતને કોઇ ખર્ચ વગર આપવામાં આવે છે. પચાસ ટકા ટ્રાન્સપોર્ટમાં પણ સબસિડી આપવામાં આવે છે અને જિલ્લા મથકે જે માગણી આવે કે, જે જમીનનું પૃથ્થકરણ કરવામાં, સોઇલ હેલ્થ કાર્ડ દ્વારા જમીનનું પૃથ્થકરણ કરવામાં આવે છે અને એને જીપ્સમની જરૂરિયાત દેખાય ત્યાં માગણી કરે અને જિલ્લા મથકે માગણી કરે કે તાત્કાલિક એને ફાળવવાની વ્યવસ્થા જિલ્લા મથકેથી જ કરવામાં આવે છે.

**જામનગર જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ અરજીઓ**

* ૧૪૦૦૫ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૭૧. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૧૫. |
| (૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૧૧૪.૫૦ લાખ. |

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે વિગતો જાણવા માગુ છું કે, જામનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, ૨૭૧ અરજીઓ મળી તે પૈકી ૧૧૫ મંજૂર કરવામાં આવી છે. તો મારે જાણવું છે કે, બાકી પડતર કેટલી અરજીઓ છે અને આ યોજના હેઠળ વર્ષવાર કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને તેના કારણો શું છે ?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લામાં કુલ ૨૭૧ અરજીઓ આવેલી, એમાં ૧૧૪ મૃત્યુંની અને ૧ અરજી અપંગતાની એમ કુલ ૧૧૫ અરજીઓ જે પાત્રતા ધરાવતી અરજી હતી. તેમાં મૃત્યુંમાં એક કરોડ ચૌદ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા અને અપંગતામાં પચાસ હજાર, આમ કુલ એક કરોડ ચૌદ લાખ અને પચાસ હજાર રૂપિયા ચૂકવવામાં આવ્યા. ૧૩૬ અરજીઓ પડતર છે અને ૨૦ અરજીઓ નામંજૂર કરવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, નામંજૂરીના કારણોમાં ત્રણ અરજીઓ એવી છે કે, હાર્ટ એટેકથી મૃત્યુ થયેલ હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું અને ત્રણ અરજીઓમાં કુદરતી મૃત્યું થયેલ હતું, ત્રણ અરજીઓ ખાતેદાર ખેડૂત ન હોવાના કારણે નામંજૂર કરવામાં આવી છે, બે અરજીઓ આપઘાત કરેલ હોવાથી નામંજૂર કરવામાં આવે છે અને મૃતક ખેડૂતની ઉંમર ૭૦ વર્ષ કરતાં વધુ હોવાથી. આમાં જે સ્પેસિફિક છે કે, પાંચ વર્ષથી સિત્તેર વર્ષ સુધીના જ ખેડૂતનો આમાં સમાવેશ થાય છે એટલે નામંજૂર કરવાના કારણો આ છે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ યોજના હેઠળ સહાય વારસદારોનો કયા ક્રમમાં મળે છે તેમજ આ યોજના હેઠળ કયા કયા સાધનિક કાગળો જોડવામાં આવે છે?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, સહાય જે ચૂકવવામાં આવે છે તેમાં જે વારસદાર જે એક પતિ અથવા પત્ની, પતિનું જો મૃત્યું થયું હોય તો તેની પ્રથમ પત્નીને પછી પત્ની ના હોય તો તેના બાળક પુત્ર–પુત્રીને, તે પણ ન હોય તો તેના મા–બાપ, તેમના પછી પૌત્ર–પોત્રી અને ત્યારબાદ પણ કોઇપણ ન હોય તો આ લાભાર્થી આધારિત તેમની સાથે રહેતા અપરણિત અથવા વિધવા મહિલા, ત્યકતા બહેન આમ ઉપરોક્ત કિસ્સાઓ સિવાય વિવાદીત કેસોમાં સંબંધિત લાભાર્થીને લાગુ પડતા વારસાધારા હેઠળ જાહેર થયેલ વારસદાર.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, આપણા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી પણ એક મહિલા છે ત્યારે ખેડૂત ખાતેદારમાં જો પુરુષ અકસ્માતથી ગુજરી જાય અને ખેડૂત ખાતેદાર હોય તો એને આ અકસ્માત વળતર સહાય મળે તો ખેડૂતની પત્ની જો ગુજરી જાય તો એ ભલે ખેડૂત ખાતેદાર પુરુષ હોય પણ એની પત્નીને આ સહાય ચૂકવવા માટે સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ, સરકાર ચૂકવવા માગે છે કે કેમ?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય સભ્યશ્રીને કહેવા માગુ છું કે, ખેડૂત સિવાય તેના પ્રથમ પુત્ર કે પુત્રી આમ આનો પણ સમાવેશ રાજ્ય સરકારે ૨૦૧૨માં જ કર્યો છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ૨૭૧ અરજી આવી અને એમાં ૧૧૫ અરજી મંજૂર કરી. ખેડૂત વિરોધી આ સરકાર ખેડૂતોને પાક વીમાના પ્રશ્નમાં પણ અન્યાય કરે છે, કપાસના ભાવમાં પણ અન્યાય કરે છે.(અંતરાય)

સભાપતિશ્રી : પ્રશ્ન ઉપર આવો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : પૂર્વ ભૂમિકા તો આપું.

સભાપતિશ્રી : ના, આ પ્રશ્નોત્તરી છે અને સીધા પ્રશ્ન ઉપર આવો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : સીધો પ્રશ્ન ઉપર આવું છું સાહેબ. જમીન અધિકરણ કાયદામાં પણ વટહુકમ દ્વારા ખેડૂતોને અન્યાય કર્યો.

સભાપતિશ્રી : આમાં આ પ્રશ્ન ઉપસ્થિત નથી થતો તમે પ્રશ્ન ઉપર આવો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : હું સીધો પ્રશ્ન સરકારને પૂછવા માગું છું કે સરકાર જો ખેડૂતોના હિતોનો દાવો કરતી હોય તો હું પૂછવા માગું છું કે અકસ્માત વીમા યોજના ખેડૂતો માટે છે. જુદા જુદા માર્કેટીંગ યાર્ડો પાંચ પાંચ લાખ રૂપિયાના વીમાના અકસ્માતના ખેડૂતોને આપે છે. સહકારી સંસ્થાઓ આપે છે તો રાજય સરકારને હું પૂછવા માગું છું કે એક લાખ રૂપિયાની અકસ્માત વીમા યોજના છે એને વધારીને પાંચ લાખ કરવા માગે છે કે કેમ?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, વીસ હજારથી આ યોજના શરૂ કરવામાં આવી હતી. આજે એક લાખ રૂપિયા છે અને તમારું સૂચન છે ખેડૂત તરીકે.

**વડોદરા, છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિઓ**

* ૧૩૭૩૭ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા, છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં બળાત્કાર, ખૂન અને લૂંટના કેટલા બનાવો નોંધાયા, અને

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી ?

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | બળાત્કારના બનાવોની સંખ્યા | ખૂનના બનાવોની સંખ્યા | લૂંટના બનાવોની સંખ્યા |
|---|---|---|---|
| વડોદરા શહેર | ૨૩ | ૨૩ | ૧૧૬ |
| વડોદરા ગ્રામ્ય | ૧૧ | ૨૪ | ૭ |
| છોટાઉદેપુર | ૨૧ | ૨૨ | ૬ |
| નર્મદા | ૮ | ૧૨ | ૦ |

(૨) ૩૫૭ આરોપીઓની.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા છોટાઉદેપુર જિલ્લો અને વડોદરા જિલ્લામાં મેં પ્રશ્ન પૂછ્યો છે કે ખુનના કેટલા કેસ બન્યા, બળાત્કારના કેટલા કેસ બન્યા અને લુંટના કેટલા કેસ બન્યા તો માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે છોટાઉદેપુર જિલ્લો આદિવાસી વિસ્તાર છે ત્યાં ૨૧ બળાત્કારના કેસ બન્યા છે. સાહેબ, શરમ કરે એવી વાત છે. એથી આગળ જઇએ તો લુંટના કેસ ૬ બન્યા છે, ખુનના કેસ ૨૨ બન્યા છે. આ બનવાનું મુખ્ય કારણ મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે. કેમ કે ત્યાં જે બનાવો બને છે એને ધ્યાનમાં રાખીને ત્યાં જે મહેકમ ખુટે છે. સ્ટાફનું મહેકમ ઘણું ઓછું છે અને આવા બનાવો બનવા માટે આ જે ખાલી જગ્યાઓ છે એને ભરવા માગો છો કે કેમ અને બીજો પ્રશ્ન એ છે કે હમણા છોટાઉદેપુર જિલ્લામાં નકસલવાલની પ્રવૃત્તિ માટે પેપરમાં કંઇક આવ્યું હતું તો એને માટે સરકાર એનાથી વાકેફ છે કે કેમ? અને એને રોકવા માટે સરકારનું શું આયોજન છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે બીજો પ્રશ્ન પૂછ્યો એનો હું પહેલા જવાબ આપીશ. નકસલવાદના સંદર્ભમાં જે વાત કરી એમાં હું બહુ જ સ્પષ્ટપણે કહેવા માગું છું કે રાજયમાં નકસલવાદ જેવી પ્રવૃત્તિ કયાંયપણ જોવા મળી નથી. પરંતુ સભ્યશ્રીની ચિંતા વ્યાજબી છે. દેશના અનેક રાજયોમાં નકસલવાદ જેવી પ્રવૃત્તિને કારણે કયાંક નિર્દોષ નાગરિકોના જાન જતા હોય, કયાંક એને

પ્રૉટેકટ કરવા માટે દેશના સુરક્ષા કર્મીઓને એમાં શહીદી વહોરવી પડતી હોય, અનેક માલ મિલકતનું એમાં નુકસાન થતું હોય ત્યારે આપણા રાજયમાં પણ આવી કોઇ પ્રવૃત્તિ ન થાય એ પ્રકારની એમની ચિંતા વ્યાજબી છે અને એના માટે રાજય સરકાર સંપૂર્ણપણે સક્રિયતાથી ધ્યાન આપી રહી છે અને એવી કોઇ પ્રવૃત્તિ ન બને એની અમે ચોકકસ કાળજી રાખીશું અને એના પગલાં પણ લઇશું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે કહ્યું ચોરી, ખૂન, લુંટ, બળાત્કાર આ જે ઘટનાઓ બને છે એમાં પણ રાજય સરકાર અને પોલીસ વિભાગ એ બિલકુલ ત્વરિત પગલાંઓ લઇ અને ગુનેગારોને પકડી એમને મહત્તમ સજા થાય એ દિશામાં કામ કરી રહી છે. એમણે મહેકમની જે વાત કરી એમાં હું કહીશ કે રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ ચાલુ વર્ષે પોલીસની ભરતી બોર્ડ દ્વારા. પોલીસ સબ ઇન્સ્પેકટરની ૫૦૦ જેટલી અને બીન હથિયારધારી એ.એસ.આઇ.ની ૮૦૦ જેટલી ભરતીની શરૂઆત કરી છે. સાથે સાથે લોકરક્ષકની ૭૧૫૦ જેટલી ભરતી માટેની શરૂઆત કરી છે, ત્યારે પૂરુતું મહેકમ આ ભરતી થયેથી પૂરું કરીશું. રાજયમાં વધારે સલામતી, શાંતિ ઉભી થાય તે દિશામાં પ્રયત્ન કરીશું.

શ્રી શબ્દશરણ ભા. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વડોદરા, છોટાઉદેપુર, નર્મદા જિલ્લામાં ગુનાઇત પવૃત્તિઓ થયેલ છે. આ બળાત્કાર, ખૂન, લૂંટ જેવા ગુનાઓ બનતા અટકાવવા માટે સરકારશ્રીએ શાં પગલાં લીધાં છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : રાજ્યમાં ગૃહ વિભાગ દ્વારા પોલીસ દ્વારા એની સામે પ્રિવેન્શન અને ડિટેક્શન માટેના સંપૂર્ણપણે સક્રિયતાથી પગલાં લેવાય તે દિશામાં સતત આગળ વધી રહ્યાં છીએ અને માનનીય સભ્યશ્રીએ કહ્યું વિવિધ ગુનાઓ બનતા અટકે એના માટે કેવા પ્રકારનાં પગલાં લઇએ છીએ, તો લોકભાગીદારીથી રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, આંગડિયા પેઢી, શોપિંગ મોલ, જવેલર્સ, મોલ વિગેરે જગ્યાએ સી.સી. ટી.વી. કેમેરા વધારેમાં વધારે મૂકાય તે પ્રકારના કામકાજ આપણે સતત કરી રહ્યા છીએ. અને આપણે સૌ જાણીએ છીએ કે સી.સી. ટી.વી. ફુટેજ દ્વારા મહત્તમ ગુનાઓના ઉકેલ આવી રહ્યા છે. આપણા માટે સૌથી મહત્વપૂર્ણ બાબત છે. સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત અનેક સેમિનાર, મીટીંગો યોજી પોલીસ અને પ્રજા એકબીજાથી વધુ નજીક આવે અને પ્રજામાંથી આવી કોઇ બાતમી પોલીસને મળે એના આધારે આ પગલાં લઇ શકે તે દિશામાં આગળ વધીએ છીએ. અસરકારક નાઇટ પેટ્રોલિંગ, નાકાબંધી, ચેકપોસ્ટ, દરેક ચોકડી ઉપર ટ્રાફિક પોલીસ વાહન ચેકિંગ એમાં અટકાયતી પગલાં લેવાનું કામ આપણે કર્યુ છે. મહિલાઓ માટે પણ માનનીય મુખ્યમંત્રીશ્રીના સીધા માર્ગદર્શન નીચે એમને વધારે સુરક્ષા પ્રોવાઇડ કરી શકાય તે માટેનાં અનેક પગલાંઓ લીધાં છે. ૧૮૧ અભયમ હેલ્પ લાઇન શરૂ કરી છે. ૧૦૯૧ જેવી હેલ્પ લાઇન શરૂ કરવામાં આવી છે. સુરક્ષા સેતુ સોસાયટીના માધ્યમથી (અંતરાય) આ ઉપયોગી થશે. મહિલાઓ પોતે પોતાનો સ્વબચાવ કરી શકે એટલા માટે વિવિધ પ્રકારની તાલીમ આપી એમનામાં હિંમત, આત્મવિશ્વાસનો ઉમેરો થાય, ગમે તેવી પરિસ્થિતિ સામે મજબૂતાઇથી લડી શકે તે પ્રકારની ટ્રેનિંગ પણ આપીએ છીએ.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ફકત ૩ જિલ્લાની અંદર ૬૩ વ્યકિતઓ ઉપર બળાત્કારના કેસો થયા છે. આપણે કહીએ છીએ કે ગુજરાતમાં બળાત્કારના કેસ બનતા નથી આપણે એમ કહીએ છીએ. મારે મંત્રીશ્રીને પૂછવું છે કે આ ૬૩ બળાત્કારના કેસ બન્યા છે. એમાં કેટલા આદિવાસી ઉપર બળાત્કાર થયા છે અને કેટલા દલિત સમાજ ઉપર બળાત્કાર થયા છે તે જાણવું છે? અને એમને આર્થિક સહાય આપવામાં આવી છે કે કેમ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો કે બળાત્કારના કેસમાં કેટલા એસ.સી., એસ.ટી. ના ઉપર કેસ થયા છે, તો એની વિગત હું આપીશ. પરંતુ એમણે જે સહાયની વાત કરી એમાં સરકારશ્રીના ધારા ધોરણ મુજબ એમને ન્યાયિક વિષયથી લાભ પ્રાપ્ત થાય તે દિશામાં ચોક્કસ આગળ વધીશું.

શ્રી સતિષભાઇ મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વિવિધ પ્રકારના ગુનામાં સંડોવાયેલા આરોપીઓને પકડવા માટે શી શી કાર્યવાહી કરવામાં આવે છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય સભ્યશ્રીએ જે વાત કરી કે વિવિધ ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓને પકડવા માટેની શી વ્યવસ્થા હોય છે તો પી.સી.બી., એલ.સી.બી., એસ.ઓ.જી. આ પ્રકારના ફરલો, પેરોલ વિગેરે દ્વારા નાસતા ફરતા આરોપીઓને ત્વરિત પકડવા કાર્યવાહી કરીએ છીએ. ખાસ ઝૂંબેશ કરીને આ પ્રકારના આરોપીઓ ઝડપી પકડાય તે માટેની વ્યવસ્થા આપણે કરીએ છીએ. આરોપીઓના મોબાઇલની કોલ ડીટેઇલનો અભ્યાસ કરી, તેમનું લોકેશન મેળવી તે જયાં હોય ત્યાંથી ઝડપથી પકડાય તે પ્રકારનું કામ પોલીસ ખૂબ સારી રીતે કરી રહી છે. જિલ્લાના જે એકઝીટ અને એન્ટ્રીના મેઇન પોઇન્ટ હોય ત્યાં રાઉન્ડ ધી કલોક વાહન ચેકીંગ રાખી તથા જિલ્લામાંથી પસાર થતા રસ્તાઓ ઉપર સીસીટીવી કેમેરા દ્વારા ફુટેજ મેળવીને પગલાંઓ આપણે ભરીએ છીએ. આમ આ બધી જ પ્રવૃત્તિઓ દ્વારા ઝડપથી આરોપીઓ પકડાય તે દિશામાં કામ કરીએ છીએ.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ ત્રણ જિલ્લાઓમાં ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ જે ગુન્હાઓ બન્યા છે તેની વિગત તો આપી છે પણ આ ગુના બનતા અટકાવવા માટેની શું કાર્યવાહી કરવામાં આવી અને કેટલી સંખ્યામાં કરવામાં આવી? આના માટે કોઇ અટકાયતી પગલાં લેવામાં આવ્યા કે કેમ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તેમ બધા જ પ્રકારના પગલાંઓ ભરી આ ગુનેગારો ઝડપથી પકડાય તે દિશામાં ખૂબ સક્રિયતાથી વિભાગ કામ કરી રહ્યો છે. તેમણે કહ્યું કે કેટલા અટકાયતી પગલાં લેવામાં આવ્યા છે? તો તેમાં વડોદરા ગ્રામ્યમાં ૨૩૪૮૧ જેટલા અટકાયતી પગલાં લીધા છે. નર્મદામાં ૧૭૭૭૩ જેટલા અને છોટાઉદેપુરમાં ૪૮૬૫ જેટલા અટકાયતી પગલાં લીધેલા છે.

**કચ્છ જિલ્લામાં પશુઓને સારવાર**

* ૧૩૮૮૯ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૧) ૧૬,૫૨,૮૯૯. |
| (૨) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૨) ૨૦,૪૨,૭૧૧. |

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ આ પ્રશ્નના જવાબમાં રાજય સરકારે કચ્છ જિલ્લામાં ૧૬ લાખ ૫૨ હજાર ૮૯૯ પશુઓની સારવાર કરી છે અને ૨૦ લાખ ૪૨ હજાર ૭૧૧નું રસીકરણ કર્યુ છે. માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કચ્છ જિલ્લામાં બે વર્ષમાં તાલુકાવાર અને પશુના વર્ગવાર કેટલા પશુઓને સારવાર મળી છે?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં અબડાસા તાલુકામાં ગાય વર્ગના પશુઓ ૧૨૯૦૬, ભેંસ વર્ગના ૧૮૮૯, ઉંટ વર્ગના ૫૭૪, ઘેટા વર્ગના ૩ લાખ ૩૨ હજાર ૮૧૯, બકરાં વર્ગના ૭૩૯૯ આમ કુલ ૩ લાખ ૪૬ ૩૩૩ અબડાસા તાલુકામાં સારવાર આપવામાં આવી. અંજાર તાલુકામાં ગાય વર્ગના ૩ લાખ ૦૯ હજાર ૦૪૪, ૨૦૧૮ ભેંસ વર્ગના પશુઓ, ઘોડા વર્ગના પશુઓ ૧૦, ઉંટ વર્ગના પશુઓ ૦૬, ઘેટાં વર્ગના પશુઓ ૧ લાખ ૩૧ હજાર ૭૮૦, બકરાં વર્ગના પશુઓ ૭૦૯૪ આમ કુલ ૧ લાખ ૪૪ હજાર ૮૫૪ પશુઓને અંજાર તાલુકામાં સારવાર આપવામાં આવી. ભચાઉમાં ગાય વર્ગના ૨૬૭૧, ભેંસ વર્ગના ૨૨૮૦, ઘોડા વર્ગના ૫૪, ઉંટ વર્ગના ૨૮, ઘેટાં વર્ગના ૧ લાખ ૩૨ હજાર ૩૪૮...

શ્રી શકિતસિંહજી ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી...

સભાપતિશ્રી : સભ્યશ્રીએ માહિતી માગી છે તો આપવા દો. તેમની પાસે માહિતી છે તો ભલે આપે. આપો આપો.

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના સભ્યોએ ગઇ વખતે...

સભાપતિશ્રી : માહિતી ન હોય તો ટેબલ પર મૂકે. માહિતી છે તો આપે તેમાં શું વાંધો હોય. સભ્યશ્રીનો પ્રશ્ન છે, માનનીય રમેશભાઇએ પૂછયું છે તેની માહિતી આપે છે. ટૂંકમાં માહિતી આપો.

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ભચાઉમાં ગાય વર્ગના ૨૬૭૧, ભેંસ વર્ગના ૨૬૮૦, ઘોડા વર્ગના ૫૪, ઉંટ વર્ગમાં ૨૮, ઘેટાં વર્ગમાં ૧ લાખ ૩૨ હજાર ૩૪૨, બકરાં વર્ગમાં ૪૭૩૩ આમ ૧ લાખ ૪૨ હજાર ૧૦૮ કુલ પશુઓને સારવાર આપવામાં આવી. ભૂજમાં ગાય વર્ગમાં ૧૦૨૨૯, ભેંસ વર્ગમાં ૮૪૭૬, ઘોડા વર્ગમાં ૭૭૧ ... (અંતરાય)

સભાપતિશ્રી : માહિતી આપે છે, આપવા દો. માનનીય મંત્રીશ્રી ટૂંકમાં માહિતી આપો, આપ ચાલુ રાખો. આપનો ટર્ન આવે છે આપ બેસો, આપનો નંબર આવે છે કચ્છ જિલ્લાનો પ્રશ્ન છે આપ બેસો.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યશ્રી, માનનીય સભ્યશ્રીએ કચ્છ જિલ્લાની તાલુકાવાઇસ અને વર્ગવાઇસ માહિતી માગેલી છે. હું આમાં માહિતીની બહારનો એક પણ શબ્દ બોલતો નથી જે માહિતી છે એજ આપુ છું.

સભાપતિશ્રીઃ જેટલું ટૂંકું થાય એટલું કરો. (અંતરાય) તમે અંતરાય ન કરો અત્યારે તો પૂરું થઇ ગયુ હોત, વચ્ચે અંતરાય ઉભો ન કર્યો હોત તો. માનનીય મંત્રીશ્રી માહિતી આપો.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મને બોલવા દીધો હોત તો અત્યારે જવાબ પૂરો થઇ ગયો હોત.

સભાપતિશ્રીઃ અત્યારે પૂરું થઇ ગયું હોત. (અંતરાય) માનનીય મંત્રીશ્રી આપ જવાબ ચાલુ રાખો.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : ભુજ તાલુકામાં ગાય વર્ગના ૧૦,૨૯૭, ભેંસ વર્ગના ૮,૪૭૬, ઘોડા વર્ગના ૭૭૧, ઉંટ વર્ગના ૫,૦૧૯, ઘેંટા વર્ગના ૧,૫૯, ૭૨૪, બકરા વર્ગના ૩૩,૧૪૧ ગધર્વ ૧૫, અન્ય વર્ગના ૯૧૯ આમ કુલ ૨,૧૮,૩૩૬. ગાંધીધામમાં ગાય વર્ગના ૧,૧૨૨, ભેંસ વર્ગના ૧,૦૯૧, બકરા વર્ગના ૧,૪૫૪, અન્ય વર્ગના ૨૨૮ આમ કુલ ૪,૭૦૩.

સભાપતિશ્રીઃ માનનીય મંત્રીશ્રી, આપ ટૂંકમાં જવાબ આપો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ મળી ગયો.(અંતરાય)

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : (અંતરાય)લખપત તાલુકામાં ગાય વર્ગના ૧,૫૨૪ (અંતરાય) આપનો અધિકાર છે માહિતી માગવાનો માનનીય સભ્યશ્રીએ માહિતી માગી છે ને હું આપુ છું. (અંતરાય)

સભાપતિશ્રીઃ માનનીય મંત્રીશ્રી, આપ જવાબ ચાલુ રાખો. અંદરો અંદર વાત ન કરો. પ્લીઝ આપનો જવાબ ચાલુ રાખો અને બને એટલો ટૂંકમાં જવાબ આપો.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : લખપત તાલુકામાં ગાય વર્ગના ૧,૫૨૪, ભેંસ વર્ગના ૧,૬૧૯, ઘોડા વર્ગના ૮, ઉંટ વર્ગના ૧૫,૪૯૧, ઘેંટા વર્ગના ૧,૦૧,૦૭૩, બકરા વર્ગના ૧૧,૧૬૭, અન્ય વર્ગના ૫ આમ કુલ ૧,૩૦,૮૮૭ ત્યાર પછી માંડવીની અંદર ગાય વર્ગના ૬,૩૬૪, ભેંસ વર્ગના ૧,૫૪૨ ઘોડા વર્ગના ૩૯, ઉંટ વર્ગના ૪૨, ઘેંટા વર્ગના ૧,૩૨,૯૬૭, બકરા વર્ગના ૭,૦૨૨ ગધર્વ વર્ગ ૪ અને અન્ય મળીને (અંતરાય)

સભાપતિશ્રીઃ માનનીય મંત્રીશ્રી, બહુ લાંબી માહિતી હોય તો આપ ટેબલ ઉપર મૂકી દીજો.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : હવે ત્રણ જ તાલુકા બાકી છે. આમ માંડવીમાં કુલ ૧,૪૭,૧૪૦ પછી મુંદ્રામાં ગાય વર્ગના ૭,૧૦૩, ભેંસ વર્ગના ૭,૧૦૩, ઘોડા વર્ગના ૨, ઉંટ વર્ગના ૧,૭૦૮, ઘેંટા વર્ગના ૭૯,૨૧૦, બકરા વર્ગના ૧૫,૧૬૨, કુલ ૧,૦૬,૭૮૪ હવે બેજ તાલુકા બાકી છે.

સભાપતિશ્રીઃ માનનીય મંત્રીશ્રી, આપ આપનો જવાબ આપો અંદરો અંદર વાત ન કરો.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : ગાય વર્ગના ૩૨,૮૫૫, ભેંસ વર્ગના ૨૨,૮૨૫, ઘોડા વર્ગના ૩૫, ઉંટ વર્ગના ૧,૪૦૯ ઘેટા વર્ગના ૧,૭૨,૦૦૦ અને (અંતરાય)

સભાપતિશ્રીઃ માનનીય મંત્રીશ્રી, બાકીની માહિતી ટેબલ ઉપર મૂકી દીજો. માનનીય શક્તિસિંહજી. માનનીય સભ્યશ્રી આપ બેસો આપના સભ્ય જ માહિતી પૂછી રહ્યા છે.

શ્રી શક્તિસિંહજી હ.ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં છારિયા નામના રોગના કારણે અનેક પશુઓ મોઢામાં ચાંદા પડે, ખાવાનું બંધ થાય અને મરે આવું વારંવાર બને છે. કોઠારા, વાયોર, મોથાળા આ બધી જ જગ્યાએ આપનો રવી કૃષિ મેળો મળે કે બીજો કૃષિ મેળો મળે ત્યાં સુધી રોગ રાહ ન

જુઓ લાઇફ સ્ટોક ઇન્સ્પેક્ટર કે વેટેનરી ઇન્સ્પેક્ટરની ખૂબ જગ્યાઓ ખાલી છે. હું આપના મારફતે માત્ર એટલું જ આ ગૃહના ધ્યાન પર મૂકવા માગું છું કે આઠમાં પ્રશ્નમાં ગુના એટલા બધા અમદાવાદમાં થયા છે અને એની ચર્ચા નહિ થવા દેવા માટે આ કરવામાં આવે છે.

સભાપતિશ્રીઃ માનનીય શક્તિસિંહજી, આપ બેસો. માનનીય શક્તિસિંહજી, આપ બેસો.

શ્રી શક્તિસિંહ હ. ગોહીલઃ આ પ્રશ્નની ચર્ચા ના થાય એવો ઇરાદો છે. એમના આવા ઇરાદાથી આ ગૃહ ના ચાલી શકે માનનીય અધ્યક્ષશ્રી,

સભાપતિશ્રીઃ માનનીય શક્તિસિંહજી, આપ બેસો. પ્રશ્નોત્તરીનો સમય ચાલે છે, આપે પ્રશ્ન પૂછવા માટે જણાવતાં આપને મેં તક આપી છે પ્રશ્ન પૂછવાની અને પ્રશ્નોત્તરીમાં બીજો કોઇ પ્રશ્ન ઉપાડી શકાય નહિ. આપને કોઇ મુદ્દો રજૂ કરવો હોય તો તે તમે પ્રશ્નોત્તરી પછી રજૂ કરી શકો છો. અત્યારે તમે સીધા પ્રશ્ન પર આવો. પ્રશ્નોત્તરીમાં આપ કોઇ પ્રશ્ન વચ્ચે પૂછી શકો નહિ, ખોટા આક્ષેપો કરી શકો નહિ. તમે તમારા પ્રશ્ન પર આવો સીધા. આપ બેસો, આપ સીધા પ્રશ્ન પર આવો. આપ સીધા પ્રશ્ન પર આવો. આપ બેસો હવે. માનનીય શંકરસિંહજી.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરીનો સમય એ સભ્યશ્રીઓની માલિકી છે એમાંય યોજનાબદ્ધ રીતે કાયદો અને વ્યવસ્થામાં સરકાર જે રીતે નિષ્ફળ ગઇ છે અને આઠમો પ્રશ્ન ના આવે એના માટે જાણીબુઝીને જેમાં દારુબંધી હોવા છતાં તેમાં નિષ્ફળ, ભા.જ.પ. ના નિશાનવાળી ગાડીઓમાં ગૌમાંસ પકડાય, રોજ અઢી વરસથી માંડીને ૮૦ વરસના બહેન સુધી બળાત્કાર થાય. સરકારમાં કોઇ ઠેકાણા ના હોય. આવામાં અમે ભાગ લઇ શકીએ તેમ નથી.

સભાપતિશ્રીઃ આપ સીધા પ્રશ્ન પર આવો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલાઃ પ્રશ્ન કલાક પૂરતો અમે સભાત્યાગ કરીએ છીએ.

સભાપતિશ્રીઃ માનનીય શંકરસિંહજી આપને કોઇ પ્રશ્ન હોય તો તમે પ્રશ્નોત્તરી પછી ઉઠાવજો, પ્રશ્નોત્તરીનો સમય જાય છે, આપ સીધા પ્રશ્ન પર આવો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલાઃ આ પ્રશ્ન કલાકમાં અમે સભાત્યાગ કરીએ છીએ. સરકાર નિષ્ફળ ગઇ છે.

સભાપતિશ્રીઃ માનનીય મંત્રીશ્રી, આપ શક્તિસિંહજીના પ્રશ્નનો જવાબ આપો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલાઃ સરકાર નિષ્ફળ ગઇ છે તેથી અમે આમાં ભાગ લઇ શકીએ તેમ નથી.

**(આ તબક્કે કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓ વોકઆઉટ કરવા માટે ઉભાં થઇને ચાલવા લાગ્યા.)**

સભાપતિશ્રીઃ ઓર્ડર ઓર્ડર, આપ અંદર અંદર વાત ના કરો, આપ આપના સ્થાન પર જાઓ, આપ આપના સ્થાન પર બેસો. ગ્યાસુદ્દીનભાઇ આપ આપના સ્થાન પર જાઓ. આપ આપના સ્થાન પર જાઓ. આપ આપના સ્થાન પર જાઓ. અંદર બિલકુલ નહિ, આપ આપના સ્થાન પર જાઓ. કરમશીભાઇ આપ આપના સ્થાન પર જાઓ. (અંતરાય) આપ આપના સ્થાન પર જાઓ. (અંતરાય) પ્રશ્નનો જવાબ આપવા દો. ખોટો સમય ના બગાડો. પ્રશ્નોત્તરીનો સમય બગાડો નહિ. આમાં કોઇ વિષય નથી, પશુઓનો પ્રશ્ન હોય અને સભ્યશ્રી જ્યારે પ્રશ્ન પુછે ત્યારે એનો જવાબ માનનીય મંત્રીશ્રીએ આપવો પડે. તમે જાઓ, તમે બીજી કોઇ ચર્ચા ના કરો. બીજી કોઇ ચર્ચા ના કરો. તમે વોક આઉટ કરવા જ માંગતા હો તો બહાર નીકળો. વોકઆઉટ કરવા માંગતા હો તો બહાર નીકળો.

બધા જ કાયદાની બધી જ ખબર છે, કાયદો શીખવાડવાની જરૂર નથી તમારે. તમારે કોઇ કાયદા શીખવાડવાની જરૂર નથી. તમે કહો એટલીવાર પ્રશ્ન ના ચાલે. (આ તબક્કે કોંગ્રેસના સભ્યશ્રીઓ દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.) તમે કહો એટલીવાર પ્રશ્ન ના ચાલે અને તમે કહો એ પ્રમાણે પ્રશ્ન ના આવે. પહેલાં પ્રશ્નની ચર્ચા થઇ જ ગઇ છે. કાયદાના પ્રશ્નની ચર્ચા પહેલાં થઇ જ ગઇ છે. તમે બહાર જાઓ. સાર્જન્ટ આ લોકોને બહાર કાઢો. તમે બહાર જાઓ. ( સતત સૂત્રોચ્ચાર) ચાલો, શાંતિથી અને વિવેકથી એમને બહાર લઇ જાઓ. શાંતિથી અને વિવેકપૂર્ણ રીતે સાર્જન્ટો એમને બહાર લઇ જાઓ.

**સભાપતિશ્રી :** પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેક્સ્ટ

# અતારાંકિત પ્રશ્નો

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### અમદાવાદ શહેરમાં ગુનાહિત પ્રવૃત્તિઓ

* ૧૩૫૫૮ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં ખૂન–લૂંટ–ધાડ–બળાત્કાર, ચોરી અને અપહરણના કેટલા બનાવો પોલીસ કમિશ્નર હકુમત હેઠળના પોલીસ સ્ટેશનોમાં નોંધાયા, અને

(૨) તે અન્વયે કેટલા બનાવોનો ભેદ ઉકેલાયો અને કેટલા આરોપીઓની ધરપકડ કરી ?

**જવાબ**

(૧)

| ખૂન | લૂંટ | ધાડ | બળાત્કાર | ચોરી | અપહરણ |
|---|---|---|---|---|---|
| ૮૨ | ૨૬૦ | ૧૮ | ૧૦૦ | ૨૫૮૯ | ૩૬૬ |

(૨) તે અન્વયે ભેદ ઉકેલાયા હોય તેવા બનાવોની વિગત નીચે મુજબ છે.

| ખૂન | લૂંટ | ધાડ | બળાત્કાર | ચોરી | અપહરણ |
|---|---|---|---|---|---|
| ૭૮ | ૧૮૧ | ૧૬ | ૧૦૦ | ૧૦૬૮ | ૩૨૭ |

જ્યારે આરોપીઓની ધરપકડની વિગત નીચે મુજબ છે.

| ખૂન | લૂંટ | ધાડ | બળાત્કાર | ચોરી | અપહરણ |
|---|---|---|---|---|---|
| ૧૯૩ | ૩૭૩ | ૮૧ | ૧૫૭ | ૧૬૮૮ | ૩૦૮ |

### છોટાઉદેપુર જિલ્લામાં યુરિયા તથા ડી.એ.પી. ખાતરનો જથ્થો

* ૧૩૭૯૫ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં રાસાયણિક ખાતરો યુરીયા તથા ડી.એ.પી. ખાતરોનો જથ્થો જરૂરિયાત સામે કેટલો ફાળવવામાં આવ્યો,

**જવાબ**

(૧) હાલ રાસાયણિક ખાતરની જુના ૨૬ જિલ્લા મુજબ જ ફાળવણી કરવામાં આવે છે તેમજ તાલુકાવાર જરૂરીયાત તેમજ ફાળવણી અલગથી કરવામાં આવતી નથી.

તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં યુરીયા તથા ડી.એ.પી.ની જરૂરીયાત સામે ફાળવણી કરેલ જથ્થાની વિગતો નીચે મુજબ છે.

(જથ્થોઃ મે.ટનમાં)

| વિગત/ખાતરનું નામ | યુરીયા | ડી.એ.પી. |
|---|---|---|
| જરૂરીયાત | ૩,૨૯,૦૦૦ | ૪૨,૭૦૦ |
| ફાળવણી | ૩,૧૭,૭૫૫ | ૩૦,૦૩૫ |

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લામાં રાસાયણિક ખાતરોની તંગી વર્તાઈ રહી છે તે હકીકત સાચી છે, અને

(૨) ના, જી.

(૩) જો હા, તો ખાતરોની તંગી ન પડે તે માટે શી કાર્યવાહી કરેલ છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### બાયસેગ દ્વારા શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ

* ૧૪૩૬૧ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બાયસેગ દ્વારા વર્ષ–૨૦૧૪માં કેટલા શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવેલ છે, અને

(૨) આ પ્રકારના કાર્યક્રમોના પ્રસારણ માટે કોઈ ફી નિયત કરવામાં આવેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) ૧૬૦૩.

(૨) ના, જી.

### રાજ્ય સરકાર દ્વારા ''સેટકોમ'' દ્વારા વધારાની ચેનલ માટે કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત બાબત

* ૧૪૩૬૨ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા સેટકોમ દ્વારા વધારાની ચેનલ ચલાવી શકાય તે માટે કેન્દ્ર સરકાર પાસેથી કોઈ મંજુરીઓ મળેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે? | (૨) ૨૮મી ઓકટોબર, ૨૦૧૪ના રોજ GSAT 8 સેટેલાઈટમાં ૩૬ મેગાહર્ટ્ઝ બેન્ડવીડથની મંજુરી મળેલ છે. |

**ભરૂચ જિલ્લામાં પશુઓને સારવાર**

* ૧૩૮૯૧ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૧) ૧,૨૪,૬૩૭. |
| (૨) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યુ? | (૨) ૧૦,૩૧,૩૪૮. |

**બનાસકાંઠા જિલ્લામાં ખાનગી ઉત્પાદકોના બિયારણના નમૂનાની ચકાસણી**

* ૧૪૭૬૧ **શ્રી જોઈતાભાઈ ક. પટેલ(ધાનેરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, તાલુકાદીઠ ખાનગી ઉત્પાદકો પાસેથી બિયારણના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા,

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, તાલુકાદીઠ ખાનગી ઉત્પાદકો પાસેથી બિયારણના નીચે મુજબના નમૂનાઓ લેવામાં આવ્યાં.

| તાલુકાનું નામ | લેવાયેલ નમૂના |
|---|---|
| પાલનપુર | ૦૩ |
| અમીરગઢ | ૦૦ |
| વડગામ | ૦૦ |
| દાંતા | ૦૦ |
| ડીસા | ૦૧ |
| કાંકરેજ | ૦૦ |
| ધાનેરા | ૦૦ |
| દાંતીવાડા | ૦૩ |
| દિયોદર | ૦૧ |
| ભાભર | ૦૩ |
| થરાદ | ૦૨ |
| વાવ | ૦૦ |
| **કુલ** | **૧૩** |

**પ્રશ્ન**

(૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા, અને

**જવાબ**

(૨) આ નમૂનાઓ પૈકી નીચે મુજબના નમૂના પ્રમાણિત તથા બિનપ્રમાણિત થયા, અને

| તાલુકાનું નામ | પ્રમાણિત | બિનપ્રમાણિત |
|---|---|---|
| પાલનપુર | ૦૨ | ૦૧ |
| અમીરગઢ | ૦૦ | ૦૦ |
| વડગામ | ૦૦ | ૦૦ |
| દાંતા | ૦૦ | ૦૦ |
| ડીસા | ૦૧ | ૦૦ |
| કાંકરેજ | ૦૦ | ૦૦ |

| | | |
|---|---|---|
| ધાનેરા | ૦૦ | ૦૦ |
| દાંતીવાડા | ૦૩ | ૦૦ |
| દિયોદર | ૦૧ | ૦૦ |
| ભાભર | ૦૨ | ૦૧ |
| થરાદ | ૦૨ | ૦૦ |
| વાવ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૧૧** | **૦૨** |

(૩) બીન પ્રમાણિત થયેલ બિયારણના નમૂના અંગે સંબંધિત ખાનગી ઉત્પાદકો સામે શાં પગલાં લેવામાં આવ્યાં?

(૩) બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત જવાબદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

| **અ.નં.** | **નમુનાની સંખ્યા** | **લીધેલ પગલાં** | **રીમાર્કસ** |
|---|---|---|---|
| ૧ | ૦૧ | કોર્ટ કેસ કરેલ છે. | નામ. કોર્ટ દ્વારા આરોપી દીઠ રૂ. ૫૦૦/-લેખે કુલ રૂ.૧૦૦૦/-ના દંડની સજા કરી કેસ ફેસલ કરેલ છે. |
| ૨ | ૦૧ | કાર્યવાહી ચાલુ છે. | -- |

**ડાંગ જિલ્લામાં આઈ કિશાન પોર્ટલ રજિસ્ટ્રેશનમાં મુશ્કેલીઓ**

* ૧૪૬૫૮ **શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૫ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં ખેડૂતોને આઈ કિશાન પોર્ટલ રજીસ્ટ્રેશન બાબતે ઓન લાઈન રજીસ્ટ્રેશન કરવામાં ભારે મુશ્કેલીઓ પડે છે તે હકિકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને | (૧) મુશ્કેલીઓ પડતી નથી. |
| (૨) જો હા, તો આ મુશ્કેલીઓ નિવારવા સરકારે શાં પગલા લીધા? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**આણંદ જિલ્લામાં ''અવકુડા''નું જાહેરનામું**

* ૧૪૪૦૯**શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૨૦-૦૧-૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં અવકુડા (આણંદ વિદ્યાનગર કરમસદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી) નું જાહેરનામું કઈ તારીખે બહાર પાડવામાં આવેલ છે, | (૧) આણંદ-વિદ્યાનગર-કરમસદ શહેરી વિકાસ સત્તામંડળની રચનાનું જાહેરનામું તા. ૨૮-૦૮-૨૦૧૨ના રોજ બહાર પાડવામાં આવ્યું. |
| (૨) સદર જાહેરનામા અનુસંધાને વાંધા / સૂચનો માટેની અંતિમ તારીખ કઈ હતી તથા કેટલા વાંધા /સૂચનો મળ્યા, | (૨) આ જાહેરનામા અન્વયે વાંધા સુચનો મેળવવાની કોઇ જોગવાઇ નથી. |
| (૩) તે પૈકી કેટલા વાંધા / સૂચનો ગ્રાહ્ય રાખ્યા, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) વાંધા / સૂચનો અન્વયે સરકારે જાહેરનામામાં કોઈ ફેરફાર કરેલ છે કે કેમ, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) જો હા, તો શું ફેરફાર કરેલ છે? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**રાજ્યમાં ભૂકંપ વિશે આંતરરાષ્ટ્રીય પરિષદ**

* ૧૪૩૫૯ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ભૂકંપ વિશે કોઈ આંતર રાષ્ટ્રીય પરિષદો યોજવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |

| | |
|---|---|
| (૨) જો હા, તો તેની વિગતો શી છે? | (૨) ૧. ફેબ્રુઆરી–૨૦૧૩માં બીજો એડવાન્સીઝ ઈન અર્થકવેક સાયન્સ ઉપર આંતરરાષ્ટ્રીય પરિસંવાદ, અને<br>૨. જાન્યુઆરી–૨૦૧૪માં ત્રીજો એડવાન્સીઝ ઈન અર્થકવેક સાયન્સ ઉપર આંતરરાષ્ટ્રીય પરિસંવાદ યોજેલ છે. |

## નર્મદા જિલ્લામાં પશુઓને સારવાર

* ૧૩૯૦૨ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન નર્મદા જિલ્લામાં કેટલા પશુ વંધ્યત્વ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ, અને | (૧) ૪. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી? | (૨) ૧૬૨૩. |

## કાલાવડ તાલુકામાં પશુઓને સારવાર

* ૧૩૮૯૬ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાં યોજવામાં આવેલ પશુ વંધ્યત્વ નિદાન અને સારવાર કેમ્પમાં કેટલા પશુઓની સારવાર કરવામાં આવેલ? | ૩૩૩૯. |

## પંચમહાલ જિલ્લામાં કૃષિ કિટ્સનું વિતરણ

* ૧૩૯૯૯ **શ્રીમતી નિમીષાબેન મ. સુથાર (મોરવા હડફ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં કૃષિ મહોત્સવમાં સન–૨૦૧૩ અને ૨૦૧૪ દરમ્યાન કેટલા ખેડૂતોને વિના મૂલ્યે કેટલી કૃષિ કીટસનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) વર્ષ–૨૦૧૩ દરમ્યાન ૧૨૯૩૧ ખેડૂતોને ૧૨૯૩૧ કૃષિ કીટ્સ, ૬૦૯૦ ખેડૂતોને ૬૦૯૦ પશુપાલન કીટસનું વિના મુલ્યે વિતરણ કરવામાં આવ્યું.<br>વર્ષ–૨૦૧૪ દરમ્યાન ૧૨૯૯૬ ખેડૂતોને ૧૨૯૯૬ કૃષિ કીટ્સ, ૧૧૦૪૫ ખેડૂતોને ૧૧૦૪૫ બાગાયતી કીટસ, ૫૯૯૦ ખેડૂતોને ૫૯૯૦ પશુપાલન કીટસનું વિના મુલ્યે વિતરણ કરવામાં આવ્યુ. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો? | (૨) વર્ષ–૨૦૧૩ દરમ્યાન રૂ. ૩,૧૯,૫૪,૫૮૦/- અને વર્ષ ૨૦૧૪ દરમ્યાન રૂ. ૧,૮૩,૬૭,૩૨૪/-નો ખર્ચ થયો. |

## ઘોઘા–દહેજ ફેરી સર્વિસ યોજના

* ૧૩૭૭૭ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ઘોઘા–દહેજ ફેરી સર્વિસ યોજના ક્યારે મંજુર કરવામાં આવી, | (૧) તા. ૨૭–૧૦–૨૦૧૦. |
| (૨) આ યોજના ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે, અને | (૨) આ યોજના માર્ચ–૨૦૧૬માં કાર્યરત કરવા આયોજન છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) રૂ. ૭૦.૫૮ કરોડ. |

## રાજકોટ જિલ્લામાં તળાવો ઊંડા કરવા બાબત

* ૧૪૪૫૩ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ–ગ્રામ્ય) : માનનીય જળસંપિત્ત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ | (૧) કુલ ૧૨૪ તળાવો. |

જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત તળાવો ઊંડા ઉતારવા માટે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) વર્ષ ૨૦૧૩માં રૂ. ૬૭૨.૮૦ લાખ અને વર્ષ ૨૦૧૪માં રૂ. ૧૬.૨૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

**બારડોલી તાલુકામાં પશુઓને સારવાર**

* ૧૩૮૯૭ **શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

રવિ કૃષિ મહોત્સવ ૨૦૧૪ દરમ્યાન સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં યોજવામાં આવેલ પશુ વંધ્યત્વ નિદાન અને સારવાર કેમ્પમાં કેટલા પશુઓની સારવાર કરવામાં આવેલ ?

**જવાબ**

૧૭૮.

**રાજ્યમાં કપાસના પોષણક્ષમ ભાવો માટે કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆત**

* ૧૩૫૬૯ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કપાસ પકવતા ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે રાજ્ય સરકારે છેલ્લા ચાર માસમાં કેન્દ્ર સરકાર સમક્ષ ક્યારે રજુઆત કરી, અને

(૨) આ રજુઆત અન્વયે કેન્દ્ર સરકારે શો પ્રતિભાવ આપ્યો ?

**જવાબ**

(૧) કેન્દ્ર સરકાર સમક્ષ નીચે મુજબની તારીખોએ રજુઆત કરેલ છે.

૧. તા. ૧૧–૧૦–૨૦૧૪.
૨. તા. ૧૩–૧૧–૨૦૧૪.
૩. તા. ૩–૧૨–૨૦૧૪.

(૨) ગુજરાતમાંથી કપાસની ખરીદી ટેકાના ભાવે કરવા ૬૫ ખરીદ કેન્દ્રો શરૂ કરાવ્યા અને તા. ૯–૨–૨૦૧૫ સુધીમાં ૨૫,૫૯,૬૯૬ ક્વિન્ટલ કપાસની ખરીદી રાજ્યમાંથી સી.સી.આઇ. મારફતે કરાવેલ છે.

**બનાસકાંઠા જિલ્લામાં ખેત તલાવડીઓ**

* ૧૪૫૪૦ **શ્રી ગોવાભાઇ રબારી(ડીસા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી ખેત તલાવડીઓ મંજૂર કરાઇ,

(૨) મંજૂર ખેત તલાવડીઓના કેટલાં કામો પૂર્ણ થયા, અને

(૩) ઉક્ત કામ પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર નીચે પ્રમાણે ખેત તલાવડીઓ મંજૂર કરાઇ છે.

| અ.નં. | તાલુકો | મંજૂર કરેલ ખેત તલાવડી |
|---|---|---|
| ૧ | ડીસા | ૧૪૫ |
| ૨ | ધાનેરા | ૧૧ |
| ૩ | કાંકરેજ | ૧ |
| ૪ | વાવ | ૪૭ |
| ૫ | દાંતીવાડા | ૨ |
| ૬ | અમીરગઢ | ૧૧૦ |
| ૭ | પાલનપુર | ૪૪ |
| ૮ | વડગામ | ૯૦ |
| ૯ | દાંતા | ૧૫૩ |
| | **કુલઃ** | **૬૦૩** |

(૨) મંજૂર થયેલ ખેત તલાવડીઓના તમામ ૬૦૩ કામો પૂર્ણ થયેલ છે.

(૩) રૂ. ૫૫૫.૨૩ લાખ.

**જૂનાગઢ જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ અરજીઓ**

* ૧૪૦૦૪ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની

**જવાબ**

(૧) ૧૯૩

સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને — (૨) ૯૯

(૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? — (૩) રૂ. ૯૮,૫૦,૦૦૦

## વડોદરા જિલ્લામાં ખેડૂતોને જીપ્સમ સહાય બાબત

* ૧૪૦૦૬ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧) ૩૩૩૬ ખેડૂતોને. |
| (૨) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) રૂ. ૨૬.૪૬ લાખ. |

## ભાવનગર જિલ્લામાં કોલ્ડ સ્ટૉરેજનાં લાભાર્થી

* ૧૪૦૨૧ **ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વર્ષ ૨૦૧૩-૧૪માં કોલ્ડ સ્ટૉરેજ બનાવવા માટે ભાવનગર જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | બે લાભાર્થીઓને કુલ ` ૧,૩૩,૦૩,૨૦૦/- (રૂપિયા એક કરોડ તેત્રીસ લાખ ત્રણ હજાર બસ્સો પુરા) |

## ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં પશુદવાખાનાઓ

* ૧૪૬૨૪ **શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા પશુ સારવાર કેન્દ્રો/પશુ દવાખાનાઓ આવેલાં છે,

**જવાબ**

(૧) આ વિગતો પત્રક-૧ મુજબ આ સાથે સામેલ છે.

**ગાંધીનગર જિલ્લો**

| અ.નં. | તાલુકાનું નામ | પશુ દવાખાનાઓ | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | દહેગામ | ૬ | ૪ |
| ૨ | કલોલ | ૬ | ૨ |
| ૩ | માણસા | ૬ | ૩ |
| ૪ | ગાંધીનગર | ૫ | ૪ |
| **કુલ** | | **૨૩** | **૧૩** |

**મહેસાણા જિલ્લો**

| અ.નં. | તાલુકાનું નામ | પશુ દવાખાનાઓ | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૪ | ૪ |
| ૨ | જોટાણા | ૧ | ૨ |
| ૩ | વડનગર | ૧ | ૧ |
| ૪ | વિસનગર | ૫ | ૨ |
| ૫ | ખેરાલુ | ૪ | ૨ |
| ૬ | સતલાસણા | ૨ | ૨ |
| ૭ | ઉંઝા | ૨ | ૧ |

| | | | |
|---|---|---|---|
| ૮ | વિજાપુર | ૫ | ૧ |
| ૯ | કડી | ૫ | ૪ |
| ૧૦ | બેચરાજી | ૨ | ૧ |
| | **કુલ** | **૩૧** | **૨૦** |

(૨) આ પૈકી કેટલા પશુ–દવાખાનામાં મહેકમ પૂર્ણ છે,

(૨) ગાંધીનગર જિલ્લામાં ૨૩ પૈકી ૨૧ પશુ દવાખાનામાં અને મહેસાણા જિલ્લામાં ૩૧ પૈકી ૨૮ પશુ દવાખાનામાં પશુચિકિત્સા અધિકારીનું મહેકમ પૂર્ણ છે.

(૩) કેટલા પશુ–દવાખાનાઓમાં કર્મચારીઓની ઘટ છે, અને

(૩) ગાંધીનગર જિલ્લામાં ૨ (બે) મહેસાણા જિલ્લામાં ૩(ત્રણ) પશુ દવાખાનામાં કર્મચારીઓની ઘટ છે.

(૪) ઉક્ત ઘટ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૪) પશુચિકિત્સા અધિકારીની જગ્યાઓ ભરવા માટે સરકારશ્રીએ ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર તૈયાર કરેલ છે. આ ભરતી કેલેન્ડર મુજબ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી તેમજ ગુજરાત જાહેર સેવા આયોગ મારફત ઉમેદવારો ઉપલબ્ધ થયેથી પશુચિકિત્સા અધિકારીની ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

## ખેડા જિલ્લામાં જંતુનાશક દવાના નમૂના

* ૧૪૦૦૯ **શ્રી કેસરીસિંહ . સોલંકી (માતર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જંતુનાશક દવાના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યાં,

(૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિનપ્રમાણિત થયા, અને

(૩) બિનપ્રમાણિત નમુનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૩૪૭.

(૨) ૩૨૭ પ્રમાણિત.
૨૦ બિનપ્રમાણિત.

(૩) બિનપ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

| અ.નં. | નમુનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૧૧ | કોર્ટકેસ કરેલ છે. |
| ૨ | ૦૬ | વહીવટી પગલાં લીધેલ છે. |
| ૩ | ૦૩ | કાર્યવાહી ચાલુ છે. |

---------

## જામનગર મહાનગરપાલિકામાં સંકલન સમિતિની બેઠક બાબત

* ૧૪૫૭૯ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ પરચ–૧૦૯૮–ધારા–૧૬–પી, તા. ૦૮–૦૯–૯૮ના અનુસંધાને મહાનગરપાલિકામાં સંબંધિત મ્યુનિસિપલ કમિશ્નરશ્રીના અધ્યક્ષપદે સંકલન સમિતિની રચના કરી બેઠક દર માસે મળવી જોઈએ તે હકીકત તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સાચી છે,

(૨) જો હા, તો જામનગર મહાનગરપાલિકાની સંકલન બેઠક ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે મળી, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) બેઠક મળી શકી નથી. સામાન્ય રીતે જિલ્લા સંકલન સમિતિઓમાં મહાનગરપાલિકાઓના પ્રશ્નોની ચર્ચામાં અધિકારીઓ ઉપસ્થિત રહી જવાબ આપતા હોય છે જ. જામનગર મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ તા. ૧૨–૨–૨૦૧૫ના પત્રથી હવેથી દરમાસના પ્રથમ ગુરૂવારે આવી બેઠક બોલાવવા સૂચના આપેલ છે.

| | |
|---|---|
| (૩) જો ઉક્ત પરિપત્રના અનુસંધાને બેઠક સમયસર ન મળતી હોય તો રાજ્ય સરકારે સંબંધિત અધિકારીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**પંચમહાલ જિલ્લામાં ઉપલબ્ધ પોલીસ કોમ્યુનીટી હોલ**

* ૧૪૬૭૮ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે? | (૨) પંચમહાલ જિલ્લામાં એક કોમ્યુનિટી હોલ ઉપલબ્ધ છે. |

---------

**વડોદરા જિલ્લામાં પશુપાલન કીટનું વિતરણ**

* ૧૩૮૮૭ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન વડોદરા જિલ્લામાં કેટલા પશુપાલન કીટનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૬૪૨૦ |
| (૨) તેમાં કેટલા ગામ આવરી લેવામાં આવેલ? | (૨) ૬૪૨ |

---------

**ગાંધીનગર જિલ્લામાં ફળપાક વાવેતરનાં લાભાર્થી**

* ૧૪૦૩૫ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં ફળપાકના નવા વાવેતર માટે સહાયની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો સરકાર દ્વારા આ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં આ યોજના હેઠળ કેટલા ખેડૂતોને સહાય ચૂકવેલ છે? | (૨) ૧૯ ખેડૂતોને |

---------

**ભરૂચ જિલ્લામાં ખેડૂત શિબિર**

* ૧૩૯૯૭ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી ખેડૂત શિબિર યોજવામાં આવી, અને | (૧) ૧૫ |
| (૨) આ શિબિરનો કેટલા ખેડૂતોએ લાભ લીધો? | (૨) ૩૪૧૩ |

---------

**સાબરકાંઠા જિલ્લામાં ફળપાક વાવેતરનાં લાભાર્થી**

* ૧૪૦૩૬ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં ફળપાકના નવા વાવેતર માટે સહાયની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો સરકાર દ્વારા આ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં આ યોજના હેઠળ કેટલા ખેડૂતોને સહાય ચૂકવેલ છે? | (૨) ૪૫૦ ખેડૂતો |

---------

**અમરેલી જિલ્લામાં બાગાયતી કિટ્સનું વિતરણ**

* ૧૪૦૧૭ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમિયાન કેટલા ખેડૂતોને વિના મૂલ્યે બાગાયતી કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૩૮૧ ખેડૂતોને |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો? | (૨) કુલ રૂ. ૧૭.૪૪ લાખ |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં પશુઓને સારવાર**

* ૧૩૮૯૦ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૧) ૪,૭૩,૨૮૯ |
| (૨) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું? | (૨) ૧૭,૭૯,૨૧૯ |

---------

**૭/૧૨ના દાખલામાં ખેડુત પત્નિનું નામ દાખલ કરવા બાબત**

* ૧૩૭૧૨ **શ્રી પૂનમભાઇ મા. પરમાર(સોજીત્રા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ ખેડુત જમીન ધરાવતા હોય એવા કેસમાં સહ ભાગીદાર તરીકે ખેડૂતની સંમતિથી ફકત દીકરા–દીકરીને જ વારસદાર તરીકે લેવામાં આવે છે. પરંતુ ખેડૂતની પત્નિને સહ–ભાગીદાર તરીકે રેકર્ડ ઉપર લેવામાં આવતી નથી તેના શા કારણો છે, અને | (૧) ખેડૂતના સહ ભાગીદાર તરીકે ખેડૂતની સંમતિથી પેઢીનામા આધારે ખેડૂતના દીકરા, દીકરી, પત્ની સહીત કાયદેસરના વારસદારોને રેકર્ડ ઉપર લેવામાં આવતા હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ખેડૂત પત્નિને સહ ભાગીદાર તરીકે ૭/૧૨ ના દાખલામાં દાખલ કરવા સરકાર માંગે છે કે કેમ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**દાહોદ જિલ્લામાં ફળપાક વાવેતરનાં લાભાર્થી**

* ૧૪૦૩૪ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં ફળપાકના નવા વાવેતર માટે સહાયની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સરકાર દ્વારા આ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં આ યોજના હેઠળ કેટલા ખેડૂતોને સહાય ચૂકવેલ છે? | (૨) ૧૧ ખેડૂતોને |

---------

**સુરત જિલ્લામાં પશુઓને સારવાર**

* ૧૩૮૯૯ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન સુરત જિલ્લામાં કેટલા પશુ વંધ્યત્વ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ, અને | (૧) ૮ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં | (૨) ૧૧૩૯ |

આવી?

**ગાંધીનગર જિલ્લામાં ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ અરજીઓ**

* ૧૪૦૦૩ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૧૮. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૬૨. |
| (૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૬૨,૦૦,૦૦૦/ – |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં બિયારણના નમૂના**

* ૧૪૦૧૨ **શ્રી કિરીટસિંહ જી. રાણા (લીંબડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિયારણના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યાં, | (૧) ૩૫૭. |
| (૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિનપ્રમાણિત થયા, અને | (૨) ૩૪૬ પ્રમાણિત.<br>૧૧ બિન પ્રમાણિત. |
| (૩) બીન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા? | (૩) બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવતા નિયંત્રણ અંતર્ગત નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા. |

| અ. નં. | નમુનાની સંખ્યા | લીધેલા પગલાં |
|---|---|---|
| ૧ | ૦૭ | કોર્ટ કેસ કરેલ છે. |
| ૨ | ૦૨ | વહીવટી પગલાં લીધેલ છે. |
| ૩ | ૦૨ | કાર્યવાહી ચાલુ છે. |

---------

**સુરત જિલ્લામાં કોલ્ડ સ્ટૉરેજના લાભાર્થી**

* ૧૪૦૨૪ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વર્ષ ૨૦૧૩–૧૪માં કોલ્ડ સ્ટોરેજ બનાવવા માટે સુરત જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | એક પણ નહીં. |

---------

**પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં પોલીસનું સંવર્ગવાર મહેકમ**

* ૧૪૨૩૫ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં જિલ્લાવાર પોલીસનું સંવર્ગવાર મહેકમ કેટલું મંજૂર થયેલ છે, | (૧) અને (૨) |
| (૨) તે પૈકી ઉક્ત જીલ્લાવાર સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | |

| | પંચમહાલ જિલ્લાનું મહેકમ | | | મહીસાગર જિલ્લાનું મહેકમ | | |
|---|---|---|---|---|---|---|
| સંવર્ગ | મંજૂર જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | મંજૂર જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| પોલીસ ઇન્સ્પેક્ટર | ૧૦ | ૮ | ૨ | ૬ | ૬ | ૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પી.એસ.આઇ. | ૫૧ | ૪૬ | ૫ | ૧૯ | ૧૪ | ૫ |
| એ.એસ.આઇ. | ૧૭૪ | ૧૩૭ | ૩૭ | ૬૮ | ૬૮ | ૦ |
| હેડ કોન્સ્ટેબલ | ૨૦૮ | ૧૩૮ | ૭૦ | ૧૧૩ | ૮૭ | ૨૬ |
| પોલીસ કોન્સ્ટેબલ | ૮૧૨ | ૬૭૨ | ૧૪૦ | ૩૯૧ | ૩૧૯ | ૭૨ |

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) ભરતી કેલેન્ડર મુજબ કોન્સ્ટેબ્યુલરીમાં સીધી ભરતીની પ્રક્રિયા હાલ ચાલુ છે. વહીવટી જરૂરીયાત મુજબ અને અનુકુળતા અનુસાર વહીવટી પ્રક્રિયાઓ અનુસરીને સમયાંતરે ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં પશુઓને સારવાર**

* ૧૩૮૯૪ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૧) ૧૭,૫૭,૨૦૯ |
| (૨) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું? | (૨) ૭૭,૮૭,૪૭૯ |

---------

**વિજાપુર તાલુકામાં ગઢડા ગામે સાબરમતી નદી ઉપર ચેકડેમ બનાવવા અરજીઓ બાબત**

* ૧૪૯૧૮ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં સાબરમતી નદી ઉપર ગઢડા ગામે ચેક ડેમ બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ કે રજૂઆતો સરકારને મળી, અને | (૧) ૬ (છ) |
| (૨) મળેલ અરજીઓ કે રજૂઆત અન્વયે આ ચેકડેમ બાંધવા સરકારે શી કાર્યવાહી કરી? | (૨) તાંત્રિક દ્રષ્ટિએ ચેકડેમ બનાવી શકાય તેમ નથી. |

---------

**વડોદરા જિલ્લામાં કોલ્ડ સ્ટૉરેજનાં લાભાર્થી**

* ૧૪૦૨૩ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વર્ષ ૨૦૧૩-૧૪માં કોલ્ડ સ્ટૉરેજ બનાવવા માટે વડોદરા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | એક લાભાર્થી રૂ. ૨૩,૭૪,૬૦૦- (રૂપિયા ત્રેવીસ લાખ ચુમોતેર હજાર છસ્સો પુરા). |

---------

**બનાસકાંઠા જિલ્લામાં નાની સિંચાઈ યોજના/મોટા ચેકડેમ બનાવવા દરખાસ્તો**

* ૧૪૮૯૫ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કઈ નાની સિંચાઈ યોજના તથા મોટા ચેકડેમો બનાવવાની રજુઆતો કે દરખાસ્તો મળી, | (૧) હા, જી. ૩ (ત્રણ) ચેકડેમોની રજુઆત મળેલ છે.જયારે નાની સિંચાઈ યોજના બનાવવાની કોઈ રજુઆત મળેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કઈ યોજના કયા તબક્કે છે, અને | (૨) ધાનેરા તાલુકામાં વાસડા ગામે, અમીરગઢ તાલુકામાં બનાસ નદી પર, અને વડગામ તાલુકામાં કરમાવાદ ગામે આમ, ત્રણ મોટા ચેકડેમોની રજુઆત સર્વેક્ષણના તબક્કે. |
| (૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે? | (૩) તાંત્રિક તેમજ આર્થિક દ્રષ્ટિએ પોષણક્ષમ જણાયે હાથ ધરવામાં આવશે. |

---------

### રાજકોટ જિલ્લામાં વેલાવાળા શાકભાજી માટે ટ્રેલીઝ મંડપના લાભાર્થી

* ૧૪૦૧૮ **શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપ માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કઈ શરતોના આધારે સહાય આપવામાં આવે છે, અને | (૨) સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમ હેઠળની યોજનાઓ હેઠળના ઠરાવ અનુસાર. |
| (૩) આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૩–૧૪માં રાજકોટ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૩) કુલ ૩૭ લાભાર્થી.<br>કુલ રૂ. ૧૦,૦૪,૪૩૦/–. |

---------

### ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ખોટા આધારો દ્વારા બનેલ ખેડૂતો બાબત

* ૧૪૨૮૧ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ખોટા આધારો દ્વારા બનેલ ખેડૂતોના કેટલા પ્રકરણ / કિસ્સાઓ સરકારના ધ્યાને આવ્યા,

(૧)

| ગાંધીનગર જિલ્લો | |
|---|---|
| **તાલુકાનું નામ** | **ધ્યાને આવેલ કેસોની સંખ્યા** |
| ગાંધીનગર | ૬૩ |
| કલોલ | ૫ |
| માણસા | ૧ |
| દહેગામ | ૧ |
| **કુલ** | **૭૦** |

| મહેસાણા જિલ્લો | |
|---|---|
| **તાલુકાનું નામ** | **ધ્યાને આવેલ કેસોની સંખ્યા** |
| મહેસાણા | ૨ |
| કડી | ૪ |
| **કુલ** | **૬** |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલાનો નિકાલ કર્યો અને કેટલાનો નિકાલ બાકી છે, અને

(૨) ગાંધીનગર જિલ્લામાં ૪૫–નિકાલ, ૨૫–બાકી, મહેસાણા જિલ્લામાં ૪–નિકાલ, ૨–બાકી.

(૩) નિકાલ ન થવાના કારણો શું છે અને તેનો ક્યારે નિકાલ કરવામાં આવશે?

(૩) સુનાવણી ચાલુ હોવાથી નિકાલ થયેલ નથી, સુનાવણીની કાર્યવાહી પૂર્ણ થયેથી નિયમ અનુસાર નિકાલ થશે.

---------

### પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ હસ્તક ઉપલબ્ધ પોલીસ કોમ્યુનીટી હોલ

* ૧૪૪૪૯ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની કચેરી હસ્તક કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે? | (૨) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની કચેરી હસ્તક એક કોમ્યુનિટી હોલ ઉપલબ્ધ છે. |

---------

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

**સચાણા બંદરનો શીપ રીસાયકલીંગ યાર્ડ અને મરીન નેશનલ પાર્કની હદ નક્કી કરવા માપણીની કામગીરી**

* ૧૩૭૮૦ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** તા. ૮–૭–૨૦૧૪ના રોજ રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૯૪૩૪, (અગ્રતા–૧૪૭)ના અનુસંધાને **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સચાણા બંદરનાં શીપ રીસાયકલીંગ યાર્ડ અને મરીન નેશનલ પાર્કના વિસ્તારની હદ નક્કી કરવા ગુજરાત મેરીટાઇમ બોર્ડ અને વન વિભાગ સંયુક્ત માપણીની કામગીરીના સમિતિના અહેવાલ અન્વયે સબંધિત વિભાગ દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવી રહી તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કાર્યવાહી તા. ૩૧ ડીસેમ્બર ૨૦૧૪ની સ્થિતિએ કયા તબક્કામાં છે અને આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે, અને<br>(૩) આ જવાબદારી કોને સોંપવામાં આવી છે? | (૨) અને (૩) વન અને પર્યાવરણ વિભાગને ચીફ નેવલ હાઈડ્રોગ્રાફરની મદદથી સંયુક્ત માપણીની કામગીરી પૂરી કરવા જણાવેલ છે. |

---------

**ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલમાં ખાલી જગ્યાઓ**

* ૧૪૮૧૬ **શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગરમાં સભ્યશ્રીઓની કેટલી જગ્યાઓ તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ખાલી છે, અને | (૧) ૦૨ સભ્યશ્રીઓની જગ્યા. |
| (૨) ખાલી રહેલ સભ્યશ્રીઓની જગ્યાઓ કેટલા સમયમાં સરકાર ભરવા માગે છે? | (૨) તા. ૦૪–૦૨–૨૦૧૫ની અધિસૂચના અન્વયે ૦૨ સભ્યશ્રીઓની નિમણૂકના હુકમો કરવામાં આવેલ છે. |

---------

**સાયન્સ સીટી ખાતે વિજ્ઞાન વિષયક દિવસની ઉજવણી**

* ૧૪૩૬૫ **શ્રી જનકભાઇ કાછડીયા(કરંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાયન્સ સીટી ખાતે વર્ષ ૨૦૧૪ દરમ્યાન કયા વિજ્ઞાન વિષયક દિવસોની ઉજવણી કરવામાં આવેલ છે, અને | (૧) સાયન્સ સીટી ખાતે વર્ષ ૨૦૧૪ દરમ્યાન ૨૩ જેટલા વિજ્ઞાન વિષયક દિવસોની ઉજવણી કરવામાં આવે છે. |

| ક્રમ | તારીખ | કાર્યક્રમનું નામ | મુલાકાતીઓ |
|---|---|---|---|
| ૧ | ૨૮મી ફેબ્રુઆરી થી ૬ માર્ચ ૨૦૧૪ | સાયન્સ કાર્નિવાલ ૨૦૧૪ (નેશનલ સાયન્સ ડે) | ૧,૦૭,૦૦૦ |
| ૨ | ૨૧ માર્ચ ૨૦૧૪ | વર્લ્ડ ફોરસ્ટ ડે | ૧૭૫ |
| ૩ | ૨૨મી માર્ચ ૨૦૧૪ | વર્લ્ડ વોટર ડે | ૧૩૦ |
| ૪ | ૨૩મી માર્ચ ૨૦૧૪ | વર્લ્ડમેટ્રોલોજીકલ ડે | ૧૭૮ |
| ૫ | ૭ એપ્રીલ ૨૦૧૪ | વર્લ્ડહેલ્થ ડે | ૧૩૨ |
| ૬ | ૮ થી ૨૯ એપ્રીલ ૨૦૧૪ | વેકેશન ટ્રેનિંગ પ્રોગ્રામ ઓન બાયોરિર્સોસ | ૧૭૬ |
| ૭ | ૧૧મે ૨૦૧૪ | નેશનલ ટેકનોલોજી ડે | ૧૨૦ |
| ૮ | ૨૨ મે ૨૦૧૪ | ઈન્ટરનેશનલ ડે ફોર બાયોલોજીકલ ડાયર્વસિટી | ૨૦૭ |
| ૯ | ૫ જુન ૨૦૧૪ | વર્લ્ડ એનવાયરોનમેન્ટ ડે | ૫૨૮ |
| ૧૦ | ૧૯ થી ૨૦ જુલાઈ ૨૦૧૪ | મુન લેન્ડીંગ ડે ૨૦૧૪ | ૨૦૬ |
| ૧૧ | ૨૫ થી ૨૮ જુલાઈ ૨૦૧૪ | સાયન્સ ઓલીમ્પીયાડ ૨૦૧૪ | ૧૬૬ |
| ૧૨ | ૧૨ ઓગસ્ટ ૨૦૧૪ | નેશનલ સાયન્સ સેમીનાર ૨૦૧૪ | ૧૫૮ |
| ૧૩ | ૭ સપ્ટેમ્બર ૨૦૧૪ | સ્ટેટ લેવલ નેશનલ સાયન્સ સેમીનાર | ૧૮૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૪ | ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૪ | નેશનલ એન્જીનીયરસ ડે | ૧૭૫ |
| ૧૫ | ૧૬ સપ્ટેમ્બર ૨૦૧૪ | વર્લ્ડ ઓઝોન ડે | ૨૧૬ |
| ૧૬ | ૨૩–૨૪ સપ્ટેમ્બર ૨૦૧૪ | પ્રોગ્રામ ઓન મોમ–મંગલયાન | ૧૭૦ |
| ૧૭ | ૧ થી ૭ ઓકટોમ્બર ૨૦૧૪ | વાઈલ્ડલાઈફ વીક ૨૦૧૪ | ૪૧૬ |
| ૧૮ | ૪ થી ૧૦ ઓકટોમ્બર ૨૦૧૪ | વર્લ્ડ સ્પેશ વીક ૨૦૧૪ | ૩૪૫ |
| ૧૯ | ૭ નવેમ્બર ૨૦૧૪ | બર્થડે સેલીબ્રેશન ઓફ સર સી. વી. રામન | ૧૪૫ |
| ૨૦ | ૧૦ નવેમ્બર ૨૦૧૪ | વર્લ્ડ સાયન્સ ડે ફોર પીસ એન્ડ ડેવલોપમેન્ટ | ૧૬૫ |
| ૨૧ | ૧૪ નવેમ્બર ૨૦૧૪ | ચીલ્ડ્રન્સ ડે | ૧૦૬ |
| ૨૨ | ૨૯–૩૦ નવેમ્બર ૨૦૧૪ | સ્ટેટ લેવેલ ચીલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ ૨૦૧૪ | ૨૦૦ |
| ૨૩ | ૪ થી ૭ ડિસેમ્બર ૨૦૧૪ | IRIS રાષ્ટ્રીય મેળા | ૫૩૦૦ |
| | **કુલ વિદ્યાર્થીઓ** | | **૧,૧૬,૫૯૪** |

(૨) આ ઉજવણીમાં વર્ષ ૨૦૧૪માં કેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ છે?

(૨) આ ઉજવણીમાં વર્ષ ૨૦૧૪માં કુલ ૧,૧૬,૫૯૪ વિદ્યાથીઓએ ભાગ લીધેલ છે.

---------

**અમદાવાદ શહેરમાં પોલીસનું સંવર્ગવાર મહેકમ**

* ૧૩૯૩૮ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેર પોલીસની વિવિધ શાખાઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી ખાલી છે,

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે, અને

(૪) ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ફીક્સ પગારથી ભરાયેલ છે?

**જવાબ**

(૧) અને (૩)

| સંવર્ગ | મંજુર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| પોલીસ ઈન્સ્પેકટર | ૩૫ | ૩૫ | – |
| પી.એસ.આઇ. | ૧૬૮ | ૬૪ | ૧૦૪ |
| એ.એસ.આઇ | ૪૪૮ | ૨૩૭ | ૨૧૧ |
| હેડ કોન્સ્ટેબલ | ૭૧૮ | ૪૯૩ | ૨૨૫ |
| પોલીસ કોન્સ્ટેબલ | ૧૮૮૯ | ૬૨૪ | ૧૨૬૫ |

(૩) ભરતી કેલેન્ડર મુજબ કોન્સ્ટેબ્યુલરીમાં સીધી ભરતીની પ્રક્રીયા હાલ ચાલુ છે. વહીવટી જરૂરીયાત મુજબ અને અનુકુળતા અનુસાર વહીવટી પ્રક્રીયાઓ અનુસરીને સમયાંતરે ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

(૪) પી.એસ.આઇ.ની ૨૧ અને પોલીસ કોન્સ્ટેબલની ૪૫ જગ્યાઓ ફીક્સ પગારથી ભરાયેલ છે.

---------

**ખેડા જિલ્લામાં ઉપલબ્ધ પોલીસ કોમ્યુનીટી હોલ**

* ૧૪૬૭૬ **શ્રી સુરેશભાઇ ધ. પટેલ (મણિનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ખેડા જિલ્લામાં એક કોમ્યુનિટી હોલ ઉપલબ્ધ છે.

---------

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

**ભરૂચ જિલ્લામાં ગામ તળાવ ઊંડા કરવા બાબત**

* ૧૪૦૧૬ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સિંચાઈ વિભાગ દ્વારા છેલ્લા બે વર્ષમાં કેટલા ગામ તળાવ ઊંડા કરવામાં આવેલ છે, અને | (૧) ૩૦ તળાવ. |
| (૨) આ કામગીરી માટે કેટલો ખર્ચ થયેલ છે? | (૨) રૂ. ૨૧૭.૪૭ લાખ. |

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રેવન્યુ ઈન્સ્પેકશન કમિશ્નર દ્વારા તપાસ**

* ૧૪૫૮૮ **શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં રેવન્યુ ઈન્સ્પેકશન કમિશનરશ્રી દ્વારા કઈ કચેરીની કેટલીવાર તપાસ કરવામાં આવી,

**જવાબ**

(૧)

| કચેરીનું નામ | તપાસણી કર્યાની સંખ્યા |
|---|---|
| કલેકટર કચેરી | ૧ વખત |
| જિલ્લા પંચાયત કચેરી | ૧ વખત |
| મામલતદાર કચેરી, કલ્યાણપુર | ૧ વખત |
| તાલુકા પંચાયત, કલ્યાણપુર | ૧ વખત |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઈન્સ્પેકશન દરમ્યાન કઈ બાબતોની તપાસ કરવામાં આવી, | (૨) મહેસૂલી અને પંચાયત કચેરીઓની નિયત થયેલ પ્રશ્નાવલીમાં સામેલ ***પરિશિષ્ટ–૧ થી ૪** માં દર્શાવેલ બાબતોની તપાસ કરવામાં આવેલ છે. |
| (૩) કઈ કચેરીમાં કયા પ્રકારની ગેરરીતિઓ ધ્યાને આવી, અને | (૩) ગેરરીતિઓ ધ્યાને આવેલ નથી. પરંતુ કેટલીક વહીવટી ક્ષતિઓ ધ્યાને આવેલ છે. |
| (૪) તે અન્વયે શાં પગલાં ભરવામાં આવ્યા? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(*પરિશિષ્ટો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ભાવનગર જિલ્લામાં તળાવો ઊંડા કરવા બાબત**

* ૧૪૪૫૨ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર–પૂર્વ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા, અને | (૧) કુલ ૨૧૪ તળાવો ઊંડા કરવામાં આવ્યા. |
| (૨) ઉક્ત તળાવો ઊંડા ઉતારવા માટે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) વર્ષ ૨૦૧૩ માં રૂ. ૧૫૨૯.૫૩ લાખનો અને વર્ષ ૨૦૧૪માં રૂ. ૫૭.૬૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. |

---------

**સુરત જિલ્લામાં કૃષિ કિટસનું વિતરણ**

* ૧૩૯૯૮ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં કૃષિ મહોત્સવમાં સન–૨૦૧૩ અને ૨૦૧૪ દરમ્યાન કેટલા ખેડૂતોને વિના મૂલ્યે કેટલી કૃષિ કિટસનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) વર્ષ–૨૦૧૩ દરમ્યાન ૭૩૮૬ ખેડૂતોને ૭૩૮૬ કૃષિ કીટ્સ, ૩૫૬૫ ખેડૂતોને ૩૫૬૫ પશુપાલન કીટસનું વિના મુલ્યે વિતરણ કરવામાં આવ્યું.<br>વર્ષ–૨૦૧૪ દરમ્યાન ૭૭૧૫ ખેડૂતોને ૭૭૧૫ કૃષિ |

કીટ્સ, ૬૭૫૪ ખેડૂતોને ૬૭૫૪ બાગાયતી કીટ્સ, ૭૧૩૯ ખેડૂતોને ૭૧૩૯ પશુપાલન કીટસનું વિના મુલ્યે વિતરણ કરવામાં આવ્યું.

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો?

(૨) વર્ષ ૨૦૧૩ દરમ્યાન રૂ. ૧,૯૭,૮૭,૯૮૨/- અને વર્ષ ૨૦૧૪ દરમ્યાન રૂ. ૧,૪૧,૯૫,૧૭૫/-નો ખર્ચ થયો.

---------

**મહેમદાવાદ અને ખેડા તાલુકામાં બાળાઓને ભગાડી જવાના કેસ**

* ૧૪૨૩૯ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેમદાવાદ અને ખેડા તાલુકાઓમાંથી કેટલી બાળાઓને ભગાડી જવાના બનાવ અન્વયે કેટલા કેસમાં એફ.આઈ.આર. નોંધવામાં આવી,

(૧)

| **તાલુકાનું નામ** | **બાળાઓની સંખ્યા** | **એફ.આઈ.આર નોંધવામાં આવી** |
|---|---|---|
| મહેમદાવાદ | ૧૨ | ૧૨ |
| ખેડા | ૭ | ૭ |

(૨) નોંધાયેલી ફરિયાદમાંથી કેટલા કેસમાં આરોપીની ધરપકડ કરવામાં આવી, કેટલાની ધરપકડ કરવાની બાકી છે, અને

(૨)

| **આરોપીઓની ધરપકડ કરવામાં આવી** | **આરોપીઓની ધરપકડ બાકી** |
|---|---|
| ૧૪ કેસમાં | (૧) ૨ કેસમાં ધરપકડ બાકી<br>(૨) ૩ કેસમાં સી–ફાઈનલ ભરવામાં આવી છે. |

(૩) નોંધાયેલી ફરિયાદો પૈકી કેટલા કેસમાં ભગાડાયેલ બાળા સગીર વયની હતી ?

(૩) તમામ ૧૯ કેસોમાં

---------

**અમરેલી જિલ્લામાં પશુઓને સારવાર**

* ૧૩૯૦૪ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન અમરેલી જિલ્લામાં કેટલા પશુ વંધ્યત્વ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ, અને

(૧) ૮

(૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ?

(૨) ૧૧૨૭૬

---------

**અમદાવાદ જિલ્લામાં પશુઓને સારવાર**

* ૧૩૮૯૫ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને

(૧) ૫,૯૯,૫૩૪

(૨) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ?

(૨) ૨૦,૧૨,૧૭૧

---------

**ભાવનગર જિલ્લામાં પશુઓને સારવાર**

* ૧૩૯૦૩ **શ્રી શીવાભાઇ જે. ગોહિલ(તળાજા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન ભાવનગર જિલ્લામાં કેટલા પશુ વંધ્યત્વ નિદાન અને સારવાર કેમ્પનું

(૧) ૯

આયોજન કરવામાં આવેલ, અને

| | |
|---|---|
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ? | (૨) ૧૩,૩૦૦ |

---------

**પાટણ જિલ્લામાં પશુઓને સારવાર**

* ૧૩૯૦૧ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન પાટણ જિલ્લામાં કેટલા પશુ વંધ્યત્વ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ, અને | (૧) ૭ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ? | (૨) ૨૨૬૬ |

---------

**બનાસકાંઠા જિલ્લામાં નવીશરતની જમીન જુની શરતમાં ફેરવવા બાબત**

* ૧૪૭૨૯ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં નવી શરત અને ગણોતધારા હેઠળની કેટલી જમીન જૂની શરતમાં ફેરવવા અંગેની અરજી કે રજુઆત મળી, | (૧) વર્ષ ૨૦૧૩ – ૧૬૦<br>વર્ષ ૨૦૧૪ – ૨૨૮ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ પડતર છે, અને | (૨) ૨૦ |
| (૩) અરજીઓ પડતર રહેવાના શા કારણો છે અને આ પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ? | (૩) વિવિધ તબક્કે ચકાસણી હેઠળ હોવાથી પડતર છે. બનતી ત્વરાએ નિકાલ કરવામાં આવશે. |

---------

**''સેટકોમ'' નાં માધ્યમથી શિક્ષણ અને કૌશલ્યવર્ધન કાર્યક્રમનું પ્રસારણ**

* ૧૪૩૬૪ **શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી (સુરત પશ્ચિમ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં શિક્ષણ અને કોશલ્યવર્ધનના કાર્યક્રમો સેટકોમના માધ્યમથી લોકોના ઘર સુધી પહોંચાડવાનું કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અંગેના આયોજનની વિગતો શી છે ? | (૨) બાયસેગ ખાતે ૧૦ સ્ટુડીયો તેમજ નવી ૧૬ ચેનલોમાં પ્રસારણ કરવા માટે જરૂરી અપલીંક અર્થ સ્ટેશન કાર્યરત કરવામાં આવેલ છે. |

---------

**કચ્છ જિલ્લાના અછતગ્રસ્ત વિસ્તારોમાં ઘાસના કાર્ડ**

* ૧૪૧૦૯ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કચ્છ | (૧) અછત તેમજ અર્ધઅછતગ્રસ્ત વિસ્તારોમાં |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| જિલ્લાના અછતગ્રસ્ત વિસ્તારોમાં માત્ર પાંચ જ પશુઓ માટે વ્યક્તિદીઠ ઘાસના કાર્ડ આપવામાં આવે છે તે હકીકત ખરી છે, અને | અધિકત્તમ પાંચ પશુની મર્યાદામાં પશુધારક દીઠ ૧ ઘાસકાર્ડ આપવામાં આવે છે. |
| (૨) જો હા, તો પશુધન આધારિત આ જિલ્લામાં દરેક પશુ માટે ઘાસ માટે આ મર્યાદા દૂર કરવા રાજ્ય સરકારનું શું આયોજન છે ? | (૨) આ સિવાય પશુધનની સાચવણી માટે કેટલ કેમ્પ તથા ગૌશાળા/પાંજળાપોળમાં પશુ નિભાવણી માટે રૂ઼. ૨૫/–ની પશુદીઠ દૈનિક સહાય આપવામાં આવે છે. તેથી મર્યાદા દૂર કરવાનો પ્રશ્ન રહેતો નથી. |

---------

## અમદાવાદ જિલ્લામાં કૃષિ કિટ્સનું વિતરણ

* ૧૪૦૦૧ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં કૃષિ મહોત્સવમાં સન–૨૦૧૩ અને ૨૦૧૪ દરમ્યાન કેટલા ખેડૂતોને વિના મુલ્યે કેટલી કૃષિ કિટ્સનું વિતરણ કરવામાં આવ્યુ, અને | (૧) વર્ષ–૨૦૧૩ દરમ્યાન ૩૯૬૮ ખેડૂતોને ૩૯૬૮ કૃષિ કીટ્સ, ૨૬૯૫ ખેડૂતોને ૨૬૯૫ પશુપાલન કીટ્સનું વિના મુલ્યે વિતરણ કરવામાં આવ્યું.<br>વર્ષ–૨૦૧૪ દરમ્યાન ૩૯૬૮ ખેડૂતોને ૩૯૬૮ કૃષિ કીટ્સ, ૩૨૦૩ ખેડૂતોને ૩૨૦૩ બાગાયતી કીટ્સ, ૪૭૯૦ ખેડૂતોને ૪૭૯૦ પશુપાલન કીટસનું વિના મુલ્યે વિતરણ કરવામાં આવ્યું. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૨) વર્ષ ૨૦૧૩ દરમ્યાન રૂ. ૧,૦૯,૦૪,૪૫૭/- અને વર્ષ ૨૦૧૪ દરમ્યાન રૂ. ૬૧,૨૮,૬૧૬/–નો ખર્ચ થયો. |

---------

## વડોદરા જિલ્લામાં કૃષિ કિટ્સનું વિતરણ

* ૧૪૦૦૦ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં કૃષિ મહોત્સવમાં સન–૨૦૧૩ અને ૨૦૧૪ દરમ્યાન કેટલા ખેડૂતોને વિના મુલ્યે કેટલી કૃષિ કિટ્સનું વિતરણ કરવામાં આવ્યુ, અને | (૧) વર્ષ–૨૦૧૩ દરમ્યાન ૧૬૩૭૪ ખેડૂતોને ૧૬૩૭૪ કૃષિ કીટ્સ, ૭૬૯૦ ખેડૂતોને ૭૬૯૦ પશુપાલન કીટ્સનું વિના મુલ્યે વિતરણ કરવામાં આવ્યું.<br>વર્ષ–૨૦૧૪ દરમ્યાન ૧૬૧૫૯ ખેડૂતોને ૧૬૧૫૯ કૃષિ કીટ્સ, ૧૨૩૪૨ ખેડૂતોને ૧૨૩૪૨ બાગાયતી કીટ્સ, ૬૪૨૦ ખેડૂતોને ૬૪૨૦ પશુપાલન કીટસનું વિના મુલ્યે વિતરણ કરવામાં આવ્યું. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૨) વર્ષ ૨૦૧૩ દરમ્યાન રૂ. ૪,૪૨,૩૦,૬૬૯/- અને વર્ષ ૨૦૧૪ દરમ્યાન રૂ. ૨,૯૨,૪૨,૪૫૯/–નો ખર્ચ થયો. |

## ભાવનગર જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ અરજીઓ

* ૧૪૦૦૨ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૨૬ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૧૯ |
| (૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૧૧૮.૦૦ લાખ. |

---------

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

**આણંદ જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપન માટે ફાળવેલ રકમ**

* ૧૩૬૮૯ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ડીઝાસ્ટર મેનેજમેન્ટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપન માટે વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયો અને કયા સાધનોની ખરીદી કરવામાં આવી?

**જવાબ**

(૧)

| **સમય ગાળો** | **ફાળવેલ રકમ** |
|---|---|
| ૦૧.૦૧.૨૦૧૩ થી૩૧.૧૨.૨૦૧૩ | ૩,૫૫,૦૦૦– |
| ૦૧.૦૧.૨૦૧૪ થી૩૧.૧૨.૨૦૧૪ | શૂન્ય |

(૨)

| **સમય ગાળો** | **થયેલ ખર્ચની રકમ** |
|---|---|
| ૦૧.૦૧.૨૦૧૩ થી૩૧.૧૨.૨૦૧૩ | ૨,૭૨,૯૧૫– |
| ૦૧.૦૧.૨૦૧૪ થી૩૧.૧૨.૨૦૧૪ | ૧,૭૬,૨૯૪– |

ઇમરજન્સી લાઈટો, રબર બોટ, મોટર સાયકલ માઉન્ટેડ વોટર મીસ્ટ ફાયર ફાઈટીંગ સીસ્ટમ અને મીની ફાયર સાધનોની ખરીદી કરવામાં આવી.

---------

**મોરબી જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિઓ**

* ૧૩૬૭૦ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મોરબી જિલ્લામાં તાલુકાવાર લૂંટ–ખૂન–ધાડ અને ચોરીના કેટલા બનાવો છેલ્લા એક વર્ષમાં નોંધાયા,

(૨) તે અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરી અને

(૩) આ ગુન્હાઓ બનતા અટકાવવા સરકારે શાં પગલાં લીધા?

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **લૂંટ** | **ખૂન** | **ધાડ** | **ચોરી** |
|---|---|---|---|---|
| મોરબી | ૦૪ | ૧૭ | ૦૨ | ૯૦ |
| વાંકાનેર | ૦૧ | ૦૫ | ૦૦ | ૧૭ |
| માળીયા મિયાણા | ૦૧ | ૦૪ | ૦૨ | ૧૨ |
| ટંકારા | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૬ |
| હળવદ | ૦૦ | ૦૪ | ૦૧ | ૫૨ |

(૨) ૨૭૬ ઈસમોની.

(૩) સી.આર.સી.પી. કલમ–૧૦૯ મુજબ કુલ–૮૨૫, સી.આર.સી.પી. કલમ–૧૧૦ મુજબ કુલ–૫૫૯૯, જી.પી.એક્ટ કલમ–૧૨૨ મુજબ કુલ ૧૪૫ તથા જી.પી. એકટ કલમ–૧૨૪ મુજબ કુલ–૧૦ ઈસમો વિરૂધ્ધ અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

---------

**વિસાવદર, ભેંસાણ અને જૂનાગઢ તાલુકામાં યુરિયાનો જથ્થો**

* ૧૪૮૬૩ **શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ વિસાવદર, ભેંસાણ તથા જૂનાગઢ તાલુકામાં ખેડૂતોને યુરિયા ખાતર ન મળવાથી પાકને નુકશાન થઈ રહ્યું છે તો સરકાર દ્વારા ખેડૂતોને યુરિયા ખાતર પૂરતું આપવાની વ્યવસ્થા સરકારે કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો યુરિયા ખાતરનો જથ્થો આ ત્રણ તાલુકામાં ક્યારે ફાળવવામાં આવશે?

**જવાબ**

(૧) પાકને નુકસાન થયેલ નથી. યુરીયા ખાતરની પુરતી વ્યવસ્થા કરેલ છે. તા. ૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કુલ ૯૩૫૭૦.૦૦ મેટ્રીક ટન યુરીયા ખાતરના જથ્થાની ફાળવણી કરેલ છે.

(૨) તાલુકાવાર નહી પરંતુ જિલ્લાવાર યુરિયા ખાતરનો પુરવઠો ફાળવવામાં આવેલ છે.

---------

**કચ્છ જિલ્લામાં અછતગ્રસ્ત અને ચોમાસાથી થયેલ નુકશાન માટે કેલીમીટી ફંડમાંથી ફાળવણી**

* ૧૪૧૩૩ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેલીમીટી ફંડમાં કુલ કેટલી રકમ જમા છે, અને | (૧) રૂ. ૨૮૨૫.૨૨ કરોડ. |
| (૨) તે અન્વયે આ ફંડમાંથી કચ્છ જિલ્લામાં અછતગ્રસ્ત વિસ્તારો તેમજ ચોમાસા દરમ્યાન ખેડૂતોને થયેલ નુકશાન અન્વયે સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ માસમાં કેટલી રકમ ફાળવી? | (૨) રૂ. ૪,૯૯,૫૦,૦૦૦/–. |

---------

**પંચમહાલ જિલ્લામાં ઉપલબ્ધ પોલીસ કોમ્યુનીટી હોલ**

* ૧૪૬૭૯ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે? | (૨) પંચમહાલ જિલ્લામાં એક કોમ્યુનિટી હોલ ઉપલબ્ધ છે. |

---------

**પારડી તાલુકામાં પશુઓને સારવાર**

* ૧૩૮૯૮ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં યોજવામાં આવેલ પશુ વંધ્યત્વ નિદાન અને સારવાર કેમ્પમાં કેટલા પશુઓની સારવાર કરવામાં આવેલ? | ૧૯૦ |

---------

**મોડાસા અને ધનસુરા તાલુકામાં પાણી પત્રકોની બાકી કામગીરી**

* ૧૩૬૭૬ **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મોડાસા અને ધનસુરા તાલુકામાં કેટલા ખેડૂતોના પાણી પત્રકો બનાવવાના બાકી છે, અને | (૧) મોડાસા તાલુકામાં –૧,૪૯,૫૦૧<br>ધનસુરા તાલુકામાં – ૧૫૫<br>--------<br>બન્ને તાલુકાના કુલ– ૧,૪૯,૬૫૬<br>ખેડૂતોના પહાણી પત્રકની એન્ટ્રીઓ બાકી છે. |
| (૨) આ પાણી પત્રકો કેટલા સમયમાં પૂર્ણ થશે? | (૨) બનતી ત્વરાએ. |

---------

**ગુજરાત દિપોત્સવી અંકની નકલ છાપવા પાછળ ખર્ચ**

* ૧૪૧૪૯ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રાસારણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં માહિતી અને પ્રસારણ ખાતા દ્વારા પ્રકાશિત થતા ગુજરાતના દિપોત્સવી અંકોની વર્ષવાર કેટલી નકલો છપાવવામાં આવી અને વર્ષવાર કેટલો ખર્ચ થયો, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માહિતી ખાતા દ્વારા પ્રકાશિત થતા ગુજરાતના દિપોત્સવી અંકોની નકલો અને ખર્ચની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | છાપેલ નકલો | ખર્ચ રૂ. |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૩ | ૧૫૦૦૦ | ૨૨,૯૧,૯૦૪– |

| | | | |
|---|---|---|---|
| ૨ | ૨૦૧૪ | ૧૫૦૦૦ | ૨૫,૬૦,૪૪૪- |

(૨) તે અન્વયે વર્ષવાર કેટલા અંકો મફત વિતરણ કરાયા અને કેટલા અંકો વેચાણથી આપવામાં આવ્યા અને વેચાણપેટે વર્ષવાર કેટલી આવક થઈ?

(૨) તે અન્વયે વર્ષવાર મફત વિતરણ કરાયેલ નકલો, વેચાણ કરાયેલ નકલો અને વર્ષવાર થયેલ આવકની વિગતો નીચે મુજબ છે.

| **ક્રમ** | **વર્ષ** | **મફત વિતરણ કરાયેલ નકલો** | **વેચાણ કરાયેલ નકલો** | **આવક રૂ.** |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૩ | ૧૨૭૩૦ | ૨૨૭૦ | ૭૩૯૮૬- |
| ૨ | ૨૦૧૪ | ૮૮૪૨ | ૬૧૫૮ | ૧૯૦૧૬૬- |

---------

**સાણંદ સ્થિત કોકા કોલા કંપનીને આપેલ નર્મદાના પાણીનાં ભાવ બાબત**

* ૧૩૫૯૫ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના સાણંદ સ્થિત કોકા કોલા કંપનીને દરરોજ નર્મદાનું કેટલું પાણી શા ભાવે આપવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આપેલ પાણી પેટે લેણાંની કૂલ રકમ પૈકી કેટલી રકમ વસુલ થઈ?

**જવાબ**

(૧) અને (૨) કંપનીને ફાળવેલ પ્લોટ ઉપર બાંધકામ થયેલ ન હોઈ તેમજ તા. ૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ કંપની દ્વારા પાણી જોડાણની માંગણી કરેલ ન હોઈ પાણી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સુરત જિલ્લામાં પશુપાલન કિટસનું વિતરણ**

* ૧૩૮૮૮ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કૃષિ મહોત્સવ-૨૦૧૪ દરમ્યાન સુરત જિલ્લામાં કેટલા પશુપાલન કિટસનું વિતરણ કરવામાં આવ્યુ, અને

(૨) તેમાં કેટલા ગામ આવરી લેવામાં આવેલ ?

**જવાબ**

(૧) ૭૧૩૯.

(૨) ૭૧૪.

---------

**રાજ્યકક્ષાની મહિલા સમિતિની બેઠક/સભ્યો બાબત**

* ૧૩૯૬૦ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં મહિલાઓ ઉપર થતા અત્યાચાર રોકવા માટે રાજ્યકક્ષાની મહિલા સુરક્ષા સમિતિની બેઠક તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યારે મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ મહિલા સુરક્ષા સમિતિના અધ્યક્ષ અને સભ્યો કોણ છે ?

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**જવાબ**

(૧) અને (૨)

મહિલાઓ ઉપર થતા અત્યાચાર રોકવા અંગેની રાજ્ય કક્ષાની મહિલા સુરક્ષા સમિતિની બેઠક તા.૦૭-૦૧-૨૦૧૪ તથા તા.૧૮-૦૭-૨૦૧૪ ના રોજ મળેલ. આ સમિતિના અધ્યક્ષ અને સભ્યોની વિગત આ સાથે સામેલ ***પત્રક** મુજબ છે.

---------

**પાકિસ્તાન સત્તા દ્વારા પકડાયેલ માછીમાર કુટુંબોના જીવન નિર્વાહ માટે સહાય બાબત**

* ૧૩૯૯૧ **શ્રી અજયકુમાર જે. ચોકસી(સુરત ઉત્તર) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ પાકિસ્તાન સત્તા દ્વારા પકડાયેલ માછીમારોના કુટુંબ જે જીવન નિર્વાહ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ સહાય આપવામાં આવે છે કે

**જવાબ**

(૧) હા, જી.

કેમ, અને

(૨) જો હા, તો કેટલી સહાય આપવામાં આવે છે ?

(૨) મત્સ્ય બોટ જે તારીખે પાકિસ્તાન મરીન સીક્યુરીટી એજન્સી દ્વારા પકડાય તે તારીખથી પાકિસ્તાન ખાતેની જેલમાંથી છુટે તે તારીખ સુધીના સમયગાળા માટે માછીમારના કુટુંબને દૈનિક રૂ.૧૫૦/-ની આર્થિક સહાય ચૂકવવામાં આવે છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં બિયારણના નમૂના**

* ૧૪૦૧૪ **શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિયારણના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યાં,

(૧) ૪૯૪.

(૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિનપ્રમાણિત થયા, અને

(૨) ૪૮૧ પ્રમાણિત.
૧૩ બિનપ્રમાણિત.

(૩) બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યાં ?

(૩) બિનપ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

| અ.નં. | નમુનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૦૫ | કોર્ટકેસ કરેલ છે. |
| ૨ | ૦૫ | વહીવટી પગલાં લીધેલ છે. |
| ૩ | ૦૩ | કાર્યવાહી ચાલુ છે. |

---------

**વડોદરા જિલ્લામાં રાસાયણિક ખાતરના નમૂના**

* ૧૪૦૧૦ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાસાયણિક ખાતરના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યાં,

(૧) ૧૮૪૬ નમૂનાઓ.

(૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમુના બિન પ્રમાણિત થયા, અને

(૨) તે પૈકી ૧૮૩૧ નમૂના પ્રમાણિત અને ૧૫ નમૂના બિનપ્રમાણિત થયા.

(૩) બિન પ્રમાણિત નમુનાઓમાં ગણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ?

(૩) બિનપ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત નીચે મુજબના પગલા લેવામાં આવ્યા.

**બિનપ્રમાણિત**

| અ.નં. | નમુનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૩ | કોર્ટકેસ કરેલ છે. |
| ૨ | ૯ | વહીવટી પગલાં |
| ૩ | ૩ | કાર્યવાહીમાં |

---------

**નર્મદા જિલ્લામાં ફળપાક વાવેતરના લાભાર્થી**

* ૧૪૦૩૩ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) નર્મદા જિલ્લામાં ફળપાકના નવા વાવેતર માટે સહાયની યોજના અમલમાં છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો સરકાર દ્વારા આ જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪માં આ યોજના હેઠળ કેટલા ખેડૂતોને સહાય ચૂકવેલ છે ?

(૨) ૧૨૫૩ ખેડૂતોને.

---------

**વડોદરા જિલ્લામાં પશુઓને સારવાર**

* ૧૩૮૯૩ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને

(૨) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) ૪,૬૮,૪૦૮.

(૨) ૩૬,૦૯,૫૦૪.

---------

**જૂનાગઢ જિલ્લામાં તેલીબીયાનું ઉત્પાદન વધારવા પ્રોત્સાહન અંગે**

* ૧૩૯૯૬ **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જૂનાગઢ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તેલીબીયા પાકનું ઉત્પાદન વધારવા માટે ખેડૂતોને ક્યા પ્રોત્સાહન આપવામાં આવ્યા, અને

(૨) ઉકત સ્થિતિએ વર્ષવાર તેમાં કેટલી રકમનો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં તેલીબીયા પાકોનું ઉત્પાદન વધારવા માટે ખેડુતોને નીચે પ્રમાણેના ઘટકોમાં પ્રોત્સાહન આપવાની કામગીરી થયેલ છે.

| | **ઘટકનું નામ** | **સંખ્યા** |
|---|---|---|
| ૧ | પ્રમાણિત બીજ વિતરણ | ૧૪૦૧૬ કિવન્ટલ |
| ૨ | બ્લોક નિદર્શન | ૨૩૩૭ કિવન્ટલ |
| ૩ | ટ્રાન્સફર ઓફ ટેકનોલોજીના ઘટકો | |
| | ખેડુત તાલીમ | ૫૮ વર્ગ |
| | જીપ્સમ | ૮૧૮૦ ટન |
| | પાક સંરક્ષણ સાધન | ૧૦૭૫ |
| | સુધારેલ ખેત ઓજાર | ૬૯૬ |
| | પાઇપ લાઇન | ૧૨૬૦૦ મીટર |
| ૪ | સ્થાનિક પ્રોત્સાહક ઘટકો | |
| | તાલપત્રી | ૨૮૧ |
| | સેન્દ્રીય ખાતર | ૧૯૯ હેક્ટર |
| | પંપસેટ | ૨૬૪ |

(૨)

| **અ.નં.** | **વર્ષ** | **ખર્ચની વિગત (રૂપિયા લાખમાં)** |
|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | ૨૫૬.૩૯ |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૧૨૩.૮૩ |
| ૩ | ૨૦૧૪-૧૫ | સહાય ચૂકવવાની કામગીરી ચાલુ છે. |

---------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સહકારી મંડળીઓને જમીન**

* ૧૪૬૩૩ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વિવિધ સહકારી મંડળીઓ દ્વારા મકાન તેમજ ગોડાઉન બનાવવા માટે જમીન માંગણી અંગેની કેટલી દરખાસ્તો સરકારને તાલુકાવાર મળેલ છે,

**જવાબ**

(૧) તાલુકાવાર મળેલ દરખાસ્તો

**૧. સાબરકાંઠા જિલ્લોઃ–**

| ક્રમ | તાલુકો | મળેલ દરખાસ્ત | | |
|---|---|---|---|---|
| | | **૨૦૧૩** | **૨૦૧૪** | **કુલ** |
| ૧ | હિંમતનગર | – | ૧૨ | ૧૨ |
| ૨ | ઇડર | – | ૦૫ | ૦૫ |
| ૩ | વડાલી | – | ૦૩ | ૦૩ |
| ૪ | ખેડબ્રહમા | – | ૦૧ | ૦૧ |
| ૫ | વિજયનગર | – | ૦૫ | ૦૫ |
| ૬ | પોશીના | – | ૦૦ | ૦૦ |
| ૭ | પ્રાંતિજ | – | ૦૩ | ૦૩ |
| ૮ | તલોદ | – | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **–** | **૨૯** | **૨૯** |

**૨. અરવલ્લી જિલ્લોઃ–**

| ક્રમ | તાલુકો | મળેલ દરખાસ્ત | | |
|---|---|---|---|---|
| | | **૨૦૧૩** | **૨૦૧૪** | **કુલ** |
| ૧ | મોડાસા | – | ૩ | ૩ |

(૨) મળેલ દરખાસ્તો પૈકી મંજૂર થયેલ દરખાસ્તો માં સરકાર દ્વારા મંડળીઓ પાસેથી જમીનની કિંમત પેટે કેટલી રકમ વસુલવામાં આવી, અને

(૨) બંને જિલ્લાની કુલ –૩૨ દરખાસ્તો પૈકી મહિલા દૂધ મંડળીના મકાન માટેની ૮ દરખાસ્તો મંજુર કરવામાં આવેલ છે. આ તમામ કિસ્સામાં જમીન વાર્ષિક રૂ. ૧/–ના ટોકન દરેથી ૧૫ વર્ષના ભાડાપટ્ટેથી આપવામાં આવેલ છે. તેથી કિંમત વસુલવાનો પ્રશ્ન રહેતો નથી.

(૩) સહકારી મંડળીઓને આપવામાં આવતી જમીનના કિંમતના દરો અને ઉદ્યોગોને આપવામાં આવતા જમીનની કિંમતના દરોમાં તફાવત છે કે કેમ ?

(૩) (૧) મહિલા દૂધ સહકારી મંડળીઓને ૩૦૦ ચો.વાર જમીન ૧૫ વર્ષ માટે રૂ. ૧/–ના વાર્ષિક ટોકન દરે ભાડે આપવામાં આવે છે. ઉદ્યોગોને બજાર કિંમતના ૧૫% વાર્ષિક ભાડેથી ભાડાપટ્ટે જમીન આપવાની જોગવાઇ છે.

(૨) સહકારી મંડળીઓને ગોડાઉનના હેતુ માટે આપવામાં આવતી જમીનની કબજા કિંમતની રકમ નિયમ પ્રમાણે નક્કી કરીને તેનાથી ૫૦ ટકા કિંમતે આપી શકાય છે. ઉદ્યોગોને આપવામાં આવતી સરકારી જમીન નિયમ પ્રમાણે નક્કી થયેલી પૂર્ણ બજાર કિંમત લઇને આપવામાં આવે છે.

---------

**રાજકોટ પોલીસ કમિશ્નર હેઠળના પોલીસનું મંજૂર મહેકમ**

* ૧૩૬૭૩ **શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરૂ(રાજકોટ પૂર્વ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ રાજકોટ શહેરનું

પોલીસ કમિશનર હકુમત હેઠળના પોલીસના સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

મહેકમ.

| ક્રમ | સંવર્ગ | મંજૂર મહેકમ | ખાલી જગ્યાઓ | ૬ માસ સુધીની ખાલી જગ્યાઓ | ૬ માસ ઉપરની ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|---|
| ૧ | પોલીસ ઈન્સ્પેકટર | ૧૯ | ૦૬ | ૦૦ | ૦૬ |
| ૨ | પોલીસ સબ ઈન્સ્પેકટર | ૧૦૭ | ૩૫ | ૦૦ | ૩૫ |
| ૩ | મદદનીશ પોલીસ સબ ઈન્સ્પેકટર | ૨૨૦ | ૪૯ | ૨૪ | ૨૫ |
| ૪ | હેડ કોન્સ્ટેબલ | ૩૩૯ | ૫૭ | ૦૪ | ૫૩ |
| ૫ | પોલીસ કોન્સ્ટેબલ | ૧૨૪૪ | ૨૯૬ | ૩૭ | ૨૫૯ |

(૨) આ ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શાં પગલાં લીધા ?

(૨) ભરતી કેલેન્ડર મુજબ કોન્સ્ટેબ્યુલરીમાં સીધી ભરતીની પ્રક્રિયા હાલ ચાલુ છે. વહીવટી જરૂરીયાત મુજબ અને અનુકૂળતા અનુસાર વહીવટી પ્રક્રિયાઓ અનુસરીને સમયાંતરે ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

---------

**રાજકોટ જિલ્લામાં પશુઓને સારવાર**

* ૧૩૯૦૦ **શ્રી બાવજીભાઇ હ. મેતલીયા (ટંકારા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૪ દરમ્યાન રાજકોટ જિલ્લામાં કેટલા પશુ વંધ્યત્વ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ, અને

(૧) ૮.

(૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ?

(૨) ૬૭૧૯.

---------

**નર્મદા યોજના અન્વયે સંબંધિત રાજ્યો પાસેથી ગુજરાત સરકારે લેવાની બાકી રકમ**

* ૧૪૫૬૫ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજના અન્વયે કયા રાજ્યો પાસેથી ગુજરાત સરકારે કેટલી રકમ લેવાની થાય છે,

(૧) (રકમ રૂ. કરોડમાં)

| રાજ્ય | તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ગુજરાત સરકારે લેવાની થતી રકમ |
|---|---|
| મધ્યપ્રદેશ | ૩૫૨૮.૫૦ |
| મહારાષ્ટ્ર | ૧૩૬૩.૩૮ |
| રાજસ્થાન | ૫૦૦.૪૩ |
| **કુલ રકમ** | **૫૩૯૨.૩૧** |

(૨) લેવાની થતી રકમ પૈકી વિવાદીત અને બિન વિવાદીત પેટેની કુલ કેટલી રકમ અને કેટલું વ્યાજ રાજ્યવાર લેવાનું થાય છે, અને

(૨) ડીસેમ્બર–૨૦૧૪ની સ્થિતિએ કુલ રૂ.૫૩૯૨.૩૧ કરોડ રકમ ભાગીદારી રાજ્યો પાસેથી લેવાની બાકી નીકળે છે, જેની વિગતો નીચે મુજબ છે.

(રકમ રૂ. કરોડમાં)

| રાજ્ય | વિવાદિત રકમ | | બિન વિવાદીત રકમ | કુલ |
|---|---|---|---|---|
| | પુનઃ વસવાટ અને અન્ય | વ્યાજ ખર્ચ | | |

| | | | | |
|---|---|---|---|---|
| મધ્યપ્રદેશ | ૬૬૦.૦૭ | ૧૯૫૨.૪૨ | ૯૧૬.૦૧ | ૩૫૨૮.૫૦ |
| મહારાષ્ટ્ર | ૩૧૨.૬૮ | ૯૨૪.૮૩ | ૧૨૫.૮૭ | ૧૩૬૩.૩૮ |
| રાજસ્થાન | ૫૩.૫૦ | ૪૧૩.૬૬ | ૩૩.૨૭ | ૫૦૦.૪૩ |
| **કુલ રકમ** | **૧૦૨૬.૨૫** | **૩૨૯૦.૯૧** | **૧૦૭૫.૧૫** | **૫૩૯૨.૩૧** |

(૩) બાકી નીકળતી રકમ મેળવવા માટે સરકાર દ્વારા છેલ્લાં એક વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) છેલ્લા એક વર્ષમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છેઃ–

- તા.૪–૨–૨૦૧૪ના રોજ અધિક મુખ્ય સચિવશ્રી (નાણા) ગુજરાત રાજ્ય કક્ષાએથી પત્ર પાઠવીને અધિક મુખ્ય સચિવશ્રી (નાણા), મધ્યપ્રદેશ સરકાર અને અધિક મુખ્ય સચિવશ્રી (નાણા), મહારાષ્ટ્ર સરકારને વિનંતી કરેલ છે.
- નિગમ કક્ષાએથી તા.૧૨/૦૩/૨૦૧૪, તા.૦૪/૦૪/૨૦૧૪, તા.૧૪/૦૪/૨૦૧૪, તા.૨૪/૦૬/૨૦૧૪, તા.૦૯/૦૭/૨૦૧૪, તા.૦૬/૦૮/૨૦૧૪, તા.૦૫/૦૯/૨૦૧૪, તા.૧૬/૧૦/૨૦૧૪, તા.૦૧/૧૧/૨૦૧૪, તા.૦૮/૧૨/૨૦૧૪,

  તા.૦૬/૦૧/૨૦૧૫ અને તા.૦૨/૦૨/૨૦૧૫ના પત્રોથી મુખ્ય ઈજનેરશ્રી (સિંચાઈ વિભાગ), રાજસ્થાન, મુખ્ય ઈજનેરશ્રી (સિંચાઈ વિભાગ), મહારાષ્ટ્ર અને સભ્યશ્રી (તાંત્રિક), નર્મદા વેલી ડેવલપમેન્ટ ઓથોરીટી, ભોપાલને વિનંતી કરેલ છે.
- તા.૧૯/૦૧/૨૦૧૫ના રોજ નિગમ કક્ષાએથી સચિવશ્રી, નર્મદા કંટ્રોલ ઓથોરીટીને પત્ર પાઠવીને નર્મદા કંટ્રોલ ઓથોરીટીની આગામી બેઠકની કાર્યસૂચિમાં સદર બાબતનો સમાવેશ કરવા એજન્ડા નોટ મોકલી આપેલ છે.

---------

**વલસાડ જિલ્લામાં પોલીસ ખાતાનાં બિન રહેણાંક મકાનો**

* ૧૩૫૩૭ **શ્રી ઈશ્વરભાઈ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિન રહેણાંક મકાનોના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત મકાનો પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) એક

(૨) રૂા. ૮૦.૪૩ લાખનો ખર્ચ થયેલ છે.

**''ગુજરાતી ચલચિત્રોને બાકી સબસીડી''**

* ૧૪૨૦૪ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કેટલા ગુજરાતી ચલચિત્રોને સરકાર દ્વારા સબસીડી આપવાની બાકી છે અને તેના કારણો શા છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ કુલ રકમ કેટલી આપવાની થાય છે અને બાકી રહેલ સબસીડી કેટલા સમયમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યના ૧૪૫ ગુજરાતી ચલચિત્રોને સરકાર દ્વારા સબસીડી આપવાની બાકી છે. આ અંગેની નીતિ અનુસાર નિર્માતાએ રજૂ કરવાના થતા પૂરાવાઓ તેઓએ રજૂ કરેલ ન હોવાથી સબસીડી આપવાની બાકી છે.

(૨) ઉક્ત સ્થિતિએ કુલ રકમ રૂ.૭૨૫ લાખ આપવાની થાય છે જે રકમ, ઉપરના ખંડમાં જણાવેલ ૧૪૫ ગુજરાતી ચલચિત્રોના નિર્માતાઓ તરફથી આ અંગેની નીતિ અનુસાર જરૂરી પૂરાવાઓ રજૂ કરવામાં આવ્યેથી ઉપલબ્ધ અંદાજપત્રિય જોગવાઈ અનુસાર ચૂકવવામાં આવશે.

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

---------

**ખેડા અને આણંદ જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત**

* ૧૪૦૧૫ **શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા અને આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં તાલુકાવાર ઉંડા કરવામાં આવેલ તળાવોની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | જીલ્લો | તાલુકો | તાલુકાવાર ઉંડા કરવામાં આવેલ તળાવોની સંખ્યા. |
|---|---|---|---|
| ૧. | આણંદ | બોરસદ | ૬ |
| ૨. | | પેટલાદ | ૯ |
| ૩. | ખેડા | ખેડા | ૨ |

(૨) તેની પાછળ કુલ રૂ.૪૩.૭૭ લાખનો ખર્ચ થયો.

---------

**માછીમારોની સલામતી માટેનાં સાધનો ઉપર સહાય**

* ૧૩૯૯૩ **શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં દરિયામાં માછીમારી માટે જતાં માછીમારોની સલામતી માટેના સાધન ઉપર સહાય આપવાની કોઈ યોજના મત્સ્યોદ્યોગ ખાતામાં અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો કયાં સાધનો ઉપર કેટલી સહાય આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૧. લાઈફ સેવીંગ ઈકવીપમેન્ટમાં લાઈફ સેવીંગ જેકેટ, લાઈફ બોય રીંગ્સ, ઈમરજન્સી લાઈટ વિગેરેના એક યુનિટની કોસ્ટ રૂ.૪૦,૦૦૦/-ના ૫૦ % લેખે રૂ. ૨૦,૦૦૦/-ની મહત્તમ સહાય આપવામાં આવે છે.

૨. ડીસ્ટ્રેસ એલર્ટ ટ્રાન્સમીટર સીસ્ટમ (DAT)ની કેન્દ્ર પુરસ્કૃત (૭૫.૨૫) યોજના હેઠળ (DAT) ની કિમતના ૯૦ % અથવા રૂા.૧૫,૩૦૦/- બેમાંથી જે ઓછું હશે તે સહાય ચુકવવામાં આવે છે.

---------

**ભિલોડા અને મેઘરજ તાલુકામાં નવા તળાવો કરવા બાબત**

* ૧૪૪૩૫ **ડાં. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫માં કેટલા તળાવો નવા કરવામાં આવ્યા,

(૨) એનાથી તાલુકાવાર કેટલા હેકટર વિસ્તારમાં સિંચાઈની સુવિધા વધી, અને

(૩) એની પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં કુલ-૪ નવીન તળાવો કરવામાં આવ્યા જ્યારે મેઘરજ તાલુકામાં નવીન તળાવ કરવામાં આવેલ નથી.

(૨) એનાથી ભિલોડા તાલુકાને અંદાજે ૫૪ હેકટરમાં સિંચાઈનો આડકતરો લાભ મળનાર છે.

(૩) એની પાછળ ભિલોડા તાલુકામાં કુલ રૂ.૩૦.૩૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

---------

**ભાવનગર જિલ્લામાં બિયારણના નમૂના**

* ૧૪૦૧૩ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં બિયારણની ચકાસણી માટે તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિયારણના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યાં, અને

(૧) ૭૫૪ નમૂના.

(૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા કેટલા નમૂના બિન પ્રમાણિત થયા, અને બિન પ્રમાણિત નમૂનાઓ બાબતે જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૨) તે પૈકી ૭૩૮ નમૂના પ્રમાણિત થયા અને ૧૬ નમૂના બિનપ્રમાણિત થયા, અને બિનપ્રમાણિત નમૂનાઓ બાબતે જવાબદારો સામે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી.

| અ.નં. | નમૂનાની સંખ્યા | કરેલ કાર્યવાહી |
|---|---|---|
| ૧ | ૦૬ | કોર્ટકેસ કરેલ છે. |
| ૨ | ૦૧ | વહીવટી પગલાં લીધેલ છે. |
| ૩ | ૦૯ | કાર્યવાહી ચાલુ છે. |

---------

## મહેસાણા જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ અરજીઓ

* ૧૪૭૫૫ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | કુલ |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૫૬ |
| ૨ | કડી | ૨૬ |
| ૩ | વિજાપુર | ૫૨ |
| ૪ | વિસનગર | ૩૫ |
| ૫ | ઊંઝા | ૩૯ |
| ૬ | સતલાસણા | ૧૪ |
| ૭ | બેચરાજી | ૧૧ |
| ૮ | ખેરાલુ | ૧૭ |
| ૯ | વડનગર | ૧૬ |
| | **કુલ** | **૨૬૬** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૨) મંજૂર-૧૨૧
નામંજૂર-૩૯

(૩) અરજીઓ નામંજૂર કરવાના કારણો શાં છે ?

(૩)

| **નામંજૂરીના કારણોની વિગતો નીચે મુજબ છે** | | |
|---|---|---|
| **અ.નં.** | **વિગત** | **સંખ્યા** |
| ૧ | આપઘાત કરેલ હોવાને કારણે | ૧ |
| ૨ | ખાતેદાર ખેડૂત ન હોવાથી | ૨૫ |
| ૩ | સમયમર્યાદામાં અરજી ના કરી હોવાથી | ૧ |
| ૪ | વિદ્યાદીપ યોજનામાં લાભ લીધેલ હોવાથી | ૨ |
| ૫ | કાયમી અપંગતા ૫૦% કરતાં ઓછી હોવાથી | ૧ |
| ૬ | પ્રથમ હયાત સંતાન (પુત્ર/પુત્રી) ન હોવાથી | ૬ |
| ૭ | ડ્રાઈવીંગ લાયસન્સ ધરાવતા ન હોવાથી | ૨ |
| ૮ | દારૂ પીધેલ હાલતમાં ગુનાહિત કૃત્ય કરેલ હોવાથી | ૧ |

| | | | |
|---|---|---|---|
| | | **કુલ** | **૩૯** |

---------

**વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ સમીટ–૨૦૧૫ ખર્ચ**

* ૧૩૮૧૯ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| જાન્યુઆરી–૨૦૧૫માં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ સમીટ પાછળ સરકાર દ્વારા કઈ બાબતોમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | જાન્યુઆરી–૨૦૧૫માં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ માટે સરકાર દ્વારા સમિટના આયોજન માટે તા. ૩૧–૦૧–૨૦૧૫ સુધીમાં કુલ રૂ.૪૩,૧૭,૩૫,૨૭૭.૦૦નો ખર્ચ કરવામાં આવ્યો છે, જે સમિટ માટે કરવામાં આવેલ ખર્ચ હજી આખરી થયેલ નથી. પરંતુ મુખ્યત્વે સમિટના આયોજન માટે વિવિધ સાહિત્ય તૈયાર કરવું, વિવિધ સેમિનારનું આયોજન, વેબસાઈટ બનાવવી અને નિભાવણી, ઈવેન્ટ મેનેજમેન્ટ, વહીવટી બાબતો વિગેરે માટે કરવામાં આવ્યો છે. |

---------

**અમદાવાદ શહેરમાં પોલીસ ખાતાનાં રહેણાંકના મકાન**

* ૧૪૪૪૬ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, અને | (૧) ૯૬ રહેણાંક મકાનોની. |
| (૨) આ કામગીરી માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવનાર છે? | (૨) રૂ. ૭૯૭.૦૫ લાખ. |

---------

**વડોદરા જિલ્લામાં વેલાવાળા શાકભાજી માટે ટ્રેલીઝ મંડપના લાભાર્થી**

* ૧૪૦૨૦ **શ્રી સતીષભાઈ મો. પટેલ(કરજણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કઈ શરતોના આધારે સહાય આપવામાં આવે છે, અને | (૨) સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમ હેઠળની યોજનાઓ હેઠળના ઠરાવ અનુસાર |
| (૩) આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૩–૧૪માં વડોદરા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૩) કુલ ૧૫૭૭ લાભાર્થી.<br>કુલ રૂ.૧,૪૪,૭૯,૫૬૨/– |

---------

**રાજ્યની એફ.એસ.એલ. માં અદ્યતન ટેકનોલોજી**

* ૧૪૬૮૦ **શ્રી વલ્લભભાઈ ગો. કાકડીયા(ઠકકરબાપાનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ખાતે અન્ય રાજ્યોમાં કે કેન્દ્ર સરકારની એફ. એસ.એલ. માં ન હોય તેવી અદ્યતન ટેકનોલોજી ઉપલબ્ધ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ આવી કઈ ટેકનોલોજી વસાવવામાં આવેલ છે? | (૨) નીચે મુજબની ટેકનોલોજી વસાવવામાં આવેલ છે. |

–સી.સી.ટી.વી કેમેરા માટેની વિડીયો એન્હેન્સમેન્ટની અદ્યતન ટેકનોલોજી

–બુલેટ ટ્રેજેકટરી રેકોર્ડીંગ અને મેઝરીંગ સીસ્ટમ

–સીસ્ટમ ફોર એનાલીસીસ ઓફ ફીઝીકલી ડેમેજડ મોબાઈલ ફોન

–સાયબર ટ્રીયેજ સીસ્ટમ

–૩–ડી ક્રાઈમશીન સ્કેનર

–થર્મલ ફીંગર પ્રીન્ટ ડેવલપર

–ઓટોમેટેડ ફીંગર પ્રિન્ટ સીસ્ટમ અને તેનું રાજ્યના પોલીસ સ્ટેશનો સાથે જોડાણ. (વર્ઝન–૭)

–સીસ્ટમ ફોર એનાલીસીસ ઓફ ફીઝીકલી ડેમેજડ હાર્ડ ડ્રાઈવ/સીમ કાર્ડ

---------

**બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં લેન્ડ સીલીંગ એકટ હેઠળ ફાજલ જમીન**

* ૧૩૭૫૭ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં લેન્ડ સીલીંગ એકટ હેઠળ કેટલી જમીન ફાજલ કરવામાં આવી, | (૧) છેલ્લા બે વર્ષમાં કોઈ જમીન ફાજલ જાહેર કરવામાં આવી નથી. |
| (૨) આ ફાજલ જમીનો મેળવવા માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી અરજીઓ મળી, | (૨) આ જિલ્લાઓમાં તા.૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ જમીનો ફાજલ જાહેર કરવામાં આવી ન હોઈ જમીનો મેળવવા અંગેની કોઈ અરજીઓ કલેકટરશ્રીને મળી નથી.પરંતુ બનાસકાંઠા જિલ્લામાં પ્રશ્ન હેઠળના સમયગાળા અગાઉ ફાજલ થયેલ કુલ–૫ ગામની એ. ૫૩–૦૩ ગુ. જમીન મેળવવા કુલ–૮૩ અરજીઓ આવેલ હતી. |
| (૩) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો અને કેટલી પડતર છે, અને | (૩) ઉક્ત ૮૩ અરજીઓ પૈકી ૩૦ અરજદારોને એ. ૫૩.૦૩ ગું. જમીન ફાળવવામાં આવેલ છે જયારે બાકીની ૫૩ અરજીઓ જમીનના અભાવે દફતરે કરેલ છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ અરજીઓ પડતર રહેવાના શા કારણો છે અને તેનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે? | (૪) કોઈ અરજી પડતર ન હોઈ પ્રશ્ન નથી. |

---------

**કચ્છ જિલ્લામાં બિયારણના નમૂના**

* ૧૪૦૧૧ **ડાૅ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિયારણના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા. | (૧) કુલ ૩૫૪ નમૂનાઓ લેવામાં આવ્યા. |
| (૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિન પ્રમાણિત થયા, અને | (૨) તે પૈકી ૩૪૯ નમૂના પ્રમાણિત થયા અને ૫ નમૂના બિનપ્રમાણિત થયા. |
| (૩) બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા? | (૩) બિનપ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત જવાબદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા. |

| અ.નં. | નમૂનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ૦૪ | કોર્ટ કેસ કરેલ છે. |
| ૨ | ૦૧ | વહીવટી પગલાં લીધેલ છે. |

**સાણંદ અને બાવળા તાલુકામાં ગેરકાયદેસર ઈંટ વાડાઓ**

* ૧૩૫૭૩ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના સાણંદ અને બાવળા તાલુકાઓમાં કાયદેસર મંજૂરી આપેલ કેટલા ઈંટ વાડાઓ છે, અને | (૧) સાણંદ – ૯૧<br>બાવળા – ૦૮<br>**કુલ – ૯૯** |
| (૨) તે અન્વયે ગેરકાયદે ચાલતા ઈંટવાડાઓ બંધ કરવા સરકારે શાં પગલાં લીધા? | (૨) જમીન મહેસૂલ કાયદાની જોગવાઈઓ મુજબ નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. |

---------

**અમરેલી જિલ્લામાં ખેડૂતોને જીપ્સમ સહાય બાબત**

* ૧૪૦૦૮ **શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧) ૯૬૧૫ ખેડૂતોને. |
| (૨) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૨) રૂ. ૧૩૪.૫૬ લાખ. |

---------

**સુરત જિલ્લામાં વેલાવાળા શાકભાજી માટે ટ્રેલીઝ મંડપના લાભાર્થી**

* ૧૪૦૧૯ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપ માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કઈ શરતોના આધારે સહાય આપવામાં આવે છે, અને | (૨) સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમ હેઠળની યોજનાઓ હેઠળના ઠરાવ અનુસાર. |
| (૩) આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૩-૧૪માં સુરત જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૩) કુલ ૨૮૭ લાભાર્થી.<br>કુલ રૂ. ૪૩,૮૩,૩૨૯/- |

---------

**સુરત જિલ્લામાં પશુઓને સારવાર**

* ૧૩૮૯૨ **શ્રી રાજેન્દ્રભાઇ પટેલ(ચોર્યાસી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૧) ૨,૪૪,૭૮૫. |
| (૨) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યુ? | (૨) ૧૮,૪૭,૯૭૩. |

---------

**અમદાવાદ જિલ્લામાં ખેડૂત શિબિર**

* ૧૩૯૯૫ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી ખેડૂત શિબિર યોજવામાં આવી, અને | (૧) ૫૯. |

(૨) આ શિબિરનો કેટલા ખેડૂતોએ લાભ લીધો? (૨) ૧૯૨૬.

---------

**આણંદ જિલ્લામાં ખેડૂતોને તાલીમ**

* ૧૩૯૯૪ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં ખેડૂત તાલીમ કેન્દ્ર દ્વારા કેટલા ખેડૂતોને તાલીમ આપવામાં આવી, અને | (૧) ૧૫૦૧૫ ખેડૂતોને. |
| (૨) તાલીમ પાછળ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૪૭,૫૧,૬૬૬/–. |

---------

**ખેડા અને મહીસાગર જિલ્લામાં નવીશરતની જમીન જૂની શરતમાં ફેરવવાની અરજીઓ**

* ૧૪૩૦૭ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર જમીનોને નવી શરતોમાંથી જુની શરતમાં ફેરવવાની કેટલી અરજીઓ આવી અને તે અન્વયે વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી,

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **ખેડા જિલ્લો** | | | |
|---|---|---|---|---|
| | **વર્ષ–૨૦૧૩** | | **વર્ષ–૨૦૧૪** | |
| | **મળેલ અરજીઓ** | **મંજુર** | **મળેલ અરજીઓ** | **મંજુર** |
| નડીયાદ (શહેર) | ૩૭ | ૧૨ | ૧૦૩ | ૪૩ |
| ખેડા | ૫૨ | ૧૬ | ૭૨ | ૨૪ |
| મહેમદાવાદ | ૩૧ | ૩ | ૪૮ | ૨ |
| કપડવંજ | ૧૯ | ૧૧ | ૩૦ | ૧૦ |
| કઠલાલ | ૧૨ | ૪ | ૧૮ | ૫ |
| ઠાસરા | ૧૨ | ૫ | ૨૯ | ૧૮ |
| નડીયાદ (ગ્રામ્ય) | ૪૨ | ૧૩ | ૫૦ | ૬ |
| મહુધા | ૭ | ૫ | ૪ | ૦ |
| માતર | ૧૭ | ૨ | ૧૧ | ૧ |
| ગળતેશ્વર | ૦ | ૦ | ૨૯ | ૧૯ |
| વસો | ૦ | ૦ | ૯ | ૩ |
| **કુલ** | **૨૨૯** | **૭૧** | **૪૦૩** | **૧૩૧** |

| **તાલુકાનું નામ** | **મહાસાગર જિલ્લો** | | | |
|---|---|---|---|---|
| | **વર્ષ–૨૦૧૩** | | **વર્ષ–૨૦૧૪** | |
| | **મળેલ અરજીઓ** | **મંજુર** | **મળેલ અરજીઓ** | **મંજુર** |
| લુણાવાડા | ૧૯ | ૮ | ૧૯ | ૨૪ |
| ખાનપુર | ૫ | ૫ | ૪ | ૪ |
| સંતરામપુર | ૧ | ૩ | ૫ | ૨ |
| કડાણા | ૧ | ૧ | ૭ | ૬ |
| બાલાસિનોર | ૧૬ | ૧૧ | ૯ | ૭ |
| વીરપુર | ૪ | ૪ | ૯ | ૬ |

(૨) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, (૨) ખેડા જિલ્લોઃ– ૨૫૯

અને અરજીઓ નામંજૂર કરવાના શા કારણો છે, અને

મહીસાગર જિલ્લોઃ– ૬.
નિયમોનુસાર ન હોવાથી

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ બાકી/પડતર છે ?

(૩) ખેડા જિલ્લોઃ– ૧૭૧
મહીસાગર જિલ્લોઃ– ૧૫.

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં દેશી /વિદેશી દારૂનો પકડાયેલ જથ્થો**

* ૧૪૮૮૬ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી કિંમતનો દેશી /વિદેશી દારૂ પકડાયો,

**જવાબ**

(૧) **પત્રક**

**અરવલ્લી જિલ્લો**

| તાલુકાનું નામ | દેશી દારૂની કિંમત | વિદેશી દારૂની કિંમત |
|---|---|---|
| મોડાસા | ૯૨૧૨૦ | ૩૨૩૬૧૬૭૫ |
| માલપુર | ૨૮૦૬૦ | ૪૦૫૬૦૦ |
| મેઘરજ | ૨૭૫૬૦ | ૧૩૬૦૪૮૧૫ |
| ભીલોડા | ૪૩૫૮૦ | ૯૮૧૦૮૬૦૩ |
| ધનસુરા | ૪૧૨૬૦ | ૧૮૨૬૦૦ |
| બાયડ | ૮૩૬૨૦ | ૬૧૦૪૫૦ |

**સાબરકાંઠા જિલ્લો**

| તાલુકાનું નામ | દેશી દારૂની કિંમત | વિદેશી દારૂની કિંમત |
|---|---|---|
| હિંમતનગર | ૧૫૬૭૩૦ | ૨૩૩૮૧૯૬૪ |
| પ્રાંતિજ | ૫૮૩૨૦ | ૧૫૨૬૪૮૫૦ |
| તલોદ | ૪૩૬૦૦ | ૧૨૮૫૧૩૯ |
| ઇડર | ૧૦૫૮૪૬ | ૫૫૫૦૫૦ |
| વડાલી | ૩૯૩૪૦ | ૩૧૩૪૦૫ |
| ખેડબ્રહ્મા | ૭૩૭૨૮ | ૧૧૬૮૧૧૩ |
| વિજયનગર | ૨૭૩૭૮ | ૨૬૨૨૦૦ |

(૨) ક્યા પોલીસ સ્ટેશનની હદમાંથી સૌથી વધુ દારૂ પકડાયો, અને

(૨) શામળાજી.

(૩) દારૂનું વેચાણ અટકાવવા સરકાર દ્વારા શાં પગલાં ભરવામાં આવે છે?

(૩) દારૂનું વેચાણ અટકાવવા પ્રોહીબીશન ડ્રાઇવ રાખી વધુમાં વધુ કેસો શોધી કાઢવા તમામ સ્થાનિક પોલીસ તથા કાર્યરત સેલોને સુચનાઓ આપવામાં આવે છે. સ્થાનિક પોલીસ, એલ.સી.બી./એસ.ઓ.જી. સ્કવોડ દ્વારા ખાનગી બાતમીદારો રોકી વધુમાં વધુ દારૂનો જથ્થો શોધી કાઢી કેસો કરવામાં આવે છે. પકડાયેલ આરોપીઓ વિરુદ્ધમાં જરૂર જણાયે પાસા, તડીપાર તથા પ્રોહી.૯૩ મુજબના અટકાયતી પગલાંઓ ભરવામાં આવે છે. લોકદરબાર વિગેરે યોજી આવી બદી સદંતર નેસ્તનાબુદ થાય તે માટે જાગૃત નાગરીકો તથા ગ્રામજનોને સમજાવી સહકાર મેળવવામાં આવે છે.

---------

**દાહોદ જિલ્લામાં ભાગેડુ જાહેર કરેલ ઈસમો**

* ૧૪૧૭૮ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કયા ઈસમોને ભાગેડું જાહેર

**જવાબ**

(૧) કોઇ ઇસમને ભાગેડું જાહેર કરવામાં આવેલ નથી.

કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા ભાગેડુંઓને પકડવામાં આવ્યા છે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વડોદરા જિલ્લાના બીથલી ગામે સામુહિક બળાત્કાર**

* ૧૩૭૩૮ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૧૫–૧–૨૦૧૫ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં શીનોર તાલુકાના બીથલી ગામે મહિલા ઉપર સામુહિક બળાત્કારનો બનાવ બનેલ છે તે હકિકતથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓની ધરપકડ કરી, અને

(૩) મહિલાઓ ઉપર આવા બળાત્કારના કિસ્સાઓ ન બને તે માટે સરકારે કોઈ નક્કર આયોજન કરેલ છે કે કેમ?

**જવાબ**

(૧) આ બનાવ તા.૧૫–૦૧–૨૦૧૫ ના રોજ નહીં પરંતુ તા.૧૭–૦૧–૨૦૧૫ ના રોજ બનેલ છે.

(૨) ૦૬ આરોપીઓની.

(૩) આવા બનાવો સંબંધે તાત્કાલિક તમામ પુરાવાઓ મેળવવામાં આવે છે, અને આરોપીઓને તાત્કાલિક અટક કરી પુરાવા સાથે ન્યાયીક પ્રક્રિયા માટે નામદાર કોર્ટમાં મોકલવામાં આવે છે, તેમજ બળાત્કાર તથા છેડતીના બનાવો અટકાવવા માટે જુદા–જુદા સેમીનાર દ્વારા મહિલાઓને પુરતી જાણકારી આપવામાં આવે છે, અને સુરક્ષા સેતુ કાર્યક્રમ અંતર્ગત જિલ્લામાં મહિલાઓને સ્વરક્ષણ માટેની તાલીમ પણ આપવામાં આવે છે, તેમજ સ્કુલો–કોલેજો અને નિર્જન જગ્યાઓ ઉપર પૂરતું પોલીસ પેટ્રોલીંગ રાખી શકમંદ જણાતા ઇસમોને ચેક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

---------

**અમદાવાદ શહેરનાં/જિલ્લામાં પોલીસનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

* ૧૩૫૫૯ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં પોલીસનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેરનું મહેકમ

| ક્રમ | સંવર્ગ | મંજુર મહેકમ | ખાલી જગ્યા | ૬ માસ સુધીની | ૬ માસની ઉપરની |
|---|---|---|---|---|---|
| ૧ | પોલીસ ઈન્સ્પેકટર | ૧૨૦ | ૮ | ૪ | ૪ |
| ૨ | પી.એસ.આઈ. | ૬૭૮ | ૪૦૭ | ૧૭૭ | ૨૩૦ |
| ૩ | એ.એસ.આઈ. | ૧૪૩૮ | ૨૨૦ | ૨૨૦ | –– |
| ૪ | હેડ કોન્સ્ટેબલ | ૨૫૧૩ | ૨૩૨ | ૨૩૨ | –– |
| ૫ | પોલીસ કોન્સ્ટેબલ | ૧૦૦૧૧ | ૩૫૬૯ | ૧૧૫૯ | ૨૪૧૦ |

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ ગ્રામ્ય જિલ્લાનું મહેકમ

| ક્રમ | સંવર્ગ | મંજુર મહેકમ | ખાલી જગ્યા | ૬ માસ સુધીની | ૬ માસની ઉપરની |
|---|---|---|---|---|---|
| ૧ | પોલીસ ઈન્સ્પેકટર | ૧૭ | ૫ | ૧ | ૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | પી.એસ.આઇ. | ૭૨ | ૨૬ | ૧૨ | ૧૪ |
| ૩ | એ.એસ.આઇ. | ૨૧૨ | ૩૩ | ૪ | ૨૯ |
| ૪ | હેડ કોન્સ્ટેબલ | ૨૯૮ | ૧૨૨ | -- | ૧૨૨ |
| ૫ | પોલીસ કોન્સ્ટેબલ | ૯૨૮ | ૩૨૫ | - | ૩૨૫ |

(૨) આ ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શી કાર્યવાહી કરી અને તમામ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૨) ભરતી કેલેન્ડર મુજબ કોન્સ્ટેબ્યુલરીમાં સીધી ભરતીની પ્રક્રિયા હાલ ચાલુ છે. વહીવટી જરૂરિયાત મુજબ અને અનુકુળતા અનુસાર વહીવટી પ્રક્રિયાઓ અનુસરીને સમયાંતરે ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

## છોટાઉદેપુર જિલ્લામાં પશુપાલન વિભાગ હસ્તકની કચેરીઓમાં મંજૂર મહેકમ

* ૧૩૭૯૬ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં પશુપાલન વિભાગ હસ્તકની કચેરીઓમાં સંવર્ગવાર, તાલુકાવાર કેટલી જગ્યાઓનું મહેકમ મંજૂર થયેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં પશુપાલન વિભાગ હસ્તકની કચેરીઓમાં સંવર્ગવાર, તાલુકાવાર જગ્યાઓનું મંજૂર મહેકમની વિગતો આ સાથે સામેલ ***પત્રક-૧** મુજબ છે. |
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ કયા સ્થળે કેટલા સમયથી ખાલી છે, | (૨) તે પૈકી કેટલી જગ્યાઓ ક્યા સ્થળે કેટલા સમયથી ખાલી છે તેની વિગતો આ સાથે સામેલ ***પત્રક-૨** મુજબ છે. |
| (૩) જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે, અને | (૩) બઢતી, અવસાન તથા વયનિવૃતિના કારણોસર જગ્યાઓ ખાલી રહેવા પામે છે. |
| (૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે? | (૪) ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારશ્રીએ ૧૦ વર્ષના ભરતી કેલેન્ડર મુજબ કાર્યવાહી હાથ ધરેલ છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## રાજ્યમાં કાર્યરત એલ.એન.જી. ટર્મિનલ

* ૧૪૪૫૬ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા એલ.એન.જી. ટર્મિનલ કાર્યરત છે અને તેની ક્ષમતા કેટલી છે, | (૧) ૨ (બે)<br>**ક્ષમતાઃ** પ્રતિ વર્ષ ૧૭.૫૦ મી.મે.ટન. |
| (૨) આ ટર્મિનલોની ક્ષમતા વધારવા તેમજ નવા એલ.એન.જી. ટર્મિનલ સ્થાપવાનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો આયોજનની વિગતો શી છે? | (૩) - જાફરાબાદ નજીક ૫ મીલીયન ટન એલ.એન.જી. આયાત કરવા ટર્મિનલ અને ફ્લોટીંગ સ્ટોરેજ એન્ડ રીગેસીફીકેશન યુનીટ સ્થાપવાનું આયોજન છે.<br>- મુન્દ્રા ખાતે ૫ મીલીયન ટન એલ.એન.જી. આયાત કરવા માટે એલ.એન.જી. ટર્મિનલ સ્થાપવાની યોજના છે. |

---------

## બનાસકાંઠા જિલ્લામાં વારસાઈ નોંધની અરજીઓ

* ૧૪૭૬૨ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, તાલુકાદીઠ વારસાઈની નોંધ પાડવા કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧)

| તાલુકો | આવેલ અરજીઓ |
|---|---|
| પાલનપુર | ૩૨૪૧ |

| | |
|---|---|
| વડગામ | ૧૭૮૫ |
| ડીસા | ૩૦૬૫ |
| કાંકરેજ | ૧૪૩૭ |
| થરાદ | ૧૮૪૫ |
| વાવ | ૧૬૮૨ |
| દાંતીવાડા | ૧૪૯૧ |
| ધાનેરા | ૧૪૭૦ |
| દિયોદર | ૮૪૧ |
| લાખણી | ૧૦૨૯ |
| સુઇગામ | ૪૭૬ |
| ભાભર | ૧૧૮૭ |
| દાંતા | ૧૫૬૬ |
| અમીરગઢ | ૮૮૮ |
| **કુલ** | **૨૨૦૦૩** |

(૨) કેટલી નોંધો પાડવામાં આવી, અને

(૨)

| તાલુકો | પાડવામાં આવેલ નોધો |
|---|---|
| પાલનપુર | ૩૨૪૧ |
| વડગામ | ૧૭૮૫ |
| ડીસા | ૩૦૬૫ |
| કાંકરેજ | ૧૪૩૭ |
| થરાદ | ૧૮૪૫ |
| વાવ | ૧૬૮૨ |
| દાંતીવાડા | ૧૪૯૧ |
| ધાનેરા | ૧૪૭૦ |
| દિયોદર | ૮૪૧ |
| લાખણી | ૧૦૨૯ |
| સુઇગામ | ૪૭૬ |
| ભાભર | ૧૧૮૭ |
| દાંતા | ૧૫૬૬ |
| અમીરગઢ | ૮૮૮ |
| **કુલ** | **૨૨૦૦૩** |

(૩) કેટલી નોંધો મંજૂર કરવામાં આવી?

(૩)

| તાલુકો | મંજુર કરેલ નોંધો |
|---|---|
| પાલનપુર | ૨૯૪૮ |
| વડગામ | ૧૬૫૬ |
| ડીસા | ૨૮૫૬ |
| કાંકરેજ | ૧૨૩૨ |
| થરાદ | ૧૬૭૩ |
| વાવ | ૧૪૭૯ |
| દાંતીવાડા | ૧૩૪૫ |
| ધાનેરા | ૧૩૦૨ |
| દિયોદર | ૭૬૯ |
| લાખણી | ૯૪૫ |
| સુઇગામ | ૪૨૭ |
| ભાભર | ૧૧૩૪ |
| દાંતા | ૧૪૫૪ |

| | |
|---|---|
| અમીરગઢ | ૭૨૩ |
| **કુલ** | **૧૯૯૪૩** |

---------

## આણંદ અને ખેડા જિલ્લામાં ગુનાહિત કૃત્યો

* ૧૪૪૧૦ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં ચોરી, લૂંટ, ધાડ, હત્યા, બળાત્કાર, છેડતી, દારૂ, જુગાર, આત્મહત્યા અને વાહનચોરીના કેટલા ગુનાઓ નોંધાયા, | (૧) **પત્રક** મુજબ. |
| (૨) તે પૈકી કેટલા ગુનાઓમાં આરોપીઓને પકડવામાં આવ્યા, અને | (૨) ૪૦૩૧૭. |
| (૩) કેટલા આરોપીઓ ભાગતા ફરે છે? | (૩) ૮૯. |

**પત્રક**

| **તા.૧-૧-૨૦૧૩ થી તા.૩૧-૧૨-૨૦૧૪** | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **જિલ્લાનું નામ** | **ચોરી** | **લૂંટ** | **ધાડ** | **હત્યા** | **બળાત્કાર** | **છેડતી** | **દારૂ** | **જુગાર** | **આત્મહત્યા** | **વાહન ચોરી** |
| આણંદ | ૨૨૭ | ૪૫ | ૧૨ | ૬૪ | ૨૪ | ૪૨ | ૧૪૭૧૯ | ૪૭૭ | ૨૬ | ૩૬૮ |
| ખેડા | ૩૨૨ | ૮ | ૧૬ | ૪૭ | ૨૪ | ૪૭ | ૨૩૦૬૨ | ૧૧૩૭ | ૨૨૦ | ૧૬૯ |

---------

## ખેડા જિલ્લામાં પોલીસનું સંવર્ગવાર મહેકમ

* ૧૩૫૭૦ **શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ પોલીસનું સંવર્ગવાર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, | (૧) *પત્રક મુજબ |
| (૨) આ ખાલી જગ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શાં છે, અને<br>(૩) કેટલા સમયમાં આ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે? | (૨) અને (૩) બઢતી/બદલી/વયનિવૃત્તિ/સ્વૈચ્છિક નિવૃત્તિ/અવસાન વિગેરે કારણોસર જગ્યાઓ ખાલી પડતી હોય છે. ભરતી કેલેન્ડર મુજબ કોન્સ્ટેબ્યુલરીમાં સીધી ભરતીની પ્રક્રિયા હાલ ચાલુ છે.<br>વહીવટી જરૂરીયાત મુજબ અને અનુકૂળતા અનુસાર વહીવટી પ્રક્રિયાઓ અનુસરીને સમયાંતરે ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## કચ્છ જિલ્લામાં અછતગ્રસ્ત વિસ્તાર માટે ઘાસની ખરીદી

* ૧૪૫૪૧ **શ્રી ગોવાભાઇ રબારી(ડીસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં જાહેર કરાયેલ અછતગ્રસ્ત વિસ્તારોમાં કેટલી રકમનું ઘાસ શા ભાવે છેલ્લા છ મહિનામાં ખરીદવામાં આવ્યું, અને | (૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં જાહેર કરાયેલ અછતગ્રસ્ત વિસ્તારોમાં ૩૬,૫૬,૭૫૫ કિ.ગ્રામ. ઘાસ પ્રતિ કિલો રૂા. ૧૪.૫૦ના ભાવે પહોંચાડવામાં આવ્યું. |
| (૨) આ ઘાસ કોને શા ભાવે પશુદીઠ કેટલા કિલો આપવામાં આવશે ? | (૨) આ ઘાસ નાના-સમાંત ખેડૂતો, જમીન વિહોણા પશુધારક ખેતમજૂરો તેમજ ગરીબ માલધારીઓને પશુદીઠ (અધિકત્તમ પાંચ પશુની મર્યાદામાં)દૈનિક ચાર કિલોગ્રામ, |

કિલોદીઠ રૂ. ૨/-ના રાહતદરે આપવામાં આવે છે.

---------

**દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં ખેડૂતોને પાક વિમો**

* ૧૪૫૮૦ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં તાલુકાવાર છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલા ખેડૂતોને પાક વિમો ચૂકવવામાં આવ્યો ?

**જવાબ**

તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં તાલુકાવાર પાક વિમાના દાવા ચૂકવેલ ખેડૂતોની સંખ્યા નીચે મુજબ છે.

| **જિલ્લાનું નામ** | **તાલુકાનું નામ** | **૨૦૧૨-૧૩** | **૨૦૧૩-૧૪** |
|---|---|---|---|
| જામનગર | જામનગર | ૨૦૭૧૭ | - |
| જામનગર | જોડીયા | ૧૭૫૯૩ | - |
| જામનગર | ધ્રોલ | ૧૫૯૮૦ | - |
| જામનગર | કાલાવડ | ૨૫૫૧૨ | - |
| જામનગર | લાલપુર | ૧૪૨૯૪ | - |
| જામનગર | જામજોધપુર | ૧૬૦૨૯ | - |
| દેવભુમિદ્વારકા | ઓખામંડળ | ૪૧૬૭ | - |
| દેવભુમિદ્વારકા | ખંભાળીયા | ૧૩૦૫૩ | - |
| દેવભુમિદ્વારકા | કલ્યાણપુર | ૨૧૨૬૫ | - |
| દેવભુમિદ્વારકા | ભાણવડ | ૧૧૭૬૩ | - |

---------

**ખરીફ સીઝન માટે કેન્દ્ર સરકાર દ્વારા રાસાયણિક ખાતરના જથ્થાની ફાળવણી**

* ૧૩૭૧૩ **શ્રી પૂનમભાઇ મા. પરમાર(સોજીત્રા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખરીફ સીઝન માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર પાસે કેટલા મેટ્રીક ટન રાસાયણિક ખાતરની માંગણી કરેલ અને તેની સામે કેટલો જથ્થો ફાળવવામાં આવેલ,

(૨) આગામી ખરીફ સીઝન માટે સરકાર ખાતર વિતરણ માટે કોઈ નક્કર વ્યવસ્થા કરવા માગે છે કે કેમ, અને

(૩) કેટલા સમયમાં સરકાર ખાતર વિતરણની વ્યવસ્થા કરવા માગે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખરીફ સીઝન માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર પાસે માંગણી કરેલ વિવિધ રાસાયણિક ખાતરનાં જથ્થાની સામે કેન્દ્ર સરકાર દ્વારા ફાળવણી કરેલ વિવિધ રાસાયણિક ખાતરનાં જથ્થાની વિગતો નીચે મુજબ છે.

(જથ્થો લાખ મે. ટનમાં)

| | **ખરીફ-૨૦૧૩** | | **ખરીફ-૨૦૧૪** | |
|---|---|---|---|---|
| | **માંગણી** | **ફાળવણી** | **માંગણી** | **ફાળવણી** |
| યુરીયા | ૧૨.૦૦ | ૧૧.૨૩ | ૧૨.૦૦ | ૯.૮૯ |
| ડીએપી | ૩.૦૦ | ૩.૫૩ | ૨.૮૦ | ૩.૮૧ |
| પોટાશ | ૦.૭૦ | ૧.૨૨ | ૦.૭૦ | ૧.૧૧ |
| એન.પી.કે | ૨.૪૩ | ૨.૧૦ | ૨.૩૦ | ૨.૮૦ |
| **કુલ** | **૧૮.૧૩** | **૧૮.૦૮** | **૧૭.૮૦** | **૧૭.૬૧** |

(૨) રાજ્યમાં રાસાયણિક ખાતરનાં વિતરણ માટે સુદ્રઢ વિતરણ વ્યવસ્થા ગોઠવાયેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં ગુનાહિત કૃત્યો

* ૧૪૨૩૭ **શ્રી ગેંદાલભાઈ મો. ડામોર (સંતરામપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં હત્યા, ઘરફોડ, લુંટ, વાહનચોરી, અપહરણ. ચેઈન સ્નેચીંગના કુલ કેટલા બનાવો નોંધાયા,

(૨) તે પૈકી કેટલા ગુનાઓ ડીટેક્ટ થયા અને કેટલા ગુનાઓ ડીટેક્ટ કરવાના બાકી છે, અને

(૩) તે પૈકી કેટલા આરોપીઓ પકડાયા અને કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે ?

**જવાબ**

(૧)

| **પંચમહાલ** | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **વર્ષ** | **હત્યા** | **ઘરફોડ** | **લૂંટ** | **વાહનચોરી** | **અપહરણ** | **ચેઈન સ્નેચીંગ** | **કુલ** |
| ૨૦૧૩ | ૪૨ | ૭૯ | ૦૬ | ૧૫૯ | ૭૬ | ૦૪ | ૩૬૬ |
| ૨૦૧૪ | ૩૨ | ૯૨ | ૦૭ | ૯૮ | ૭૦ | ૦૦ | ૨૯૯ |
| **મહીસાગર** | | | | | | | |
| **વર્ષ** | **હત્યા** | **ઘરફોડ** | **લૂંટ** | **વાહનચોરી** | **અપહરણ** | **ચેઈન સ્નેચીંગ** | **કુલ** |
| ૨૦૧૩ | ૨૧ | ૩૯ | ૦૨ | ૧૯ | ૨૬ | ૦૧ | ૧૦૮ |
| ૨૦૧૪ | ૧૮ | ૩૫ | ૦૪ | ૧૬ | ૨૪ | ૦ | ૯૭ |

(૨)

| | |
|---|---|
| ડીટેકટ થયેલ ગુના | ૪૯૩ |
| ડીટેકટ કરવાના બાકી ગુના | ૩૭૭ |

(૩)

| | |
|---|---|
| આરોપી પકડાયા | ૮૩૨ |
| પકડવાના બાકી આરોપી | ૧૨૨ |

---------

## ભાવસોર અને લાડોલ પ્રશાખાની અધૂરી કામગીરી બાબત

* ૧૪૯૧૯ **શ્રી પ્રહલાદભાઈ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ વિજાપુર તાલુકાની ધરોઈ કેનાલમાંથી નીકળતી ભાવસોર અને લાડોલ પ્રશાખાની કેનાલો વર્ષોથી અધૂરી રહી છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો અધૂરી કામગીરી રાખવાના કારણો શા છે અને કેટલા સમયમાં તે પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) જમીન સંપાદન બાબતે ખેડૂતોના વિરોધના લીધે જમીન સંપાદન અધિનિયમ ૨૦૧૩ના રુલ્સ આખરી થયેથી નિયમોનુસાર પૂર્ણ કરવામાં આવશે.

---------

## ‘‘સેટકોમ’’ નાં માધ્યમથી કાર્યક્રમોના પ્રસારણ બાબત

* ૧૪૩૬૩ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા સેટકોમના માધ્યમથી કયા પ્રકારના કાર્યક્રમો પ્રસારિત કરવામાં આવે છે, અને

(૨) કેન્દ્ર સરકાર દ્વારા આ માટે કોઈ મદદ પૂરી પાડવામાં આવે છે કે કેમ?

**જવાબ**

(૧) શિક્ષણ, કૌશલ્ય વર્ધન, તાલીમ, ખેતીવાડી, આરોગ્ય, જાગૃતતા વગેરેને લગતા કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવે છે.

(૨) હા, જી.

બે ચેનલ ચલાવવા માટે જરૂરી સેટેલાઈટ બેન્ડવીડથ કેન્દ્ર સરકાર દ્વારા વિના મૂલ્યે પૂરી પાડવામાં આવેલ છે.

---------

## બનાસકાંઠા જિલ્લામાં ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ અરજીઓ

* ૧૪૮૯૬ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૦૬ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી, | (૨) ૧૩૬ |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને તેના શા કારણો છે, અને | (૩) ૭ (સાત) |

| | **નામંજૂરીના કારણો નીચે મુજબ છે** | **સંખ્યા** |
|---|---|---|
| ૧. | કુદરતી મૃત્યુ થયેલ હોવાથી | ૧ |
| ૨. | ખાતેદાર ખેડૂત ન હોવાથી | ૨ |
| ૩. | સમયમર્યાદામાં અરજી ના કરી હોવાથી | ૧ |
| ૪. | નિયત નમુનામાં આધાર-પુરાવા સાથે અરજી કરી ન હોવાથી | ૧ |
| ૫. | કાયમી અપંગતા ૫૦% કરતાં ઓછી હોવાથી | ૧ |
| ૬. | મૃતક ખેડૂતની ઉંમર ૭૦ કરતાં વધુ હોવાથી | ૧ |
| | | ૭ |

| | |
|---|---|
| (૪) બાકીની અરજીઓમાં સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૪) બાકી રહેલી અરજીઓમાં લાભાર્થી ખેડૂત પાસેથી માંગવામાં આવેલ સાધનિક કાગળો મળ્યેથી વીમા નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા અરજીઓનો નિકાલ કરી સહાય ચુકવવામાં આવશે. |

---------

## ગાંધીનગર, મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં મહેસૂલી કાયદાની કલમ-૮૪ સી હેઠળ કેસો

* ૧૪૨૮૨ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગાંધીનગર, મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં મહેસૂલી કાયદાની કલમ-૮૪-સી હેઠળના કુલ મંજૂર કેસો, નામંજૂર કેસો અને પડતર કેસોની સંખ્યા કેટલી છે, અને | (૧) મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ-૧૯૪૮ની કલમ-૮૪(સી) હેઠળના કેસોની વિગત નીચે મુજબ છે. |

| જિલ્લાનું નામ | મંજુર | નામંજુર | પડતર |
|---|---|---|---|
| ગાંધીનગર | ૨૪૨ | ૨૨ | ૫૨૧ |
| મહેસાણા | ૧૨૫ | ૦ | ૧૮૧૦ |
| અમદાવાદ | ૭૦ | ૩ | ૩૩૫ |
| | **૪૩૭** | **૨૫** | **૨૬૬૬** |

| | |
|---|---|
| (૨) ઉક્ત પડતર કેસોને ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે ? | (૨) અર્ધન્યાયિક પ્રક્રિયા હોઈ સમય-મર્યાદા આપી શકાય તેમ નથી. |

## સુપ્રિમ કોર્ટના ચુકાદા અન્વયે ગૌચરની જમીન અન્ય હેતુઓ માટે ન ફાળવવા સંબંધમાં ઠરાવ પ્રસિધ્ધ કરવા બાબત

* ૧૩૭૮૧ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નામદાર સુપ્રિમ કોર્ટના જગપાલસિંહ એન્ડ અધર્સ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ એન્ડ અધર્સના કેસમાં તા. ૨૮-૧-૨૦૧૧ના રોજ આપેલ ચુકાદા મુજબ ગૌચરની જમીનોને અન્ય હેતુ માટે નહી ફાળવવા તથા ગૌચરના હેતુ માટે અનામત રાખવા સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો હતો, તે હકીકત સાચી છે, | (૧) ચૂકાદામાં આ પ્રમાણે જણાવ્યું નથી. |
| (૨) જો હા, તો રાજ્ય સરકારે ચુકાદાના અનુસંધાને | (૨) ચૂકાદાને ધ્યાને લઈ જરૂરી નીતિ વિષયક નિર્ણય |

કામચલાઉ ધોરણે તા. ૨૧–૪–૧૧ તથા ૧૬–૬–૨૦૧૧ના પત્રોથી ગૌચરની જમીન નહી ફાળવવા જિલ્લા કલેકટરોને સૂચના આપવામાં આવી હતી પરંતુ ચૂકાદાના અમલીકરણ કરવા વિસ્તૃત ઠરાવ તા. ૩૧–ડિસેમ્બર–૨૦૧૪ની સ્થિતિએ પણ પ્રસિધ્ધ કરવામાં આવ્યો નથી તે હકીકત સાચી છે કે કેમ અને તેના શાં કારણો છે, અને

લેવાની બાબત વિચારણા હેઠળ છે.

(૩) ચૂકાદાના અમલીકરણ માટે વિસ્તૃત ઠરાવ ક્યાં સુધીમાં પ્રસિધ્ધ કરવામાં આવનાર છે ?

(૩) બનતી ત્વરાએ.

---------

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પશુ દવાખાનાઓમાં મંજૂર મહેકમ

* ૧૪૫૮૯ **શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર પશુ દવાખાનામાં અને પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી ખાલી જગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૩) આ જગ્યાઓ ન ભરવાના કારણો શાં છે, અને

(૪) કેટલા સમયમાં ખાલી જગ્યાઓ ભરવાનું સરકારનું આયોજન છે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર પશુ દવાખાનામાં અને પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમની વિગતો આ સાથે સામેલ *પત્રક–૧ મુજબ છે.

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે. તેની વિગતો આ સાથે સામેલ *પત્રક–૨ મુજબ છે.
તથા ખાલી જગ્યાઓ કયારથી ખાલી છે તેની વિગતો આ સાથે સામેલ *પત્રક–૩ મુજબ છે
ખાલી જગ્યાઓ કયારથી ખાલી છે તેની વિગતો આ સાથે સામેલ *પત્રક–૪ તથા *પત્રક–૫ મુજબ છે.

(૩) અને (૪) ભરતી નિયમોમાં સુધારો કરવાની બાબત વિચારણામાં હોવાથી જગ્યાઓ ભરાઈ શકી નથી. હવે ભરતી નિયમો આખરી થયેલ હોઈ ભરતી કરવાનું ૧૦ વર્ષના ભરતી કેલેન્ડર મુજબ આયોજન કરેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## સુરત જિલ્લામાં ગણોતધારા હેઠળ જમીનની ખરીદકિંમત ભરાયેલનાં કિસ્સા

* ૧૪૮૪૯ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનની ખરીદ કિંમત ભરાયેલ હોય તેવા કેસોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ બાકી કેસોની સંખ્યા કેટલી છે?

**જવાબ**

(૧) ૨૮૫૪–કેસો.

(૨) શૂન્ય.

---------

## ગુજરાત એગ્રો સેન્ટરો તરફથી ખેડૂતોને યોગ્ય ઈનપુટ ન મળવા બાબત

* ૧૪૨૪૧ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકારે રાજ્યમાં ખેડૂતોને વિવિધ યોજનાઓમાં સહાય માટે સહકારી સંસ્થાઓને બદલે ગુજરાત એગ્રો સેન્ટરોને કયા કારણોસર ખેડૂત સહાયનો વહીવટ સોંપવામાં આવ્યો, અને

(૨) એગ્રો તરફથી સમયસર ખેડૂતોને જરૂર મુજબના

**જવાબ**

(૧) ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લી. અને ગુજરાત રાજ્ય બીજ નિગમ લી. રાજ્ય સરકારના સાહસો છે તથા ઈનપુટની કામગીરી કરી શકે તેમ હોવાથી તેઓને કામગીરી સોંપાયેલ છે.

(૨) ઈનપુટ ન મળવા બાબતે ખાતાને કોઈ રજૂઆત

ઈનપુટ મળતા નથી. તો આ અંગે સરકારે અન્ય વ્યવસ્થા વિચારેલ છે કે કેમ?

મળેલ નથી જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧ અંતર્ગત એમ.ઓ.યુ.**

* ૧૪૮૫૬ **શ્રી વલ્લભભાઈ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧ અંતર્ગત કેટલા એમ.ઓ.યુ. થયા અને

(૨) તા. ૩૧-૦૧-૨૦૧૫ સુધીમાં તે પૈકી કેટલા એકમો કાર્યાન્વિત થયા?

**જવાબ**

(૧) અને (૨) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૧માં કુલ ૮૩૮૦ એમ.ઓ.યુ. (પ્રોજેક્ટ) કરવામાં આવેલ. તે પૈકી ૩૬૯૩ પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયેલ છે તથા ૮૦૫ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે.

---------

**દાંતા અને અમીરગઢ તાલુકામાં મંજુર તળાવો**

* ૧૪૭૩૧ **શ્રી કાન્તીભાઈ કા. ખરાડી (દાંતા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકાઓમાં તાલુકાવાર મોટા, મધ્યમ અને નાના કેટલાં તળાવો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલાં તળાવોનું કામ પૂર્ણ થયેલ છે અને કેટલાં તળાવોનું કામ બાકી છે, અને

(૩) બાકી રહેલ કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) બનાસકાંઠા જીલ્લામાં કુલ ૩૦ તળાવો મંજુર કરવામાં આવ્યા. જેની વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | મોટા તળાવ | નાના તળાવ |
|---|---|---|
| દાંતા | ૧૯ | - |
| અમીરગઢ | ૧૧ | - |
| **કુલ** | **૩૦** | - |

બે હેક્ટરથી ઓછા વિસ્તારવાળા તળાવોને નાના તળાવો અને બે હેક્ટરથી વધુ વિસ્તારવાળા મોટા તળાવો તરીકે ગણાય છે જયારે મધ્યમ પ્રકારના તળાવો હોતા નથી.

(૨) તમામ ૩૦ તળાવોનું કામ પુર્ણ થયેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૯ અંતર્ગત એમ.ઓ.યુ.**

* ૧૪૮૫૭ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઈ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૯માં કેટલા એમ.ઓ.યુ. થયા અને

(૨) તા. ૩૧-૦૧-૨૦૧૫ સુધીમાં તે પૈકી કેટલા એકમો કાર્યાન્વિત થયા?

**જવાબ**

(૧) અને (૨) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૯ માં ૩૩૪૬ એમ. ઓ. યુ. હેઠળ ૩૫૭૪ પ્રોજેક્ટ થયા તે પૈકી ૨૦૭૭ પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયા તથા ૩૪૪ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે.

---------

**રાજ્યને કેન્દ્ર સરકાર દ્વારા ફાળવેલ યુરીયા ખાતરનો જથ્થો**

* ૧૩૬૯૧ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ છેલ્લા એક

**જવાબ**

(૧) વાર્ષિક ૨૩.૭૫ લાખ મે. ટન જરૂરીયાત સામે

| | |
|---|---|
| વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી યુરીયા ખાતરનો રાજ્યની વાર્ષિક જરૂરીયાત સામે કેટલો જથ્થો ફાળવવામાં આવ્યો, અને | ૨૧.૫૫ લાખ મે. ટન |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા છ માસમાં યુરીયા ખાતરની ગંભીર અછતને ધ્યાને લઈ વધારાનો પુરવઠો મેળવવા સરકારે શાં પ્રયાસો કર્યા? | (૨) (૧) રાસાયણિક ખાતર ઉત્પાદક/વિતરક કંપનીઓ તથા સંસ્થાઓ સાથે સમીક્ષા બેઠકો યોજવામાં આવી.<br>(૨) ભારત સરકારશ્રી દ્વારા દર અઠવાડીયે યોજવામાં આવતી વિડિયો કોન્ફરન્સમાં રાજ્યની યુરીયા ખાતરની પરિસ્થિતિથી સરકારશ્રીને વાકેફ કરી યુરીયા ખાતરનો વધુ પુરવઠો ફાળવવા વિનંતી કરવામાં આવી.<br>(૩) માન. મંત્રીશ્રી (કૃષિ) કક્ષાએથી તથા ખેતી નિયામકશ્રી દ્વારા આ બાબતે ભારત સરકારશ્રીને રજૂઆતો કરવામાં આવેલ છે.<br>(૪) કોઈ ચોક્કસ વિસ્તારમાં યુરીયા ખાતરની અછત હોવા અંગેની રજુઆતોને ધ્યાને લઈ રાસાયણિક ખાતર ઉત્પાદક/વિતરક કંપનીઓને તાત્કાલીક જે તે વિસ્તારમાં યુરીયા ખાતરનો મહતમ જથ્થો પુરો પાડવા માટે તાકીદ કરવામાં આવેલ છે.<br>(૫) તેમજ સબંધિત જિલ્લાનાં નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) ને જરૂરી મોનીટરીંગ કરવા પણ સુચના આપવામાં આવેલ છે. |

---------

**વિસાવદર તાલુકાનાં કુબા (રાવણી) ગામમાં ૬-નંબરનું રેકર્ડ ગૂમ થવા બાબત**

* ૧૪૮૬૪ **શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૫ની સ્થિતિએ વિસાવદર તાલુકાના કુબા (રાવણી) ગામમાં ૬-નંબરનું રેકર્ડ ગૂમ થયેલ છે તે રેકર્ડ અન્વયે સરકાર દ્વારા તપાસ હાથ ધરાયેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે તપાસ દરમ્યાન સદરહુ રેકર્ડ મળી આવેલ છે કે કેમ? | (૨) રેકર્ડ મળી આવેલ નથી. |

---------

**તાપી જિલ્લા પોલીસ વડાની પોલીસ સ્ટેશનોની મુલાકાત દરમ્યાન જોવા મળેલ અનિયમિતતાઓ**

* ૧૪૧૩૫ **શ્રી પુનાભાઈ ઢે. ગામીત(વ્યારા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં જિલ્લા પોલીસ વડાની તેમના તાબાના પોલીસ સ્ટેશનોની વાર્ષિક મુલાકાત તથા ઈન્સપેકશન દરમ્યાન કેવા પ્રકારની ખામીઓ, ગેરરીતિઓ અને અનિયમિતતા જોવા મળી, અને | (૧) પરેડમાં ભુલો જણાઈ આવેલ છે. |
| (૨) તે માટે જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) હળવી-નાની શિક્ષાઓ કરવામાં આવેલ છે. |

---------

**વલસાડ જિલ્લામાં ગણોતધારા હેઠળ જમીનની ખરીદકિંમત ભરાયેલનાં કિસ્સા**

* ૧૪૮૪૭ **શ્રી કનુભાઈ મો. દેસાઈ(પારડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોની ગણોતધારા હેઠળની | (૧) ૬૧૧ |

જમીનની ખરીદ કિંમત ભરાયેલ હોય તેવા કેસોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ બાકી કેસોની સંખ્યા કેટલી છે? (૨) કેસો બાકી નથી.

---------

**ગુજરાતી ફિલ્મોને એવોર્ડ**

* ૧૪૧૫૦ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા કઈ કઈ ગુજરાતી ફિલ્મોને એવોર્ડ આપવામાં આવ્યો ?

**જવાબ**

રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા તા.૧-૫-૨૦૦૮ના રોજ હાલો માનવીયુના મેળે, પ્રેમ એક પુજા, સંતશ્રી સવા ભગત (લેરીયું), જગત જોગણીમા ખોડીયાર અને કર્મ ભૂમિ ગુજરાતી ફિલ્મોને એવોર્ડ આપવામાં આવ્યો.

---------

**રાજ્યને, કેન્દ્ર સરકારે ફાળવેલ રાસાયણિક ખાતરનો જથ્થો**

* ૧૩૫૯૪ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૩-૧૪ અને સને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં રાસાયણિક ખાતરની કુલ કેટલી જરૂરિયાત હતી અને તેની સામે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને રાસાયણિક ખાતરનો કેટલો જથ્થો ફાળવવામાં આવ્યો,

**જવાબ**

(૧) (જથ્થો લાખ મેટ્રીક ટનમાં)

| વર્ષ | જરૂરિયાત | ફાળવણી |
|---|---|---|
| ૨૦૧૩-૧૪ | ૩૫.૧૮ | ૩૬.૫૪ |
| ૨૦૧૪-૧૫ (તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ) | ૩૬.૬૫ | ૨૮.૫૫ |

(૨) ફાળવવામાં આવેલ જથ્થાની સામે રાજ્ય સરકારે કેટલો જથ્થો વર્ષવાર ઉપાડ્યો, અને

(૨) (જથ્થો લાખ મેટ્રીક ટનમાં)

| વર્ષ | ઉપાડ |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૨૯.૭૦ |
| ૨૦૧૪-૧૫ (તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ) | ૨૫.૫૬ |

(૩) ઉક્ત સ્થિતિએ રાસાયણિક ખાતરનો વધુ જથ્થો મળે તે માટે વર્ષવાર રાજ્ય સરકારે શા પ્રયાસો કર્યા ?

(૩) -વર્ષ ૨૦૧૩માં ખેતી નિયામકશ્રી કક્ષાએથી ભારત સરકારશ્રીને ૩ પત્રો પાઠવવામાં આવ્યા
-વર્ષ ૨૦૧૪માં સરકાર કક્ષાએથી ભારત સરકારશ્રીને ૯ પત્રો તથા ખેતી નિયામકશ્રી કક્ષાએથી ૧૫ પત્રો પાઠવવામાં આવ્યા.

---------

**વડોદરા જિલ્લામાં ગણોતધારા હેઠળ જમીનની ખરીદકિંમત ભરાયેલનાં કિસ્સા**

* ૧૪૮૪૮ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનની ખરીદ કિંમત ભરાયેલ હોય તેવા કેસોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ બાકી કેસોની સંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) ૨૨૧૯

(૨) ૨૭૨

---------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ભારે વરસાદથી નિષ્ફળ પાક**

* ૧૪૬૩૪ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં પડેલ ભારે વરસાદથી થયેલ પાક નિષ્ફળ અંગેની તાલુકાવાર કુલ કેટલી અરજીઓ મળી, અને

(૨) મળેલ અરજીઓના અનુસંધાને કેટલી રકમ તાલુકાવાર ફાળવવામાં આવી ?

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં પડેલ ભારે વરસાદથી થયેલ પાક નિષ્ફળ અંગેની તાલુકાવાર મળેલ અરજીઓ અને તેના અનુસંધાને તાલુકાવાર ફાળવેલ રકમ નીચે મુજબ છે.

**સાબરકાંઠા જિલ્લો**

| ક્રમ | તાલુકો | અરજીઓની સંખ્યા | ફાળવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ઈડર | ૨૮૦૮૭ | ૪૧૯.૮૧ |
| ૨ | હિંમતનગર | ૧૪૪૮૭ | ૨૧૬.૨૩ |
| ૩ | ખેડબ્રહ્મા | ૨૨૦૦ | ૩૩.૩૫ |
| ૪ | પ્રાંતિજ | ૬૮૩૭ | ૧૦૪.૪૯ |
| ૫ | વિજયનગર | ૨૭૯૮ | ૪૮.૪૨ |
| ૬ | વડાલી | ૫૩૩૭ | ૬૭.૧૪ |
| ૭ | તલોદ | ૧૧૯૭૪ | ૧૮૦.૨૭ |
| | **કુલ** | **૭૧૭૨૦** | **૧૦૬૯.૭૧** |

**અરવલ્લી જિલ્લો**

| ક્રમ | તાલુકો | અરજીઓની સંખ્યા | ફાળવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | મોડાસા | ૧૬૫૦૦ | ૨૩૭.૧૧ |
| ૨ | મેઘરજ | ૧૨૫૬૮ | ૧૮૮.૮૭ |
| ૩ | માલપુર | ૯૫૪૮ | ૧૪૩.૬૪ |
| ૪ | ધનસુરા | ૧૧૫૧૦ | ૧૫૮.૩૬ |
| ૫ | બાયડ | ૧૯૦૦૦ | ૨૮૫.૭૫ |
| ૬ | ભિલોડા | ૨૨૫૭ | ૩૨.૧૬ |
| | **કુલ** | **૭૧૩૮૩** | **૧૦૪૫.૮૯** |

---------

**રાજકોટ જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિઓ**

* ૧૩૬૭૪ **શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ(રાજકોટ પૂર્વ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ શહેરમાં છેલ્લા એક વર્ષમાં લૂંટ–ખૂન–ધાડ અને ખાનગી ફાયરીંગના કેટલા બનાવો નોંધાયા,

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી, અને

(૩) આવા બનાવો અટકાવવા સરકારે શાં પગલાં લીધાં ?

**જવાબ**

(૧)

| લૂંટ | ખૂન | ધાડ | ખાનગી ફાયરીંગ |
|---|---|---|---|
| ૯૧ | ૪૩ | ૦૭ | ૧૫ |

(૨) ૨૭૦ આરોપીઓની

(૩) પોલીસ દ્વારા તાત્કાલિક અસરકારક કાયદેસરની કાર્યવાહી અને ઘટતાં અટકાયતી પગલાં તથા યોગ્ય જણાયે પાસાની કાર્યવાહી કરવામાં આવે છે.

---------

**વલસાડ જિલ્લામાં નેટ હાઉસ અને ગ્રીન હાઉસ બનાવવા બાબત**

* ૧૩૫૩૮ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર બાગાયત નિયામક

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | નેટ હાઉસ | ગ્રીન હાઉસ |
|---|---|---|

દ્વારા કેટલા નેટ હાઉસ અને કેટલા ગ્રીન હાઉસ બનાવાયા, અને

| | | |
|---|---|---|
| વલસાડ | ૦૧ | ૦ |
| પારડી | ૦ | ૦ |
| ઉમરગામ | ૦ | ૦ |
| ધરમપુર | ૦ | ૦ |
| કપરાડા | ૦ | ૦ |
| વાપી | ૦ | ૦ |
| **કુલ** | **૦૧** | **૦** |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા નેટ હાઉસ અને કેટલા ગ્રીન હાઉસ કાર્યરત છે ?

(૨) એક નેટહાઉસ

---------

## ગુજરાતી ફીલ્મોને એવોર્ડ

* ૧૪૨૦૫ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

રાજ્યમાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા છેલ્લે કયારે કઈ કઈ ગુજરાતી ફિલ્મોને એવોર્ડ આપવામાં આવ્યો ?

**જવાબ**

રાજ્યમાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા છેલ્લે તા.૧–૫–૨૦૦૮ના રોજ હાલો માનવીયુના મેળે, પ્રેમ એક પુજા, સંતશ્રી સવા ભગત (લેરીયું), જગત જોગણીમાં ખોડીયાર અને કર્મ ભૂમિ ગુજરાતી ફિલ્મોને એવોર્ડ આપવામાં આવ્યો.

---------

## વાયબ્રન્ટ ગુજરાત સમિટ–૨૦૧૩ અને ૨૦૧૫માં મૂડિ રોકાણ માટે એમ.ઓ.યુ.

* ૧૪૪૩૦ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ વાઈબ્રન્ટ ગુજરાત સમિટ–૨૦૧૩ અને ૨૦૧૫માં રાજ્યમાં ઉદ્યોગો માટે રોકાણ કરવા માટેના કુલ કેટલી રકમના એમ.ઓ.યુ. ખાનગી ઉધ્ધોગ સાહસિકો સાથે સમિટ વાઈઝ કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ સમિટવાર થયેલ એમ.ઓ.યુ. મુજબ કુલ કેટલી રકમનું રોકાણ થયું ?

**જવાબ**

(૧) વાઈબ્રન્ટ ગુજરાત –૨૦૧૩માં ૧૭૭૧૯ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજૂર કરવામાં આવેલ છે.જેમાં સૂચિત મૂડીરોકાણ ધ્યાને લેવામાં આવેલ નથી.

વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૫માં ૨૧૩૦૪ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજૂર કરવામાં આવેલ છે.

(૨) વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૧૩માં થયેલ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ કુલ રૂ.૭૪૯૫૬.૬૮ કરોડના મુડીરોકાણ સાથે ૯૧૬૨ પ્રોજેકટ ઉત્પાદનમાં ગયેલ છે. તેમજ રૂ.૪૨૦૯૯.૨૭ કરોડના મુડીરોકાણ સાથે ૨૧૪૨ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે.
મુડીરોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. ઉત્પાદનમાં ગયા પછી પણ પ્રોજેક્ટમાં મુડીરોકાણ થવાનું ચાલતું રહે છે.

---------

## મહેસાણા જિલ્લામાં નવીશરતની જમીન જૂની શરતમાં ફેરવવા બાબત

* ૧૪૭૫૬ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લામાં નવીશરત અને ગણોતધારા હેઠળની કેટલી જમીન જૂની શરતમાં ફેરવવા અંગેની અરજી કે રજુઆત મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) અરજીઓ પડતર રહેવાના શા કારણો છે અને આ પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૩ : – ૯૦૨
વર્ષ ૨૦૧૪ :–૧૧૦૭

(૨) ૧૨૯

(૩) વિવિધ તબક્કે ચકાસણી હેઠળ હોવાથી પડતર છે. બનતી ત્વરાએ નિકાલ કરવામાં આવશે.

આવશે ?

---------

**રાજ્યનાં પોલીસ મથકોમાં સીસીટીવી કેમેરા લગાવવા બાબતે હાઈકોર્ટના સૂચનની અમલવારી બાબત**

* ૧૩૮૨૦ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં નાગરિકો પોલીસ અત્યાચાર અને કસ્ટોડીયલ ટોર્ચરની ઘટનાઓ નિવારવા માટે રાજ્યના તમામ પોલીસ મથકોમાં સીસીટીવી કેમેરા લગાવવા સરકારને ૩૧ ડીસેમ્બર ૨૦૧૫ સુધીમાં હાઈકોર્ટે કોઈ સુચના આપવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે, | (૨) શ્રી પ્રકાશ કાપડીયા, અમદાવાદ દ્વારા કસ્ટોડીયલ ટોર્ચર ઉપર નિયંત્રણ કરવા અંગે પોલીસ સ્ટેશન/કસ્ટડીમાં સી.સી.ટી.વી. કેમેરા લગાડવાની બાબતે પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર તથા અન્ય વિરૂધ્ધ નામ. ગુજરાત હાઈકોર્ટમાં રીટ પીટીશન નં. ૨૦૦/૧૨ દાખલ કરવામાં આવેલ છે. આ રીટ પીટીશનમાં નામ. હાઈકોર્ટે રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાડવા માટે સુચના આપેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ સુચનાનું પાલન કરેલ છે કે કેમ, અને | (૩) ઉક્ત સુચનાનું પાલન કરવામાં આવેલ છે અને કામગીરી ટેન્ડરની પ્રક્રિયા હેઠળ છે. |
| (૪) જો ના, તો તેના શાં કારણો છે, અને ક્યારે પાલન કરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**કચ્છ જિલ્લામાં જમીનના માપણી વધારા નિયમિત કરવા બાબત**

* ૧૪૮૪૬ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં ખેતીની જમીનના માપણી વધારા નિયમિત કરવા અંગે કોઈ સુધારા કરવામાં આવેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ નિતી અંતર્ગત કચ્છ જિલ્લામાં કેટલી અરજીઓ મળેલ છે, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે ? | |

-------

**રાજ્યમાં સહકારી મંડળીઓને ''દૂધઘર'' હેતુથી જમીન આપવા બાબત**

* ૧૪૮૪૫ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને ''દૂધઘર'' હેતુ માટે સરકારી પડતર જમીન અપાવવાની કોઈ જોગવાઈ કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અંગેની શી જોગવાઈ છે ? | (૨) વાર્ષિક રૂ.૧/– ના ટોકન દરે ૩૦૦ ચો.વાર (૨૫૦ ચો.મી.) સરકારી પડતર જમીન ૧૫ વર્ષના |

ભાડાપટ્ટે આપવાની જોગવાઈ છે.

-------

**આણંદ અને ખેડા જિલ્લામાં કાંસની સફાઈ બાબત**

* ૧૪૩૨૮ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં ચોમાસાના વરસાદી પાણી નિકાલના કાંસોની સફાઈ કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી લંબાઈમાં જિલ્લાવાર કાંસોની સફાઈ કરવામાં આવી ? | (૨) છેલ્લા એક વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં અનુક્રમે ૬૦૭.૪૦ કી.મી. અને ૧૪૬.૪૨ કી.મી. મળી કુલ ૭૫૩.૮૨ કી.મી. ની લંબાઇમાં કાંસોની સફાઇ કરવામાં આવી. |

-------

**ખેડા અને મહિસાગર જિલ્લામાં કતલખાને જતાં ગૌવંશને પકડવા બાબત**

* ૧૪૩૦૯ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને મહિસાગર જિલ્લામાં ગેરકાયદેસર કતલખાને જતા કેટલા ગૌવંશને પકડવામાં આવ્યા, | (૧) ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૧૩ અને વર્ષ ૨૦૧૪ માં અનુક્રમે ૭૩ અને ૧૧૩ તથા મહિસાગર જિલ્લામાં વર્ષ ૨૦૧૩ માં કોઇ નહીં, જ્યારે વર્ષ ૨૦૧૪ માં ૧૨૯ ગૌવંશને પકડવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા બાતમીદાર અને સંસ્થાઓએ ગૌવંશ પકડવામાં મદદ કરી, અને | (૨) કોઇ નહિ. |
| (૩) બાતમીદાર તથા સંસ્થાઓને કેટલી સહાય આપવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કાર્યરત જી.આઇ.ડી.સી. અંગે**

* ૧૪૮૮૧ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓમાં તાલુકાવાર કેટલી અને કઈ જી.આઈ.ડી.સી. આવેલ છે, | (૧) સાબરકાંઠાના ઇડર, હિંમતનગર અને તલોદ તાલુકામાં એક-એક જીઆઇડીસી વસાહત છે. અરવલ્લીના ભિલોડા, મોડાસા, માલપુર અને ધનસુરા તાલુકામાં એક-એક જીઆઇડીસી વસાહત છે. |
| (૨) તે પૈકી બાયડ અને માલપુર માં જી.આઈ.ડી.સી. આવેલ છે કે કેમ, | (૨) બાયડમાં વસાહત નથી જ્યારે માલપુરમાં વસાહત છે. |
| (૩) જો હા તો તેમાં કેટલા ઉદ્યોગો કાર્યરત છે ? | (૩) માલપુર વસાહતમાં બે ઉદ્યોગ કાર્યરત છે. |

-------

**દાહોદ જિલ્લા પોલીસ વડાની પોલીસ સ્ટેશનોની મુલાકાત દરમિયાન જોવા મળેલ અનિયમિતતાઓ**

* ૧૪૧૭૯ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં જિલ્લા પોલીસ વડાની તેમના તાબાના પોલીસ સ્ટેશનોની વાર્ષિક મુલાકાત તથા | (૧) વહીવટી પ્રકારની |

ઈન્સ્પેકશન દરમ્યાન કેવા પ્રકારની ખામીઓ, ગેરરિતિઓ અને અનિયમિતતા જોવા મળી, અને

(૨) તે માટે જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૨) હળવી/નાની શિક્ષાઓ કરવામાં આવેલ છે.

-------

**છોટાઉદેપુર જિલ્લામાં હેરણ યોજના દ્વારા સિંચાઈનો લાભ**

* ૧૩૭૩૯ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં હેરણ યોજના (લાલપુર) દ્વારા કેટલા ગામોને સિંચાઈનો લાભ આપવામાં આવે છે,

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલા ગામોને સિંચાઈનો લાભ મળતો નથી,

(૩) આ સિંચાઈ યોજના ક્યારે મંજૂર કરવામાં આવેલી, અને

(૪) આ યોજના અન્વયે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) છોટાઉદેપુર જિલ્લામાં હેરણ યોજના (લાલપુર) ના કામો સ્થગિત કરવામાં આવેલ, પરંતુ વિકલ્પે આ નદી ઉપર અને તેની શાખાઓ ઉપર આ વિસ્તારમાં ૨૨ જેટલા મોટા ચેકડેમો કરવામાં આવેલ છે. જેનાથી આજુબાજુના વિસ્તારમાં પ્રત્યક્ષ અને પરોક્ષ સિંચાઇનો લાભ મળે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તા.૨૨–૮–૧૯૭૯ ના રોજ.

(૪) ૩.૮૪૮.૫૨ લાખ.

-------

**બોર્ડ ઓફ નોમીની સમક્ષ નિકાલ બાકી કેસ**

* ૧૩૫૬૦ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં બોર્ડ ઓફ નોમીની સમક્ષ કુલ કેટલા કેસો કેટલા સમયથી પડતરમાં છે, અને

(૨) આ કેસોનો ઝડપથી નિકાલ થાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) કુલ ૮૦૫૩ કેસો નીચે મુજબની વિગતે પડતર છે.

| સમય | સંખ્યા |
|---|---|
| ૧ વર્ષ સુધીના | ૨૯૦૦ કેસ |
| ૧ થી ૩ વર્ષ સુધીના | ૨૨૬૩ કેસ |
| ૩ થી ૫ વર્ષ સુધીના | ૧૧૯૧ કેસ |
| ૫ થી ૧૦ વર્ષ સુધીના | ૧૧૮૨ કેસ |
| ૧૦ વર્ષ ઉપરના | ૦૫૧૭ કેસ |

(૨) કેસોના ઝડપી નિકાલ થાય તે માટે રાજ્ય સરકારે રાજ્યભરમાં બોર્ડ ઓફ નોમીનીઝની સંયુક્ત રજીસ્ટ્રાર કક્ષાની ૧૨ જગ્યાઓ અને નાયબ રજીસ્ટ્રાર કક્ષાની ૩ જગ્યાઓ મળી કુલ ૧૫ જગ્યાઓ કાર્યરત કરેલ છે અને તે જગ્યાઓ રાજ્યની તાબાના કોર્ટોના નિવૃત્ત ન્યાયાધીશો, સહકાર ખાતાના લાયકાત ધરાવતા અધિકારીઓ અને નિવૃત્ત અધિકારીઓથી ભરેલ છે.

-------

**બોટાદ જિલ્લાના રાણપુર તાલુકા મામલતદાર દ્વારા ધારાસભ્યશ્રીઓને પત્રોના પ્રત્યુત્તર ન પાઠવવા બાબત**

* ૧૪૭૬૩ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ બોટાદ જિલ્લાના રાણપુર તાલુકા મામલતદારને ધારાસભ્યશ્રીઓ તરફથી મળતા પત્રના નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવતા નથી તે વાત ખરી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તેવા

**જવાબ**

(૧) રાણપુર મામલતદાર કચેરી દ્વારા ધારાસભ્યશ્રીઓ તરફથી મળતા પત્રોના નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર ન પાઠવવામાં આવ્યા હોય તેવું ધ્યાને આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રત્યુત્તરો ન પાઠવવા બદલ જવાબદાર અધિકારી સામે સરકારે શાં પગલાં લીધાં ?

-------

**આણંદ જિલ્લામાં નવી શરતની જમીન જુની શરતમાં ફેરવવાના પડતર કેસો**

* ૧૪૪૧૧ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર ગણોતધારા અને નવી શરતની જમીન જુની શરતમાં ફેરવાવ સંદર્ભેની કેટલી અરજી/ કેસ પડતર છે,

(૧)

| તાલુકાનું નામ | શરતફેરની પડતર અરજી/કેસ |
|---|---|
| ઉમરેઠ | ૧૮ |
| બોરસદ | ૪૧ |
| આંકલાવ | ૧૮ |
| પેટલાદ | ૧૭ |
| સોજીત્રા | ૧૪ |
| ખંભાત | ૧૬ |
| તારાપુર | ૧૧ |
| આણંદ | ૧૧૬ |
| **કુલઃ** | **૨૫૧** |

(૨) સદર અરજી /કેસ પૈકી ઉક્ત સ્થિતિએ ૧ માસ, ૨ માસ, ૩ માસ, ૬ માસ અને ૧ વર્ષ કરતાં વધારે સમયથી પડતર કેસ કેટલા છે,

(૨)

| તાલુકાનું નામ | ૧ માસ | ૨ માસ | ૩ માસ | ૩ થી ૬ માસ | ૧ વર્ષથી વધારે |
|---|---|---|---|---|---|
| ઉમરેઠ | ૨ | ૫ | ૨ | ૯ | ૦ |
| બોરસદ | ૯ | ૩ | ૧૦ | ૧૯ | ૦ |
| આંકલાવ | ૨ | ૪ | ૪ | ૮ | ૦ |
| પેટલાદ | ૬ | ૨ | ૨ | ૭ | ૦ |
| સોજીત્રા | ૧ | ૩ | ૬ | ૪ | ૦ |
| ખંભાત | ૬ | ૦ | ૨ | ૮ | ૦ |
| તારાપુર | ૭ | ૧ | ૧ | ૨ | ૦ |
| આણંદ | ૨૨ | ૧૪ | ૨૫ | ૫૫ | ૦ |
| **કુલઃ** | **૫૫** | **૩૨** | **૫૨** | **૧૧૨** | **૦** |

(૩) પડતર કેસ /અરજીના નિકાલમાં વિલંબના શાં કારણો છે, અને

(૩) જુદા જુદા તબક્કે ચકાસણી હેઠળ હોવાથી.

(૪) કેટલા સમયમાં નિકાલ થશે ?

(૪) બનતી ત્વરાએ.

-------

**ખેડા જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિઓ**

* ૧૩૫૭૧ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં ખૂન-લૂંટ-ધાડ ચોરી-અપહરણ અને બળાત્કારના કેટલા કેસો નોંધાયા અને

(૧)

| તાલુકાનું નામ | ખુન | લૂંટ | ધાડ | ચોરી | અપહરણ | બળાત્કાર |
|---|---|---|---|---|---|---|
| નડીયાદ | ૨ | ૧ | ૩ | ૮૨ | ૧૬ | ૪ |
| ઠાસરા | ૪ | ૦ | ૦ | ૨૭ | ૧૪ | ૩ |
| વસો | ૦ | ૦ | ૦ | ૨ | ૧ | ૦ |
| માતર | ૪ | ૧ | ૧ | ૬ | ૭ | ૦ |
| કપડવંજ | ૨ | ૧ | ૩ | ૨૨ | ૧૫ | ૩ |
| કઠલાલ | ૫ | ૦ | ૦ | ૭ | ૧ | ૧ |
| મહેમદાવાદ | ૨ | ૦ | ૦ | ૮ | ૧૨ | ૦ |
| ખેડા | ૧ | ૧ | ૧ | ૧૦ | ૭ | ૧ |

| મહુધા | ૨ | ૧ | ૧ | ૭ | ૫ | ૦ |
|---|---|---|---|---|---|---|

(૨) તે અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરી? (૨) ૩૮૭

---------

**બનાસકાંઠા જિલ્લામાં ખેતર જમીન લેવલીંગનાં મંજૂર પ્રોજેક્ટ બાબત**

* ૧૪૫૪૨ **શ્રી ગોવાભાઇ રબારી(ડીસા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેતર જમીન લેવલીંગ પ્રોજેક્ટ છેલ્લા બે વર્ષમાં મંજૂર થયા, અને

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં જમીન લેવલીંગના મંજૂર થયેલ પ્રોજેક્ટની વિગતો નીચે મુજબ છે.

| **અ. ન** | **તાલુકો** | **પ્રોજેક્ટની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ડીસા | ૨ |
| ૨ | કાંકરેજ | ૨ |
| ૩ | વાવ | ૧ |
| | **કુલઃ** | **૫** |

(૨) બાકી રહેલ લેવલીંગ પ્રોજેક્ટ કેટલા સમયમાં પૂર્ણ થશે?

(૨) મંજૂર થયેલ પ્રોજેક્ટમાં લેવલીંગની કામગીરી બાકી રહેલ નથી.

---------

**દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં મહેસૂલી મહેકમ**

* ૧૪૫૮૧ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં મહેસૂલ વિભાગના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે.

(૧) અને (૨) સામેલ પત્રક–૧ પ્રમાણે

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

(૩) ખાલી જગ્યાઓ કયા સુધીમાં ભરવામાં આવશે?

(૩) ખાલી જગ્યાઓ ભરવા સીધી ભરતી અને બઢતીની કાર્યવાહી ચાલી રહી છે, જે દ્વારા આ જગ્યાઓ બનતી ત્વરાએ ભરવામાં આવશે. ડ્રાઈવર અને પટાવાળાની જગ્યાઓ આઉટ સોર્સિંગથી ભરવાની નીતિ મુજબ કર્મચારીઓ મેળવીને કામગીરી લેવામાં આવે છે.

**પત્રક–૧**

| અ.નં. | સંવર્ગ | તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ | | (તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ) સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ પૈકી ભરાયેલ જગ્યાઓ | | (તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ) સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ પૈકી ખાલી જગ્યાઓ | |
|---|---|---|---|---|---|---|---|
| | | દેવભૂમિ દ્વારકા | જામનગર જિલ્લો | દેવભૂમિ દ્વારકા | જામનગર જિલ્લો | દેવભૂમિ દ્વારકા જિલ્લો | જામનગર જિલ્લો |

| | | જિલ્લો | | જિલ્લો | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કલેક્ટર | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૨ | નિવાસી અધિક કલેક્ટર | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૩ | નાયબ કલેક્ટર | ૭ | ૧૩ | ૪ | ૧૧ | ૩ | ૨ |
| ૪ | મામલતદાર | ૬ | ૧૫ | ૫ | ૬ | ૧ | ૯ |
| ૫ | ના.કા. ઈજનેર | ૨ | ૬ | ૧ | ૦ | ૧ | ૬ |
| ૬ | નાયબ મામલતદાર | ૮૧ | ૧૪૭ | ૪૨ | ૯૦ | ૩૯ | ૫૭ |
| ૭ | અ.મ. ઈજનેર | ૨ | ૬ | ૧ | ૪ | ૧ | ૨ |
| ૮ | સ્ટેનોગ્રાફર ગ્રેડ–૨ | ૧ | ૧૧ | ૦ | ૫ | ૧ | ૬ |
| ૯ | સ્ટેનોગ્રાફર ગ્રેડ–૩ | ૧ | ૫ | ૦ | ૨ | ૧ | ૩ |
| ૧૦ | કારકુન | ૫૩ | ૧૧૭ | ૨૭ | ૬૫ | ૨૬ | ૫૨ |
| ૧૧ | પેટા હિસાબનીસ | ૨ | ૬ | ૦ | ૩ | ૨ | ૩ |
| ૧૨ | મહેસૂલી તલાટી | ૩૦ | ૬૫ | ૧૬ | ૪૦ | ૧૪ | ૨૫ |
| ૧૩ | ડ્રાયવર | ૦ | ૪ | ૦ | ૨ | ૦ | ૨ |
| ૧૪ | પટાવાળા | ૦ | ૭૧ | ૦ | ૪૬ | ૦ | ૨૫ |

---------

**મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં ખેડૂતોને ચૂકવેલ પાક વિમો**

* ૧૪૨૩૮ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલા ખેડૂતોને પાક વિમો ચૂકવવામાં આવ્યો?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર પાક વિમાના દાવા ચૂકવેલ ખેડૂતોની સંખ્યા નીચે મુજબ છે.

| જીલ્લાનું નામ | તાલુકાનું નામ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ |
|---|---|---|---|
| પંચમહાલ | ગોધરા | – | ૧૬૭૦ |
| પંચમહાલ | ઘોઘંબા | – | ૨૯ |
| પંચમહાલ | જાંબુઘોડા | – | ૩૦ |
| મહિસાગર | – | – | – |

---------

**વિજાપુર તાલુકામાં નવા તળાવો**

* ૧૪૯૨૦ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય જળસંપત્તિમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા નવા તળાવો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા તળાવોના કામો પૂર્ણ થયા તથા કેટલાના કામો પ્રગતિમાં અને કેટલા કામો હજુ શરૂ થયા નથી?

**જવાબ**

(૧) નવા તળાવની રજુઆત મળેલ ના હોઈ નવા તળાવો મંજૂર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

---------

**બનાસકાંઠા જિલ્લામાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર સમીટ–૨૦૧૧ અને ૨૦૧૩માં એમ.ઓ.યુ.**

* ૧૪૮૯૭ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સન ૨૦૧૧ અને ૨૦૧૩ના વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર સમીટમાં બનાસકાંઠા જિલ્લામાં ઉદ્યોગો સ્થાપવા કેટલા એમ.ઓ.યુ. કોની સાથે થયા, અને

(૨) તે પૈકી કેટલા ઉદ્યોગો ડિસેમ્બર–૨૦૧૪ની સ્થિતિએ કાર્યરત થયા?

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૧માં બનાસકાંઠા જિલ્લાના કુલ ૧૦૧ પ્રોજેકટ માટે એમ.ઓ.યુ કરવામાં આવેલ છે. જે આ સાથે *પત્રક–અ માં સામેલ રાખેલ છે. તથા વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૩માં બનાસકાંઠા જિલ્લાના કુલ ૨૮૪ પ્રોજેકટ માટે ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજૂર કરવામાં આવેલ છે. જે આ સાથે *પત્રક–બ માં સામેલ રાખેલ છે.

(૨) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૧માં બનાસકાંઠા જિલ્લાના થયેલ એમ.ઓ.યુ પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ૩૬ પ્રોજેકટ ઉત્પાદનમાં ગયેલ છે. તેમજ ૧ પ્રોજેકટ અમલી કરણ હેઠળ છે. તથા વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૩ માં બનાસકાંઠા જિલ્લાના મંજૂર થયેલ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકીતા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૧૯૮ પ્રોજેકટ ઉત્પાદનમાં ગયેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં વારસાઈની એન્ટ્રીઓ બાબત**

* ૧૪૨૮૩ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી વારસાઈની એન્ટ્રીની તાલુકાવાર અરજીઓ આવી, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર થઈ તથા કેટલી અરજીઓ પડતર છે?

**જવાબ**

(૧)

| **ગાંધીનગર** | |
|---|---|
| તાલુકાનું નામ | અરજીઓની સંખ્યા |
| ગાંધીનગર | ૩૨૩૭ |
| દહેગામ | ૩૨૭૬ |
| કલોલ | ૨૦૪૭ |
| માણસા | ૨૮૪૦ |
| **મહેસાણા** | |
| તાલુકાનું નામ | અરજીઓની સંખ્યા |
| મહેસાણા | ૩૩૬૮ |
| કડી | ૨૭૦૨ |
| વિજાપુર | ૩૦૩૮ |
| વિસનગર | ૨૬૧૬ |
| ઉંઝા | ૧૮૬૪ |
| બેચરાજી | ૧૧૦૧ |
| સતલાસણા | ૧૧૩૮ |
| ખેરાલુ | ૧૨૪૭ |
| વડનગર | ૧૪૨૬ |
| જોટાણા | ૮૮૯ |

(૨)

| **ગાંધીનગર** | | |
|---|---|---|
| તાલુકાનું નામ | મંજૂર | પડતર |

| | | |
|---|---|---|
| ગાંધીનગર | ૨૭૨૧ | ૨૧૨ |
| દહેગામ | ૨૮૧૭ | ૧૮૨ |
| કલોલ | ૧૭૦૯ | ૧૧૦ |
| માણસા | ૨૭૨૭ | ૧૧૩ |
| **મહેસાણા** | | |
| તાલુકાનું નામ | મંજૂર | પડતર |
| મહેસાણા | ૨૯૫૮ | ૧૨૦ |
| કડી | ૨૫૧૪ | ૫૨ |
| વિજાપુર | ૨૮૨૬ | ૧૨૪ |
| વિસનગર | ૨૩૪૫ | ૭૩ |
| ઉંઝા | ૧૭૧૧ | ૪૬ |
| બેચરાજી | ૯૧૮ | ૩૬ |
| સતલાસણા | ૯૮૪ | ૨૬ |
| ખેરાલુ | ૧૦૩૨ | ૫૫ |
| વડનગર | ૧૩૧૨ | ૭૨ |
| જોટાણા | ૭૬૨ | ૨૦ |

---------

## જામનગર જિલ્લામાં નિયત ધોરણ કરતાં ઓછું ગૌચર

* ૧૩૭૮૨ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં ડિસેમ્બર ૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પ્રાણીધન વસ્તી ગણતરી અનુસાર કયા કયા ગામોમાં કેટલું ગૌચર નિયત ધોરણ કરતા ઓછું છે,

(૨) આ ગામોમાં ગૌચર ઘટી જવાના શા કારણો છે, અને

(૩) આ ગામોમાં ખૂટતુ ગૌચર કયાં સુધીમાં નીમ કરવામાં આવનાર છે અને તે માટે કલેકટરને શા આદેશો આપવામાં આવ્યા છે?

**જવાબ**

(૧) સામેલ *પત્રક મુજબ.

(૨) (૧) શરુઆતથી જ ગામોમાં પંચાયતની માંગણી મુજબ ગૌચર નીમ થયેલ છે.
(૨) ઉપયોગી ઢોરની સંખ્યાને ધ્યાને લેતાં ગ્રામ પંચાયતને ગૌચર પર્યાપ્ત જણાતાં વધુ ગૌચરની જમીન નીમ કરવા અંગેની દરખાસ્ત થયેલ ન હોવાથી, તથા
(૩) જાહેર હેતુ માટે જરુરીયાત ઉપસ્થિત થવાથી ગ્રામ પંચાયત દ્વારા ગૌચર કમી કરવા ઠરાવ કરી આપવાથી.

(૩) (૧) જે ગામોમાં ગૌચર ખૂટે છે તે ગામોની ગ્રામ પંચાયત તરફથી માંગણી રજૂ થયેથી, તથા
(૨) આ અંગેના અધિકાર સંબંધિત પ્રાંત અધિકારીશ્રીને સોંપવામાં આવેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

---------

## દેવભૂમિ દ્વારકા જિલ્લાનાં ગામોને નહેર મારફતે સિંચાઈ

* ૧૪૫૯૦ **શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને નહેર મારફતે સિંચાઈની સુવિધા મળતી નથી,

**જવાબ**

(૧) તાલુકાવાર નીચે મુજબની વિગતે નહેર મારફતે સિંચાઈ સુવિધા મળતી નથી.

| અ.નં. | તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભાણવડ | ૩૨ |
| ૨ | કલ્યાણપુર | ૪૪ |
| ૩ | ખંભાલીયા | ૬૬ |
| ૪ | ઓખામંડળ | ૪૨ |
| | **કુલ** | **૧૮૪** |

| | |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ આ સુવિધા ન મળવાનાં શાં કારણો છે, | (૨) નહેર મારફતે સિંચાઈ સુવિધા ન મળવાનાં કારણો નીચે મુજબ છે.<br>(૧) ભૌગૌલિક રીતે સિંચાઈ યોજના બાંધી શકાય તેવી જગ્યા ઉપલબ્ધ ન હોય.<br>(૨) પુર્ણ થયેલ સિંચાઈ યોજનાઓના કમાન્ડ વિસ્તારમાં આ ગામો આવતા ન હોવાથી. |
| (૩) સદર ગામોને રાજ્ય સરકાર ઉક્ત સુવિધા આપવા માંગે છે કે કેમ,<br>(૪) જો હા, તો કેટલા સમયમાં, અને | (૩) અને (૪) તાંત્રિક રીતે યોજના શક્ય જણાયે, શક્ય તેટલું વહેલુ નહેર મારફતે સિંચાઈ સુવિધા આપવાનું આયોજન છે. |
| (૫) આ અંગે કોઈ સર્વે કરવામાં આવેલ છે કે કેમ? | (૫) સુચિત યોજનાઓનો પ્રાથમિક સર્વે થયેલ છે. |

---------

## ગુજરાતી ચલચિત્રોને બાકી સબસીડી

* ૧૪૧૫૧ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કેટલા ગુજરાતી ચલચિત્રોને સરકાર દ્વારા સબસીડી આપવાની બાકી છે અને તેના કારણો શા છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં ૧૪૫ ગુજરાતી ચલચિત્રોને સરકાર દ્વારા સબસીડી આપવાની બાકી છે આ અંગેની નીતિ અનુસાર નિર્માતાએ રજૂ કરવાના થતા પૂરાવાઓ તેઓએ રજૂ કરેલ ન હોવાથી સબસીડી આપવાની બાકી છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કુલ રકમ કેટલી આપવાની થાય છે અને બાકી રહેલ સબસીડી કેટલા સમયમાં ચૂકવવામાં આવશે? | (૨) ઉક્ત સ્થિતિએ કુલ રકમ રૂ. ૭૨૫ લાખ આપવાની થાય છે, જે રકમ, ઉપરના ખંડમાં જણાવેલ ૧૪૫ ગુજરાતી ચલચિત્રોના નિર્માતાઓ તરફથી આ અંગેની નીતિ અનુસાર જરૂરી પૂરાવાઓ રજૂ કરવામાં આવ્યેથી ઉપલબ્ધ અંદાજપત્રિય જોગવાઈ અનુસાર ચૂકવવામાં આવશે. |

---------

## ‘‘ગુજરાત’’ મેગેઝીન છપાવવા પાછળ ખર્ચ

* ૧૩૫૯૬ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી– પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ માહિતી ખાતા દ્વારા છપાતા ગુજરાત મેગેઝીનની એક અંક છાપવા પાછળ કેટલો ખર્ચ થાય છે? | તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ અંતિત પખવાડિયામાં માહિતી ખાતા દ્વારા ગુજરાત મેગેઝીનનો જે અંક છાપવામાં આવ્યો તેનો રૂ.૬૫,૬૯,૭૭૬/– ખર્ચ થયેલ છે. |

--------

## વરહ કિશાન કલ્પવૃક્ષ યોજના હેઠળ પ્રાંતિજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિને, શેડ બનાવવા ફાળવેલ રકમ

* ૧૪૬૩૫ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના આધુનિકરણ માટે વરહ કિશાન કલ્પવૃક્ષ યોજના હેઠળ શેડ બનાવવા માટે કેટલી રકમ ક્યારે મંજૂર કરવામાં આવી, | (૧) રૂ.૫૦.૦૦ લાખ<br>તા.૧૭–૦૯–૨૦૧૪. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ રકમ બજાર સમિતિને | (૨) ના, જી. |

ફાળવવામાં આવેલ છે કે કેમ, અને

(૩) જો ના, તો મંજૂર રકમ ક્યારે ફાળવવામાં આવશે ?

(૩) તા.૧૨-૨-૨૦૧૫ નારોજ સહાયની રકમ ચુકવવામાં આવેલ છે.

--------

**મહેસાણા જિલ્લામાં વીલના આધારે ખેડૂતોની ૭/૧૨ નોંધો**

* ૧૪૭૫૭ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર વીલના આધારે કેટલા ખેડૂતોની ૭/૧૨ માં નોંધ કરવામાં આવી,

(૨) પાડવામાં આવેલ નોંધો પૈકી કેટલી નોંધો ખેડૂતની નોંધ અને કેટલી નોંધ બિન ખેડૂતની છે, અને

(૩) જો બિન ખેડૂતની નોંધ કરવામાં આવી હોય તો તેના કારણો શા છે અને આ નોંધ કરનાર જવાબદાર અધિકારીઓ સામે સરકારે શા પગલાં ભર્યા ?

**જવાબ**

(૧)

| તાલુકો | ૭/૧૨ માં નોંધ કરેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|
| મહેસાણા | ૩૪ |
| કડી | ૧૪ |
| વિજાપુર | ૧૪ |
| વિસનગર | ૧૭ |
| ઉંઝા | ૩૫ |
| બેચરાજી | ૩ |
| સતલાસણા | ૨ |
| ખેરાલુ | ૫ |
| વડનગર | ૩ |
| જોટાણા | ૫ |
| **કુલ** | **૧૩૨** |

(૨) ખેડૂતની નોંધોઃ- ૧૩૨
બિન ખેડૂતની નોંધોઃ- શૂન્ય.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**અમરેલી જિલ્લામાં ગુનાહિત કૃત્યોનાં બનાવો**

* ૧૩૮૨૨ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છેડતી, અપહરણ, લૂંટ, બળાત્કાર, ખૂન, ધાડ, ચોરી, ધમકી અને આત્મહત્યાના કેટલા બનાવો નોંધાયેલા છે.

(૨) આ નાંધાયેલા બનાવો અંગે સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) આ બનાવો રોકવા સરકારે શાં પગલાં લીધા છે?

**જવાબ**

(૧) સામેલ **પત્રક** મુજબ.

(૨) તાત્કાલિક બનાવવાળી જગ્યાએ પહોંચી બનાવ સંબંધી પુરાવાઓ મેળવી ભરોસાપાત્ર બાતમીદારો દ્વારા આરોપીઓ સંબંધે વિગતો મેળવી તેમની અટક કરી ચાર્જશીટ કરવામાં આવે છે. ગંભીર ગુનાના આરોપીઓ જામીન પર ન છૂટી જાય તે માટે તપાસ અધિકારીને સરકારી વકીલના પરામર્શમાં રહેવા સુચના આપવામાં આવે છે.

(૩) બાતમીદારો સાથે સઘન સંપર્ક, સરપ્રાઇઝ વાહન ચેકીંગ તથા નાકાબંધી સાથે સઘન નાઇટ પેટ્રોલીંગ, ગુન્હાની તલસ્પર્શી તપાસ તથા ગુન્હેગારોને સજા થાય, તે હેતુથી સરકારી વકીલો/સાહેદો સાથે સીધો સંપર્ક, ફુટ પેટ્રોલીંગ, શાળા-કોલેજના વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ, જિલ્લા પોલીસ કંટ્રોલરૂમ પરના ટેલીફોન કોલ્સ પ્રતિ ત્વરિત પ્રતિક્રિયા સાથે પાસા/તડીપાર જેવાં અટકાયતી પગલાંઓ લેવામાં આવે છે.

**પત્રક**

**તા.૦૧-૦૨-૨૦૧૩ થી તા.૩૧-૦૧-૨૦૧૪**

| તાલુકાનું નામ | છેડતી | અપહરણ | લૂંટ | બળાત્કાર | ખૂન | ધાડ | ચોરી | ધમકી | આત્મહત્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અમરેલી | ૪ | ૧૧ | ૬ | ૪ | ૪ | ૦ | ૩૨ | ૫૫ | ૬ |
| લાઠી | ૨ | ૫ | ૨ | ૩ | ૨ | ૦ | ૨ | ૩૧ | ૧૮ |
| લીલીયા | ૦ | ૦ | ૨ | ૦ | ૩ | ૦ | ૦ | ૧૦ | ૧૦ |
| બાબરા | ૫ | ૫ | ૦ | ૦ | ૩ | ૦ | ૧૧ | ૪૦ | ૫૪ |
| બગસરા | ૦ | ૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૧૭ | ૧૦ |
| વડીયા | ૨ | ૫ | ૦ | ૧ | ૬ | ૦ | ૩ | ૯ | ૫ |
| સાવરકુંડલા | ૦ | ૧૩ | ૧ | ૨ | ૬ | ૦ | ૧૫ | ૫૦ | ૨૫ |
| ધારી | ૧ | ૫ | ૧ | ૦ | ૧ | ૦ | ૫ | ૩૯ | ૨૦ |
| ખાંભા | ૦ | ૧ | ૦ | ૦ | ૪ | ૦ | ૦ | ૧૬ | ૩ |
| રાજુલા | ૩ | ૧૩ | ૦ | ૧ | ૨ | ૦ | ૧૮ | ૪૩ | ૧૮ |
| જાફરાબાદ | ૧ | ૧ | ૨ | ૧ | ૦ | ૧ | ૨ | ૧૭ | ૧૩ |

**પત્રક**

**તા.૦૧-૦૨-૨૦૧૪ થી તા.૩૧-૦૧-૨૦૧૫**

| તાલુકાનું નામ | છેડતી | અપહરણ | લૂંટ | બળાત્કાર | ખૂન | ધાડ | ચોરી | ધમકી | આત્મહત્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અમરેલી | ૩ | ૧૭ | ૨ | ૧ | ૨ | ૦ | ૨૫ | ૬૦ | ૨ |
| લાઠી | ૧ | ૭ | ૨ | ૧ | ૦ | ૦ | ૯ | ૩૬ | ૨૦ |
| લીલીયા | ૨ | ૪ | ૦ | ૦ | ૧ | ૦ | ૩ | ૪ | ૧૭ |
| બાબરા | ૩ | ૭ | ૦ | ૧ | ૪ | ૦ | ૮ | ૨૨ | ૫૩ |
| બગસરા | ૩ | ૩ | ૦ | ૦ | ૨ | ૦ | ૨ | ૯ | ૬ |
| વડીયા | ૦ | ૪ | ૦ | ૦ | ૨ | ૦ | ૨ | ૨૩ | ૭ |
| સાવરકુંડલા | ૧ | ૧૦ | ૪ | ૧ | ૪ | ૦ | ૧૫ | ૪૨ | ૧૫ |
| ધારી | ૧ | ૬ | ૦ | ૧ | ૫ | ૦ | ૫ | ૨૩ | ૪૬ |
| ખાંભા | ૦ | ૬ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૨૨ | ૯ |
| રાજુલા | ૩ | ૮ | ૫ | ૧ | ૨ | ૦ | ૧૭ | ૭૫ | ૧૭ |
| જાફરાબાદ | ૧ | ૩ | ૩ | ૧ | ૩ | ૦ | ૪ | ૨૩ | ૧૧ |

--------

**બાયડ તાલુકામાં વરોશી નદીમાંથી કાંસ કાઢવા બાબત**

* ૧૪૮૮૮ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાનાં બાયડ તાલુકાનાં રડોદરા-વસાદરા-આંબાગામ ગામોમાંથી પસાર થતી વરોશી નદીનો કાંસ છેલ્લા બે વર્ષમાં ક્યારે કાઢવામાં આવ્યો,

(૨) વરોશી નદીમાં કાંસ/કચરો ભરાવવાથી નદીનું પાણી ખેતરોનું ધોવાણ કરે છે શું આ હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો સરકાર દ્વારા આ માટે શાં પગલાં ભરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) પ્રશ્નમાં ''કાંસ'' શબ્દનો ઉલ્લેખ છે, પરંતુ ''કાંપ'' ની બાબત જણાય છે. તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લાનાં બાયડ તાલુકાનાં રડોદરા-વસાદરા-આંબાગામ ગામોમાંથી પસાર થતી વરોશી નદીમાંથી કાંપ કાઢવામાં આવેલ નથી.

(૨) હા, જી.

(૩) નદીને ઉંડી અને પહોળી કરી, તેના પાળાનું મજબૂતીકરણ કરાવવાનું આયોજન વિચારણા હેઠળ છે.

--------

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

**<#D/અન્ય/D#>**

બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના છઠ્ઠા અહેવાલની રજૂઆત

શ્રી સતિષભાઇ મો. પટેલ ( બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રીનો પ્રસ્તાવ

શ્રી સતિષભાઇ મો. પટેલ ( બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના છઠ્ઠા અહેવાલ સાજે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**ખર્ચના પૂરક પત્રકની રજૂઆત**

**<#D/નાણા/D#>**

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણામંત્રીશ્રી ) **:** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૪–૨૦૧૫ના નાણાકીય વર્ષનું ખર્ચનું પૂરક પત્રક રજૂ કરવાની રજા લઉં છું.

**ખર્ચનું પૂરક પત્રક રજૂ કરવામાં આવ્યું.**

**અંદાજપત્રની રજૂઆત**

**<#D/અન્ય/D#>**

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણામંત્રીશ્રી ) **:** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૫–૧૬ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર રજૂ કરવા માટે ઉભો થયો છું.

વિરામનો સમય રદ કરવા અંગે

શ્રી પંકજ દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અંદાજપત્ર પ્રવચનનું વાંચન પૂરું કરે તે હેતુથી વિરામનો સમય રદ કરવામાં આવે.

સભાપતિશ્રી: સૌ સંમત છે? (થોડીવાર બાદ) અંદાજપત્ર પ્રવચનનું વાંચન પૂરું થાય તે હેતુથી વિરામનો સમય રદ કરવામાં આવે છે.

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણામંત્રીશ્રી ) : આદરણીય અધ્યક્ષશ્રી, સૌનો સાથ સૌનો વિકાસના મંત્રને સાકાર કરવા માનનીય દીર્ઘદ્રષ્ટા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા હેઠળ શરૂ કરેલી તેમજ માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના સંનિષ્ઠ અને સબળ નેતૃત્વમાં અવિરત રાખેલી ગુજરાતની વિકાસયાત્રા દેશ અને દુનિયા માટે એક સીમાચિહ્ન બની ગઈ છે.

માનનીય પ્રધાનમંત્રીશ્રીના ગૌરવપ્રદ નેતૃત્વના ગણતરીના મહિનાઓમાં જ સમગ્ર વિશ્વકક્ષાએ ભારતની મેક ઇન ઇન્ડિયાની આગવી ઓળખ ઊભી થઈ છે, જેમાં એક વિકાસશીલ અને પ્રજાલક્ષી રાજ્ય તરીકે ગુજરાત પોતાનું મહત્વનું યોગદાન કરી રહ્યું છે.

ગત એક દાયકાથી વધુ સમયના આપણા આયોજનબદ્ધ કાર્યક્રમો અને તેનાં સચોટ અમલીકરણના પરિણામે, આજે ગુજરાત વિશ્વકક્ષાની આંતરમાળખાકીય સુવિધાઓ ધરાવે છે. પીવાના પાણી અને જનઆરોગ્ય પ્રત્યેની સેવાઓનું માળખું દિન-પ્રતિદિન સબળ બનતું જાય છે. સામાન્ય નાગરિકનું પોતાના ઘરનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે. ઉદ્યોગો માટે સાનુકૂળ વાતાવરણના નિર્માણના કારણે વાઈબ્રન્ટ ગુજરાતના અભિગમને વૈશ્વિક કક્ષાએ આગવી ઓળખ મળી છે. કૃષિ ક્ષેત્રને વધુ સક્ષમ બનાવી કિસાનોની સમૃદ્ધિ વધારવામાં આવી છે. યુવાધન માટે રોજગારીની વિપુલ તકોનું નિર્માણ થયું છે. રાજ્યના શ્રમિકો માટે નવી કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી તેઓના શ્રમદાનનું સન્માન અમારી સરકારે કર્યું છે. માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા પ્રેરિત મહિલા સશક્તીકરણના કાર્યક્રમોએ ગુજરાતની મહિલાઓમાં

નવતર વિશ્વાસને જન્મ આપ્યો છે. આદિવાસી, દલિત અને અન્ય પછાત વર્ગોના ઉત્કર્ષ માટે સરકારે અનેકવિધ યોજનાઓને મજબૂત બનાવેલી છે.

પ્રવાસી ભારતીય દિનના આયોજન થકી દેશ-વિદેશના તમામ ભારતીયોની રાષ્ટ્રભાવનાને જાગૃત કરી તેમને દેશના વિકાસ સાથે સાંકળવામાં ગુજરાતનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. માનનીય પ્રધાનમંત્રીશ્રીએ આરંભેલા સ્વચ્છ ભારત અભિયાન અને પ્રધાનમંત્રી જનધન યોજનામાં ગુજરાતે અગ્રેસર રહી ઉચ્ચ લક્ષ્યાંકો સિદ્ધ કર્યા છે.

વિકાસ છેવટે સમાજની દરેક વ્યક્તિની સુખાકારી અને કલ્યાણ માટે હોય છે, તે વિચારને અમારી સરકારે દરેક નિર્ણયના કેન્દ્રસ્થાને રાખ્યો છે. ગુજરાતની અતુલ્ય વિકાસયાત્રાને વધુ વેગવંતી બનાવવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગતિશીલ ગુજરાતના અભિયાનને સફળતાપૂર્વક અમલમાં મૂકેલ છે. છેવાડાના નાગરિકો સુધી વિકાસના લાભો પહોંચાડવાની સાથે, લોકસંવાદ સેતુના અભિગમ થકી, સમયબદ્ધ રીતે અને સતત દેખરેખ દ્વારા, સ્થાનિક કક્ષાના પાયાના પ્રશ્નોના નિરાકરણ પ્રત્યે, આજે આ સન્માનનીય ગૃહના માધ્યમથી, અમારી સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરું છું.

ગતિશીલ ગુજરાતના માધ્યમથી, આવતાં વર્ષોમાં આપણે ઉદ્યોગ, કૃષિ અને સેવાકીય ક્ષેત્રોના સંતુલિત અને સમન્વયકારી વિકાસના અભિગમને આગળ ધપાવવા માંગીએ છીએ. તેના માટે દરેક પ્રકારની માળખાકીય સુવિધાઓ અને યોગ્ય નીતિઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. ગરીબ, નિરાધાર અને વંચિત વર્ગોના સામાજિક અને આર્થિક ઉત્થાન માટેનાં વિશેષ આયોજનો વધુ સુદ્રઢ અને સુસંગત બનાવીશું. આર્થિક વિકાસ દ્વારા રોજગારીની તકોમાં વૃદ્ધિ અમારી આર્થિક નીતિનો મૂળ આધાર રહેશે. રોજગારીમાં યુવાનો અને મહિલાઓ વધુ પ્રમાણમાં જોડાય તે માટે તેઓને સજ્જ કરવા, તે અમારી પ્રાથમિકતા રહેશે.

અમારી સરકારના આવા સર્વાંગીણ અને સમતુલિત વિકાસના અભિગમને, આગામી વર્ષ ૨૦૧૫-૧૬ના અંદાજપત્રના માધ્યમથી પ્રતિબિંબિત કરવાનો અમે પ્રયાસ કર્યો છે.

વાર્ષિક વિકાસ યોજના

રાજ્યની બારમી પંચવર્ષીય યોજના (૨૦૧૨-૧૭)ના રૂપિયા બે લાખ ત્યાંશી હજાર છસો ત્રેવીસ કરોડના અંદાજિત કદની સામે, પ્રથમ ત્રણ વર્ષ એટલે કે ૨૦૧૪–૧૫ સુધી કુલ રૂપિયા એક લાખ એક્યાંશી હજાર પાંચસો કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૫-૧૬ માટેની વાર્ષિક વિકાસ યોજનાનું કદ ` ૭૯૨૯૫.૧૧ કરોડનું નિયત કરવામાં આવ્યું છે, જેની સદરવાર ફાળવણી નીચે મુજબ છે.

| ક્રમ | સદર | જોગવાઈ (` કરોડમાં) |
|---|---|---|
| ૧ | કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ | ૪૬૬૦.૧૧ |
| ૨ | ગ્રામીણ વિકાસ | ૨૨૩૮.૭૪ |
| ૩ | ખાસ વિસ્તાર કાર્યક્રમ | ૨૧૬.૮૪ |
| ૪ | સિંચાઈ અને પૂરનિયંત્રણ | ૧૩૯૩૭.૧૯ |
| ૫ | ઊર્જા | ૬૬૩૦.૦૨ |
| ૬ | ઉદ્યોગ અને ખનિજ | ૨૭૬૬.૬૮ |
| ૭ | પરિવહન | ૬૫૬૮.૨૮ |
| ૮ | સંદેશા વ્યવહાર | ૧૦૦૦.૪૩ |

| | | |
|---|---|---|
| ૯ | વિજ્ઞાન, પ્રૌદ્યોગિકી અને પર્યાવરણ | ૫૫૭.૫૩ |
| ૧૦ | સામાન્ય આર્થિક સેવાઓ | ૨૧૧૭.૧૫ |
| ૧૧ | સામાજિક સેવાઓ | ૩૮૪૮૪.૧૫ |
| ૧૨ | સામાન્ય સેવાઓ | ૧૧૭.૯૯ |
| | કુલ | ૭૯૨૯૫.૧૧ |

સદરવાર ફાળવણીમાં વિશેષ પ્રાધાન્ય સામાજિક સેવાઓના સદરને આપવામાં આવેલ છે. તેમાં મુખ્યત્વે પીવાનું પાણી, પ્રાથમિક આરોગ્ય સંભાળ, શિક્ષણ, આવાસન, પોષણ, શ્રમિક કલ્યાણ, રોજગાર, સ્વચ્છતા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓનો વિકાસ તેમજ મહિલા અને બાળકોનો વિકાસ વગેરેનો સમાવેશ થાય છે. આમ, સામાજિક સેવાઓના સદરે વર્ષ ૨૦૧૫–૧૬ માટે ` ૩૮૪૮૪.૧૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જે કુલ જોગવાઈના ૪૮.૫૩ ટકા થાય છે.

વિકેન્દ્રિત આયોજન કાર્યક્રમ હેઠળ જિલ્લા તેમજ તાલુકા કક્ષાની સ્થાનિક જરૂરિયાતને અનુલક્ષીને વિકાસના કામો હાથ ધરવા માટે ` ૧૧૬૯.૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

હવે હું સદરવાર સૂચિત જોગવાઈઓની ઉલ્લેખનીય રૂપરેખા રજૂ કરું છું.

કિસાનની ઉન્નતિમાં રાજ્યની પ્રગતિ

નર્મદા અને જળસંપત્તિ વિભાગ

ગુજરાતના લગભગ ૬૮ ટકા ક્ષેત્રફળમાં ક્ષાર, પાણીની અછત, રેતાળ જમીન જેવા પ્રશ્નો રાજ્ય માટે પડકાર છે, જેને અનુલક્ષીને સરકારે સિંચાઈ વ્યવસ્થાના વિકાસને હંમેશા અગ્રિમતા આપી છે. નર્મદા યોજના ઉપરાંત રાજ્યના દરેક વિસ્તારમાં જળાશય અને નહેર માળખાના વિસ્તરણ તેમજ ડુંગરાળ આદિવાસી વિસ્તાર અને સાગરખેડુ વિસ્તારમાં સિંચાઈની સુવિધા માટે લાંબાગાળાનાં આયોજનો કરવામાં આવે છે.

સરદાર સરોવર યોજના માટે ` ૯૦૦૦ કરોડનું આયોજન.

- સરદાર સરોવર યોજના બંધનું ૧૨૧.૯૨ મીટરની ઊંચાઈ સુધીનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે તેમજ ડેમને ૧૩૮.૬૮ મીટરની આખરી ઊંચાઈ સુધી પહોંચાડવા માટે ગેટ મૂકવાનું કામ પૂર ઝડપથી આગળ વધી રહ્યું છે, જે માટે જોગવાઈ ` ૨૧૬.૯૨ કરોડ.
- પાંચ લાખ હેકટર પિયત વિસ્તારમાં સબ–માઇનોરની કામગીરીમાં વધુ ઝડપ લાવવા ખેડૂતોની જમીન સંપાદન કર્યા વગર, સહભાગી સિંચાઈ ભાવના સાથે રચાયેલી નવી નીતિ મુજબ સબ–માઇનોરનાં કામો શરૂ થઈ ગયેલાં છે, જેના માટે આગામી વર્ષમાં ` ૨૧૫૧.૧૪ કરોડનું આયોજન.
- નર્મદા પ્રોજેકટના માઈનર સુધી નહેરોની કામગીરી માટે સૌરાષ્ટ્ર વિસ્તાર માટે ` ૪૩૦.૭૪ કરોડ, ઉત્તર ગુજરાત માટે ` ૩૯૭.૧૮ કરોડ તથા કચ્છ વિસ્તાર

માટે ` ૯૨૬.૨૯ કરોડની જોગવાઈ.

- કચ્છના ત્રણ પમ્પિંગ સ્ટેશન અને સૌરાષ્ટ્ર શાખા નહેર પર પાંચ પમ્પિંગ સ્ટેશનના વિસ્તરણનાં કામો માટે જોગવાઈ ` ૪૪૨.૯૨ કરોડ.
- ગુજરાતના ગૌરવ અને રાષ્ટ્રીય એકતાના પ્રતીક સમા સ્ટેચ્યુ ઑફ યુનિટીનું કામ શરૂ કરવામાં આવેલું છે, જેના માટે જોગવાઈ ` ૯૧૫ કરોડ.

પર ડ્રોપ મોર ક્રોપ

- પાણીનું દરેક ટીપું રાજ્ય માટે મૂલ્યવાન છે. સફળ અને લોકપ્રિય ટપક સિંચાઈ પદ્ધતિ હેઠળ વધુ ૨.૫ લાખ હેક્ટર આવરી લેવા માટે ` ૪૬૫ કરોડની જોગવાઈ. નાના અને સીમાંત ખેડૂતોને ટપક સિંચાઈ પદ્ધતિ વસાવવા માટે હાલમાં મળતી સહાય ઉપર ૧૦ ટકાની વધારાની સહાય આપવાનો નિર્ણય કર્યો છે.

જળસંપત્તિ પ્રભાગ

જળસંપત્તિ અને કલ્પસર પ્રભાગ હેઠળ આયોજન માટે ` ૪૩૦૦ કરોડ.

- સૌરાષ્ટ્રનાં ગામોમાં બીજી હરિયાળી ક્રાંતિ લાવવા ગત વર્ષે ` ૧૨૯૪ કરોડની જોગવાઈ સાથે શરૂ કરેલ સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ સિંચાઇ યોજના (સૌની યોજના) ના મચ્છુ-૨ થી સાની, લીમડી-ભોગાવો-૨ થી રાયડી, ધોળી ધજા થી વેણુ-૧, લીમડી-ભોગાવો-૨ થી હીરણ-૨ જળાશયના ચાર લિન્ક પ્રોજેક્ટ અને ગોમા-સુખભાદર પાઇપલાઈનનાં કામો માટે આગામી વર્ષે ` ૨૧૦૨ કરોડની જોગવાઈ.
- ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના ખેડૂતો માટે સુજલામ્ સુફલામ્ યોજના હેઠળઃ
    - પીયજ, તાલુકો કલોલથી માણસા-વિજાપુર તાલુકાઓમાં થઈને ધરોઇ જળાશયમાં પાણી પહોંચાડવા માટે નવી પાઇપલાઈન માટે જોગવાઈ ` ૫૦ કરોડ.
    - કરણનગર-ધાંધુસણ પાઇપલાઈનને ધાંધુસણથી રેડ લક્ષ્મીપુરા સુધી લંબાવવા માટે જોગવાઈ ` ૩૦ કરોડ.
    - મહેસાણા જિલ્લાના ભાસરિયા ગામથી જોટાણા વિસ્તારના સામેત્રા ગામ સુધીની નવી પાઈપલાઈન માટે જોગવાઈ ` ૩૨ કરોડ.
    - બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા-સીપુ, સાબરકાંઠા જિલ્લાના વાત્રક-માજમ-મેશ્વો, તેમજ પાટણ-ડીંડરોલ અને કરણનગર-ધાંધુસણના કામો માટે જોગવાઈ ` ૨૧.૬૧ કરોડ.
    - ભૂગર્ભ જળ રિચાર્જ માટે વિજાપુર તાલુકાના હીરપુરા ગામે સાબરમતી નદી પર વિયર બનાવવા માટે જોગવાઈ ` ૨૯ કરોડ.

અનુસૂચિત જનજાતિ વિસ્તારમાં સિંચાઈ અને જળસંચયનાં કામો

ડુંગરાળ અને આદિજાતિ વિસ્તારમાં સિંચાઈ માટે કુલ જોગવાઈ ` ૫૩૧ કરોડ, જેમાં-

- હાંફેશ્વર અને નર્મદા કેનાલ થી પાઈપલાઈન દ્વારા દાહોદ વિસ્તારમાં સિંચાઈ અને પીવાનું પાણી પહોંચાડવાના કામ માટે આગામી વર્ષની જોગવાઈ ` ૩૧ કરોડ.
- ઉકાઈ, કડાણા, પાનમ, કરજણ યોજનાઓની નહેર સુધારણા માટે જોગવાઈ ` ૫૦ કરોડ.
- નાના-મોટા ચેકડેમો તથા તળાવો ઊંડા કરી જળસંચયનો વ્યાપ વધારવા માટે જોગવાઈ ` ૧૦૩ કરોડ.
- ટ્યૂબવેલ્સ તથા નદી/કેનાલ આધારિત ઉદવહન સિંચાઈ યોજનાઓ માટે જોગવાઈ ` ૪૩.૩૮ કરોડ.
- ઉકાઈથી ગોરધા સુધીની નવી પાઈપલાઈન માટે ` ૧૬.૧૦ કરોડ અને ચિંચાઈ ઉદવહન યોજના માટે જોગવાઈ ` ૩.૮૨ કરોડ.
- હડફ, કબૂતરી અને એદલવાડાના વિસ્થાપિતો માટે જંગલની જમીન સંપાદન કરવા માટે જોગવાઈ ` ૨૫ કરોડ.
- વાલિયા, ઝગડિયા અને માંગરોળમાં કરજણ જળાશય આધારિત નવી ઉદવહન સિંચાઈ યોજના માટે જોગવાઈ ` ૨૦ કરોડ.
- જળાશયોના કમાન્ડ વિસ્તારમાં સહભાગી સિંચાઇ વ્યવસ્થાપન માટે જોગવાઈ
  ` ૨૩ કરોડ.

- પાણીના સુનિશ્ચિત સ્રોતોના વિકાસના ધ્યેય સાથે ગુજરાતે કલ્પસર યોજનાની મહત્વાકાંક્ષી પરિકલ્પના કરી છે. અત્યાર સુધી નિષ્ણાત સંસ્થાઓ દ્વારા જરૂરી તકનીકી અને તલસ્પર્શી અભ્યાસો પૂર્ણ કરવામાં આવેલ છે. પર્યાવરણલક્ષી મંજૂરી મળ્યેથી કામ શરૂ કરવાનું આયોજન છે. કલ્પસર યોજના માટે ` ૧૦૪.૦૮ કરોડની જોગવાઈ જેમાં, ભાડભૂત વિયરના બાંધકામ માટે જોગવાઈ ` ૫૨.૫૦ કરોડ.
- રાજ્યના દરિયાકાંઠા વિસ્તારમાં ક્ષાર પ્રવેશ નિયંત્રણ અને દરિયાઇ ધોવાણ અટકાવવા અંગેની કામગીરી માટે જોગવાઈ ` ૯૯.૭૪ કરોડ.
- ઉકાઈ કેનાલ નેટવર્કની સિંચાઇ ક્ષમતા વધારવા જોગવાઈ ` ૨૦ કરોડ.
- સૌરાષ્ટ્ર વિસ્તારના હયાત નહેર માળખા પર ઉદવહન સિંચાઈ વ્યવસ્થા ઊભી કરવા માટે જોગવાઈ ` ૨૦ કરોડ.

- રાજ્યભરમાં હયાત કેનાલ માળખાની સુધારણા અને સુદ્રઢીકરણ માટે જોગવાઈ ` ૧૬૭.૬૭ કરોડ.
- ચેકડેમ, તળાવો ઊંડા કરવા, જળાશયોમાંથી કાંપ દૂર કરવા, રિચાર્જવેલ વગેરે જળસંચયનાં કામો માટે જોગવાઈ ` ૧૬૦.૦૨ કરોડ.
- વડોદરા શહેરમાં પૂરના સંકટના કાયમી નિરાકરણના ભાગરૂપે વિશ્વામિત્રી નદીના પ્રવાહમાંથી અમુક પ્રવાહને અન્યત્ર ડાયવર્ટ કરવાનાં કામ તેમજ આજવા જળાશયની ક્ષમતાવર્ધન માટે પ્રાથમિક જોગવાઈ ` ૨૦ કરોડ.
- અનુસૂચિત જાતિના ખેડૂતો માટે નવા ટ્યુબવેલ અને નદી/કેનાલ આધારિત સિંચાઈ યોજના માટે નવી જોગવાઈ ` ૧૪.૧૬ કરોડ.
- નર્મદા નદીની પરિક્રમા કરનાર યાત્રાળુઓની સુવિધા માટે ભરૂચ જિલ્લાના મીઠી તલાઈ અને વમલેશ્વર ગામે જેટી અને આનુષંગિક બાંધકામ માટે જોગવાઈ ` ૨ કરોડ.

**કૃષિ, સહકાર અને પશુપાલનનો વિકાસ**

કૃષિ અને સહકાર વિભાગ માટે પ્લાન અને નોન-પ્લાન હેઠળ કુલ જોગવાઈ ` ૪૮૭૮.૨૦ કરોડ.

- રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ કુલ જોગવાઈ ` ૬૦૧ કરોડ.
- નેશનલ મિશન ફોર સસ્ટેનેબલ એગ્રીકલ્ચર (NMSA)અંતર્ગત કૃષિ ઉત્પાદકતાનું સાતત્ય જાળવવા, કુદરતી જળ સ્રોતોનું રક્ષણ અને જાળવણી વગેરે માટે કુલ જોગવાઈ ` ૨૭૦ કરોડ.
- NFSM યોજના હેઠળ અનાજ, કઠોળ, કપાસ અને શેરડી જેવા પાકોમાં ખેડૂતોને સહાય આપવા કુલ જોગવાઈ ` ૩૯.૫૪ કરોડ.
- ખેડૂતોને નવા ટ્રેકટરની ખરીદીમાં સહાય આપવા પેટે જોગવાઈ ` ૧૨૦ કરોડ.
- કૃષિ મહોત્સવના આયોજનને વધુ વેગ આપવા, ખેડૂતોને પ્રદર્શન કમ વેચાણમાં સહાયિત દરે બિયારણ, ખાતરો અને જંતુનાશકો આપવા માટે જોગવાઈ ` ૫૫ કરોડ.
- કૃષિ સંશોધન અને શિક્ષણ હેઠળ કૃષિ યુનિવર્સિટીઓ માટે જોગવાઈ ` ૩૪૬.૫૯ કરોડ.
- ખેતીની જમીનમાં જળ સંરક્ષણની કામગીરી માટે જોગવાઈ ` ૨૫૪.૬૮ કરોડ.
- ગુજરાતના ખેડૂતોને ખેતીના વૈશ્વિક પ્રવાહો સાથે સાંકળવા, આંતરરાષ્ટ્રીય કક્ષાના કૃષિપ્રદર્શન-મેળાનું આયોજન કરવા માટે જોગવાઈ ` ૧૫ કરોડ.

- રાસાયણિક ખાતર અને દવાઓના બહોળા ઉપયોગથી જમીનની ફળદ્રુપતા, માનવ આરોગ્ય અને પર્યાવરણ ઉપર થતી માઠી અસરની શકયતાને નિવારવા રાજ્ય સરકાર સેન્દ્રિય ટકાઉ ખેતી પદ્ધતિને પ્રોત્સાહન આપવા માંગે છે. માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની પ્રેરણા હેઠળ નવી ઓર્ગેનિક ફાર્મિંગ પોલિસી અમલમાં મૂકવા જોગવાઈ ` ૧૦ કરોડ.

- ગુજરાત રાજ્યમાં લગભગ ૧૬ લાખ હેક્ટર જમીન બાગાયત પાક હેઠળ આવેલ છે. બાગાયત પાકની ઉત્પાદકતા અને વાવેતર વિસ્તાર વધારવા રોપા ઉછેર, બિયારણ અને ખાતર માટે સહાય અને ટેકનિકલ માર્ગદર્શન પૂરું પાડવા કુલ જોગવાઈ ` ૩૫૮ કરોડ.

સહકારી વ્યવસ્થાઓને પીઠબળ

- ખેડૂતોને ખેતપેદાશના પોષણક્ષમ ભાવો મળી રહે તેમજ ખેત ઉત્પાદનનો બગાડ અટકે તે માટે રાજ્ય સરકારે કૃષિક્ષેત્રે સંગ્રહશક્તિ વધારવાનું આયોજન કર્યું છે.
    - ગોડાઉનની સવલત ન હોય તેવી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિને પોતાની જમીન પર ગોડાઉન બાંધવા માટે જોગવાઈ ` ૨૩.૭૨ કરોડ.
    - ૫૦૦ જેટલી પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓને અનાજ ખેતપેદાશોની સંગ્રહ શક્તિમાં વધારો કરવા નવા ગોડાઉન બનાવવા માટે જોગવાઈ ` ૫૦ કરોડ.

- સાથે ખેત ઉત્પન્ન બજાર વ્યવસ્થાને સુદ્રઢ કરવા માટે પાંચ બજાર સમિતિઓને દુર્ગમ વિસ્તારોમાં સેટેલાઈટ સેન્ટર સ્થાપવા તેમજ નવરચિત ૨૬ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓમાં પાયાની સુવિધા પૂરી પાડવા પેટે જોગવાઈ ` ૧૮.૨૭ કરોડ.

- કૃષિ ક્ષેત્રનાં જોખમો સામે ખેડૂતોને રક્ષણ આપવા માટે પાક વીમા, ખેડૂત અકસ્માત વીમા, ભાવ સ્થિરીકરણ માટે જોગવાઈ ` ૨૬૭ કરોડ. પાક વીમા નિધિ માટે જોગવાઈ ` ૧૦૦ કરોડ.

- હર હંમેશા ખેડૂતોને પડખે રહેતી અમારી સરકારે ખેડૂતો માટે ` ૧૧૦૦ કરોડનું રાહત પેકેજ જાહેર કરેલ હતું, તે પૈકી વર્ષ ૨૦૧૪-૧૫માં ખેડૂતોએ લીધેલ પાક ધિરાણ પર બે ટકાના દરે વિશેષ વ્યાજ રાહતનો નિર્ણય કરેલ હતો, જે માટે ચાલુ વર્ષે ` ૩૫૦ કરોડ તેમજ આગામી વર્ષમાં ` ૨૨૫ કરોડની જોગવાઈ.

પશુપાલન અને ડેરી વિકાસ માટે પ્લાન સદરે જોગવાઈ ` ૪૭૦.૧૫ કરોડ.

- મુખ્યમંત્રી નિ:શુલ્ક પશુ સારવાર યોજના માટે જોગવાઈ ` ૧૮.૧૦ કરોડ.

- પશુપાલન ક્ષેત્રે મોખરે રહેલી અમારી સરકારે ગુજરાત રાજ્યમાં પશુ-આરોગ્યની

જાળવણી માટે ઐતિહાસિક નિર્ણય કરેલ છે. રાજ્યમાં ડેરી સંઘોના સહયોગથી પ્રતિ દસ ગામના જૂથ દીઠ એક પશુ સારવાર કેન્દ્રની વ્યવસ્થા તબક્કાવાર ઊભી કરવા માટે જોગવાઈ ` ૧૫ કરોડ.

- રાજ્યના ડેરીઉદ્યોગની માળખાકીય સુવિધાઓ સુદ્રઢ કરવા અને ઓટોમેટિક મિલ્ક કલેક્શન અને બલ્ક મિલ્ક કૂલરની સ્થાપના માટે જોગવાઈ ` ૨૫ કરોડ.
- માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે રાજ્યની ધુરા સંભાળતાં જ ગ્રામ્ય ક્ષેત્રે મહિલાઓના આર્થિક સશક્તીકરણ માટે વિશેષ નિર્ણયો કરેલ છે. મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને મકાન બાંધકામ માટે ૫૦ ટકા સુધીની સહાય તથા ઓટોમેટિક મિલ્ક કલેક્શન સિસ્ટમ અને બલ્ક મિલ્ક કૂલરની ખરીદી પર સહાય માટે કુલ જોગવાઈ ` ૩૩.૪૩ કરોડ.
- રાજ્યના ડેરી સંઘોને કેટલ ફીડ ફેક્ટરીની સ્થાપના માટે સહાય પેટે જોગવાઈ ` ૧૦ કરોડ.
- ફ્રોઝન સીમેન સ્ટેશન, પાટણ ખાતે બુલ શેડ તથા ઘાસ ગોડાઉન બનાવવા માટે જોગવાઈ ` ૮.૦૩ કરોડ.
- ભૂજ ખાતે કાંકરેજ ગાય તથા બન્ની ભેંસના બુલ મધર ફાર્મના બાંધકામ માટે જોગવાઈ ` ૧૬.૫૦ કરોડ.
- કામધેનુ યુનિવર્સિટી માટે જોગવાઈ ` ૧૧.૩૫ કરોડ.

મત્સ્યોદ્યોગ માટે પ્લાન હેઠળ જોગવાઈ ` ૧૧૬.૯૭ કરોડ.

- માછીમારોને આંતરરાષ્ટ્રીય જળસીમાની જાણકારી મળે અને તેના થકી તેઓ સુરક્ષિત રહે તેવા ઉમદા હેતુથી માછીમારોની ૨૦૦૦ બોટમાં GPS સિસ્ટમ બેસાડવાની સહાય પેટે જોગવાઈ ` ૪ કરોડ.
- પોરબંદર અને વેરાવળ મત્સ્ય ઉતરાણ કેન્દ્રો ખાતે RCC પ્રિ-કાસ્ટ ફલોટિંગ જેટીની સવલત ઊભી કરવા જોગવાઈ ` ૫.૫ કરોડ.

માનવ વિકાસના ઉત્તમ ધ્યેય તરફ સતત પ્રયાણ

શિક્ષણ

શિક્ષણ વિભાગ હેઠળ પ્લાન અને નોન-પ્લાન સહિત કુલ જોગવાઈ ` ૨૨૭૮૭.૭૯ કરોડ

- રાજ્યમાં ગુણોત્સવ, કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશોત્સવ જેવી પહેલ સાથે ગુણવત્તાલક્ષી પ્રાથમિક શિક્ષણને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવે છે. આગામી નાણાકીય વર્ષમાં પ્રાથમિક શિક્ષણ માટે ` ૩૦૦૫.૮૫ કરોડનું આયોજન.
- પ્રજ્ઞા વર્ગો વધારવા માટે જોગવાઈ ` ૧૧૩ કરોડ.

- ગરીબ ઘરનાં બાળકોને રાજયમાં આવેલ ખાનગી પ્રાથમિક શાળાઓમાં વિના મૂલ્યે શિક્ષણ મળે તે હેતુથી બાળક દીઠ વાર્ષિક ફી માટે રૂપિયા ૧૦,૦૦૦ સુધીની સહાયનું ધોરણ નક્કી કરવામાં આવેલ છે. તેમાં આગળ વધીને ૪૩,૦૦૦ બાળકોને ગણવેશ, બૂટ, સ્કૂલબેગ અને આનુષંગિક સવલતો માટે વિદ્યાર્થી દીઠ વધારાના રૂપિયા ૩૦૦૦ની સહાય કરવામાં આવશે, જોગવાઈ ` ૫૫.૮૨ કરોડ.
- સર્વ શિક્ષા અભિયાન હેઠળ જોગવાઈ ` ૧૫૦૫.૭૬ કરોડ. વર્ગખંડો, શુદ્ધ પીવાનું પાણી, ટોઇલેટ બ્લોક અને કંપાઉન્ડ વોલના બાંધકામ અને સમારકામ માટે જોગવાઈ ` ૮૨૪.૯૨ કરોડ.
- આગામી વર્ષમાં અંદાજે ૪૩૦૦ વિદ્યા સહાયકો-મુખ્ય શિક્ષકોની ભરતી કરવાનું આયોજન.
- ૨૦ સ્માર્ટ સ્કૂલ તૈયાર કરવા માટે જોગવાઈ ` ૬ કરોડ.

મધ્યાહ્ન ભોજન યોજના

- રાજ્યની ૩૫,૨૫૭ પ્રાથમિક શાળાઓમાં મધ્યાહ્ન ભોજન યોજનાના અમલ માટે કુલ જોગવાઈ ` ૯૬૬.૧૦ કરોડ.
- મોડેલ ડે-સ્કૂલના ધોરણ ૬ થી ૧૦ ના લગભગ ૧૪,૦૦૦ બાળકોને પૌષ્ટિક નાસ્તો અને મધ્યાહ્ન ભોજન આપવા માટે કુલ જોગવાઈ ` ૫.૮૬ કરોડ.
- મધ્યાહ્ન ભોજન યોજનાના હયાત ૫૦૦ રસોડાનું આધુનિકીકરણ તેમજ ૫૦૦૦ રસોડાના સમારકામ માટે જોગવાઈ ` ૪૨.૫૦ કરોડ.

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ માટે કુલ જોગવાઈ ` ૧૧૨૨.૯૪ કરોડ.

- સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, મોડેલ સ્કૂલ અને ગર્લ્સ હોસ્ટેલના બાંધકામ માટે જોગવાઈ ` ૫૨૧.૦૭ કરોડ. નવા ક્રમિક વર્ગ વધારા, વિદ્યાલક્ષ્મી બોન્ડ, વિદ્યાદીપ વીમા યોજના વગેરે માટે જોગવાઈ ` ૩૦૬.૫૦ કરોડ.
- ધોરણ ૯ થી ૧૨ ના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગના ૯ લાખથી વધુ વિદ્યાર્થીઓને વિના મૂલ્યે પાઠ્ય પુસ્તકો પૂરાં પાડવા માટે જોગવાઈ ` ૩૫ કરોડ.

ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ માટે જોગવાઈ ` ૧૫૫૦.૫૦ કરોડ.

- સૌરાષ્ટ્રમાં એક નવી યુનિવર્સિટી તેમજ આદિજાતિ વિસ્તાર માટે પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, મહીસાગર સહિતના જિલ્લાઓને આવરી લેતી એક નવી યુનિવર્સિટીની સ્થાપના કરવા માટે જોગવાઈ ` ૫૫ કરોડ.

- ગરીબ અને મધ્યવર્ગના પરિવારોનાં તેજસ્વી બાળકો, માત્ર નાણાના અભાવે ઉચ્ચ શિક્ષણની તકોથી વંચિત ન રહે તેવા ઉમદા હેતુથી અમારી સરકારે અત્યાર સુધી ` ૨૦૦ કરોડની ફાળવણી કરી મુખ્યમંત્રીશ્રી સ્કોલરશીપ યોજના અમલમાં મૂકેલ છે. આગામી ચાર વર્ષમાં તે માટે ` ૧૦૦૦ કરોડનું કોર્પસ ફંડ ઊભું કરી આ યોજનાનો વ્યાપ નોંધપાત્ર પ્રમાણમાં વધારવાનો અમારો દ્રઢ સંકલ્પ છે. આગામી વર્ષે કોર્પસમાં ` ૩૦૦ કરોડ ફાળવવાનું આયોજન.

- યુનિવર્સિટીઓમાં નવીનીકરણ, સમારકામ, સારસંભાળ માટે જોગવાઈ ` ૧૦૦ કરોડ.

- રાજયની ૭૨ સરકારી કૉલેજો પૈકી ૫૦ વર્ષથી વધુ જૂની કૉલેજોમાં નવીનીકરણ, સમારકામ માટે ` ૨૦ કરોડ.

- જે તાલુકાઓમાં એક પણ કૉલેજ નથી, તેવા તાલુકાઓમાં કૉલેજ શરૂ કરવાનું આયોજન. જે અન્વયે લીલીયા, બરવાળા, ગારિયાધાર, ઉમરપાડા, ખંભાળીયા, સાંતલપુર, મોરવા-હડફ, માંડલ, પાટડી અને ક્વાંટ ખાતે કુલ ૧૦ નવી કૉલેજ માટે જોગવાઈ ` ૨૦ કરોડ.

- ૧૨ સરકારી એન્જીનિયરિંગ કૉલેજના મકાનોના બાંધકામ માટે જોગવાઈ ` ૨૦.૪૪ કરોડ અને મોરબી ખાતે એન્જીનિયરિંગ કૉલેજમાં નવી હોસ્ટેલનું આયોજન.

- ટેકનિકલ શિક્ષણનો વ્યાપ વધારવા તેમજ સુદ્રઢીકરણ કરવા માટે જોગવાઈ ` ૭૪.૨૨ કરોડ.

- આઈ.આઈ.આઈ.ટી રામ, મણીનગર માટે જોગવાઈ ` ૧૦ કરોડ.

આરોગ્ય

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે પ્લાન અને નોન–પ્લાન હેઠળ કુલ જોગવાઈ ` ૭૮૨૧.૬૩ કરોડ.

જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણ

રાજયના છેવાડાના માનવીઓ સુધી ગુણવત્તાસભર આરોગ્યની સેવાઓ પહોંચાડતા ત્રિસ્તરીય માળખામાં હાલ ૮૧૨૧ પેટા આરોગ્ય કેન્દ્રો, ૧૩૦૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૩૨૧ સામૂહિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે.

- પ્રજાલક્ષી સેવાઓમાં એક વિશિષ્ટ પહેલ એવી મુખ્યમંત્રી અમૃતમ્ (મા) યોજના અને મા વાત્સલ્ય યોજના પેટે જોગવાઈ ` ૧૨૦ કરોડ.

- તદુપરાંત, આગામી વર્ષમાં નાગરિકોને નિયત કરેલ લેબોરેટરી ટેસ્ટ અને અન્ય મેડિકલ ટેસ્ટની સુવિધા વિનામૂલ્યે દરેક આરોગ્ય સંસ્થા ખાતે પૂરી પાડવાનું આયોજન.

- અંતરિયાળ ગામો સુધી આરોગ્ય કેન્દ્રોનો વ્યાપ વધારવા સરકારે નવા ૧૦૩૫

પેટા આરોગ્ય કેન્દ્રો, ૧૩૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૩૨ સામૂહિક આરોગ્ય કેન્દ્રો શરૂ કરવાનું આયોજન કરેલ છે, જે માટે જોગવાઈ ` ૩૮.૧૯ કરોડ.

- પેટા આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મહેકમ વધારવા અને બાંધકામનાં કામો માટે જોગવાઈ ` ૧૯૯.૩૪ કરોડ.
- દરેક સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ડેન્ટલ યુનિટ અને ફિઝિયોથેરાપિસ્ટની સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે જોગવાઈ ` ૨૨.૫૭ કરોડ.
- નાગરિકોને જન્મ-મરણ નોંધણીની સગવડ ઓનલાઈન ઉપલબ્ધ કરાવવા તેમજ તેનું પ્રમાણપત્ર ઘેર બેઠા મળી શકે અને પરિણામે જન્મ-મરણ નોંધણીનો વ્યાપ વધે તેવી વ્યવસ્થા ઊભી કરવા માટે જોગવાઈ ` ૪ કરોડ.

તબીબી સેવાઓ

- લોકપ્રિય ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સ સેવાઓમાં ૧૧૦ નવી એમ્બ્યુલન્સ પૂરી પાડવા જોગવાઈ ` ૧૬.૫૦ કરોડ.
- રાજ્યની જુદી જુદી હોસ્પિટલો ખાતે સારવાર, લેબોરેટરી અને રેડિયોલોજીનાં આધુનિક ઉપકરણો વસાવવા માટે જોગવાઈ ` ૨૩૧.૭૦ કરોડ.
- રાજ્યની ૧૦ હોસ્પિટલો ખાતે હેમોડાયાલિસિસ યુનિટ શરૂ કરવા માટે માળખાગત સુવિધા ઊભી કરવા જોગવાઈ ` ૧.૫૦ કરોડ.
- દાહોદ જનરલ હોસ્પિટલના નવા મકાનના બાંધકામ માટે ` ૨.૫૦ કરોડ, મોડાસા ખાતે સરકાર સંચાલિત હોસ્પિટલ શરૂ કરવા ` ૨ કરોડ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર રાધનપુરને પેટા જિલ્લા કક્ષાની હોસ્પિટલમાં અપગ્રેડ કરવા માટે ` ૨ કરોડની જોગવાઈ.
- દવા વિતરણ વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવવા વડોદરા, ભુજ, હિંમતનગર, રાજકોટ, દાહોદ, વલસાડ અને ભરૂચ ખાતે સાત ડેપોના બાંધકામ માટે જોગવાઈ ` ૫.૭૭ કરોડ.

તબીબી શિક્ષણ

તબીબી શિક્ષણ અને સંશોધન હેઠળ પ્લાન સદરે જોગવાઈ ` ૨૫૧૭.૧૫ કરોડ.

- ટ્રાન્સપ્લાન્ટેશન એન્ડ એલાઇડ સાયન્સિસ યુનિવર્સિટીની સ્થાપના માટે જોગવાઈ ` ૧૫ કરોડ. તદુપરાંત પબ્લિક હેલ્થ યુનિવર્સિટીની સ્થાપના કરવાનું આયોજન.
- ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી હસ્તકની પાંચ હયાત મેડિકલ કોલેજોનો વિકાસ, વડનગર, જૂનાગઢ અને હિંમતનગર ખાતે નવી મેડિકલ કૉલેજના બાંધકામ અને પાલનપુર, નડિયાદ અને અમરેલી ખાતે

હોસ્પિટલને અપગ્રેડ કરવા માટે કુલ જોગવાઈ ` ૧૧૨૮.૫૦ કરોડ.

- સરકારી સિવિલ હોસ્પિટલોનું માળખું સામાન્ય નાગરિકોના વિશાળ વર્ગ માટે તેઓની જરૂરિયાતના સમયે સારવાર માટે એક વિશ્વસનીય આધારસ્તંભ બની રહે છે. જેને સુદ્રઢ બનાવવા, નવી સિવિલ હોસ્પિટલ અમદાવાદ માટે ` ૧૫૦ કરોડ, ભાવનગર, જામનગર અને રાજકોટ ખાતેની હોસ્પિટલો માટે ` ૬૦ કરોડ, વડોદરા સિવિલ હોસ્પિટલ માટે ` ૧૦ કરોડ અને સુરત સિવિલ હોસ્પિટલ માટે ` ૪૦ કરોડની જોગવાઈ સાથે વિકાસ હાથ ધરવાનું આયોજન છે.
- યુ.એન.મહેતા ઇન્સ્ટીટયુટ ઑફ કાર્ડિયોલોજી, અમદાવાદનાં નવાં મકાનો અને તેના શૈક્ષણિક સ્ટાફ માટે જોગવાઈ ` ૬૦ કરોડ.
- સુરત અને રાજકોટ ખાતેની કાર્ડિયોલોજીના સેટેલાઇટ સેન્ટર અને કેથ લેબની સ્થાપના કરવા માટે જોગવાઈ ` ૫ કરોડ.
- ગુજરાત કેન્સર અને રિસર્ચ સેન્ટર, અમદાવાદ માટે જોગવાઈ ` ૭૨ કરોડ.
- રાજકોટ અને વડોદરા ખાતે ટર્શિયરી કેન્સર કેર શરૂ કરવા જોગવાઈ ` ૯૧.૨૫ કરોડ.
- વડોદરા, ભાવનગર અને જામનગર ખાતે સરકારી મેડિકલ કૉલેજમાં રેડિયોથેરાપીનાં સાધનો ખરીદવા માટે જોગવાઈ ` ૩૭ કરોડ.
- અમદાવાદ ખાતે કીડની અને ઓપ્થેલ્મોલોજી હોસ્પિટલના વિસ્તરણ સહિતનાં કામો માટે જોગવાઈ ` ૧૮૫ કરોડ.
- કીડની હોસ્પિટલ, સુરતના બાંધકામ માટે જોગવાઈ ` ૪૦ કરોડ.
- નાગરિકોને ઉપલબ્ધ તબીબી સેવાઓનો વ્યાપ વધુ ઝડપથી વિકસે તે હેતુથી રાજ્ય સરકારની આ ક્ષેત્રે ખાનગી અને સેવાભાવી સંસ્થાઓને પ્રોત્સાહન આપી નવી નીતિ ઘડવાની નેમ છે. જે અન્વયે અંતરિયાળ વિસ્તારમાં પણ, ગુણવત્તાયુક્ત અને ઉચ્ચ કક્ષાની તબીબી સેવાઓ, સામાન્ય માનવીને પરવડે તે રીતે ઉપલબ્ધ કરાવવાનું ધ્યેય છે. રાજ્ય સરકાર દ્વારા આગામી સમયમાં બિન–સરકારી ક્ષેત્રે અને PPP મોડેલથીઃ
    - મેડિકલ કૉલેજ,
    - રેફરલ તેમજ મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ અને
    - ડાયગ્નોસ્ટિક લેબ સ્થાપવા, તેમજ
    - સેવાભાવી સંસ્થાઓ દ્વારા સંચાલિત હોસ્પિટલોને ઉચ્ચ કક્ષાનાં

ઉપકરણો વસાવવા માટે,

પ્રોત્સાહિત કરવા એક નવી નીતિ ઘડવામાં આવશે, જે માટે જોગવાઈ ` ૨૫ કરોડ.

- ભારતીય તબીબી અને હોમિયોપથી પદ્ધતિના વિકાસ માટે જોગવાઈ ` ૧૬૪.૦૨ કરોડ.
- ૧૦ નવા હોમિયોપેથી દવાખાનાં અને આદિજાતિ વિસ્તારમાં નવા ૧૦ આયુર્વેદ દવાખાનાં શરૂ કરવાનું આયોજન.
- આદિજાતિ વિસ્તારો પૈકીના દાહોદ, વાંસદા અને રાજપીપળા ખાતે સરકારી આયુર્વેદ/હોમિયોપેથી કૉલેજ સંલગ્ન હોસ્પિટલ શરૂ કરવા માટે જોગવાઈ ` ૫૯ કરોડ.

**દૂધ સંજીવની યોજના**

બાળકોના આરોગ્ય અને પોષણના સ્તરમાં સુધારાના કાર્યક્રમોને માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ હંમેશા પ્રાધાન્ય આપે છે. દૂધ સંજીવની યોજના આવો જ એક અગત્યનો પ્રયાસ છે. આગામી સમયમાં આ યોજનાના વ્યાપમાં વધારો કરી કુપોષણ સામેના અભિયાનને વધુ વેગવાન બનાવવામાં આવશે.

- ૧૯ વિકાસશીલ તાલુકાઓમાં સ્થાનિક ડેરીનો સહયોગ મેળવીને મધ્યાહ્ન ભોજન યોજનાના લાભાર્થીઓને દૂધ સંજીવની યોજનામાં આવરી લેવા માટે જોગવાઈ ` ૬૭.૫૫ કરોડ.
- સ્થાનિક ડેરીનો સહયોગ લઈને ૨૮ આદિવાસી તાલુકાઓમાં પ્રાથમિક શાળાના ૮ લાખ વિદ્યાર્થીઓને દૂધ સંજીવની યોજનાનો લાભ આપવા માટે જોગવાઈ ` ૫૮ કરોડ.
- આંગણવાડીના લાભાર્થીઓ માટે હાલ ૨૬ આદિવાસી તાલુકાઓમાં અમલી દૂધ સંજીવની યોજનાને સ્થાનિક ડેરીનો સહયોગ લઈને તમામ બાકી વિકાસશીલ આદિવાસી તાલુકામાં વિસ્તારવાનું આયોજન, જે માટે જોગવાઈ ` ૫૭ કરોડ.

**મહિલા સશક્તીકરણ અને બાળ વિકાસ**

મહિલા અને બાળ વિકાસ હેઠળ પ્લાન સદરે ` ૨૪૫૦ કરોડની જોગવાઈ

- બાળકોનું પોષણ, શારીરિક અને બૌદ્ધિક વિકાસ તેમજ સંસ્કારના સિંચન માટે સંકલિત બાળ વિકાસ યોજનાનો મિશન મોડમાં અમલ કરવામાં આવે છે. ૫૨૧૩૭ આંગણવાડી કેન્દ્રો ખાતે ૪૯.૧૫ લાખ લાભાર્થીઓને આવરી લઈ આગામી વર્ષની કુલ જોગવાઈ ` ૨૧૯૬ કરોડ.
- મિશન બલમ્ સુખમ્ યોજના હેઠળ આંગણવાડીઓમાં ઘનિષ્ઠ પોષણ સુધારણા અભિયાન, તેમજ ત્રીજા ભોજન અને નિદર્શક ભોજન માટે જોગવાઈ ` ૯૫.૨૮ કરોડ.
- મધ્યાહ્ન ભોજન યોજનામાં અપનાવેલ સફળ પ્રયોગને આગળ વધારતાં હવે

અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ જિલ્લાઓમાં આંગણવાડીમાં લાભાર્થીઓને કેન્દ્રીયકૃત રસોડામાંથી ગરમ ભોજનની વ્યવસ્થા કરવાની નવી પહેલ માટે ` ૨.૧૬ કરોડની જોગવાઈ.

- આંગણવાડી ખાતે બાળકો માટે રમકડાં, ફ્લેકસી ફંડ, મકાનના ભાડા અને વીજ કનેકશન જોડાણ માટે કુલ જોગવાઈ ` ૪૬.૪૬ કરોડ.
- ઈન્દિરા ગાંધી માતૃત્વ સહાય યોજનાનો અમલ રાજ્યના ૧૫ હાઈ બર્ડન જિલ્લાઓમાં તેમજ અન્ય વિકાસશીલ તાલુકાઓમાં કરવા ` ૮૭ કરોડની જોગવાઈ. આ યોજના અન્વયે સગર્ભા અને ધાત્રી મહિલાઓને રૂપિયા ૬૦૦૦ ની સહાય આપવાનું આયોજન છે.
- સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સંચાલિત ૩૧૭ વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રોને ` ૮.૫૭ કરોડની સહાય.
- નિરાધાર વિધવા આર્થિક સહાય યોજના હેઠળ લગભગ ૧.૨૫ લાખ લાભાર્થી માટે સહાય ` ૧૭૭.૧૮ કરોડ.
- મહિલાઓના આર્થિક સશક્તીકરણ અને ૧૪૦ નારી અદાલતોની પ્રવૃત્તિઓ અને નવી ૨૦ નારી અદાલતો સ્થાપવા માટેની યોજનાઓની જોગવાઈ ` ૪૪.૩૧ કરોડ.

**આદિજાતિ વિકાસ**

ટ્રાઈબલ એરીયા સબ પ્લાન હેઠળ ` ૯૬૯૦.૫૩ કરોડનું આયોજન.

આદિજાતિ વિભાગ હેઠળ પ્લાન અને નોન-પ્લાન સદરે જોગવાઈ ` ૧૬૭૪.૦૫ કરોડ.

- અમારી સરકારના મતે આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસમાં શિક્ષણ પ્રથમ સોપાન છે. શાળાકીય શિક્ષણને વધુ પ્રોત્સાહિત કરવા ધોરણ ૧ થી ૧૦ માટેની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિના હાલના દરમાં વધારો કરી,
    - ધોરણ ૧ થી ૫ માં ભણતી કન્યાઓ માટે શિષ્યવૃત્તિનો દર ` ૨૫૦ થી વધારી ` ૫૦૦, જ્યારે ધોરણ ૬ થી ૧૦ ની કન્યાઓને ` ૭૫૦ રહેશે.
    - ધોરણ ૧ થી ૮ માં ભણતા કુમારોની શિષ્યવૃત્તિનો દર ` ૨૫૦ થી વધારી ` ૫૦૦ અને ધોરણ ૯ અને ૧૦ માં ભણતા કુમારોની શિષ્યવૃત્તિનો દર ` ૪૦૦ થી વધારી ` ૭૫૦ કરવાનો નિર્ણય કરેલ છે.
    - પ્રિ મેટ્રિક શિષ્યવૃત્તિ માટે કુલ જોગવાઈ ` ૧૦૮.૭૫ કરોડ.
- સાથે, આશ્રમશાળા ચલાવતી સ્વૈચ્છિક સંસ્થાઓને હાલ ચૂકવવામાં આવતી વિદ્યાર્થી દીઠ ` ૧,૦૦૦ની માસિક નિભાવ ગ્રાન્ટ વધારીને ` ૧૫૦૦ કરી કુલ

જોગવાઈ ` ૩૬.૩૦ કરોડ.

- ઝાલોદ, દેવગઢબારિયા અને દાંતા ખાતેની આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના વર્ગો શરૂ કરવા માટે જોગવાઈ ` ૨૮ લાખ.
- સરકારી કુમાર છાત્રાલય, ભરૂચના વધારાના બાંધકામ તેમજ સરકારી કુમાર છાત્રાલય, વાંકલ, જિલ્લા સુરતના મકાન બાંધકામ માટે જોગવાઈ ` ૮.૧૨ કરોડ.
- વલસાડ જિલ્લાના વેલવાચ અને ઉમરગામ તથા નવસારી જિલ્લાના સીસોદ્રા ખાતેના આદર્શ નિવાસી કન્યા શાળાના નવીન મકાનના બાંધકામ માટે કુલ જોગવાઈ ` ૨૦.૯૨ કરોડ.
- ઝાલોદ અને અંબાજી ખાતેની કન્યા તથા દેવગઢબારિયા અને દાંતા ખાતેની કુમાર આદર્શ નિવાસી શાળાઓમાં વર્ગખંડ, પ્રાર્થના ખંડ, લાયબ્રેરી ખંડ અને લેબોરેટરી ખંડના બાંધકામ માટે જોગવાઈ ` ૧૦.૩૨ કરોડ.
- સરકારી છાત્રાલયોમાં અદ્યતન લાયબ્રેરીની સુવિધા ઉપલબ્ધ કરાવવા જોગવાઈ ` ૨.૩૧ કરોડ.
- આદિજાતિના વિદ્યાર્થીઓ ઉદ્યોગ તેમજ વિદેશમાં રોજગારી મેળવી શકે તે માટે સીપેટ તેમજ આઇ.જી.ટી.આર દ્વારા ઉચ્ચકક્ષાની રોજગારલક્ષી કૌશલ્યવર્ધક તાલીમ આપવા માટે જોગવાઈ ` ૧ કરોડ.
- આદિજાતિ વિસ્તારોમાં સ્થાનિક બજાર વ્યવસ્થાને સુદ્રઢ અને આકર્ષક બનાવવા ૧૦ હાટ માટે જોગવાઈ ` ૨૦ કરોડ.
- છોટાઉદેપુર ખાતે સ્થાનિક યુવાનોના પરંપરાગત તિરંદાજીના કૌશલ્યના સંવર્ધન માટે નવું આર્ચરી સેન્ટર સ્થાપવાનું આયોજન.

સામાજિક ન્યાય અને અધિકારિતા

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળ પ્લાન અને નોન-પ્લાન સદરે જોગવાઈ ` ૨૨૬૩.૫૬ કરોડ.

- સમાજ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત વિવિધ બોર્ડ કોર્પોરેશન દ્વારા કલ્યાણકારી તેમજ વિકાસલક્ષી કાર્યક્રમો હાથ ધરવા માટે જોગવાઈ ` ૫૦ કરોડ.

અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળ પ્લાન સદરે જોગવાઈ ` ૭૯૯.૩૪ કરોડ.

- રાષ્ટ્રના સંવિધાનના ઘડવૈયા અને આદરણીય ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મ જ્યંતીની ભવ્ય ઉજવણી માટે જોગવાઈ ` ૧૫ કરોડ.
- અનુસૂચિત જાતિના બાળકોને શિક્ષણ માટે વધુ પ્રોત્સાહનના ભાગરૂપે ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોની છાત્ર ક્ષમતામાં ૧૦૦૦ નો વધારો કરવામાં આવશે.
- પાટણ ખાતે કુમાર અને કન્યા માટેનાં અલગ અલગ સમરસ છાત્રાલયો, ભાવનગર જિલ્લાના ગારિયાધાર અને કચ્છ જિલ્લાના આદિપુર ખાતે કુમાર

છાત્રાલયો અને અમદાવાદ, સુરેન્દ્રનગર અને રાજકોટ ખાતે કન્યા છાત્રાલયના બાંધકામ માટે કુલ જોગવાઈ ` ૨૩.૨૦ કરોડ. નરસિંહ ભગત સરકારી છાત્રાલય, પાલડી ખાતેના નવા બ્લોકના બાંધકામ માટે જોગવાઈ ` ૨ કરોડ.

- ૫૪૧ ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં તેમજ ૮૮ ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમ શાળાઓમાં લગભગ ૩૧,૦૦૦ છાત્રો માટે આપવામાં આવતી વિદ્યાર્થી દીઠ માસિક નિભાવ ગ્રાન્ટમાં ૫૦ ટકાના વધારા સાથે, ` ૧૦૦૦ થી વધારી ` ૧૫૦૦ કરી કુલ જોગવાઈ ` ૪૭.૧૮ કરોડ.

વિકસતી જાતિ કલ્યાણ

રાજયના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો, આર્થિક રીતે પછાતવર્ગો, લઘુમતીઓ અને વિચરતી વિમુકત જાતિઓના સર્વાંગી વિકાસ માટે પ્લાન સદરે જોગવાઈ ` ૮૮૯.૧૫ કરોડ.

- હયાત ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં ૧૦૦૦ વિદ્યાર્થીઓનો વધારો કરવામાં આવશે, જે માટે જોગવાઈ ` ૧.૫ કરોડ.
- ૭૨૨ ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો અને ૧૮૮ આશ્રમ શાળાઓના ૬૨,૬૫૫ વિદ્યાર્થીઓ માટે આપવામાં આવતા વિદ્યાર્થી દીઠ નિભાવ ભથ્થાની માસિક રકમ ` ૧૦૦૦ થી વધારીને ` ૧૫૦૦ કરી કુલ જોગવાઈ ` ૧૦૯ કરોડ.
- ધોરણ ૯ માં ભણતી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત અને આર્થિક રીતે પછાત વર્ગની લગભગ સવા લાખ કન્યાઓને સરસ્વતી સાધના યોજના અંતર્ગત નિઃશુલ્ક સાયકલ આપવા માટે જોગવાઈ ` ૩૯ કરોડ.

સમાજ સુરક્ષા

રક્ષણની જરૂરિયાતવાળાં બાળકો, વિકલાંગો, વૃદ્ધ વ્યક્તિઓ અને અન્ય નબળા વર્ગોના વિકાસ માટે કાર્યરત સમાજ સુરક્ષા પ્રભાગ હેઠળ જોગવાઈ ` ૪૧૦ કરોડ.

- વૃદ્ધ પેન્શન યોજનામાં ૫,૫૦,૦૦૦ લાભાર્થીઓને પેન્શન આપવા માટે જોગવાઈ ` ૨૮૬.૮૬ કરોડ.
- નિરાધાર વૃદ્ધ સહાય યોજનામાં ૯૩,૦૦૦ લાભાર્થીઓને પેન્શન આપવા માટે જોગવાઈ ` ૪૮.૫૨ કરોડ.
- વિકલાંગ પેન્શન યોજનામાં ૫૦,૦૦૦ લાભાર્થીઓને પેન્શન આપવા માટે જોગવાઈ ` ૨૮ કરોડ.

પેન્શનની સુવિધા

રાષ્ટ્રીય સ્વાવલંબન યોજના હેઠળ ઓછામાં ઓછું ` ૧૦૦૦ની વાર્ષિક રકમ પેન્શન ફંડમાં જમા કરનાર અસંગઠિત ક્ષેત્રમાં કામ કરનાર વ્યક્તિઓને કેન્દ્ર સરકાર તરફથી ` ૧૦૦૦ ની રકમ તે ફંડમાં ફાળા તરીકે આપવાની જોગવાઈ છે. આ યોજના હેઠળ લાભાર્થીને ૬૦ વર્ષની ઉંમર બાદ જીવન નિર્વાહ માટે પેન્શન મળી શકે છે અને તેમનું ભવિષ્ય સુરક્ષિત બને છે.

આ ઉમદા કાર્યમાં પૂરક બનીને રાષ્ટ્રીય સ્વાવલબન યોજનામાં ` ૨૦૦૦ ની વાર્ષિક બચત કરનાર વ્યક્તિઓને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના મળીને ` ૧૫૦૦ નો ફાળો તે પેન્શન ફંડમાં જમા કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. જે અન્વયેઃ

- આંગણવાડીના લગભગ એક લાખ વર્કર અને હેલ્પર બહેનોને માટે જોગવાઈ ` ૫.૧૩ કરોડ
- અસંગઠિત ક્ષેત્રના લગભગ ૫ લાખ શ્રમયોગીઓને આવરી લેવાના ધ્યેય સાથે જોગવાઈ ` ૨૫ કરોડ.
- કુટીર ઉદ્યોગ ક્ષેત્રના નોંધાયેલ કારીગરો માટે જોગવાઈ ` ૫૬.૩૮ લાખ.
- સ્વસહાય જૂથોની ૩ લાખ મહિલાઓને આ યોજનામાં આવરી લેવાનું આયોજન છે.

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે પ્લાન સદરે ` ૪૦૦ કરોડની જોગવાઈ.

તાજેતરમાં કેરળ ખાતે યોજાયેલ નેશનલ ગેમ્સમાં ગુજરાતના રમતવીરોએ ૨૦ ચંદ્રકો મેળવીને અભુતપૂર્વ ગૌરવ પ્રાપ્ત કરેલ છે.

- રાજ્યમાં રમતવીરોને પ્રોત્સાહન આપવા, પ્રિ-નેશનલ કોચિંગ કેમ્પ યોજવા, હાઈ પરફોર્મન્સ સેન્ટર કાર્યરત કરવા, ખેલક્ષેત્રે પ્રતિભા ઓળખ અને અનુસરણની નવી પહેલ અમલી કરવા માટે જોગવાઈ ` ૭ કરોડ.
- રમતવીરોની તાલીમ વ્યવસ્થાના ભાગરૂપે નડિયાદ, નરોડા, પાટણ, દેવગઢબારિયા, સાપુતારા, ભાવનગર અને હિંમતનગર ખાતે સ્પોર્ટ્સ હોસ્ટેલના નિર્માણ માટે જોગવાઈ ` ૨૦.૪૧ કરોડ.
- વિદેશમાં વસતા ગુજરાતીઓને ઓનલાઈન ગુજરાતી ભાષા શીખવા માટે, આદિકવિ નરસિંહ મહેતાની ૬૦૦મી જન્મ જયંતીની રાજયવ્યાપી ઉજવણી કરવા તેમજ ભાષા સાહિત્ય સંવર્ધન માટે કુલ જોગવાઈ ` ૨.૮૫ કરોડ.
- ભાવનગર અને વડોદરા ખાતે નાટ્ય અને નૃત્ય માટેની તાલીમ અને મહોત્સવોના આયોજન કરી શકાય તેવા બહુહેતુક કલા અને સાંસ્કૃતિક કેન્દ્રો બનાવવા માટે જોગવાઈ ` ૧૫ કરોડ.
- ઉભરતા ખેલાડીઓને વિવિધ રમતો માટે કોચિંગ પૂરું પાડવા માટે સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત અંતર્ગત અંદાજે ૧૦૦ કોચની ભરતી કરવા માટે જોગવાઈ ` ૩.૧૦ કરોડ.

સામાજિક આર્થિક વિકાસનો પાયોઃ આંતરમાળખાકીય સુવિધા

માર્ગોનું માળખું

માર્ગ અને મકાન વિભાગ માટે પ્લાન અને નોન–પ્લાન હેઠળ જોગવાઈ ` ૮૨૯૭ કરોડ.

- હયાત માર્ગોને વધુ પહોળા કરવા માટે જોગવાઈ ` ૮૫૦ કરોડ, જે પૈકીઃ
    - ૪૪૪ કિલોમીટર લંબાઈનાં રસ્તાઓના ચાર અને છ માર્ગીયકરણની કામગીરી લેવાશે, જેમાં વડોદરા–પાદરા, ચીખલી–સાપુતારા રોડના સુરખાઈથી ખડકારાનો અનુભાગ, ડભોઈ–તિલકવાડા, બાવળા–ધોળકા, સુરત–ઓલપાડ–સાહોલ, અંજાર–આદિપુર રસ્તાનો સમાવેશ છે. ધોલેરા વિસ્તારના વિકાસને અનુલક્ષીને ભાવનગર–અમદાવાદને જોડતા ચાર માર્ગીય રસ્તાનું આયોજન.
    - ૯૬૯ કિલોમીટર લંબાઈના રસ્તાઓને ૧૦ મીટર પહોળા કરવાની કામગીરીમાં કોસંબા–માંગરોળ, મોડાસા–રાયગઢ, મહેસાણા–બલોલ–કાલરી, ખેડા–માતર–તારાપુર, મોરબી–જેતપુર–અણીયારી, બરવાળા–ભાવનગર રસ્તાઓનો સમાવેશ થાય છે.
- રૂપિયા ૪૩૬ કરોડની અંદાજિત રકમનાં પ્રગતિ હેઠળનાં ૩૦ પુલો તથા હવે હાથ ધરાનાર પુલો માટે ` ૧૭૦ કરોડની જોગવાઈ, જેમાં મુખ્યત્વે નર્મદા નદી પર ગોલ્ડન બ્રિજની બાજુમાં, વડોદરા જિલ્લામાં દેવ નદી પર, ગણદેવી તાલુકાના વાઘરેચ પાસે કાવેરી નદી પર અને અમરેલી જિલ્લામાં ગાંગડિયો નદી પર પુલોના બાંધકામનો સમાવેશ થાય છે.
- દ્વારકા ખાતે દર વર્ષે આવતા લાખો યાત્રાળુઓ માટે સવલતના ભાગરૂપે બેટ દ્વારકાને જોડતાં પુલના બાંધકામનું આયોજન.
- રૂપિયા ૪૬૮ કરોડની અંદાજિત રકમના ખર્ચે સ્ટેચ્યુ ઑફ યુનિટીને વડોદરા અને અંકલેશ્વર સાથે જોડતા ચાર માર્ગીય રસ્તાના કામ માટે જોગવાઈ ` ૫૦ કરોડ.
- રાજય ધોરીમાર્ગોને દ્વિ–માર્ગીય કરવા માટે જોગવાઈ ` ૨૮૨ કરોડ, જેમાં આડેસર–રાપર, ગણદેવી–અમલસાડ, હિમતનગર–ખેડતસિયા, લિંબાસી–હરિપુરા, સાવરકુંડલા–જેસર રસ્તાઓનો સમાવેશ થાય છે.
- રસ્તા અને R.O.B.નાં એન્યુઈટીનાં કામો માટે જોગવાઈ ` ૧૩૫ કરોડ.
- વિશ્વ બેન્ક સહાયિત યોજના ગુજરાત સ્ટેટ હાઇવે પ્રોજેક્ટ–૨ અંતર્ગત હાથ ધરવાના કામો માટે જોગવાઈ ` ૪૦૭ કરોડ.
- રસ્તાઓનું રી–સરફેસિંગ માટે જોગવાઈ ` ૪૯૧ કરોડ.
- આદિજાતિ વિસ્તારના ૨૫૦ થી ઓછી વસ્તી ધરાવતાં ગામ/પરાના જોડાણ માટે જોગવાઈ ` ૬૮ કરોડ.
- આદિજાતિ વિસ્તારોને પાકા ડામર રસ્તાઓથી જોડવાના સરકારના અભિગમના

ભાગરૂપે રસ્તાઓને સુદ્રઢ કરવા માટે જોગવાઈ ` ૫૦ કરોડ.

- પંચાયત હસ્તકના મુખ્ય જિલ્લા માર્ગો અને અન્ય જિલ્લા માર્ગોને ૭ મીટર સુધી પહોળા કરવા માટે જોગવાઈ ` ૧૭૫ કરોડ.
- ગ્રામીણ માર્ગોની સુધારણા માટે કિસાનપથ યોજના અન્વયે જોગવાઈ ` ૭૦ કરોડ.
- નવરચિત જિલ્લાઓ તથા તાલુકાઓમાં સેવાસદન તેમજ સરકારી આવાસના બાંધકામ માટે જોગવાઈ ` ૧૪૩ કરોડ.
- અમદાવાદ ખાતે બહુમાળી મકાનના બાંધકામ તેમજ અધિકારી/કર્મચારી માટેના આવાસોના બાંધકામ માટે જોગવાઈ ` ૬૦.૮૯ કરોડ.
- ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરના ફેઝ–૨ (બી) માટે જોગવાઈ ` ૬૦ કરોડ.

બંદરો અને વાહન વ્યવહાર માટે પ્લાન અને નોન-પ્લાન સદરે ` ૧૨૫૨.૩૮ કરોડની જોગવાઈ.

બંદરોનો વિકાસ

- ગુજરાત સરકારે પોર્ટ લેડ ડેવલપમેન્ટની નીતિ સફળતાપૂર્વક અમલમાં મુકેલ છે. તેને આગળ ધપાવતાં છારા બંદર અને દહેજ બંદરમાં PPP ધોરણે ` ૩,૨૦૦ કરોડનું રોકાણ થવાની અપેક્ષા છે.
- સૂચિત Japan International Co-operation Agency Project હેઠળ અલંગ–સોસિયો શીપ રિસાયકલિંગ યાર્ડનું આધુનિકીકરણ, પર્યાવરણીય સુધારણા તેમજ કામદારોના કલ્યાણલક્ષી કાર્યક્રમો માટે જોગવાઈ ` ૧૪.૭૬ કરોડ.

વાહન વ્યવહાર

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશનના માધ્યમથી દરરોજ સરેરાશ ૨૪ લાખ મુસાફરોને પરિવહન સુવિધા પૂરી પાડવામાં આવે છે.

- આગામી વર્ષમાં અંદાજે ૧૦૫૦ નવી એસ.ટી. બસોની ખરીદી માટે ` ૨૦૫ કરોડ, હયાત બસ સ્ટેશનોના આધુનિકીકરણ માટે ` ૩૩.૭૨ કરોડ તેમજ ગામડા સુધી બસની સુવિધા મળી રહે, તે માટે સબસિડી પેટે જોગવાઈ ` ૩૦૧.૧૪ કરોડ.
- PPP ધોરણે ૧૪ જેટલા જિલ્લા મુખ્યમથકોનાં બસ સ્ટેશનોનું આધુનિકીકરણ કરવાનું આયોજન છે.
- તે સિવાય વિદ્યાર્થીઓને એસ.ટી. બસ ભાડામાં કન્સેશનલ દરે સહાય આપવા ` ૪૫૬.૦૩ કરોડ તેમજ વિકલાંગોને રાહતદરે મુસાફરી પાસ આપવા માટે ` ૨૫ કરોડની જોગવાઈ સંલગ્ન વિભાગ હેઠળ કરવામાં આવેલ છે.

- વાહન વ્યવહારને લગતી સેવાઓમાં વધુ આધુનિકીકરણ લાવવા, ઓવરલોડ નિવારવાની સાથે, વાહનોની ચકાસણી ઝડપી બનાવવા Weigh-in-motion બ્રિજની ટેકનોલોજી અમલમાં મૂકવા માટે પ્રારંભિક જોગવાઈ ` ૨ કરોડ. ટ્રાફિક નિયમોના અમલીકરણ માટે ઈલેક્ટ્રોનિક સર્વેલન્સ સિસ્ટમ માટે જોગવાઈ ` ૧ કરોડ. માર્ગ સલામતી પ્રવૃત્તિઓ માટે ` ૫ કરોડ.

- રાજ્યમાં ચેકપોસ્ટમાં માળખાગત સુધારા માટે ` ૧૮ કરોડ અને નવા જિલ્લાઓમાં આર.ટી.ઓ. કચેરીના બાંધકામ તેમજ વાણિજ્યિક વાહનો માટે ડ્રાઈવિંગ ટ્રેક બનાવવાનાં કામો માટે જોગવાઈ ` ૨.૫ કરોડ.

**ઊર્જા**

ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ માટે ` ૬૬૦૦ કરોડનું આયોજન.

- સમગ્ર રાજ્યમાં ગુણવત્તાયુક્ત અને સુનિશ્ચિત વીજ પુરવઠો પૂરો પાડવામાં અમારી સરકારે નોંધપાત્ર સફળતા મેળવેલ છે. છેવાડાના માનવી સુધી વીજપુરવઠો મળી રહે તે માટે ગુજરાતના ગ્રામ પંચાયતોના વોટર વર્ક્સ, ગરીબ પરિવારોને ઘરવપરાશ માટે તેમજ લાખો ખેડૂતોને સિંચાઇમાં વપરાતી વીજળી ઉપર રાહત આપવા અમારી સરકારે આગામી વર્ષમાં ` ૪૪૭૦ કરોડની જોગવાઈ કરેલ છે.

- ઊર્જાની ભાવિ માંગને પહોંચી વળવા માટે સિક્કા સ્થિત ૫૦૦ મેગાવોટના કોલસા આધારિત વીજમથક અને ભાવનગર સ્થિત ૫૦૦ મેગાવોટ લિગ્નાઈટ આધારીત વીજ મથક આગામી વર્ષમાં કાર્યરત કરવાનું આયોજન છે. તદુપરાંત વણાકબોરી ખાતે યુનિટ નંબર ૮ના આધુનિકીકરણ માટેનું આયોજન.

- ગુણવત્તાયુક્ત વીજપુરવઠો પૂરો પાડવા માટે ` ૨૦૭૩ કરોડના અંદાજિત ખર્ચે ૨૫૦૦ સર્કીટ કિલોમીટર વીજ પ્રવહન રેષાઓ અને ૧૦૦ જેટલા નવા વીજ પ્રવહન સબ સ્ટેશનો સ્થાપવા અને તે પૈકી ૨૫ વનબંધુ વિસ્તારમાં અને ૧૭ સાગરખેડુ વિસ્તારમાં સ્થાપવાનું આયોજન.

- ગરીબ પરિવારોને વિવિધ યોજનાઓ હેઠળ ` ૨૮.૭૫ કરોડના ખર્ચે ૪૨,૭૦૦ થી વધુ ઘરઘથ્થુ વીજ જોડાણો નિઃશુલ્ક પૂરાં પાડવા માટેનું આયોજન.

- એક લાખથી વધુ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવા માટે ` ૧૧૫૮.૧૩ કરોડનું આયોજન.

- સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત ` ૪૨૫ કરોડનું આયોજન.

- કિસાન હિત ઊર્જા શક્તિ યોજના (KHUSHI) અન્વયે ` ૧૫૦ કરોડની જોગવાઈ.

- ૩૩ જિલ્લાઓ પૈકી ૨૪ જિલ્લાઓમાં CNG તેમજ PNG નેટવર્ક ઉપલબ્ધ છે. હાલમાં રાજ્યમાં ઉપલબ્ધ ૧૩.૬૧ લાખ ઘરેલુ ગેસ કનેક્શનમાં વધારો કરી ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ૧,૭૫,૦૦૦ નવાં કનેક્શન ફાળવવાનું અને ૨૫ નવાં CNG સ્ટેશન સ્થાપિત કરવાનું આયોજન છે.

- નગરપાલિકા-મહાનગરપાલિકા વિસ્તારમાં રસ્તા પરના વીજળીના થાંભલાનું સ્થળાંતર કરવા માટે પ્રથમવાર જોગવાઈ ` ૧૦૦ કરોડ.
- અંતરિયાળ વિસ્તારમાં ખેડૂતોને સોલાર પંપ થકી સિંચાઈની સુવિધા પૂરી પાડવા માટે જોગવાઈ ` ૬૦ કરોડ.
- ગ્રામ્ય વિસ્તારમાં છૂટાછવાયા રહેતા પરિવારોને ઘરમાં સોલાર આધારિત વીજ પુરવઠાનો લાભ મળી રહે તે માટે જોગવાઈ ` ૫૦ કરોડ.

આર્થિક પ્રવૃત્તિ અને રોજગારી

ઔદ્યોગિક વિકાસ

મેક ઈન ઈન્ડિયાના રાષ્ટ્રીય ધ્યેયની પ્રાપ્તિમાં ગુજરાતનાં યોગદાન તરીકે રાજ્ય સરકાર તરફથી ઈઝ ઑફ ડુઇંગ બિઝનેસના દરેક પાસા પર ખાસ ધ્યાન આપીને ઉદ્યોગને લગતી નીતિ અને કાર્યક્રમો નક્કી કરવામાં આવે છે. ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે ` ૩૬૨૩ કરોડનું આયોજન.

- નવી ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અન્વયે MSME સેકટરને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. MSME સેકટરના વિકાસ માટે કુલ જોગવાઈ ` ૫૬૨ કરોડ.જેનાં મુખ્ય પાસાં તરીકે-
  - વ્યાજ સહાય તથા તેમાં ખાસ કરીને મહિલા, યુવા, અનુસૂચિત જાતિ અને જનજાતિના સાહસિકોને વધારાની વ્યાજ સહાય,
  - કેપિટલ સબસિડી,
  - ગુણવત્તા પ્રમાણપત્ર અને ટેકનોલોજી પ્રાપ્ત કરવા માટે સહાય,
  - તથા સર્વિસ સેક્ટર MSME એકમોનો સમાવેશ
- MSME સેક્ટરના એકમોની નોંધણી કરી આધારભૂત અને વિગતવાર સર્વે કરવા માટે જોગવાઈ ` ૪.૫ કરોડ.
- ઔદ્યોગિક એકમોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મેળામાં ભાગ લેવા માટે થતાં ખર્ચમાં સહાય આપવા માટે જોગવાઈ ` ૨૪ કરોડ.
- ગારમેન્ટ, એગ્રો ફુડ પ્રોસેસિંગ વગેરે ઉદ્યોગોમાં વિપુલ પ્રમાણમાં રોજગારીની તકો ઉપલબ્ધ થઈ શકે છે. આવા લેબર ઈન્ટેન્સિવ એકમોને પ્રથમવાર પે-રોલ આધારિત ખાસ પ્રોત્સાહન આપવામાં આવશે. પાંચ વર્ષ માટે સરકાર તરફથી પે-રોલ ઉપરના દરેક પુરુષ કામદાર દીઠ માસિક રૂપિયા ૧૨૦૦ તેમજ દરેક મહિલા કામદાર દીઠ માસિક રૂપિયા ૧૫૦૦ નો ફાળો મળવાપાત્ર રહેશે. પ્રથમ વર્ષની જોગવાઈ ` ૧૦ કરોડ.
- અમારી સરકારે રાજ્યના યુવા સાહસિકોને પીઠબળ આપી, સ્ટાર્ટ અપ યોજના હેઠળ બિઝનેસ આઈડિયાનો વિકાસ કરવા માટે, ટેકનિકલ જ્ઞાન અને માર્ગદર્શન મેળવવા માટે સહાય આપવા માટે ` ૧૨.૦૫ કરોડની જોગવાઈ સૂચવેલ છે.
- ગુજરાતમાં ૨૦૧૪માં જાહેર કરેલ ટેક્ષ્ટાઈલ પોલીસીને સફળતાપૂર્વક આગળ

ધપાવતાં ` ૩૨૦ કરોડની જોગવાઈ.

- ઔદ્યોગિક ક્રિટીકલ ઈન્ફ્રાસ્ટ્રકચર યોજના માટે જોગવાઈ ` ૨૭૦ કરોડ.
- ઈન્ડસ્ટ્રિયલ પાર્ક, લોજિસ્ટીક પાર્ક અને ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ એકમો માટેના પાર્કના વિકાસ માટે કુલ જોગવાઈ ` ૩૨ કરોડ.
- સુરત ખાતે ડ્રીમ સિટીમાં ટેક્ષ્ટાઈલ યુનિવર્સિટીની સ્થાપના માટે પ્રાથમિક જોગવાઈ ` ૧૦ કરોડ.
- અમદાવાદમાં રિવર ફ્રન્ટ ખાતે કાયમી ઔદ્યોગિક પ્રદર્શન કેન્દ્ર ઊભું કરવા માટે જોગવાઈ ` ૨૫ કરોડ.
- ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રિજયન માટે જોગવાઈ ` ૩૦ કરોડ.
- બેચરાજી-માંડલ સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રિજયન માટે જોગવાઈ ` ૧૦ કરોડ.
- ગુજરાત રાજ્યના અભૂતપૂર્વ વિકાસના પાયાનું આયોજન કરનાર ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડના માધ્યમથી કેટલાક વિશ્વ કક્ષાના પ્રોજેક્ટ અમલમાં આવશે.
    - વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ચોકારી ગામે વૈશ્વિક કક્ષાના નોલેજ હબનું નિર્માણ કરવાનું નક્કી થયેલ છે, જેમાં કોમન ઈન્ફ્રાસ્ટ્રકચર સાથે ચિલ્ડ્રન યુનિવર્સિટી, ટીચર્સ યુનિવર્સિટી, સ્પોર્ટસ યુનિવર્સિટી તથા સેન્ટ્રલ યુનિવર્સિટી કાર્યાન્વિત કરવા પ્રાથમિક જોગવાઈ ` ૫૦ કરોડ. તદુપરાંત આ પ્રોજેક્ટ માટે શિક્ષણ અને રમતગમત વિભાગ દ્વારા વધારાના ` ૨૦ કરોડની જોગવાઈ.
    - રાજ્યના દરિયા કિનારે આવેલ ટાપુઓનો વિકાસ, સુરક્ષા અને પ્રવાસન ક્ષમતાને ધ્યાને લઈ આઈલેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીની રચના કરવા જોગવાઈ ` ૧૦ કરોડ.
    - ભારત સરકારના રેલ વિકાસ નિગમ સાથેની ભાગીદારીમાં તૈયાર કરવામાં આવી રહેલ અમદાવાદને કલોલ-કડી, સાણંદ-વિરમગામ-કટોસણ રોડ, નરોડા-પ્રાંતિજ, બારેજડી-મહેમદાવાદ સાથે જોડતાં, કુલ ૩૮ સ્ટેશનોને સાંકળતા, સૂચિત રિજનલ રેલ પ્રોજેક્ટ માટે પ્રાથમિક જોગવાઈ ` ૧૦ કરોડ.

કુટિર અને ગ્રામોદ્યોગ માટે કુલ ` ૨૯૦.૦૪ કરોડની જોગવાઈ.

- કુટિર ઉદ્યોગક્ષેત્રના નાના કારીગરોની નોંધણી કરી ઓન-લાઈન ડેટાબેઝ તૈયાર કરવા અને તેમના માટે એક ખાસ કુટિર ઉદ્યોગ પોલિસીનું ઘડતર કરવાનું આગામી વર્ષમાં આયોજન.

- શ્રી વાજપાઈ બેન્કેબલ યોજનાનો મોટી સંખ્યામાં યુવાનોને લાભ મળે તે હેતુથી કુલ જોગવાઈ ` ૧૦૦ કરોડ.
- હાથસાળ અને હસ્તકલા મહિલા ઔદ્યોગિક સહકારી મંડળીઓને તેમના ઉત્પાદિત માલના વેચાણ ઉપર આપવામાં આવતા પાંચ ટકા કાયમી વળતરમાં વધારો કરી ૧૫ ટકા તથા ૧૦ ટકા ખાસ વળતરમાં વધારો કરી ૨૦ ટકા વળતર આપવાનું આયોજન.
- ખાદી સંસ્થાઓ/મંડળીઓ મારફતે કાંતનાર તેમજ વણનાર કારીગરોને કાંતણ સહાય, વણાટ સહાય તેમજ વણાટ સાધન સહાયમાં નોંધપાત્ર વધારો કરવા માટે જોગવાઈ ` ૩.૭૫ કરોડ.

ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ પ્રભાગ માટે આયોજન સદરે જોગવાઈ ` ૧૦૭.૧૨ કરોડ.

- રોજગારલક્ષી આ પ્રવૃત્તિને વિકસાવવા માટે પૃથ્વીના પેટાળમાં રહેલ ખનિજો, Rare-Earth વગેરેના સંશોધન માટે નવા શરૂ થનાર Gujarat Exploration Project પેટે જોગવાઈ ` ૨૦ કરોડ.
- Geo-Chemical Mapping અંતર્ગત ખનિજસભર વિસ્તારોને ઓળખી કાઢવા તેમજ Mapping કરવા માટે જોગવાઈ ` ૨૮ કરોડ.
- ખાણ વિસ્તારોમાં આંતરમાળખાકીય સુવિધાઓ વિકસાવવા માટે જોગવાઈ ` ૨૭ કરોડ.

પ્રવાસન, પવિત્ર યાત્રાધામ અને નાગરિક ઉડ્ડયન

પ્રવાસન, પવિત્ર યાત્રાધામ વિકાસ અને નાગરિક ઉડ્ડયન ક્ષેત્રે આયોજન સદરે જોગવાઈ ` ૮૫૦ કરોડ.

- સ્પિરિચ્યુઅલ ટુરિઝમના વિકાસ માટે ચાણોદ-કરનાળી, બેટ દ્વારકા, પાવાગઢ, કંથલપુર મહાકાલી વડ સહિતનાં વિવિધ સ્થળોએ સર્વાંગી વિકાસ અને આંતરમાળખાકીય સુવિધાઓ માટે જોગવાઈ ` ૧૯૬ કરોડ. ધરોઈ ડેમ નજીક સંતનગરીના વિકાસ માટે જોગવાઈ ` ૧ કરોડ.
- ગુજરાતના ૧૬૦૦ કિલોમીટરના દરિયાકિનારે કોસ્ટલ ટુરિઝમ વિકાસની વિપુલ તકો વિકસાવવા જામનગરના નરારા બીચ અને પિરોટન ટાપુ, જૂનાગઢના ચોરવાડ બીચ, ગીર સોમનાથના વેરાવળ બીચ અને કચ્છના માંડવી બીચ ખાતે સર્વાંગી વિકાસ માટે જોગવાઈ ` ૯ કરોડ.
- ઇકો ટુરિઝમની દ્રષ્ટિએ મહત્ત્વ ધરાવતા સુરેન્દ્રનગરના બજાણા, ડાંગના ગીરા ફોલ અને કિલાદ-મહાલ, આણંદના કનેવલ તળાવ તેમજ પોળોના જંગલ જેવાં સ્થળો અને ડેમ સાઇટના વિકાસ માટે કુલ જોગવાઈ ` ૧૯ કરોડ.
- રાજય સરકાર હસ્તકનાં છ પવિત્ર યાત્રાધામ અને ૩૫૬ દેવસ્થાનોના વિકાસ અને

સુશોભનનાં કામો માટે કુલ જોગવાઈ ` ૨૧ કરોડ.

- રામ-ટ્રેલમાં અંજનકુંડ, પંપા સરોવર, શબરીધામ, રામેશ્વર, ઉનાઈ તેમજ બિંદુ સરોવર (સિદ્ધપુર) અને નર્મદા સંગમ સ્થાન ચાણોદ-કરનાળી સહિતનાં ૨૪ જેટલાં દેવસ્થાનો ખાતે આંતરમાળખાકીય અને સોલર ઊર્જા સુવિધા માટે જોગવાઈ કુલ ` ૩૧ કરોડ.
- શામળાજી પાસેના દેવની મોરી ખાતે ભગવાન બુદ્ધના ઐતિહાસિક અવશેષો આધારિત એક સંકુલના નિર્માણ માટે કુલ જોગવાઈ ` ૧૮ કરોડ.
- નાગરિક ઉડ્ડયન ક્ષેત્રે અંકલેશ્વર ખાતે M.R.O સુવિધા વિકસાવવા માટે પ્રાથમિક જોગવાઈ ` ૧ કરોડ.
- અંકલેશ્વર, પાલિતાણા, મોરબી, દહેજ, દ્વારકા અને દાંતા ખાતે એરસ્ટ્રીપ બનાવવા માટે જોગવાઈ ` ૧૦૦ કરોડ.

શ્રમ અને રોજગાર

શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ પ્લાન અને નોન-પ્લાન જોગવાઈ ` ૧૪૫૩.૫૬ કરોડ.

- વનબંધુ વિસ્તારમાં ૯ તેમજ અન્ય વિસ્તારમાં ૩૭ એમ કુલ ૪૬ સરકારી ITI ના નવા બાંધકામ માટે જોગવાઈ ` ૯૨ કરોડ.
- તદુપરાંત બિલીમોરા, અંકલેશ્વર, તરસાળી, મોડાસા, વિસનગર, દાહોદ, જામનગર, પાલનપુર, ભાવનગર અને પલાણા ખાતે ITI ના ૧૦ મલ્ટી સ્ટોરીડ બિલ્ડિંગના બાંધકામ માટે જોગવાઈ ` ૬૦ કરોડ.
- ૧૦ ITI ને PPP ધોરણે અપગ્રેડ કરવા ` ૮.૫૦ કરોડ અને ટૂંકાગાળાના તથા ડિમાન્ડ ડ્રિવન કોર્સ ચલાવવા માટે જોગવાઈ ` ૫ કરોડ.
- અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓના કલ્યાણ માટેના ગુજરાત સામાજિક સુરક્ષા બોર્ડને કાર્યાન્વિત કરવા માટે જોગવાઈ ` ૪ કરોડ.

ઉચ્ચ ગુણવત્તાયુક્ત જીવન ધોરણ

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈએ પૂજ્ય બાપૂની મૂળભૂત વિચારધારાને પ્રેરણાસ્રોત તરીકે લઈને સ્વચ્છ ભારત મિશન સ્વરૂપે એક વૈચારિક અને સામાજિક ક્રાંતિના મંડાણ કર્યા છે. ગુજરાત સરકારે રાજ્યમાં સ્વચ્છતા મિશન હેઠળ સ્વચ્છતાની કામગીરી કરવા માટે વિવિધ જોગવાઈઓ સૂચવેલ છે.

- શહેરી વિસ્તારોમાં વ્યક્તિગત, સામૂહિક અને જાહેર શૌચાલયોનું નિર્માણ, ઘન કચરાનું વ્યવસ્થાપન, પાણી અને ગટર વ્યવસ્થા અને જાહેર જનતામાં જાગૃતિ કેળવવા જેવાં અનેકવિધ આયોજનો હાથ ધરવા માટે જોગવાઈ ` ૧૨૦૦ કરોડ.
- ગ્રામ્ય સ્વચ્છતા મિશન હેઠળ શૌચાલયોના નિર્માણ તેમજ સેનિટેશનનાં કામો

માટે જોગવાઈ ` ૭૨૨.૨૫ કરોડ.

- ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતાનાં કામો માટે ૫૦૦૦ થી વધુ વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતને પ્રતિ માસ માથાદીઠ રૂપિયા બે ના ધોરણે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. આ યોજનાનો વ્યાપ વધારી ૨૦૦૦ થી વધુ વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતોને તે લાભ આપવાનું આયોજન છે. કુલ જોગવાઈ ` ૧૦૨ કરોડ.

- રર્બન યોજના અન્વયે ભૂગર્ભ ગટરના વિકાસના બીજા તબક્કાના અમલીકરણ માટે જોગવાઈ ` ૧૩૪.૮૦ કરોડ.

- ૩૨,૭૭૨ સરકારી પ્રાથમિક શાળાઓને સ્વચ્છતા જાળવવા માટે હાલમાં આપવામાં આવતા અનુદાનને ` ૪,૮૦૦ થી વધારીને ` ૨૧,૬૦૦ પ્રતિ વર્ષ કરવાનો નિર્ણય. કુલ જોગવાઈ ` ૭૦.૭૮ કરોડ

- પ્રાથમિક શાળાઓમાં સ્વચ્છતા કીટ પૂરી પાડવા માટે ` ૧૩.૨૮ કરોડ.

- શાળામાં બાળકોમાં સ્વછતા અંગે જાગૃતિ કેળવવા અને રોગ નિવારણ માટે સજાગ કરવાનો એક નવતર પ્રયોગ હાથ ધરવા માટે જોગવાઈ ` ૫.૪૦ કરોડ.

- પ્રવાસનની દ્રષ્ટિએ અગત્યનાં વિવિધ સ્થળોએ સ્વચ્છતા અને સેનિટેશનની સુવિધાઓ ઊભી કરવા અને જાળવવા માટે જોગવાઈ ` ૧૦ કરોડ.

- ૧૦૦ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓમાં કચરાના નિકાલ માટે સફાઈની અદ્યતન મશીનરી પૂરી પાડવા માટે ` ૫ કરોડની જોગવાઈ.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ

ગુજરાતનાં શહેરોમાં માળખાકીય સુવિધાઓ, સ્વાસ્થ્ય સેવાઓ અને નાગરિકોને વાજબી કિંમતના મકાન સાથે યોગ્ય જીવનધોરણ પૂરું પાડવા માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે પ્લાન અને નોન–પ્લાન હેઠળ જોગવાઈ ` ૧૦૨૬૯.૭૪ કરોડ.

- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધાઓ અને નાગરિક સવલતો વધુ સુદ્રઢ બનાવવા જોગવાઈ ` ૩૦૬૯.૭૯ કરોડ, જેમાં-
    - નગરપાલિકા-મહાનગરપાલિકા તેમજ શહેરી સત્તામંડળના વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓ માટે ` ૧૯૬૫ કરોડ.

- નગરપાલિકા-મહાનગરપાલિકાઓના રસ્તાઓના રી-સરફેસિંગ માટે ` ૫૦૦ કરોડ.
- શહેરની આગવી ઓળખનાં કામો માટે ` ૨૦૦ કરોડ.
- ખાનગી સોસાયટીમાં જનભાગીદારી ધોરણે જન સુવિધાઓનાં કામો માટે ` ૫૦ કરોડ.

- શહેરી ગરીબોને વાજબી કિંમતે પોતાનું ઘર મળે, તેવા ઉમદા હેતુથી પ્રેરિત મુખ્યમંત્રી ગૃહ યોજના અન્વયે જોગવાઈ ` ૧૧૦૦ કરોડ, જેમાં-
    - આગામી વર્ષમાં અંદાજે બે લાખ નવાં મકાનોનું આયોજન.
    - તે પૈકી સ્લમ રિહેબીલિટેશનની પીપીપી યોજના અંતર્ગત વિવિધ શહેરોમાં અંદાજે ૫૦,૦૦૦ આવાસોનું આયોજન.
- ભારતનાં શહેરોને વૈશ્વિક કક્ષાનાં બનાવવાના માનનીય પ્રધાનમંત્રીના વિઝનથી પ્રેરિત Smart City નાં આયોજનો સહિત અર્બન ડેવલપમેન્ટ મિશન માટે ` ૫૭૫ કરોડની જોગવાઈ, જેમાં-
    - સ્માર્ટ સિટીને લગતા કામો માટે ` ૧૫૦ કરોડ
    - મહાનગરપાલિકા-નગરપાલિકા વિસ્તારમાં પરિવહન માટે ૧૦૦૦ બસ માટે ` ૫૦ કરોડ.
    - રાજકોટ, ભાવનગર, જામનગર અને વડોદરા ફરતે રિંગરોડના કામો માટે ` ૧૦૦ કરોડ.
    - મહાનગરપાલિકા-નગરપાલિકાના આઉટ ગ્રોથ વિસ્તારોના માળખાકીય સુવિધાનાં કામો માટે ` ૧૦૦ કરોડ.
    - નવરચિત છ નગરપાલિકાની પાયાની સુવિધા માટે ` ૫૦ કરોડ,
    - સુરત ખાતે મહત્ત્વાકાંક્ષી ડ્રીમ સિટી પ્રોજેક્ટ માટે ` ૭૫ કરોડ તેમજ
    - વડોદરા ખાતે વિશ્વામિત્રી રિવરફ્રન્ટના કામો માટે ` ૫૦ કરોડ.

- નગરપાલિકા-મહાનગરપાલિકામાં R.O.B.–R.U.B.નાં કામો માટે ` ૪૦ કરોડ.
- રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (NULM) અને ઉમ્મીદ યોજના અન્વયે શહેરી યુવાવર્ગને કૌશલ્યવર્ધક તાલીમ આપી આર્થિક રીતે આત્મનિર્ભર બને તે

માટે જોગવાઈ ` ૫૩.૧૨ કરોડ.

- ખેડૂત શહેરોમાં ઓર્ગેનિક ખેત ઉત્પાદનનું સીધું વેચાણ કરી શકે તે માટે અપની મંડીની વ્યવસ્થાનું આયોજન.

- મહિલા સશક્તીકરણના ભાગરૂપે, શહેરી વિસ્તારોમાં સખી મંડળો મિશન મંગલમ્ (અર્બન) યોજના આગળ ધપાવવા માટે જોગવાઈ ` ૩૧.૪૦ કરોડ.
- અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટના પ્રથમ તબક્કા માટે જોગવાઈ ` ૬૧૧ કરોડ.

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ માટે પ્લાન અને નોન-પ્લાન હેઠળ કુલ જોગવાઈ ` ૫૮૭૪.૫૦ કરોડ.

- સરદાર આવાસ યોજના હેઠળ મકાનો બાંધવા માટે સહાયની જોગવાઈ ` ૬૧૬.૨૫ કરોડ.
- પશુઓ માટે પૂરતો ઘાસચારો મળી રહે તે હેતુથી ગૌચરની જાળવણી અને વિકાસ માટે ગૌચર વિકાસ ફંડની રચના કરવાનો સરકારે નિર્ણય કર્યો છે, જે માટે જોગવાઈ ` ૧૦૦ કરોડ.
- નવરચિત જિલ્લા અને તાલુકાઓમાં પંચાયત કચેરીઓનાં મકાનોના બાંધકામ માટે જોગવાઈ ` ૧૦૦ કરોડ.

ગ્રામ વિકાસ પ્રભાગ

- BPL કુટુંબોને આવાસ સહાય માટે ઈન્દિરા આવાસ યોજના હેઠળ જોગવાઈ ` ૨૫૪.૭૬ કરોડ.
- ગ્રામ્ય કક્ષાએ જળ સ્રોતોનું સંકલિત સંરક્ષણ માટે ` ૨૦૨.૭૫ કરોડ.
- દરિયા કિનારાનાં ગામોમાં સાગરલક્ષ્મી પ્રોજેક્ટ અન્વયે મહિલા સ્વસહાય જૂથોને નિદર્શન અને સીડ બેન્કની સવલતો આપી નવી આર્થિક પ્રવૃત્તિમાં જોડવા માટે જોગવાઈ ` ૯.૨૦ કરોડ.

પાણી પુરવઠો

પાણી પુરવઠા અંતર્ગત આયોજન ` ૩૪૬૩ કરોડ.

- ગ્રામ્ય પીવાના પાણી વિકાસ પ્રોજેક્ટ હેઠળ ` ૫૩૨ કરોડ.
- જૂથ પાણી પુરવઠા યોજનાઓ માટે ` ૫૦૦ કરોડ.
- વનબંધુ કલ્યાણ યોજના હેઠળ નવી જૂથ પાણી પુરવઠા યોજનાઓ હાથ પર લેવાનું આયોજન જે માટે જોગવાઈ ` ૪૪૫ કરોડ.
- વાસ્મો દ્વારા હાલ જે ૧૦ ટકા રકમ લોકફાળા તરીકે લેવાની જોગવાઈ છે, આદિજાતિ વિસ્તારનાં ગામોને તેમાંથી મુક્તિ આપવા માટે જોગવાઈ ` ૨૦ કરોડ.
- કચ્છ જિલ્લાના લોકો માટે વધારાના પાણીના જથ્થાનું આયોજન કરવા માટે નવી

પાઈપલાઈનો, પમ્પિંગ મશીનરી અને નવા સંપ વગેરે માટે જોગવાઈ ` ૧૦૩ કરોડ.

વન અને પર્યાવરણ

વન અને પર્યાવરણ માટે પ્લાન અને નોન-પ્લાન હેઠળ કુલ જોગવાઈ ` ૧૧૨૬ કરોડ.

- વન વિસ્તારમાં વૃક્ષોના વાવેતર દ્વારા ભૂમિ અને ભેજ સંરક્ષણ માટે જોગવાઈ ` ૧૯૮.૪૫ કરોડ.
- સામાજિક વનીકરણ યોજના માટે જોગવાઈ ` ૧૪૦.૮૪ કરોડ.
- ગુજરાતના ગૌરવ સમા સિંહ અને ઘુડખર જેવા દુર્લભ વન્ય પ્રાણીઓનાં સંરક્ષણ, પ્રાણીઓના સ્થળાંતર, રેસ્કયુ સેન્ટર તેમજ સિંહના સંરક્ષણ માટે રેલવે લાઈનની બન્ને બાજુ તારની વાડ જેવી યોજનાઓ માટે જોગવાઈ ` ૧૩૦ કરોડ.
- સૌરાષ્ટ્ર અને કચ્છ જિલ્લાના જંગલ વિસ્તારમાં વીડીઓના વિકાસ, બન્ની સુધારણા પ્રોજેક્ટ અને ઘાસ સંગ્રહ ક્ષમતા વધારવા માટે જોગવાઈ ` ૩૯ કરોડ.
- પર્યાવરણ ક્ષેત્રે નવા કાર્યક્રમો તરીકે વેટલેન્ડનું મોનીટરિંગ, હવાની ગુણવત્તા સતત માપવા માટેનાં સ્ટેશનો સ્થાપવા, ઓઈલ સ્પિલ ડિઝાસ્ટર કન્ટીજન્સી પ્લાન બનાવવા, ત્રણ મોટી નદીઓ માટે રિવર કન્ઝર્વેશન એકશન પ્લાન બનાવવા અને ઔદ્યોગિક વિસ્તારોમાં કિલનર પ્રોડકશનને ઉત્તેજન આપવાના આયોજન માટે ` ૩૦ કરોડની જોગવાઈ.

કલાઈમેટ ચેન્જ

પર્યાવરણની જાળવણી અને પુન:પ્રાપ્ય ઊર્જાના ઉપયોગમાં ઉત્તરોત્તર પ્રગતિ સાધવાના હેતુથી પ્લાન હેઠળ જોગવાઈ ` ૮૦ કરોડ.

- તે પૈકી રાજ્યની સરકારી કૉલેજ, આશ્રમ શાળા, નિવાસી શાળા વગેરે શૈક્ષણિક સંસ્થાઓના હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને ગરમ પાણીની સગવડ ઉપલબ્ધ કરાવવા માટે સોલર વોટર હીટર પૂરા પાડવાની ` ૫ કરોડની નવી યોજના તેમજ ૩૫૦ ગામોમાં પાણી પુરવઠા માટે ૫ HP સોલાર પંપ બેસાડવા ` ૧૦ કરોડની જોગવાઈ.

જાહેર વ્યવસ્થા અને સુશાસન

મહેસૂલ વિભાગ

મહેસૂલ વિભાગ હેઠળ ` ૬૦૦ કરોડનું આયોજન.

- જમીનના દસ્તાવેજોની જાળવણી અને વ્યવસ્થાને સુદ્રઢ બનાવવાના ભાગરૂપે તમામ જિલ્લામાં હાલ ચાલતી રિ–સર્વેની કામગીરી આગળ ધપાવવા તેમજ GPS ટેકનોલોજી વસાવી આધુનિક રેકોર્ડ રૂમ તૈયાર કરવા માટે જોગવાઈ ` ૯૫.૨૦ કરોડ.

- રાજ્યના ૯૬૦ ગામોમાં ગામતળ મોજણી માટે જોગવાઈ ` ૧૬ કરોડ
- રાજ્યની છ મહાનગરપાલિકાઓમાં આવેલ મિલકતોની માપણી અને હકચોકસી કરી પ્રોપર્ટીકાર્ડ તૈયાર કરવા પ્રાથમિક જોગવાઈ ` ૫ કરોડ.
- ધોરાજી અને મહેસાણા ખાતે નવી પ્રાંત કચેરી, રાજકોટ શહેર દક્ષિણ અને પશ્ચિમ, ભૂજ અને પડધરી ખાતે ચાર નવી મામલતદાર કચેરીઓ અને અન્ય મહેસૂલી કચેરીઓનાં બાંધકામ માટે કુલ જોગવાઈ ` ૧૭.૫૦ કરોડ.
- રાજ્યની આપત્તિ વ્યવસ્થાપન કામગીરીને વધુ સશક્ત બનાવવા ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી માટે જોગવાઈ ` ૬૪.૫૮ કરોડ.
- નેશનલ સાયક્લોન રિસ્ક મેનેજમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યના દરિયા કિનારાના ચક્રવાત સંભવિત વિસ્તારોમાં ૧૧૨ મલ્ટીપર્પઝ સાયક્લોન શેલ્ટર તથા ૪૬ માર્ગોના અપગ્રેડેશનની કામગીરી માટે જોગવાઈ ` ૬૦ કરોડ તેમજ સુરત ખાતે અન્ડર ગ્રાઉન્ડ કેબલિંગના કામ માટે જોગવાઈ ` ૨૫ કરોડ.
- ગુજરાત રાજ્યમાં કેમિકલ ઉદ્યોગો મોટા પ્રમાણમાં વિકાસ પામેલ છે. કેમિકલ ઉદ્યોગને લગતા સંશોધન અને અભ્યાસ હાથ ધરવા તેમજ કામદારોને સુરક્ષા સંબંધી તાલીમથી સુસજ્ઞ કરવા ઈન્સ્ટિટ્યુટ ઑફ કેમિકલ સેફ્ટી બનાવવાનું આયોજન છે, જેના માટે કુલ જોગવાઈ ` ૨ કરોડ.

**અન્ન, નાગરિક પુરવઠો**

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની સુરક્ષા માટે પ્લાન સદરે જોગવાઈ ` ૩૬૨ કરોડ.

- ગુજરાત રાજ્યમાં લગભગ ૨૬.૨૪ લાખ બી.પી.એલ. અને ૭.૭૭ લાખ અંત્યોદય કુટુંબોને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ખાદ્યાન્ન પૂરું પાડવામાં આવે છે, જે માટે જોગવાઈ ` ૨૧૬.૨૪ કરોડ.
- અનાજ સંગ્રહ-ક્ષમતામાં ૭૫ હજાર મેટ્રિક ટનના વધારા સાથે ગોડાઉન બાંધકામ કરવા માટે જોગવાઈ ` ૧૦૪.૬૮ કરોડ.
- પુરવઠા નિગમના ગોડાઉન પરથી વાજબી ભાવની દુકાન સુધી અનાજની ડોરસ્ટેપ ડિલિવરી માટે જોગવાઈ ` ૬૦.૫૮ કરોડ.

**કાયદો અને વ્યવસ્થા**

કાયદો અને વ્યવસ્થા ક્ષેત્રે ગૃહ વિભાગ હેઠળ પ્લાન તેમજ નોન પ્લાન જોગવાઈ ` ૪૩૦૫.૯૧ કરોડ.

- પોલીસ ફોર્સ અને FSL આધુનિકીકરણની યોજના માટે જોગવાઈ ` ૧૪૦ કરોડ.
- પોલીસ ખાતાના રહેઠાણ અને બિન-રહેઠાણનાં મકાનોના બાંધકામ માટે ` ૨૪૧.૮૦ કરોડનું આયોજન .
- ચાર પોલીસ કમિશનર કચેરી તથા ગાંધીનગર માટે સંદેશાવ્યવહારની આધુનિક

સિસ્ટમ દાખલ કરવા તેમજ નવા જિલ્લાઓમાં પોલીસ સંદેશા વ્યવહારને સુદ્રઢ કરવા માટે ` ૮૫ કરોડ.

- પોલીસ જવાનો માટે બુલેટ પ્રૂફ જેકેટ અને બુલેટ પ્રૂફ હેલ્મેટ, રાયોટ કન્ટ્રોલનાં સાધનો અને વોટર કેનન ખરીદવા, તેમજ નવા જિલ્લામાં બોમ્બ ડીસ્પોઝલ સ્કવૉડનાં સાધનો માટે જોગવાઈ ` ૨૬.૨૫ કરોડ.
- નવાં વાહનોની ખરીદી માટે ` ૫૦ કરોડ.
- રાજ્યની જેલોનું આધુનિકીકરણ, બાંધકામ, CCTVની વ્યવસ્થા અને મહેકમમાં વધારો કરવા માટે જોગવાઈ ` ૩૫.૪૫ કરોડ.
- ટ્રાફિક નિયંત્રણને વધુ સુદ્રઢ બનાવવા, એક્સપ્રેસ હાઈ-વે તેમજ મહાનગરપાલિકા વિસ્તારમાં ટ્રાફિકના સ્વયં સંચાલિત અમલીકરણ દાખલ કરવા ` ૬ કરોડનું આયોજન.
- ટ્રાફિક સમસ્યા હલ કરવા ૧૫૦૦ વધારાની જગ્યા ભરવા માટે જોગવાઈ ` ૨૧.૮૪ કરોડ.
- કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે, જિલ્લા હથિયારી સંવર્ગની ૧૦૦૦ જગ્યા ભરવા માટે જોગવાઈ ` ૧૭.૪૫ કરોડ.
- પોલીસ દળમાં ૧૦૦૦ ડ્રાઈવરોની સેવા માટે જોગવાઈ ` ૮.૫૮ કરોડ.
- જાહેર અસ્કયામતોની સુરક્ષા માટે અલગ એસ.આર.પી. બટાલીયનની રચનાનું આયોજન.
- રાજ્યમાં મહિલા પોલીસ બેન્ડ ઊભું કરવાનું આયોજન.

કાયદા વિભાગ

ન્યાયતંત્રના સુદ્રઢીકરણ માટે કાયદા વિભાગ હેઠળ પ્લાન અને નોન પ્લાન સદરે જોગવાઈ ` ૧૬૪૯.૩૫ કરોડ.

- ન્યાયાલયોમાં પડતર કેસોના ઝડપી નિકાલ માટે, વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં નવી વધારાના જિલ્લા ન્યાયધીશની પૂર્ણ સમયની અદાલત, મોટર વાહન અકસ્માત વળતરના કેસો ઝડપથી ચલાવવા માટે ૧૦ ખાસ અદાલતો, ૧૫ ફેમિલી કોર્ટ, નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટના કેસોના ઝડપી નિકાલ માટે ૧૦૦ ખાસ અદાલતો તેમજ બોમ્બે પ્રોહિબીશન એક્ટ અન્વયેના કેસોના ઝડપી નિર્ણય માટે ૧૧ કૉર્ટોની સ્થાપના કરવાનું આયોજન છે.
- રાજ્યભરની વિવિધ અદાલતો તથા ગુજરાત જ્યુડીશરી એકેડમીના આધુનિકીકરણ અને સાધન-સામગ્રી માટે જોગવાઈ ` ૫૪.૭૪ કરોડ.
- જિલ્લા અને તાલુકા કક્ષાએ નવા કોર્ટ બિલ્ડિંગ અને ન્યાયિક અધિકારીઓ તેમજ કર્મચારીઓના આવાસોના બાંધકામ માટે ` ૧૦૧.૭૦ કરોડ, તેમજ ચાલુ બાંધકામ તથા નવિનીકરણના કામો માટે જોગવાઈ ` ૪૮૧.૧૪ કરોડ.

**Digital Gujarat for Digital India**

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હેઠળ આયોજન સદરે કુલ જોગવાઈ ` ૩૨૩.૫૫ કરોડ.

- Digital Gujarat for Digital India અંતર્ગત જિલ્લા અને તાલુકાઓને PPP ધોરણે Wi-Fi થી સજ્જ કરવા, નાગરિકો અને સંસ્થાઓ માટે ડિજિટલ વૉલ્ટની સુવિધા બનાવવા, સ્ટેટ રેસિડેન્ટ ડેટા હબને સુદ્રઢ બનાવવા, સોશિયલ મીડિયાના માધ્યમથી Citizen Engagement Platform ની રચના, જેવા નવતર પ્રયોગો હાથ ધરવા માટે જોગવાઈ ` ૨૭ કરોડ.
- જી-સ્વાન નેટવર્કના આધુનિકીકરણ સાથે તેને વધુ કાર્યક્ષમ બનાવવા માટે જોગવાઈ ` ૫ કરોડ.
- વિજ્ઞાન અને ટેકનોલોજીમાં વિદ્યાર્થીઓનો રસ કેળવાય તે માટે ગુજકોસ્ટની પ્રવૃત્તિઓ માટે જોગવાઈ ` ૪૨.૭૦ કરોડ.

**સામાન્ય વહીવટ વિભાગ**

લોકાભિમુખ વહીવટની દિશામાં આગવી પહેલ સમાન ગતિશીલ ગુજરાત તેમજ લોકસંવાદ સેતુ સફળતાપૂર્વક અમલમાં મુકાયેલ છે. કર્મચારીગણની સેવાકીય બાબતોનુ આધુનિક ઢબે વ્યવસ્થાપન વિકસાવવા માટે શરૂ કરેલ HRMS પ્રોજેક્ટ માટે જોગવાઈ ` ૬.૫૦ કરોડ. ભરતી કેલેન્ડર મુજબ વિવિધ સંવર્ગોમાં લગભગ ૧૫,૦૦૦ જગ્યાઓ ભરવાનું આયોજન.

**નાણાકીય વ્યવસ્થાપન**

ગુજરાત રાજ્ય પોતાના વેરાકીય અને બિન-વેરાકીય આવકના મજબૂત પાયા પર વિકાસલક્ષી તેમજ કલ્યાણકારી યોજનાઓને આગળ ધપાવવામાં સફળ રહેલ છે. આગામી વર્ષ માટે રાજ્ય સરકારે ઉપલબ્ધ આવકના અંદાજોના આધારે રાજ્યના આયોજન હેઠળની પ્રવૃત્તિઓ માટે જોગવાઈ સૂચવેલ છે. રાજ્ય સરકારે નાણાકીય શિસ્તના નિયમોને વળગી રહેવાની કટિબદ્ધતાના ભાગરૂપે વર્ષ ૨૦૧૫-૧૬માં પર્યાપ્ત મહેસૂલી પુરાંત તેમજ મર્યાદિત વિત્તીય ખાધ સૂચવેલ છે.

## વર્ષ ૨૦૧૩-૧૪નો હિસાબ

હવે હું ૨૦૧૩-૧૪ ના વર્ષની ખરેખર આવક અને ખર્ચની સમીક્ષા હાથ ધરીશ. વર્ષ દરમ્યાન ચોખ્ખી લેવડ-દેવડ ના કારણે ` **૫૧૧.૦૪ કરોડ**ની પુરાંત રહેશે તેવી ધારણા સુધારેલા અંદાજમાં હતી, પરંતુ ૨૦૧૩-૧૪ના વર્ષ માટેના હિસાબ ચોખ્ખી લેવડ દેવડના કારણે ` **૧૪૪૯.૦૬ કરોડ**ની **ખાધ** દર્શાવે છે.

**(` કરોડમાં)**

| | | **૨૦૧૩-૧૪ ના સુધારેલા અંદાજ** | **૨૦૧૩-૧૪ ના હિસાબ** |
|---|---|---|---|
| **(૧)** | **એકત્રિત ફંડ** | | |
| | મહેસૂલી આવક | ૮૫૦૦૦.૦૦ | ૭૯૯૭૫.૭૪ |

| | | | |
|---|---|---|---|
| | મહેસૂલી ખર્ચ | ૭૫૫૮૧.૫૩ | ૭૫૨૫૮.૫૪ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | (+) ૯૪૧૮.૪૭ | (+) ૪૭૧૭.૨૦ |
| | મૂડીની આવક | ૨૦૨૧૧.૨૭ | ૧૯૪૮૩.૭૩ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૩૨૧૧૮.૭૦ | ૨૯૪૮૪.૫૧ |
| | મૂડી હિસાબ પર ખાધ | (-) ૧૧૯૦૭.૪૩ | (-) ૧૦૦૦૦.૭૮ |
| | **સરવાળો (૧) એકત્રિત ફંડ ( ચોખ્ખું )** | **(-) ૨૪૮૮.૯૬** | **(-) ૫૨૮૩.૫૮** |
| **(૨)** | **આકસ્મિક ફંડ ( ચોખ્ખું )** | **-** | **(-) ૦.૧૧** |
| **(૩)** | **જાહેર હિસાબ (ચોખ્ખો)** | **(+) ૩૦૦૦.૦૦** | **(+) ૩૮૩૪.૬૩** |
| | **સરવાળો: ચોખ્ખી લેવડ-દેવડ (૧+૨+૩)** | **(+) ૫૧૧.૦૪** | **(-) ૧૪૪૯.૦૬** |

## વર્ષ ૨૦૧૪-૧૫ ના સુધારેલા અંદાજ

૨૦૧૪-૧૫ના ફેરફાર કરેલ અંદાજમાં ચોખ્ખી લેવડ-દેવડના કારણે ` **૫૭૦.૮૫ કરોડ**ની પુરાંત રહેવાની ધારણા હતી, પરંતુ વર્ષના અંતે ચોખ્ખી લેવડ દેવડના કારણે સુધારેલા અંદાજમાં ` **૧૭૫૬.૬૬ કરોડ**ની પુરાંત રહેવાની ધારણા છે.

**(` કરોડમાં)**

| | | **૨૦૧૪-૧૫ ના ફેરફાર કરેલ અંદાજ** | **૨૦૧૪-૧૫ ના સુધારેલા અંદાજ** |
|---|---|---|---|
| **(૧)** | **એકત્રિત ફંડ** | | |
| | મહેસૂલી આવક | ૧૦૩૦૫૩.૪૦ | ૯૮૯૮૪.૯૬ |
| | મહેસૂલી ખર્ચ | ૯૬૨૧૬.૫૯ | ૯૨૫૯૭.૮૮ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | (+) ૬૮૩૬.૮૧ | (+) ૬૩૮૭.૦૮ |
| | મૂડીની આવક | ૨૬૧૩૭.૩૫ | ૨૪૩૮૫.૪૧ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૩૫૩૦૩.૩૧ | ૩૨૯૧૫.૮૩ |
| | મૂડી હિસાબ પર ખાધ/પુરાંત | (-) ૯૧૬૫.૯૬ | (-) ૮૫૩૦.૪૨ |
| | **સરવાળો (૧) એકત્રિત ફંડ (ચોખ્ખું )** | **(-) ૨૩૨૯.૧૫** | **(-) ૨૧૪૩.૩૪** |
| **(૨)** | **આકસ્મિક ફંડ (ચોખ્ખું )** | **---** | **---** |
| **(૩)** | **જાહેર હિસાબ (ચોખ્ખો)** | **(+) ૨૯૦૦.૦૦** | **(+) ૩૯૦૦.૦૦** |
| | **સરવાળો : ચોખ્ખી લેવડ-દેવડ (૧+૨+૩)** | **(+) ૫૭૦.૮૫** | **(+) ૧૭૫૬.૬૬** |

## વર્ષ ૨૦૧૫-૧૬ નો અંદાજ

વર્ષ ૨૦૧૫-૧૬ ના અંદાજ નીચે પ્રમાણે ` **૧૨૪.૯૫ કરોડ**ની એકંદર પુરાંત દર્શાવે છે.

**(` કરોડમાં)**

| | | **૨૦૧૫-૧૬ ના અંદાજ** |
|---|---|---|
| **(૧)** | **એકત્રિત ફંડ** | |
| | મહેસૂલી આવક | ૧૦૯૨૯૫.૧૫ |
| | મહેસૂલી ખર્ચ | ૧૦૧૯૮૬.૬૮ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | (+) ૭૩૦૮.૪૭ |

| | | | |
|---|---|---|---|
| | મૂડીની આવક | | ૨૫૧૨૧.૮૯ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | | ૩૫૫૫૫.૪૧ |
| | મૂડી હિસાબ પર ખાધ | (-) | ૧૦૪૩૩.૫૨ |
| | **સરવાળો (૧) એકત્રિત ફંડ ( ચોખ્ખું )** | **(-)** | **૩૧૨૫.૦૫** |
| **(૨)** | **આકસ્મિક ફંડ ( ચોખ્ખું )** | | **--** |
| **(૩)** | **જાહેર હિસાબ (ચોખ્ખો)** | **(+)** | **૩૨૫૦.૦૦** |
| | **સરવાળો : ચોખ્ખી લેવડ-દેવડ(૧+૨+૩)** | **(+)** | **૧૨૪.૯૫** |

હવે, હું મારા અંદાજપત્રનો ભાગ-ખ રજૂ કરીશ.

## આદરણીય અધ્યક્ષશ્રી,

સને ૨૦૧૫–૨૦૧૬ ના વર્ષના અંદાજો અનુસાર એકંદર પુરાંત રૂ ૧૨૪.૯૫ કરોડની રહેશે. હવે હું સને ૨૦૧૫–૨૦૧૬ના વર્ષ માટેની કરવેરાની દરખાસ્ત રજૂ કરૂં છું.

**વેલ્યુ એડેડ ટેકસ**

**ઈમિટેશન જવેલરી**

રાજયમાં ઈમિટેશન જવેલરીનો ઉદ્યોગ ગૃહઉદ્યોગ તરીકે વિકાસ પામેલ છે જેમાં મશીનરી કે વીજ વપરાશ ખૂબ નજીવા પ્રમાણમાં થાય છે. જરૂરિયાતમંદ કુટુંબોની મોટી સંખ્યામાં મહિલાઓ સહિતના સભ્યો ઘરમાં કામ કરી રોજીરોટી મેળવે છે. પડોશી રાજયમાં વેરાનો દર ઓછો હોવાથી રાજયના આ ઉદ્યોગને હરીફાઇમાં ટકવું મુશ્કેલ બને છે. આથી રાજયના આ ઉદ્યોગમાં ઉપલબ્ધ રોજગારી જાળવી રાખવા તેમજ આ ઉદ્યોગને ટકાવી રાખવા ઈમિટેશન જવેલરી પરના હાલના વેરાના દર વધારાના વેરા સહિત ૫ ટકાથી ઘટાડીને કુલ ૧ ટકાના દરે વેરાપાત્ર કરવા દરખાસ્ત કરૂં છું. સૂચિત દરખાસ્તને પરિણામે રાજયની વેરાકીય આવકોમાં વાર્ષિક અંદાજીત રૂ. ૫.૦૦ કરોડનો ઘટાડો થશે.

**ઓરલ કોન્ટ્રાસેપ્ટિવ પિલ્સ**

ઓરલ કોન્ટ્રાસેપ્ટિવ પિલ્સ હાલમાં વેરાપાત્ર છે. આ પિલ્સ કુટુંબ નિયોજનના હેતુ માટે વપરાય છે. આથી ઓરલ કોન્ટ્રાસેપ્ટિવ પિલ્સ પરના હાલના વેરાના દર વધારાના વેરા સહિત ૫ ટકામાંથી સંપૂર્ણ વેરામાફી આપવા દરખાસ્ત કરૂં છું. સૂચિત દરખાસ્તોને પરણામે રાજયની વેરાકીય આવકોમાં વાર્ષિક અંદાજીત રૂ. ૧.૦૦ કરોડનો ઘટાડો થશે.

**એવિએશન ટર્બાઇન ફયુઅલ**

રાજયના અમદાવાદ અને વડોદરા શહેર દેશનાં અન્ય રાજયોનાં મોટાં શહેરો સાથે હવાઇમાર્ગે સારી રીતે સંકળાયેલાં છે અને આ બંને શહેરોને શિડયુલ્ડ કોમર્શિયલ એરલાઇન્સની ફ્લાઇટસની સુવિધા સારા પ્રમાણમાં ઉપલબ્ધ છે. રાજયનાં અન્ય શહેરોમાં આવેલ હવાઇ મથકો પણ દેશનાં બીજાં રાજયોનાં મોટા શહેરો સાથે હવાઇમાર્ગે વધુ સંકળાઇ શકે તે હેતુને ઘ્યાનમાં રાખીને અમદાવાદ અને વડોદરા સિવાય રાજયમાં આવેલ શહેરોમાં વેચાતા શિડયુલ્ડ કોર્શિયલ એરલાઇન સર્વિસની ફ્લાઇટ માટેના એવિએશન ટર્બાઇન ફયુઅલ પરના હાલના વેરાના દર ૩૦ ટકા (ડયુટી પેઇડ એ.ટી.એફ. માટે) અને ૩૮ ટકા (બોન્ડેડ એ.ટી.એફ. માટે) થી ઘટાડી ૫ ટકા કરવા દરખાસ્ત કરૂં છું. સૂચિત દરખાસ્તને પરિણામે રાજયની વેરાકીય આવકોમાં વાર્ષિક અંદાજીત રૂ. ૬.૦૦ કરોડનો ઘટાડો થશે.

**ઈસબગુલ અને ઈસબગુલ ભૂસી**

રાજયમાં ઈસબગુલ પ્રોસેસિંગ ઉદ્યોગ મોટાપાયે વિકસિત થયેલ છે. તેમજ ઈસબગુલની મોટાપાયે નિકાસ પણ થાય છે. હાલ રાજયમાં ઈસબગુલ અને તેમાંથી પ્રોસેસિંગ બાદ બનતી ઈસબગુલ ભૂસી વેરાપાત્ર છે. જયારે પડોશી રાજયમાં સંપૂર્ણ વેરામાફીને કારણે નવા યુનિટ અસ્તિત્વમાં આવ્યા છે. રાજયના આ ઉદ્યોગમાં સંકળાયેલ વિદેશી હૂંડિયામણ તથા એગ્રો પ્રોસેસિંગ પ્રવૃત્તિને ટકાવી રાખવા તેમજ ઈસબગુલનો પાક લેવા રાજયના ખેડૂતો વધુ પ્રોત્સાહિત થાય તે માટે ઈસબગુલ અને ઈસબગુલ ભૂસી પરના હાલના વેરાના દર વધારાના વેરા સહિત ૫ ટકામાંથી સંપૂર્ણ વેરામાફી આપવા દરખાસ્ત કરૂં છું. સૂચિત દરખાસ્તને

પરિણામે રાજયની વેરાકીય આવકોમાં વાર્ષિક અંદાજીત રૂ. ૭.૦૦ કરોડનો ઘટાડો થશે.

**ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ માન્ય સંસ્થાઓ દ્વારા ખરીદવામાં આવતાં કોટન રોવિંગ્સ**

ખાદીના ઉત્પાદનમાં કોટનનું રોવિંગ્સ વપરાય છે જે વેરાપાત્ર છે. જયારે ખાદીનું કાપડ, તેમાંથી બનતાં ગારમેન્ટસ અને મેડઅપ્સ હાલ સંપૂર્ણ વેરામુકત છે. તેથી કોટન રોવિંગ્સની ખરીદી પરના વેરાની ટેકસ ક્રેડિટ મળતી નથી અને તેટલા અંશે વેરાનું ભારણ ખાદીનું કાપડ, તેમાંથી બનતાં ગારમેન્ટસ અને મેડઅપ્સ પર આવે છે. ખાદીના વપરાશને ઉત્તેજન આપવા તેમજ કોટન રોવિંગ્સની ખરીદી પરના વેરાનું ભારણ નિવારવા ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ માન્ય સંસ્થાઓ દ્વારા ઉકત ચીજોના ઉત્પાદનમાં વાપરવા માટે ખરીદવામાં આવતાં કોટનના રોવિંગ્સ પરના હાલના વેરાના દર વધારાના વેરા સહિત ૫ ટકાની રકમનું રિફંડ આપવા દરખાસ્ત કરૂં છું. સૂચિત દરખાસ્તને પરિણામે રાજયની વેરાકીય આવકોમાં વાર્ષિક અંદાજીત રૂ. ૧.૦૦ કરોડનો ઘટડો થશે.

**ટેકનિકલ ટેકસટાઇલ**

રાજયમાં તમામ પ્રકારનું કાપડ સંપૂર્ણ વેરામુકત છે. જેમાં પોષક તેમજ ઘરવપરાશ માટે વપરાતાં કાપડ તેમજ ટેકનિકલ ટેકસટાઈલનો સમાવેશ થાય છે. ટેકનિકલ ટેકસટાઈલનો ઉપયોગ બિલ્ડીંગ કન્સ્ટ્રકશન, સિવિલ એન્જીનિયરિંગ, ફર્નિચર, હાઉસ હોલ્ડ ટેકસટાઈલ્સ્ સ ફલોર કવરિંગ્સ, ઓટોમોબાઈલ્સ, શિપિંગ, રેસવેઝ, પેકેજિંગ, જેવા ઉદ્યોગોમાં થાય છે. ટેકનિકલ ટેકસટાઈલના ઉત્પાદનમાં વપરાતાં રો મટિરિયલ સામાન્ય રીતે પ્લાસ્ટિક, નાયલોન, રેઝિન્સ, રબર, મેટલ જેવા કૃત્રિમ પદાર્થો હોય છે તેમજ આ પ્રોડકટમાં વેલ્યુ એડીશન ખૂબ મોટા પ્રમાણમાં હોય છે. આ ઉદ્યોગને વેરાકીય માળખામાં આવરી લેવા જોગ છે. આથી ટેકનિકલ ટેકસટાઇલ પર વધારાના વેરા સહિત ૫ ટકાનો દર લાગુ પાડવા દરખાસ્ત કરૂં છુ. સૂચિત દરખાસ્તને પરિણામે રાજયની વેરાકીય આવકોમાં વાર્ષિક અંદાજીત રૂ. ૮૦ કોરડનો વધારો થશે. અન્ય કાપડ પરની વેરામુકિત યથાવત રહેશે.

**સમાપન**

સને ૨૦૧૫-૧૬ ના વર્ષના અંદાજપત્રની આખરી પરિસ્થતિ આ પ્રમાણે રહેશે.

(રકમ રૂ કરોડમાં)

| | | | |
|---|---|---|---|
| (૧) | અંદાજ અનુસારની પુરાંત | | (+) ૧૨૪.૯૫ |
| (૨) | કરવેરામાં સૂચિત વધારા | (+) ૮૦.૦૦ | |
| (૩) | કરવેરામાં સૂચિત ઘટાડો | (-) ૨૦.૦૦ | |
| (૪) | એકંદર અંદાજીત પુરાંત | | (+) ૧૮૪.૯૫ |

માનનીય સભાગૃહની વિચારણા અર્થે હું આ અંદાજપત્ર રજૂ કરૂં છું.

**સભાગૃહનું કામકજ બપોરના ૨–૩૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ સભાપતિશ્રીના આદેશાનુસાર બુધવાર, તા. ૨૫મી ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

# ગુજરાત વિધાનસભા
## બુધવાર, તા. ૨૫મી ફેબ્રુઆરી–૨૦૧૫
## ફાલ્ગુન ૬, ૧૯૩૬ શાકે
## સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.
## સભાપતિશ્રી ડૉ. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને

## તારાંકિત પ્રશ્નો

### જામનગરની જી. જી. હોસ્પિટલમાં સાધનોની ખરીદી અંગે

* ૧૩૭૮૩ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** તા. ૦૨–૦૭–૨૦૧૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૯૪૨૧ (અગ્રતા–૫૪)ના અનુસંધાને : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગરની ગુરૂ ગોવિંદસિંહ હોસ્પિટલમાં ડિસેમ્બર, ૨૦૧૨ની સ્થિતિએ ખરીદવાના બાકી રહેલા ૨૦ સાધનો પૈકી ૭ સાધનો ખરીદવાનું આયોજન કરવામાં આવ્યું હતું તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ ૭ સાધનો કયા છે અને તા. ૩૧ ડીસેમ્બર, ૨૦૧૪ની સ્થિતિએ તેની ખરીદી કરી હોસ્પિટલમાં વસાવવામાં આવ્યા છે કે કેમ, અને | (૨) આ ૦૭ સાધનો નીચે મુજબ છે. અને તે પૈકી (૧) એન્ડોસ્કોપ વીથ થ્રી ચીપ સીસીસી કેમેરાની ખરીદી પૂર્ણ થયેલ છે. અને (૨) બોન બેન્કની ખરીદી કાર્યવાહી ચાલુ છે.<br>૧. બોન બેન્ક<br>૨. ઈ.એમ.જી/એન.સી.વી. મશીન<br>૩. ઓબ્લીક/લેપ્રોસ્કોપી ૩૦ ડીગ્રી<br>૪. એન્ડોસ્કોપ વીથ થ્રી ચીપ સીસીસી કેમેરા<br>૫. એ.બી.જી. મશીન (સર્જરી વિભાગ)<br>૬. ઓટોમેટેડ હીમેટોલોજી એનાલાઈઝર<br>૭. એ.બી.જી. મશીન (પીડીયાટ્રીક વિભાગ) |
| (૩) ઉકત સ્થિતિએ જો ખરીદીની પ્રક્રિયા પૂર્ણ ન થઈ હોય તો તેના શા કારણો છે અને તે કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ? | (૩) ઉકત સ્થિતિએ ૫ (પાંચ) સાધનોની ખરીદીની પ્રક્રિયા ટેકનીકલ ચકાસણી દરમ્યાન જણાયેલ ટેકનીકલ કારણોસર બંધ કરવામાં આવેલ છે અને ૧ સાધનની ખરીદીની ચાલુ પ્રક્રિયા સંતોષકારક ટેકનીકલ ચકાસણી (ડેમોનસ્ટ્રેશન સહિત) જણાયે પૂર્ણ કરવામાં આવશે. |

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાત આજે સ્વાઇન ફ્લુની મહામારીમાં સપડાયેલું છે. એવા સમયે સૌરાષ્ટ્રની મોટામાં મોટી સરકારી હોસ્પિટલ જી.જી. હોસ્પિટલમાં જરૂરી સાધનોના અભાવે દર્દીઓને સારવારના મોટા પ્રશ્નો ઉભા થાય છે. ૨૦૧૩માં તા. ૧૪–૩–૧૩માં મેં આ બાબતે પ્રશ્ન પૂછ્યો હતો. તા. ૨–૭–૧૪માં પણ આ બાબતે પ્રશ્ન પૂછ્યો હતો અને આજે પણ મારો એ જ પ્રશ્ન યથાવત છે. માનનીય મંત્રીશ્રીને મારે કહેવું છે કે આ હોસ્પિટલમાં સ્ટ્રેચરો નથી, વ્હીલચેર નથી. લીફ્ટ બંધ છે. એકસ–રે મશીનો બંધ છે. એમ.આર.આઇ. મશીન બંધ છે. તો મારે સરકાર પાસેથી જાણવું છે કે ૨૦ સાધનો ખરીદવાની દરખાસ્ત તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ નક્કી કરેલ, તે સાધનો જરૂરી હતા કે કેમ? આ ૨૦ સાધનો પૈકી ૪ સાધનો ૨૦૧૩–૧૪માં ખરીદ્યા અને બાકીની ખરીદીની પ્રક્રિયા ચાલુ હતી તે બે વર્ષ બાદ શા કારણે બંધ કરવામાં આવી છે? અને આ સાધનો ટેક્નિકલ કારણોસર ખરીદવાના નથી તેવું જણાવવામાં આવે છે તો આ દરખાસ્ત વખતે ટેક્નિકલ જરૂરિયાતની ચકાસણી કરવામાં આવી હતી કે કેમ? આનો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જવાબ જોઇએ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ અગાઉ પ્રશ્નની પૂર્વ ભૂમિકામાં જે આક્ષેપો કર્યા કે આટલું આટલું નથી. તે તદ્દન બિનપાયાદાર છે. જામનગરની હોસ્પિટલમાં દરરોજ સેંકડો દર્દીઓ, •(xxxxxx) કોઇનો વિશ્વાસ જ નથી. (અંતરાય) કોઇનો વિશ્વાસ જ નથી. તમારા ધારાસભ્ય પરેશભાઇએ કહ્યું હતું કે આ નથી. રેકર્ડ ઉપર આવ્યું. હજુ મારી ચેલેન્જ ઉભી છે કે હું સાબિત કરું. બીજું, અહીં શક્તિસિંહે કહ્યું હતું કે કચ્છની મિટિંગમાં અમે નીમાબહેન અને બન્ને પંકજભાઇની સાથે બેઠાં હતા. મેં ફોટા મંગાવ્યા. પંકજભાઇથી છઠ્ઠા નંબરે.. પાંચમા નંબરે તમારા શક્તિસિંહ બેઠાં હતા. એટલે (xxxxxx) (અંતરાય)

સભાપતિશ્રી : આપ સીધા જવાબ પર આવો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપ પરવાનગી આપો તો વિધાનસભા ગૃહમાં એ ફોટો રજૂ કરું કે શક્તિસિંહજીએ કહ્યું હતું કે હું પંકજભાઇની જોડે બેઠો હતો અને માનનીય નીમાબહેન મારી સાથે બેઠાં હતા. તમારી વાતોમાં બહુ વિશ્વાસ નથી અમને...

સભાપતિશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ સીધા જવાબ પર આવો. પ્રશ્નોત્તરીમાં આપણે બીજી ચર્ચા ન કરીએ. પ્રશ્નોત્તરીનો સમય ખરાબ થાય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : (xxxxxx) (અંતરાય)

સભાપતિશ્રી : આપ સીધા જવાબ ઉપર આવો. (અંતરાય) પ્રશ્નોત્તરીમાં આપણે બીજી કોઇ ચર્ચા ન કરીએ. (અંતરાય)

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : એટલા માટે જ કહું છું, માનનીય અધ્યક્ષ મહોદયા, મેં પોતે જામનગર હોસ્પિટલની મુલાકાત લીધી છે. લોકલ ધારાસભ્ય સાથે હતા. (અંતરાય) દર્દીઓને હું મળ્યો છું અને (xxxxxx) બોલવાની ભાષા, મહેરબાની કરીને આપ એના ઉપર ન જાવ, કારણ કે એટલા બધા દાખલા સામે મળશે. આ ભાષા બરાબર નથી. આ ભાષા સાંભળવા અમે તૈયાર નથી.

સભાપતિશ્રી : એવા કોઇ શબ્દો હશે તો આપણે કાઢી નાખીશું. આપ સીધા જવાબ ઉપર આવો. (અંતરાય)

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : હાઉસ ચલાવવું હોય તો ચલાવો. ન ચલાવવું હોય તો હાઉસ નહીં ચાલે. સારી ભાષાની અપેક્ષા છે અમારી, (અંતરાય) આ ગૃહમાં •(xxxxxx)

બોલે છે બધા? માહિતી હોય એ કહેતા હોય.

સભાપતિશ્રી : એવા કોઇ શબ્દ હોય તો કાઢી નાખીએ. આપ સીધા જવાબ પર આવો. પ્રશ્નોત્તરીમાં બીજી કોઇ ચર્ચા કરીને સમય ન બગાડીએ. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય વિપક્ષના નેતાશ્રીનું સન્માન કરું છું. મેં એમ કહ્યું છે કે આ આક્ષેપો ખોટા છે. તેની સાથે હું સંમત નથી.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : આ શબ્દો રેકોર્ડમાંથી કાઢી નાખો.

સભાપતિશ્રી : મેં શબ્દો કાઢી નાખવાની સૂચના આપી દીધી છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : કોઇ માનનીય ધારાસભ્યશ્રીઓ *(xxxxxx) હોતા નથી. સરકાર...

---

• માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

* માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : રેકર્ડ ઉપર બતાવું છું હું તો, લાવો ને, શક્તિસિંહનો ફોટો બતાવું. તમે કહો તો આપનો ફોટો બતાવું સાહેબ. (સતત અંતરાય)

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : આ હાઉસમાં સરકાર જવાબ આપે. બધા સાચા હોય એવું અમે..

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાબિતી સાથે વાત કરું છું. હું કોઇ રાજકીય વાત નથી કરતો.

સભાપતિશ્રી : માનનીય શંકરસિંહજી, મેં શબ્દો કાઢી નાખવાની સૂચના આપી દીધી છે. મંત્રીશ્રી, આપ સીધા જવાબ ઉપર આવો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જામનગરની હોસ્પિટલની અમે પણ મુલાકાત લઇએ છીએ. દરરોજ સેંકડો દર્દીઓ અહીં સારવાર મેળવે છે. મેડિકલ કોલેજ સાથે જોડાયેલી જૂનામાં જૂની રાજ્યની હોસ્પિટલ છે અને આ હોસ્પિટલમાં બધા જ પ્રકારના સાધનો, સુવિધા ઉપલબ્ધ છે. પ્રાથમિકથી માંડીને લેટેસ્ટમાં લેટેસ્ટ બધા જ સાધનો ત્યાં ઉપયોગમાં આવે છે. બીજો રાઘવજીભાઇનો પ્રશ્ન હતો. એ વાતમાં પરિસ્થિતિ એ છે કે, જેમ જેમ ટેકનોલોજી અપગ્રેડ થતી જાય, નવા નવા મેડિકલ સાધનો આવતા જાય, ખાનગી ડોક્ટરો વસાવતા જાય, અમારા પ્રોફેસરો હોય, ડોક્ટરો હોય, નિષ્ણાતો હોય એ અમને રાજ્ય સરકારને સજેશન કરે કે આ પ્રકારના નવા સાધનો બજારમાં આવ્યા છે. આપણી હોસ્પિટલોમાં વસાવવા જોઇએ. આ પ્રકારની પ્રાથમિક દરખાસ્ત કમિશ્નર કચેરીમાં આવતી હોય છે. સિનિયર ડોક્ટરો એની ચકાસણી કરે છે અને પછી સી.એમ.એસ.ઓ. અને કમિશ્નર ઓફિસમાં એની ચકાસણી થાય છે. અમારા સિનિયર અધિકારીઓ, રાજ્યની જુદી જુદી સરકારી હોસ્પિટલોમાં પ્રોફેસર તરીકે નિષ્ણાત ડોકટરો ફરજ બજાવતા હોય છે. એમનું અમે પ્રેઝન્ટેશન કરીએ છીએ. આ ડોકટરો આ મશિનો ખરીદવા માટે ભલામણ કરે છે. આ કંપનીએ નવું મશિન બનાવ્યું છે તો રાજ્ય સરકારે ખરીદવું જોઇએ. આવું રોજ આવતું હોય છે. આ બાબત આપણે નિષ્ણાત કમિટિને આપીએ છીએ. એ ચકાસણી કરે છે અને એની જરૂરિયાત, એની ઉપયોગીતા, એની કિંમત, આપણે એનો કેવી રીતે ઉપયોગ કરી શકીશું, એને ચલાવવાવાળો સ્ટાફ અને બીજા વિકલ્પો હોય તો એની ચકાસણી કરવામાં આવે છે. આ બધું થયા પછી સરકાર એ સાધન ખરીદવાની તૈયારી કરે છે. આ સાધનની ઉત્પાદક કંપની એક જ હોય તો ઉત્પાદકોની હરીફાઇ ન થતી હોય તો એની ટેન્ડર પ્રક્રિયા કરવા માટે અભ્યાસ કરવો પડે અને આ અભ્યાસ કરવાના અંતે આ સાધન આપણે ત્યાં છે પણ એનું લેટેસ્ટ વર્ઝન આ છે જે ખરીદવું જોઇએ. દા.ત. સોનોગ્રાફીનું મશિન ૫ વર્ષ જૂનું હોય, એની ટેકનોલોજી જુદી હોય, એની ઉપયોગીતા જુદી હોય. એવી જ રીતે એક્સ-રે મશિનનું છે. હવે ડિઝિટલ એકસ-રે મશિન આવી ગયા છે. એ ખરીદવા કે કેમ? આપણે ટેકનોલોજીનો અભ્યાસ કર્યા પછી એને ખરીદીએ છીએ. એનો અર્થ અવો નથી કે, જામનગરની હોસ્પિટલમાં સાધનો નથી. હું આપને કહું કે, જે સાધનો નવી લેટેસ્ટ વર્ઝનના હોય, ટેકનોલોજીના હોય એ આપણે ખરીદીએ છીએ. કોઇના ઘેર ડબ્બા ટી.વી. હોય, હવે બજારમાં એલ.સી.ડી. ટી.વી. મળે છે. ટી.વી. તો ટી.વી. જ છે. એમાં દેખાય છે જ. દર્દીઓને સારી સારવાર મળે માટે લેટેસ્ટ ટેકનોલોજીવાળા સાધનો ખરીદવા જોઇએ. હવે કોઇવાર ચકાસણીના અંતે કમિટિને એમ લાગે કે આ સાધનો ખરીદવાની જરૂર નથી. આપણે ત્યાં બીજી ઉત્પાદક કંપની નથી, હરિફાઇ થઇ શકતી નથી. તો જુદા જુદા કારણોસર આવી ખરીદી મુલતવી રાખીએ છીએ.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, જી.જી.હોસ્પિટલમાં ૨૦ સાધનો ક્યા વિભાગ માટે ખરીદવાના હતા? સાધનોની ખરીદીમાં ટેકનિકલ ચકાસણીની શું શું પ્રક્રિયા હાથ ધરાઇ હતી? ટેકનિકલ ચકાસણી કેવી રીતે થાય છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ટેકનોલોજી જેમ જેમ સતત આવિષ્કાર કરતી જાય. રાજ્ય સરકારનો અભિગમ રહ્યો છે કે, આપણે સરકારી હોસ્પિટલોમાં આધુનિક સાધનો ખરીદવા. અગાઉ

કહ્યું તે પ્રમાણે તજજ્ઞોની સમિતિ પાસે એની ચકાસણી કરાવીએ છીએ. ઓર્થોપેડિકના સાધનો હતા. જેને બોર્ન કેન્સર થયું હોય તો એટલા ભાગનું એ દર્દીનું હાડકું કાઢી નાંખવું પડે. એક સજેશન એવું આવ્યું કે, આ જે હાડકું કાઢી નાંખીએ એનું સ્ટૉરેજ કરવાનું. એની બોર્ન બેન્ક બનાવવાની વાત હતી. પણ એ બનાવવાવાળી કંપની એક જ હતી. આ પ્રક્રિયા ખૂબ જ જટીલ હતી. એમાં હાડકાનું સ્ટૉરેજ કરવાનું હતું. એ જ ઓર્ગનની માપ–સાઇઝની જરૂરિયાતવાળો કોઇ દર્દી આવે તો એ જ હાડકું નાંખીએ. આમ આધુનિક સાધનો વસાવીએ છીએ જે અત્યારની આધુનિક પરિસ્થિતિ પ્રમાણે વપરાશમાં છે એ તો બધા જ પ્રકારના સાધનો રાજયની ફકત જામનગરની નહીં, બધી જ મેડીકલ કોલેજોમાં ઉપલબ્ધ છે. માનનીય સભ્યશ્રીને હું એ પણ કહીશ કે મેડિકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા, એમ.સી.આઇ. જે દર વર્ષે મેડિકલ કોલેજોનું અને એના સંલગ્ન કોલેજોનું ઇન્સ્પેકશન કરે છે હોસ્પિટલોનું, એમાં ફરજીયાત છે કે એમ.સી.આઇ.ના ધોરણો પ્રમાણે જે સાધન, ફર્નીચર, ઇકવીપમેન્ટ, મહેકમ, ડોકટર જે રાખવાના હોય એ રાખવા જ પડે, તો જ આપણી માન્યતા જળવાઇ રહે છે અને બધું પૂરવાર થયેલું છે.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું, માનનીય મંત્રીશ્રી જામનગર તાઃ ૧૪–૧૧–૧૪ના રોજ આવ્યા હતા જામનગર જી.જી. હોસ્પિટલમાં, જી.જી. હોસ્પિટલ મારા જ વિસ્તારમાં આવે છે. માનનીય મંત્રીશ્રીએ અનેક જાહેરાતો ત્યારે કરી હતી. એ જાહેરાતોમાંથી અત્યાર સુધીમાં એકનું પણ પાલન નથી થયું. જયારે આ સૌરાષ્ટ્રની મોટામાં મોટી હોસ્પિટલ હોય, સિવિલ હોસ્પિટલ જામનગરની ત્યાં મગજના ડોકટર નથી. ન્યુરોસર્જન નથી, કાર્ડિયોલોજીસ્ટ નથી, પ્લાસ્ટિક સર્જન જેવા મહતવના ડોકટરની જગ્યા વર્ષોથી ખાલી છે ત્યાં, સી.ટી. સ્કેન મશીન વર્ષોથી જામનગરની જી.જી. હોસ્પિટલમાં વર્ષોથી લીધું છે તો ત્યાં ખાનગી એજન્સી પાસે શું કરવા કરાવવા માગો છો? સીટી સ્કેન મશીનનો સરકારે વર્ષોથી ખર્ચો કર્યો છે તો સરકારે ત્યાં બીજી પ્રાયવેટ એજન્સી રાખી છે. તો હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે આ ચાલુ કરવા માગો છો કે કેમ? અને પ્રાયવેટ એજન્સીના જે પૈસા લોકો પાસેથી લે છે એ બંધ કરાવવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સભ્યશ્રીનો આભાર માનુ છું કે એમણે આ વાત મૂકી. સાધન છે, મશીન છે, લેટેસ્ટ છે, કોમ્પ્યુટરાઇઝ છે, ઉત્પાદક કંપનીઓ મર્યાદિત છે. આપણે સાધન ખરીદ્યું હોય એનો વપરાશનો સમયગાળો પૂરો થઇ જાય, એની ગેરંટીનો સમયગાળો પૂરો થઇ જાય, એ પછી પણ પેશન્ટોને તકલીફ ના પડે, દા.ત. એકસ–રે હોય એની ટયુબનો ગેરંટી પીરીયડ હોય અથવા સમય પીરીયડ હોય અથવા આટલી સ્લાઇડના જ ફોટા પાડી શકાય એ પૂરું થઇ જાય પછી દા.ત. સાધન બંધ પડે તો અમે એમ નથી કહેતા દર્દીઓને કે તમારી હવે અમે કોઇ સારવાર નહીં કરીએ, એટલા માટે રાજય સરકારે આઉટ સોર્સીંગથી જે તે શહેરમાં જે સુવિધા ઉપલબ્ધ હોય, ખાનગી ડોકટર પાસે એની સાથે અમે કરાર કરીએ છીએ, કે અમે જે ગરીબ દર્દીઓને અમારી હોસ્પિટલમાંથી મોકલીએ તો એને તમારે આટલો આટલો ફોટો પાડી આપવાનો અથવા ડાયગ્નોસીસ કરી આપવાનું અને એનો વ્યવસ્થાનો ખર્ચ રાજય સરકાર ભોગવે છે અને આમાં દર્દી ઉપર વધારાનો કોઇ બીજો પડવાની જગ્યા નથી.

**રાજ્યમાં આવેલ સરકારી આયુર્વેદ કોલેજો**

* ૧૪૮૩૮ **શ્રી રાજેન્દ્રભાઇ પટેલ(ચોર્યાસી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજયમાં કુલ કેટલી સરકારી આર્યુવેદ કોલેજો આવેલ છે, | (૧) ૪ |
| (૨) તે કોલેજોમાં વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં ભારત સરકારના આયુષ વિભાગ તરફથી કુલ કેટલી અનુસ્નાતક કક્ષાની બેઠકો મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૨૧ |
| (૩) કઈ કોલેજો ખાતે કેટલી બેઠકો મંજૂર થયેલ છે ? | (૩) અખંડાનંદ સરકારી આયુર્વેદ કોલેજ, અમદાવાદ ખાતે કુલ–૨૧ બેઠકો મંજૂર થયેલ છે. |

શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત જાણવા માગુ છું કે તા:૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજયમાં કુલ કેટલી સરકારી આયુર્વેદિક કોલેજો આવેલી છે? તે કોલેજોમાં વર્ષ ૨૦૧૪-૧૫માં ૩૧-૧૨-૧૪ સુધીમાં ભારત સરકાર આયુષ વિભાગ તરફથી કુલ કેટલી અનુસ્નાતક બેઠકો મંજૂર કરવામાં આવેલી છે? કઇ કોલેજો ખાતે કેટલી બેઠકો મંજૂર થયેલી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર એલોપેથિક મેડીસીનની સાથેસાથે આપણી જે હજારો વર્ષ પુરાણી આયુર્વેદિક સારવાર પદ્ધતિ છે, હોમિયોપેથી છે અથવા આયુષમાં આવી જતી અન્ય સારવાર પદ્ધતિ છે એને પણ આપણે સાથેસાથે પ્રજાની સારવાર માટે, સેવા માટે વધારતા જઇએ છીએ તો સ્વાભાવિક છે કે એના ડોકટરો વધારે બનાવવા પડે, ડોકટરો માટે સીટો મંજૂર કરવી પડે, એટલે રાજય સરકારે આપણી અમદાવાદની અખંડઆનંદ આયુર્વેદિક કોલેજ છે એમાં જે આપણી ગ્રેજયુએશનની સીટો છે એ પછી પી.જી. કરવા માટેની જે સીટો છે પોસ્ટ ગ્રેજયુએશન કરવા માટેની, એમ.ડી. થવા માટેની એ બધી સીટોમાં વધારો કરવા માટે આપણે બધી જ વ્યવસ્થાઓ અહીંયા ઉપલબ્ધ કર્યા પછી ભારત સરકારને અને એની કાઉન્સિલને દરખાસ્ત કરી હતી કે અમે બધી જ વ્યવસ્થા ધરાવીએ છીએ તો માનનીય અધ્યક્ષશ્રી, મને સભાગૃહને જણાવતા આનંદ થાય છે કે ૮૪ સુધી ૧૧ બેઠકો હતી, તે પછી આયુર્વેદિકની પદ્ધતિ વધી, વ્યવસ્થા વધી, ઉપયોગ વધ્યો અને એટલે જ આપણે બીજી નવી ૧૦ પી.જી.ની સીટો વધારવા માટે દરખાસ્ત કરી હતી અને ૨૦૧૪-૧૫થી પી.જી.ની સીટો આપણને ભારત સરકારે અને કાઉન્સિલે મંજૂર કરી આપી છે. એટલે હવે આપણે ત્યાં અખંડાનંદ આયુર્વેદ કોલેજમાં કુલ ૨૧ સીટો પી.જી. માટેની, આયુર્વેદિક ડોકટર માટેની રાજ્ય સરકારે ઉપલબ્ધ કરાવી છે.

શ્રી જનકભાઇ મ. કાછડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માદયમ થકી માનનીય મંત્રીશ્રીને એક પ્રશ્ન પૂછું એ પહેલાં આરોગ્ય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપીશ. (અંતરાય)

સભાપતિશ્રી : આપ પ્રશ્ન ઉપર આવો.

શ્રી જનકભાઇ મ. કાછડીયા : કારણ કે આ વિશ્વની શ્રેષ્ઠ ચિકિત્સા પદ્ધત્તિ એવી આયુર્વેદ પદ્ધત્તિનું વહન કરવા માટે જે રીતે રાજ્ય સરકાર દ્વારા કામગીરી થઇ રહી છે એ માટે આરોગ્ય મંત્રીશ્રીને અભિનંદન આપીશ અને પૂછીશ કે આ અનુસ્નાતક અભ્યાસક્રમમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ છે એમને કોઇ સ્ટાઇપેન્ડ મળે છે કે કેમ? મળતું હોય તો કેટલું મળે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : જેમ એમ.બી.બી.એસ. પછી પી.જી. કરતાં સિનિયર અને જુનિયર ડોકટરોને સ્ટાઇપેન્ડ આપીએ છીએ એ રીતે આયુર્વેદમાં પી.જી. કરતાં વિદ્યાર્થીઓને પણ પ્રથમ વર્ષમાં ૨૫,૨૦૦ રૂપિયા, બીજા વર્ષમાં ૨૬,૪૦૦ રૂપિયા અને ત્રીજા વર્ષમાં ૨૮,૬૦૦ રૂપિયા આપણે સ્ટાઇપેન્ડ આપીએ છીએ. એ ઉપરાંત ખાનગી કોલેજો કરતાં બિલકુલ નજીવી કિંમત કહેવાય એવી ફી લઇ આપણી હોસ્પિટલોમાં આ વિદ્યાર્થીઓને આપણે પી.જી.ના ડોકટર બનાવવા માટે સ્ટાઇપેન્ડ આપીએ છીએ અને બીજી પણ વ્યવસ્થાઓ આપણે કરીએ છીએ. એટલે આયુર્વેદ પદ્ધત્તિના નિષ્ણાત ડોકટરો રાજયમાં વધુ ઉપલબ્ધ થાય એ અમારા સંપૂર્ણ પ્રયત્નો છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : આપના મારફત મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ઇન્ટર્નશીપ કરતાં વિદ્યાર્થીઓને સ્ટાઇપેન્ડ મળે છે કે કેમ? અને જો હા તો કેટલું મળે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : જવાબ આપી દીધો છે. પ્રથમ વર્ષે ૨૫,૨૦૦, બીજા વર્ષે ૨૬,૪૦૦ અને ત્રીજા વર્ષે ૨૮,૬૦૦ પ્રતિ માસ આપવામાં આવે છે.

**ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ દ્વારા અપાતી તબીબી સેવાઓ**

* ૧૪૬૯૬ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદમાં ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા દર્દીઓને તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવી, અને | (૧) અમદાવાદમાં ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે પ્રમાણેનાં દર્દીઓને તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવેલ છે. |

| વર્ષ | દર્દીની સંખ્યા |
|---|---|
| તા.૧-૧-૧૩ થી તા.૩૧-૧૨-૧૩ સુધી | ૩,૧૮,૫૮૩ |
| તા.૧-૧-૧૪ થી તા.૩૧-૧૨-૧૪ સુધી | ૩,૩૬,૫૭૧ |
| **કુલઃ** | **૬,૫૫,૧૫૪** |

(૨) આ પૈકી કેટલાને આઉટડોર, ઈન્ડોર અને સર્જીકલ દર્દીઓ તરીકે સારવાર આપવામાં આવી ?

(૨) આ પૈકી નીચે મુજબના દર્દીઓને આઉટડોર, ઈન્ડોર અને સર્જીકલ દર્દીઓ તરીકે સારવાર આપવામાં આવી.

| વિગત | તા.૧-૧-૧૩ થી તા.૩૧-૧૨-૧૩ સુધી | તા.૧-૧-૧૪ થી તા.૩૧-૧૨-૧૪ સુધી |
|---|---|---|
| આઉટડોર | ૨,૯૯,૩૯૩ | ૩,૧૦,૭૦૮ |
| ઈન્ડોર | ૧૯,૧૯૦ | ૨૫,૮૬૩ |
| કુલ | ૩,૧૮,૩૫૩ | ૩,૩૬,૫૩૧ |
| ઈન્ડોર પૈકીના સર્જીકલ દર્દીઓ | ૧૬,૦૨૭ | ૧૫,૩૧૪ |

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન છે કે ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટમાં કેન્સરના દર્દીઓમાં છેલ્લા બે વર્ષમાં આશરે સાડા છ લાખ કરતાં વધારે દર્દીઓની તપાસ થઇ છે. મને કહેતા આનંદ થાય છે કે અમદાવાદની કેન્સરની એક સુસજ્જ હોસ્પટલ છે કે જ્યાં માત્ર ગુજરાત નહીં, બહારના રાજ્યના દર્દીઓને પણ વિશિષ્ટ પ્રકારની સેવાઓ મળે છે. ખૂબ મોટા પ્રમાણમાં કેન્સરથી પિડિત દર્દીઓ આ સેવાનો લાભ લે છે ત્યારે જાણવા માગું છું કે આ ઈન્સ્ટીટ્યુટમાં અપાતી સેવાઓ માટે તબીબી સેવામાં છેલ્લા ૫ વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવી અને એ સિવાય અન્ય કોઇ સ્થાન ઉપર સેવાઓ આપી હોય તો શું આયોજન કર્યું છે?

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય રાકેશભાઇએ કહ્યું એ પ્રમાણે આપણી કેન્સર ઈન્સ્ટીટ્યુટ એ ગુજરાતના આરોગ્ય ક્ષેત્રનું ઘરેણું છે. એવી રીતે કિડની હોસ્પિટલ પણ ઘરેણું છે અને કાર્ડિયોલોજી પણ ઘરેણું છે. ઘરેણું એટલા માટે કહું છું કે ગુજરાતના દર્દીઓની સારવાર તો આપણે કરીએ જ છીએ, પણ પડોશી રાજ્ય રાજસ્થાન હોય, મધ્યપ્રદેશ હોય કે દેશના અન્ય રાજ્યોના દર્દીઓ પણ આમાં ઉચ્ચ પ્રકારની સારવાર લેવા માટે, એ પણ વિનામૂલ્યે અથવા લગભગ ઓછી કિંમતે સારવાર લેવા માટે આખા દેશમાંથી દર્દીઓ આ હોસ્પિટલોમાં આવે છે ત્યારે રાજ્ય સરકાર તરફથી આ હોસ્પિટલના ખર્ચને પહોંચી વળવા માટે ગ્રાન્ટ પણ આપણે દર દર્ષે તબક્કાવાર આપવામાં આવે છે. ૨૦૦૯માં આપણે ૪૦ કરોડ આપ્યા હતા. ૨૦૧૦-૧૧માં જુદા જુદા પ્રકારે બાંધકામ વગેરેના ૩૮ કરોડ ગ્રાન્ટ આપી હતી. ૨૦૧૧-૧૨માં ૫૮.૮૧ કરોડ ગ્રાન્ટ આપી હતી. ૨૦૧૨-૧૩માં ૮૦.૯૦ કરોડની ગ્રાન્ટ આપી હતી અને ૨૦૧૩-૧૪માં ૯૨.૮૭ કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપી હતી. ગઇ કાલે માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇએ જે બજેટ રજૂ કર્યું એમાં કેન્સર ઈન્સ્ટીટ્યુટને ૭૨ કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપવાની આપણે જોગવાઇ કરી છે. બીજું, માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકવું છે કે ફકત ગ્રાન્ટ આપીને સરકાર બાજુમાં જતી રહેતી નથી. જેમ જેમ જરૂરિયાત પડતી જાય, મકાન, ફર્નિચર, ઇક્વીપમેન્ટ વગેરે માટે જેમ જરૂર પડે છે એ પ્રમાણે આપ સૌ સિવિલમાં મુલાકાત લેતા હશો, તો જોઇ શકો છો કે જૂની કેન્સર હોસ્પિટલની સામે નવી કેન્સર હોસ્પિટલ બનાવવા માટે પણ રાજ્ય સરકારે માનનીય નરેન્દ્રભાઇ જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે ૩૮૪ કરોડ રૂપિયાનું કામ મંજૂર કર્યું છે અને માનનીય આનંદીબેન મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે આપણે એનું ખાતમુહૂર્ત કર્યું અને બાંધકામનું લગભગ ૭૫% નું કામ પૂરું થયું છે એ ઝડપથી આપણે કામ કરી રહ્યાં છીએ અને આ થવાથી કેન્સર હોસ્પિટલની હાલની ૬૫૦

પથારીની જે સુવિધા છે એ વધારો થઇને ૧૦૦૦ બેડની હોસ્પિટલ અદ્યતન ટેકનોલોજી સાધનો સારવાર સાથેની આપણે પ્રજાને આપીશું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે પ્રમાણે અમદાવાદ કેન્સર હોસ્પિટલમાં સમગ્ર ગુજરાતના લોકો જ્યારે આવતા હોય ત્યારે દર્દીઓ માટે જે વ્યવસ્થા છે એમાં સિદ્ધપુરમાં એક કેન્સર હોસ્પિટલ સરકારે કરોડો રૂપિયા ખર્ચીને ઊભી કરી છે. આજે સરકારની કયા પ્રકારની બેકાળજી યા આની અંદર શું છે? જેના કારણે કરોડો રૂપિયાની મશિનરી આજે પણ સિદ્ધપુરમાં બે વર્ષથી ઊભી કરાયેલી હોવા છતાં બંધ હાલતમાં છે એનો અર્થ શું?

સભાપતિશ્રી : આપ સીધા પ્રશ્ન ઉપર આવો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા આગળ ૧૨ મિનિટ સુધી મંત્રીશ્રી જવાબમાં બોલે છે, હું ભૂમિકા આપું તો જ ખ્યાલ આવેને. (અંતરાય) મારે વાત એ કરવી છે કે ડોકટરશ્રીઓના અભાવના કારણે ગુજરાતમાં આ હોસ્પિટલ ત્યાં આગળ થાય તો ઉત્તર ગુજરાતના જે લોકોને અમદાવાદ આવવું પડે છે એ સિદ્ધપુરમાં ત્યાં આગળ આવી શકે અને સારી સારવાર લઇ શકે. માટે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આ હોસ્પિટલ જલદીમાં જલદી ચાલુ કરવા જે મશિનરી બંધ રહી છે અને ડોકટરોની ઘટ છે એને પૂરી કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે અમદાવાદની કેન્સર હોસ્પિટલને સંલગ્ન રાખી એમને ગ્રાન્ટ આપીને એમના જ દ્વારા સિદ્ધપુરમાં આપણે અગાઉ કેન્સર રેડિયો થેરાપીની સારવાર અને અન્ય સારવાર ઉપલબ્ધ કરાવવા માટે, એમણે કહ્યું એ સાચું કહ્યું છે કે રાજ્ય સરકારે ખૂબ મોટો ખર્ચ ત્યાં કર્યો છે. અત્યારે કેન્સર હોસ્પિટલના નિષ્ણાતો દ્વારા ત્યાં બધી જે થેરાપીની, રેડિયો થેરાપીની સારવાર આપણે ત્યાં ઉપલબ્ધ કરાવીએ છીએ. એક જે મશિન છે જે ખૂબ ઓછા, અમદાવાદ સિવાય લગભગ રાજ્યમાં કેન્સર હોસ્પિટલ સિવાય નથી એવું મશિન ત્યાં આપણે અગાઉ આયોજીત કરેલું, મશિનની ખરીદી પણ થઇ ગઇ છે, મશિન ત્યાં પહોંચી પણ ગયું છે. એ વાત પણ માનનીય સભ્યશ્રી બળવંતસિંહભાઇની સાચી છે પણ એને ચલાવવા માટેના જે ટેકનિશ્યન જોઇએ. એની ભારત સરકારની મંજૂરી એના જે ટાટા એટોમિક પ્લાંટના નિષ્ણાતો હોય, કારણ કે એનાથી રેડિયેશન વગેરે થવાના પ્રશ્નો રહે છે તો એને ચલાવવા માટે આપણે ૧૦ વખત જાહેરખબર આપી નિષ્ણાત મેળવવા માટે, ટેકનિશ્યન છે એ ઉચ્ચ પ્રકારના ટેકનિશ્યન છે. ઇવન ઓલ ઇન્ડિયાના ન્યૂઝ પેપરોમાં આપણે એ જગ્યા ભરવા માટે જાહેરખબર આપી પણ એમાં આપણને એક ટેકનિશ્યન નહિ મળવાના કારણે એનું વાપરવા માટેનું NOC વગેરે જોઇએ એમાં પણ પ્રશ્ન થાય છે. બીજું એક સાધન આપણે જે વસાવ્યું છે દરરોજ આપણે એની ટ્રીટમેન્ટ આપવાની હોય અને ડાયગ્નોસીસ કરવાનું હોય એના માટે દરરોજ મુંબઇ ભાભા અણુ મથકથી જે પદાર્થ લાવવાનો હોય છે એ દરરોજ લાવવો પડે અને એરપોર્ટથી સિદ્ધપુર સુધી પહોંચે એ પહેલા જો બગડી જાય તો એનો ખર્ચ આપણને માથે પડે. ખૂબ મોંઘું રસાયણ છે, ખૂબ મોંઘી ટ્રીટમેન્ટ છે એના પણ નિષ્ણાતો આપણને મળતા નથી. એટલે સરકાર એ પણ અભ્યાસ કરી રહી છે કે આ કરોડો રૂપિયાનો ખર્ચ કરીને જે મશિન વસાવ્યું છે ત્યાં ઉપયોગમાં નથી આવતું તો કેન્સર સોસાયટીએ ગુજરાત સરકારને ભલામણ કરી છે કે આ મશિન અમને આપો તો આખા ગુજરાતના દર્દીઓની અમે સેવા અને સારવાર કરી શકીએ. સિદ્ધપુરમાં બિન ઉપયોગી પડ્યું છે તો ત્યાં લઇ જવું કે નહિ તે અંગેની વિચારણા અત્યારે રાજ્ય સરકારના તબક્કે ચાલી રહી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મેં ચાલુ કરવાની વાત કરી છે અને મંત્રીશ્રી લઇ જવાની વાત કરે છે. મને તો આ સરકારમાં નવાઇ લાગે છે.

સભાપતિશ્રી : બળવંતસિંહજી ટેકનિશ્યન ગોતી કાઢો. માનનીય નિર્મલાબેન.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : અધ્યક્ષ મહોદય, હું આપના માધ્યમથી પહેલા તો આરોગ્ય મંત્રીશ્રીને અભિનંદન આપવા માગુ છું કે, અમદાવાદમાં જે કેન્સર હોસ્પિટલ છે. એની વાર્ષિક ત્રણ લાખ ઓ.પી.ડી. પેશન્ટો અને પચીસ હજાર જેટલા ઇન્ડોર પેશન્ટો લાભ લે છે અને બીજું ભારત સરકારે એ

હોસ્પિટલને રાજ્ય સ્તરનો દરજ્જો આપ્યો છે અને એમાં ફંડ પણ આપે છે એના માટે ભારત સરકારને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

સભાપતિશ્રી : આપ સીધા પ્રશ્ન ઉપર આવો.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, અમદાવાદમાં આવેલ ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયૂટના વિસ્તરણ અને તબીબી સેવાઓના વિકાસ માટે શું શું આયોજન છે ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણને એ પણ આનંદ છે કે, આપણી આ કેન્સર ઈન્સ્ટિટયૂટના જ એક સંલગ્ન ભાગે અમદાવાદમાં મેડિકલ કોલેજ ચાલુ કરી અને એની પણ અદ્યતન કેન્સરની અને અન્ય રોગોની સારવાર આપતી હોસ્પિટલ પણ આપણે ઉપલબ્ધ કરાવી છે અને મેં અગાઉ કહ્યું એ પ્રમાણે આપણે લગભગ ચારસો કરોડ રૂપિયાના રાઉન્ડ એબાઉટ ખર્ચે પ્રથમ તબક્કે કેન્સર હોસ્પિટલનું એક્સપાન્શનનું કામ સો ટકા ગુજરાત સરકાર અને દાતાઓના સહયોગથી આપણે ત્યાં અત્યારે કરી રહ્યા છીએ.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી આરોગ્ય મંત્રીશ્રીને વિનંતી કરવા માગુ છું કે, આપણી કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયૂટની અંદર જે કેન્સરના દર્દીઓને સારવાર આપવામાં આવે છે, મેં ઘણી વખત વિનંતી પણ કરી છે અને આજે ફરીથી એક વખત એમને વિનંતી કરવા માગુ છું કે, આપણે મુખ્યમંત્રી અમૃતમ્ યોજના હેઠળ તો ગરીબ દર્દીઓને સો ટકા સારવાર આપીએ જ છીએ, બે લાખની મર્યાદામાં પરંતુ સૌથી વધારે જો કોઇનો મરો હોય તો એ મધ્યમ વર્ગનો છે. કેમ કે, મધ્યમ વર્ગ કોઇને કહી શકતો નથી.

સભાપતિશ્રી : આપ સીધા પ્રશ્ન ઉપર આવો.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : પ્રશ્ન ઉપર જ આવું છું, આ માનવતાનો પ્રશ્ન છે, કોઇ રાજકારણની વાત નથી કરતો, વિનંતી શબ્દ વાપર્યો. એટલે હું એટલું કહેવા માગુ છું કે, રાજ્ય સરકારે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે બહુ સરસ રીતે વાત્સલ્ય યોજના શરૂ કરી એમાં સ્થાનિક મહિલાઓને તદન ફ્રી સારવાર આપવાની જાહેરાત કરી, ૨૧ વર્ષ સુધીના પુરુષોને પણ એમણે કરી. મારી બહેનને અને આરોગ્ય મંત્રીશ્રીને વિનંતી છે કે, ગરીબ અને મધ્યમ વર્ગ જ્યારે આજે આધુનિક જીવનશૈલીના લીધે, વ્યસનોના લીધે લોકો કેન્સરના રોગમાં પીડાઇ રહ્યા છે, તેવા સમયમાં હવે ૨૧ વર્ષથી ઉપરના જે પુરુષો છે એમને હું બે હાથ જોડીને વિનંતી કરું છું કે, એમનો પણ સમાવેશ કરો અને જ્યારે પણ આની માગણી થાય, જાહેરાત કરે કે, ૨૧ વર્ષથી વધુના પુરુષોનો આમાં સમાવેશ કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન બહુ સાચો છે. આપણે એટલી સગવડો ઉભી કરીએ છીએ એટલું નહીં અમારી ભારતીય જનતા પક્ષના માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનદીબેનના નેતૃત્વવાળી સરકારે ગરીબોને બિલકુલ વિનામૂલ્યે સારવાર આપવા માટે મા યોજના, મા વાત્સલ્ય યોજના આપણે અમલમાં મૂકી છે અને આ કેન્સર હોસ્પિટલનો પ્રશ્ન છે તો આપને માહિતી આપું કે, ૨૦૧૩માં જે ગરીબોને કેન્સર થયું હતું, કારણ કે, કેન્સરની સારવાર મોંઘી હોય છે, તો એનો ખર્ચ ના ભોગવી શકે, તો બે લાખ રૂપિયા સુધીની મફત સારવાર કેન્સર હોસ્પિટલમાં સરકાર એનો ખર્ચો ભરે છે. એવું નથી કે, એ લોકો માફ કરી દે, જેટલું બિલ આવે એટલું આપણે ભરી દઇએ છીએ. એમાં ૫,૬૧૮ દર્દીઓને આપણે લાભ આપ્યો. ૨૦૧૪માં ૬,૯૬૨ દર્દીઓને લાભ આપ્યો અને મા વાત્સલ્ય યોજના જે ગયા વર્ષે માનનીય મુખ્યમંત્રીશ્રીએ લોન્ચ કરી ૨૦૧૪માં એમાં ૩૬૫ કેન્સરના દર્દીઓને આપણે લાભ આપ્યો છે. બીજું જે બી.પી.એલ. પરિવાર હોય છે, એસ.સી., એસ.ટી. હોય છે એના માટે પણ આપણે અલગ ગ્રાન્ટ, એમની મફત સારવાર કરવા માટે આપણે ફાળવીએ છીએ. તો એસ.સી., અનુસૂચિત જાતિના દર્દીઓ ૨૦૧૩માં ૧,૬૫૩, ૨૦૧૪માં ૨,૦૧૪ અને એસ.ટી.ના અનુસૂચિત જનજાતિના ૭૮૩ દર્દીઓ ૨૦૧૩માં અને ૮૮૩ દર્દીઓ ૨૦૧૪માં એમ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, બી.પી.એલ., મા વાત્સલ્ય યોજના અને મા યોજના આ બધા જ નો સંપૂર્ણ ખર્ચો એ રાજ્ય સરકાર કેન્સરની સારવાર માટે આ હોસ્પિટલને આપે છે.

શ્રી ભુષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે, રાજ્યની અમદાવાદની કેન્સર હોસ્પિટલમાં શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોને સારવાર આપવામાં આવી, રાજ્યના કુલ કેટલા દર્દીઓએ અને રાજ્ય બહારના કેટલા દર્દીઓને સારવાર આપી છે ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શાળા આરોગ્ય કાર્યક્રમમાં જયારે આપણે શાળાના બાળકોના આરોગ્યની ચકાસણી કરીએ છીએ ત્યારે આપણને દુઃખ થાય કે નાના બાળકો પણ કેન્સરથી પિડિત મળતા હોય છે. અને એમાં જે બાળક દર્દી આવે, શાળા આરોગ્ય કાર્યક્રમમાંથી રીફર થાય એને પણ સારવાર આપીએ છીએ. ૨૦૧૩માં ૧૩૮૨ નાના બાળકો જે શાળામાં ભણે છે એને કેન્સર થયું એને શાળા આરોગ્ય કાર્યક્રમ દરમિયાન સારવાર આપી અને ૨૦૧૪માં ૧૪૬૩ બાળકોને કેન્સરની સારવાર આપી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે સામાન્ય રીતે આપણને ખ્યાલ છે કે કેન્સર કુદરત આધારિત છે પરંતુ તમાકુ, ગુટખા, બીડી, સિગરેટ પીવાને લીધે કેન્સરનો રોગ થાય છે એના માટે ગતિશિલ ગુજરાતમાં એનો વધારે કડક અમલ થાય એવું કરવા માગો છો કે કેમ અને બીજી વાત એ છે કે પેપ્સનિયર એ બહુ સહેલો અને સસ્તો ઉપાય છે. ગર્ભાશયના કેન્સરનું વહેલું નિદાન થાય એના માટે તો એને પણ ફ્રી તમે દર વર્ષે જેમ બને તેમ મહિલાઓ માટે પ્રોજેકટ ચાલુ કરવા માગો છો કે કેમ અને બ્રેસ્ટ કેન્સર માટે મેમોગ્રાફી કે જેથી આ રેટ જે વધ્યો છે, જે જવાબમાં આપ્યું છે એ રેટ એટલો બધો વધે નહીં અને વહેલું નિદાન થાય અને વહેલી ટ્રીટમેન્ટ થાય એવું કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આ રાજય સરકાર તરફથી જે પણ આયોજન આપણે કેન્સર ઈન્સ્ટીટયુટ દ્વારા આપણે કર્યું છે એ સંજીવની રથ નામનું કેન્સર હોસ્પિટલ પોતે એક મોબાઇલ યુનિટ ચલાવે છે અને રાજયના જુદા જુદા વિસ્તારોમાં જઇ અને તમે જે કહ્યા એ પ્રકારના પ્રાયમરી ચેક અપ કરવાના કિસ્સા હોય ત્યાં દર્દીઓને બોલાવી, એનું સ્ક્રીનીંગ કરી અને જેમને કેન્સર હોય એને આપણી કેન્સર હોસ્પિટલમાં આપણે ટ્રીટમેન્ટ માટે રીફર કરીએ છીએ એટલે ભૂતકાળમાં એવું થતું હતું કેન્સરનો કોઇ પ્રશ્ન હોય, બીજા કોઇ બાકીના બહેનોના કેન્સરના પ્રશ્નો હોય તો શરમના કારણે, સંકોચના કારણે બહેનો હોસ્પિટલ સુધી નહોતી આવતી. હવે આપણે તાલુકા મથક ઉપર , ડીસ્ટ્રીક્ટ લેવલ ઉપર આ સંજીવની રથ જાય, એમાં બધા ઇકવીપમેન્ટ, પ્રાયમરી ડાયગ્નોસીસના આપણે મૂકયા છે. ત્યાં બહેનોનું સ્ક્રીનીંગ થાય અને જેમને વધારે તકલીફ જણાતી હોય એમને આપણે અહીંયા રીફર કરીએ છીએ અને અહીંની બધી પદ્ધતિઓ પ્રમાણે આપણે એમની સારવાર કરીએ છીએ. એમાં વધારો કરવા માટે મારે કહેવું છે કે ગઇકાલે જે બજેટ આપણે રજૂ કર્યું છે એમાં પણ રાજકોટ, ભાવનગર, વડોદરા અને સુરતમાં પણ કેન્સરના દર્દીઓને ફકત અમદાવાદ ન આવવું પડે પણ પ્રાયમરી અને સર્જરી કક્ષાની બધી જ સારવાર એ ભૌગોલિક ડિસ્ટ્રીકટસમાં ઉપલબ્ધ થાય જેથી અમદાવાદ ઉપરનો લોડ ઓછો થાય એ માટે પણ મોટા પ્રમાણમાં રકમની આપણે ગઇકાલે બજેટમાં આરોગ્ય વિભાગ તરફથી જોગવાઇ કરી છે. ભુષણભાઇનો પ્રશ્ન હતો કે બહારના દર્દી કેટલા આવે છે? બહારના દર્દી જે આવે છે એ ગયા વર્ષે ૫૦૭૬૮ અને ૨૦૧૪માં આવ્યા ૪૭૭૦૯ આ હું એટલા માટે કહું છું કે રાઉન્ડ અબાઉટ પચાસ હજાર દર્દીઓ તો ગુજરાત સિવાય બીજા રાજયોમાંથી આપણી સિવિલ હોસ્પિટલમાં કેન્સરની સારવાર માટે આવે છે

**બગોદરા-વડોદરા હાઈવે રોડના બાંધકામનો ખર્ચ**

* ૧૩૬૯૨ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ બગોદરા-વડોદરા હાઇવે રોડના બાંધકામ કયા તબક્કે છે, અને | (૧) બી.ઓ.ટી. ધોરણે કન્સેશનર દ્વારા કરવામાં આવતું આ કામ તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ પ્રગતિ હેઠળ છે. |
| (૨) ઉકત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ થયો અને આ કામ કયાં સુધીમાં પૂર્ણ થશે ? | (૨) કન્સેશનર દ્વારા રૂ. ૯૫૫ કરોડના પ્રોજેકટની સામે અંદાજે રૂ.૩૧૨ કરોડનો ખર્ચ કરેલ છે. સરકાર દ્વારા જમીન સંપાદન, યુટીલીટી શીફટીંગ વગેરે માટે |

રૂ।.૪૫,૩૪,૧૫,૦૬૪/- નો ખર્ચ કરેલ છે. સરકાર કન્સેશનર મારફતે કામ વધારેલ સમય મર્યાદામાં પૂર્ણ કરાવવા પ્રયત્નશીલ છે.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નની અંદર ગુજરાત અને સૌરાષ્ટ્રને જોડતા ધોરીમાર્ગની માહિતી માટે છે. જે રોડ સીકસ લેન આપણે કરી રહ્યા છીએ એની અંદર અંડર ગ્રાઉન્ડ પૂલો બની રહ્યા છે, ઓવર બ્રીઝ બની રહ્યા છે, માટી કામ થઇ ગયું છે અને બે થી ત્રણ ફલાંગે ડાયવર્ઝન આપણે વારંવાર આપેલા છે તો છેલ્લા એક બે વર્ષથી એ કામ સદંતર બંધ છે તો એને કારણે ટ્રાફીકની ઘણી મુશ્કેલી પડે છે, એને કારણે લોકોનું કરોડોનું ડિઝલ, પેટ્રોલ વધારાનું બળે છે, તો જે ડાયવર્ઝન મૂકયા છે એની ઉપર લાલ લાઇટ મૂકવી અને બોર્ડ મારો તો રાત્રે એકસીડન્ટ ઓછા થાય તથા ચોમાસામાં તો બહુ જ મુશ્કેલી પડે છે અને આજુબાજુની જનતાને વાહનોની મુશ્કેલી પડે છે તો મારો પ્રશ્ન એ છે. આપણે ગતિશીલ ગુજરાતનો નારો આપ્યો અને આપણે બધાએ વધાવ્યો. રોડની ગતિ અટકી ગઇ છે, તેના માટે જે કામકાજ સદંતર બંધ પડેલ છે, તેને કયારે ચાલુ કરવા માગો છો? અને કેટલા વર્ષમાં પૂરું કરવા માગો છો અને નક્કી કરેલ ટેન્ડરમાંથી વધુ રકમ કેટલી ચૂકવવામાં આવે છે? અને બંધ પડવાના કારણો શાં છે? મને જાણવા મળ્યું હતું કે મૂળ કોન્ટ્રાકટર પાસેથી પેટા કોન્ટ્રાકટરને પૈસા ન ચુકવ્યા એટલે વાહનો ડીટેઇન પેટ્રોલ પંપ વાળાએ કરી દીધા હતા, તેને છોડાવવા માટે પ્રયત્ન કરવા પડયા હતા. મેઇન ધોરી માર્ગ છે. છ લેન આપણે બનાવી રહ્યા છીએ. ઘણા વખતથી બંધ છે તેને માટે માહિતી આપે અને વહેલામાં વહેલી તકે રોડ ચાલુ થાય તેવી માગણી છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ગતિશીલ ગુજરાતમાં ગુજરાતના વિકાસની વાત કરી. આપણા રાજયના જે રસ્તાઓ છે, તેમાં લગભગ ૯૮ ટકા કનેક્ટિવિટી સમગ્ર દેશમાં સૌથી વધારે કનેક્ટિવિટી એ આપણા રાજયની છે. માનનીય સભ્યશ્રીએ ગતિશીલ ગુજરાતની વાત કરી એટલે આ ગતિશીલ ગુજરાતનો દાખલો આપ્યો. માનનીય સભ્યશ્રીએ વાત કરી આ રસ્તો બી.ઓ.ટી. ની જે કામગીરી છે, એના અંદર કામગીરી હાથ ધરાયેલી છે. બગોદરા-વાંસદ રસ્તો એ રાજય સરકારનો અગત્યનો પ્રોજેકટ છે. આ વહેલામાં વહેલી તકે પૂર્ણ થાય તે માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. આ પ્રકારના મોટા પ્રોજેકટોમાં સીક્સ લેન પહોળા કરવાના હોય તેમાં વિવિધ પ્રકારના કિલયરન્સ જમીન સંપાદન, યુટિલિટી શિફ્ટિંગ, ફોરેસ્ટ કિલયરન્સ, પર્યાવરણની મંજૂરી વગેરે ખૂબ જ સમય માગી લે તેવી પ્રક્રિયા હાથ ધરી પૂર્ણ કરવાની રહેતી હોય છે. આવી પ્રક્રિયામાં રાજ્ય તેમજ કેન્દ્ર સકારના એકથી વધુ વિભાગો સંકળાયેલા હોય છે. બી.ઓ.ટી. હેઠળ હાથ ધરાતાં કામોમાં ખાનગી રોકાણકાર દ્વારા મોટા મૂડીરોકાણથી કામગીરી હાથ ધરવામાં આવતી હોય છે. આવાં કામોની સમય મર્યાદા મર્યાદિત હોય છે. મોટા ભાગે મોટા પ્રોજેકટો નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવામાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. આ રસ્તો છે એમાં જે પ્રોટેક્ટેડ ફોરેસ્ટમાંથી જરૂરી મંજૂરી મેળવવાની હતી તેમાં સતત ફોલોઅપ આપણી રાજય સરકારે, આપણા વિભાગ દ્વારા જે તે વખતની કેન્દ્ર સરકારને કર્યા. ૧૮-૧૧-૨૦૧૧ માં ભલામણ પર્યાવરણ મંત્રાલયને મોકલી આપી. એક વર્ષ જેટલો સમય થયો તેમ છતા સાઇટ મોડી મળવાથી રસ્તાનાં કામોની પ્રગતિ થોડી ધીમી થયેલ. તે મંજૂરી મળ્યા પછી વૃક્ષો દૂર કરવા જે કન્સેશનર મારફત કરાવીને બાંધકામ માટેની સાઇટ ઉપલબ્ધ કરાવેલ. બીજો પ્રશ્ન છે. આમાં મુશ્કેલી નડી. પથરેખામાં આવતી જમીનો તેના ખાતેદારો નામદાર હાઇકોર્ટમાં ગયેલ. તેના કારણે જમીન સંપાદનની કાર્યવાહી અટકી ગઇ હતી. અને જેમાં હાઇકોર્ટનો ચુકાદો આવ્યો. રાજય સરકારની તરફેણમાં ચુકાદો આવ્યો. ત્યારપછી જમીન મેળવી અને કોર્ટના હુકમ પ્રમાણે આ જમીન રાજય સરકારને પ્રાપ્ત થયેલ. એમાં દોઢ વર્ષ જેટલો સમય વીતી ગયો. જેટકોની ૧૬ જેટલી હાઇ ટેન્શન લાઇન આવતી હતી. આપણે જાણીએ છીએ કે આ લાઇન શિફ્ટિંગ કરવામાં કેટલી મુશ્કેલી પડે. રેવન્યુ રેકર્ડની દૂરસ્તીના પણ પ્રશ્નો હતા. એટલે જમીન સંપાદનની જે કાર્યવાહીમાં થોડો વિલંબ થયો અને એના કારણે આ આખા પ્રોજેકટનું ધીમી ગતિથી કામ થયું. આ પરિસ્થિતિમાં સમગ્ર કામગીરી અત્યારે ચાલી રહી છે. જેટલું બને તેટલું વહેલી તકે આ કામગીરી પૂર્ણ થાય તેવા રાજય સરકારના

પ્રયત્ન છે.

શ્રી સંજયકુમાર ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ સૌરાષ્ટ્રને રાજયના દેશના અન્ય ભાગ સાથે જોડતો ખૂબ અગત્યનો રસ્તો છે. આ રસ્તો બનતા બધાને ખૂબ અગત્યનો લાભ થવાનો છે, તો માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે બગોદરા–વાંસદ રસ્તો બનવાથી પર્યાવરણને લગતો કોઇ ફાયદો થવાનો છે? થવાનો હોય તો કયા પ્રકારનો થવાનો છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બગોદરા–વાસદ રસ્તાની સળંગ લંબાઇમાં બંને બાજુ નિયત અંતરે હાર્વેસ્ટીંગ સ્ટ્રકચર બનાવવામાં આવનાર છે. જેનાથી વરસાદી પાણીનો સંગ્રહ થશે અને આજુબાજુના જમીનના પાણીના તળ ઉંચા આવશે. રસ્તાને જરૂરી જગ્યાએ જરૂરિયાત મુજબ ઉંચો કરવામાં આવનાર હોઇ તથા પૂરતા પ્રમાણમાં નાણાં મૂકવામાં આવનાર હોઇ અને રસ્તાની બંને બાજુએ સળંગ વરસાદી પાણીના નિકાલ માટે ડ્રેનેજ પણ બનાવવામાં આવનાર હોઇ પાણીનો ભરાવો થશે નહીં. જમીનનું ધોવાણ પણ અટકશે. સૌર ઉર્જા વડે ચાલતા ઉપકરણો જેવા કે સોલાર સ્ટડ મૂકવાની જોગવાઇ છે. સારી સપાટી તથા ડીવાઇડર માર્ગ, રેલવે ઓવરબ્રીજ અને અન્ડરપાસની જોગવાઇઓને કારણે ઝડપી વાહન વ્યવહાર શકય બનતાં ઇંધણની બચત થશે તેમજ વ્હીકલ ઓપરેટીંગ કોસ્ટ ઘટશે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખૂબ ડીટેઇલમાં ભૂતકાળ પણ કહ્યો અને ભવિષ્ય પણ કહ્યું, પણ વર્તમાનની કોઇ માહિતી નથી આપતા. માનનીય મંત્રીશ્રીને એટલું જ પૂછવા માગું છું કે આ પ્રશ્ન ખૂબ જ અગત્યનો છે. છેલ્લા એક વરસથી સ્ટ્રકચરના કામોના સળીયા ખુલ્લા છે. તેના કારણે લોકોના એટલા બધા મૃત્યુ થયા છે, અકસ્માત થાય છે, હાલાકી ભોગવવી પડે છે. મારી તો આપને નમ્ર વિનંતી કે એજન્સીએ પેટા કોન્ટ્રાકટરને પૈસા ન ચૂકવવાના કારણે છેલ્લા એક વરસથી કામ બંધ છે. એટલું જ જાણવું છે કે આપણે જે વર્ક ઓર્ડર આપ્યો ત્યારે આ કામની સમય મર્યદા કેટલી નકકી કરવામાં આવી હતી? આપણે વધારો કર્યો હોય તો કેટલો કર્યો છે અને જયાં ગુનાહિત બેદરકારી એજન્સી દ્વારા કરવામાં આવે છે, સળીયા ખુલ્લા રાખવાથી લોકોના અકસ્માતે મૃત્યુ થાય છે તેની સામે કોઇ કાયદેસરના પગલાં ભરવા માગો છો કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ જયારે એગ્રીમેન્ટ કર્યો હતો ત્યારે તેની સમય મર્યાદા ૧૬–૫–૨૦૧૪ની હતી, ત્યારપછી આ સન્માનનીય સભાગૃહના ધ્યાને મેં વિગતો મૂકી છે. આના લીધે તે કામગીરી પૂર્ણ ના થઇ એટલે તા. ૧૬–૫–૨૦૧૫ સુધી આ કામગીરી પૂરી કરવાની સમય મર્યાદા આપી છે. જેટલો વહેલો બને તેટલો આપણી રાજય સરકાર આ રસ્તો પૂર્ણ થાય તેવા પૂરા પ્રયત્નો કરશે. સાથે સાથે માનનીય સભ્યશ્રીએ વાત કરી તેમ આપણે જે એગ્રીમેન્ટ તેમની સાથે કરેલો છે તેના હેઠળ જે કંઇ કામગીરી અને કાર્યવાહી કરવાની થશે તે આ રાજય સરકાર કરશે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમથી એ જાણવું છે કે પહેલો સ્વાઇન ફ્લુ પોજીટીવ ગુજરાતની પ્રજાને આવ્યો.

સભાપતિશ્રી : તમે આ પ્રશ્ન પર આવો. બીજી કોઇ વાત નહીં.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રશ્ન પર આવું છું.

સભાપતિશ્રી : આ રસ્તાના જ પ્રશ્ન ઉપર આવો.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ પ્રશ્ન ઉપર આવું છું. પછી આપણા અધ્યક્ષ ઉપર આવ્યો, આરોગ્ય મંત્રી ઉપર આવ્યો. હવે મારા વાસદથી બગોદરા રસ્તા પર.

સભાપતિશ્રી : પ્રશ્ન ક્રમાંકઃ ૬ માનનીય ધર્મેન્દ્રિસંહજી. પ્રશ્ન ક્રમાંકઃ૬. તમે તમારા પ્રશ્નની વાત કરો. આ સ્વાઇન ફ્લુનો પ્રશ્ન નથી. રસ્તાનો પ્રશ્ન છે. પ્રશ્ન ક્રમાંકઃ૬ શ્રી ધર્મેન્દ્રસિંહજી. આપ પૂછો. આપ બેસો. તેમને મેં તક આપી. પ્રશ્ન સીધો પૂછો. માનનીય પૂનમભાઇ. પ્રશ્ન પૂછો સીધો. સીધા પ્રશ્ન ઉપર આવો. બોલો.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે વટામણથી તારાપુર સુધી અમરેલીના અસંખ્ય કુટુંબોના અકસ્માત થયા છે. આ

રસ્તો પૂર્ણ કરવો હોય તો કરે ન કરવો હોય તો ન કરે પણ અકસ્માત ન સર્જાય તેવી આ રસ્તા પર વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ રસ્તાની કામગીરીની આ સન્માનનીય સભાગૃહના ધ્યાને આ બધી વાત મૂકી છે. તેની અંદર જે કંઇ કાર્યવાહી કરવાની થાય છે તે સરકાર સમયાંતરે કરે છે. હજી પણ જે કંઇ કાર્યવાહી કરવાની થશે તેમાં સરકાર સતત તેની ઉપર ધ્યાન રાખીને કરશે.

**દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

* ૧૪૪૬૭ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો કુપોષિત છે અને કેટલા બાળકોનું વજન ઉંમરના પ્રમાણમાં ઓછું છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા અને ઉંમરના પ્રમાણમાં બાળકોનું વજન ઓછું છે તેવા બાળકોની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|
| **દેવભૂમિ દ્વારકા** | | |
| ૧ | દ્વારકા | ૧૪૧૩ |
| ૨ | કલ્યાણપુર | ૮૪૧ |
| ૩ | ખંભાળીયા | ૧૬૭૮ |
| ૪ | ભાણવડ | ૫૬૯ |
| | **કુલ** | **૪૭૯૮** |
| **જામનગર** | | |
| ૧ | લાલપુર | ૧૦૨૬ |
| ૨ | ધ્રોલ | ૫૭૨ |
| ૩ | જોડીયા | ૪૩૯ |
| ૪ | જામજોધપુર | ૬૬૯ |
| ૫ | કાલાવાડ | ૧૦૪૨ |
| ૬ | જામનગર–૧ | ૧૧૯૨ |
| ૭ | જામનગર–૨ | ૯૧૫ |
| | **કુલ** | **૫૮૫૪** |

(૨) બાળકોમાં કુપોષણ નિવારવા રાજ્ય સરકારે શાં પગલાં લીધા ?

(૨)

- ૬ માસથી ૩ વર્ષના બાળકોને ટેક હોમ રેશન તરીકે અનાજ આપવામાં આવે છે. અને તેમાંથી નિર્દેશક ભોજન તરીકે રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.
- ૬ માસથી ૯ માસના બાળકો માટે અન્નપ્રાશન દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે.
- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃ મંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો, અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડીયામાં બે દિવસ ફળ આપવામાં આવે

છે.

- ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને ટીએચઆર તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવી આપવામાં આવે છે.
- આ ઉપરાંત ૩ થી ૬ વર્ષના અતિઓછા વજનવાળા બાળકોને ટીએચઆર તરીકે પુરક પોષણ આહાર આપવામાં આવે છે.
- મીશન બલમ સુખમ અન્વયે બાળ શકિતમ કેન્દ્ર, બાળ સેવા કેન્દ્ર તેમજ બાળ સંજીવની કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પૂરી પાડવામાં આવે છે.
- ન્યુટ્રીશન કાઉન્સલીંગ વોલીન્ટીઅર (એનસીવી) યોજના દ્વારા બાળકોના વાલીઓને પોષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે.
- વાત્સ્યલ્ય દિવસ–બાલ દિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણસ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.
- જિલ્લાના તમામ અધિકારીશ્રીઓ દ્વારા અતિકૂપોષિત બાળકોને દત્તક લીધેલ છે.
- આઇએનસીસી તાલુકા મથકે સીએમટીસી તથા જિલ્લા મથકે એનઆરસીમાં જરૂરીયાત મુજબ બાળકોને સારવાર આપવામાં આવે છે. અને શાળા આરોગ્ય કાર્યક્રમ દરમિયાન બાળકોને આરોગ્ય તપાસ કરવામાં આવે છે.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જામનગર અને દેવભૂમિ દ્વારકામાં જે પોષણક્ષમ આહાર આપવામાં આવે છે તેની દૈનિક વ્યક્તિગત કિંમત કેટલી છે. તેમાં વધારો કરવા માગો છો કે કેમ? મારો બીજો પ્રશ્ન એ છે કે અગાઉ આપણા રાજયના મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાને એવું જાહેરમાં નિવેદન કરેલ કે મહિલાઓ અને બાળકો રૂપાળા દેખાવા માટે ડાયેટીંગ કરે છે. તેના હિસાબે કુપોષણ વધારે થાય છે તે હકીકત સાચી છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, કોણ શું બોલે છે એ પોતાની સમજણ ઉપર આધાર રાખે છે.એમનો પ્રશ્ન એ છે કે, (અંતરાય) એની ચર્ચા ભૂતકાળમાં થઇ ગઇ છે સાંભળવું હશે તો હું હજુ પણ સંભળાવીશ. માનનીય અધ્યક્ષશ્રી, સુધારેલા દર પ્રમાણે ૬ થી ૭૨ માસ સુધીના બાળકોને ૬ રૂપિયા એટલે કેલેરી એમાંથી ૫૦૦ ગ્રામ અને પ્રોટિન ૧૨.૫ મિલિગ્રામ, અતિ ઓછા વજનવાળા બાળકો માટે ૯ રૂપિયા એટલે ૮૦૦ કેલરી અને ૨૦.૨૫ મિલિગ્રામ પ્રોટિન મળે એ પ્રકારની સુવિધા આપણે કરવામાં આવી છે. ડાયેટીંગ કરવું એ વ્યક્તિગત પ્રશ્ન છે સરકારની યોજનામાં આવતું નથી.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા લાભાર્થી બાળકોને દૈનિક કેટલી કેલરી આપવામાં આવે છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રી માનનીય આનંદીબેને મુખ્યમંત્રી પદ સંભાળ્યા પછી તરત જ મારા રાજયનું એક પણ બાળક કે મહિલા કૂપોષણથી પીડાય નહીં એના માટેનો સંકલ્પ કર્યો છે અને એને કારણે દરેક જિલ્લાની અંદર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો માટે તાલુકાવાર જિલ્લાવાર ખર્ચની યોજનાઓ બનાવી છે. જામનગર

જિલ્લામાં કુલ ૬ તાલુકામાં ૬,૩૯,૩૦૨ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યો છે. દેવભૂમિ દ્વારકામાં ૪ તાલુકામાં ૬,૯૭,૨૮૧ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી શક્તિસિંહ હ.ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજય માટે ચિંતાનો વિષય છે. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એના સંદર્ભમાં હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જ વાત જાણવા માગુ છું કે, જે કૂપોષિત બાળકો રેડ ઝોનના આઇડેન્ટીફાઇ કરીને એને ચોક્કસ પોષણક્ષમ ખોરાક આપવા માટે સુપ્રીમ કોર્ટે આપણને સૂચનાઓ આપી, માર્ગદર્શન આપ્યું, ઓર્ડર કર્યો એ સૂચનાઓ હોવા છતાં રેડ ઝોનના બાળકોને આઇડેન્ટીફાઇ કરીને જે આપવા પાત્ર ખોરાક હતો એ નથી અપાયો, આ મારો આક્ષેપ નથી. સી.એ.જી.એ જાતે તપાસ કરીને સી.એ.જી.ના રિપોર્ટમાં ઉલ્લેખ કર્યો છે કે સરકાર આ નથી કરતી એ પછી હવે સરકારે આ બાબતમાં શું પગલાં લીધા છે અથવા લેવા ધારે છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રીમ કોર્ટના વખતો વખતના નિર્ણયને કારણે રાજય સરકારે એની પોલિસીમાં ફેરફાર કરેલો છે અને એ ફેરફાર પ્રમાણે રાજય સરકાર એનું પાલન કરી જ રહી છે. આ રાજયનું એક પણ બાળક કૂપોષણથી પીડાય નહીં એટલા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને અમારા મંત્રી મંડળના તમામ સાથી સભ્યો અને ધારાસભ્યો સુપ્રીમ કોર્ટના કે કોઇપણ આદેશો હોય કૂપોષણથી બાળકો ન પીડાય એટલા માટે જ્યાં જ્યાં કોઇ સમારંભોમાં જાય ત્યાં બાળકો માટે ફળો, કઠોળ, અનાજ વગેરે લઇને એ તરત જ જે તે વિસ્તારના આંગણવાડીના બાળકોને આપે છે એટલે કૂપોષણથી પીડાવાનો પ્રશ્ન ઉભો થતો નથી. માનનીય સભ્યશ્રીને હું વિનંતી કરું કે વખતો વખતના સુપ્રીમ કોર્ટના આદેશો પ્રમાણે મારો વિભાગ અને મારા વિભાગના કર્મચારીઓ કામ કરી રહ્યા છે અને જે કહ્યું છે એ પ્રમાણે થઇ જ રહ્યું છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, જામનગર અને દ્વારકા જિલ્લા માટે કૂપોષણ નિવારવા નાગરિકોને સંસ્થાઓ તરફથી લોકભાગીદારી તરીકે કેટલી સહાય મળેલ છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં આ પહેલું રાજય એવું છે અને મહિલા મુખ્યમંત્રી ન હતા ત્યારે પણ બાળકોના પોષણ માટે લાંબો હાથ કરીને અમારા સૌ મંત્રી મંડળના અને સૌ ધારાસભ્યશ્રીઓએ હાથ લાંબો કરીને બાળકો માટે માગ્યું છે. મારે વાત કરવાની છે જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લા માટે જામનગર જિલ્લાના લાભાર્થીઓમાં કૂપોષણ દૂર કરવા માટે સરકારની યોજના ઉપરાંત સ્થાનિક જે કંપનીઓ છે જેવી કે રીલાયન્સ એના ૧૦ લાખ સર્વોદય સંસ્થા ૭૫ હજાર લાયન્સ કલબ ૨૫૦૦૦, જી.એસ.એફ.સી. મોટી ખાવડી ૫૦૦૦૦ તેમજ જિલ્લા પંચાયતના સ્વ ભંડોળમાંથી ચાળીસ હજાર રૂપિયાની રકમની ફાળવણી કરવામાં આવી હતી અને તમામ લાભાર્થીઓને એનો લાભ મળે એના માટેનું સુવ્યવસ્થિત આયોજન પણ કરવામાં આવેલ છે. એક માસથી ૩ વરસ સુધીના બાળકો માટે પોષિત પંજરી જેવા આહારો આપીને ગામે ગામ આ આહાર મળે એના માટેની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. સ્વૈચ્છિક રીતે સેવાઓ આપી શકે એવી કિશોરીઓની ટીમને પણ તૈયાર કરીને આખા જિલ્લાની અંદર પ્રવાસ કરાવવામાં આવે છે. દેવભૂમિ દ્વારકામાં આ કુપોષણ દૂર કરવા માટે એસ્સાર કંપનીએ વીસ લાખ રૂપિયા, કેર્ન ઇન્ડિયાએ દસ લાખ રૂપિયા, ટાટા કેમિકલે પાંચ લાખ રૂપિયા, વરિયા ચેરીટેબલ ટ્રસ્ટ, ભાણવડ તરફથી ૨૦ લાખ રૂપિયા તેમજ જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી દસ હજાર રૂપિયાની ફાળવણી કરી છે. તમામ લાભાર્થીઓ કુપોષણમાંથી મુક્ત થાય એના માટેના પ્રયાસ કર્યા છે, મને કહેતા ખાસ આનંદ થાય છે કે, સખી મંડળની બહેનોએ પણ ૧૨૧ કુપોષિત બાળકોને ગરમ કપડા અને ચંપલ જેવી વસ્તુઓ પણ આપી છે. દ્વારકાની અગ્રવાલ કંપનીએ આરમડા સેકટરમાં અગિયાર હજાર રૂપિયાની કિમતના પીરસવાના સાધનો સરકારે તો આપ્યા જ છે પણ વધારાના એમણે પણ આપ્યા છે. ભાણવડ પાંજરાપોળ, વરિયા ચેરીટેબલ ટ્રસ્ટ, ખંભાળીયા, ભાણવડના ૩૪૫૦ કુપોષિત બાળકોને રૂપિયા ૩.૯૬ લાખના ખર્ચે ગોળ અને પંજરી ૩૦ દિવસ માટે આપવા માટેનું આયોજન કરેલ છે. મારે એ કહેવું છે કે લોકભાગીદારીથી મારા વિભાગના અને સમગ્ર રાજયના તમામ અધિકારીઓએ રાજયના કુપોષિત બાળકોને દત્તક લેવાની સેવા કરી છે. આજે પણ એ સેવા ચાલુ છે. હું મારી સરકારના કર્મયોગી તમામ કર્મચારીઓને આ તબકકે અભિનંદન આપું છું.

શ્રી પરેશ  ધાનાણી : આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, માત્ર દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં ૧૦૩૫૬ જેટલા બાળકો કુપોષિત છે.  માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, રાજ્ય સરકારે સંકલિત બાળ વિકાસ કાર્યક્રમ અંતર્ગત મિશન્ મંગલમ્ યોજનામાં ટેક હોમ રાશન પ્રોગ્રામ શરૂ કર્યો છે.  આ પ્રોજેકટ અંતર્ગત રાજ્યની બાર જેટલા સખી મંડળોને પૌષ્ટિક સુખડી બનાવી અને વિતરણ કરવા માટે ફેબ્રુઆરી, ૨૦૧૪ની અંદર એને વર્ક ઓર્ડર આપી દેવામાં આવ્યો અને ૨૦૧૫માં આ બારેબાર સંસ્થાઓએ એક વરસમાં ૪૦–૫૦ લાખ રૂપિયાનું રોકાણ કર્યું અને ૨૦૧૫માં એ કાર્યક્રમ સ્થગિત કરવા માટેનો હુકમ કર્યો.  આનો એક પ્રોજેકટ જામનગરમાં પણ છે.  મારી વિનંતી એ છે કે આ ટેક હોમ રાશન પ્રોગ્રામ અંતર્ગત જામનગર જિલ્લા સહિત રાજ્યમાં બાર જેટલા સખી મંડળોને આપણે પૌષ્ટિક સુખડી બનાવી અને વિતરણ કરવા માટેનો વર્ક ઓર્ડર આપ્યો હતો એને સ્થગિત કરવાના કારણો શું છે અને આનાથી જે સખી મંડળો ઉપર નાણાકીય ભારણ ઉભું થયું છે તો આને નિવારવા માટે રાજ્ય  સરકારે શું વિચાર્યું છે?

શ્રીમતી વસુબેન ન. ત્રિવેદી :માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વાત એ છે કે જામનગર જિલ્લામાં આવો કોઇ પ્રોજેકટ નથી અને આજે પણ જામનગર જિલ્લામાં ટેક હોમ રાશન પ્રોગ્રામ અંતર્ગત અનાજ આપવામાં આવે જ છે અને એમાંથી નિદર્શક ભોજન તરીકે રાબ અને સુખડી બનાવીને આંગણવાડીના કેન્દ્રો ઉપર આપીએ છીએ.   ૬ થી ૯ વરસના બાળકો માટે અન્ન પ્રાસનની વિધિ પણ કરવામાં આવે છે.   આ કાર્યક્રમ ચાલુ જ છે.

શ્રી પરેશ ધાનાણીઃહું કોઇ ટીકા નથી કરતો પણ મારે એ જાણવું છે કે આ પ્રોજેકટ ચાલુ કરવા માગો છો કે કેમ?

સભાપતિશ્રીઃ માનનીય મંત્રીશ્રી આ પ્રોજેકટ ચાલુ કરવા માગો છો કે કેમ?

શ્રીમતી વસુબેન ન. ત્રિવેદીઃ માનનીય અધ્યક્ષશ્રી, જામનગરમાં તેઓ કહે છે કે એવો કોઇ પ્રોજેકટ સખી મંડળોનો ચાલુ નથી.   ભવિષ્યમાં અમને સુપ્રીમ કોર્ટના જે આદેશ મળશે એ પ્રમાણે અમે એમાં કામ કરીશું.

**રાજકોટ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની તપાસ**

* ૧૪૮૧૪ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ–ગ્રામ્ય) : માનનીય આરોગ્ય  મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)   તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની તપાસ કરવામાં આવી અને તેઓને કઈ કઈ બિમારીઓ જોવા મળી,

**જવાબ**

(૧)   નીચેના પત્રક મુજબ બાળકોની આરોગ્ય તપાસણી કરવામાં આવી, તેઓને પાંડુરોગ, આંત્રકૃમિ, દાંતની તકલીફ, આંખની તકલીફ, કાન–નાક ગળાની તકલીફ, પેટની તકલીફ, ચામડીના રોગ, શ્વસન તંત્રના રોગ તેમજ હૃદય રોગ, કિડની રોગ અને કેન્સર રોગ જેવી બિમારી જોવા મળી.

| **તાલુકાનું નામ** | **બાળકોની સંખ્યા** |
|---|---|
| ધોરાજી | ૨૯૧૧૭ |
| ઉપલેટા | ૩૧૨૪૨ |
| જસદણ | ૬૯૦૭૦ |
| જેતપુર | ૩૯૭૭૨ |
| જામકંડોરણા | ૧૨૩૩૩ |
| મોરબી | ૭૭૯૧૧ |
| માળીયા | ૧૧૬૩૮ |
| રાજકોટ | ૪૩૯૮૬ |
| પડધરી | ૧૪૧૫૫ |
| લોધીકા | ૧૦૩૩૯ |

| | |
|---|---|
| વાંકાનેર | ૩૨૩૩૯ |
| ટંકારા | ૨૨૬૦૬ |
| ગોંડલ | ૪૫૧૧૭ |
| કોટડા | ૨૨૦૪૫ |
| **કુલ** | **૪૬૧૬૭૦** |

(૨) તે પૈકી કેટલા બાળકોને હ્રદયરોગની સારવાર માટે રીફર કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી ૨૭૨ બાળકોને હદય રોગની સારવાર માટે રીફર કરવામાં આવ્યા.

(૩) કેટલાં બાળકોને ચશ્મા આપવામાં આવ્યા ?

(૩) તે પૈકી ૨૧૯૧ બાળકોને ચશ્મા આપવામાં આવ્યા.

શ્રીમતી ભાનુબેન બાબરીયા :માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનો હેતુ શું છે, આ કાર્યક્રમ ક્યારથી અમલમાં આવ્યો અને શાળાઓમાં આ કાર્યક્રમ ક્યારથી ચાલુ કરવામાં આવેલ છે? અને સાથે સાથે એ પણ જાણવા માગું છું કે, જ્યારે આ શાળા આરોગ્ય તપાસણીનો કાર્યક્રમ ચાલતો હોય ત્યારે હૃદય, કિડની અને કેન્સર જેવી ગંભીર બિમારીઓ ધ્યાનમાં આવતી હોય છે તો આ વખતનો જે શાળા આરોગ્ય તપાસણીનો કાર્યક્રમ છે એમાં બોન–મેરો ટ્રાન્સપ્લાન્ટની જે ટ્રીટમેન્ટ આવે છે એનો સમાવેશ કરવામાં આવ્યો છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શાળા આરોગ્ય કાર્યક્રમ કે તેમાં જે રેકર્ડ અમારા વિભાગે આપ્યુ છે તે પ્રમાણે સૌથી પહેલાં ૧૯૦૯માં સર સયાજીરાવ ગાયકવાડે વડોદરા રાજયમાં શરૂ કરેલું. પછી આઝાદી આવી વર્ષો સુધી કોનું શાસન રહ્યું તે આપણે બધા જાણીએ જ છીએ. બાળકોનું શું થયુ, કેવુ થયુ એ આપણે બધા જાણીએ છીએ. ૧૯૯૮માં ગુજરાતમાં ભારતીય જનતા પક્ષની સરકારે સયાજીરાવ ગાયકવાડ પછી ૯૦ વર્ષે ફરીથી શાળા આરોગ્ય કાર્યક્રમ માનનીય આનંદીબહેન જયારે શિક્ષણ મંત્રી હતા ત્યારે આપણે શરૂ કરેલો. અને તેની જે જરૂરિયાત, તેની ઉપયોગીતા અને તેની સફળતા એ ધ્યાનમાં લઇને દર વર્ષે રાજય સરકાર, આરોગ્ય વિભાગ, શિક્ષણ વિભાગ, પંચાયત વિભાગ અને અન્ય વિભાગોના સહયોગથી ગુજરાતની શાળાઓમાં લગભગ જે બાળકો અભ્યાસ કરે છે તેમાંથી ૧ કરોડ ૪૩ લાખ બાળકો જે જુદી જુદી શાળાઓમાં અભ્યાસ કરે છે તેમાં તપાસ કરી ૧ કરોડ ૨૫ લાખ ૬૯૬ બાળકોને શાળાના તબક્કે જ કોઇને બાળરોગ નિષ્ણાતવાળા, કોઇને આંખના નિષ્ણાતવાળા, દાંતના નિષ્ણાત, ચામડીના નિષ્ણાત, કાન નાક ગળાના નિષ્ણાત આવા તબીબો દ્વારા પ્રાયમરી જરૂરિયાત પ્રમાણેની સીએચસી સુધીની સારવાર આપણે આપી અને અગાઉ જે મેં કેન્સર ઇન્સ્ટિટયૂટના પ્રશ્નમાં કહ્યું હતુ તે પ્રમાણે કોઇ ગંભીર બિમારીવાળા બાળકો હોય તો રાજય સરકારના સો ટકા ખર્ચે મંજૂર કરેલા તમામ રોગોની સારવાર ગુજરાતમાં ઉપલબ્ધ છે. એમાં ૮ થી ૧૦ લાખ રૂપિયાનો એક બાળક દીઠ ખર્ચ થાય એવુ કોઇ બિમાર બાળક હોય તો પણ તેને આપણે સો ટકા રાજય સરકારના ખર્ચે સારવાર કરીએ છીએ. જેમાં કિડનીના દર્દી આવી જાય, કેન્સર, હૃદયરોગ, હૃદયના વાલ એ પ્રમાણે આપણે કરીએ છીએ. ગયા વર્ષે અમે જે ઉમેરો કર્યો કે જે બહેરા બાળકો હોય, જન્મથી જ બહેરા હોય એને કોકિલયર રિપ્લાન્ટનું આધુનિક ઓપરેશન કરીએ તો બાળક સાંભળતો થાય અને બોલતો પણ થાય. એનો ખર્ચો લગભગ ૮ લાખ રૂપિયા એક બાળક દીઠ આવે છે તો ૮ લાખનો ખર્ચો પણ સો ટકા રાજય સરકારના ખર્ચે આપણે કરીએ છીએ. આ વખતે એક ઉમેરો પણ અમે એમાં કર્યો કે સિકલસેલ અને થેલેસેમિયાના જે બાળક દર્દી હોય એને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ કરીએ તો શકય છે કે બાળકનું આયુષ્ય આપણે લંબાવી શકીએ. બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ આપણી જે કેન્સર ઇન્સ્ટિટયૂટ, અમદાવાદમાં છે ત્યાં થાય છે. એક ઓપરેશનનો ખર્ચ ૮ લાખથી માંડીને ૧૫ લાખ સુધી આવે છે અને આ વખતે આપણે એ પણ ઉમેરો કર્યો છે કે જેને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ જરૂર પ્રમાણે કરવાની કેન્સર ઇન્સ્ટિટયૂટના નિષ્ણાતો, ડોકટરો સલાહ આપશે તે બાળકનો સો ટકા રાજય સરકારના ખર્ચે બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ પણ આપણે કરી આપીશું.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જે વાત કરી કિડની હોસ્પિટલની આ જે શાળા આરોગ્ય તપાસણી દરમિયાન જે બાળકોને કિડની હોસ્પિટલમાં લઇ જવામાં આવે છે પણ સાહેબ ત્યાં યૂમેન એલબી ૨૦ ટકા તે ગોળી હાલ અત્યારે ઉપલબ્ધ નથી. મારા મત વિસ્તારની એક બાળકી માટે સાહેબ આજે સવારે જ મારે ફોન ઉપર વાત થઇ આ દવા બોમ્બેથી મંગાવવી પડી. તો આ દવા તાત્કાલિક ઉપલબ્ધ થાય તેવું આયોજન સરકાર કરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વાત કરી છે, હું ચોક્કસ જોવડાવી લઇશ અને આપણાં ધોરણો પ્રમાણે બધી જ મદદ કરીશ.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, મોરબી જિલ્લામાં જે તપાસના આધારે ૨૭૨ જેટલાં દર્દીઓ કે જે હૃદયરોગના હતા તે મળી આવ્યા અને ૨૧૯૧ જે વિદ્યાર્થીઓ મળ્યા કે જેની સારવાર માટે પહેલાં તો હું મંત્રીશ્રીને અભિનંદન આપું કે હમણાં જ કહ્યું કે આવો શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ જે કર્યો તેને અભિનંદન આપું છું. બીજી જે વાત છે કે આ યોજનામાં નવી નવી..

સભાપતિશ્રી **: પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.**

# અતારાંકિત પ્રશ્નો

તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### માતા મૃત્યુદરમાં ઘટાડો

* ૧૪૮૪૧ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ માતા મૃત્યુદરમાં ઘટાડો થયેલ છે તે હકીકત સાચી છે. | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૦૧ માં આ દર કેટલો હતો, અને | (૨) સેમ્પલ રજીસ્ટ્રેશન સીસ્ટમ (એસઆરએસ) ૨૦૦૧–૨૦૦૩ મુજબ ૧૭૨ પ્રતિ એક લાખ જીવીત જન્મે હતો. |
| (૩) ઉકત સ્થિતિએ કેટલો ઘટાડો થયેલ છે ? | (૩) ઉકત સ્થિતિએ સેમ્પલ રજીસ્ટ્રેશન સીસ્ટમ (એસઆરએસ) ૨૦૧૧–૧૩ મુજબ માતા મૃત્યુદર ૧૧૨ થયેલ છે તેથી ૬૦ નો ઘટાડો થયેલ છે. |

### સાંઠોદ–ચાણોદ રસ્તાને પહોળો કરવા બાબત

* ૧૪૭૧૯ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના ચાણોદ યાત્રાધામને જોડતાં સાંઠોદ–ચાણોદ રસ્તાને પહોળો કરવાની કામગીરી તા. ૩૧–૧–૧૫ ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) વર્કઓર્ડર આપેલ છે. કામગીરી પ્રગતિમાં છે. |
| (૨) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ અંદાજેલ છે? | (૨) રૂ.૧૫૦૦ લાખ. |

---------

### શાસ્ત્રીય સંગીત કલા વારસાના જતનની કામગીરી બાબત

* ૧૪૭૮૭ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યના અમુલ્ય શાસ્ત્રીય સંગીત કલા વારસાના જતન અને વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કામગીરી કરવામાં આવી ? | રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા રાજ્યના અમૂલ્ય શાસ્ત્રીય સંગીત કલા વારસાના જતન અને વિકાસ તેમજ ઉત્તેજન માટે તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની પ્રવૃત્તિઓની |

કામગીરી કરવામાં આવેલ છે.

શાસ્ત્રીય સંગીત મહોત્સવ, આદિત્યરામજી શાસ્ત્રીય સંગીત મહોત્સવ, તાનારીરી શાસ્ત્રીય સંગીત મહોત્સવ, પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત મહોત્સવ, પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત સ્પર્ધા, પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત સમારોહ, બૈજુ શાસ્ત્રીય સંગીત સમારોહ, મહિલા શાસ્ત્રીય સંગીત મહોત્સવ, તાનારીરી શાસ્ત્રીય સંગીત સન્માન એવોર્ડ ૨૦૧૨ અને ૨૦૧૩ પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત સન્માન એવોર્ડ ૨૦૧૨ અને ૨૦૧૩.

---------

**માણસા અને કલોલ તાલુકાના રસ્તાઓની નવીનીકરણની દરખાસ્તો**

* ૧૪૬૨૫ **શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના માણસા અને કલોલ તાલુકાના કેટલાં ગામોના રસ્તાઓ માટે નવિનીકરણ, રિકાર્પેટ માટે તાલુકા વાઈઝ દરખાસ્તો વિભાગને મળી,

(૨) તે પૈકી કેટલા રસ્તાઓના જોબ–નંબર ફાળવવામાં આવેલ છે અથવા કામગીરીમાં છે, અને

(૩) તાલુકાવાઈઝ રસ્તાની લંબાઈ કુલ કેટલા કિ.મી. છે અને બાકી રહેતા રસ્તાના કામો કયારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) માણસા તાલુકાના ૭૧ ગામોના ૫૮ રસ્તાઓ કલોલ તાલુકાના ૪૭ ગામોના ૩૪ રસ્તાઓ.

(૨) ૨૫ રસ્તાઓને જોબનંબર ફાળવવામાં આવેલ છે.
માણસા તાલુકાના ૧૧ રસ્તાઓ
કલોલ તાલુકાના ૧૪ રસ્તાઓ.
કુલ– ૨૫ રસ્તાઓ.

(૩) માણસા – ૨૨૦.૫૫ કિ.મી.
કલોલ – ૨૯૨.૯૧ કિ.મી.
બાકીના રસ્તાઓ વાહનવ્યવહાર યોગ્ય છે.

---------

**બગોદરા–વાસદ હાઈવેને સીકસલેન બનાવવાની કામગીરી**

* ૧૩૭૧૫ **શ્રી પૂનમભાઇ મા. પરમાર(સોજીત્રા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ બગોદરા–વાસદ હાઈવે રોડ સીકસલેન બનાવવાનું કામ બંધ થઈ ગયેલ છે તે હકીકત સાચી છે અને જો હા, તો તેના શા કારણ છે,

(૨) આ રસ્તાના કામમાં રોકાયેલ કોન્ટ્રાકટરને થયેલ કામના બીલોના નાણા સમયસર નહીં ચૂકવવાને લીધે કોન્ટ્રાકટરોએ કામ બંધ કર્યુ છે એ હકીકત સાચી છે, અને

(૩) સરકાર આ રસ્તા ઉપર રોજબરોજ થતા અકસ્માતો ધ્યાનમાં લઈ આ રોડના નવીનિકરણનું કામ ક્યાં સુધીમાં પુરૂ કરવા માંગે છે ?

**જવાબ**

(૧) ના, જી. કન્સેશનર દ્વારા કામ પ્રગતિ હેઠળ છે.

(૨) ના, જી. બી.ઓ.ટી. ધોરણે બનતા પ્રોજેકટમાં કન્સેશનરને સરકારે કોઈ રકમ ચૂકવવાની હોતી નથી તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) કન્સેશનરને વધારી આપેલ સમયમર્યાદામાં કામ પૂર્ણ કરાવવા સરકાર પ્રયત્નશીલ છે.

---------

**ભિલોડા અને મેઘરજ તાલુકાના પ્લાન અને નોન પ્લાન રસ્તાના પેવર કામ**

* ૧૪૪૩૮ **ડાૅ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ૧૦ વર્ષથી પેવર કામ ન કરેલ હોય એવા અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકાના ક્યા ક્યા પ્લાન અને નોન–પ્લાન રસ્તાઓ છે,

**જવાબ**

(૧) પરિશિષ્ટ–૧ મુજબ.

**પરિશિષ્ટ–૧**

| તાલુકો | રસ્તાનું નામ |
|---|---|
| ૧ | ૨ |
| **પ્લાન રસ્તાઓ** | |

| | |
|---|---|
| ભિલોડા | પહાડા આંબાબાર રોડ |
| ભિલોડા | વસાઈ એપ્રોચ રોડ |
| ભિલોડા | વેજપરુ એપ્રોચ રોડ |
| ભિલોડા | મલેકપુર–કિશનગઢ રોડ |
| ભિલોડા | માંકડી–ફતેપુર–મેડીટીંબા રોડ |
| **નોન પ્લાન રસ્તાઓ** | |
| ભિલોડા | જાબ ઠાકરડાંવાસ એપ્રોચ રોડ |
| ભિલોડા | જાબચિતરીયા રંગપુર રોડ |
| ભિલોડા | બુધરાસણ સાંધાવાળી મહુડી રોડ |
| ભિલોડા | પાદરા ટાકાટુકા ઘાટાના કંડ રોડ |
| ભિલોડા | લીલછા નવાભવનાથ (રાણી તળાવ) રોડ |
| ભિલોડા | મઠ ટાકાટુકા એપ્રોચ રોડ |
| ભિલોડા | વેજપુર ઠાકોરવાસ ટુ વાઘેશ્વરી ફળી રોડ |
| મેઘરજ | કસાણા ઓઢા લખીપુર રોડ |
| મેઘરજ | રોલેશ્વર મહાદેવ રોડ |
| મેઘરજ | શાંન્તીપુરાકંપા કમરોડા રોડ |
| મેઘરજ | બેલ્યો ડી.ડી.પટેલ ફાર્મ રોડ |

(૨) આ રસ્તાઓ પેવર ન થવાના કારણો શા છે, અને

(૨) રસ્તાઓ હાલમાં વાહનવ્યવહાર લાયક છે.

(૩) આ રસ્તાઓ પેવર કરવા માટે ક્યાં સુધીમાં ગ્રાન્ટ ઉપલબ્ધ થશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### ભાવનગર જિલ્લામાં ફાળવેલ ૧૦૮ એમ્બ્યુલન્સ

* ૧૪૮૦૫ **શ્રી શીવાભાઇ જે. ગોહિલ(તળાજા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે ભાવનગર જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ ફાળવેલ છે, અને

(૧) ૨૨ (બાવીસ).

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ સેવાઓનો કેટલા દર્દીઓને લાભ આપવામાં આવેલ છે ?

(૨) ૭૬,૦૧૫ (છોતેર હજાર પંદર)

---------

### રાજ્યમાં આવેલ સરકારી આયુર્વેદ કોલેજો

* ૧૪૮૧૮ **શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી સરકારી આયુર્વેદ કોલેજો આવેલ છે,

(૧) ૪

(૨) તે કોલેજોમાં વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં ભારત સરકારના આયુષ વિભાગ તરફથી કુલ કેટલી અનુસ્નાતક કક્ષાની બેઠકો મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) ૨૧

(૩) કઈ કોલેજો ખાતે કેટલી બેઠકો મંજૂર થયેલ છે ?

(૩) અખંડાનંદ સરકારી આયુર્વેદ કોલેજ, અમદાવાદ ખાતે કુલ–૨૧ બેઠકો મંજૂર થયેલ છે.

---------

### મહેસાણા જિલ્લામાં જનરલ હોસ્પિટલ, સામૂહિક અને પ્રાથમિક તથા પેટા આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ

* ૧૪૭૫૮ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા

(૧), (૨) અને (૩) : પત્રક–અ, બ, ક, ડ મુજબ.

જિલ્લામાં આવેલ જનરલ હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પેટા આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે, અને

(૩) સંવર્ગવાર કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે તથા આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. વર્ગ–૩ અને ૪ ની જગાઓ પર જરૂરત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**દાહોદ જિલ્લામાં ચિરંજીવી યોજનાના લાભાર્થીઓ**

* ૧૪૭૯૪ **શ્રી વીછીયાભાઇ જો. ભુરીયા (લીમખેડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને

(૨) કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | લાભાર્થી |
|---|---|
| ૨૦૧૩ | ૧૧,૫૭૯ |
| ૨૦૧૪ | ૧૪,૯૦૪ |

(૨)

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૩ | રૂ.૩,૨૭,૪૧,૫૨૦/– |
| ૨૦૧૪ | રૂ.૫,૪૪,૦૪,૮૪૪/– |

---------

**ભાવનગર જિલ્લામાં ફાળવેલ ૧૦૮ એમ્બ્યુલન્સ**

* ૧૪૮૩૧ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે ભાવનગર જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ ફાળવેલ છે, અને

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ સેવાઓનો કેટલા દર્દીઓને લાભ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૨૨ (બાવીસ).

(૨) ૭૬,૦૧૫ (છોતેર હજાર પંદર)

---------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં સ્વાઈન ફ્લુના નોંધાયેલ કેસો**

* ૧૪૬૫૧ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેટલા કેસ છેલ્લા બે વર્ષમાં માસવાર નોંધાયા,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લાના સ્વાઈન ફ્લુના કેસ નીચે મુજબ છે.

| ક્રમ | માસ | કેસ ૨૦૧૩ | | કેસ ૨૦૧૪ | |
|---|---|---|---|---|---|
| | | શહેર | જિલ્લો | શહેર | જિલ્લો |
| ૧ | જાન્યુઆરી | ૩ | ૧ | ૦ | ૦ |
| ૨ | ફેબ્રુઆરી | ૩૨ | ૧ | ૦ | ૦ |
| ૩ | માર્ચ | ૯૩ | ૯ | ૩ | ૦ |
| ૪ | એપ્રિલ | ૪૨ | ૨ | ૨ | ૦ |
| ૫ | મે | ૦ | ૦ | ૧ | ૦ |
| ૬ | જુન | ૦ | ૦ | ૧ | ૦ |
| ૭ | જુલાઈ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૮ | ઓગસ્ટ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૯ | સપ્ટેમ્બર | ૨ | ૦ | ૧ | ૦ |
| ૧૦ | ઓકટોબર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | નવેમ્બર | ૦ | ૦ | ૦ | ૦ |

(૨) તે પૈકી કોઈ વ્યકિતઓના મૃત્યુ થયા હોય તો માસવાર કેટલી વ્યકિતઓના મૃત્યુ થયા, અને

(૨)

| ક્રમ | માસ | મરણ ૨૦૧૩ | | મરણ ૨૦૧૪ | |
|---|---|---|---|---|---|
| | | શહેર | જિલ્લો | શહેર | જિલ્લો |
| ૧ | જાન્યુઆરી | ૧ | ૦ | ૦ | ૦ |
| ૨ | ફેબ્રુઆરી | ૧૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | માર્ચ | ૧૩ | ૧ | ૦ | ૦ |
| ૪ | એપ્રિલ | ૭ | ૧ | ૧ | ૦ |
| ૫ | મે | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | જુન | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | જુલાઈ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | ઓગસ્ટ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૯ | સપ્ટેમ્બર | ૨ | ૦ | ૧ | ૦ |
| ૧૦ | ઓકટોબર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | નવેમ્બર | ૦ | ૦ | ૦ | ૦ |

(૩) સ્વાઈન ફ્લુને અટકાવવા રાજ્ય સરકારે શાં પગલાં લીધા ?

(૩) સ્વાઈન ફ્લુ રોગચાળાને કાબુમાં લેવા સરકારશ્રી દ્વારા નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે.

- રાજ્યની દરેક સીવીલ હોસ્પિટલોમાં ઈન્ફ્લ્યુએન્ઝા– એ (એચ૧એન૧) ના કેસોની સારવાર માટે વેન્ટીલેટર, કાર્ડિયાક મોનીટર જેવા અદ્યતન ઉપકરણો સાથેના ઈન્ટેન્સીવ કેર યુનિટ અને આઇસોલેશન વોર્ડની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- રોગના ત્વરીત અને વિનામૂલ્યે નિદાન માટે રાજ્યમાં ત્રણ ઉચ્ચસ્તરની સરકારી લેબોરેટરીઓ ખાતે સેવા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- ઈન્ફ્લ્યુએન્ઝા–એ (એચ૧એન૧) ના પોઝીટીવ કેસ તેમજ ચિન્હો ધરાવતા કોન્ટેકટને એન્ટીવાયરલ દવાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે.
- ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યમાં માન્યતા પ્રાપ્ત પ્રાઈવેટ મેડીકલ સ્ટોર્સમાં પણ આ દવાનો પુરતો જથ્થો ઉપલબ્ધ કરેલ છે. આ સ્ટોર્સની માહિતી વેબસાઈટ પર મુકેલ છે.
- તમામ સરકારી આરોગ્ય સંસ્થામાં રોગનું પ્રસરણ અટકે તે માટે લેવાના થતાં પગલાંઓની જાણકારી આપવામાં આવે છે. સરળ ભાષામાં જાહેર જનતાએ કરવાની થતી તકેદારી માટેનું સાહિત્ય પણ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- ભારત સરકારશ્રીના માર્ગદર્શન સાથેનું મેન્યુઅલ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. સંલગ્ન દરેક હિતધારકોને તેની નકલ પહોંચાડવામાં આવી છે. આ ઉપરાંત આ મેન્યુઅલને આરોગ્ય વિભાગની વેબસાઈટ પર મુકવામાં આવેલ છે.
- આઈ.એમ.એ. ના સભ્યો સાથે જિલ્લા કક્ષાએ નિયમિત મીટીંગો કરી રોગ નિયંત્રણ–અટકાયત બાબતે માર્ગદર્શન આપવામાં આવેલ છે.

- અગ્ર સચિવશ્રી, જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે વિભાગીય નાયબ નિયામકશ્રી, તમામ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી અને તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય અધિકારીશ્રીઓની મીટીંગમાં ઈન્ફ્લ્યુએન્ઝા-એ (એચ૧એન૧) ની પરિસ્થિતિનો સવિસ્તાર સમીક્ષા કરી.
- રાજ્યના આ વિષયના નિષ્ણાંત તબીબો, પ્રાઈવેટ હોસ્પિટલના ક્રિટીકલ કેરના સુપર સ્પેશિયાલીસ્ટ ડોકટરો, કોર્પોરેટ પ્રાઈવેટ હોસ્પિટલોના પ્રતિનિધિઓ, ઈન્ડીયન મેડીકલ એસોશીયેશનના પ્રતિનિધિ તેમજ અન્ય સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ સાથે બેઠકમાં સર્વગ્રાહી સમિક્ષા દ્વારા આઈ.ઈ.સી. ટ્રીટમેન્ટ ગાઈડ લાઈન અપડેટ કરી રોગ નિયંત્રણ કામગીરી વેગવંત કરેલ છે.
- માન.મંત્રીશ્રી, આરોગ્ય અને પ.ક. ની અધ્યક્ષતામાં રાજ્યમાં સ્વાઈન ફલુની પ્રવર્તમાન પરિસ્થિતિની સમીક્ષા માટે ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા આ ક્ષેત્રના ખાનગી નિષ્ણાંત તબીબો સાથે મીટીંગ કરવામાં આવી. જેમાં રોગચાળા અટકાયત માટે વિચાર વિમર્શ કરી આયોજન કરવામાં આવ્યું.

---------

**માતા મૃત્યુદરમાં ઘટાડો**

* ૧૪૮૨૩ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૧-૧૫ની સ્થિતિએ માતા મૃત્યુદરમાં ઘટાડો થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૦૧ માં આ દર કેટલો હતો, અને | (૨) સેમ્પલ રજીસ્ટ્રેશન સીસ્ટમ (એસઆરએસ) ૨૦૦૧-૨૦૦૩ મુજબ ૧૭૨ પ્રતિ એક લાખ જીવીત જન્મે હતો. |
| (૩) ઉકત સ્થિતિએ કેટલો ઘટાડો થયેલ છે ? | (૩) ઉકત સ્થિતિએ સેમ્પલ રજીસ્ટ્રેશન સીસ્ટમ (એસઆરએસ) ૨૦૧૧-૧૩ મુજબ માતા મૃત્યુદર ૧૧૨ થયેલ છે. તેથી ૬૦ નો ઘટાડો થયેલ છે. |

---------

**રાજ્યમાં આવેલ સરકારી આયુર્વેદ કોલેજો**

* ૧૪૭૯૩ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી સરકારી આયુર્વેદ કોલેજો આવેલ છે, | (૧) ૪ |
| (૨) તે કોલેજોમાં વર્ષ ૨૦૧૪-૧૫ માં તા.૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં ભારત સરકારશ્રીના આયુષ વિભાગ તરફથી કુલ કેટલી અનુસ્નાતક કક્ષાની બેઠકો મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૨૧ |
| (૩) કઈ કોલેજો ખાતે કેટલી બેઠકો મંજૂર થયેલ છે ? | (૩) અખંડાનંદ સરકારી આયુર્વેદ કોલેજ, અમદાવાદ |

ખાતે કુલ–૨૧ બેઠકો મંજૂર થયેલ છે.

---------

**પાલનપુર ખાતે રમતગમત સંકુલ બનાવવા બાબત**

* ૧૪૮૯૨ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય રમતગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર ખાતે આધુનિક રમતગમત સંકુલ બનાવવાનું સરકારનું શું આયોજન છે. | (૧) પાલનપુરના ધનિયાણા ચોકડી મુકામે રમતગમત સંકુલ કાર્યરત છે. જેમાં ખેલકૂદ, વોલીબોલ, ખો–ખો, કબડ્ડી મેદાનોની સુવિધા ઉપલબ્ધ છે. |
| (૨) આ સંકુલનું કામ તા. ૩૧–૧–૧૫ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૨) આ સંકુલનું કામ માર્ગ અને મકાન વિભાગ દ્વારા પૂર્ણ કરવામાં આવતાં તા. ૨૬–૮–૧૩ના રોજ તેનો કબજો મેળવવામાં આવેલ છે. |
| (૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ખેડા જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ**

* ૧૩૫૬૬ **શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે અને તેના કારણો શા છે, અને | (૧) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મહેકમ અંગે *પત્રક–અ અને સામુહિક આરોગ્ય કેન્દ્રના મહેકમ અંગે *પત્રક–બ સામેલ છે.<br>–પસંદગી પામેલા ઉમેદવારોને પસંદગી મુજબનું સ્થળ ન મળતા હાજર ન થતાં હોઈ કેટલાક કિસ્સાઓમાં જગા ખાલી રહેવા પામે છે. |
| (૨) આ ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શાં પગલાં લીધા? | (૨) વર્ગ–૧ અને વર્ગ–૨ ની જગાઓ દર અઠવાડિયે વોક ઈન ઈન્ટરવ્યુ દ્વારા ભરવાનું આયોજન કરવામાં આવે છે. વર્ગ–૩ અને ડ્રાઈવરની જગાઓ પંચાયત સંવર્ગની હોઈ ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા લઈ ભરવાની કાર્યવાહી સમયાન્તરે કરવામાં આવે છે. વર્ગ–૩ અને ૪ ની જગાઓ પર જરૂરત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**પાંડરવાડા લંભુ કાલીચા કુવા રોડનું રીકાર્પેટીંગ**

* ૧૩૯૧૪ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાં આવેલ પાંડરવાડા લંભુ કાલીચા કૂવા રોડ બે જિલ્લા અને બે રાજ્યોને જોડતો અતિ મહત્વનો રોડ છે, આ રસ્તાની હાલત ઘણી ખરાબ છે તે સરકારની જાણમાં છે, અને | (૧) રસ્તો વાહન વ્યવહાર લાયક છે. |
| (૨) જો હા, તો આ રસ્તાનું રીકાર્પેટીંગ સરકાર ક્યાં સુધીમાં કરવા માગે છે? | (૨) તાંત્રિક જરૂરીયાત ધ્યાને લઈને વિચારણા કરવામાં આવશે. |

---------

**રાજ્યમાં આવેલ સરકારી આયુર્વેદ કોલેજો**

* ૧૪૭૯૬ **શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા(સુરત–પૂર્વ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી સરકારી આયુર્વેદ કોલેજો આવેલ છે.

(૨) તે કોલેજોમાં વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં ભારત સરકારશ્રીના આયુષ વિભાગ તરફથી કુલ કેટલી સ્નાતક કક્ષાની બેઠકો મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) કઈ કોલેજો ખાતે કેટલી બેઠકો મંજૂર થયેલ છે?

**જવાબ**

(૧) ૪

(૨) ૧૮૦

(૩)

| **કોલેજ** | **મંજુર બેઠકો** |
|---|---|
| અમદાવાદ | ૭૫ |
| વડોદરા | ૩૫ |
| ભાવનગર | ૩૫ |
| જુનાગઢ | ૩૫ |

---------

**ખેડા જિલ્લામાં સી.એમ. સેતુ અંતર્ગત તજજ્ઞોની નિમણૂંક**

* ૧૪૮૦૩ **શ્રી કેસરસિંહ જે. સોલંકી (માતર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં સી. એમ. સેતુ અંતર્ગત તજજ્ઞોની નિમણૂંક આપાયેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ સંસ્થાવાર કયા પ્રકારના તજજ્ઞો ફરજ બજાવે છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ સંસ્થાવાર ફરજ બજાવતા તજજ્ઞોની વિગતો નીચે મુજબ છે.

| | **હોસ્પિટલનું નામ** | **તજજ્ઞનો પ્રકાર** |
|---|---|---|
| ૧ | જનરલ હોસ્પિટલ, નડીયાદ | ફીઝીશીયન<br>ડર્મેટોલોજીસ્ટ |
| ૨ | સા.આ.કેન્દ્ર, ડાકોર | જનરલ સર્જન |
| ૩ | સા.આ.કેન્દ્ર, કઠલાલ | બાળરોગ<br>નિષ્ણાંત |
| ૪ | સા.આ.કેન્દ્ર, ઠાસરા | જનરલ સર્જન |
| ૫ | સા.આ.કેન્દ્ર, હલધરવાસ | જનરલ સર્જન |
| ૬ | સા.આ.કેન્દ્ર, અલીન્દ્રા | ગાયનેકોલોજીસ્ટ |
| ૭ | સા.આ.કેન્દ્ર, માતર | બાળરોગ<br>નિષ્ણાંત |
| ૮ | સા.આ.કેન્દ્ર, મહુધા | ગાયનેકોલોજીસ્ટ |

---------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સરકારી દવાખાનાઓ અને આયુર્વેદિક દવાખાનાઓમાં મંજૂર મહેકમ**

* ૧૪૬૩૮ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં સરકારી દવાખાના તેમજ આયુર્વેદિક દવાખાનાઓમાં તાલુકાવાર સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ખાલી રહેલ જગ્યાઓના કારણો શાં છે, અને

**જવાબ**

(૧) સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં સરકારી દવાખાનાની વિગત અનુક્રમે સામેલ *પત્રક–૧ અને ૨ મુજબ આયુર્વેદિક દવાખાનાઓની વિગત અનુક્રમે સામેલ *પત્રક–૩ અને ૪ મુજબ

(૨) સરકારી દવાખાનાઓ માટે યોગ્ય લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ ન થવાને કારણે અને આયુર્વેદિક દવાખાનાઓમાં બદલી તથા નિવૃતીના કારણે

| | |
|---|---|
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યારે અને ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | જગાઓ ખાલી રહેવા પામેલ છે. (૩) ભરતી નિયમો મુજબની લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**કાકોશી ગામે રીંગ રોડ બનાવવા બાબત**

* ૧૩૯૮૧ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારને સિધ્ધપુર તાલુકાના કાકોશી ગામે ચૌતરફ રીંગ રોડ બનાવવા માટે તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ કોઈ રજૂઆત કે દરખાસ્ત મળી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારે અને આ અંગે ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) તા. ૧૦–૬–૨૦૧૪, નોન પ્લાન રસ્તો હોઈ, આંતરિક અગ્રતાક્રમ અને તાંત્રિક જરૂરીયાત અનુસાર વિચારણા હાથ ધરવામાં આવશે. |

---------

**પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં મેડીકલ કોલેજ બનાવવા અંગે**

* ૧૪૨૬૩ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં મેડીકલ કોલેજ બનાવવા માટે કોઈ આયોજન છે કે વિચારણા ચાલે છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ જીલ્લામાં કેન્દ્રીય યોજના અંતર્ગત નવી મેડીકલ કોલેજની દરખાસ્ત વિચારણા હેઠળ છે. |
| (૨) જો હા, તો સદરહુ આયોજન કે વિચારણા કયા તબક્કે છે અને કઈ જગ્યાએ સરકાર મેડીકલ કોલેજ બનાવવા માંગે છે? | (૨) ગોધરા ખાતેની દરખાસ્ત કેન્દ્ર સરકારને વિચારણા અર્થે સાદર કરેલ છે. |

---------

**વ્યારા તાલુકામાં જનરલ હોસ્પિટલમાં સીટીસ્કેન મશીનની સુવિધા**

* ૧૪૧૩૬ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ તાપી જિલ્લાના વ્યારા તાલુકામાં આવેલ જનરલ હોસ્પિટલમાં સીટીસ્કેન મશીન નથી તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ સીટીસ્કેન મશીન કેટલા સમયમાં મૂકવાનું સરકારનું આયોજન છે? | (૨) હાલમાં કોઈ આયોજન નથી. |

---------

**અખિલ ગુજરાત ગીરનાર આરોહણ સ્પર્ધા પાછળ ખર્ચ**

* ૧૪૭૮૫ **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જૂનાગઢ) : માનનીય રમતગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અખિલ ગુજરાત ગીરનાર આરોહણ–અવરોહણ સ્પર્ધામાં કેટલા યુવક / યુવતીઓએ ભાગ લીધો, અને | (૧) |

| વર્ષ | ભાઈઓ | બહેનો | કુલ |
|---|---|---|---|
| ૨૦૧૨–૧૩ | ૮૪૨ + | ૧૯૧ | =૧૦૩૩ |
| ૨૦૧૩–૧૪ | ૭૯૦ + | ૨૦૪ | = ૯૯૪ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તેમની પાછળ કુલ કેટલો ખર્ચ થયો? | (૨) વર્ષ ૨૦૧૨–૧૩ ` ૭,૫૦,૦૦૦/-<br>વર્ષ ૨૦૧૩–૧૪ ` ૮,૭૨,૨૩૮/-<br>કુલ ખર્ચ ` ૧૬,૨૨,૨૩૮/- |

---------

**અંકલેશ્વર-ભરૂચ વચ્ચે નર્મદા નદી ઉપર ચાર માર્ગીય પુલની કામગીરી**

* ૧૪૭૨૦ **શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અંકલેશ્વર-ભરૂચ વચ્ચે જુનાં નેશનલ હાઈવે ઉપર નર્મદા નદી ઉપર નવા ચાર માર્ગીય પુલ બનાવવાની તા. ૩૧-૧-૧૫ની સ્થિતિએ ક્યાં કામગીરી કયા તબક્કે છે, અને

(૨) આ પુલનાં બાંધકામ માટે કેટલો ખર્ચ થશે ?

**જવાબ**

(૧) ટેન્ડર પ્રક્રિયા હેઠળ.

(૨) અંદાજે રૂા. ૪૦૧.૭૦ કરોડ.

---------

**અમદાવાદમાં કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ ખાતે અપાતી તબીબી સેવાઓ**

* ૧૪૭૯૧ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧/૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ ખાતે આવેલ કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ ખાતે કયા કયા પ્રકારની તબીબી સેવાઓ આપવામાં આવે છે, અને

(૨) આ સુવિધાઓનો લાભ રાહત દરે તેમજ વિનામૂલ્યે કોને કોને આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧/૧/૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ ખાતે આવેલ કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ ખાતે કેન્સરના રોગો માટે નિદાન, સારવાર વિગેરે દરેક પ્રકારની સેવાઓ જેવી કે સર્જરી, કીમીયોથેરાપી, રેડીયોથેરાપી તથા અન્ય અનુસંગીક તબીબી સેવાઓ આપવામાં આવે છે.

(૨) નીચે જણાવ્યા પ્રમાણેના દર્દીઓને વિનામૂલ્યે આ સુવિધાનો લાભ આપવામાં આવે છે.

(૧) ૧૮ વર્ષથી નીચેની ઉંમરના બાળકો
(૨) અનુસૂચિત જનજાતિના દર્દીઓ
(૩) બી.પી.એલ. દર્દીઓ
(૪) વાર્ષિક રૂા. ૧.૨૦ લાખ સુધીની આવક ધરાવતા કુટુંબની મહિલાઓ અને પરિવારના ૨૧ વર્ષ સુધીના બાળકો
(૫) વાર્ષિક રૂા. ૫૦,૦૦૦ સુધીની આવક ધરાવતા અનુસૂચિત જાતિના દર્દીઓને આપવામાં આવે છે.

તેમજ વાર્ષિક રૂા. ૨ લાખ સુધીની આવક ધરાવતાં કુટુંબના દર્દીઓ અને વાર્ષિક રૂા. ૫૦,૦૦૦થી વધારે આવક ધરાવતા અનુસૂચિત જાતિના દર્દીઓને ૫૦ ટકાના દરે રાહત આપવામાં આવે છે.

---------

**હિંમતનગરથી અંબાજી સ્ટેટ હાઈવેને ફોરલેન કરવા બાબત**

* ૧૪૫૭૩ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ હિંમતનગરથી અંબાજી સુધીના સ્ટેટ હાઈવે રસ્તાને ફોરલેન બનાવવાની કામગીરી કયા તબક્કે છે, અને

(૨) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) : હાલ કોઈ આયોજન ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં રસ્તાઓને રીસરફેસીંગ કરવા બાબત**

* ૧૪૮૮૯ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા અને કયા કયા પંચાયત અને સ્ટેટ હસ્તકના રસ્તાઓને છેલ્લા બે

**જવાબ**

(૧) **સાબરકાંઠા જિલ્લો :**

| તાલુકા | રાજ્ય | પંચાયત | કુલ |
|---|---|---|---|
| હિંમતનગર | ૩ | ૨૦ | ૨૩ |

વર્ષમાં રીસરફેસીંગ કરવામાં આવ્યા,

| | | | |
|---|---|---|---|
| ઈડર | ૪ | ૨૩ | ૨૭ |
| વડાલી | ૩ | ૫ | ૮ |
| પ્રાંતિજ | ૪ | ૧૧ | ૧૫ |
| તલોદ | ૫ | ૫ | ૧૦ |
| ખેડબ્રહ્મા | ૪ | ૧૫ | ૧૯ |
| વિજયનગર | ૫ | ૧૮ | ૨૩ |
| પોશીના | ૧ | ૦ | ૧ |

**અરવલ્લી જિલ્લો :**

| **તાલુકા** | **રાજ્ય** | **પંચાયત** | **કુલ** |
|---|---|---|---|
| મોડાસા | ૭ | ૨૧ | ૨૮ |
| બાયડ | ૧ | ૨૬ | ૨૭ |
| ભિલોડા | ૯ | ૨૩ | ૩૨ |
| મેઘરજ | ૧૪ | ૯ | ૨૩ |
| માલપુર | ૨ | ૬ | ૮ |
| ધનસુરા | ૭ | ૧૮ | ૨૫ |

*પરિશિષ્ટ–૧ મુજબ

(૨) તે પૈકી બાયડ અને માલપુર તાલુકામાં કુલ કેટલા અને ક્યાં રસ્તાઓ છેલ્લા સાત વર્ષ કરતાં પણ વધુ સમયથી પંચાયત હસ્તકના રીસરફેસીંગ થયેલ નથી, અને

(૨) *પરિશિષ્ટ–૨ મુજબ

(૩) આ રસ્તાઓની કેટલા સમયમાં રીસરફેસીંગની કામગીરી કરવામાં આવનાર છે ?

(૩) રસ્તાઓ વાહનવ્યવહાર લાયક હોઈ હાલમાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પરિશિષ્ટો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**મોરબી જિલ્લામાં રસ્તાઓની મરામત**

* ૧૩૬૬૬ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ મોરબી જિલ્લાઓમાં તાલુકાવાર કેટલા રસ્તાઓની મરામત છેલ્લા એક વર્ષમાં કરવામાં આવી, અને

**જવાબ**

(૧)

| **તાલુકો** | **મરામત કરેલ રસ્તાની સંખ્યા** |
|---|---|
| મોરબી | ૧૭ |
| વાંકાનેર | ૨૭ |
| હળવદ | ૨૯ |
| માળીયા | ૧૦ |
| ટંકારા | ૧૫ |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તાઓની મરામત કામગીરી બાકી છે અને તે કેટલા સમયમાં પૂર્ણ થશે ?

(૨) રસ્તા વાહનવ્યવહાર યોગ્ય હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ખંભાળીયા ખાતે સરકારી હોસ્પિટલમાં ખાલી જગ્યાઓ ભરવા બાબત**

* ૧૪૫૯૪ **શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના વડામથક ખંભાલીયા ખાતે સરકારી હોસ્પિટલમાં વર્ગ–૧ અને વર્ગ–૨ની કેટલી અને કઈ જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

**જવાબ**

(૧)

| જગ્યાનું નામ | મંજુર | ખાલી | ક્યારથી ખાલી |
|---|---|---|---|
| **વર્ગ–૧** | | | |
| મુખ્ય જિલ્લા તબીબી અધિકારી–સહ–સિવિલ સર્જન | ૧ | ૧ | તા. ૨૦–૭–૧૪ |
| નિવાસી તબીબી | ૧ | ૧ | તા. ૩૦–૪–૧૨ |

| | | | |
|---|---|---|---|
| અધિકારી | | | |
| પૂર્ણકાલીન સર્જન | ૨ | ૧ | તા.૨૦–૭–૧૦ |
| ઓર્થોપેડીક સર્જન | ૧ | ૧ | તા. ૨૦–૧૧–૧૨ |
| ફીઝીશીયન | ૨ | ૨ | તા. ૧૦–૧૦–૦૫ |
| | | | તા. ૨૦–૭–૧૦ |
| બાળરોગ નિષ્ણાંત | ૨ | ૨ | તા. ૧૬–૦૧–૦૧ |
| | | | તા. ૨૦–૦૭–૧૦ |
| સ્ત્રીરોગ નિષ્ણાંત | ૪ | ૩ | તા. ૨૦–૦૭–૧૦ |
| રેડીયોલોજીસ્ટ | ૧ | ૧ | તા. ૬–૧૧–૧૨ |
| એનેસ્થેટીસ્ટ | ૨ | ૧ | તા. ૨૦–૦૭–૧૦ |
| કાન, નાક, ગળાના સર્જન | ૧ | ૧ | તા. ૨૦–૦૭–૧૦ |
| મનોરોગચિકિત્સક | ૨ | ૨ | તા. ૧૧–૫–૧૦ |
| | | | તા. ૨૦–૦૭–૧૦ |
| **વર્ગ–૨** | | | |
| તબીબી અધિકારી | ૬ | ૨ | તા. ૧૩–૦૧–૧૫ |
| | | | તા. ૨૩–૧–૧૫ |
| વહીવટી અધિકારી | ૧ | ૧ | તા. ૨૮–૧૦–૧૩ |
| ક્લીનીકલ કાર્ડિયોલોજીસ્ટ | ૧ | ૧ | તા. ૩–૦૭–૧૦ |
| ફોરેન્સીક એકસપર્ટ | ૧ | ૧ | તા. ૨૨–૦૭–૧૦ |
| એ.એચ.એ. | ૧ | ૧ | તા. ૧–૦૮–૧૪ |

(૨) આ જગ્યાઓ સરકાર ક્યાં સુધી ભરવા માંગે છે ?

(૨) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

---------

**બાળ મૃત્યુદર અટકાવવા લીધેલ પગલાં**

* ૧૪૮૧૨ **શ્રી અજયકુમાર જે. ચોકસી(સુરત ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં બાળકોના મૃત્યુદર અટકાવવા સરકારે શું પગલાં લીધા?

**જવાબ**

રાજ્યમાં બાળકોના મૃત્યુ દર અટકાવવા લીધેલ વિવિધ પગલાંઓ

(૧) મમતા અભિયાન–જેમાં સગર્ભામાતાની તપાસ, બાળકોનું રસીકરણ, પોષણ અને આરોગ્ય શિક્ષણની કામગીરી કરવામાં આવે છે.

(૨) સરકારી દવાખાનાઓમાં નિ:શુલ્ક અને સલામત પ્રસુતિ સેવાઓ

(૩) નવજાત શિશુની સંસ્થાકીય ઘનિષ્ઠ સારવાર

(૪) નવજાત શિશુની ગૃહ મુલાકાત અને સારવાર

(૫) નવજાત અને બાળપણની બિમારીઓનું સંકલિત સંચાલન

(૬) બાલ સખા યોજના

(૭) સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ

(૮) મિશન બલમ્ સુખમ્, હેઠળ બાળ કુપોષણ સારવાર કેન્દ્રો અને કસ્તુરબા પોષણ સહાય યોજના હેઠળ બીપીએલને રૂ઼ા. ૬,૦૦૦/–ની સહાય

(૯) વીટામીન–એ ડોઝ અને લોહ તત્વની

ગોળીઓ જેવા પોષણ પૂરકોનો ઉપયોગ

(૧૦) ઈ–મમતા – માતા અને બાળ ટ્રેકિંગ કાર્યક્રમ

(૧૧) ઓ.આર.એસ. અને ઝીંક ટ્રીટમેન્ટ દ્વારા ડાયેરીયા સંભાળ

(૧૨) રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ

(૧૩) "આરએસબીવાય' અને "મા" અંતર્ગત નવજાત શિશુની ગંભીર બિમારીની સારવાર

(૧૪) બાળરોગ નિષ્ણાંતની સેવાઓ સુદ્દઢ કરવા "CM SETU" યોજના

(૧૫) ૧૦૮ અને ખિલખિલાટની સેવાઓ.

---------

**છોટાઉદેપુર જિલ્લામાંથી સુબ્રટો મુખરજી કપ ની વિજેતા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ**

* ૧૩૭૯૮ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય રમત ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાંથી રાજ્ય કક્ષાની સુબ્રટો મુખરજી કપ ફુટબોલ સ્પર્ધામાં પ્રથમ નંબરે કઈ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ આવેલા છે, | (૧) ડોન બોસ્કો હાઈસ્કૂલ ઠે. નવા પુલ પાસે, ક્વાંટ, જિ. છોટા ઉદેપુર |
| (૨) તેઓને દિલ્હી ખાતે એન્ટ્રી મોકલવાની કઈ તારીખ હતી, | (૨) તા. ૦૫/૦૮/૨૦૧૪ |
| (૩) આ એન્ટ્રી ક્યારે મોકલાવી, અને | (૩) ટેકનીકલ કારણોસર એન્ટ્રી થઈ શકેલ નથી. |
| (૪) એન્ટ્રી મુદતમાં ન મોકલાવાને કારણે આદિવાસી યુવાનોને મેડલથી વંચિત રહેવું પડેલ છે. તો જવાબદારો સામે કોઈ પગલાં લેવાયા છે કે કેમ ? | (૪) હાલના તબક્કે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**દામા અને આસોડા ડીસ્પેન્શરીમાં ખાલી જગ્યાઓ ભરવા બાબત**

* ૧૪૫૪૩ **શ્રી ગોવાભાઇ રબારી(ડીસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ડીસા તાલુકાના દામા અને આસોડા સહકારી ડીસ્પેન્સરીમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) અનુક્રમે પત્રક–૧ અને પત્રક–૨ મુજબ |
| (૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ? | (૨) (૧) મેડીકલ ઓફીસર વર્ગ–૨ની ખાલી જગ્યા જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતાં ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરી શકાશે.<br>(૨) લેબ. ટેક., વર્ગ–૩ની ખાલી જગ્યા ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા ઉમેદવાર ઉપબલ્ધ થયેથી ભરાશે. |

**પત્રક–૧**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૪૫૪૩**

**બનાસકાંઠા જિલ્લાના ડિસા તાલુકામાં આવેલ પંચાયત સંચાલીત દવાખાનું – દામાની સંવર્ગવાર ભરેલી અને ખાલી તથા ખાલી જગ્યા ક્યારથી ખાલી છે તે દર્શાવતું પત્રક**

| અ. નં. | તાલુકાનું નામ | પંચાયત સંચાલીત દવાખાનું | મેડીકલ ઓફિસર વર્ગ–૨ | | | | ડ્રાઈવર વર્ગ–૩ | | | | વોર્ડબોય વર્ગ–૪ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | મંજુર | ભરેલી | ખાલી | ખાલી જગ્યાની તારીખ | મંજુર | ભરેલી | ખાલી | ખાલી જગ્યાની તારીખ | મંજુર | ભરેલી | ખાલી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧ | ડિસા | દામા | ૧ | ૦ | ૧ | ૧૯–૮–૨૦૧૦ | ૧ | ૧ | ૦ | – | ૧ | ૦ | ૧ |
| | | કુલ | ૧ | ૦ | ૧ | | ૧ | ૧ | ૦ | – | ૧ | ૦ | ૧ |
| નોંધ : (૧) મેડીકલ ઓફિસરની ખાલી જગાની કામગીરી મે.ઓ. પ્રા.આ.કેન્દ્ર – વરનોડા ને સુપ્રત કરેલ છે. | | | | | | | | | | | | | |
| (૨) ડ્રાઈવર વોર્ડ બોય વોર્ડ આયાની ખાલી જગ્યાઓ સામે આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે. | | | | | | | | | | | | | |

**પત્રક–૨**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૪૫૪૩**

**બનાસકાંઠા જિલ્લાના ડિસા તાલુકામાં આવેલ પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર –આસેડાની સંવર્ગવાર મંજુર, ભરેલી અને ખાલી તથા ખાલી જગ્યા ક્યારથી ખાલી છે તે દર્શાવતું પત્રક**

| પ્રા.આ.કે.નું નામ | મેડીકલ ઓફિસર વર્ગ–૨ | | | | ફાર્માસીસ્ટ વર્ગ–૩ | | | | લેબ. ટેક. વર્ગ–૩ | | | | ડ્રાઈવર વર્ગ–૩ | | | | વોર્ડબોય વર્ગ–૪ | | | વોર્ડઆયા વ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | મંજુર | ભરેલી | ખાલી | ખાલી જગ્યાની તારીખ | મંજુર | ભરેલી | ખાલી | ખાલી જગ્યાની તારીખ | મંજુર | ભરેલી | ખાલી | ખાલી જગ્યાની તારીખ | મંજુર | ભરેલી | ખાલી | ખાલી જગ્યાની તારીખ | મંજુર | ભરેલી | ખાલી | મંજુર | ભરેલી | |
| ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | |
| આસેડા | ૧ | ૧ | ૦ | – | ૧ | ૧ | ૦ | – | ૧ | ૦ | ૧ | ૧૧–૦૯–૨૦૧૨ | ૧ | ૧ | ૦ | – | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | |
| કુલ | ૧ | ૧ | ૦ | – | ૧ | ૧ | ૦ | – | ૧ | ૦ | ૧ | | ૧ | ૧ | ૦ | – | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | |

ત્રીબી અધિકારી વર્ગ–૨ પોસ્ટ ગ્રેજ્યુએટ કરવા ગયેલ તેમની કામગીરી આયૂષ તબીબ સંભાળે છે.

ઈવર વોર્ડ બોય વોર્ડ આયાની ખાલી જગ્યાઓ સામે આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

---------------------

**રાજકોટ–ભાવનગર ફોરલેન રોડની મંજુરી**

* ૧૩૭૭૨ **શ્રી પ્રવીણભાઈ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ભાવનગર–રાજકોટ–ભાવનગર ફોરલેન રોડ મંજૂર થયેલ છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૨) તા. ૧–૧–૧૩ થી ૩૧–૧૨–૧૩ સુધીમાં થયેલ ખર્ચ રૂા. ૪૯૩.૪૯ લાખ<br>તા. ૧–૧–૧૪ થી તા. ૩૧–૧૨–૧૪ સુધીમાં થયેલ ખર્ચ રૂા. ૧૧૩૭.૪૮ લાખ. |
| (૩) ઉક્ત રોડનું કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) જાન્યુઆરી, ૨૦૧૭ માં. |

---------

**રાજકોટ સિવિલ હોસ્પિટલમાંથી ગરીબ દર્દીઓને કાઢી મૂકવા બાબત**

* ૧૩૬૭૫ **શ્રી ઈન્દ્રનિલભાઈ સં. રાજ્યગુરૂ(રાજકોટ પૂર્વ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાંથી કેટલા ગરીબ દર્દીઓ સારવાર હેઠળ હતા તેમને સારવાર દરમ્યાન હોસ્પિટલમાંથી બહાર કાઢી મૂકવામાં આવ્યા,

(૨) તેના કારણો શા છે, અને

(૩) આ વ્યાપક ગંભીરતાને ધ્યાને લઈ સરકારે જવાબદારો સામે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં કુલ–૧૮૮૪૧ દર્દીઓ ઈન્ડોર સારવાર હેઠળ હતા. સારવાર દરમ્યાન હોસ્પિટલમાંથી એકપણ દર્દીને બહાર કાઢી મૂકવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમદાવાદ ખાતે લાયબ્રેરી બિલ્ડીંગ બનાવવા મંજૂરી**

* ૧૪૬૯૮ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વસ્ત્રાપુર અમદાવાદ ખાતે લાયબ્રેરી બિલ્ડીંગ બનાવવા માટે વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ.૭.૪૦ કરોડ.

---------

**બનાસકાંઠા જિલ્લામાં વિધવા સહાય પેન્શનની મળેલ અરજીઓ**

* ૧૪૭૬૪ **શ્રી જોઈતાભાઈ ક. પટેલ(ધાનેરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાદીઠ વિધવા સહાય પેન્શન યોજના અંતર્ગત કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ પડતર છે, અને

**જવાબ**

(૧)

| અ. નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૩ માં મળેલ અરજીઓ | વર્ષ ૨૦૧૪ માં મળેલ અરજીઓ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૨૭૬ | ૩૫૪ | ૬૩૦ |
| ૨ | વડગામ | ૭૮ | ૧૫૦ | ૨૨૮ |
| ૩ | ડીસા | ૨૩૪ | ૧૫૨ | ૩૮૬ |
| ૪ | કાંકરેજ | ૧૨૪ | ૨૦૨ | ૩૨૬ |
| ૫ | દાંતા | ૭૯ | ૮૮ | ૧૬૭ |
| ૬ | અમીરગઢ | ૬૩ | ૬૨ | ૧૨૫ |
| ૭ | ધાનેરા | ૮૫ | ૧૬૯ | ૨૫૪ |
| ૮ | દાંતીવાડા | ૩૩ | ૬૩ | ૯૬ |
| ૯ | થરાદ | ૮૦ | ૧૬૧ | ૨૪૧ |
| ૧૦ | વાવ | ૪૫ | ૯૫ | ૧૪૦ |
| ૧૧ | દિયોદર | ૫૪ | ૮૯ | ૧૪૩ |
| ૧૨ | ભાભર | ૧૦૭ | ૧૨૯ | ૨૩૬ |
| ૧૩ | લાખણી | ૦૦ | ૫૫ | ૫૫ |
| ૧૪ | સૂઈગામ | ૦૦ | ૧૫ | ૧૫ |
| | **કુલ** | **૧૨૫૮** | **૧૭૮૪** | **૩૦૪૨** |

(૨)

| અ.નં. | મંજૂર | નામંજૂર | પડતર |
|---|---|---|---|
| ૧ | ૨૪૭૨ | ૫૧૪ | ૫૬ |

(૩) તે પૈકી અરજીઓ નામંજૂર કરવાના શાં કારણો છે ?

(૩) ૧. પુખ્ત વયનો પુત્ર હોવાથી.
૨. વાર્ષિક આવક વધુ હોવાથી.

---------

**સાવરકુંડલા-જેસર-પાલીતાણા રોડને દ્રીમાર્ગીય કરવા બાબત**

* ૧૪૭૧૮ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાની સાવરકુંડલા-જેસર-પાલીતાણા રોડની ૩૪.૮૦ કિ.મી. લંબાઇને દ્રીમાર્ગીય કરવાની કામગીરી તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થશે ?

**જવાબ**

(૧) વર્કઓર્ડર આપેલ છે. કામગીરી પ્રગતિમાં છે.

(૨) અંદાજીત રૂ.૫૩૧૭.૧૧ લાખ.

---------

**રાજ્યમાં ટીકુ કમિશનની ભલામણો લાગુ પાડવા બાબત**

* ૧૪૧૧૧ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ટીકુ કમિશનની ભલામણ પૂર્ણરિતે રાજ્યમાં લાગુ પાડવામાં નથી આવી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ ભલામણો લાગુ પાડવા સરકારે શા પગલાં લીધેલ છે ?

**જવાબ**

(૧) ટીકુ કમિશનની રચના કેન્દ્ર સરકાર દ્રારા કેન્દ્ર સરકાર હેઠળ ફરજ બજાવતા ડૉકટર્સની કેરીયર સુધારણા અને કેડર્સ સુધારા હેતુથી કરવામાં આવી હતી. આ કમિશનની ભલામણોમાં ડૉકટર્સ માટે સમયબધ્ધ બઢતીની પધ્ધતિનો સમાવેશ કરતી ભલામણ ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્યમાં ફરજ બજાવતા ડૉકટર્સની સેવાઓની શરતોમાં ફેરફાર કરવા સંદર્ભે તત્કાલિન નાણા મંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને રચાયેલ સમિતિની ભલામણ ધ્યાને લઈ રાજ્યના આરોગ્ય અને તબીબી વિભાગ તથા કામદાર રાજ્ય વીમા યોજના હેઠળની સેવાઓમાં ફરજ બજાવતા ડૉકટર્સને સમયબધ્ધ બઢતીનો લાભ આપવા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્રારા તા.૧૭-૧૦-૧૯૯૪ ના રોજ ઠરાવ કરવામાં આવેલ છે, જે હાલમાં અમલમાં છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી.

---------

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

* ૧૩૫૯૭ **ડાં. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેર, જિલ્લા અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલાં બાળકો કુપોષણથી પીડાય છે અને કેટલાં બાળકોનું ઉંમરના પ્રમાણમાં વજન ઓછું છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જિલ્લાના તાલુકામાં ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોની માહિતી નીચે મુજબ છે.

**અમદાવાદ**

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | બાવળા | ૮૪૮ | ૩૬ |
| ૨ | દસક્રોઈ | ૬૯૯ | ૧૪૦ |
| ૩ | દેત્રોજ | ૭૦૫ | ૨૯ |
| ૪ | અમદાવાદ સીટી | ૫૨ | ૧૮ |

| | | | |
|---|---|---|---|
| ૫ | ધંધુકા | ૪૬૫ | ૩૨ |
| ૬ | ધોળકા | ૧૨૨૨ | ૧૩૧ |
| ૭ | માંડલ | ૩૮૯ | ૧૮ |
| ૮ | સાણંદ | ૧૧૬૬ | ૧૨૪ |
| ૯ | વિરમગામ | ૬૧૪ | ૬૭ |
| | **કુલ** | **૬૧૬૦** | **૫૯૫** |

**અમદાવાદ શહેર**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

ઓછા વજનવાળા બાળકો – ૨૨૪૭૯
અતિ ઓછા વજનવાળા બાળકો – ૩૬૭૨
કુલ – ૨૬૧૫૧

**ગાંધીનગર**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ઓછા વજનવાળા બાળકોની સંખ્યા** | **અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૩૨૮૪ | ૩૭૪ |
| ૨ | દહેગામ | ૧૯૯૫ | ૨૨૩ |
| ૩ | કલોલ | ૨૮૯૭ | ૩૮૪ |
| ૪ | માણસા | ૯૩૨ | ૮૮ |
| | **કુલ** | **૯૧૦૮** | **૧૦૬૯** |

(૨) બાળકોમાં કુપોષણ નિવારવા અને સપ્રમાણ વજન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા કેવા–કેવા પગલાં લેવામાં આવે છે, અને

(૨) બાળકોમાં કૂપોષણ નિવારવા અને સપ્રમાણ વજન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબના પગલાં લેવામાં આવે છે.

- ૬ માસથી ૩ વર્ષના બાળકોને ટેક હોમ રેશન તરીકે અનાજ આપવામાં આવે છે. અને તેમાંથી નિર્દેશક ભોજન તરીકે રાબ–સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.
- ૬ માસથી ૯ માસના બાળકો માટે અન્ન પ્રાશન દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે.
- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃ મંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો, અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડીયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને ટીએચઆર તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવી આપવામાં આવે છે.
- આ ઉપરાંત ૩ થી ૬ વર્ષના અતિઓછા વજનવાળા બાળકોને ટીએચઆર તરીકે પુરક પોષણ આહાર આપવામાં આવે છે.
- મીશન બલમ સુખમ અન્વયે બાળ શકિતમ કેન્દ્ર, બાળ સેવા કેન્દ્ર તેમજ બાળ સંજીવની કેન્દ્ર દ્વારા

બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

- ન્યુટ્રીશન કાઉન્સલીંગ વોલીન્ટીઅર (એનસીવી) યોજના દ્વારા બાળકોના વાલીઓને પોષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે.
- વાત્સ્યલ્ય દિવસ–બાલ દિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણસ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.

(૩) આગામી સમયમાં બાળકોને કુપોષણથી મુકિત મળે તે માટે ક્યા પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે ?

(૩) **અમદાવાદ**

- ઘનિષ્ઠ પોષણ અભ્યાન અન્વયે ૩૩ કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે. જેમાં ૧૬૮૪ બાળકોને લાભ આપવામાં આવેલ છે.
- અતિ ઓછા વજનવાળા ૧૦૮૦ બાળકોને અધિકારીઓ દ્વારા દતક લેવામાં આવેલ છે.

**અમદાવાદ શહેર**

- અક્ષયપાત્ર સંસ્થા દ્વારા પશ્ચિમ ઝોન અને નવા પશ્ચિમ ઝોનની આંગણવાડીમાં બાળકોને ગરમ નાસ્તો આપવાનું આયોજન કરવામાં આવેલ છે.
- જુદા જુદા ઘટકોમાં કૃપોષિત, અતિકૃપોષિત બાળકોનું હેલ્થ ચેકપનું આયોજન કરવામાં આવેલ છે.
- અતિ ઓછા વજનવાળા બાળકોને સીએમટીસી સેન્ટર–એન.આર.સી. સેન્ટર સિવિલ અને સોલા સિવિલ ખાતે ૨૧ દિવસ માટે બાળકોને દાખલ કરવામાં આવે છે.
- જુદી જુદી સંસ્થાઓ દ્વારા (એન.જી.ઓ.) કુપોષણ ઘટાડવા માટે શિબિરો યોજવામાં આવેલ છે.

**ગાંધીનગર**

- દહેગામ તાલુકામાં ધન્વતરી પાયલોટ પ્રોજકેટ.
- કલોલ તાલુકામાં પીડીયાશ્યોર પાવડર આપવામાં આવે છે.
- માણસા તાલુકામાં કુપોષિત બાળકોને ઈ.ડી.પી. આપવામાં આવે છે.
- પ્રથમ અને બીજા તબક્કાની કુલ ૩૫૦ આં.વા. માં ઘનિષ્ટ પોષણ અભ્યાન શરૂ કરવામાં આવેલ છે.
- અતિ ઓછા વજનવાળા બાળકોને અધિકારીઓ દ્વારા દત્તક લેવામાં આવેલ છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં જનરલ હોસ્પિટલ, સામૂહિક અને પ્રાથમિક તથા પેટા આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ**

* ૧૪૭૩૨ **શ્રી કાન્તીભાઈ કા. ખરાડી (દાંતા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં આવેલ જનરલ હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પેટા આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે, અને

**જવાબ**

(૧), (૨) અને (૩) : અનુક્રમે *પત્રક–અ, બ, ક, ડ સામેલ છે. જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. વર્ગ–૩ અને ૪ ની જગાઓ પર જરૂરત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે

(૩) સંવર્ગવાર કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે તથા આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ દ્વારા અપાતી તબીબી સેવાઓ**

* ૧૪૭૯૨ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર-ખાડિયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ ખાતે આવેલ ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા દર્દીઓને તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવી, અને

(૨) આ પૈકી કેટલાને આઉટડોર, ઈન્ડોર અને સર્જીકલ દર્દીઓ તરીકે સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) અમદાવાદમાં ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે પ્રમાણેનાં દર્દીઓને તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવેલ છે.

| વર્ષ | દર્દીની સંખ્યા |
|---|---|
| તા.૧-૧-૧૩ થી તા.૩૧-૧૨-૧૩ સુધી | ૩,૧૮,૫૮૩ |
| તા.૧-૧-૧૪ થી તા.૩૧-૧૨-૧૪ સુધી | ૩,૩૬,૫૭૧ |

(૨) આ પૈકી નીચે મુજબના દર્દીઓને આઉટડોર, ઈન્ડોર અને સર્જીકલ દર્દીઓ તરીકે સારવાર આપવામાં આવી.

| વિગત | તા.૧-૧-૧૩ થી તા.૩૧-૧૨-૧૩ સુધી | તા.૧-૧-૧૪ થી તા.૩૧-૧૨-૧૪ સુધી |
|---|---|---|
| આઉટડોર | ૨,૯૯,૩૯૩ | ૩,૧૦,૭૦૮ |
| ઈન્ડોર | ૧૯,૧૯૦ | ૨૫,૮૬૩ |
| કુલ | ૩,૧૮,૩૫૩ | ૩,૩૬,૫૩૧ |
| ઈન્ડોર પૈકીના સર્જીકલ દર્દીઓ | ૧૬,૦૨૭ | ૧૫,૩૧૪ |

---------

**રાજ્ય સરકારે ખેલાડીઓને પ્રોત્સાહન માટે અમલમાં મૂકેલ યોજના**

* ૧૪૭૮૪ **શ્રી યોગેશ પટેલ(માંજલપુર) : માનનીય રમત ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે રાષ્ટ્રીય તથા આંતર રાષ્ટ્રીય સ્તરે ખેલાડીઓને પ્રોત્સાહન માટે કોઈ યોજના અમલમાં મૂકી છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) નેશનલ ગેમ્સ, નેશનલ ચેમ્પીયનશીપ તથા બહુરાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાની ઓલમ્પિક ગેમ્સ, એશીયન વેલ્થ ગેમ્સ તથા ચેમ્પીયનશીપ જેવી સ્પર્ધાઓમાં રાજ્યના ખેલાડીઓ તેમજ ટીમ મેડલ વિજેતા બને તો તેઓની સિધ્ધિને અનુરૂપ રૂ.દસ લાખથી માંડીને પાંચ કરોડ સુધી પુરસ્કૃત કરી બિરદાવવા ખેલ પ્રતિભા પુરસ્કાર યોજના ચાલુ વર્ષે અમલી કરાઈ છે.

રાજ્ય સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લેતા ખેલાડીઓને ખરેખર ખર્ચ જ અથવા ૭૫,૦૦૦ ની મર્યાદામાં સહાય કરવામાં આવે છે. તદ્ઉપરાંત ક્ષમતા ધરાવતાં ખેલાડીઓને શકિતદૂત યોજના હેઠળ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા જરૂરીયાત અનુસાર સહાય

કરવામાં આવે છે.

---------

**નર્મદા જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના લાભાર્થીઓ**

* ૧૪૮૧૯ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ નર્મદા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓએ ભાગ લીધો, અને | (૧) ૫૫,૪૩૭ લાભાર્થીઓએ ભાગ લીધો. |
| (૨) આ યોજના હેઠળ આ લાભાર્થીઓને કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી છે ? | (૨) આ યોજના હેઠળ લાભાર્થીઓને કોઈ રકમ ચૂકવવામાં આવતી નથી. પરંતુ સરકારશ્રી તરફથી વીમા કંપનીને પ્રિમિયમ પેટે લાભાર્થી દીઠ રકમ ચૂકવવામાં આવે છે. તા.૧–૪–૧૩ થી તા.૩૧–૩–૧૫ ના પોલીસી ગાળા માટે રૂ.૩,૫૨,૩૯,૪૫૩ ની પ્રિમિયમ પેટે વીમા કંપનીને ચૂકવેલ છે. |

---------

**ડાંગ જિલ્લાના વઘઈ–ચિંચલી માર્ગ પર ટ્રોમા સેન્ટરની સુવિધા**

* ૧૪૬૭૧ **શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ડાંગ જિલ્લાના વઘઈ–સાપુતારા–આહવા–ચિંચલી માર્ગ પર સંભવિત અકસ્માત વિસ્તારોમાં ટ્રોમા સેન્ટર સુવિધાઓ ઉપલબ્ધ નથી તે હકિકતથી સરકાર વાકેફ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આવી સુવિધાઓ આપવા સરકારે શું વિચારણા કરી છે? | (૨) આ બાબત હાલ કોઈ વિચારણા હેઠળ નથી. |

---------

**દેરોલ વાગરા ગંધાર રોડને પહોળો કરવા બાબત**

* ૧૪૭૧૪ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાનાં દેરોલ વાગરા ગંધાર રોડની ૩૦.૪ કી.મી. લંબાઈમાં રસ્તાને ૧૦ મીટર પહોળો કરવાનું કામ<br>તા. ૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ ક્યાં તબક્કે છે, અને | (૧) પ્રગતિમાં. |
| (૨) આ કામગીરી પૂર્ણ કરવા પાછળ કેટલો ખર્ચ થશે? | (૨) અંદાજે ` ૯૦.૦૦ કરોડ. |

---------

**નાયકાથી કલોલીના રસ્તે ઉંચો પુલ બનાવવાની દરખાસ્ત**

* ૧૪૨૪૨ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા તાલુકાના નાયકાથી કલોલીના અને નાયકાથી ચિત્રાસરના રસ્તે લો લેવલના પુલો વહેળા ઉપર છે, તેને પહોળો અને ઉંચો કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે કે કેમ, | (૧) ના જી. |
| (૨) સદરહું પુલો ઉપર કાયમી પ્રદુષિત પાણી વહેતું હોઈ ચોમાસા દરમ્યાન વધુ પાણી આવતા બંને ગામના લોકોને આ પાણીમાંથી પસાર થવું પડે છે, તેથી વહેલી તકે પુલો બનાવવા માંગો છો કે કેમ, અને | (૨) હાલમાં કોઈ આયોજન નથી. |
| (૩) સદરહુ પુલો ઉપર કેટલા રકમની દરખાસ્ત | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

કરવામાં આવી છે?

---------

**રાજ્યમાં આવેલ સરકારી આયુર્વેદ કોલેજો**

* ૧૪૮૩૭ **શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી સરકારી આયુર્વેદ કોલેજો આવેલ છે, | (૧) ૪ |
| (૨) તે કોલેજોમાં વર્ષ ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં ભારત સરકારના આયુષ વિભાગ તરફથી કુલ કેટલી સ્નાતક કક્ષાની બેઠકો મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૧૮૦ |
| (૩) કઈ કોલેજો ખાતે કેટલી બેઠકો મંજૂર થયેલ છે? | (૩) |

| કોલેજ | મંજુર બેઠકો |
|---|---|
| અમદાવાદ | ૭૫ |
| વડોદરા | ૩૫ |
| ભાવનગર | ૩૫ |
| જુનાગઢ | ૩૫ |

---------

**રાજ્યમાં આવેલ સરકારી આયુર્વેદ કોલેજો**

* ૧૪૮૩૫ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી સરકારી આયુર્વેદ કોલેજો આવેલ છે, | (૧) ૪ |
| (૨) તે પૈકી વર્ષ ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં ભારત સરકારના આયુષ વિભાગ તરફથી કુલ કેટલી સ્નાતક કક્ષાની બેઠકો મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૧૮૦ |
| (૩) કઈ કોલેજો ખાતે કેટલી બેઠકો મંજૂર થયેલ છે? | (૩) |

| કોલેજ | મંજુર બેઠકો |
|---|---|
| અમદાવાદ | ૭૫ |
| વડોદરા | ૩૫ |
| ભાવનગર | ૩૫ |
| જુનાગઢ | ૩૫ |

---------

**અમદાવાદ શહેરમાં સ્વાઈન ફ્લ્યુના નોંધાયેલ કેસો**

* ૧૩૫૫૬ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં સ્વાઈનફ્લ્યુના કેટલા કેસો છેલ્લા છ માસમાં નોંધાયા, | (૧) અમદાવાદ મ્યુની. કોર્પોરેશન વિસ્તારમાં ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ સ્વાઈન ફલુના કુલ-૦૩ કેસો નોંધાયેલ. |
| (૨) તે અન્વયે કેટલા ઈસમોના મૃત્યુ થયા, અને | (૨) આ નોંધાયેલ કેસો પૈકી કુલ-૦૧ દર્દીઓના મૃત્યુ થયેલ છે. |
| (૩) આ રોગને અટકાવવા સરકારે શાં પગલાં લીધા? | (૩) સ્વાઈન ફલુ રોગચાળાને કાબુમાં લેવા સરકારશ્રી દ્વારા નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે.<br>• રાજ્યની દરેક સીવીલ હોસ્પિટલોમાં ઈન્ફલ્યુએન્ઝા-એ (એચ૧એન૧) ના કેસોની |

સારવાર માટે વેન્ટીલેટર, કાર્ડિયાક મોનીટર જેવા અદ્યતન ઉપકરણો સાથેના ઈન્ટેન્સીવ કેર યુનિટ અને આઈસોલેશન વોર્ડની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

- રોગના ત્વરીત અને વિનામુલ્યે નિદાન માટે રાજ્યમાં ત્રણ ઉચ્ચસ્તરની સરકારી લેબોરેટરીઓ ખાતે સેવા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- ઈન્ફલ્યુએન્ઝા–એ (એચ૧એન૧) ના પોઝીટીવ કેસ તેમજ ચિન્હો ધરાવતા કોન્ટેક્ટને એન્ટીવાયરલ દવાઓ વિનામુલ્યે આપવામાં આવે છે.
- ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યમાં માન્યતા પ્રાપ્ત પ્રાઈવેટ મેડીકલ સ્ટોર્સમાં પણ આ દવાનો પુરતો જથ્થો ઉપલબ્ધ કરેલ છે. આ સ્ટોર્સની માહિતી વેબસાઈટ પર મુકેલ છે.
- તમામ સરકારી આરોગ્ય સંસ્થામાં રોગનું પ્રસરણ અટકે તે માટે લેવાના થતા પગલાંઓની જાણકારી આપવામાં આવે છે. સરળ ભાષામાં જાહેર જનતાએ કરવાની થતી તકેદારી માટેનું સાહિત્ય પણ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- ભારત સરકારશ્રીના માર્ગદર્શન સાથેનું મેન્યુઅલ પ્રસિધ્ધ કરવામાં આવ્યુ છે. સંલગ્ન દરેક હિતધારકોને તેની નકલ પહોંચાડવામાં આવી છે. આ ઉપરાંત આ મેન્યુઅલને આરોગ્ય વિભાગની વેબસાઈટ પર મુકવામાં આવેલ છે.
- આઈ.એમ.એ. ના સભ્યો સાથે જિલ્લા કક્ષાએ નિયમિત મીટીંગો કરી રોગ નિયંત્રણ / અટકાયત બાબતે માર્ગદર્શન આપવામાં આવેલ છે.
- અગ્ર સચિવશ્રી, જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે વિભાગીય નાયબ નિયામકશ્રી, તમામ જિલ્લાના મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મુખ્ય જીલ્લા તબીબી અધિકારીશ્રી અને તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય અધિકારીશ્રીઓની મીટીંગમાં ઈન્ફલ્યુએન્ઝા–એ (એચ૧એન૧) ની પરિસ્થિતિની સવિસ્તાર સમીક્ષા કરી.
- રાજ્યના આ વિષયના નિષ્ણાંત તબીબો, પ્રાઈવેટ હોસ્પિટલના ક્રિટીકલ કેરના સુપર સ્પેશિયાલીસ્ટ ડોકટરો, કોર્પોરેટ પ્રાઈવેટ હોસ્પિટલોના પ્રતિનિધિઓ, ઈન્ડીયન મેડીકલ એસોશીયેશનના પ્રતિનિધિ તેમજ અન્ય સબંધિત વિભાગના અધિકારીશ્રીઓ સાથે બેઠકમાં સર્વગ્રાહી સમીક્ષા દ્વારા આઈ.ઈ.સી., ટ્રીટમેન્ટ ગાઈડ લાઈન અપડેટ કરી રોગ નિયંત્રણ કામગીરી વેગવંત કરેલ છે.
- માન. મંત્રીશ્રી, આરોગ્ય અને પ.ક. ની અધ્યક્ષતામાં રાજ્યમાં સ્વાઈન ફ્લુની પ્રવર્તમાન પરિસ્થિતિની સમીક્ષા માટે ઉચ્ચ અધિકારીશ્રીઓ

તથા આ ક્ષેત્રના ખાનગી નિષ્ણાંત તબીબો સાથે મીટીંગ કરવામાં આવી. જેમાં રોગચાળા અટકાયત માટે વિચાર વિમર્શ કરી આયોજન કરવામાં આવ્યુ.

---------

**રાજ્યમાં આવેલ સરકારી આયુર્વેદ હોસ્પિટલો**

* ૧૪૮૪૪ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કયા જીલ્લા મથકો ખાતે કુલ કેટલી સરકારી આયુર્વેદ હોસ્પિટલો આવેલ છે, અને

(૨) આ બાકી રહેતા જીલ્લા મથકો ખાતે વર્ષ ૨૦૧૪–૧૫ના વર્ષમાં નવી આયુર્વેદ હોસ્પિટલો સ્થાપવા અંગેનું કોઈ આયોજન છે કે કેમ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજયમાં જીલ્લા મથકો ખાતે કુલ–૨૧ સરકારી આયુર્વેદ હોસ્પિટલો આવેલ છે, જેની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | જીલ્લો | હોસ્પિટલની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪ |
| ૨ | વડોદરા | ૧ |
| ૩ | ભાવનગર | ૧ |
| ૪ | જુનાગઢ | ૧ |
| ૫ | ગાંધીનગર | ૧ |
| ૬ | પંચમહાલ | ૧ |
| ૭ | રાજકોટ | ૧ |
| ૮ | મોરબી | ૧ |
| ૯ | પાટણ | ૧ |
| ૧૦ | સાબરકાંઠા | ૧ |
| ૧૧ | નવસારી | ૧ |
| ૧૨ | સુરેન્દ્રનગર | ૧ |
| ૧૩ | પાટણ | ૧ |
| ૧૪ | અમરેલી | ૧ |
| ૧૫ | કચ્છ | ૧ |
| ૧૬ | વલસાડ | ૧ |
| ૧૭ | ડાંગ | ૧ |
| ૧૮ | નર્મદા | ૧ |

(૨) ના.

---------

**નર્મદા જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના લાભાર્થીઓ**

* ૧૪૮૧૩ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ નર્મદા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓએ ભાગ લીધો છે, અને

(૨) આ યોજના હેઠળ આ લાભાર્થીઓને કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી છે?

**જવાબ**

(૧) ૫૫,૪૩૭ લાભાર્થીઓએ ભાગ લીધો

(૨) આ યોજના હેઠળ લાભાર્થીઓને કોઈ રકમ ચૂકવવામાં આવતી નથી. પરંતુ સરકારશ્રી તરફથી વીમા કંપનીને પ્રિમિયમ પેટે લાભાર્થી દીઠ રકમ ચૂકવવામાં આવે છે. તા. ૧–૪–૧૩ થી તા. ૩૧–૩–૧૫ના પોલીસી ગાળા માટે

` ૩,૫૨,૩૯,૪૫૩/-ની પ્રિમિયમ પેટે વીમા કંપનીને ચૂકવેલ છે.

---------

## ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં રસ્તાઓને ડામર-પેવર સપાટીના જોબ નંબર ફાળવવા બાબત

* ૧૪૨૮૪ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં કેટલા અને કયા કયા રસ્તાઓને નવીન ડામર-પેવર સપાટી કરવા માટે જોબ નંબર ફાળવવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા અને કયા-કયા રોડ બનાવવામાં આવ્યા, અને

(૩) બાકીના રોડ ક્યારે બનાવવામાં આવશે?

**જવાબ**

(૧) *પરિશિષ્ટ-અ મુજબ

| જિલ્લો | રસ્તાઓ |
|---|---|
| ગાંધીનગર | ૩૧ |
| મહેસાણા | ૬૭ |

(૨) *પરિશિષ્ટ-બ મુજબ

| જિલ્લો | રસ્તાઓ |
|---|---|
| ગાંધીનગર | ૧૨ |
| મહેસાણા | ૪૦ |

(૩) વહીવટી પ્રક્રિયા પુર્ણ થયેથી બનતી ત્વરાએ.

(*પરિશિષ્ટો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## માતા મૃત્યુદરમાં ઘટાડો

* ૧૪૮૦૯ **શ્રી સુરેશભાઇ ધ. પટેલ (મણિનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ માતા મૃત્યુ દરમાં ઘટાડો થયેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૧માં આ દર કેટલો હતો, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલો ઘટાડો થયેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સેમ્પલ રજીસ્ટ્રેશન સીસ્ટમ (SRS) ૨૦૦૧-૨૦૦૩ મુજબ ૧૭૨ પ્રતિ એક લાખ જીવીત જન્મે હતો.

(૩) ઉક્ત સ્થિતિએ સેમ્પલ રજીસ્ટ્રેશન સીસ્ટમ (SRS) ૨૦૧૧-૨૦૧૩ મુજબ માતા મૃત્યુદર ૧૧૨ થયેલ છે તેથી ૬૦નો ઘટાડો થયેલ છે.

---------

## રતાંગ-લીમધ્રા રોડને રી-કાર્પેટ કરવા બાબત

* ૧૪૮૬૫ **શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ વિસાવદર, તાલુકાવાર રતાંગ-લીમધ્રા રોડ તદ્દન બિસ્માર હાલતમાં છે તે સરકારના ધ્યાન ઉપર છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત રોડનું રી-કાર્પેટનું કામ ક્યારે કરવામાં આવશે અને કેટલા સમયમાં પુરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) : ના, જી. રસ્તાને જરૂરીયાત મુજબ જરૂરી મરામત કરી વાહન વ્યવહાર લાયક રાખવામાં આવેલ છે.

---------

## રાજ્યમાં આવેલ સરકારી આયુર્વેદ હોસ્પિટલો

* ૧૪૭૯૭ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં ક્યા જિલ્લા મથકો ખાતે કુલ કેટલી સરકારી આયુર્વેદ હોસ્પિટલો આવેલ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા મથકો ખાતે કુલ-૨૧ સરકારી આયુર્વેદ હોસ્પિટલો આવેલ છે, જેની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | હોસ્પિટલની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪ |
| ૨ | વડોદરા | ૧ |
| ૩ | ભાવનગર | ૧ |
| ૪ | જૂનાગઢ | ૧ |
| ૫ | ગાંધીનગર | ૧ |
| ૬ | પંચમહાલ | ૧ |

| | | |
|---|---|---|
| ૭ | રાજકોટ | ૧ |
| ૮ | મોરબી | ૧ |
| ૯ | પાટણ | ૧ |
| ૧૦ | સાબરકાંઠા | ૧ |
| ૧૧ | નવસારી | ૧ |
| ૧૨ | સુરેન્દ્રનગર | ૧ |
| ૧૩ | પાટણ | ૧ |
| ૧૪ | અમરેલી | ૧ |
| ૧૫ | કચ્છ | ૧ |
| ૧૬ | વલસાડ | ૧ |
| ૧૭ | ડાંગ | ૧ |
| ૧૮ | નર્મદા | ૧ |

(૨) બાકી રહેતા જિલ્લા મથકો ખાતે વર્ષ ૨૦૧૪-૧૫ માં નવી આયુર્વેદ હોસ્પિટલો સ્થાપવા અંગેનું કોઈ આયોજન છે કે કેમ ?

(૨) ના.

---------

## વિરમગામ-લખતર-ડોળીયા રોડને પહોળો કરવા બાબત

* ૧૪૭૧૭ **શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાની વિરમગામ-લખતર-વઢવાણ - સુરેન્દ્રનગર-ડોળીયા રોડ એસ.એચ.૧૭ કી.મી. ૭૦/૨ થી ૭૯/૫.૭ મીટરમાંથી ૧૦ મીટર પહોળો કરવાની કામગીરી તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થશે ?

**જવાબ**

(૧) વર્ક ઓર્ડર આપેલ છે. કામગીરી પ્રગતિમાં છે.

(૨) અંદાજીત રૂ.૨૫૦૦ લાખ.

---------

## રાજ્યમાં આવેલ સરકારી આયુર્વેદ હોસ્પિટલો

* ૧૪૮૩૪ **ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં ક્યા જિલ્લા મથકો ખાતે કુલ કેટલી સરકારી આયુર્વેદ હોસ્પિટલો આવેલ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા મથકો ખાતે કુલ-૨૧ સરકારી આયુર્વેદ હોસ્પિટલો આવેલ છે, જેની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | હોસ્પિટલની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪ |
| ૨ | વડોદરા | ૧ |
| ૩ | ભાવનગર | ૧ |
| ૪ | જૂનાગઢ | ૧ |
| ૫ | ગાંધીનગર | ૧ |
| ૬ | પંચમહાલ | ૧ |
| ૭ | રાજકોટ | ૧ |
| ૮ | મોરબી | ૧ |
| ૯ | પાટણ | ૧ |
| ૧૦ | સાબરકાંઠા | ૧ |
| ૧૧ | નવસારી | ૧ |
| ૧૨ | સુરેન્દ્રનગર | ૧ |
| ૧૩ | પાટણ | ૧ |
| ૧૪ | અમરેલી | ૧ |

| | | |
|---|---|---|
| ૧૫ | કચ્છ | ૧ |
| ૧૬ | વલસાડ | ૧ |
| ૧૭ | ડાંગ | ૧ |
| ૧૮ | નર્મદા | ૧ |

(૨) આ બાકી રહેતા જિલ્લા મથકો ખાતે વર્ષ ૨૦૧૪-૧૫ માં નવી આયુર્વેદ હોસ્પિટલો સ્થાપવા અંગેનું કોઈ આયોજન છે કે કેમ ?

(૨) ના.

---------

**છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં સ્ટેટ અને પંચાયત હસ્તકના મંજૂર થયેલ રસ્તાઓ**

* ૧૩૭૩૪ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા સ્ટેટ અને પંચાયત હસ્તકના રસ્તા મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧)

**છોટાઉદેપુર જિલ્લો**

| તાલુકો | રાજ્ય વિભાગ મંજૂર કામો | પંચાયત વિભાગ મંજૂર કામો |
|---|---|---|
| છોટાઉદેપુર | ૩ | ૩૩ |
| કવાંટ | ૨ | ૩૦ |
| નસવાડી | ૮ | ૧૮ |
| પાવીજેતપુર | ૨ | ૪ |
| સંખેડા | ૨ | ૧૮ |
| બોડેલી | ૨ | ૦ |

**વડોદરા જિલ્લો**

| તાલુકો | રાજ્ય વિભાગ મંજૂર કામો | પંચાયત વિભાગ મંજૂર કામો |
|---|---|---|
| પાદરા | ૩ | ૧૬ |
| સાવલી | ૬ | ૨૪ |
| ડભોઈ | ૮ | ૨૦ |
| કરજણ | ૩ | ૨૪ |
| વાઘોડીયા | ૧ | ૨૫ |
| વડોદરા | ૩ | ૧૭ |
| શિનોર | ૦ | ૭ |
| ડેસર | ૦ | ૭ |

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે કેટલા રસ્તાઓના કામો પૂર્ણ થયા, કેટલાના કામો પ્રગતિમાં છે, અને

(૨) ૯૩ કામો પૂર્ણ, ૮૯ કામો પ્રગતિમાં.

(૩) તે અન્વયે કેટલો ખર્ચ થયો ?

(૩) રૂ.૧૨૬૮૪.૮૭ લાખ.

---------

**નેશનલ હ્યુમન રાઈટસ કમિશન દ્વારા કલીનીકલ ટ્રાયલ સંબંધી ગાઈડ લાઈન્સ**

* ૧૪૨૦૮ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની નેશનલ હ્યુમન રાઈટસ કમિશન દ્વારા જીવતા મનુષ્ય પર કરવામાં આવતી કલીનીકલ ટ્રાયલ સંબંધી ગાઈડ લાઈન્સના પાલન માટે રાજ્ય સરકારે શા આદેશો કર્યા, અને

**જવાબ**

(૧) નેશનલ હ્યુમન રાઈટસ કમિશન દ્વારા જીવતા મનુષ્ય પર કરવામાં આવતી કલીનીકલ ટ્રાયલ સંબંધી આદેશો અત્રેથી કરવાના રહેતા નથી.

(૨) તેના પાલનની જવાબદારી કોને સોંપાઈ છે ?

(૨) આ બાબત ડ્રગ્ઝ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાની બને છે.

---------

**ખેડા જિલ્લામાં સી.એમ. સેતુ અંતર્ગત તજજ્ઞોની નિમણૂંક**

* ૧૪૮૩૨ **શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં સી.એમ.સેતુ અંતર્ગત તજજ્ઞોની નિમણૂંક અપાયેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧–૧–૧૫ ની સ્થિતિએ સંસ્થાવાર ક્યા પ્રકારના તજજ્ઞો ફરજ બજાવે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ સંસ્થાવાર ફરજ બજાવતા તજજ્ઞોની વિગતો નીચે મુજબ છે.

| **ક્રમ** | **હોસ્પિટલનું નામ** | **તજજ્ઞનો પ્રકાર** |
|---|---|---|
| ૧ | જનરલ હોસ્પિટલ, નડીયાદ | ફીઝીશીયન<br>ડર્મેટોલોજીસ્ટ |
| ૨ | સા.આ.કેન્દ્ર, ડાકોર | જનરલ સર્જન |
| ૩ | સા.આ.કેન્દ્ર, કઠલાલ | બાળરોગ નિષ્ણાંત |
| ૪ | સા.આ.કેન્દ્ર, ઠાસરા | જનરલ સર્જન |
| ૫ | સા.આ.કેન્દ્ર, હલધરવાસ | જનરલ સર્જન |
| ૬ | સા.આ.કેન્દ્ર, અલીન્દ્રા | ગાયનેકોલોજીસ્ટ |
| ૭ | સા.આ.કેન્દ્ર, માતર | બાળરોગ નિષ્ણાંત |
| ૮ | સા.આ.કેન્દ્ર, મહુધા | ગાયનેકોલોજીસ્ટ |

---------

**કચ્છ જિલ્લામાં ૧૦૮ સેવાના લાભાર્થીઓ**

* ૧૪૮૩૩ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ૧૦૮ સેવાઓ દ્વારા તા.૩૧–૧–૧૫ ની સ્થિતિએ કેટલા દર્દીઓએ સેવાનો લાભ લીધેલ છે ?

**જવાબ**

૪૮,૩૦૪ (અડતાલીસ હજાર ત્રણસો ચાર).

---------

**આણંદ જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ**

* ૧૪૪૧૫ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં વિધવા સહાયની કેટલી અરજીઓ મળી અને કેટલી મંજૂર કરી,

**જવાબ**

(૧)

| **અનુ.** | **તાલુકાનું નામ** | **વર્ષ ૨૦૧૩–૧૪** | | **વર્ષ ૨૦૧૪–૧૫ (તા.૩૧–૧–૧૫ ની સ્થિતએ)** | |
|---|---|---|---|---|---|
| | | **મળેલ અરજીઓ** | **મંજૂર કરેલ અરજીઓ** | **મળેલ અરજીઓ** | **મંજૂર કરેલ અરજીઓ** |
| ૧ | આણંદ (શહેર) | ૭૦ | ૬૦ | ૫૩ | ૪૮ |
| ૨ | આણંદ (ગ્રામ્ય) | ૪૫૪ | ૨૪૨ | ૫૪ | ૩૭ |
| ૩ | ઉમરેઠ | ૮૯ | ૮૭ | ૮૧ | ૮૦ |
| ૪ | બોરસદ | ૨૩૮ | ૧૬૭ | ૨૧૯ | ૧૬૯ |
| ૫ | આંકલાવ | ૧૦૯ | ૧૦૩ | ૧૧૯ | ૧૧૧ |
| ૬ | પેટલાદ | ૧૮૯ | ૧૬૭ | ૨૩૯ | ૧૯૮ |
| ૭ | સોજીત્રા | ૩૧ | ૨૩ | ૪૧ | ૨૬ |
| ૮ | ખંભાત | ૭૫ | ૫૯ | ૫૪ | ૪૬ |
| ૯ | તારાપુર | ૯૦ | ૮૧ | ૧૦૧ | ૯૦ |
| | **કુલ** | **૧૩૪૫** | **૯૮૯** | **૯૬૧** | **૮૦૫** |

(૨) વિધવા સહાયની અરજી નિકાલ કરવાની સમય મર્યાદા કેટલી છે,

(૨) ૬૦ દિવસ.

(૩) સમય મર્યાદા કરતા વધારે સમય બાદ અરજી મંજૂર કરી હોય તેવા કેટલા કિસ્સાઓ છે, અને

(૩) શૂન્ય.

(૪) ઉકત સ્થિતિએ મંજૂર થયેલ અરજદારોને ક્યા મહિના સુધીની સહાય ચૂકવવામાં આવેલ છે ?

(૪) નવેમ્બર–૨૦૧૪.

---------

**અમદાવાદ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

* ૧૩૫૭૫ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ છે,

(૨) તે અન્વયે કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે અને કેટલી ભાડાના મકાનમાં કાર્યરત છે, અને

(૩) ઉકત સ્થિતિએ ભાડાના મકાનમાં કાર્યરત આંગણવાડીઓને પોતાના મકાન બનાવવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧)

| **ક્રમ** | **તાલુકા** | **આંગણવાડીની સંખ્યા** |
|---|---|---|
| ૧ | દશક્રોઈ | ૨૮૬ |
| ૨ | બાવળા | ૧૭૩ |
| ૩ | ધોળકા | ૨૭૬ |
| ૪ | ધંધુકા | ૧૫૯ |
| ૫ | બરવાળા | ૬૫ |
| ૬ | રાણપૂર | ૭૮ |
| ૭ | વિરમગામ | ૧૮૫ |
| ૮ | માંડલ | ૯૮ |
| ૯ | દેત્રોજ | ૧૧૭ |
| ૧૦ | સાણંદ | ૨૦૪ |
| | **કુલ** | **૧૬૪૧** |

(૨) ૧૧૦૮ (એક હજાર એકસો આઠ) આંગણવાડીઓને પોતાના મકાનો છે અને ૩૭૨ (ત્રણસો બોતેર) આંગણવાડીઓ ભાડાના મકાનમાં કાર્યરત છે.

(૩) ભાડાના મકાનમાં કાર્યરત આંગણવાડીઓના પોતાના મકાન બનાવવા સરકાર તરફથી ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ છે. અને આંગણવાડીઓના મકાન બાંધકામની કામગીરી ચાલુ છે.

વર્ષ ૨૦૧૨–૧૩ – રૂપિયા પંદર કરોડ, બે લાખ, પાંત્રીસ હજાર, સાતસો પચાસ.
વર્ષ ૨૦૧૩–૧૪ – રૂપિયા પાંચ કરોડ, પચાસ હજાર.
વર્ષ ૨૦૧૪–૧૫ – રૂપિયા બ્યાશી લાખ, એક્યાશી હજાર, પાંચસો.

---------

**દાહોદ જનરલ હોસ્પિટલમાં મંજુર મહેકમ**

* ૧૪૧૮૦ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જનરલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧)

| જગ્યાનું નામ | મંજુર | ખાલી | ક્યારથી ખાલી |
|---|---|---|---|
| વર્ગ–૧ | | | |
| નિવાસી તબીબી અધિકારી | ૨ | ૨ | તા. ૧૯–૭–૧૦<br>તા. ૩૧–૩–૧૪ |
| પૂર્ણકાલીન સર્જન | ૨ | ૧ | તા. ૧૯–૧૧–૧૪ |
| ઓર્થોપેડીક સર્જન | ૧ | ૧ | તા. ૧૭–૧૧–૧૪ |
| બાળરોગ નિષ્ણાત | ૨ | ૧ | તા. ૧૯–૭–૧૦ |
| સ્ત્રીરોગ નિષ્ણાત | ૪ | ૩ | તા. ૧૯–૭–૧૦ |
| કાન, નાક, ગળાના સર્જન | ૨ | ૨ | તા. ૨૪–૫–૧૦<br>તા. ૨૦–૫–૧૧ |

| | | | |
|---|---|---|---|
| માઈક્રોબાયોલોજીસ્ટ | ૨ | ૧ | તા. ૨૪–૫–૧૦ |
| ડેન્ટલ સર્જન | ૧ | ૧ | તા. ૧–૭–૧૪ |
| વર્ગ–૨ | | | |
| તબીબી અધિકારી | ૧૦ | ૧ | તા. ૧૫–૨–૧૪ |
| ફૉરેન્સીક એક્સપર્ટ | ૧ | ૧ | તા. ૧૯–૩–૧૨ |
| બાયોકેમીસ્ટ | ૧ | ૧ | તા. ૯–૮–૧૦ |
| ક્લીનીકલ કાર્ડીયોલોજીસ્ટ | ૧ | ૧ | તા. ૧૫–૫–૧૩ |
| પ્રિન્સીપાલ નર્સીંગ ઓફિસર | ૨ | ૧ | તા. ૩૦–૧૧–૧૨ |
| વર્ગ–૩ | | | |
| કચેરી અધિક્ષક | ૧ | ૧ | તા. ૧૯–૭–૧૦ |
| સિનિયર ક્લાર્ક | ૪ | ૧ | તા. ૯–૮–૧૦ |
| ઓપ્થલ્મીક આસીસ્ટન્ટ | ૨ | ૧ | |
| જુનિયર ફાર્માસીસ્ટ | ૨ | ૧ | તા. ૧૫–૧–૧૪ |
| ડ્રાઈવર | ૨ | ૧ | તા. ૧૦–૧–૦૬ |
| એક્સ–રે ટેકનીશીયન | ૨ | ૨ | તા. ૧૯–૭–૧૦<br>તા. ૨૨–૧૦–૧૨ |
| લેબોરેટરી ટેકનીશીયન (PPU સાથે) | ૪ | ૧ | તા. ૨–૫–૧૩ |
| ઈસીજી ટેકનીશીયન | ૧ | ૧ | તા. ૯–૭–૧૦ |
| ચીફ ફાર્માસીસ્ટ | ૧ | ૧ | ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી મારફતે ખાલી જગ્યાઓ સામે આઉટ સોર્સીંગથી ભરતી કરી કામગીરી લેવામાં આવે છે. |
| સાયકો ટેકનીશીયન | ૧ | ૧ | |
| ડાયટીશીયન | ૧ | ૧ | |
| એક્સ–રે આસીસ્ટન્ટ | ૧ | ૧ | |
| ફીઝીયોથેરાપીસ્ટ | ૧ | ૧ | |
| આંકડા મદદનીશ | ૧ | ૧ | |
| ઈલેક્ટ્રીશીયન | ૧ | ૧ | |
| નર્સીંગ ટ્યુટર | ૬ | ૫ | |
| પી.એચ.એન. ટ્યુટર | ૫ | ૪ | |
| આસી. નર્સીંગ સુપ્રિન્ટેન્ડેન્ટ | ૨ | ૨ | |
| આસી. મેટ્રન સુપ્રિન્ટેન્ડેન્ટ | ૧ | ૧ | |
| હેડ નર્સ | ૬ | ૩ | |
| સ્ટાફ નર્સ | ૮૦ | ૪૮ | |
| એલ.એચ.વી. | ૧ | ૧ | |
| વર્ગ–૪ | | | |
| વોર્ડ સર્વન્ટ | ૧૦ | ૪ | ખાલી જગ્યાઓ સામે આઉટ સોર્સીંગથી કામગીરી લેવામાં આવે છે. |
| સ્વીપર | ૧૪ | ૧૧ | |
| કુકમેટ | ૧ | ૧ | |
| એક્સ–રે એટેન્ડેન્ટ | ૧ | ૧ | |

| | | | |
|---|---|---|---|
| લેબોરેટરી એટેન્ડેન્ટ | ૨ | ૧ | |
| આયા | ૫ | ૨ | |
| સ્ટ્રેચર બેરર | ૧ | ૧ | |
| પ્લમ્બર | ૧ | ૧ | |
| ચોકીદાર | ૨ | ૨ | |

(૨) આ ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શી કાર્યવાહી કરી અને કેટલા સમયમાં આ જગ્યાઓ ભરવામાં આવશે ?

(૨) **વર્ગ–૧**

વોક–ઈન–ઈન્ટરવ્યુ મારફતે, એન.આર.એચ.એમ. યોજના હેઠળ કરાર આધારીત સી.એમ.સેતુ યોજના હેઠળ નિષ્ણાત તબીબોની સેવા લેવામાં આવે છે. તેમજ સીધી ભરતી અને બોન્ડેડ ઉમેદવારોને નિમણૂંક આપીને ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી

**વર્ગ–૨**

ઉક્ત ખાલી જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે સીધી ભરતીથી, કરાર આધારીત નિમણૂંકો આપીને તથા બોન્ડેડ નિમણૂંકો આપીને ભરવામાં આવે છે જે યોગ્ય લાયકાતવાળા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

વર્ગ–૨ તબીબી અધિકારીઓની ખાલી જગ્યાઓ ભરવા માટે કમિશ્નરશ્રી, આરોગ્યની કચેરી ખાતે દર મંગળવારે વોક–ઈન ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે. તેમજ તેમાં ઉપસ્થિત રહેતા ઉમેદવારોને ભલામણ થયેથી નિમણૂંક આપવામાં આવે છે.

**વર્ગ–૩**

વર્ગ–૩ની સીધી ભરતીથી/બઢતીથી ભરવાની થતી પેરામેડીકલ તેમજ ટેક્નીકલ અને વહીવટી જગ્યાઓ ભરવા અંગેની કાર્યવાહી હાલમાં ચાલુ છે. તેમજ આ ખાલી જગ્યાઓ ઉપર જરૂરિયાત મુજબ ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી મારફતે કામચલાઉ ભરતી કરી હોસ્પિટલની કામગીરી માટે આઉટ સોર્સથી સેવાઓ લેવામાં આવે છે.

સ્ટાફનર્સની ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા નિમણૂંકની કાર્યવાહી ચાલુ છે. તેમજ નર્સીંગ કેડરોમાં ખાલી જગ્યાઓ બઢતીથી ભરવા અંગેની કાર્યવાહી પણ ચાલુ છે.

**વર્ગ–૪**

વર્ગ–૪ની જગ્યાઓની સેવાઓ આઉટ સોર્સીંગ દ્વારા મેળવવામાં આવે છે.

---------

**વલસાડ જિલ્લામાં ઝેરી જાનવર કરડવાના બનાવો**

* ૧૩૫૩૯ **શ્રી ઈશ્વરભાઈ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર ઝેરી જીવજંતુ કે જાનવર કરડવાના બનાવો અન્વયે કેટલા ઈસમોને સારવાર

**જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર સારવાર અપાયેલ ઈસમોની સંખ્યા નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | સારવાર અપાયેલ |
|---|---|

આપવામાં આવી, અને

| | ઈસમોની સંખ્યા |
|---|---|
| વલસાડ તાલુકો | ૯૬ |
| પારડી તાલુકો | ૦ |
| ઉમરગામ | ૨૦ |
| ધરમપુર | ૭૯૮ |
| કપરાડા તાલુકો | ૨૮૫ |
| કુલ | ૧૧૯૯ |

(૨) તે અન્વયે ઝેર ઉતારવા માટેના ઈંજેકશનનો સ્ટોક વધુ ફાળવવા સરકારે શાં પગલાં લીધા ?

(૨) આ ગ્રાન્ટમાંથી ૮૮૧ નંગ ઈન્જેકશન સીવીલ હોસ્પિટલ, સ્ટેટ હોસ્પિટલ અને સા. આ. કેન્દ્રો ખાતે જરૂરિયાત પ્રમાણે ઝેરી જીવજંતુ કે જાનવર કરડવાની સારવાર અંગેની દવા ઈન્જેકશનનો પુરતા પ્રમાણમાં સ્ટોક ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

---------

**સાબરકાંઠા જિલ્લામાં દિકરી યોજનાના લાભાર્થીઓ**

* ૧૪૮૧૧ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ''દિકરી યોજના'' હેઠળ કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને | (૧) ૮ |
| (૨) જિલ્લામાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂા. ૪૦,૦૦૦/- |

---------

**થરાદ સામૂહિક આરોગ્ય કેન્દ્રને અપગ્રેડ કરવા બાબત**

* ૧૪૮૦૬ **શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે બનાસકાંઠા જિલ્લામાં આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર થરાદને અપગ્રેડ કરી સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ બનાવવાની યોજના અમલમાં મૂકેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનાની વિગતો શી છે ? | (૨) થરાદ અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોને વધુ સારી તબીબી વિષયક નિદાન અને સારવારની સુવિધા સ્થાનિક કક્ષાએ મળી રહે તે માટે સામૂહિક આરોગ્ય કેન્દ્ર, થરાદને પેટા જીલ્લા કક્ષાની હોસ્પિટલમાં અપગ્રેડ કરવાની યોજના છે. |

---------

**વેસ્મા -મરોલી --ઉભરાટ રસ્તાને પહોળો કરવા બાબત**

* ૧૪૭૦૧ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં ઉભરાટ પ્રવાસી સ્થળને જોડતા વેસ્મા-મરોલી-ઉભરાટ રસ્તાને પહોળો કરવાની કામગીરી<br>તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) વર્ક ઓર્ડર આપેલ છે.<br>કામગીરી પ્રગતિમાં છે. |
| (૨) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ કામ પાછળ કુલ કેટલો ખર્ચ થયો છે, અને | (૨) રૂા. ૧૮૬૨.૨૧ લાખ. |
| (૩) આ કામ પૂર્ણ કરવા માટે કેટલો ખર્ચ થશે ? | (૩) અંદાજીત રૂા. ૬૭૦૦ લાખ. |

---------

**દાહોદ જિલ્લામાં ચિરંજીવી યોજનાના લાભાર્થીઓ**

* ૧૪૮૨૨ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) દાહોદ જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ કેટલા લાભાર્થીઓએ તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં લાભ લીધેલ છે, અને | (૧) ૧૪,૯૦૪ લાભાર્થીઓએ. |
| (૨) કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂા. ૫,૪૪,૦૪,૮૪૪/-. |

---------

**મોડાસા તાલુકાના ઈલગેલ રાજલી ગામે સ્લેબબીમ બનાવવા બાબત**

* ૧૩૬૭૭ **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ મોડાસા તાલુકાના ઈલગેલ રાજલી ગામે જતા વચ્ચે મોટી નદીનું વહેણ આવવાથી ચોમાસામાં વિદ્યાર્થીઓને અભ્યાસ અંગે જવા માટે ભારે હાડમારીઓ વેઠવી પડે છે તે હકીકીતથી સરકાર વાકેફ છે, | (૧) અતિભારે વરસાદમાં નદીનું વહેણ આવવાનાં સમયે વૈકલ્પિક રસ્તો ઉપલબ્ધ છે. |
| (૨) જો હા, તો આ સ્લેબબીમ બનાવવા કેટલી માંગણીઓ સરકારને છેલ્લા બે વર્ષમાં મળી, અને | (૨) અને (૩) કોઈ માંગણી મળેલ નથી. |
| (૩) મળેલ માંગણીઓ પછી સરકારે શાં પગલાં લીધાં ? | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમરેલી અને ગાંધીનગર શહેરમાં સિવિલ હોસ્પિટલમાં સ્વાઈન ફ્લ્યુના ટેસ્ટ માટેની લેબોરેટરી સ્થાપવા બાબત**

* ૧૩૮૨૩ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમરેલી અને ગાંધીનગર શહેરમાં સિવિલ હોસ્પિટલમાં સ્વાઈન ફ્લ્યુનાં ટેસ્ટ માટેની લેબોરેટરી આવેલ છે કે કેમ, | (૧) ના. જી. |
| (૨) જો ના, તો આ લેબોરેટરી સ્થાપવા સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને<br>(૩) ઉક્ત સ્થિતિએ આ લેબોરેટરી કેટલા સમયમાં સ્થાપવામાં આવનાર છે ? | (૨) અને (૩)<br>ગાંધીનગર નજીક અમદાવાદ ખાતે સ્વાઈન ફ્લ્યુના ટેસ્ટ માટે લેબોરેટરી આવેલી છે. આથી ગાંધીનગર ખાતે કોઈ આયોજન નથી. જ્યારે અમરેલી નજીક રાજકોટ ખાતે સ્વાઈન ફ્લ્યુના ટેસ્ટ માટે વ્યવસ્થા છે જ્યારે ભાવનગર ખાતે વ્યવસ્થા કરવાનું વિચારણા હેઠળ છે આથી અમરેલી ખાતે હાલ કોઈ આયોજન નથી. |

---------

**મહિસાગર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓના થયેલ મોત**

* ૧૪૩૧૦ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહિસાગર સિવિલ હોસ્પિટલમાં કેટલા દર્દીઓના મોત થયા, | (૧) ૩૬. |
| (૨) તે પૈકી ડોકટરો સ્ટાફની/બેદરકારીથી કેટલા મોત થયા, | (૨) શૂન્ય. |
| (૩) જવાબદારો સામે શાં પગલાં લીધા, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ આવા બનાવો ન બને તે માટે સરકાર દ્વારા શી શિક્ષાત્મક કાર્યવાહી કરવા માગે છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વિજાપુર તાલુકામાં સ્ટેટ અને પંચાયત હસ્તકના રસ્તાઓનું રીસરફેસીંગ**

* ૧૪૯૨૧ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૫ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં પંચાયત અને સ્ટેટ હસ્તકના છેલ્લા સાત વર્ષ કે તેથી વધુ વર્ષથી ડામર સપાટીનું રીસરફેસીંગનું કામ થયેલ નથી, અને | (૧) ૧૫ (પંદર) રસ્તાઓ. |
| (૨) આ રસ્તાઓની કામગીરી કેટલા સમયમાં હાથ ધરી પૂર્ણ કરવામાં આવશે ? | (૨) ૨ કામ મંજૂર જે પૈકી ૧ (એક) રસ્તાનું કામ પ્રગતિમાં છે જે નિયત સમય મર્યાદામાં પુર્ણ કરવાનું આયોજન છે. બાકીના રસ્તાઓની સપાટી વાહનવ્યવહાર લાયક હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં મેલેરીયાના એકત્ર કરેલ નમૂના**

* ૧૪૮૧૫ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં મેલેરીયા નિયંત્રણ માટે સર્વેલન્સ કામગીરી અંતર્ગત તા.૩૧-૧૨-૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લોહીના જિલ્લાવાર કેટલા નમૂના એકત્ર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા તથા બનાસકાંઠા જિલ્લાના નીચે મુજબના લોહીના નમૂના એકત્ર કરવામાં આવેલ છે.

| એકત્ર કરેલ લોહીના નમૂનાની સંખ્યા | સાબરકાંઠા જિલ્લો | બનાસકાંઠા જિલ્લો |
|---|---|---|
| | ૧૦૩૪૩૪૯ | ૧૧૮૧૨૩૮ |

**પ્રશ્ન**

(૨) તે પૈકી કેટલા કેસમાં મેલેરીયા અને કેટલા કેસમાં ફાલસીફિરમ જણાઈ આવ્યું અને કેટલા મૃત્યુ થયા ?

**જવાબ**

(૨) તે પૈકી સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં મેલેરીયા અને ફાલસીફિરમ કેસો તથા તેથી થયેલ મૃત્યુ અંગેની માહિતી નીચે મુજબ છે.

| જિલ્લાઓ | મેલેરીયા | ફાલસીફિરમ | મૃત્યુ |
|---|---|---|---|
| સાબરકાંઠા | ૧૮૪૧ | ૧૯૬ | ૦૦ |
| બનાસકાંઠા | ૨૧૮૯ | ૪૨ | ૦૦ |

---------

**કચ્છ જિલ્લામાં ૧૦૮ સેવાના લાભાર્થીઓ**

* ૧૪૮૦૪ **શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ૧૦૮ સેવાઓ દ્વારા તા.૩૧-૧-૧૫ ની સ્થિતિએ કેટલા દર્દીઓએ સેવાનો લાભ લીધેલ છે ? | ૪૮,૩૦૪ (અડતાલીસ હજાર ત્રણસો ચાર). |

---------

**જોડીયા રેફરલ હોસ્પિટલમાં ખાલી જગ્યાઓ ભરવા બાબત**

* ૧૩૭૮૪ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** તા. ૦૨-૦૭-૨૦૧૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૯૪૨૩ (અગ્રતા-૧૭૪)ના અનુસંધાને : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જોડીયા રેફરલ હોસ્પિટલ (સામૂહિક આરોગ્ય કેન્દ્ર) માં તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ તા.૧૧-૩-૨૦૦૫ થી ખાલી પડેલી સર્જન વર્ગ-૧ ની ખાલી જગ્યા વોક ઈન-ઈન્ટરવ્યુ દ્વારા ભરવાનું તથા સ્ટાફ નર્સની ૩ જગ્યા અને હેડ નર્સની ૧ જગ્યા ભરતી તથા બઢતીથી ભરવાનું આયોજન હતું તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ જગ્યાઓ તા.૩૧ ડીસેમ્બર- | (૨) ૧. સર્જન વર્ગ-૧ ની જગ્યા યોગ્ય ઉમેદવાર |

૨૦૧૪ ની સ્થિતિએ પણ ભરવામાં આવી નથી તેના શા કારણો છે, અને

ઉપલબ્ધ ન થવાના કારણે ભરી શકાયેલ નથી.

૨. હેડનર્સની ૧ જગ્યા બઢતીથી ભરવાની થાય છે, જે અંગેની કાર્યવાહી હાલ ચાલુ છે.

૩. સ્ટાફ નર્સની ૧ જગ્યા સીધી ભરતીથી ભરવાની થાય છે, જેની કાર્યવાહી ચાલુમાં છે.

(૩) આ તમામ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં સરકાર ભરવા માંગે છે ?

(૩) જુદા-જુદા સંવર્ગોમાં ભરતીની કાર્યવાહી નિયમોનુસાર હાથ ધરવામાં આવેલ છે, જે પૂરી થયેથી જગ્યાઓ ભરવામાં આવશે.

---------

**આણંદ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

* ૧૩૬૯૩ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ખંભાત | ૧૦૩૩ | ૧૦૮૯ |
| ૨ | પેટલાદ | ૧૨૮૧ | ૧૨૩૪ |
| ૩ | બોરસદ | ૧૭૬૮ | ૧૮૭૬ |
| ૪ | સોજીત્રા | ૩૪૭ | ૩૨૬ |
| ૫ | આંકલાવ | ૨૩૬ | ૨૨૫ |
| ૬ | આણંદ | ૧૪૬૮ | ૧૫૯૪ |
| ૭ | ઉમરેઠ | ૧૧૭૬ | ૧૨૨૧ |
| ૮ | તારાપુર | ૩૭૪ | ૩૪૮ |
| | **કુલ** | **૭૬૮૩** | **૭૯૧૩** |

(૨) આ કુપોષણ દૂર કરવા સરકારે છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કર્યો ?

(૨) આ કુપોષણ દૂર કરવા સરકારે ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ રૂ.૩,૫૧,૯૪,૫૦૦ નો ખર્ચ કરેલ છે.

---------

**દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં બાળ મૃત્યુદર**

* ૧૪૪૬૮ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં બાળ મૃત્યુનો દર કેટલો છે, અને

**જવાબ**

(૧) ભારત સરકારના રજીસ્ટ્રાર જનરલ દ્વારા સેમ્પલ રજીસ્ટ્રેશન સીસ્ટમ (SRS) અનુસાર બાળ મૃત્યુદર જિલ્લાવાર બહાર પાડવામાં આવતો નથી. પરંતુ રાજ્યવાર અને રાજ્યના ભૌગોલીક વિસ્તાર પુરતો બહાર પાડવામાં આવે છે. સેમ્પલ રજીસ્ટ્રેશન સીસ્ટમ ૨૦૧૩ અનુસાર સૌરાષ્ટ્ર વિસ્તાર (દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લા સહીત) નો બાળ મૃત્યુદર પ્રતિ ૧ હજાર જીવીત જન્મે ૩૧ છે.

(૨) બાળ મૃત્યુદર ઘટાડવા માટે રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધા ?

(૨) સામેલ પત્રક-અ મુજબ.

**પત્રક-અ**

બાળ મૃત્યુદર ઘટાડવા માટે રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં લીધેલા પગલાં

તા. ૨૫મી ફેબ્રુઆરી–૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | બાળ મૃત્યુદર ઘટાડવા માટે રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના પગલાં લીધા છે. |
|---|---|
| ૧ | મમતા અભિયાન–જેમાં સગર્ભા માતાની તપાસ, બાળકોનું રસીકરણ, પોષણ અને આરોગ્ય શિક્ષણની કામગીરી કરવામાં આવે છે. |
| ૨ | સરકારી દવાખાનાઓમાં નિઃશુલ્ક અને સલામત પ્રસુતિ સેવાઓ. |
| ૩ | નવજાત શિશુની સંસ્થાકીય ઘનિષ્ઠ સારવાર. |
| ૪ | નવજાત શિશુની ગૃહ મુલાકાત અને સારવાર. |
| ૫ | નવજાત અને બાળપણની બિમારીઓનું સંકલિત સંચાલન. |
| ૬ | બાલ સખા યોજના. |
| ૭ | સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ. |
| ૮ | મિશન બલમ્ સુખમ્, હેઠળ બાળ કુપોષણ સારવાર કેન્દ્રો અને કસ્તુરબા પોષણ સહાય યોજના હેઠળ બીપીએલને રૂ.૬૦૦૦ ની સહાય. |
| ૯ | વીટામીન–એ ડોઝ અને લોહ તત્વની ગોળીઓ જેવા પોષણ પૂરકોનો ઉપયોગ. |
| ૧૦ | ઈ–મમતા–માતા અને બાળ ટ્રેકીંગ કાર્યક્રમ. |
| ૧૧ | ઓ.આર.એસ. અને ઝીંક ટ્રીટમેન્ટ દ્વારા ડાયેરીયા સંભાળ. |
| ૧૨ | રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ. |
| ૧૩ | "આરએસબીવાય" અને "મા" અંતર્ગત નવજાત શિશુની ગંભીર બિમારીની સારવાર. |
| ૧૪ | બાળરોગ નિષ્ણાંતની સેવાઓ સુદ્રઢ કરવા "CM SETU" યોજના. |
| ૧૫ | ૧૦૮ અને ખિલખિલાટની સેવાઓ. |

સદર યોજનાઓને કારણે બાળ મૃત્યુદર પ્રતિ હજાર જીવીત જન્મે સેમ્પલ રજીસ્ટ્રેશન સીસ્ટમ, (SRS) ૨૦૧૧ મુજબ ૪૧ હતો જે ઘટીને (SRS) ૨૦૧૩ પ્રમાણે સૌરાષ્ટ્ર વિસ્તાર માટે ૩૧ થયેલ છે.

---------

**હાથમતી નદી ઉપર કોઝવેનું કામ**

* ૧૪૪૩૭ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં હાથમતી નદી પર ઉપલા કમઠાડીયા થી કમઠાડીયા વચ્ચેનો કોઝવે અને બોલુન્દ્રાથી ઉપલા બોલુન્દ્રા વચ્ચેનો કોઝવેનું છેલ્લા કેટલા સમયથી તુટેલી હાલતમાં હોવાથી વાહનવ્યવહાર બંધ છે, અને | (૧) ના, જી. બંને કોઝવેની મરામત કરીને હાલમાં વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે. |
| (૨) ઉકત સ્થિતિેએ આ બંને જગ્યાએ નદી પર તૂટેલો કોઝવે ક્યાં સુધીમાં મરામત કરી વાહનવ્યવહાર પુનઃચાલુ કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## મહેસાણા જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

* ૧૪૭૫૯ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો કુપોષિત છે અને કેટલા બાળકોનું વજન ઉંમરના પ્રમાણમાં ઓછું છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ઓછા વજનવાળા બાળકો તેમજ અતિ ઓછા વજનવાળા બાળકોનું વજન ઉંમરના પ્રમાણમાં ઓછું છે જે નીચે દર્શાવ્યા મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૫૯૭ | ૮૮ |
| ૨ | કડી | ૧૦૦૭ | ૧૬૩ |
| ૩ | ખેરાલુ | ૪૭૬ | ૨૫ |
| ૪ | વિસનગર | ૧૨૦૬ | ૮૭ |
| ૫ | વડનગર | ૧૧૩૯ | ૮૬ |
| ૬ | સતલાસણા | ૨૮૪ | ૧૯ |
| ૭ | ઉંઝા | ૨૫૫ | ૧૩ |
| ૮ | બેચરાજી | ૩૯૫ | ૨૪ |
| ૯ | વિજાપુર | ૧૨૩૫ | ૧૬૦ |
| ૧૦ | જોટાણા | ૫૮૩ | ૫૮ |
| | **કુલ** | **૭૧૭૭** | **૭૨૩** |

(૨) બાળકોમાં કુપોષણ નિવારવા રાજ્ય સરકારે શાં પગલાં લીધા ?

(૨)

- આંગણવાડી કેન્દ્રના તમામ લાભાર્થી બાળકોને પોષણ યુકત આહાર નિયમિત રીતે આપવામાં આવે છે.
- ૬ માસથી ૩ વર્ષના તમામ બાળકોને નિદર્શન ભોજન નિયમિત આપવામાં આવે છે.
- મઘ્યમ અને અતિકૂપોષિત ૩ થી ૬ વર્ષના બાળકોને ત્રીજુ ભોજન આપવામાં આવે છે.
- અતિકુપોષિત બાળકો માટે ૬ માસથી ૩ વર્ષના બાળકોને પ્રિમિક્ષ એક માસના દસ પેકેટ મુજબ ટીએચઆર (ટેક હોમ રેશન) તરીકે આપવામાં આવે છે.
- મહેસાણા જિલ્લામાં લોક સહકારથી મઘ્યમ અને અતિકુપોષિત બાળકોને છેલ્લા ત્રણ માસથી સારી ગુણવત્તાની ખજુર વિતરણ કરવામાં આવે છે.
- મહેસાણા જિલ્લામાં આધાર ફાઉન્ડેશન ટ્રસ્ટ તરફથી ઓછા અને અતિઓછા બાળક દીઠ ૧૦ ગ્રામ સીંગ, ૧૦ ગ્રામ ચણા અને ૧૦ ગ્રામ ગોળ પ્રમાણે એક માસના જથ્થાની કીટ બનાવી આંગણવાડી કેન્દ્રમાં વિતરણ કરવામાં આવે છે.
- જિલ્લાના તમામ અધિકારીશ્રીઓએ અતિકુપોષિત બાળકો માટે જિલ્લાની પાંચ પાંચ આંગણવાડીઓ દત્તક લીધેલ છે.

- જે આંગણવાડી કેન્દ્રોમાં મધ્યમ અને અતિકુપોષિત બાળકોની સંખ્યા વધારે હોય તેવા કેન્દ્રો ઉપર ઘનિષ્ટ પોષણ સારવાર કેન્દ્રો હેઠળ ખાસ મેનુ તૈયાર કરી બાળકોને પોષણ યુકત ખોરાક આપવામાં આવે છે.
- અતિકુપોષિત બાળકો તાલુકા કક્ષાએ કુપોષણ મુકત બનાવવા માટે બાળ આરોગ્ય સેવા કેન્દ્રમાં (સીએમટીસી) દાખલ કરી આરોગ્ય વિષયક તેમજ પોષણ યુકત આહાર સાથે સારવાર આપવામાં આવે છે.
- જિલ્લા કક્ષાએ પોષણ પુન વસન કેન્દ્ર (એન.આર.સી.) ચલાવવામાં આવે છે.
- કુપોષણ મુકત કરવા ગામે ગામ જાગૃતિ લાવવા માટે તેમજ ‘‘કુપોષણ મુકત મહેસાણા જિલ્લો’’ નામની પુસ્તિકા તૈયાર કરી વિતરણ કરવામાં આવેલ છે.

---------

## અમદાવાદ શહેરમાં જનરલ હોસ્પિટલ, હાર્ટ, કીડની, કેન્સર અને આંખની હોસ્પિટલોમાં મંજૂર મહેકમ

* ૧૪૬૫૨ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં જનરલ હોસ્પિટલ, હાર્ટ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ, કેન્સર હોસ્પિટલ અને આંખની હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં તબીબી શિક્ષણ પ્રભાગ હેઠળની સિવિલ હોસ્પિટલ, હાર્ટ હોસ્પિટલ, કીડની હોસ્પિટલ, કેન્સર હોસ્પિટલ અને આંખની હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| સંવર્ગ | સી.હો. અમદાવાદ | હાર્ટ હોસ્પિટલ. અમદાવાદ | કીડની હોસ્પિટલ અમદાવાદ | કેન્સર હોસ્પિટલ અમદાવાદ | એમ.એન્ડ જે. આંખની હોસ્પિટલ અમદાવાદ |
|---|---|---|---|---|---|
| વર્ગ–૧ | ૩૧ | ૨૭૧ | ૯૦ | ૧૫૩ | ૩૨ |
| વર્ગ–૨ | ૮૦ | ૪૫૮ | ૩૨ | ૩૭ | ૭ |
| વર્ગ–૩ પેરા મેડીકલ | ૪૨૫ | ૩૧૨ | ૯૭ | ૯૯ | ૩૪ |
| વર્ગ–૩ વહીવટી | ૧૮૦ | ૨૧૦ | ૪૨ | ૭૯ | ૧૮ |
| નર્સીંગ | ૧૨૨૪ | ૧૫૭૪ | ૧૫૨ | ૨૮૨ | ૭૯ |
| વર્ગ–૪ | ૭૨૪ | ૭૭ | ૩૧ | ૨૯૪ | ૭૯ |
| **કુલ** | **૨૬૬૪** | **૨૯૦૨** | **૪૪૪** | **૯૪૪** | **૨૪૯** |

**પ્રશ્ન**

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

**જવાબ**

(૨) તે પૈકી ભરાયેલ અને ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

| સંવર્ગ | સી.હો. અમદાવાદ | | હાર્ટ હો. અમદાવાદ | | કીડની હો. અમદાવાદ | | કેન્સર હો. અમદાવાદ | | એમ.એન્ડ જે. આંખની હોસ્પિટલ અમદાવાદ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ભરેલી | ખાલી | ભરેલી | ખાલી | ભરેલી | ખાલી | ભરેલી | ખાલી | ભરેલી | ખાલી |
| વર્ગ–૧ | ૦૭ | ૨૪ | ૧૨૮ | ૧૪૩ | ૪૫ | ૪૫ | ૧૦૧ | ૫૨ | ૩૧ | ૦૧ |
| વર્ગ–૨ | ૪૨ | ૩૮ | ૧૫૦ | ૩૦૮ | ૧૨ | ૨૦ | ૩૭ | ૦૦ | ૦૨ | ૦૫ |
| વર્ગ–૩ પેરા મેડીકલ | ૪૨૧ | ૦૪ | ૨૪૩ | ૬૯ | ૯૩ | ૦૪ | ૯૮ | ૦૧ | ૨૭ | ૦૭ |
| વર્ગ–૩ વહીવટી | ૧૧૯ | ૬૧ | ૧૪૯ | ૬૧ | ૪૦ | ૦૨ | ૭૯ | ૦૦ | ૦૮ | ૧૦ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નર્સીંગ | ૧૧૬૯ | ૫૫ | ૬૮૪ | ૮૯૦ | ૧૪૯ | ૦૩ | ૨૭૭ | ૦૫ | ૬૫ | ૧૪ |
| વર્ગ–૪ | ૭૨૪ | ૦૦ | ૭૭ | ૦૦ | ૩૧ | ૦૦ | ૨૧૬ | ૭૮ | ૭૯ | ૦૦ |
| **કુલ** | **૨૪૮૨** | **૧૮૨** | **૧૪૩૧** | **૧૪૭૧** | **૩૭૦** | **૭૪** | **૮૦૮** | **૧૩૬** | **૨૧૨** | **૩૭** |

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે, અને

(૩) યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

(૪) ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા ફીકસ પગારથી ભરાયેલ છે ?

(૪) ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર નીચે મુજબની જગ્યાઓ ફીકસ પગારથી ભરાયેલ છે.

| **સંવર્ગ** | **સી.હો. અમદાવાદ** | | **હાર્ટ હો. અમદાવાદ** | | **કીડની હો. અમદાવાદ** | | **કેન્સર હો. અમદાવાદ** | | **એમ.એન્ડ જે. આંખની હોસ્પિટલ અમદાવાદ** | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | **ફીકસ પગારથી ભરાયેલ જગ્યાઓ** | **ફીકસ પગાર માસિક રૂ.** | **ફીકસ પગારથી ભરાયેલ જગ્યાઓ** | **ફીકસ પગાર માસિક રૂ.** | **ફીકસ પગારથી ભરાયેલ જગ્યાઓ** | **ફીકસ પગાર માસિક રૂ.** | **ફીકસ પગારથી ભરાયેલ જગ્યાઓ** | **ફીકસ પગાર માસિક રૂ.** | **ફીકસ પગારથી ભરાયેલ જગ્યાઓ** | **ફીકસ પગાર માસિક રૂ.** |
| વર્ગ–૧ | – | – | ૧૦૨ | ૫૩૫૦૦ થી ૧૦૮૯૦૦ | – | – | ૧૦ | ૧૦૦૦૦ થી ૭૦૦૦૦ | – | – |
| વર્ગ–૨ | – | – | ૧૫૦ | ૧૫૦૦૦ થી ૬૦૦૦૦ | – | – | ૧ | ૨૫૦૦૦ | – | – |
| વર્ગ–૩ પેરામેડીકલ | ૩૭ | ૭૮૦૦ થી ૧૩૭૦૦ | ૨૪૧ | ૭૦૦૦ થી ૬૦૦૦૦ | – | – | ૧૬ | ૮૮૦૦ થી ૨૦,૦૦૦ | ૦૬ | ૭૮૦૦ થી૧૩૫૦૦ |
| વર્ગ–૩ વહીવટી | ૧૧ | ૭૮૦૦ | ૧૪૯ | ૮૦૦૦ થી ૩૦૦૦૦ | – | – | ૧૮ | ૮૮૦૦ | – | – |
| નર્સીંગ | ૨૬૬ | ૧૩૫૦૦ | ૬૮૩ | ૧૦૦૦૦ થી ૪૫૦૦૦ | – | – | ૨૦ | ૮૮૦૦ થી ૯૬૮૦ | ૯ | ૧૩૫૦૦ |
| વર્ગ–૪ | – | – | ૭૦ | ૫૭૫૦ | – | – | – | – | – | – |
| **કુલ** | **૩૧૪** | **–** | **૧૩૯૫** | **–** | **–** | **–** | **૬૫** | **–** | **૧૫** | **–** |

---------

**પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખાલી જગ્યાઓ ભરવા બાબત**

* ૧૪૮૯૩ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાની પાલનપુર સિવિલ હોસ્પિટલમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેડર વાઈઝ કેટલી જગ્યાઓ ખાલી છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાની પાલનપુર સિવિલ હોસ્પિટલમાં નીચે મુજબ કેડર વાઈઝ જગ્યાઓ ખાલી છે.

| **સંવર્ગ** | **ખાલી જગ્યા** |
|---|---|
| વર્ગ–૧ | ૬ |
| વર્ગ–૨ | ૧૦ |
| વર્ગ–૩ | ૨૫ |
| વર્ગ–૪ | ૫૩ |
| **કુલ** | **૯૪** |

કેડરવાઈઝ ખાલી જગ્યાનું પત્રક સામેલ છે.

(૨) આ જગ્યાઓ પૈકી કઈ જગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૨) ખંડ–૧ ના *પત્રકમાં જણાવ્યા મુજબ.

(૩) ખાલી જગ્યાઓ લાંબા સમય સુધી ખાલી રહેવાના શા કારણો છે, અને

(૩) વર્ગ–૧ માં તજજ્ઞો અને વર્ગ–૨ માં તબીબી અધિકારીઓની જગ્યાઓ ઉપર ઉમેદવારો ઉપલબ્ધ ન

થવાથી ખાલી છે.અન્ય વર્ગ–૩ ની જગ્યાઓ માટે સીધી ભરતી–બઢતીથી ભરવા અંગેની કાર્યવાહી ચાલુ છે. તથા વર્ગ–૪ ની જગ્યાઓ ઉપર આઉટ સોર્સીંગથી સેવાઓ લેવામાં આવતી હોવાથી.

(૪) તમામ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે ?

(૪) જુદા–જુદા સંવર્ગોમાં ભરતીની કાર્યવાહી નિયમોનુસાર હાથ ધરવામાં આવેલ છે, જે પૂરી થયેથી જગ્યાઓ ભરવામાં આવશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## ખેડા જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

* ૧૩૫૬૮ **શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | માતર | ૧૮૬૭ | ૧૮૦ |
| ૨ | ઠાસરા | ૧૪૫૭ | ૬૯ |
| ૩ | મહેમદાવાદ–૧ | ૧૫૧૬ | ૧૦૧ |
| ૪ | ડાકોર | ૮૯૪ | ૧૫૭ |
| ૫ | કપડવંજ–૧ | ૫૮૫ | ૪૬ |
| ૬ | કઠલાલ | ૧૮૦૧ | ૧૪૬ |
| ૭ | નડીયાદ–૧ | ૩૨૦૧ | ૧૯૮ |
| ૮ | મહુધા | ૨૩૬૭ | ૨૦૭ |
| ૯ | ખેડા | ૧૫૯૮ | ૧૮૦ |
| ૧૦ | કપડવંજ–૨ | ૫૯૭ | ૬૦ |
| ૧૧ | મહેમદાવાદ–૨ | ૧૨૪૧ | ૧૦૮ |
| ૧૨ | નડીયાદ–૨ | ૩૨૯૮ | ૨૨૧ |
| | **કુલ** | **૨૦૪૨૨** | **૧૬૭૩** |

(૨) આ કુપોષણ દુર કરવા સરકારે છેલ્લા એક વર્ષમાં કેટલી રકમનો ખર્ચ કર્યો ?

(૨) આ કુપોષણ દૂર કરવા માટે સરકારે છેલ્લા એક વર્ષમાં રૂ.૪,૧૨,૭૬,૭૦૦ (રૂપિયા ચાર કરોડ, બાર લાખ, છોતેર હજાર, સાતસો) નો ખર્ચ કરેલ છે.

---------

## મહિસાગર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં શૌચાલયોની સુવિધા

* ૧૩૯૧૬ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોમાં શૌચાલયોની સુવિધા ઉપલબ્ધ નથી, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાના નામ | શૌચાલયની સુવિધા ઉપલબ્ધ નથી તેવા કેન્દ્રો |
|---|---|---|
| ૧ | લુણાવાડા | ૨૭ |
| ૨ | ખાનપુર | ૮ |
| ૩ | કડાણા | ૪૩ |
| ૪ | સંતરામપુર | ૮૩ |

| | | |
|---|---|---|
| ૫ | બાલાશિનોર | ૦ |
| ૬ | વિરપુર | ૨ |
| | **કુલ** | **૧૬૩** |

(૨) ઉક્ત આંગણવાડી કેન્દ્રોમાં સરકાર કેટલા સમયમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરાવવા માંગે છે ?

(૨) બનતી ત્વરાએ.

---------

**પાટણ જિલ્લામાં ટાઈફોઈડ, મેલેરીયા, ડેન્ગ્યુ અને સ્વાઈન ફ્લ્યુના નોંધાયેલ કેસો**

* ૧૩૯૮૪ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પાટણ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ટાઈફોઈડ, મેલેરીયા, ડેન્ગ્યુ અને સ્વાઈન ફ્લ્યુના કેટલા કેસો નોંધવામાં આવ્યા, અને

(૨) ઉપરોક્ત રોગો માટે રાજ્ય સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પાટણ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં

- ટાઈફોઈડના ૨૨૫૮
- મેલેરીયાના ૨૪૮૮
- ડેન્ગ્યુના ૨૪

સ્વાઈન ફ્લૂના ૪ કેસો નોંધવામાં આવ્યા.

(૨) ઉપરોક્ત રોગો માટે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબના પગલાંઓ લેવામાં આવેલ છે.

- આરોગ્ય વિભાગ દ્વારા ટાઈફોઈડ જે પાણીજન્ય તથા મેલેરિયા અને ડેન્ગ્યુ જેવા વાહકજન્ય રોગો માટે નિયમિત રીતે સર્વેલન્સની કામગીરી કરવામાં આવેલ.
- આરોગ્ય કર્મચારીઓ દ્વારા નિયમિત રીતે પીવાના પાણીના સ્ત્રોતોનું ક્લોરીનેશન ચેક કરી જરૂરી હોય ત્યાં ક્લોરીનેશન કરવામાં આવે છે.
- મેલેરીયા અને ડેન્ગ્યુ રોગોને કાબુમાં લેવા માટે જીલ્લા દ્વારા અસરગ્રસ્ત વિસ્તારમાં ફિવર સર્વેલન્સ, પોરાનાશક કામગીરી, ફોગીંગ કામગીરી તથા જંતુનાશક દવા છંટકાવ કામગીરી હાથ ધરવામાં આવેલ છે.
- સ્વાઈન ફ્લુના મળેલ પોઝીટીવ કેસોના સગા સંબંધિઓનું કોન્ટેક્ટ ટ્રેસીંગ કામગીરી/જરૂરી સારવાર આપવામાં આવે છે.
- સર્વેલન્સ કામગીરી, ગ્રામસભા, જાહેર સભા, આઈ.ઈ.સી. કામગીરી, પત્રીકા વિતરણ.
- આરોગ્ય શિક્ષણ જેવી કામગીરી કરવામાં આવે છે.

---------

**પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં સરકારી દવાખાના, પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર મહેકમ**

* ૧૪૨૬૪ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર સરકારી દવાખાના, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્રોવાર સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી સરકારી દવાખાના, પ્રાથમિક આરોગ્ય

**જવાબ**

(૧) અને (૨) : *પત્રક – અ, બ, ક, ડ મુજબ.

કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્રોવાર સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. વર્ગ–૩ અને વર્ગ–૪ ની જગાઓ પર જરૂરત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ચાકધરા ધામણદેવીનો ડામરનો રસ્તો બનાવવા બાબત**

* ૧૪૧૩૭ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ તાપી જિલ્લાના વ્યારા તાલુકાના ચાકધરા ધામણદેવીનો ડામર રસ્તો બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૨) આ ડામર રસ્તાનું કામ કેટલા સમયમાં પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) અને (૨) : હાલ કોઈ આયોજન નથી.

---------

**સાબરકાંઠા જિલ્લામાં આંગણવાડીઓને પોતાના મકાનો**

* ૧૪૫૭૫ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને પોતાના સરકારી મકાનો નથી,

**જવાબ**

(૧) ૫૨૩ આંગણવાડીઓને પોતાના સરકારી મકાનો નથી. જેની માહિતી નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | પોતાના સરકારી મકાનો નથી તેવી આંગણવાડી કેન્દ્રો |
|---|---|---|
| ૧ | ઈડર | ૭૨ |
| ૨ | પ્રાંતિજ | ૫૫ |
| ૩ | ખેડબ્રહ્મા | ૧૪૫ |
| ૪ | વડાલી | ૨૮ |
| ૫ | હિંમતનગર | ૫૧ |
| ૬ | વિજયનગર | ૧૪૯ |
| ૭ | તલોદ | ૨૩ |
| | **કુલ** | **૫૨૩** |

(૨) તાલુકાવાર કેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે, અને

(૨) ૩૪૭ આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે.

| અ. નં. | તાલુકાનું નામ | ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઈડર | ૪૦ |
| ૨ | પ્રાંતિજ | ૪૦ |
| ૩ | ખેડબ્રહ્મા | ૧૨૨ |
| ૪ | વડાલી | ૧૭ |
| ૫ | હિંમતનગર | ૧૬ |
| ૬ | વિજયનગર | ૯૨ |
| ૭ | તલોદ | ૨૦ |

| | કુલ | ૩૪૭ |
|---|---|---|

(૩) આ બાકી આંગણવાડીઓના પાકા મકાન કયા સમય સુધીમાં બનાવવામાં આવશે ?

(૩) બનતી ત્વરાએ.

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કાર્યરત પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો**

* ૧૪૮૯૦ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ નિર્ધારીત ધોરણ પ્રમાણે અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કેટલા તાલુકામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોની જરૂરિયાત છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં નીચે જણાવેલ તાલુકાઓમાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોની જરૂરીયાત છે.

| અ. નં | જિલ્લો | તાલુકો | પ્રા.આ.કે. | સા.આ.કે. |
|---|---|---|---|---|
| ૧ | અરવલ્લી | ભિલોડા | ૦૩ | ૦૨ |
| ૨ | | મેઘરજ | ૦૨ | ૦૧ |
| ૩ | | બાયડ | ૦૧ | ૦૦ |
| ૪ | | ધનસુરા | ૦૧ | ૦૦ |
| ૫ | | માલપુર | ૦૧ | ૦૦ |
| ૬ | | મોડાસા | ૦૦ | ૦૦ |
| | **કુલ** | | **૦૮** | **૦૩** |
| ૧ | સાબરકાંઠા | ખેડબ્રહ્મા | ૦૩ | ૦૨ |
| ૨ | | પોશીના | ૦૩ | ૦૧ |
| ૩ | | હિંમતનગર | ૦૧ | ૦૦ |
| ૪ | | પ્રાંતિજ | ૦૧ | ૦૦ |
| ૫ | | તલોદ | ૦૧ | ૦૦ |
| ૬ | | વિજયનગર | ૦૧ | ૦૦ |
| ૭ | | ઈડર | ૦૦ | ૦૦ |
| ૮ | | વડાલી | ૦૦ | ૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાં તાલુકાવાર કેટલા પ્રા.આ.કેન્દ્રો અને સા.આ.કેન્દ્રો કાર્યરત છે, અને

(૨) અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાં તાલુકાવાર કાર્યરત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોની વિગત નીચે મુજબ છે.

| અ. નં | જિલ્લો | તાલુકો | પ્રા.આ.કેન્દ્ર ની સંખ્યા | પ્રા.આ.કેન્દ્ર ની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | અરવલ્લી | બાયડ | ૦૫ | ૦૩ |
| ૨ | | ભિલોડા | ૦૭ | ૦૧ |
| ૩ | | ધનસુરા | ૦૩ | ૦૧ |
| ૪ | | માલપુર | ૦૨ | ૦૧ |
| ૫ | | મેઘરજ | ૦૬ | ૦૧ |
| ૬ | | મોડાસા | ૦૭ | ૦૧ |
| | **કુલ** | | **૩૦** | **૦૮** |
| ૧ | સાબરકાંઠા | હિંમતનગર | ૦૭ | ૦૨ |
| ૨ | | ઈડર | ૧૦ | ૦૨ |
| ૩ | | ખેડબ્રહ્મા | ૦૪ | ૦૦ |
| ૪ | | પોશીના | ૦૪ | ૦૧ |
| ૫ | | પ્રાંતિજ | ૦૪ | ૦૨ |
| ૬ | | તલોદ | ૦૪ | ૦૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | | વડાલી | ૦૨ | ૦૨ |
| ૮ | | વિજયનગર | ૦૪ | ૧ |
| **કુલ** | | | **૩૯** | **૧૧** |

(૩) નિર્ધારીત ધોરણ કરતાં ઓછા રહેતા પ્રા.આ.કેન્દ્રો અને સા.આ.કેન્દ્રો શરૂ કરવા માટે રાજ્ય સરકારનું શું આયોજન છે ?

(૩) નીચે જણાવ્યા મુજબ નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે.

| અ. નં. | જિલ્લો | તાલુકો | નવા મંજૂર કરેલ પ્રા.આ.કેન્દ્રની સંખ્યા | નવા મંજૂર કરેલ સા.આ.કેન્દ્રની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | અરવલ્લી | ભિલોડા | ૦૨ | ૦૧ |
| | | મેઘરજ | ૦૨ | ૦૧ |
| ૨ | સાબરકાંઠા | ખેડબ્રહ્મા | ૦૨ | ૦૧ |
| | | પોશીના | ૦૨ | ૦૦ |

ઓછા રહેતા પ્રા.આ.કેન્દ્રો અને સા.આ.કેન્દ્રો શરૂ કરવા માટે તબક્કાવાર આયોજન કરવામાં આવશે.

---------

## મોરબી જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

* ૧૩૬૬૭ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ મોરબી જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો કુપોષણથી પીડાય છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ મોરબી જિલ્લામાં કુલ ૯૭૨૨ બાળકો કુપોષણથી પીડાય છે, જેની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | વાંકાનેર | ૨૩૩૮ | ૧૬૨ |
| ૨ | મોરબી | ૧૨૮૯ | ૧૫૮ |
| ૩ | માળીયા | ૬૯૦ | ૬૯ |
| ૪ | ટંકારા | ૩૮૫ | ૬૫ |
| ૫ | હળવદ | ૪૦૭૯ | ૫૩૭ |
| | કુલ | ૮૭૮૧ | ૯૯૧ |

(૨) આ કુપોષણ દૂર કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારે કેટલો ખર્ચ કર્યો ?

(૨) આ કુપોષણ દૂર કરવા તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારે રૂ઼ા. ૧,૮૪,૮૧,૫૦૦/-નો ખર્ચ કરેલ છે.

---------

## છોટાઉદેપુર જિલ્લામાં મુખ્યમંત્રી અમૃત્તમ યોજનાના લાભાર્થીઓ

* ૧૩૭૯૯ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં મુખ્યમંત્રી અમૃત્તમ (મા) યોજના હેઠળ તાલુકાવાર કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યા,

(૨) તાલુકાવાર આ યોજના લાભાર્થી પાછળ કેટલો ખર્ચ ચૂકવવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) અને (૨) :

| તાલુકાનું નામ | લાભાર્થીની સંખ્યા | ખર્ચ (રકમ) |
|---|---|---|
| સંખેડા, બોડેલી | ૨૪ | ૧૧,૮૫,૦૫૦ |
| જેતપુર પાવી | ૩૨ | ૨૨,૦૦,૩૨૫ |
| નસવાડી | ૨૫ | ૧૮,૧૪,૫૮૭ |
| છોટાઉદેપુર | ૨૬ | ૧૫,૮૯,૨૫૦ |
| ક્વાંટ | ૨૯ | ૧૯,૯૨,૦૦૦ |
| | કુલ :- | ૮૭,૮૧,૨૧૨ |

(૩) કઈ કઈ હોસ્પિટલોને કેટલા લાભાર્થી માટે કેટલી રકમ ચુકવાઈ ?

(૩) સામેલ પત્રક–અ મુજબ

પત્રક–અ

| નં. | હોસ્પિટલનું નામ | સંખ્યા | ખર્ચ (રકમ) |
|---|---|---|---|
| ૧ | સિવિલ હોસ્પિટલ, અમદાવાદ | ૨ | ૪૩,૦૦૦ |
| ૨ | ઈન્સ્ટી. ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ | ૩ | ૫૨,૦૦૦ |
| ૩ | ધ ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટી., અમદાવાદ | ૧૨ | ૪,૬૦,૪૦૦ |
| ૪ | નારાયણ રૂદ્રાલય હોસ્પિટલ, અમદાવાદ | ૧ | ૮૭,૫૦૦ |
| ૫ | યુ.એન.મહેતા ઈન્સ્ટી. એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ | ૭ | ૬,૨૧,૫૦૦ |
| ૬ | મેડીલીન્ક હોસ્પિટલ, અમદાવાદ | ૧ | ૧૪,૪૦૦ |
| ૭ | શ્રી ક્રીષ્ના હોસ્પિટલ, કરમસદ, આણંદ | ૧ | ૧,૨૧,૬૦૦ |
| ૮ | શ્રી સત્ય સાંઈ હાર્ટ હોસ્પિટલ, રાજકોટ | ૧ | ૧,૩૩,૦૦૦ |
| ૯ | પ્રભુ જનરલ હોસ્પિટલ એન્ડ બેન્કર્સ હાર્ટ ઈન્સ્ટી., સુરત | ૧ | ૬૦,૧૦૦ |
| ૧૦ | બેન્કર્સ હાર્ટ હોસ્પિટલ, વડોદરા | ૬ | ૩,૨૩,૧૩૭ |
| ૧૧ | ધીરજ હોસ્પિટલ, વડોદરા | ૧૮ | ૮,૦૭,૯૭૫ |
| ૧૨ | કૈલાસ કેન્સર હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર, વડોદરા | ૬૮ | ૫૫,૧૮,૫૦૦ |
| ૧૩ | મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, વડોદરા | ૩ | ૮૧,૬૦૦ |
| ૧૪ | શ્રીજી હોસ્પિટલ, વડોદરા | ૨ | ૯૧,૦૦૦ |
| ૧૫ | શ્રી રામકૃપા મેડીકેર પ્રા. લી., વડોદરા | ૬ | ૧,૩૬,૧૫૦ |
| ૧૬ | સ્ટર્લીંગ એડલાઈફ ઈન્ડીયા લી., વડોદરા | ૩ | ૨,૦૯,૩૫૦ |
| ૧૭ | સત્યમ હોસ્પિટલ, વડોદરા | ૧ | ૨૦,૦૦૦ |
| | **કુલ :–** | **૧૩૬** | **૮૭,૮૧,૨૧૨** |

---------

**બનાસકાંઠા જિલ્લામાં રમતગમતનાં મેદાનો નિભાવવાનો ખર્ચ**

* ૧૪૫૪૪ **શ્રી ગોવાભાઇ રબારી(ડીસા) : માનનીય રમતગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં રમતગમતનાં કેટલા મેદાનો કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ તેમના નિભાવ માટે છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયો, અને

(૩) વધારાના રમતગમતના મેદાનો કેટલા સમયમાં આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં પાલનપુરના ધનિયાણા ખાતે નીચે મુજબના રમતગમતના મેદાનો કાર્યરત છે. ૧. એથ્લેટીક્સ, ૨. વોલીબોલ, ૩. ખો–ખો, ૪. કબડ્ડી

(૨) કુલ રૂ. ૧,૪૯,૧૧૬/–

(૩) હાલમાં વિચારણા હેઠળ નથી.

---------

**પાલીતાણા સરકારી હોસ્પિટલમાં અધિક્ષકશ્રી દ્વારા દર્દીઓને ધમકી આપવા અંગેની મળેલી ફરીયાદો**

* ૧૩૭૭૩ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જીલ્લાની પાલીતાણા સરકારી હોસ્પિટલમાં અધિક્ષકશ્રી દ્વારા હથિયાર બતાવીને સ્ટાફ તથા દર્દીઓને ધાક–ધમકી અને હેરાન કરવા અંગેની ફરિયાદો સરકારને મળેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો મળેલ ફરિયાદો અન્વયે સરકારે શાં પગલાંઓ લીધા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કમિશ્નરશ્રી (આરોગ્ય) ને તપાસ સોંપવામાં આવી છે.

---------

**રાજકોટ શહેર અને જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

* ૧૪૨૩૧ **શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરૂ(રાજકોટ પૂર્વ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજકોટ શહેર અને જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો કુપોષણથી પીડાય છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ કુપોષણ દૂર કરવા સરકારે છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કર્યો?

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજકોટ શહેર અને જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | રાજકોટ શહેર–૧ | ૧૪૬૪ | ૨૫૨ |
| ૨ | રાજકોટ શહેર–૨ | ૧૪૪૧ | ૨૭૩ |
| | કુલ | ૨૯૦૫ | ૫૨૫ |
| ૧ | લોધિકા | ૧૮૪ | ૨૬ |
| ૨ | જસદણ | ૧૪૯૨ | ૧૨૮ |
| ૩ | રાજકોટ ગ્રામ્ય | ૪૨૬ | ૬૫ |
| ૪ | જામ કંડોરણા | ૨૦૬ | ૨૫ |
| ૫ | પડધરી | ૩૯૨ | ૨૭ |
| ૬ | ઉપલેટા | ૪૭૫ | ૬૯ |
| ૭ | ગોંડલ | ૬૮૧ | ૮૧ |
| ૮ | જેતપુર | ૬૧૮ | ૧૧૦ |
| ૯ | ધોરાજી | ૩૫૦ | ૪૮ |
| ૧૦ | કોટડા સાંગાણી | ૨૬૬ | ૭૦ |
| | **કુલ** | **૫૦૯૦** | **૬૪૯** |

(૨) આ કુપોષણ દૂર કરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ ગ્રામ્યમાં કુલ ` ૧,૦૯,૧૪,૩૦૦ તથા રાજકોટ શહેરમાં ` ૬૬,૪૬,૫૦૦ મળી કુલ ` ૧,૭૫,૬૦,૮૦૦ નો ખર્ચ કરેલ છે.

---------

## પાલનપુર અને ડીસા જનરલ હોસ્પિટલમાં દવાઓનો જથ્થો પૂરો પાડવા બાબત

* ૧૪૭૬૫ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાની પાલનપુર અને ડીસા જનરલ હોસ્પિટલમાં દર્દીઓને મફત પૂરી પાડવાની કેટલા પ્રકારની દવાઓ ઉપલબ્ધ છે,

(૨) તે અન્વયે કેટલી દવાઓનો જથ્થો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અપુરતો ફાળવવામાં આવ્યો, અને

(૩) પુરતો જથ્થો ફાળવવા સરકારે શી કાર્યવાહી કરી છે?

**જવાબ**

(૧) જનરલ હોસ્પિટલ પાલનપુર ખાતે ૨૯૯ પ્રકારની દવાઓ મફત પૂરી પાડવા માટે ઉપલબ્ધ છે અને જનરલ હોસ્પિટલ ડીસા ખાતે ૨૩૬ પ્રકારની દવાઓ મફત પૂરી પાડવા માટે ઉપલબ્ધ છે.

(૨) અપુરતો જથ્થો ફાળવવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## કચ્છ જિલ્લામાં સ્વાઈન ફ્લૂથી મૃત્યુ

* ૧૪૧૧૨ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં સ્વાઈન ફ્લૂના કારણે તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા મૃત્યુ નોંધાયેલ છે, અને

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં સ્વાઈન ફ્લૂના કારણે તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં થયેલ મૃત્યુની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | સ્વાઈન ફલુના નોંધાયેલ |
|---|---|

| | |
|---|---|
| ૧-૨-૨૦૧૪ થી ૩૧-૧૨-૨૦૧૪ | ૬ |
| ૩૧-૧-૨૦૧૫ | ૯ |

(૨) રોગચાળાને ડામવા માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ડોકટરોની જગ્યાઓ ભરાયેલ ન હોવાના કારણે મુશ્કેલી પડે છે તો આ જગ્યાઓ ક્યારે ભરાશે?

(૨) યોગ્ય લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી આ જગ્યાઓ ભરી શકાશે.

---------

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં સરકારી દવાખાના, પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ**

* ૧૩૫૯૮ **ડાૅ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેર, જિલ્લા અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર સરકારી દવાખાના, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્રોવાર સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી સરકારી દવાખાના, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્રોવાર સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે.

**જવાબ**

(૧) અને (૨) *પત્રક-૧, ૨, ૩, ૪, ૫ મુજબ

(૩) જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. વર્ગ-૩ અને ૪ ની જગાઓ પર જરૂરત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**બનાસકાંઠા જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

* ૧૪૭૩૩ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો કુપોષિત છે અને કેટલા બાળકોનું વજન ઉંમરના પ્રમાણમાં ઓછુ છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કુપોષિત બાળકો અને વજન ઉંમરના પ્રમાણમાં ઓછુ છે જેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | દાંતા | ૫૪૩૫ | ૨૭૧ |
| ૨ | વાવ-૧ | ૪૮૫ | ૩૧ |
| ૩ | થરાદ-૧ | ૧૩૪૯ | ૧૧૨ |
| ૪ | દિયોદર | ૨૯૮ | ૩૮ |
| ૫ | શિહોરી | ૨૨૮૪ | ૨૨૩ |
| ૬ | ધાનેરા | ૨૧૩૫ | ૧૧૭ |
| ૭ | ડીસા-૧ | ૧૫૩૮ | ૩૪ |
| ૮ | પાલનપુર | ૯૨૬ | ૧૬૭ |
| ૯ | વડગામ | ૬૪૧ | ૮૧ |
| ૧૦ | અમીરગઢ | ૩૮૨૭ | ૨૭૯ |
| ૧૧ | ભાભર | ૪૦૬ | ૩૭ |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | દાંતીવાડા | ૮૩૧ | ૯૪ |
| ૧૩ | ડીસા–૨ | ૩૨૦૬ | ૭૯ |
| ૧૪ | વાવ–૨ | ૫૪૭ | ૩૯ |
| ૧૫ | થરાદ–૨ | ૧૩૫૮ | ૯૧ |
| ૧૬ | ડીસા–૩ | ૩૦૨ | ૪૦ |
| ૧૭ | પાલનપુર–૨ | ૧૪૮૨ | ૨૨૮ |
| ૧૮ | વડગામ–૨ | ૫૦૫ | ૭૫ |
| | **કુલ** | **૨૭૫૫૫** | **૧૯૯૬** |

(૨) બાળકોમાં કુપોષણ નિવારવા રાજ્ય સરકારે શાં પગલાં લીધા?

(૨) બાળકોમાં કુપોષણ નિવારવા માટે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબના પગલાં લેવામાં આવે છે.

- ૬ માસથી ૩ વર્ષના બાળકોની ટેક હોમ રેશન તરીકે અનાજ આપવામાં આવે છે અને તેમાંથી નિદર્શક ભોજન તરીકે રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.
- ૬ માસથી ૯ માસના બાળકો માટે અન્નપ્રાશન દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે.
- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃ મંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો, અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડીયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને THR તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવી આપવામાં આવે છે.
- આ ઉપરાંત ૩ થી ૬ વર્ષના અતિઓછા વજનવાળા બાળકોને THR તરીકે પુરક પોષણ આહાર આપવામાં આવે છે.
- ૬ માસથી ૬ વર્ષના બાળકોને ટ્રાયબલ એરીયામાં દૂધ સંજીવની યોજના હેઠળ અઠવાડિયામાં બે દિવસ દૂધ આપવામાં આવે છે. ટ્રાયબલ એરીયાના તમામ તાલુકામાં દૂધ સંજીવની યોજના શરૂ કરવામાં આવેલ છે.
- ન્યુટ્રીશન કાઉન્સલીંગ વોલીન્ટીયર (NCV) યોજના દ્વારા બાળકોના વાલીઓને પોષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે.
- વાત્સ્યલ્ય દિવસ / બાળ દિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણ સ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.
- ઘનિષ્ઠ પોષણ અભિયાન અન્વયે ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોને સારવાર આપવામાં આવે છે.
- ગતિશિલ ગુજરાત અંતર્ગત કુપોષણ નિવારવા તમામ સી.એચ.સી. માં; બાલ સેવા કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે તેમજ જિલ્લામાં નવા ૧૩ બાલ સેવા કેન્દ્રો શરૂ કરવામાં આવે છે.

---------

**ડાંગ જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ**

* ૧૪૬૭૨ **શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં તાલુકાવાર કેટલા પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શા છે અને કેટલા સમયમાં આ જગ્યાઓ ભરાશે ?

**જવાબ**

(૧) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અંગે *પત્રક–અ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર અંગે *પત્રક –બ સામેલ છે.

(૨) પસંદગી પામેલ ઉમેદવારોને પસંદગી મુજબનું સ્થળ ન મળતા હાજર ન થતાં હોઇ કેટલાક કિસ્સાઓમાં જગ્યાઓ ખાલી રહેવા પામે છે. જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. વર્ગ–૩ અને ૪ની જગ્યાઓ પર જરૂરત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ખેડા સબ સિવિલ હોસ્પિટલના નવીન મકાનનો વપરાશ**

* ૧૪૨૪૩ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ સબ સિવિલ હોસ્પિટલ ખેડાનું નવીન મકાન બની ગયેલ હોવા છતાં તેનો વપરાશ હજુ સુધી કયા કારણોસર કરવામાં આવતો નથી.

(૨) ક્યારથી આ મકાનનો વપરાશ કરવામાં આવશે, અને

(૩) આ કામ પેટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

**જવાબ**

(૧) અને (૨) ફર્નીચર તથા ફાયર સેફ્ટીની સુવિધાની કામગીરી પૂર્ણ થયે વપરાશમાં આવશે.

(૩) આ કામ પેટે રૂા. ૨,૨૬,૭૨,૪૪૩.૦૦નો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**અમદાવાદ શહેરમાં કમળાના રોગ અંગે માંગેલ અહેવાલ**

* ૧૩૫૬૧ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરના સરસપુર વિસ્તારમાં પાણી જન્ય કમળાનો રોગ ફાટી નિકળતા રાજ્ય સરકારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને અહેવાલ મોકલવા ક્યારે જણાવ્યુ,

(૨) તે અન્વયે અહેવાલ રાજ્ય સરકારને ક્યારે મળ્યો તથા તેની વિગતો શી છે, અને

(૩) અહેવાલ મળ્યા પછી સરકારે શા પગલાં લીધા?

**જવાબ**

(૧) રાજ્યમાં કોઈપણ પ્રકારનો રોગચાળો નોંધાય તો જે–તે જિલ્લા / કોર્પોરેશનએ તેનો અહેવાલ મોકલવાની સ્થાયી સુચના છે.

(૨) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી દૈનિક ધોરણે રીપોર્ટ કરવામાં આવેલ છે.

(૩) રાજ્ય સરકાર તરફથી આ રોગચાળા અન્વયે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને સઘન સર્વેલન્સ રોગચાળા નિયંત્રણ અંગેની કામગીરી જેવી કે કલોરીનેશન, આઈ.ઈ.સી. વિગેરે કામગીરી કરવા માટે સુચના આપવામાં આવી.

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં સ્ટેટ હસ્તકના રસ્તાના કામોને મંજુરી**

તા. ૨૫મી ફેબ્રુઆરી–૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

* ૧૪૨૮૫ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં સ્ટેટ હસ્તકના કેટલા રસ્તાઓ અને કેટલી રકમના રસ્તાના કામો મંજૂર થયા, | (૧) કુલ ૧૯૨ રસ્તાનાં ` ૫૪૬૮૬.૦૦ લાખની અંદાજી રકમનાં કામો મંજુર |
| (૨) આ સમયગાળા દરમ્યાન કુલ કેટલા અને કયા કયા રસ્તાઓના કામો કોન્ટ્રાકટરો દ્વારા કરવામાં આવેલ છે અને કયા કામો સરકાર દ્વારા કરવામાં આવેલ છે, અને | (૨) *પરિશિષ્ટ–૧ મુજબ |
| (૩) મંજૂર થયેલ રસ્તાઓમાંથી ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તાઓના કામ પૂર્ણ થયેલ છે અને કેટલા બાકી? | (૩) ૧૫૨ રસ્તાના કામો, પૂર્ણ, બાકી ૪૦ રસ્તાના કામો પૈકી ૫ કામો પ્રગતિમાં તથા ૩૫ કામો વહીવટી પ્રક્રિયા હેઠળ છે. |

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**વિસાવદર તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રના બિલ્ડિંગને અદ્યતન કરવા બાબત**

* ૧૪૮૬૬ **શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં વિસાવદર તાલુકો સૌથી મોટો તાલુકો હોવા છતાં સામૂહિક આરોગ્ય કેન્દ્રનું બિલ્ડીંગ સાવ નાનું અને જર્જરિત હાલતમાં છે તે હકીકત સાચી છે, | (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના વિસાવદરનું સામૂહિક આરોગ્ય કેન્દ્રનું બિલ્ડીંગ હાલની આરોગ્ય સેવાઓ માટે પુરતું છે. તે જર્જરિત હાલતમાં નથી. |
| (૨) જો હા, તો આ બિલ્ડીંગ મોટું અને અદ્યતન કરવાનું સરકારનું આયોજન છે કે કેમ, અને | (૨) બિલ્ડીંગ મોટું બનાવવા માટે હાલના બિલ્ડીંગ પર પ્રથમ માળ લેવાનું આયોજન છે. |
| (૩) જો આયોજન હોય તો તે કેટલા સમયમાં પૂર્ણ કરવા માગે છે? | (૩) ટેન્ડર આમંત્રિત કરેલ છે જે મંજૂર થયે આ કામ સત્વરે પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**દાહોદ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

* ૧૩૭૩૫ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર અને દાહોદ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર અને દાહોદ જિલ્લામાં ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.<br>– છોટાઉદેપુર–૧૮૧૭૩<br>– દાહોદ –૨૩૨૩૯ |
| (૨) આ કુપોષણ દુર કરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કર્યો, | (૨) ઓછા વજનવાળા બાળકો અને અતિ ઓછા વજનવાળા બાળકો માટે સરકારે છેલ્લા એક વર્ષમાં છોટા ઉદેપુર જિલ્લામાં કુલ રૂ. ૩,૪૦,૬૦,૫૦૦/–નો ખર્ચ અને દાહોદ જિલ્લામાં રૂ. ૪,૩૩,૬૦,૨૦૦/–નો ખર્ચ કરેલ છે. |
| (૩) કુપોષણવાળા બાળકોને પોષણયુક્ત બનાવવા સરકારે કોઈ યોજના અમલમાં મૂકી છે કે કેમ, અને | (૩) હા, જી. |
| (૪) જો હા, તો કઈ કઈ યોજનાઓ ? | (૪) **૬ માસથી ૩ વર્ષના બાળકો માટેઃ–**<br>• ૬ માસથી ૩ વર્ષના બાળકોને ટેક હોમ રેશન તરીકે અનાજ આપવામાં આવે છે. અને તેમાંથી નિર્દશક ભોજન તરીકે રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.<br>• ૬ માસથી ૯ માસના બાળકો માટે અન્નપ્રાશન |

દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે.

- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃ મંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો, અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડીયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને THR તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવી આપવામાં આવે છે.
- આ ઉપરાંત ૩ થી ૬ વર્ષના અતિઓછા વજનવાળા બાળકોને THR તરીકે પુરક પોષણ આહાર આપવામાં આવે છે.
- ૬ માસથી ૬ વર્ષના બાળકોને છોટા ઉદેપુર અને ક્વાંટમાં દુધ સંજીવની યોજના હેઠળ ૬ માસથી ૩ વર્ષના બાળકોને ૧૦૦ મી.લી. અને ૩ થી ૬ વર્ષના બાળકોને ૨૦૦ મી.લી. દુધ અઠવાડિયામાં બે દિવસ આપવામાં આવે છે.
- મીશન બલમ સુખમ અન્વયે બાળ શકિતમ કેન્દ્ર, બાળ સેવા કેન્દ્ર તેમજ બાળ સંજીવની કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પૂરી પાડવામાં આવે છે.
- ન્યુટ્રીશન કાઉન્સલીંગ વોલીન્ટીઅર (NCV) યોજના દ્વારા બાળકોના વાલીઓને પોષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે.
- વાત્સલ્ય દિવસ/બાલ દિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણસ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.
- જિલ્લાના તમામ અધિકારીશ્રીઓ દ્વારા અતિ કુપોષિત બાળકોને દત્તક તરીકે લેવામાં આવેલ છે.

---------

**ગાંધીનગર સરકીટ હાઉસને ગ્રાન્ટ ફાળવવા બાબત**

* ૧૪૨૦૯ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર સરકીટ હાઉસમાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પુરતી સમયસર ગ્રાંટ ન ફાળવવામાં આવતા કે ગ્રાંટના અભાવે ભોજન વ્યવસ્થા બંધ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો સમયસર કે પુરતી ગ્રાંટ ન ફાળવવાના કારણો શાં છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**દાહોદ જિલ્લામાં કાર્યરત ૧૦૮ એમ્બ્યુલન્સ**

* ૧૪૧૮૧ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૪ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સો કાર્યરત છે,

**જવાબ**

(૧)

| જિલ્લો | તાલુકો | એમ્બ્યુલન્સોની સંખ્યા |
|---|---|---|
| દાહોદ | દાહોદ | ૬ |
| | દેવગઢબારિયા | ૩ |
| | ધાનપુર | ૧ |

| | | |
|---|---|---|
| | ફતેપુરા | ૩ |
| | ગરબાડા | ૧ |
| | ઝાલોદ | ૭ |
| | લીમખેડા | ૩ |
| | સંજેલી | ૧ |
| | કુલ | ૨૫ |

(૨) તે અન્વયે કયા તાલુકાઓમાં વધારે એમ્બ્યુલન્સોની જરૂરિયાત છે, અને

(૨) રાજ્યના કોઈ પણ વિસ્તારમાં નવી એમ્બ્યુલન્સનો ઉમેરો કે વધારો કરવા માટે જુદા જુદા પાસાઓને ધ્યાને લીધા બાદ નિર્ણય કરવામાં આવે છે.

દાહોદ જિલ્લામાં દર એમ્બ્યુલન્સે રોજની સરેરાશ ૪.૬૭ ઈમરજન્સી કેસોની સંખ્યાનું વલણ જોતાં તાલુકા કક્ષાએ ૧૦૮ એમ્બ્યુલન્સ સંખ્યા હાલની સ્થિતિએ જરૂર કરતાં ઓછી જણાતી નથી.

(૩) વધારાની ૧૦૮ એમ્બ્યુલન્સ વાન ફાળવવા સરકારે શી વ્યવસ્થા કરી ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વલસાડ જિલ્લામાં આંગણવાડીઓને પોતાના મકાનો બાબત**

* ૧૩૫૪૦ **શ્રી ઈશ્વરભાઈ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર ૧૨૧૯ આંગણવાડીઓને પોતાના મકાનો છે, જેની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાના નામ | આંગણવાડીઓ ની સંખ્યા |
|---|---|---|
| ૧ | વલસાડ | ૨૮૫ |
| ૨ | પારડી | ૨૮૧ |
| ૩ | ઉમરગામ | ૨૦૮ |
| ૪ | ધરમપુર | ૨૩૭ |
| ૫ | કપરાડા | ૨૦૮ |
| | **કુલ** | **૧૨૧૯** |

(૨) ઉક્ત સ્થિતિએ જે આંગણવાડીઓને પોતાના મકાનો નથી તેમને આ સુવિધા કેટલા સમયમાં આપવામાં આવશે ?

(૨) કુલ ૧૮૬૦ આંગણવાડી પૈકી ૧૨૧૯ આંગણવાડી કેન્દ્રો પોતાના મકાન ધરાવે છે. ૪૯૯ આંગણવાડી મકાન બાંધકામનું કામ પ્રગતિ હેઠળ છે, તેમજ ૧૪૨ આંગણવાડીઓને પોતાના મકાનો નથી તેમને આ સુવિધા બનતી ત્વરાએ આપવામાં આવશે.

---------

**મોડાસા અને ધનસુરા તાલુકામાં પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મહેકમ**

* ૧૩૬૭૯ **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ મોડાસા અને ધનસુરા તાલુકામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

**જવાબ**

(૧) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વિગત* **પત્રક-અ** મુજબ અને સામુહિક આરોગ્ય કેન્દ્રની વિગત* **પત્રક-બ** મુજબ.

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨) જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. વર્ગ-૩ અને ૪ ની જગાઓ પર જરૂરત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

ફાલ્ગુન ૬, ૧૯૩૬ શાકે
અતારાંકિત પ્રશ્નો

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**અમરેલી જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

* ૧૩૮૨૪ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં બાળકોમાં કુપોષણનું પ્રમાણ વધી રહ્યું છે તે હકીકત ખરી છે કે કેમ, | (૧) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં બાળકોમાં કુપોષણનું પ્રમાણ વધી રહ્યું છે તે હકીકત ખોટી છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કુપોષણથી પિડાતા બાળકોની સંખ્યા કેટલી છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ કુપોષણથી પિડાતા બાળકોની સંખ્યા વધવાના શાં કારણો છે, | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા ઘટવામાં છે. |
| (૪) આ કુપોષણ દૂર કરવા સરકારે શાં પગલાં લીધા, અને | (૪) બાળકોમાં કુપોષણ નિવારવા અને સપ્રમાણ વજન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબના પગલાં લેવામાં આવે છે.<br>• ૬ માસથી ૩ વર્ષના બાળકોની ટેક હોમ રેશન તરીકે અનાજ આપવામાં આવે છે. અને તેમાંથી નિદર્શક ભોજન તરીકે રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.<br>• ૬ માસથી ૯ માસના બાળકો માટે અન્નપ્રાશન દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે.<br>• આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃ મંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડીયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.<br>• ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને THR તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવી આપવામાં આવે છે.<br>• આ ઉપરાંત ૩ થી ૬ વર્ષના અતિઓછા વજનવાળા બાળકોને THR તરીકે પુરક પોષણ આહાર આપવામાં આવે છે.<br>• ૬ માસથી ૬ વર્ષના બાળકોને ટ્રાયબલ એરીયામાં દૂધ સંજીવની યોજના હેઠળ અઠવાડિયામાં બે દિવસ દૂધ આપવામાં આવે છે. ટ્રાયબલ એરીયાના તમામ તાલુકામાં દૂધ સંજીવની યોજના શરૂ કરવામાં આવેલ છે.<br>• મિશન બલમ સુખમ અન્વયે બાળ શકિતમ કેન્દ્ર, બાળ સેવા કેન્દ્ર તેમજ બાળ સંજીવની કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પૂરી પાડવામાં આવે છે.<br>• ન્યુટ્રીશન કાઉન્સીલીંગ વોલીન્ટીયર (NCV) યોજના દ્વારા બાળકોના વાલીઓને પોષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે.<br>• વાત્સલ્ય દિવસ/બાળ દિવસની ઉજવણી મારફતે |

વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણ સ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.

- જિલ્લાના તમામ અધિકારીશ્રીઓએ અતિ કુપોષિત બાળકોને દત્તક તરીકે લેવામાં આવેલ છે.

(૫) આ કુપોષણ દૂર કરવા રાજ્ય સરકાર દ્વારા અમરેલી જિલ્લામાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૫) આ કુપોષણ દૂર કરવા રાજ્ય સરકાર દ્વારા અમરેલી જિલ્લામાં કુલ રૂા. ૨,૫૮,૯૩,૯૦૦/- નો ખર્ચ કરેલ છે.

---------

**ખેડા અને મહિસાગર જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાના રીસર્ફેસીગના કામો**

*૧૪૩૧૧ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને મહિસાગર જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાના રીસર્ફેસીંગના કેટલા રસ્તાના, કેટલી લંબાઈ કામો સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાના રીસર્ફેસીંગના કુલ ૧૦૪ રસ્તાઓ ૨૩૬.૭૮ કી.મી. લંબાઈના તથા મહિસાગર જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાના રીસર્ફેસીંગના કુલ ૪૩ રસ્તાઓ ૧૭૧.૭૮ કી.મી. લંબાઈના કામો સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તાઓના કામ પૂર્ણ થયા અને કેટલા બાકી છે ? | (૨) (૧) ખેડા જિલ્લામાં ૬૮ રસ્તાઓના કામ પૂર્ણ થયા છે અને ૩૬ કામ પ્રગતિમાં છે.<br>(૨) મહિસાગર જિલ્લામાં ૩૧ રસ્તાઓના કામ પૂર્ણ થયા છે અને ૧૨ કામ પ્રગતિમાં છે. |

---------

**વિજાપુર તાલુકામાં સ્ટેટ અને પંચાયત હસ્તકના રસ્તા બનાવવા બાબત**

* ૧૪૯૨૨ **શ્રી પ્રહલાદભાઈ ઈ. પટેલ(વિજાપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૫ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં છેલ્લા બે વર્ષમાં પંચાયત તથા સ્ટેટ રસ્તા બનાવવા માટે કેટલી અરજી કે રજુઆત સરકારને મળી, | (૧) ૩૪ (ચોત્રીસ). |
| (૨) મળેલ અરજી કે રજુઆતો પૈકી સરકારે આ રસ્તા બનાવવા શી કાર્યવાહી હાથ ધરી, અને<br>(૩) ઉક્ત સ્થિતિએ આ કાર્યવાહી કયા તબક્કે છે ? | (૨) અને (૩).<br>ઉપરોક્ત રજુઆતો પૈકી ૯ (નવ) કામો મંજુર તે પૈકી ૭ (સાત) કામો પુર્ણ, ૧ કામ પ્રગતિમાં જ્યારે બાકીની રજુઆતો અન્વયે નાણાંકીય ઉપલબ્ધતા, ટ્રાફીકનું ભારણ તાંત્રિક જરૂરીયાત અને આંતરીક અગ્રતાક્રમ અનુસાર વિચારણા કરવામાં આવશે. |

---------

**જામનગર જિલ્લામાં ટોલબુથો પર ટોલટેક્ષની વસુલાત**

* ૧૩૭૮૫ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં ટોલટેક્ષ વસુલતા કયા ટોલબુથોની તા.૩૧મી ડીસેમ્બર-૨૦૧૪ ની સ્થિતિએ કેટલી રકમની વસુલાત થવાની બાકી છે અને કયા ટોલબુથોમાં વસુલાતની કામગીરી પૂરી થઈ છે,<br>(૨) ઉક્ત સ્થિતિએ જે ટોલબુથો પર રકમની વસુલાત પૂરી થઈ છે તે ચાલુ રાખવાના શા કારણો છે, અને<br>(૩) ઉક્ત સ્થિતિએ ટોલટેક્ષ વસુલતા ટોલબુથોમાં વસુલાત ક્યાં સુધીમાં પૂર્ણ કરવાના કરાર થયેલ છે ? | (૧) (૨) અને (૩)<br>જામનગર જિલ્લામાં આવતા સોયલ અને બેડ ગામ પાસેના ટોલ પ્લાઝા પર કન્સેશન એગ્રીમેન્ટની જોગવાઈ અનુસાર તા.૧૯-૦૨-૨૦૨૯ સુધી કન્સેશનર દ્વારા ટોલટેક્ષ વસુલાત કરવાની રહે છે, તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સરકારી હોસ્પિટલોમાં ફિમેલ હેલ્થ વર્કર અને મલ્ટીપરપઝ હેલ્થ વર્કરને માસિક પગાર**

* ૧૩૬૯૪ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં સરકારી હોસ્પિટલોમાં ફરજ બજાવતા ફિમેલ હેલ્થ વર્કર અને મલ્ટીપરપઝ હેલ્થ વર્કરને માસિક પગાર શું આપવામાં આવે છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં સરકારી હોસ્પિટલોમાં ફરજ બજાવતા ફિમેલ હેલ્થ વર્કર અને મલ્ટીપરપઝ હેલ્થ વર્કરને સરકારશ્રીના વખતોવખતના ઠરાવ મુજબ માસિક રૂ.૭૮૦૦/– ફિક્સ પગારથી પ્રથમ પાંચ વર્ષ સુધી કરાર આધારીત નિમણૂંક આપવામાં આવે છે. પાંચ વર્ષ પુરા થતાં પગાર–ધોરણ રૂ.૫૨૦૦–૨૦૨૦૦/–, ગ્રેડ પે– ૧૯૦૦/– મુજબ પગાર મળવાપાત્ર થાય છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તેઓની કામગીરી કઈ છે ? | (૨) મલ્ટીપરપઝ હેલ્થ વર્કર (પુ.) અને ફિમેલ હેલ્થ વર્કરને સરકારશ્રી દ્વારા નક્કી કરેલ જોબચાર્ટ મુજબ કામગીરી કરવાની હોય છે (જોબચાર્ટની *નકલ પત્રકમાં સામેલ છે.) |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## દેવભુમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં જન્મદર

* ૧૪૪૬૯ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દેવભુમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં જન્મદર કેટલો છે.

**જવાબ**

(૧)

| | જિલ્લાનું નામ | જન્મદર (પ્રતિ હજાર) |
|---|---|---|
| (૧) | દેવભુમિ દ્વારકા | ૧૭.૫ |
| (૨) | જામનગર | ૧૬.૪ |

(૨) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાઓમાં સ્ત્રી અને પુરૂષોનો રેશીયો કેટલો છે, અને

(૨)

| | જિલ્લાનું નામ | પુરૂષોએ સ્ત્રીઓની સંખ્યા (પ્રતિ હજાર) |
|---|---|---|
| (૧) | દેવભુમિ દ્વારકા | ૯૩૨ |
| (૨) | જામનગર | ૮૮૬ |

(૩) સ્ત્રી–પુરૂષના રેશીયામાં તફાવતના કારણો શા છે ?

(૩) સામાજિક કારણો છે.

---------

## મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં સ્વાઈન ફલુના નોંધાયેલ કેસો

* ૧૪૭૬૦ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં સ્વાઈન ફલુના કેટલા કેસ છેલ્લા બે વર્ષમાં માસવાર નોંધાયા,

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં સ્વાઈન ફલુના કેસ નીચે મુજબ છે.

| ક્રમ | માસ | કેસ ૨૦૧૩ | | કેસ ૨૦૧૪ | |
|---|---|---|---|---|---|
| | | મહેસાણા | અમદાવાદ | મહેસાણા | અમદાવાદ |
| ૧ | જાન્યુઆરી | ૦ | ૧ | ૦ | ૦ |
| ૨ | ફેબ્રુઆરી | ૫ | ૧ | ૦ | ૦ |
| ૩ | માર્ચ | ૧૧ | ૯ | ૦ | ૦ |
| ૪ | એપ્રિલ | ૪ | ૨ | ૦ | ૦ |
| ૫ | મે | ૨ | ૦ | ૦ | ૦ |
| ૬ | જુન | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | જુલાઈ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | ઓગષ્ટ | ૦ | ૦ | ૦ | ૨ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯ | સપ્ટેમ્બર | ૧ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | ઓકટોબર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | નવેમ્બર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | ડિસેમ્બર | ૦ | ૦ | ૦ | ૦ |

(૨) તે પૈકી કોઈ વ્યકિતઓના મૃત્યુ થયા હોય તો માસવાર કેટલી વ્યકિતઓના મૃત્યુ થયા, અને

(૨) તે પૈકી મૃત્યુ થયેલ વ્યકિતઓની માસવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | માસ | મરણ ૨૦૧૩ | | મરણ ૨૦૧૪ | |
|---|---|---|---|---|---|
| | | મહેસાણા | અમદાવાદ | મહેસાણા | અમદાવાદ |
| ૧ | જાન્યુઆરી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | ફેબ્રુઆરી | ૩ | ૦ | ૦ | ૦ |
| ૩ | માર્ચ | ૨ | ૧ | ૦ | ૦ |
| ૪ | એપ્રિલ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૫ | મે | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | જુન | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | જુલાઈ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | ઓગષ્ટ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૯ | સપ્ટેમ્બર | ૧ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | ઓકટોબર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | નવેમ્બર | ૦ | ૦ | ૦ | ૦ |

(૩) સ્વાઈન ફ્લુને અટકાવવા રાજ્ય સરકારે શાં પગલાં લીધા ?

(૩) સ્વાઈન ફ્લુ રોગચાળાને કાબુમાં લેવા સરકારશ્રી દ્વારા નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે.

- રાજ્યની દરેક સીવીલ હોસ્પિટલોમાં ઇન્ફ્લ્યુએન્ઝા-એ (એચ૧એન૧) ના કેસોની સારવાર માટે વેન્ટીલેટર, કાર્ડિયાક મોનીટર જેવા અદ્યતન ઉપકરણો સાથેના ઈન્ટેન્સીવ કેર યુનિટ અને આઇસોલેશન વોર્ડની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- રોગના ત્વરીત અને વિનામુલ્યે નિદાન માટે રાજ્યમાં ત્રણ ઉચ્ચસ્તરની સરકારી લેબોરેટરીઓ ખાતે સેવા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- ઇન્ફ્લ્યુએન્ઝા-એ (એચ૧એન૧) ના પોઝીટીવ કેસ તેમજ ચિન્હો ધરાવતા કોન્ટેકટને એન્ટીવાયરલ દવાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે.
- ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યમાં માન્યતા પ્રાપ્ત પ્રાઈવેટ મેડીકલ સ્ટોર્સમાં પણ આ દવાનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરેલ છે. આ સ્ટોર્સની માહિતી વેબસાઈટ પર મુકેલ છે.
- તમામ સરકારી આરોગ્ય સંસ્થામાં રોગનું પ્રસરણ અટકે તે માટે લેવાના થતા પગલાંઓની જાણકારી આપવામાં આવે છે. સરળ ભાષામાં જાહેર જનતાએ કરવાની થતી તકેદારી માટેનું સાહિત્ય પણ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- ભારત સરકારશ્રીના માર્ગદર્શન સાથેનું મેન્યુઅલ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. સંલગ્ન દરેક હિતધારકોને તેની નકલ પહોંચાડવામાં આવી છે. આ ઉપરાંત આ મેન્યુઅલને આરોગ્ય વિભાગની વેબસાઈટ પર મુકવામાં આવેલ છે.
- આઇ.એમ.એ. ના સભ્યો સાથે જિલ્લા કક્ષાએ નિયમિત મીટીંગો કરી રોગ નિયંત્રણ/અટકાયત બાબતે માર્ગદર્શન આપવામાં આવેલ છે.
- અગ્ર સચિવશ્રી, જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે વિભાગીય નાયબ

નિયામકશ્રી, તમામ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી અને તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય અધિકારીશ્રીઓની મીટીંગમાં ઇન્ફ્લ્યુએન્ઝા-એ (એચ૧એન૧) ની પરિસ્થિતિનો સવિસ્તાર સમીક્ષા કરી છે.

- રાજ્યના આ વિષયના નિષ્ણાંત તબીબો, પ્રાઇવેટ હોસ્પિટલના ક્રિટીકલ કેરના સુપર સ્પેશ્યાલીસ્ટ ડોક્ટરો, કોર્પોરેટ પ્રાઇવેટ હોસ્પિટલોના પ્રતિનિધિઓ, ઇન્ડીયન મેડીકલ એસોશીયેશનના પ્રતિનિધિ તેમજ અન્ય સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ સાથે બેઠકમાં સર્વગ્રાહી સમીક્ષા દ્વારા આઇ.ઇ.સી., ટ્રીટમેન્ટ ગાઇડ લાઇન અપડેટ કરી રોગ નિયંત્રણ કામગીરી વેગવંત કરેલ છે.
- માન.મંત્રીશ્રી, આરોગ્ય અને પ. ક. ની અધ્યક્ષતામાં રાજ્યમાં સ્વાઇન ફ્લુની પ્રર્વતમાન પરિસ્થિતિની સમીક્ષા માટે ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા આ ક્ષેત્રના ખાનગી નિષ્ણાંત તબીબો સાથે મીટીંગ કરવામાં આવી. જેમા રોગચાળા અટકાયત માટે વિચાર વિર્મશ કરી આયોજન કરવામાં આવ્યુ.

---------

**અમદાવાદ શહેરમાં વિમા કામદાર યોજના હેઠળના દવાખાનાઓમાં મંજુર મહેકમ**

* ૧૪૬૫૩ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં વિમા કામદાર યોજના હેઠળના કેટલાં દવાખાના આવેલ છે તથા તેમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે.

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે.

(૩) આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે, અને

(૪) ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા ફીકસ પગારથી ભરાયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) અમદાવાદ શહેરમાં કુલ-૪૦ દવાખાના આવેલ છે.

| વર્ગ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|
| વર્ગ-૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વર્ગ-૨ | ૨૧૦ | ૧૧૯ | ૯૧ |
| વર્ગ-૩ | ૪૪૮ | ૨૧૮ | ૨૩૦ |
| વર્ગ-૪ | ૨૬૪ | ૨૦૧ | ૬૩ |

(૩) વહીવટી અનુકુળતાએ ભરવામાં આવશે.

(૪)

| વર્ગ | ભરાયેલી જગ્યાઓની સંખ્યા | | ફીકસ પગારની રકમ |
|---|---|---|---|
| વર્ગ-૧ | શુન્ય | | |
| વર્ગ-૨ | શુન્ય | | |
| વર્ગ-૩ | જુનીયર કર્લાક | ૭ | રૂ. ૭૮૦૦/- |
| | જુનીયર ફાર્માસીસ્ટ | ૧૭ | રૂ.૧૩૫૦૦/- |
| | સ્ટાફ નર્સ | ૧૩ | રૂ. ૧૩૫૦૦/- |
| વર્ગ-૪ | શુન્ય | | |

---------

તા. ૨૫મી ફેબ્રુઆરી–૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

## પાલનપુર તાલુકામાં એપ્રોચ રોડને મેટલ સપાટીના બનાવવા બાબત

* ૧૪૮૯૪ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાઠાં જિલ્લાના પાલનપુર તાલુકામાં એક ગામથી બીજા ગામને જોડતા તથા એપ્રોચ રોડ મેટલ સપાટીના બનેલા છે તેને ડામર સપાટીના બનાવવાનું ડીસે–૨૦૧૪ની સ્થિતિએ સરકારનું શું આયોજન છે.

(૨) આ આયોજન ઉકત સ્થિતિએ કયા તબક્કે રસ્તાવાર છે, અને

(૩) તે કયાં સુધીમાં પૂર્ણ કરવાનુ આયોજન છે ?

**જવાબ**

(૧) એક રસ્તાને ડામર સપાટી કરવાનું આયોજન છે.

(૨) ટેન્ડર મંજુરી પ્રક્રિયા તબક્કે

(૩) નિયત સમય મર્યાદામાં.

---------

## પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

* ૧૪૨૬૫ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા બાળકો કુપોષિત છે અને કેટલા બાળકોનું ઉંમરના પ્રમાણમાં વજન ઓછું છે, અને

(૨) બાળકોમાં કૂપોષણ નિવારવા અને સપ્રમાણ વજન થાય તે રાજય સરકાર દ્વારા કેવા પગલાં લેવામાં આવે છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં તાલુકાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા અને ઉંમરના પ્રમાણમાં બાળકોનું વજન ઓછુ છે તેવા બાળકોની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

*** પંચમહાલ**

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | ઉંમરના પ્રમાણમાં બાળકોના વજનની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ગોધરા | ૫૭૧૪ | ૫૧૯ |
| ૨ | શહેરા | ૩૩૯૧ | ૧૭૫ |
| ૩ | મોરવા (હ) | ૨૬૪૮ | ૧૧૬ |
| ૪ | ઘોઘંબા | ૪૦૧૪ | ૩૬૪ |
| ૫ | કાલોલ | ૨૯૦૧ | ૩૧૧ |
| ૬ | હાલોલ | ૩૧૫૬ | ૧૨૦ |
| ૭ | જાંબુઘોડા | ૬૪૨ | ૪૦ |
| | **કુલ** | **૨૨૪૬૬** | **૧૬૪૫** |
| * મહિસાગર | | | |
| ૧ | લુણાવાડા | ૯૧૬ | ૧૩૬ |
| ૨ | ખાનપુર | ૧૨૧૬ | ૭૯ |
| ૩ | કડાણા | ૭૬૯ | ૫૦ |
| ૪ | સંતરામપુર | ૧૭૯૫ | ૭૧ |
| ૬ | બાલાશિનોર | ૧૯૦૮ | ૨૧૩ |
| ૭ | વિરપુર | ૧૨૭૮ | ૮૮ |
| | **કુલ** | **૭૮૮૨** | **૬૩૭** |

(૨) બાળકોમાં કુપોષણ નિવારવા અને સપ્રમાણ વજન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબના પગલાં લેવામાં આવે છે.

- ૬ માસથી ૩ વર્ષના બાળકોની ટેક હોમ રેશન

તરીકે અનાજ આપવામાં આવે છે અને તેમાંથી નિર્દેશક ભોજન તરીકે રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.

- ૬ માસથી ૯ માસના બાળકો માટે અન્નપ્રાશન દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે.
- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃ મંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો, અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડીયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને THR તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવી આપવામાં આવે છે.
- આ ઉપરાંત ૩ થી ૬ વર્ષના અતિઓછા વજનવાળા બાળકોને THR તરીકે પુરક પોષણ આહાર આપવામાં આવે છે.
- ૬ માસથી ૬ વર્ષના બાળકોને ટ્રાયબલ એરીયામાં દૂધ સંજીવની યોજના હેઠળ અઠવાડિયામાં બે દિવસ દૂધ આપવામાં આવે છે. ટ્રાયબલ એરીયાના તમામ તાલુકામાં દૂધ સંજીવની યોજના શરૂ કરવામાં આવેલ છે.
- મીશન બલમ સુખમ અન્વયે બાળ શક્તિમ કેન્દ્ર, બાળ સેવા કેન્દ્ર તેમજ બાળ સંજીવની કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવે છે.
- ન્યુટ્રીશન કાઉન્સલીંગ વોલીન્ટીયર (NCV) યોજના દ્વારા બાળકોના વાલીઓને પોષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે.
- વાત્સલ્ય દિવસ / બાળ દિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણ સ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.

  જિલ્લાના તમામ અધિકારીશ્રીઓ દ્વારા અતિ કુપોષિત બાળકોને દત્તક તરીકે લેવામાં આવેલ છે.

(૩) આગામી સમયમાં બાળકોને કુપોષણથી મુક્તિ મળે તે માટે કયા પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે ?

(૩) આગામી સમયમાં બાળકોને કુપોષણથી મુક્તિ મળે તે માટે હાલમાં ચાલતી વિવિધ ટોજનાઓ ઉપરાંત નીચેની કામગીરી કરવાનું આયોજન છે.

- ઈલેકટ્રોનિક વજન કાંટાના માધ્યમથી બાળકોનું ચોક્કસ વજન અને ગ્રોથ મોનીટરીંગ.
- આરોગ્ય વિભાગની સહાયથી આંગણવાડીના તમામ ઓછા વજનવાળા બાળકોને કુપોષણથી મુક્તિ મળે તે માટે સી.એમ.ટી. એસ. અને એન. આર. સી. પ્રા. આ. કેન્દ્ર તબીબી ચકાસણી.
- ઘનિષ્ટ પોષણ સુધારણા કાર્યક્રમ અંતર્ગત પોષણ સપ્તાહની ઉજવણી.
- ચાલુ વર્ષે ઓછા વજનવાળા બાળકો ધરાવતી ૫૦૦ આંગણવાડીઓને ઘનિષ્ટ પોષણ અભિયાન કેન્દ્ર તરીકે તબક્કાવાર શરૂ કરવાનું આયોજન કરેલ છે. ઘનિષ્ટ

પોષણ અભિયાન કેન્દ્ર ૩૦ દિવસ ચાલુ રાખવા અને ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોને સારવાર આપીને કુપોષણના પ્રમાણમાં ઘટાડો કરવાના પગલાં લેવાનું આયોજન છે.

---------

**તાપી જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

* ૧૪૧૩૮ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે. અને

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | કુપોષણથી પીડાતા બાળકોની કુલ સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | નિઝર | ૧૩૨૪ | ૧૫૬ | ૧૪૮૦ |
| ૨ | સોનગઢ | ૨૫૫૮ | ૨૭૩ | ૨૮૩૧ |
| ૩ | ઉચ્છલ | ૧૪૪૯ | ૧૧૧ | ૧૫૬૦ |
| ૪ | વાલોડ | ૧૦૧૩ | ૧૬૨ | ૧૧૭૫ |
| ૫ | વ્યારા | ૨૩૫૩ | ૪૦૦ | ૨૭૫૩ |
| | **કુલ** | **૮૬૯૭** | **૧૧૦૨** | **૯૭૯૯** |

**પ્રશ્ન**

(૨) તે અન્વયે કુપોષણ દૂર કરવા સરકારે ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૨) તે અન્વયે કુપોષણ દૂર કરવા સરકારે છેલ્લા એક વર્ષમાં રૂ.૧,૮૬,૩૦,૦૦૦/– નો ખર્ચ કરવામાં આવ્યો.

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

* ૧૪૮૯૧ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે.

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યાની વિગતો નીચે મુજબ છે.

**અરવલ્લી**

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકો | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ભીલોડા | ૧૦૯૫ | ૫૧ | ૧૧૪૬ |
| ૨ | મેઘરજ | ૧૭૦૩ | ૧૨૭ | ૧૮૩૦ |
| ૩ | બાયડ | ૩૭૬ | ૧૧૩ | ૪૮૯ |
| ૪ | મોડાસા | ૨૨૭૧ | ૪૬ | ૨૩૧૭ |
| ૫ | માલપુર | ૫૮૪ | ૨૭ | ૬૧૧ |
| ૬ | ધનસુરા | ૨૮૧ | ૧૬ | ૨૯૭ |
| | **કુલ** | **૬૩૧૦** | **૩૮૦** | **૬૬૯૦** |

**સાબરકાંઠા**

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ખેડબ્રહ્મા | ૫૬૪૭ | ૧૩૨ | ૫૭૭૯ |
| ૨ | વિજયનગર | ૧૬૭૨ | ૩૩ | ૧૭૦૫ |
| ૩ | હિંમતનગર | ૨૪૫૮ | ૫૫ | ૨૫૧૩ |
| ૪ | ઈડર | ૨૧૬૯ | ૧૨૩ | ૨૨૯૨ |
| ૫ | પ્રાંતિજ | ૧૩૮૦ | ૧૩૬ | ૧૫૧૬ |
| ૬ | વડાલી | ૭૭૭ | ૬૦ | ૮૩૭ |
| ૭ | તલોદ | ૧૦૦૩ | ૬૭ | ૧૦૭૦ |
| | **કુલ** | **૧૫૧૦૬** | **૬૦૬** | **૧૫૭૧૨** |

(૨) કુપોષણથી પીડાતા બાળકોના સ્વાસ્થયની સુખાકારી માટે ઉકત સ્થતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ તાલુકાવાર કરવામાં આવ્યો, અને

(૨) બાળકોના સ્વાસ્થયની સુખાકારી માટે ઉકત સ્થતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કરેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

**અરવલ્લી**

| તાલુકાનું નામ | કરેલ ખર્ચની વિગત |
|---|---|
| ભીલોડા | ૪૨૧૭૪૦૦ |
| મેઘરેજ | ૬૮૧૬૬૦૦ |
| બાયડ | ૧૯૬૩૮૦૦ |
| મોડાસા | ૮૪૨૪૦૦૦ |
| માલપુર | ૨૨૪૮૨૦૦ |
| ધનસુરા | ૧૦૯૮૦૦૦ |
| **કુલ** | **૨૪૭૬૮૦૦૦** |

**સાબરકાંઠા**

| તાલુકાનું નામ | કરેલ ખર્ચની વિગત |
|---|---|
| ખેડબ્રહ્મા | ૨૧૦૪૨૦૦૦ |
| વિજયનગર | ૬૧૯૭૪૦૦ |
| હિંમતનગર | ૯૧૪૫૮૦૦ |
| ઈડર | ૮૪૭૨૬૦૦ |
| પ્રાંતિજ | ૫૭૦૨૪૦૦ |
| વડાલી | ૩૧૨૧૨૦૦ |
| તલોદ | ૩૯૭૨૬૦૦ |
| **કુલ** | **૫૭૬૫૪૦૦૦** |

(૩) કેટલા બાળકોને તેનો લાભ આપવામાં આવ્યો ?

(૩) અરવલ્લી જિલ્લામાં ૬૬૯૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.
સાબરકાંઠા જિલ્લામાં ૧૫૭૧૨ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

---------

**મોરબી જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મહેકમ**

* ૧૩૬૬૮ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મોરબી જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક

(૧) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અંગે * પત્રક–અ અને સામુહિક આરોગ્ય કેન્દ્ર અંગે * પત્રક–બ સામેલ છે.

આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨) જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે વર્ગ–૩ અને જની જગ્યાઓ પર જરૂરત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**છોટાઉદેપુર જિલ્લાના પંચાયત હસ્તકના રસ્તાઓને સ્ટેટમાં સમાવવાની દરખાસ્તો**

* ૧૩૮૦૦ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર જિલ્લા પંચાયત હસ્તકના અને સ્ટેટ હસ્તકના કેટલા રસ્તા છે,

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર રસ્તાઓ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | પંચાયત હસ્તકના રસ્તાઓની કુલ સંખ્યા | રાજ્ય હસ્તકના રસ્તાઓની કુલ સંખ્યા |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૭૯ | ૩ |
| ૨ | કવાંટ | ૭૭ | ૫ |
| ૩ | જેતપુર પાવી | ૯૪ | ૧૪ |
| ૪ | સંખેડા | ૧૨૧ | ૧૯ |
| ૫ | બોડેલી | ૭૧ | ૨૩ |
| ૫ | નસવાડી | ૧૧૨ | ૧૫ |
| | **કુલ** | **૫૫૪** | **૭૯** |

(૨) તે પૈકી જિલ્લા પંચાયત હસ્તકના રસ્તાઓને સ્ટેટમાં સમાવવા માટે સરકારને કેટલી દરખાસ્તો છેલ્લા એક વર્ષમાં મળી છે,

(૩) તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર થઈ અને કેટલી બાકી છે, અને

(૪) ઉકત સ્થિતિએ બાકી દરખાસ્તો કયા તબક્કામાં છે ?

(૨), (૩) અને (૪)
કોઈ દરખાસ્ત મળેલ ન હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં કાર્યરત પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો**

* ૧૪૫૪૫ **શ્રી ગોવાભાઇ રબારી(ડીસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો કેટલા કાર્યરત છે.

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં આવેલ તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોની કાર્યરત વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સંખ્યા | સામૂહિક આરોગ્ય કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અમીરગઢ | ૫ | ૧ |
| ૨ | ભાભર | ૩ | ૧ |

| | | | |
|---|---|---|---|
| ૩ | દાંતા | ૮ | ૧ |
| ૪ | દાંતીવાડા | ૩ | ૧ |
| ૫ | ડીસા | ૧૧ | ૧ |
| ૬ | દિયોદર | ૫ | ૧ |
| ૭ | ધાનેરા | ૭ | ૧ |
| ૮ | કાંકરેજ | ૯ | ૧ |
| ૯ | લાખણી | ૬ | ૧ |
| ૧૦ | પાલનપુર | ૮ | ૧ |
| ૧૧ | થરાદ | ૯ | ૩ |
| ૧૨ | વડગામ | ૭ | ૩ |
| ૧૩ | સુઇગામ | ૧ | ૧ |
| ૧૪ | વાવ | ૬ | ૧ |
| | **કુલ** | **૮૮** | **૧૯** |

(૨) ઉકત સ્થિતિએ વસ્તીના ધોરણે કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો હોવા જોઈએ, અને

(૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો-૧૨૧
અને
સામુહિક આરોગ્ય કેન્દ્રો-૩૦

(૩) વધારાની મંજૂરી કેટલા સમયમાં આપવામાં આવશે ?

(૩) ''તબક્કાવાર આયોજન કરવામાં આવશે.''

---------

**પાલીતાણા શહેરમાં બાયપાસ રોડ બનાવવા માટેની દરખાસ્ત**

* ૧૩૭૭૪ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના પાલીતાણા શહેરમાં બાયપાસ રોડ બનાવવા માટેની કોઇ દરખાસ્ત સરકારમાં પડતર છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયથી પડતર છે અને ક્યાં સુધીમાં મંજૂરી આપવામાં આવશે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં વડાપ્રધાન ગ્રામ સડક યોજના હસ્તકના રસ્તાઓની મરામત**

* ૧૪૭૬૬ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડાપ્રધાન ગ્રામ સડક યોજના અંતર્ગતના તાલુકાદીઠ, વર્ષવાર ક્યા રસ્તા તૂટી જવા પામ્યા,

(૨) આ રસ્તાઓની મરામત કામગીરી વર્ષવાર, કેટલીવાર, કેટલા ખર્ચે કરવામાં આવી, અને

(૩) જો આવી કામગીરી ન કરવામાં આવી હોય તો તેનાં શાં કારણો છે ?

**જવાબ**

(૧) એક રસ્તાની સપાટીને નુકશાન થયેલ છે.

(૨) અને (૩)
ઈજારદારશ્રી દ્વારા રીપેરીંગ કાર્યવાહી ચાલુ છે.

---------

**જિલ્લા રમતગમત અધિકારીઓની જગ્યાઓ ભરવા બાબત**

* ૧૪૧૧૩ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય રમતગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા રમતગમત અધિકારીઓની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ જગ્યાઓ ભરવા માટે શા પગલાં ભરવામાં

**જવાબ**

(૧) ૧૪ જગ્યા ખાલી છે.

(૨) આ જગ્યાઓ પૈકી ૬ જગ્યાઓની ભરતી માટેની

આવ્યા ?

જાહેરાત ટુંક સમયમાં આપવામાં આવશે જ્યારે બાકીની જગ્યાઓની મંજુરી અર્થે ૨૦૧૫–૧૬ ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે રજુ કરેલ છે જેની મંજુરી મળેથી ભરવામાં આવશે.

---------

**મહિલા અને બાળ વિકાસ વિભાગના બજેટમાં ખર્ચની કરેલ જોગવાઇ**

* ૧૩૫૯૯ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહિલા અને બાળ કલ્યાણ વિકાસ વિભાગના ૨૦૧૩–૧૪ ના વર્ષમાં બજેટમાં ફાળવેલ રકમ સામે રકમના ૮૫ ટકા ખર્ચ ગોણ સદર ૮૦૦ અને અન્ય પરચુરણ તરીકે દર્શાવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા તો આ પરચુરણની ખર્ચની વિગતો શી છે ?

**જવાબ**

(૧) ના.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં સ્વાઇન ફ્લુના નોંધાયેલ કેસો**

* ૧૪૭૩૪ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં સ્વાઇન ફ્લુના કેટલા કેસ છેલ્લા બે વર્ષમાં માસવાર નોંધાયા,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં સ્વાઇન ફ્લુના કેસોની માસવાર વિગત નીચે મુજબ છે.

**બનાસકાંઠા**

| વર્ષ ૨૦૧૩ | કેસ | વર્ષ ૨૦૧૪ | કેસ |
|---|---|---|---|
| જાન્યુઆરી | ૦ | જાન્યુઆરી | ૦ |
| ફેબ્રુઆરી | ૫ | ફેબ્રુઆરી | ૦ |
| માર્ચ | ૩ | માર્ચ | ૦ |
| એપ્રિલ | ૫ | એપ્રિલ | ૦ |
| મે | ૦ | મે | ૦ |
| જુન | ૧ | જુન | ૦ |

વર્ષ–૨૦૧૩ માં બનાસકાંઠા જિલ્લામાં જુલાઇ થી ડીસેમ્બર સુધી કોઇ કેસ નોંધાયા નથી તથા ૨૦૧૪ માં એક પણ કેસ નોંધાયો નથી.

**પાટણ**

| વર્ષ ૨૦૧૩ | કેસ | વર્ષ ૨૦૧૪ | કેસ |
|---|---|---|---|
| જાન્યુઆરી | ૧ | જાન્યુઆરી | ૦ |
| ફેબ્રુઆરી | ૧ | ફેબ્રુઆરી | ૦ |
| માર્ચ | ૨ | માર્ચ | ૦ |

વર્ષ–૨૦૧૩ માં પાટણ જિલ્લામાં એપ્રિલ થી ડીસેમ્બર સુધી કોઇ કેસ નોંધાયા નથી તથા ૨૦૧૪ માં એક પણ કેસ નોંધાયો નથી.

(૨) તે પૈકી કોઇ વ્યક્તિઓના મૃત્યુ થયા હોય તો માસવાર કેટલી વ્યક્તિઓના મૃત્યુ થયા, અને

(૨) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં સ્વાઇન ફ્લુના મૃત્યુની માસવાર વિગત નીચે મુજબ છે.

**બનાસકાંઠા**

| વર્ષ ૨૦૧૩ | મરણ | વર્ષ ૨૦૧૪ | મરણ |
|---|---|---|---|
| જાન્યુઆરી | ૦ | જાન્યુઆરી | ૦ |

| | | | |
|---|---|---|---|
| ફેબ્રુઆરી | ૨ | ફેબ્રુઆરી | ૦ |
| માર્ચ | ૧ | માર્ચ | ૦ |
| એપ્રિલ | ૧ | એપ્રિલ | ૦ |
| મે | ૦ | મે | ૦ |
| જુન | ૧ | જુન | ૦ |

વર્ષ–૨૦૧૩ માં જુલાઇ થી ડીસેમ્બર સુધી કોઇ કેસ નોંધાયા નથી તથા ૨૦૧૪ માં એક પણ કેસ નોંધાયો નથી.

**પાટણ**

| **વર્ષ ૨૦૧૩** | **મરણ** | **વર્ષ ૨૦૧૪** | **મરણ** |
|---|---|---|---|
| જાન્યુઆરી | ૦ | જાન્યુઆરી | ૦ |
| ફેબ્રુઆરી | ૦ | ફેબ્રુઆરી | ૦ |
| માર્ચ | ૧ | માર્ચ | ૦ |

વર્ષ–૨૦૧૩ માં પાટણ જિલ્લામાં ફક્ત એકજ(૧) કેસ નોંધાયો છે. તથા ૨૦૧૪ માં એક પણ કેસ નોંધાયો નથી.

(૩) સ્વાઇન ફ્લુને અટકાવવા રાજ્ય સરકારે શાં પગલાં લીધા ?

(૩) સ્વાઇન ફ્લુ રોગચાળાને કાબુમાં લેવા સરકારશ્રી દ્ધારા નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે.

- રાજ્યની દરેક સીવીલ હોસ્પિટલોમાં ઇન્ફ્લ્યુએન્ઝા–એ (એચ૧એન૧) ના કેસોની સારવાર માટે વેન્ટીલેટર, કાર્ડિયાક મોનીટર જેવા અદ્યતન ઉપકરણો સાથેના ઇન્ટેન્સીવ કેર યુનિટ અને આઇસોલેશન વોર્ડની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- રોગના ત્વરીત અને વિનામુલ્યે નિદાન માટે રાજ્યમાં ત્રણ ઉચ્ચસ્તરની સરકારી લેબોરેટરીઓ ખાતે સેવા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- ઇન્ફ્લ્યુએન્ઝા–એ (એચ૧એન૧) ના પોઝીટીવ કેસ તેમજ ચિન્હો ધરાવતા કોન્ટેકટને એન્ટીવાયરલ દવાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે.
- ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્ધારા રાજ્યમાં માન્યતા પ્રાપ્ત પ્રાઇવેટ મેડીકલ સ્ટોર્સમાં પણ આ દવાનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરેલ છે.
- તમામ સરકારી આરોગ્ય સંસ્થામાં રોગનું પ્રસરણ અટકે તે માટે લેવાના થતા પગલાંઓની જાણકારી આપવામાં આવે છે. સરળ ભાષામાં જાહેર જનતાએ કરવાની થતી તકેદારી માટેનું સાહિત્ય પણ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- ભારત સરકારશ્રીના માર્ગદર્શન સાથેનું મેન્યુઅલ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. સંલગ્ન દરેક હિતધારકોને તેની નકલ પહોંચાડવામાં આવી છે. આ ઉપરાંત આ મેન્યુઅલને આરોગ્ય વિભાગની વેબસાઇટ પર મુકવામાં આવેલ છે.
- આઇ.એમ.એ. ના સભ્યો સાથે જિલ્લા કક્ષાએ નિયમિત મીટીંગો કરી રોગ નિયંત્રણ/અટકાયત બાબતે માર્ગદર્શન આપવામાં આવેલ છે.
- અગ્ર સચિવશ્રી, જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણની અધ્યક્ષસ્તામાં ગાંધીનગર ખાતે વિભાગીય નાયબ નિયામકશ્રી, તમામ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી અને તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય

અધિકારીશ્રીઓની મીટીંગમાં ઇન્ફ્લ્યુએન્ઝા–એ (એચ૧એન૧) ની પરિસ્થિતિનો સવિસ્તાર સમીક્ષા કરેલ છે.

- રાજ્યના આ વિષયના નિષ્ણાંત તબીબો, પ્રાઇવેટ હોસ્પિટલના ક્રિટીકલ કેરના સુપર સ્પેશિયાલીસ્ટ ડોક્ટરો, કોર્પોરેટ પ્રાઇવેટ હોસ્પિટલોના પ્રતિનિધિઓ, ઇન્ડીયન મેડીકલ એસોશીયેશનના પ્રતિનિધિ તેમજ અન્ય સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ સાથે બેઠકમાં સર્વગ્રાહી સમીક્ષા દ્વારા આઇ.ઇ.સી., ટ્રીટમેન્ટ ગાઇડ લાઇન અપડેટ કરી રોગ નિયંત્રણ કામગીરી વેગવંત કરેલ છે.

---------

**ખેડા જિલ્લામાં કાર્યરત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો**

* ૧૪૨૪૪ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં આરોગ્યની સેવાઓ માટે કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે,

(૨) કેટલા સબસેન્ટરો છે,

(૩) વસ્તીના ધારા–ધોરણ મુજબ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સબસેન્ટરો હોવા જોઇએ, અને

(૪) પી.એચ.સી. અને સી.એચ.સી. સેન્ટરોમાં કેટલા ડોક્ટરોની ઘટ છે આ ઘટ ક્યારે પૂરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૪૬ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર.

(૨) ૨૭૯ સબસેન્ટર.

(૩) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર–૫૨ અને સબસેન્ટર–૩૧૯.

(૪) પી.એચ.સી.માં ૦૬ અને સી.એચ.સી. માં ૧૬ ડોક્ટરોની ઘટ છે. ડોક્ટરોની જગ્યા વોક ઇન ઇન્ટરવ્યુ દ્વારા ભરવાનું આયોજન કરવામાં આવે છે. ઉમેદવારો પસંદ થયેથી નિમણૂંક આપી આ ઘટ પૂરવામાં આવશે.

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ખાદ્યપદાર્થોમાં ભેળસેળ અંગે પાડેલ દરોડા**

* ૧૪૨૮૬ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખાદ્યપદાર્થોમાં ભેળસેળ અંગેના કેટલા દરોડા પાડી કેટલા કેસો તાલુકાવાર નોંધવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખાદ્યપદાર્થોમાં ભેળસેળ અંગેના દરોડા પાડી તાલુકાવાર કેસો નોંધવામાં આવ્યા, જે નીચે દર્શાવ્યા પ્રમાણે છે.

**પત્રક**

| વર્ષ | ગાંધીનગર જિલ્લાના તાલુકાનું નામ | દરોડાની સંખ્યા | નોંધવામાં આવેલ કેસોની સંખ્યા | વર્ષ | મહેસાણા જિલ્લાના તાલુકાનું નામ | દરોડાની સંખ્યા | નોંધવામાં આવેલ કેસોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૩ | ગાંધીનગર | ૭૪ | ૭૪ | ૨૦૧૩ | મહેસાણા | ૧૦૧ | ૧૦૧ |
| | | | | | ઉંઝા | ૨૯ | ૨૯ |
| | કલોલ | ૭૪ | ૭૪ | | કડી | ૪૭ | ૪૭ |
| | | | | | બહુચરાજી | ૨૦ | ૨૦ |
| | માણસા | ૩૦ | ૩૦ | | વિજાપુર | ૫૧ | ૫૧ |
| | | | | | વિસનગર | ૭૦ | ૭૦ |
| | દહેગામ | ૩૮ | ૩૮ | | ખેરાલુ | ૨૧ | ૨૧ |
| | | | | | વડનગર | ૨૬ | ૨૬ |
| | | | | | સતલાસણા | ૧૭ | ૧૭ |
| ૨૦૧૪ | ગાંધીનગર | ૧૦૮ | ૧૦૮ | ૨૦૧૪ | મહેસાણા | ૧૨૬ | ૧૨૬ |
| | | | | | ઉંઝા | ૪૬ | ૪૬ |

| વર્ષ | ગાંધીનગર જિલ્લાના તાલુકાનું નામ | દરોડાની સંખ્યા | નોંધવામાં આવેલ કેસોની સંખ્યા | વર્ષ | મહેસાણા જિલ્લાના તાલુકાનું નામ | દરોડાની સંખ્યા | નોંધવામાં આવેલ કેસોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| | કલોલ | ૫૪ | ૫૪ | | કડી | ૫૮ | ૫૮ |
| | માણસા | ૨૧ | ૨૧ | | બહુચરાજી | ૨૬ | ૨૬ |
| | | | | | વિજાપુર | ૪૪ | ૪૪ |
| | | | | | વિસનગર | ૧૦૧ | ૧૦૧ |
| | દહેગામ | ૪૩ | ૪૩ | | ખેરાલુ | ૧૯ | ૧૯ |
| | | | | | વડનગર | ૨૮ | ૨૮ |
| | | | | | સતલાસણા | ૧૨ | ૧૨ |

(૨) કેટલા કેસોમાં સેમ્પલ લેવામાં આવ્યા અને ભેળસેળના કેટલા કિસ્સાઓ માલુમ પડ્યા, અને

(૨)

**પત્રક**

| વર્ષ | ગાંધીનગર જિલ્લાના તાલુકાનું નામ | લીધેલ નમુનાની સંખ્યા | તે પૈકી માલુમ પડેલા ભેળસેળના કિસ્સાઓ | | વર્ષ | મહેસાણા જિલ્લાના તાલુકાનું નામ | લીધેલ નમુનાની સંખ્યા | તે પૈકી માલુમ પડેલા ભેળસેળના કિસ્સાઓ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સબ સ્ટાન્ડર્ડ | અન સેફ | | | | સબ સ્ટાન્ડર્ડ | અન સેફ |
| ૨૦૧૩ | ગાંધીનગર | ૭૪ | ૭ | ૧ | ૨૦૧૩ | મહેસાણા | ૧૦૧ | ૬ | ૧ |
| | | | | | | ઉંઝા | ૨૯ | ૨ | ૦ |
| | કલોલ | ૭૪ | ૭ | ૧ | | કડી | ૪૭ | ૩ | ૦ |
| | | | | | | બહુચરાજી | ૨૦ | ૬ | ૦ |
| | માણસા | ૩૦ | ૨ | ૦ | | વિજાપુર | ૫૧ | ૯ | ૧ |
| | | | | | | વિસનગર | ૭૦ | ૫ | ૧ |
| | દહેગામ | ૩૮ | ૫ | ૦ | | ખેરાલુ | ૨૧ | ૧ | ૦ |
| | | | | | | વડનગર | ૨૬ | ૨ | ૦ |
| | | | | | | સતલાસણા | ૧૭ | ૨ | ૦ |
| ૨૦૧૪ | ગાંધીનગર | ૧૦૮ | ૯ | ૨ | ૨૦૧૪ | મહેસાણા | ૧૨૬ | ૫ | ૨ |
| | | | | | | ઉંઝા | ૪૬ | ૧ | ૧ |
| | કલોલ | ૫૪ | ૧ | ૧ | | કડી | ૫૮ | ૩ | ૦ |
| | | | | | | બહુચરાજી | ૨૬ | ૬ | ૦ |
| | માણસા | ૨૧ | ૦ | ૦ | | વિજાપુર | ૪૪ | ૧ | ૦ |
| | | | | | | વિસનગર | ૧૦૧ | ૩ | ૦ |
| | દહેગામ | ૪૩ | ૨ | ૧ | | ખેરાલુ | ૧૯ | ૧ | ૦ |
| | | | | | | વડનગર | ૨૮ | ૦ | ૦ |
| | | | | | | સતલાસણા | ૧૨ | ૦ | ૦ |

(૩) ભેળસેળ યુક્ત સેમ્પલ જણાતા સરકાર દ્વારા શી કાનુની કાર્યવાહી કરવામાં આવી ?

(૩) ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૩ દરમ્યાન ૨૧ કિસ્સાઓ સબ સ્ટાન્ડર્ડ જાહેર થયેલ જેમાંથી ૯ કિસ્સામાં એડજ્યુડિકેટીંગ ઓફિસર, ગાંધીનગર સમક્ષ દંડની કાર્યવાહી સારૂ કેસ દાખલ કરવામાં આવેલ છે જ્યારે ૧૨ કિસ્સામાં તે બાબતની કાર્યવાહી ચાલે છે, જ્યારે ૨ કિસ્સામાં અનસેફ જાહેર થયેલ હોઇ ૧ કિસ્સામાં નામદાર કોર્ટ, ગાંધીનગર ખાતે ક્રિમિનલ કેસ દાખલ કરવામાં આવેલ છે. જ્યારે ૧ કિસ્સામાં નામદાર ગુજરાત હાઇકોર્ટે કેસ દાખલ કરવા પર સ્ટે આપેલ છે.

ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૪ દરમ્યાન ૧૨ કિસ્સાઓ સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલ જેમાંથી ૭ કિસ્સામાં એજ્યુડિકેટીંગ ઓફિસર, ગાંધીનગર સમક્ષ દંડની કાર્યવાહી સારૂ કેસ દાખલ કરવામાં આવેલ છે જ્યારે ૫ કિસ્સામાં તે બાબતની કાર્યવાહી ચાલે છે, જ્યારે ૪ કિસ્સાઓ અનસેફ જાહેર થયેલ હોઇ ૪ કિસ્સામાં ક્રિમિનલ કેસ દાખલ કરવાની કાર્યવાહી ચાલુ છે.

**મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૩** દરમ્યાન ૩૬ કિસ્સાઓ સબ સ્ટાન્ડર્ડ જાહેર થયેલ જેમાંથી ૩૫ કિસ્સામાં એડજ્યુડિકેટીંગ ઓફિસર, મહેસાણા સમક્ષ દંડની કાર્યવાહી સારૂ કેસ દાખલ કરવામાં આવેલ છે જ્યારે ૧ કિસ્સામાં તે બાબતની કાર્યવાહી ચાલે છે, જ્યારે ૩ કિસ્સામાં અનસેફ જાહેર થયેલ હોઇ ૩ કિસ્સામાં નામદાર કોર્ટ, મહેસાણા ખાતે ક્રિમિનલ કેસ દાખલ કરવામાં આવેલ છે.

**મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૪** દરમ્યાન ૨૦ કિસ્સાઓ સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલ જેમાંથી ૯ કિસ્સામાં એજ્યુડિકેટીંગ ઓફિસર, મહેસાણા સમક્ષ દંડની કાર્યવાહી સારૂ કેસ દાખલ કરવામાં આવેલ છે જ્યારે ૧૧ કિસ્સામાં તે બાબતની કાર્યવાહી ચાલે છે, જ્યારે ૩ કિસ્સાઓ અનસેફ જાહેર થયેલ હોઇ ૨ કિસ્સામાં નામદાર કોર્ટ, મહેસાણા ખાતે ક્રિમિનલ કેસ દાખલ કરવામાં આવેલ છે, જ્યારે ૧ કિસ્સામાં ક્રિમિનલ કેસ દાખલ કરવાની કાર્યવાહી ચાલુ છે.

---------

**વિસાવદર સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ડોક્ટરોની ઘટ**

* ૧૪૮૬૭ **શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિસાવદર શહેરના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ઓ.પી.ડી. માં નોંધાયેલ દર્દીઓની સંખ્યા કેટલી,

(૨) આ સંખ્યાના પ્રમાણમાં ડોક્ટરો અને અન્ય મેડીકલ સ્ટાફની સંવર્ગવાર ઘટ છે તે સરકારના ધ્યાન પર છે કે કેમ, અને

(૩) જો હા, તો આ ઘટ કેટલા સમયમાં પુરી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ સામુહિક આરોગ્ય કેન્દ્ર–વિસાવદર ખાતે છેલ્લા બે વર્ષમાં ઓ.પી.ડી. માં નોંધાયેલ દર્દીઓની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | સમયગાળો | સંખ્યા |
|---|---|---|
| ૧ | તા.૧–૨–૨૦૧૩ થી તા.૩૧–૧–૨૦૧૪ સુધી | ૬૨,૧૬૩ |
| ૨ | તા.૧–૨–૨૦૧૪ થી તા.૩૧–૧–૨૦૧૫ સુધી | ૬૨,૮૫૫ |
| | **કુલ** | **૧,૨૫,૦૧૮** |

(૨) સરકારના ધ્યાન પર છે.

(૩) જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતાં ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જરૂરીયાત પ્રમાણે જગ્યાઓ ભરવામાં આવે છે.

---------

**છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં વરસાદથી નુકસાન થયેલ રસ્તાઓ**

* ૧૩૭૩૬ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૪ ની સ્થિતિએ છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં સન ૨૦૧૩ માં ચોમાસા દરમ્યાન વરસાદથી નુકસાન પામેલ પંચાયતના કેટલા અને ક્યા રસ્તાઓ છે, | (૧) છોટાઉદેપુર જિલ્લાના ૯૪ અને વડોદરા જિલ્લાના ૫૩ રસ્તાઓ *પરિશિષ્ટ મુજબ. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તાઓની મરામત કામગીરી પૂર્ણ થઇ અને કેટલા રસ્તાઓની મરામત કામગીરી બાકી છે, અને | (૨) ૧૧૪ પૂર્ણ, ૩૦ પ્રગતિમાં અને ૩ કામો શરૂ થવાના બાકી. |
| (૩) બાકી રસ્તાઓની કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ. |

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

### દાહોદ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

* ૧૪૧૮૨ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો કુપોષણથી પીડીત છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા અને ઉંમરના પ્રમાણમાં બાળકોનું વજન ઓછુ છે તેવા બાળકોની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૬૩૮૪ | ૬૦૫ |
| ૨ | દે.બારીયા | ૧૭૨૫ | ૧૦૭ |
| ૩ | ધાનપુર | ૧૬૯૮ | ૧૦૫ |
| ૪ | ફતેપુરા | ૧૮૩૩ | ૧૭૭ |
| ૫ | ગરબાડા | ૧૦૬૨ | ૧૨૧ |
| ૬ | લીમખેડા | ૩૮૫૦ | ૨૨૭ |
| ૭ | ઝાલોદ | ૪૯૮૭ | ૩૫૮ |
| | **કુલ** | **૨૧૫૩૯** | **૧૭૦૦** |

(૨) આ બાળકોને કુપોષણ મુક્ત કરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કર્યો ?

(૨) ઓછા વજનવાળા બાળકો અને અતિ ઓછા વજનવાળા બાળકો માટે સરકારે છેલ્લા એક વર્ષમાં રૂ.૪,૩૩,૬૦,૨૦૦/– (ચાર કરોડ, તેત્રીસ લાખ, સાંઠીઠ હજાર, બસ્સો) નો ખર્ચ કરેલ છે.

---------

### વલસાડ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

* ૧૩૫૪૧ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો કુપોષીત છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૧૯૭૯ | ૨૧૭ |

| | | | |
|---|---|---|---|
| ૨ | પારડી | ૧૭૭૪ | ૧૨૨ |
| ૩ | ઉમરગામ | ૨૨૨૧ | ૩૦૩ |
| ૪ | ધરમપુર | ૩૩૭૫ | ૪૨૫ |
| ૫ | કપરાડા | ૪૯૬૧ | ૪૭૮ |
| | **કુલ** | **૧૪૩૧૦** | **૧૫૪૫** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ કુપોષણ દૂર કરવા સરકારે કેટલી રકમનો ખર્ચ કર્યો ?

(૨) કુલ ૮૯.૪૬ લાખનો ખર્ચ કરેલ છે.

---------

**મોડાસા અને ધનસુરા તાલુકામાં આવેલ આંગણવાડીઓ**

* ૧૩૬૮૧ **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ મોડાસા અને ધનસુરા તાલુકામાં કેટલી આંગણવાડીઓ છે, અને

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | મોડાસા | ૨૪૦ |
| ૨ | ધનસુરા | ૧૨૩ |
| | **કુલ** | **૩૬૩** |

(૨) તે અન્વયે કઇ આંગણવાડીઓમાં શૌચાલયો નથી અને તે કેટલા સમયમાં બનાવવામાં આવશે ?

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | તે પૈકી હાલમાં શૌચાલય નથી તેવા આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | મોડાસા | ૭ |
| ૨ | ધનસુરા | ૨ |
| | **કુલ** | **૯** |

બંને તાલુકાઓમાં કુલ ૯ આંગણવાડી કેન્દ્રોમાં શૌચાલય સુવિધા ન હોવાથી તે માટે શૌચાલય દીઠ રૂ।. ૧૦,૦૦૦/- (રૂપિયા દસ હજાર) લેખે ગ્રાન્ટ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને ફાળવેલ છે. જે બનતી ત્વરાએ બનાવવામાં આવશે.

---------

**અમરેલી જિલ્લામાં સરકારી દવાખાનાઓ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર થયેલ મહેકમ**

* ૧૩૮૨૫ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં સરકારી દવાખાનાઓ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કેન્દ્રવાર વર્ગ-૧ થી ૪ નું મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ મહેકમ સામે વર્ગવાર કેટલી જગ્યાઓ કેટલાં સમયથી ખાલી છે,

(૧) અને (૨) સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મહેકમ અંગે *પત્રક-અ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મહેકમ અંગે *પત્રક-બ સામેલ છે.

(૩) લાંબા સમયથી આ જગ્યાઓ ખાલી રહેવાનાં અને સમયસર ન ભરવાનાં શાં કારણો છે, અને

(૩) પસંદગી પામેલા ઉમેદવારોને પસંદગી મુજબનું સ્થળ ન મળતાં હાજર ન થતા હોઇ કેટલાક કિસ્સાઓમાં જગા ખાલી રહેવા પામે છે.

(૪) આ જગ્યાઓ ભરવા રાજ્ય સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવેલ છે?

(૪) વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ દર અઠવાડિયે વોક ઇન ઇન્ટરવ્યુ દ્વારા ભરવાનું આયોજન કરવામાં આવે છે. વર્ગ-૩ અને ડ્રાઇવરની જગાઓ પંચાયત સંવર્ગની હોઇ ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા સ્પર્ધાત્મક

પરીક્ષા લઇ ભરવાની કાર્યવાહી સમયાન્તરે કરવામાં આવે છે. વર્ગ–૩ અને ૪ ની જગ્યાઓ પર જરૂરત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ખેડા અને મહિસાગર જિલ્લામાં ભાડાના મકાનમાં કાર્યરત આંગણવાડીઓ**

* ૧૪૩૧૨ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને મહિસાગર જિલ્લામાં કેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં કાર્યરત છે, | (૧) છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ ૩૯૩ અને તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૨૪૭ આંગણવાડીઓ ભાડાના મકાનમાં કાર્યરત છે. તેમજ<br>તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહિસાગર જિલ્લામાં ૨૯૦ આંગણવાડીઓ ભાડાના મકાનમાં કાર્યરત છે. |
| (૨) આ આંગણવાડીઓને ક્યાં સુધીમાં નવા મકાનો બાંધવામાં આવશે, અને | (૨) બનતી ત્વરાએ. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આંગણવાડીઓ બાંધવા માટે નાબાર્ડ દ્વારા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આંગણવાડીઓ બાંધવા માટે નાબાર્ડ દ્વારા સને ૨૦૧૨–૧૩ના વર્ષમાં રૂ. ૬૭૦.૯૯ લાખની ગ્રાન્ટની જોગવાઇ કરવામાં આવેલ છે. જે પૈકી ૨૬૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. |

---------

**વિજાપુર તાલુકામાં રેસ્ટ હાઉસ મંજુર કરવા બાબત**

* ૧૪૯૨૩ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૫ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં નવીન રેસ્ટ હાઉસ ક્યારે મંજૂર કરવામાં આવેલ છે, અને<br>(૨) ઉક્ત સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે? | (૧) અને (૨) વિજાપુર તાલુકામાં કોઇ નવીન રેસ્ટ હાઉસ મંજુર કરવામાં આવેલ ન હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી શકિતસિંહ હ. ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે, નિયમ ૩૯, નિયમ ૩૪ અને માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયો, નિર્ણય ક્રમાંક ૯૧, પેઇઝ ૭૦, એના આધાર પરનો મારો મુદ્દો છે. હું આ હાઉસમાં બોલ્યો હતો તેની સ્ક્રીપ્ટ ઓફિસીયલ વિધાનસભાએ આપેલી તે મારા હાથમાં છે, મારી ગેરહાજરીમાં માનનીય મંત્રીશ્રી નીતિનભાઇએ જે વાત કરી એ સદંતર રીતે આનાથી વિપરીત છે. મારી લેખિત સ્ક્રીપ્ટ હું લઇને આવ્યો છું. અને એમાં મેં કહ્યું હતું કે ડબલ્યુ.એચ.ઓ.ના પ્રમાણે, અને આજે પણ તમે સમજો કે બંધ હોલની અંદર એક સ્વાઇન ફલુનો દર્દી હોય તો એ કમરાના તમામ લોકોને સ્વાઇન ફલુની અસર થઇ શકે, એમ કહીને મેં કહેલું કે કલેકટર એ બેઠકમાં રહેલા, માનનીય અધ્યક્ષશ્રી હું વાંચીશ, એ પંકજભાઇ મહેતાનો રિપોર્ટ સ્વાઇન ફલુનો બીજે દિવસે પોઝીટીવ આવ્યો છે, આપે તપાસ કરી કે જે માણસ અઢી કલાક સુધી એ મિટીંગમાં બેઠા હતા ત્યાંના અધિકારી, ત્યાંના ધારાસભ્યશ્રીઓ, એને ચેપ લાગી શકે છે. એની ચિંતા આપે કરી નહોતી અને એના બદલે ફોટો બતાવીને એમ કહેવું કે હું ત્રણ જગ્યા પછી

બેઠો હતો અને •(xxxxxx) આપના નિર્ણયોના નિર્ણય ક્રમાંક ૭૦ પ્રમાણે પણ, અને આ અસંસદીય શબ્દ છે અને અસંસદીય શબ્દની અપેક્ષા એક મંત્રીશ્રી પાસેથી ન હોઇ શકે, અમારી સ્ક્રીપ્ટ પણ આપ વાંચી લેશો, આપણી વચ્ચે બેઠા હતા, આપ ખુદ હતા, (xxxxxx) હોત તો આપ અધ્યક્ષસ્થાનેથી મને કહી શકયા હોત કે શકિતસિંહ તમે નીમાબેનનું નામ લીધું છે, અને નીમાબેન એ મિટીંગમાં નહોતા, અથવા તમે જે વાત કરો છો તે વાસ્તવિક નથી, આટલા સમય પછી હું જયારે હાજર નથી ત્યારે આ પ્રકારનો આક્ષેપ કરવો એ નિયમોના નિયમ ૩૭, નિયમોના નિયમ ૩૭ થી સંપૂર્ણપણે વિપરીત છે, એમને આક્ષેપ કરવો હોય તો તેની પ્રક્રીયા હતી, અને આ સ્ક્રીપ્ટ જો એમણે વાંચી હોત તો ખ્યાલ આવી શકયો હોત, શું બધા જ અધિકારીઓ એમની બાજુમાં બેઠા હતા? ફોટો બતાવો છો, મેં શું કહ્યું હતું કે તમામ અધિકારીઓ ત્યાં છે એમની ચિંતા આપે કરવી જોઇએ અને એટલા માટે આપના પાસે સ્ક્રીપ્ટ ન હોય તો હું આપને સ્ક્રીપ્ટ જે ઓફિસીયલ છે, આ મારા ઘરે તો બનતી નથી અને જે મને વિધાનસભા મારા ખાનામાં નાખે છે તેની આ કોપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પરેશભાઇએ જે મુદ્દો ઉપસ્થિત કર્યા પછી માનનીય મંત્રીશ્રી એમ કહે છે કે એમના કુટુંબના અને આજુબાજુના ગામના ઘરોનો પણ સરવે ચાલુ કરીને બધાને અમે ટેમીફ્લુ આપી છે. એના સંદર્ભમાં મેં કહ્યું કે સરકાર એક તરફ એમ કહે છે કે જેને સ્વાઇનફ્લુ થાય એ ગામના આજુબાજુના બધાને અમે આપીએ છીએ, એ તો કોઇ બાજુમાં નહોતા બેઠા, અને આપ મારી સ્ક્રીપ્ટ જોઇ લેજો, મેં તમામ અધિકારીઓ, કારણ કે ડબલ્યુ.એચ.ઓ.માં સ્પષ્ટ છે કે ગાડીમાં સ્વાઇન ફ્લુ થયેલ હોય તો બધાને થાય, છ મીટર સુધી ખુલ્લી હવામાં ઉભા હો તો પણ છ મીટરના અંતર સુધી તમને એની અસર થઇ શકે, અહીં એવું કહેવું કે હું એની બિલકુલ બગલમાં બાજુમાં નહોતો અને આ ફોટો છે અને મારી ગેરહાજરીમાં આ રીતનો આક્ષેપ કરવો અને એ પણ પ્રશ્નોત્તરી દરમિયાન, એ કોઇપણ સંજોગોમાં આપણી સંસદીય પ્રણાલિકાને અનુરૂપ નથી, તેથી આપનો આદેશ જરૂરી છે, માનનીય અધ્યક્ષશ્રીના આદેશ ચીરંજીવી રહે, કારણ કે અધ્યક્ષશ્રીની ખુરશી પરથી ભૂતકાળમાં અપાયેલા આદેશો ચીરંજીવી રહેતા હોય છે ત્યારે આ બાબતમાં આપનું માર્ગદશર્ન અને નિર્ણયની અપેક્ષા છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી માનનીય શકિતસિંહજીએ મારા નામનો ઉલ્લેખ કર્યો છે. સ્ક્રીપ્ટ એમની પાસે છે, તો મારી પાસે પણ છે, બધાને મળી શકે છે, હું પેરેગ્રાફ જ વાંચુ, શબ્દે શબ્દ વાંચુ તેનું અર્થઘટન કરો પછી આપણે ચર્ચા કરીએ, તમે એવું બોલ્યા હતા, ''પરમ દિવસે કચ્છ જિલ્લાની જે સંકલન સમિતિની મિટીંગમાં પંકજભાઇ મહેતા આપની અને મારી વચ્ચે બેઠા હતા'' આપની અને મારી વચ્ચે બેઠા હતા, ઇટ મીન્સ કે એક બાજુ તમે અને એક બાજુ માનનીય નીમાબહેન, અધ્યક્ષશ્રી, અને વચ્ચે પંકજભાઇ આ અર્થ થાય એનો. એમને સ્વાઇન ફ્લૂ પોઝિટીવ આવ્યો આ સંજોગોમાં આ સરકાર કંઇ કરતી નથી, મારે વાત એ રીતે નથી જોવી. આપના બોલ્યા પછી શકિતસિંહજી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને મેં તરત કલેકટરશ્રીને કહ્યું કે તમે આ બધાની સર્વેલન્સ કરાવી છે કે કેમ, એમણે કહ્યું કે મેં શકિતસિંહજીને ફોન કર્યો હતો એમણે કહ્યું કે એમાં કોઇ સર્વેલન્સની જરૂર નથી અને વિધાનસભામાં કોઇ ફોટો બતાવાય નહિ એ હું જાણું છું. જેમને જોવો હોય એ મારી ઓફિસમાં જોઇ જાય. એ ફોટો મારી ઓફિસમાં રાખું છું. માનનીય પંકજભાઇ પછી જિલ્લા પંચાયતના પ્રમુખ ત્રિકમભાઇ ચાંગા બેઠા છે, પછી માનનીય ધારાસભ્યશ્રી રમેશભાઇ મહેશ્વરી બેઠા છે, પછી માનનીય નીમાબેન બેઠા છે અને પછી આપ બેઠા છો અને આપ કહો છો કે અમે વચ્ચે બેઠા છીએ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલઃ માનનીય અધ્યક્ષશ્રી, એકજ મિનિટ, મારા ઉપર આક્ષેપ છે એટલે બોલું છું.

• માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

સભાપતિશ્રી : માનનીય શકિતસિંહજી, હું પોઇન્ટ ઓફ ઓર્ડરને બરાબર સમજી છું. માનનીય નીતિનભાઇ પટેલે વાત કરી એ પણ સાંભળી છે. એટલે બંનેની વાત સાભળી છે, હું પ્રોસિડિંગ જોઇ જઇશ ત્યારપછી મારો નિર્ણય જાહેર કરીશ. તમને પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર ન્યાય મળશે. નેકસ્ટ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. છેલ્લા બે દિવસથી અમે જોઇએ છીએ કે માનનીય મંત્રીશ્રીઓ એક એક પ્રશ્નમાં ૧૨-૧૨ અને ૧૫-૧૫ મિનિટ સુધી જવાબ આપે છે માનનીય મંત્રીશ્રી બાબુભાઇ બોખીરીયાએ પણ ૧૨ થી ૧૫ મિનિટ સુધી જવાબ આપ્યો હતો એટલે બીજા પ્રશ્નોને તક મળતી નથી.

સભાપતિશ્રી : માનનીય બલવંતસિંહ, આ કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર બનતો નથી. નેકસ્ટ.

ઉપાધ્યક્ષશ્રીની ચૂંટણી

શ્રી નીતિનભાઇ ર. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરૂં છું કે-

'' આ સભાગૃહના સભ્યશ્રી આત્મારામ પરમારને આ સભાગૃહના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે.''

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એને હું ટેકો આપું છું.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરૂં છું કે-

'' આ સભાગૃહના સભ્ય શ્રીમતી ચંદ્રિકાબેન બારીયાને આ સભાગૃહના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે.''

શ્રીમતી કામીનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય ડો. તેજશ્રીબેન જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને હું મારો ટેકો આપું છું.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો**.

**રજૂ થયેલ પ્રથમ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સભાપતિશ્રી** : હું આ સભાગૃહના સભ્યશ્રી આત્મારામ પરમારને સભાગૃહના ઉપાધ્યક્ષ તરીકે જાહેર કરૂં છું. હવે હું માનનીય મુખ્યમંત્રીશ્રી, પ્રસ્તાવ રજૂ કરનાર માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલને વિનંતી કરૂં છું કે તેઓ માનનીય ઉપાધ્યક્ષશ્રી આત્મારામભાઇ પરમારને ગૃહની બેઠકનું અધ્યક્ષસ્થાન સંભાળવા માટે અધ્યક્ષસ્થાન તરફ દોરી જાય.

(આ તબક્કે માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા તેમજ આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ ઉપાધ્યક્ષશ્રી આત્મારામભાઇ પરમારને સભાગૃહની બેઠકનું અધ્યક્ષસ્થાન સંભાળવા માટે અધ્યક્ષસ્થાન તરફ દોરી ગયા. )

(આ તબક્કે ઉપાધ્યક્ષશ્રી આત્મારામભાઇ પરમારે અધ્યક્ષસ્થાન ગ્રહણ કર્યું.)

**ઉપાધ્યક્ષશ્રી આત્મારામભાઇ પરમાર અધ્યક્ષસ્થાને**

**ઉપાધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર.

**સરકારી વિધેયક**

**સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંક-૪**

**ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થ ગાંધીનગર વિધેયક, ૨૦૧૫**

## ગુજરાત રાજયમાં જાહેર આરોગ્ય અને જાહેર આરોગ્ય સંબંધી સંશોધન માટેના ક્ષેત્રમાં શિક્ષણ આપવા માટે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થ, ગાંધીનગર તરીકે ઓળખાતી બિન સંલગ્ન યુનિવર્સિટી સ્થાપવા માટે અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટે જોગવાઇ કરવા બાબત વિધેયક

શ્રી નીતિનભાઇ ર. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, • રાજય પત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૪, સન ૨૦૧૫ના ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થ ગાંધીનગર વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૪, સન ૨૦૧૫ના ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થ ગાંધીનગર વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારી રાજય સરકાર ગુજરાતમાં સર્વાંગી વિકાસ થાય, શિક્ષણ, આરોગ્ય, પાણી, રસ્તા, વીજળી આ બધા પ્રકારનું ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપ થાય અને સાથે સાથે ગુજરાતની સુખાકારીમાં વધારો થાય, ગુજરાતના યુવાનોને ઉચ્ચ પ્રકારની શૈક્ષણિક તાલીમ પ્રાપ્ત કરવા માટેની જુદી જુદી કોલેજો, ઇન્સ્ટિટ્યૂટ, યુનિવર્સિટી વગેરે ઉપલબ્ધ થાય તે માટે અમારી સરકાર સતત પ્રયત્નશીલ છે અને કાર્યવાહી પણ અમે દર વર્ષે નવી નવી ઇન્સ્ટિટ્યૂટ રાજયમાં ઉભી કરીને ગુજરાતની યુવાશક્તિ, તેજસ્વી વિદ્યાર્થી ભાઇ–બહેનોને અને દેશના તેજસ્વી વિદ્યાર્થી ભાઇ–બહેનો માટે અમે અહીં ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાણીએ છીકે કે ગુજરાતે લો યુનિવર્સિટીની સ્થાપના કરી. ગુજરાતે પંડિત દિનદયાળ યુનિવર્સિટીની સ્થાપના કરી. ગુજરાતે સ્પોર્ટ્સ યુનિવર્સિટીની સ્થાપના કરી. ગુજરાતમાં અનેક પ્રકારની નવી નવી યુનિવર્સિટીઓ અત્યારના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી અને અત્યારના ગુજરાતના મુખ્યમંત્રી માનનીય શ્રીમતી આનંદીબેન પટેલ અને અમે ગુજરાતમાં આ અંગે સતત કાળજી લઇ અને રાજ્ય સરકારની જે ફરજ છે એ ફરજના ભાગરૂપે ગુજરાતને વિશ્વના નકશામાં શૈક્ષણિક કારકિર્દી બનાવવા માટે, ઉચ્ચ પ્રકારની સંસ્થાઓ ઉભી કરવા માટે અને એના દ્વારા ગુજરાતને ખૂબ ગૌરવવંતા સ્થાને લઇ જવા માગીએ છીએ. આપણે જાણીએ છીએ કે, ગુજરાતની આઇ.આઇ.એમ. હોય, ગુજરાતની અન્ય સંસ્થાઓ હોય એનું ગૌરવ આખા દેશમાં અને દુનિયામાં આપણા રાજ્યે મેળવ્યું છે. અત્યારના સમયમાં પબ્લિક હેલ્થ જરૂરી છે, પબ્લિક હેલ્થ માટેની જે જાણકારીની જરૂરિયાત છે, એના માટેના નિષ્ણાતોની જરૂરિયાત છે. અત્યારે સ્વાઇન ફ્લૂના પ્રશ્નોની બાબતમાં અનેક રીતે આપણે કાર્યવાહી કરી રહ્યા છીએ. કોઇ જગ્યાએ ડબલ્યુ.એચ.ઓ.નો ઉલ્લેખ છે, કોઇ જગ્યાએ ભારત સરકારનો ઉલ્લેખ છે, કોઇ જગ્યાએ આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત સંસ્થાનો આપણે ઉલ્લેખ કરીએ છીએ. ત્યારે સ્વાભાવિક છે કે, આપણા રાજ્યની અંદર આપણે એવી વ્યવસ્થા ઉભી કરવી જોઇએ કે, આપણે પોતે સક્ષમ છીએ, આપણી પાસે અનેક પ્રકારની વિપુલ તકો છે અને સરકાર પોતે એને પોઝીટીવ લઇ, પોતે પ્રોત્સાહન આપી, પીઠબળ આપી વ્યવસ્થા કરે તો હું માનું છું કે, આવી યુનિવર્સિટીઓ, આવી ઇન્સ્ટિટ્યુટો આપણે મોટા પ્રમાણમાં ઉપલબ્ધ કરાવી શકીએ. સાથોસાથ ખાનગી યુનિવર્સિટીઓ આપણે ગુજરાતમાં ઉભી કરીએ છીએ. આજે જુદી જુદી શૈક્ષણિક ડિમ્ડ યુનિવર્સિટી હોય એ ગુજરાતને ગૌરવ અપાવી રહી છે સાથોસાથ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે તકો મળે. ભૂતકાળમાં ગુજરાતના વિદ્યાર્થીઓને અન્ય રાજ્યોમાં જવું પડતું હતું, મોટી ફી ચૂકવવી પડતી હતી, પરિવારથી જુદા થવું પડતું હતું, અન્ય વાતાવરણમાં રહેવું પડતું હતું. પરિવારને એમની ચિંતા રહેતી હતી. માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે સંસ્થાઓ ઉભી કરી છે.

ગુજરાતના વિદ્યાર્થીઓની સાથોસાથ અન્ય રાજ્યોના હજારો વિદ્યાર્થીઓ આપણે ત્યાં ગુજરાતમાં અભ્યાસ કરે છે. આનાથી શૈક્ષણિક ક્ષેત્રે આપણે આગળ વધ્યા છીએ સાથોસાથ રોજગારીની વિપુલ તકો

• વિધેયક તા. ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ઉભી થઇ છે અને ઉચ્ચ કક્ષાની રોજગારી આપણે ત્યાં પ્રાપ્ત થાય છે. આજે કોઇ ઈન્સ્ટિટયુટ બને, એમાં પ્રોફેસર હોય, એનો કલેરીકલ સ્ટાફ હોય, એનો શૈક્ષણિક સ્ટાફ હોય, ટીચીંગ સ્ટાફ હોય, અન્ય કર્મચારીઓ અને અધિકારીઓ હોય. એ રીતે આપણે સેંકડોની સંખ્યામાં રોજગારી પ્રાપ્ત કરાવી શક્યા છીએ. ભારત સરકારે જે ઈન્સ્ટિટયુટ શરુ કરેલ તેની એક બ્રાન્ચ ગુજરાતમાં ઘણા વર્ષોથી ગાંધીનગરમાં આપેલી. માનનીય નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રી હતા ત્યારે આ સંસ્થાને ગાંધીનગર જિલ્લામાં એક સુંદર જગ્યા આપેલી. ભારત સરકાર, બિલ ગેટ્સ ફાઉન્ડેશન અને આ સંસ્થા ત્રણેયના નાણાકીય સહયોગથી મળીને સાત વર્ષથી આ ઈન્સ્ટિટયુટ ગુજરાતમાં કાર્યરત કરી છે. ગુજરાતના પૂર્વ મુખ્ય સચિવ સુધીરભાઇ માંકડ અને ડો. દિલિપભાઇ માવલંકર જેવા નિષ્ણાત લોકો આ ઈન્સ્ટિટયુટમાં કામ કરી રહ્યા છે. આરોગ્ય વિભાગ, શહેરી વિકાસ વિભાગ, પંચાયત વિભાગ કે શિક્ષણ વિભાગ હોય આ બધાનો આ બધી યુનિવર્સિટી માટે હકારાત્મક અભિગમ છે. આ યુનિવર્સિટીએ, આ ઈન્સ્ટિટયુટે સરકારમાં રજૂઆત કરી કે, અમને સેલ્ફ ફાઈનાન્સ યુનિવર્સિટી બનાવવા માટે મંજૂરી આપો  અને આપણા ગુજરાત સરકારના નિયમો પ્રમાણે એને યુનિવર્સિટીનો દરજજો આપવા માટેનું આ વિધેયક આજે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ હું લઇને આવ્યો છું.

આપણે બધા જાણીએ છીએ એ પ્રમાણે રોગોનું પ્રમાણ વધતું જાય છે.  રોગોની વિવિધતા વધતી જાય છે.  દર વર્ષે દુનિયામાં જુદા–જુદા પ્રકારના રોગો ઉદભવતા આપણે જોઇએ છીએ.  તાજેતરના ભૂતકાળમાં જે ઇબોલાનો રોગ આવ્યો આફ્રિકાની અંદર એ ઇબોલાના કારણે જે પરિસ્થિતિ ઉભી થઇ આખી દુનિયા એનાથી ખળભળી ગયેલી, ખૂબ જ ગંભીર પ્રકારનો ખૂબ જ ઝડપથી ચેપ લાગે અને કોઇ એની સારવાર કરવા જાય એ પણ ભોગ બની જાય એવા ગંભીર પ્રકારના આ રોગની આપણે નજીકના ભૂતકાળમાં એની અસર જોઇ છે.  દુનિયાની વસતિ વધતી જાય છે,  દુનિયાની રહેવાની, ખાવા પીવાની પદ્ધતિઓ બદલાતી જાય છે, રહેણી કરણી બદલાતી જાય છે,  ગ્લોબલ વોર્મિંગના કારણે ખાવાપીવામાં, હવામાનમાં ફેરફાર આવી રહ્યા છે ખૂબ ઠંડી પડે, ખૂબ ગરમી પડે, ભારે વરસાદ પડે, જરૂરિયાત કરતા વધુ વાતાવરણમાં પલટો આવે, પ્રદુષણના પ્રશ્નો છે. આજે આપણે જાણીએ છીએ કે ગ્લોબલ વોર્મિંગથી અત્યારે આખી દુનિયા સાવચ્ચેત થવા માગે છે.  જયારે આ બધું જ થઇ રહ્યું હોય ત્યારે ગુજરાતની છ કરોડની જનતા, દેશની ૧૨૫ કરોડની જનતા એની અંદર આ પ્રમાણેની મેનેજમેન્ટ વ્યવસ્થા ઉભી થાય, નિષ્ણાતો આપણને પ્રાપ્ત થાય, અત્યારે કોઇપણ વસ્તુ આવે તો આપણે નિષ્ણાતને શોધવા પડે છે, ગુગલ ઉપર, વેબસાઇટ ઉપર, અન્ય વેબસાઇટ ઉપર, ભારત સરકાર, દુનિયાની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ આ બધા પાસે આપણે માર્ગદર્શન માગીએ છીએ અને માર્ગદર્શનમાં પછી જે આવે એમાં અમલવારી કરવી હોય તો આ પ્રકારનું જે મેનેજમેંટ કરી શકે, સુપરવિઝન કરી શકે એ પ્રકારના ઉચ્ચ ગુણવત્તાવાળી જેમને તાલીમ મળેલી હોય એવો સ્ટાફ, એવા ટીચર્સ, એવા અધિકારીઓ એ આપણને મળતા નથી  અને એના કારણે આપણી પાસે નાણાકીય ભંડોળ હોવા છતાં, સાધનો હોવા છતાં આપણે એને પહોંચી વળતા નથી.

આપણું ગુજરાત રાજય ઔદ્યોગિક રીતે ખૂબ આગળ પડતું રાજય છે.  એમાં કેમિકલ ઇન્ડસ્ટ્રી  પણ મોટા પ્રમાણમાં છે.  ફાર્માસ્યુટિક ઇન્ડસ્ટ્રી પણ મોટા પ્રમાણમાં છે.  જેમાં ગેસ વપરાતો હોય, અન્ય કીમતી ભયજનક રસાયણો વપરાતા હોય એ બધાનો ઉપયોગ આપણે કરીએ છીએ.  આપણે ત્યાં ઓ.એન.જી.સી. છે,  આપણે ત્યાં મોટી મોટી પેટ્રોલિયમ રીફાઇનરી છે.  જેના સલામતીના પ્રશ્નો પણ આપણા ત્યાં ઘણા અગત્યના છે,  એટલે ભારત સરકારે અને રાજય સરકારે ડીઝાસ્ટર મેનેજમેંટ ઓથોરીટી પણ ઉભી કરી છે. આ ડીઝાસ્ટર મેનેજમેંટમાં પણ એવા બધા નિષ્ણાતોની જરૂર પડે કે  દા.ત. અજાણ્યા પ્રકારનો કોઇ ગેસ ઉભો થાય, કયાંક આગ લાગે, એમાંથી બીજા ગેસો ઉભા થાય, ઓકસીજનની ખામી થાય, અન્ય ધડાકાઓ થાય, તો એને ફકત ફાયર બ્રીગેડના બંબાઓથી આગ ઓલવી શકીએ પણ એની જે બીજી અસરો હોય એ સ્વાભાવિક છે કે આપણી પાસે પૂરતી જાણકારી ના હોય, નિષ્ણાતોનું માર્ગદર્શન ના હોય તો આપણે એનો ઝડપથી કંટ્રોલ પ્રજાની સલામતીના હિતમાં કરી શકતા નથી એટલે આ બધું જ જયાં શીખવું, શીખવાડવું અને એની તાલીમ આપવી એ અતિ જરૂરી છે એટલા માટે આ વખતે આ ઇન્સ્ટીટયૂટના મેં કીધા એ પ્રમાણેના

સીનીયર હોદ્દેદારોએ માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેનને વિનંતી કરી કે અમે અમારી પોતાની સેલ્ફ ફાયનાન્સ શકિતથી, પોતાની નાણાકીય શકિતથી અમે આ ઇન્સ્ટીટયૂટ ચલાવી શકીએ. દેશ અને દુનિયામાંથી વિદ્યાર્થીઓને બોલાવીએ, નિષ્ણાતોને, ચાલુ નોકરીના અધિકારીઓને બોલાવી તાલીમ આપીએ અને એમને આવા આવા પ્રકારની પરિસ્થિતિ જાહેર આરોગ્યને જાળવવાની જરૂરિયાત હોય એમને આપણે તાલીમ કરીને, માર્ગદર્શન આપીને ઉચ્ચકક્ષાની એક કેડર ઉભી કરી શકીએ એ માટે અમારી યુનિવર્સિટી બનાવી જરૂરી છે એટલે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ અંગે આયોજન કર્યુ, સૂચના આપી અને અમારા સૌ માનનીય મંત્રીશ્રીઓએ કેબિનેટમાં દરખાસ્ત મંજૂર કરી અને આ ઇન્સ્ટીટયૂટને જેનું નામ આપણે ઇન્ડિયન ઇન્સ્ટીટયૂટ ઓફ પબ્લિક હેલ્થ ગાંધીનગર એ પ્રમાણેનું આપીએ છીએ. રાજ્ય સરકારે અત્યારે કોઇ મોટી રકમ આપવાની નથી. ઇન્ફ્રાસ્ટ્રકચર અને અન્ય વ્યવસ્થાઓ, ભવિષ્યની નાણાકીય જવાબદારીઓ આ સંસ્થા પોતે ઉપાડી લેવાની છે અને બિલ ગેટ્સ ફાઉન્ડેશન કે જે દુનિયાની સૌથી સુખી વ્યકિત બિલ ગેટ્સ અને એમના પત્નીએ સ્થાપેલ ફાઉન્ડેશન છે એ ફાઉન્ડેશને પણ આ સંસ્થાને મદદ આપવાનું શરૂ કરી દીધું છે. ભવિષ્યમાં પણ જરૂરિયાત પ્રમાણે, ઉપયોગિતા પ્રમાણે એ લોકો મદદ કરશે. એટલે આપણી રાજ્ય સરકારના વિવિધ વિભાગોના જે અધિકારીઓ અને કર્મચારીઓ સર્વિસ ઉપર હોય, જેમ કે નગરપાલિકા છે તો એના સેનિટેશનની વ્યવસ્થા, ફાયર બ્રિગેડ હોય તો એની વ્યવસ્થા અને તબીબી ક્ષેત્રમાં ડોકટરો છે, એમ.બી.બી.એસ. કે બીજા ડોકટરો હોય, નર્સીંગ સ્ટાફ હોય, સેનેટરી ઇન્સ્પેકટર હોય, આવા સ્વચ્છતા સાથે, જાહેર આરોગ્ય સાથે સંકળાયેલા હોય એવા તમામ લોકોને આજે અને ભવિષ્યમાં તાલીમ આપવાનું અને શિક્ષણ આપવાનું કામ કરશે. આ સંસ્થા પોતે પોતાની યુનિવર્સિટીમાં પણ ઇન્સ્ટીટયુટ અને કોલેજ ચલાવે છે અને આપણી ઓપન યુનિવર્સિટીમાં જે ઇન્ટરનેટના માધ્યમથી ઓન લાઇન એજ્યુકેશન છે એ પણ આપશે અને હજી આને આજે સાત વર્ષ થયા છે છતાં આ સંસ્થામાં ૨૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓ ડીસ્ટન્સ લર્નીંગ મારફતે આ ઇન્સ્ટીટયુટનો લાભ મેળવી રહ્યા છે.

મને જણાવતા આનંદ થાય છે કે આખા ભારતમાં આજે આ પ્રકારની ઇન્સ્ટીટયુટ, પબ્લિક એમેનિટીઝ તરીકે ચાલતી કોઇ યુનિવર્સિટી નથી. આપણા ગુજરાતની આ ઇન્સ્ટીટયુટ જેને આપણે હવે યુનિવર્સિટીનો દરજ્જો વિધાનસભામાં મંજૂર કરીને આપશું એ ભારતની પ્રથમ નંબરની આ ક્ષેત્રની યુનિવર્સિટી થશે. આ અંગેનો જે પ્રાયમરી રિપોર્ટ છે એ માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂક્યો છે. આ સંસ્થામાં રાજ્ય સરકારના પ્રતિનિધિ તરીકે વિવિધ વિભાગના સિનિયર અધિકારીઓ એના નિયામક મંડળમાં રહેવાના છે એટલે રાજય સરકારનો પણ કન્ટ્રોલ અને સુપરવિઝન આ યુનિવર્સિટી સાથે જોડાયેલ રહેવાનું છે. આવા સંજોગોમાં હું ઇચ્છુ છુ અને મને વિશ્વાસ છે કે આવનારા સમયમાં, આવનારી પેઢી માટે અતિ ઉપયોગી અનેક પ્રશ્નો આપણે જાણીએ છીએ એ અને ભવિષ્યમાં નવા પ્રશ્નો આવશે, કોઇ નવા રોગની વાત થતી હોય, કોઇ સ્વચ્છતાની વાત થતી હોય, કોઇ ગેસ ગળતરની વાત થતી હોય, કોઇ ઇન્ડસ્ટ્રીયલ એક્સિડન્ટની વાત થતી હોય, ગ્લોબલ વોર્મિંગ સહિતના પડકારોને પહોંચી વળવા માટે આપણે ત્યાં નિષ્ણાતોની દેશમાં મોટા પ્રમાણમાં જરૂરિયાત છે અને નિષ્ણાત કોણ પૂરા પાડે? તો આ યુનિવર્સિટી ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ પબ્લિક હેલ્થ જાહેર આરોગ્યની તમામ બાબતો આજે અને ભવિષ્યમાં નવી તરાહથી ચાલુ કરીને આપણી પાસે શક્ય એવા કામો આપણે ચાલુ કરી રહ્યા છીએ ત્યારે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ આ જમીનનું, આ ઇન્સ્ટીટયુટનું ખાતમુહૂર્ત કર્યું હતું ત્યારે એ વખતે પ્રવચનમાં પણ માનનીય નરેન્દ્રભાઇએ આશા વ્યક્ત કરી હતી કે આ ઇન્સ્ટીટયુટ એ યુનિવર્સિટી બને અને ભારતનું નામ સમગ્ર વિશ્વમાં આ ક્ષેત્રમાં એટલે કે આપણું જે પબ્લિક હેલ્થ ક્ષેત્ર છે એમાં ભારતીઓને મોટા પ્રમાણમાં તક મળે અને ભારતીયો એમાં ગૌરવપ્રદ કામગીરી કરે અને કરોડો ભારતીયો અને ગુજરાતીઓને આની સામાજિક, સામૂહિક સુખાકારીની વધુ સારી સેવાઓ પ્રાપ્ત કરાવે એ માટે આપણે આ યુનિવર્સિટી બનાવવા જઇ રહ્યા છીએ. મારી વિપક્ષના દંડકશ્રીને અને અન્ય સભ્યશ્રીઓને પણ વિનંતી છે કે આપ ગુજરાતના વિકાસ માટે, ગુજરાતના ગૌરવ માટે, ગુજરાતની પ્રતિષ્ઠા માટે છે તો આપ પણ આ વિધેયકને સર્વાનુમતે મંજૂર કરો અને દેશની પ્રથમ નંબરની

બનેલી, દેશના બીજા કોઇ રાજ્યમાં આ પ્રકારની પબ્લિક હેલ્થ યુનિવર્સિટી નથી તો આપણી આ પબ્લિક હેલ્થ યુનિવર્સિટીને બનાવવા માટે સર્વાનુમતે આપ સૌ મંજૂરી આપો એવી આપસૌને વિનંતી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ બહુ વિસ્તારપૂર્વક સમગ્ર ગુજરાતમાં આ યુનિવર્સિટી સ્થપાય અને સાડા છ કરોડ ગુજરાતી લોકોને અને સમગ્ર ભારતના લોકોને ઘણાં બધા ફાયદાઓ બતાવ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે વિસ્તૃતમાં જે વાત કરવા જેવી હતી. કદાચ મને એમ લાગ્યું હોત કે, આ ગુજરાતમાં ગુજરાતની ચિંતા કરવાવાળો વર્ગ જેને સમગ્ર ગુજરાતે માત્ર ગુજરાતમાં નહિ પણ સમગ્ર ભારત સુધી કામ કરવાની તક આપી હોય અને આ બિલની અંદર એમ લાગ્યું હોત કે માનનીય મંત્રીશ્રીએ ગુજરાતની કાંઇક પર્સનલ ચિંતા બિલમાં કરી હોત તો મને ચોક્કસપણે આનંદ થાત. આપણે લો યુનિવર્સિટીની વાત થઇ. ઘણી બધી યુનિવર્સિટીઓ ગુજરાતની અંદર થઇ છે. માત્ર મારે તો એટલા માટે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, જ્યારે આ બિલ લઇને આવ્યાં છે ત્યારે મારે એ વાત માનનીય મંત્રીશ્રીને યાદ દેવડાવવી છે કે આપણા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને આપણા હાલના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ, એમના જેટલા પ્રવચનો ગુજરાતની અંદર થયા એની અંદર એ એક સ્પષ્ટ વાત કરતા હતા કે હું આ દેશનો P.M. બનીશ તો દરેક રાજ્યની અંદર આવી યુનિવર્સિટી સ્થાપીશ એ વાતને આજે હું કહેતા માનનીય મંત્રીશ્રીને યાદ કરાવવું છે કે જ્યારે આપણા P.M. સાહેબ બેઠા હોય ત્યારે આપણે ગુજરાતની અંદર ૫૦ એકર જમીનના ૨૫ કરોડ રૂપિયામાંથી અત્યાર સુધીમાં ૧૨ કરોડ રૂપિયા આપણે આપી ચૂક્યાં છીએ. મને એ ચિંતા છે કે જ્યારે વડાપ્રધાનશ્રી જ્યારે આ કરવાના હોય ત્યારે આટલો બધો ખર્ચો સાડા છ કરોડની જનતા ઉપર કેમ માનનીય મંત્રીશ્રી પાડવા માગે છે અને આ યુનિવર્સિટી બનાવવા માગે છે? કદાચ એમના પ્રવચનમાં માનનીય મંત્રીશ્રી કહેશે. મને એ વાતની ચિંતા છે કે ગુજરાતમાં કાંઇક બને તો સૌથી પહેલા અમારા ગુજરાતીમાં કહેવત છે કે ''ઘરનો છોકરો ઘંટી ચાટે અને પારકાને આંટો'' એ આ સરકાર આજની સ્થિતિમાં કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ યુનિવર્સિટીની અંદર કદાચ એમ કહેવામાં આવ્યું હોત કે આપણા ગુજરાતના વિદ્યાર્થીઓની એમાં પ્રથમ પસંદગી કરવામાં આવી હોત. માનનીય મંત્રીશ્રી હું આપનું ખાસ એટલા માટે ધ્યાન દોરું છું કે મેં યુનિવર્સિટીઓમાં જોયું છે પ્રાયોરિટીના ધોરણે આવશે તો ગુજરાતના વિદ્યાર્થીઓને આમાં કેટલા ટકા ફાયદો થશે? એ તો આવનાર સમય આમાં બતાવી શકશે એવી સ્થિતિ છે. આજે આવી યુનિવર્સિટીઓ કદાચ હૈદ્રાબાદ, દિલ્હી, ભુવનેશ્વર અનેક સંસ્થાઓમાં ચાલતી હોય છે અને આપણી ગાંધીનગરમાં જે યુનિવર્સિટી છે. આજે જે યુનિવર્સિટી જેવી છે એ ૬ વર્ષથી ચાલે છે. જેમાં દિલ્હીથી માંડીને અનેક લોકો આપણને સપોર્ટ કરી રહ્યાં છે એવી સ્થિતિ આજે થઇ રહી છે. હમણાં એમ કીધું કે, પૂર, વાવાઝોડું, બીજી બધી સંસ્થાઓની અંદર આજે પણ આપણે ગાંધીનગર યુનિવર્સિટીમાં સક્ષમ છીએ માટે મારે કહેવું છે કે કંઇકને કંઇક રીતે આપણે કાંઇક એવું કરીએ તો જેના કારણે ગુજરાતના લોકોને ફાયદો થાય. ખાસ કરીને મારે એ કહેવું છે કે બિલની કલમ ૧૯(૨)માં એક જોગવાઇ કરવામાં આવી છે એની અંદર એમ કહેવામાં આવ્યું છે કે એનું ઓડિટ, એનો હિસાબ એ C.A. કરશે. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આવડી મોટી યુનિવર્સિટી હોય, સરકારના પૈસા હોય તો સરકારના માટે એમાં કેમ કેગ જેવી કોઇપણ સરકારી સંસ્થા પાસે ઓડિટ કરાવતી નથી? ખરેખર આપણે ઓડિટ કરાવવું જોઇએ એવું મારું માનનીય મંત્રીશ્રીને ખાસ કરીને સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને ખાસ કરીને એ કહેવું છે કે, બિલની કલમ ૩૨માં જે બતાવવામાં આવ્યું છે કે આપણી જોગવાઇ જે કાયદો, જોગવાઇ શબ્દ વાપર્યો છે. એ ખરેખર ૨૦૦૭માં આપણે કહીએ છીએ. ૨૦૦૮માં આ કાયદો બની ગયો છે. મને પ્રથમ દષ્ટિએ એવું લાગે છે કે, આમાં કાંઇક નાનકડી મિસ્ટેક થઇ હોય એવું લાગી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ યુનિવર્સિટી માટે ગુજરાતમાં કોઇપણ વિકાસ થાય, કોંગ્રેસ પક્ષ હંમેશા જ્યારે જ્યારે નર્મદાનો પ્રશ્ન હોય કે બીજો કોઇ પણ પ્રશ્ન હોય સામૂહિક જેમાં ફાયદો થતો હોય એમાં ચોક્કસપણે અમે એમની સાથે રહીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, સાહેબ, કાંઇક એવી ચિંતા થાય કે, જેમ લો-યુનિવર્સિટીની અંદર ગુજરાતના પચીસ વિદ્યાર્થીઓને લેવા માટેની એક વાત કરી છે. એવું કાંઇક આમાં થાય જેના કારણે સાડા છ કરોડ જનતા, જે ગુજરાતના લોકો છે એને પણ આનો એક ફાયદો થાય એવું પણ માનનીય મંત્રીશ્રી આમાં લાવે એવી મારી વિનંતી છે અને વિસ્તૃત રીતે જે માહિતી આપવામાં આવી, કદાચ આટલા પૈસા ખર્ચાય એમાં કોણ? એક ખાલી સચિવશ્રીનું નામ છે. કઇ પ્રકારની બોડી રહેશે, કયો વહીવટ થશે, શું થશે ? એમાં પારદર્શક વાત કરે તો અમને એમ લાગે કે, આ બધી વાતનો જો ખુલાસો થશે તો અમે પણ આ સારા કામમાં ચોક્કસપણે આપને સાથ સહકાર આપીશું એની પણ અમને ખાતરી છે.

શ્રી જીતેન્દ્ર સુખડીયા(સયાજીગંજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે બિલ લઇને આવ્યા છે એને હું આવકારું છું.

ગુજરાત રાજ્યમાં જાહેર આરોગ્ય સંબંધી સંશોધન માટેના ક્ષેત્રમાં શિક્ષણ આપવા માટે ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ પબ્લિક હેલ્થ ગાંધીનગર તરીકે ઓળખાતી બિન-સંલગ્ન યુનિવર્સિટી સ્થાપવા માટે સદર વિધેયક લાવવામાં આવ્યું છે. મારે સાહેબ એ કહેવું છે કે, દેશના ઝડપી આર્થિક વિકાસ અને સમાજના કલ્યાણ માટે દેશમાં જાહેર આરોગ્યની સેવામાં સત્વરે સુધારો કરવાની તાત્કાલિક જરૂરિયાત છે. તેના માટે તાલીમબદ્ધ, શિક્ષિત અને બહુવિધ વિદ્યાશાખાકીય વ્યક્તિત્વની એટલે કે, માણસોની જરૂરિયાત છે. અને એ સંદર્ભને યાદ રાખીએ તો વિશ્વભરમાં આ પ્રકારની યુનિવર્સિટીઓ છે પણ ભારતમાં ક્યાંય નથી. એટલે ગુજરાતમાં આ પ્રકારની યુનિવર્સિટી લાવવા બદલ માનનીય આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને માનનીય મુખ્યમંત્રી બહેનશ્રી આનંદીબેન પટેલ દ્વારા આ રાજ્યના આરોગ્ય ક્ષેત્રે ગતિશિલતા લાવતું આ યુનિવર્સિટી સ્થાપવાનું જે બિલ છે એ લાવવા બદલ હું એમને અભિનંદન આપું છું અને હું એ શ્રદ્ધા ધરાવું છું કે, આ ગતિશિલતાના કારણે રાજ્યનું સર્વક્ષેત્રીય આરોગ્ય પણ સુધરશે.

સામાન્યત: યુનિવર્સિટીના ઉદેશ્યો અને જાહેર આરોગ્યના ક્ષેત્રમાં ડિપ્લોમા અને પોસ્ટ ડોકટરલ સ્તરના સહિત અનુસ્નાતક સ્તરના શિક્ષણને અદ્યતન બનાવવાનો અને જાહેર આરોગ્યના ક્ષેત્રે સંશોધન અને પરામર્શ હાથ ધરવાનો તેમજ આરોગ્ય વિષે જ્ઞાનનો વિકાસ કરવાનો અને તેનો પ્રસાર કરવાનો અને જાગૃતિ ઉભી કરવાનો રહેશે અને કરીને આ વિષયને આ રીતે સમજવો જોઇએ. ભાઇશ્રી બળવંતસિંહજીએ જે પ્રકારે વાત કરી કે, વિપક્ષમાં બેઠા એટલે વિરોધ જ કરવો અને ગમે તે કારણો રજૂ કરવા એ પણ યોગ્ય નથી. જે ઉદેશ્યથી સરકાર ગુજરાતમાં ગતિશિલતા લાવવા માટે થઇને, સર્વ ક્ષેત્રે ગતિશિલતા પ્રાપ્ત કરવા માટે થઇને જે સરકાર પ્રયત્નો કરી રહી છે તેમાં જે સાચા લક્ષણો છે, સાચા પ્રયત્નો છે, સાચા નિર્ણયો છે એને હંમેશા ગુજરાતની જનતા તરીકે બધાએ સર્વપક્ષીય રીતે એને અનુમોદન આપવું જોઇએ.

બહુ વિદ્યાશાખા શિક્ષણ, સંશોધન અને વિકાસ હાથ ધરવો તે આનો ઉદેશ્ય છે અને બાયોસ્ટેટિક્સ (જૈવિક-આંકડાશાસ્ત્ર), એપીડેમીઓલોજી એટલે રોગચાળાનું શાસ્ત્ર, આરોગ્ય સેવા, વ્યવસ્થાપન, આરોગ્ય નીતિ, જાહેર આરોગ્ય, આરોગ્ય વ્યવસ્થાપન, આરોગ્ય શિક્ષણ, તબીબી સામાજિક કાર્ય, વ્યાવસાયિક આરોગ્ય, વ્યાવસાયિક ઔષધશાસ્ત્ર, ઔદ્યોગિક આરોગ્ય, વર્તણુક સંબંધિ વિજ્ઞાન અને પર્યાવર્ણીય આરોગ્ય, સામૂહિક આરોગ્ય, આરોગ્ય વીમા વગેરે સંબંધી જ્ઞાન વિકસાવી, સમાજની અને વ્યવસાયની સેવા માટે સંશોધન કેન્દ્ર એટલે કે, રિસોર્સ સેન્ટર બનાવવાનું અને તેના સંચાલન માટે, રોજગારી અથવા વધુ શિક્ષણના હેતુઓ માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એક્રિડીટે બોર્ડસ અથવા એજન્સીઓની માન્યતા અથવા મંજૂરી મેળવવા માટે થઇને અભ્યાસક્રમ, પાઠયક્રમ અને સબંધીત તમામ સવલતોનો વિકાસ કરવો એ જ આનો હેતુ છે. આ બિલને હું આવકારું છું અને ટેકો આપું છું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, જયારે આરોગ્ય મંત્રીશ્રી ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ પબ્લીક હેલ્થ ગાંધીનગર વિધેયક ૨૦૧૫ અને ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંક-૪ લઇને

આવ્યા છે ત્યારે હું મારા વિચારો વ્યકત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જો પહેલા જે જગ્યાઓ ખાલી છે, ગુજરાતમાં આશરે ૧૨૦૮ જેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૩૦૦ સામૂહિક આરોગ્ય કેન્દ્ર (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક પર બોલો બહેન. પબ્લીક હેલ્થની વાત કરો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આને શું લેવા દેવા? આને કંઇ લેવાદેવા નહીં.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : આમાં પણ ખાલી જગ્યાઓ ભર્યા પછીની આ વાત કરતા હોય તો વધારે યોગ્ય લાગે કારણ કે ૭૮ ટકા ડોકટરો દવાખાનાઓમાં નથી અને જયારે વર્ગ–રના અધિકારીઓ અને કર્મચારીઓ ૪૫ ટકા જેટલા નથી ત્યારે જે રીતે આરોગ્ય મંત્રી આટલા બધા લોકો મરી રહ્યા હોય ગુજરાતમાં આવી મહામારીના લીધે ત્યારે પણ (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ ડોકટર પણ છો, આપની પાસે ડોકટરીનું નોલેજ પણ છે. આ વિષય આપનો છે. આપ વિષય પર રહેશો તો તમારા નોલેજનો લાભ સભાગૃહના બધા સભ્યશ્રીઓને પણ મળશે. જનરલ ચર્ચા વખતે તમારી પાસે પૂરતો અવકાશ છે એટલે પ્લીઝ ગો ઓન બિલ ઓન્લી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : હું એના પર જ આવું છું કે એમાં પણ આટલી બધી જગ્યાઓ ખાલી ન રહે એના માટેની જ વાત છે કારણ કે જે રીતે ડોકટરો ભણાવવા માટે પણ જોઇશેને, ત્યાં પ્રોફેસરો પણ જોઇશે, ભણાવવા વાળા પણ જોઇશે અને એનું નોલેજ ધરાવનારા માણસો પણ જોઇશે કારણ કે અત્યારે હાલ જે રીતે આરોગ્ય મંત્રી વાત કરી રહ્યા હતા કે વચ્ચે બેઠા હતા કે દૂર બેઠા હતા અને વચ્ચે નહોતા કારણ કે આરોગ્યની બાબતમાં એમને ખ્યાલ નથી એટલે એ પોતે પણ આવું નિવેદન કરતા હતા એટલે આરોગ્ય મંત્રીશ્રીએ તો ખરેખર પરિસ્થિતિનો સ્વીકાર કરી અને ચેલેન્જ ઉપાડી લેવાની બાબત હોય.

ઉપાધ્યક્ષશ્રી : આપ બિલ પર આવો તો બહુ સારું. આપનું સન્માન પણ જળવાય ગૃહમાં. આપ ડોકટર છો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : એમણે પણ બીજાને ચેલેન્જ આપવાની ન હોય આરોગ્ય મંત્રી તરીકે ત્યારે મારે એટલું જ પૂછવું છે કે તમે યુ.જી.સી.ની મંજૂરી મુજબ આમાં એ પ્રમાણે તમે ડીગ્રી આપવાના છોને? કારણ કે ભૂતકાળમાં એક એવો ઇન્સીડન્સ બનેલો છે ટીચર્સ યુનિવર્સિટીમાં કે સો વિદ્યાર્થીઓ ચાર વર્ષ સુધી ભણ્યા અને એન.સી.આર.ટી.ની પરમિશન નહોતી અને એમને ડીગ્રી નહોતી મળી. એટલે હું એમને પૂછવા માગું છું કે તમે પરમિશન લીધેલી છે ને? અને બીજું એ કે સ્ટાફ પૂરતો હશેને એની પણ આમાં કોઇ માહિતી નથી. અને ત્યાં આગળ જે એડમિશન આપવામાં આવશે એની પણ કોઇ ગાઇડલાઇન નથી કે ૧૨ સાયન્સ પછી એના મેરીટ લિસ્ટ પ્રમાણે એડમિશન આપવામાં આવશેને? અને બીજું એ કે ફીનું ધોરણ શું હશે? આ સેલ્ફ ફાઇનાન્સ તરીકે હશે કે સરકારી તરીકે હશે? ગ્રાન્ટેડ તરીકે હશે કારણ કે વી.એસ. હોસ્પિટલ જેવી હોસ્પિટલમાં અમદાવાદમાં રહેનારા વિદ્યાર્થીઓને જયારે આટલી બધી ફી ભરવી પડે છે ત્રણ ત્રણ, ચાર ચાર લાખ રૂપિયા અને એ પ્રમાણે શિક્ષણનું વ્યાપારીકરણ થઇ રહયું છે એ પ્રમાણે આમાં એવું ન થાય અને વિદ્યાર્થીઓને સરખો લાભ મળે એ માટે હું આરોગ્ય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આમાં વિદ્યાર્થીઓને સરખો લાભ મળે એનું પણ ધ્યાન રાખવામાં આવે. બીજું એ ધ્યાન દોરવા માગું છું કે આમાં તમે ડીગ્રી જે આપવાના છો એમાં કેટલી ફેકલ્ટી હશે? દા.ત. અમેરિકામાં એવું હોય છે કે આની અંદર એક એક વિષય નિષ્ણાત હોય છે. જેમ ફલેબોટોમી હોય એટલે નસ પકડવા માટેના ડોકટર જુદા હોય એ રીતે જુદા જુદા વિષય માટે નિષ્ણાતો હોય એ પ્રમાણેની જુદી જુદી કેટલી ફેકલ્ટીઓ બનાવવા માગો છો? અને બીજું એ કહેવાનું કે ઘણીવાર આપણા સમાજમાં અને ખાસ ગુજરાતમાં હું પ્રેકટીસ કરું છું એટલે મને અનુભવ છે એના આધારે કહું છું કે ડીગ્રીવાળા ડોકટર હોય કે ડીપ્લોમા ડોકટર હોય. કે પછી કમ્પાઉન્ડરમાંથી ડોકટર થયા હોય અને ઝાડ ઉપર બાટલો બાંધી ચડાવતા હોય, છતા આપણી સરકાર ધ્યાન આપતી નથી. આપણી સરકાર એ બાબતે તસ્દી લેતી નથી.

ઉપાધ્યક્ષશ્રી : બિલ ઉપર આવો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : બિલ ઉપર બોલું છું, કારણ કે આ જાતે, પોતાનો અનુભવ છે. તમે

ડિમાર્કેશન રાખવાના છો. એ કારણે ઘણીવાર ફેક ડોકટરો હોવાના કારણે દર્દીઓ મરી રહ્યા છે. ગુજરાતમાં એના કારણે થઇ હું ચિંતા કરું છું. ડોકટર છું એટલા માટે. તમે એમાં પણ સાથે સાથે ધ્યાન રાખવાના છો કે નહિ? અને બીજું એ તમે આ કેટલો સ્ટાફ અને તેના કારણે આની વ્યવસ્થા કરવાના છો એ માહિતી પણ અમને આપશો તો આપણે ગુજરાતના વિદ્યાર્થીઓને વધારેમાં વધારે લાભ મળે તો સારી બાબત રહેશે એટલું કહી વિરમું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : ગુજરાત રાજ્યમાં જાહેર આરોગ્ય અને જાહેર આરોગ્ય સંબંધી સંશોધન કરવા આરોગ્યલક્ષી શિક્ષણના હેતુથી આ જે યુનિવર્સિટી બિલ લાવવામાં આવ્યું છે. હું આદરણીય નીતિનભાઇને અભિનંદન આપું છું. ગુજરાત સરકારને અભિનંદન આપવા માગું છું કે દેશમાં પ્રથમ વખત એવો વિચાર આવ્યો ડોક્ટર પાસે જવું પડે. પ્રિવેન્શન ઇઝ બેટર ધેન ક્યોર. એ પહેલા રોગચાળો અટકાવવા માટે રોગો ન થાય તે સંબંધિત શાસ્ત્ર વિકસાવવા આખા ગુજરાતમાં અવેરનેસ ઉભી કરવા માટેની એવી શ્રેણીબદ્ધ કેડર વિદ્યાર્થીઓ ઉભા કરવા અને ક્યાંક ઉદ્યોગોની અંદર, ઉદ્યોગોને કારણે થતા પ્રદૂષણ અને એ પ્રદૂષણના કારણે થતા કારીગરો ઉપર જે પ્રભાવ પડતો હોય અને જે રોગો થતા હોય, ઉદ્યોગોની આજુબાજુમાં રહેતી વસ્તીમાં એ પ્રદૂષણના કારણે જે મહામારીઓ અને બીમારી થતી હોય એ અટકાવવા માટે આ યુનિવર્સિટી દ્વારા જે આખું શાસ્ત્ર ડેવલપ થશે, જે આપણને ખૂબ ઉપયોગી થવાનું છે. ઇન્ડસ્ટ્રિયલ આરોગ્યની જળવણી આજસુધીમાં કોઇ ઇન્ડસ્ટ્રિઝની અંદર આપણે એચ.આર.ની નિમણૂક થતી હોય છે, પણ એના કારીગરો માટેની કોઇ ચિંતા થતી નથી. એના કારીગરોની ચિંતા થાય, આજુબાજુના લોકો એ ઉદ્યોગોના કારણે નાના મોટા પોલ્યુશનના કારણે કયાંક એમને દિશા ચીંધવાની જરૂર પડે, કયાંક કહેવું પડે આ રીતની દરકાર ઉદ્યોગો રાખે. આ રીતની તૈયારીઓ લોકો રાખે એવી જગ્યાઓ ઉદ્યોગોમાં ઉભી થાય તો આવા નિષ્ણાત વિદ્યાર્થીઓને રોજગારીની તક પૂરી પડે. એવી વાત આ યુનિવર્સિટી બિલ દ્વારા આવી છે. અત્યારે નગરપાલિકાઓની અંદર ફુડ ઇન્સ્પેકટર, સેનેટરી ઇન્સ્પેકટરની જગ્યા હોય છે. પરંતુ મને યાદ છે ત્યાં સુધી સેનેટરી ઇન્સ્પેકટર એટલે ગટર લાઇન કરવી, કયાંક બગડી હોય તો રિપેર કરાવી, પાણીની પાઇપલાઇન તૂટી હોય તો સરખી કરવી. ખાડાઓ પડ્યા હોય તો તે પૂરવા. સેનેટરી ઇન્સ્પેકટર, ફુડ ઇન્સ્પેકટર જે જાહેર આરોગ્ય સંબંધે સંકળાયેલ હોય એમની પાસે પૂરતું નોલેજ નથી હોતું. આવા સેનેટરી ઇન્સ્પેકટર, ફુડ ઇન્સ્પેકટરને પ્રશિક્ષણ આપી આવી યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવે તો પહેલેથી રોગની તૈયારી શરૂ થાય. સામાન્ય રીતે આપણા શહેરની અંદર નરેન્દ્રભાઇએ ગંદકી દૂર કરવાનું અભિયાન કર્યુ છે. ગંદકીને કારણે મચ્છરોના ઉપદ્રવ થાવ. એ સામાન્ય રીતે ૨૦ થી ૨૫ સે.ડિગ્રી તાપમાન હોય ત્યાં ઇંડાનું સેવન થાય અને મચ્છરો પેદા થતા હોય. ઠંડીની અંદર મચ્છરો ઓછા જોવા મળે, ગરમીમાં મચ્છરો ઓછા જોવા મળે. પરંતુ એની પ્રોડકશન સીઝન કહેવાય જે સંવનનકાળ કહેવાય. ૨૦ થી ૨૫ ડિગ્રી વધુમાં વધુ મચ્છરો પેદા થતા હોય. સેનેટરી ઇન્સ્પેકટરને ખ્યાલમાં હોય તો જયાં જયાં પાણી ભરાયેલ હોય, જયાં જયાં ગટર લાઇન ઉભરાઇ હોય, ખાડા પડ્યા હોય તો પહેલેથી આ તાપમાન વચ્ચે પ્રોપર ઇલાજ કરવામાં આવે તો એના કારણે મચ્છરોનું ઉત્પાદન ઘટશે અને પરિણામે(અંતરાય) આ વિધેયક છે. તેજશ્રીબેન, આપણે એવું સમજીએ છીએ કે જાહેર આરોગ્ય એટલે દવાખાનું. માનનીય સાહેબશ્રી, જાહેર આરોગ્ય એટલે કેવળ દવાખાના નહીં, મેડિકલમાં આવેલી નર્સો નહીં અને વોર્ડબોય નહીં. જાહેર આરોગ્ય એટલે ઉદ્યોગોના કારણે, ગંદકીના કારણે અને સીઝનોના બદલાવ, પર્યાવરણના કારણે જે સમસ્યાઓ ઉભી થાય છે તે સમસ્યાઓ માટે ઝઝૂમવાનું એક શસ્ત્ર એવા યુવાનોને તૈયાર કરવાનું, એવા યુવાનોને રોજગાર આપવાનો કે જેથી આવતા સમયની અંદર આ લોકો કયાંકને કયાંક વહીવટમાં સંકળાયેલા હોય, હેલ્થ એડમીનીસ્ટ્રેશનની બાબત હોય, નગરપાલિકા હોય તેનું માર્ગદર્શન સતત મળતું રહે. અત્યારે એક સર્વે પ્રમાણે ગુજરાતની અંદર હજારો કરોડો રૂપિયા અને આખા દેશમાં કેવળ નરેન્દ્રભાઇએ જે અભિયાન ચાલુ કર્યુ છે તે સ્વચ્છતા અભિયાન જો સફળ થઇ જાય તો ૨૪ થી ૨૮ હજાર કરોડ રૂપિયા ગરીબોના જે દવામાં વપરાય છે તે પણ બચી શકે તેવી પરિસ્થિતિ છે. તે બચાવવા માટે અને માર્ગદર્શન આપવા માટે આ યુનિવર્સિટીમાં જે વિદ્યાર્થીઓ તૈયાર કરવાના છીએ અને આરોગ્ય સંબંધી, જાહેર આરોગ્ય સંબંધી જયાં જયાં સરકારમાં, વહીવટમાં, હેલ્થ

એડમીનીસ્ટ્રેશનમાં લોકો ગોઠવાયેલા છે તેમને પણ પૂરતા પ્રમાણમાં શિક્ષણ મળે, રોજગારીની તકો ઉપલબ્ધ થાય તેના માટેનું આ બિલ આદરણીય નીતિનભાઇ લાવ્યા છે અને આખા દેશમાં આ પ્રકારનું બિલ પહેલી વખત આવી રહ્યું છે ત્યારે આ સરકારને, આદરણીય મુખ્યમંત્રી બહેનશ્રીને, આદરણીય નીતિનભાઇને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે આવો એક ઇનોવેટીવ વિચાર, દુનિયાની અંદર સો–સો વર્ષથી જૂની સંસ્થાઓ આ ક્ષેત્રમાં કાર્યરત છે. હજુ ભારતમાં કોઇને એવો વિચાર નથી આવ્યો. પહેલી વખત ગુજરાત સરકારને કોઇપણ યુનિવર્સિટી હોય, રક્ષા શક્તિ યુનિવર્સિટી હોય, ચિલ્ડ્રન યુનિવર્સિટી હોય, ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી હોય અને નરેન્દ્રભાઇએ ચાલુ કરેલા સ્વચ્છતા અભિયાનની અંદર એક કડીરૂપ લોકોને જોડવાનું કામ તથા દવા કરાવતા પહેલાં દવા ન કરાવવી પડે તેના માટે રોજગારી આપવાનું કામ કરી રહ્યા છે ત્યારે હું ખૂબ ખૂબ અભિનંદન આપી મારી વાત પૂરી કરું છું.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી જે વિધેયક ઇન્સ્ટીટયૂટ ઓફ પબ્લીક હેલ્થ વિધેયક નં.૪ જે લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. અત્યારનો સમય એવો છે અને સમયની માંગ પણ એવી છે કે આવી ઇન્સ્ટીટયૂટ સ્થપાવી જોઇએ. હું તેમાં સંમત છું. મારી ચિંતા થોડીક જુદી છે. અત્યાર સુધી છેલ્લા દાયકામાં જે યુનિવર્સિટી બની છે તે યુનિવર્સિટીઓ મોટા ભાગે પ્રાઇવેટ અને સેલ્ફ ફાઇનાન્સ તરફની હોય છે. એટલે આમાં શું થાય છે કે જે મધ્યમ વર્ગ અને મીડલ વર્ગ છે તેને ખૂબ મુશ્કેલીઓ પડે છે. હમણાં જ થોડા દિવસ પહેલાં આરોગ્ય મંત્રીએ શિક્ષણ બાબતે આ વાત કરી હતી કે અત્યારે શિક્ષણનું વેપારીકરણ થઇ ગયું છે અને શિક્ષણ થોડું મોંઘુ થઇ ગયું છે તેવું ખુદ આરોગ્ય મંત્રીએ કહ્યું હતું. ત્યારે મારી એ ચિંતા છે અને મારી આરોગ્ય મંત્રીને વિનંતી છે કે આવી યુનિવર્સિટીઓ જરૂર સ્થપાય. આવી સરકારી યુનિવર્સિટીઓ સ્થપાય તો તેનાથી ઘણો ફાયદો થશે.

બીજી બાબત એ છે, આમ તો રજીસ્ટ્રેશન થયેલું આ ઇન્સ્ટીટયૂટ છે તેને આપે લગભગ ૧૨ કરોડ જેટલા પૈસા ફાળવી દીધા છે, જમીન પણ ફળવાઇ ગઇ છે. આમાં એટલું થાય કે જે કંઇ પૈસા આપણે આપીએ છીએ, કારણ કે વિધાનસભાના સભ્યો જયારે આ પૈસા મંજૂર કરે છે ત્યારે તેનું ઓડિટ સી.એ.જી. દ્વારા થવું જોઇએ. આપણે મોટાભાગે બહારની સંસ્થાઓને પૈસા આપીએ છીએ ત્યારે કોઇ ખાનગી સંસ્થાઓ, ખાનગી સી.એ ને ઓડિટ કરવા આપી દઇએ છીએ. એટલે ઘણી વખત મોટા ગોટાળાં ઉભા થાય છે તેવું નજીકના ભૂતકાળમાં આપણે જોયું હશે. અત્યારે જે પરિસ્થિતિ છે ગુજરાતમાં, ઘણા રોગો પણ એવા છે. જાહેર આરોગ્યની બાબતમાં માનનીય ઋષિકેશભાઇએ બહુ સારી વાત કરી કે એવા રોગો ઉભા થયા છે કે જેમાં ડોકટરો પણ માર ખાઇ જાય છે. એમને પણ ખ્યાલ નથી આવતો. કારણ કે કેમિકલનું પ્રમાણ અને ઉદ્યોગો એટલા બધા વધી ગયા છે અને તેના લીધે રોગોનું પ્રમાણ બદલાતું રહે છે. હવે તો દૂધમાં પણ પહેલેથી જ યુરિયાનું પ્રમાણ હોય છે. હવે ચા પીએ છીએ તેમાં એટલું બધુ કેમિકલ્સ હોય છે. હમણાં મેં જોયું તો તેમાં ચાની પડીકીમાં ૫૧ ટકા કેમિકલ્સ હોય છે. આવી બાબતોમાં આપણે ચિંતા કરવી જોઇએ. તેના માટે એકસપર્ટ માણસો આપણા ત્યાંથી તૈયાર થાય તે ખૂબ જરૂરી છે. આખા વિશ્વ લેવલે આપણી નામના થાય તે ખૂબ જરૂરી છે. સાથે મેં જે ચિંતા કરી તે ચિંતા આરોગ્ય મંત્રી વિચારે. મેં જે ચિંતા કરી એ ચિંતા અંગે માનનીય આરોગ્ય મંત્રીશ્રી વિચારે અને ખાસ કરીને ભૂતકાળમાં જે યુનિવર્સિટીઓ થઇ અને બીજી એક માનનીય તેજશ્રીબેને વાત કરી કે યુનિવર્સિટી સ્થપાય તો એની મંજૂરી જે યુ.જી.સી. પાસેથી કે એન.સી.આર.ટી.પાસેથી જે કાંઇ લેવાની હોય તે લઇ લે. કારણ કે ભૂતકાળમાં આવું બનેલું છે એવું ન બને એની કાળજી લેવામાં આવે. કારણ કે લોકોના છોકરાઓના ભવિષ્ય સાથે કોઇ ચેડા થાય નહીં એની કાળજી લેવાય અને આ સાથે આ બિલને સંમતિ આપીને વિરમું છું. આભાર.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા તો આપને અભિનંદન આપુ છું કે, આપની અધ્યક્ષતામાં પ્રથમ વખત એક એવું ઐતિહાસિક બિલ આજે વિધાનસભામાં સર્વાનુમતે પસાર થવા તરફ જઇ રહ્યું છે કે જેનો આવનારી પેઢીને, ભવિષ્યના નાગરિકોને અને અત્યારના નાગરિકોને ખૂબ મોટા પ્રમાણમાં લાભ મળવાનો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ ઉપર કોંગ્રેસ પક્ષના દંડકશ્રી બલવંતસિંહજી, માનનીય ઋષિકેશભાઇ અને ડો.જોષીયારાજીએ ખૂબ સુંદર

સૂચનો કર્યા છે અને માનનીય બલવંતસિંહજીએ જે ટેકનિકલ પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે, સ્વાભાવિક છે કે રાજયમાં કોઇ યુનિવર્સિટી બનતી હોય તો એનું નિયંત્રણ, એના નાણાકીય ખર્ચા, એનું ઓડીટ એ આપણે પોતે ના ચલાવતા હોઇએ અને અન્ય કોઇ સ્વાયત સંસ્થા એને ચલાવતી હોય પણ સારી રીતે પ્રમાણિકતાથી અને પારદર્શકતાથી એનો વહીવટ થાય એ જોવાની આપણી સરકાર તરીકે જવાબદારી છે. માનનીય બલવંતસિંહજીને કહીશ કે આપે બે મુખ્ય બાબતની વાત કરી એમાં એક તો ગુજરાતી વિદ્યાર્થીઓ વધુ હોવા જોઇએ જે બાબતને માનનીય જોષીયારજી અને માનનીય ઋષિકેશભાઇએ પણ સપોટ કર્યો છે ત્યારે મારે જણાવવું છે કે આ સાત વર્ષમાં અત્યાર સુધીમાં ૧૪૦ વિદ્યાર્થીઓએ આ યુનિવર્સિટીમાંથી ડિપ્લોમાની ડીગ્રી મેળવી છે એમાંથી ૯૨ વિદ્યાર્થીઓ આપણા ગુજરાત રાજયના છે.

બીજું, એકાઉન્ટની બાબત માનનીય બલવંતસિંહજીએ ઉભી કરી તો આ એક સ્વાયત સંસ્થા બનવાની છે, આપણે જમીન આપી દીધી છે અને માનનીય જોષીયારાજીએ કહ્યું તેમ ૧૨ કરોડ રૂપિયા પણ ભૂતકાળમાં આપણે આપ્યા છે. પણ મેં અગાઉ જે પ્રમાણે કહ્યું તેમ ભારત સરકાર, બિલગેટ્સનું ફાઉન્ડેશન, ગુજરાત સરકાર અને આ સંસ્થા આ ચારેયના સહયોગથી અત્યાર સુધીમાં જે કામ થયું છે એમાં જમીન આપણે ફ્રી ઓફ કોસ્ટ આપી છે. ભારત સરકારની જ આ યોજના હતી અને માનનીય અધ્યક્ષશ્રી, આ એકલા ગુજરાત રાજયએ જ નથી કર્યું પણ ગુજરાત રાજય હવે એમાં આગળ વધે છે. અગાઉ ભારત સરકારે જ્યારે બી.એચ.એફ.આઇ.એ. મંજૂર કર્યું ત્યારે ભારતના જુદા જુદા પાંચ રાજયોમાં આની શરૂઆત કરેલી જેમાં જે પ્રમાણેના જે શહેરો છે એમાં ગાંધીનગર, દિલ્હી, હૈદરાબાદ, ભુવનેશ્વર અને શિલોંગ આટલા શહેરોમાં આ ફાઉન્ડેશન, ભારત સરકાર અને રાજય સરકારોની મદદથી આ ઇન્સ્ટીટ્યુટ તો ચાલે જ છે હવે ગુજરાત રાજય જ એક માત્ર એવું રાજય બનવાનું છે થોડી જ ક્ષણોમાં આપ કાયદો મંજૂર કરી દો એટલે તરત જ કે પહેલામાં પહેલું રાજય યુનિવર્સિટીનો દરજ્જો આપવાવાળું રાજય બનવાનું છે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, આ ઇન્સ્ટીટ્યુટ અલગ બને , યુનિવર્સિટી બને એ પછી રાજય સરકાર તરફથી ફરજિયાત રીતે આપણે કોઇ નાણાકીય મદદ આપવાની નથી. આ યુનિવર્સિટી પોતાની આવકમાંથી, અન્ય સ્ત્રોતોમાંથી અથવા બિલગેટસ ફાઉન્ડેશનમાંથી મદદ મેળવી અને એ સફીસીયન્ટ બનવાની છે એટલે ભવિષ્યમાં આપણે હવે કોઇ નાણાકીય બોજો ગુજરાત સરકાર ઉપર આવવાનો નથી. બીજું માનનીય બલવંતસિંહજીએ જે કહ્યું કે ગુજરાત સરકારનું આમાં કોઇ દેખરેખ કે નિયંત્રણ નથી. એમણે કલમો પણ ટાંકી પણ હું એમને વિનંતી કરું કે કલમ–૧૨ બિલમાં દર્શાવી છે એ કલમ–૧૨ જોઇ લો બલવંતસિંહજી આપ, તો કલમ–૧૨માં સ્પષ્ટ છે કે આ યુનિવર્સિટીના જે પ્રમુખ બનશે એની નિમણૂંક ગુજરાત સરકારની સલાહ પરામર્શથી જ કરી શકવાની છે. એટલે ગુજરાત સરકાર સાથે પરામર્શ કર્યા પછી ગુજરાત સરકાર આ ક્ષેત્રના આ વિષયના જે નિષ્ણાત હોય એના નામની સંમતિ આપે એ વ્યકતિ જ આના પ્રમુખ બનવાના છે. બીજા નંબરે ગુજરાત સરકારના સચિવ એ એમના ગવર્નીંગ બોડીમાં રહેવાના છે. ગુજરાત સરકારના જાહેર આરોગ્ય વિભાગના આરોગ્ય નિયામક અથવા અધિક નિયામક સરકાર જેમને મૂકે એ પણ એમની ગવર્નીંગ બોડીમાં રહેવાના છે અને કેન્દ્ર સરકાર સાથે પરામર્શ કર્યા પછી કેન્દ્ર સરકાર આપણને જે મંજૂરી આપે એ પ્રમાણે સંયુકત સચિવ અથવા એનાથી ઉપરની કક્ષાના એક સિનિયર અધિકારી એ પણ એના નિયામક મંડળમાં રહેવાના છે એટલે ૧૦૦ ટકા કન્ટ્રોલ, દેખરેખ અને આપણી વહીવટ ઉપરની ભાગીદારી એ આપણા સિનિયર અધિકારીઓ દ્વારા આપણે કરવાના છીએ. સી.એ.જી. દ્વારા ઓડિટ થવું જોઇએ એવી વાત કરી પણ યુ.જી.સી.ના જે નિયમો છે એ યુ.જી.સી. જેને મંજૂરી આપે એ યુ.જી.સી.ની જોગવાઇ પ્રમાણે જેને યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવે ત્યાં આગળ સી.એ.જી.નું ઓડિટ નિયમ પ્રમાણે કરાવવાનું રહેતું નથી. છતાં આપણે આ કાયદામાં એક જોગવાઇ રાખી છે કે રાજય સરકાર જ્યારે ઇચ્છે ત્યારે આપણે સ્પેશ્યલ ઓડિટ પણ કરાવી શકીશું. કલમ–૨૦(૨)માં એવી જોગવાઇ છે કે સંસ્થાનો વાર્ષિક અહેવાલ સરકારમાં રજૂ કરવાનો છે. સરકારના જ અધિકારીઓ બોર્ડના નિયામક મંડળમાં છે એટલે બીજો કોઇ પ્રશ્ન રહેવાનો નથી. સરકાર ફંડ નથી આપવાની છતાં પણ આપણની દેખરેખ એના ઉપર રહેવાની છે.

માનનીય ઋષિકેશભાઇ, જીતુભાઇ સુખડીયા અને જોષીયારાજીએ જે મુખ્ય વાત કરી કે દર્દ થાય, રોગ થાય એને અટકાવવા માટે આપણે દોડીએ. એના કરતા રોગ ના થાય, રોગ નિયંત્રીત થાય, પબ્લિક અવેરનેસ આવે અને લોકોની જનજાગૃતિ વધે કે સિગારેટ પીવાથી કેન્સર થાય છે એ વધુમાં વધુ આપણે લોકોને સમજાવી શકીએ. લોકો સિગારેટ, બીડી કે અન્ય પ્રકારનું કોઇ ધૂમ્રપાન ના કરે, તમાકુ વિગેરે ના ખાય અને કેન્સર જ ન થાય તો કેન્સર થયેલા દર્દી માટે જે લાખ્ખો રૂપિયાનો ખર્ચ એના પરિવારે કરવો પડે છે. દવા, ઓપરેશન વિગેરેના ખર્ચ સ્વરૂપે કરવો પડે છે, એ ના કરવો પડે અને પરિવારની આવક પણ ટકી રહે અને સરકારને પણ ખર્ચો ના કરવો પડે. આ તો એક દાખલો આપ્યો આવી રીતે અનેક રીતે પ્રીકોશન કરવું. જાહેર આરોગ્યની મોટામાં મોટી વાત એ છે કે, આમાં સાવચ્ચેતી મોટા પ્રમાણમાં આવશે. પહેલી સાવચ્ચેતી અને પછી કંઇક બની જાય એના ઉપર નિયંત્રણ કરવું એ પ્રકારની આપણે આ યુનિવર્સિટીમાં શિક્ષણ વિગેરે આપવાનું છે. મને આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે હજી ફકત સાત વરસ થયા છે પણ આ સાત વરસમાં આ ઈન્સ્ટીટ્યુટ જે છે એના પ્રોફેસર વિગેરેએ નેશનલ અને ઈન્ટરનેશનલ જર્નલમાં ૨૦૦ કરતા વધુ રિસર્ચ – સંશોધનપત્રો જે રજૂ કર્યા છે અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ એની નોંધ લેવામાં આવી છે. મેં અગાઉ પણ કહ્યું કે અત્યારે ડીસ્ટન્સ લર્નીંગથી ૨૦૦ કરતા વધુ વિદેશી વિદ્યાર્થીઓ આ સંસ્થામાં અભ્યાસ કરી અને લાભ લઇ રહ્યા છે. અહીંયા જે ચર્ચા થઇ કે કેટલા કેટલા સિલેબસ આપણે ચાલુ કરવાના છીએ તો એમાં જણાવું કે જાહેર આરોગ્યને લગતી ડીગ્રી, ડીપ્લોમા, પોસ્ટ ગ્રેજ્યુએટ, પી.એચ.ડી. અને પોસ્ટ ડોકટર્સ ઓન રિસર્ચના અભ્યાસક્રમો, સિલેબસ આ યુનિવર્સિટીમાં આપણે ઉપલબ્ધ કરાવવાના છીએ. ગુજરાતીઓ આમાં વધુ આવે એ આપણી બધાની લાગણી હોય એ સ્વાભાવિક છે, અને કવોલીટીના આધારે બધાજ વધારે ગુજરાતી આવે એનુ ચોક્કસ આપણે ધ્યાન રાખીશું. હવે કોઇ રકમ આપણે આપવાની નથી તેની સ્પષ્ટતા કરું જમીન આપી, ૧૨ કરોડ રૂપિયા આપ્યા અત્યાર સુધી આ સંસ્થા ૬૦ કરોડ રૂપિયા કરતા વધુ રકમનો ખર્ચ બાંધકામ, યુનિવર્સિટીની હોસ્ટેલ, કોલેજ વગેરે માટે કરી ચૂકી છે. હવે જે કરશે તે લગભગ સો કરોડ રૂપિયાના વધુ ખર્ચથી આખી યુનિવર્સિટીનું એ કેમ્પસ બનશે તેનો તમામ ખર્ચ બહારથી યુનિવર્સિટી પોતે મેળવવાની છે ત્યારે ફરીથી મારી દંડકશ્રીને વિનંતી છે કે, સર્વાનુમતે આપ આ બિલને મંજૂર કરો જેથી ગુજરાતની ગૌરવ યાત્રામાં પ્રતિષ્ઠાભરી આ યુનિવર્સિટી સ્થાપનામાં ઈતિહાસના રેકર્ડમાં આપ પણ આવી જાવ કે વિપક્ષે પણ આ બિલને સહયોગ આપ્યો હતો. (અંતરાય) એમાં સારું છે ઉપરથી રેકર્ડ ઉપર રહે અધ્યક્ષશ્રી, એક મિનિટ મારી વિનંતી છે કે, આમાં આપના નેતા સાથે પરામર્શ કરવો હોય તો એક મિનિટમાં કરી લો. આ રાજયના વિકાસ માટે છે જે રીતે જુદી જુદી યુનિવર્સિટીઓએ ગુજરાતને ગૌરવ અપાવ્યું છે, નામના અપાવી છે એવી જ નામના આમાં આપણને મળવાની છે. અને આમાં એક રૂપિયો સરકારને આપવાનો નથી. આ તો આંગળી ચિંધ્યાનું પૂણ્ય કરવાનું છે તો કરી દો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અમે પોઝીટીવ જ હતા મેં આપને પોઝીટીવ જ વાત કરી છે. અમે તો જે ચિંતા વ્યકત કરી બે–ત્રણ જે સૂચનો કર્યા છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે સૂચનો કર્યા, બધી જ કાળજી લેવાય છે. ગુજરાત સરકારના અધિકારીઓ બોર્ડ ઉપર રહેવાના છે. ગુજરાત સરકારના ગુજરાતીઓને લાભ મળવાનો છે, ગાંધીનગરને અને ગુજરાતને વધુ પ્રતિષ્ઠા મળવાની છે આ બધુ થવાનું છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે ધ્યાન ના દોર્યુ કે ગ્રાન્ટેડ છે આ ફીનું ધોરણ..

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બહેન તમે ડોકટર છો અને આપે આટલી બધી વાતમાં સમજી જવું જોઇએ કે સેલ્ફ ફાયનાન્સ યુનિવર્સિટી છે તે હું દસ વખત બોલ્યો પછી તમે બધા કહો છો કે નીતિનભાઇ બહુ બોલે છે. દસ વખત હું બોલ્યો કે હવે પછી કોઇ નાણાંકીય સહાય ગુજરાત સરકારે કરવાની નથી એટલે આપણે ગ્રાન્ટ આપવાનો પ્રશ્ન રહેતો નથી.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (આરોગ્ય મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૪, સન ૨૦૧૫નું ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ પબ્લિક હેલ્થ ગાંધીનગર વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો**

**કલમ ર થી ૩૫, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેકટીંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (આરોગ્ય મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સૌપ્રથમ તો હું માનનીય બલવંતસિંહ અને વિપક્ષના સૌ સભ્યોનો આભાર માનુ છું કે, વિના વિરોધે આપ આ બિલ મંજૂર કરો છો.

માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૪, સન ૨૦૧૫નું ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ પબ્લિક હેલ્થ ગાંધીનગર વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો**

ઉપાઘ્યક્ષશ્રી : સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૪, સન ૨૦૧૫નું ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ પબ્લિક હેલ્થ ગાંધીનગર વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયકને પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંક–૫**

મજૂર કાયદા (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૫

**ગુજરાત રાજયને લાગુ પડતા હોય તેટલે સુધી અમુક મજૂર કાયદા વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી વિજય રૂપાણી ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૫નું વિધેયક• ક્રમાંક–૫–સન ૨૦૧૫નું મજૂર કાયદા (ગુજરાત સુધારા) વિધેયક આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

ઉપાઘ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી વિજય રૂપાણી ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૧૫નું મજૂર કાયદા (ગુજરાત સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી વિજય રૂપાણી ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીના આ પવિત્ર મંદિરમાં મારું આ પ્રથમ પ્રવચન છે. હું ખૂબ આનંદ અને ગૌરવ અનુભવું છું. અને માનનીય મુખ્ય મંત્રીશ્રી આનંદીબહેન પટેલનો પણ ખૂબ આભાર માનું છું કે મને શ્રમ અને રોજગાર વિભાગના મંત્રીની જવાબદારી સોંપી છે એટલે જ મને આ મોકો મળ્યો છે. દિવસ રાત કાળી મજૂરી કરનારા શ્રમિકો અને પોતાના જીવનની પૂર્ણ મૂડી, સાહસ કરીને રોકીને ઉદ્યોગ સ્થાપનારા માલિકોને લાંબાગાળાની અસર કરતું આ ઐતિહાસિક વિધેયક સન્માનનીય ગૃહમાં આપની વચ્ચે મૂકવાનો મને મોકો આપ્યો છે. આ વાત પણ મારા જીવનમાં કદી ભૂલાશે નહીં. મારી આ મેઇડન સ્પીચ છે હું આપ સૌ સન્માનનીય સાથી સભ્યો પાસે પુનઃ સહકારની પણ અપેક્ષા રાખું છું. હું માનું છું કે આ બિલ કોઇ પક્ષીય મત માટે કે કોઇ પક્ષના હિત માટે કે રાજકીય રીતે આ બિલને હું મુલવતો નથી. આ બિલ એક સંવેદનશીલ ઇશ્યુ, અને આજ દિવસ સુધી દેશમાં શ્રમિકો અને ઉદ્યોગો વચ્ચે જે ખાઇ છે તે પૂરવા માટેનો એક પ્રયત્ન છે. અને એટલા માટે આ બિલને અમારા બધા સાથી સન્માનનીય સભ્યો એક રાજકારણથી પર ઉઠીને આ બિલની ચર્ચા કરીશું અને આપ સૌના સારા સૂચનો અને આપ સૌની વાતને પણ સરકાર કન્સીડર કરશે અને ગુજરાતમાં શ્રમિકો અને ઉદ્યોગો વચ્ચેની ખાઇને આપણે સૌ સાથે મળી અને દૂર કરવા માટેનો આ બિલમાં પ્રયત્ન છે તેમાં આપણે સૌ સાથે મળી અને આગળ વધી શકીશું.

• વિધેયક, તા. ૧૮મી ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ગુજરાત રાજય એક દીર્ઘદ્રષ્ટા રાજય તરીકે આ દેશમાં પ્રસ્થાપિત થયેલ છે અને દરેક ક્ષેત્રે ગુજરાતે પહેલ કરી છે અને સમગ્ર રાષ્ટ્રને ગુજરાતે નવો માર્ગ ચીંધ્યો છે. આજે પૂજય રવિશંકર મહારાજનો જન્મ દિવસ છે અને આજે પૂજય રવિશંકર મહારાજને યાદ કરીને છેવાડાના માનવીનો વિચાર કરી અને આપણે સૌ આજે આ બિલમાં ચર્ચા કરવાના છીએ, ત્યારે ભવિષ્યની સ્પર્ધાઓને પહોંચી વળવા, પ્રવર્તમાન શ્રમ કાયદામાં સુધારો કરવાની પહેલ આજે ગુજરાતે કરી છે. આ અંગેના ઐતિહાસિક વિધેયકથી આ સન્માનનીય ગૃહના તમામ સભ્યો ગૌરવની લાગણી અનુભવશે, અને શ્રમ કાયદામાં સુધારા અંગેનું સમતોલ વિધેયક શ્રમયોગીઓના હિતોના રક્ષણ માટે, ઉદ્યોગોના વિકાસ માટે અને અમલદારશાહીની પકડમાંથી મુકિત આપવા માટેનું આ વિધેયક છે. આ વિધેયક સાચા અર્થમાં ઔદ્યોગિક પરિવારની સંકલ્પના છે, ઇન્ડસ્ટ્રીયલ ફેમિલી, આજ દિવસ સુધી આમાં જે ગેપ હતો તેના બદલે પરિવારની સંકલ્પના માટે અને તેને ફળીભૂત કરવા માટેનું આ સરકારનું એક નકકર કદમ છે અને આ સુધારાથી શ્રમયોગીઓને સામાજિક ન્યાય, સામાજિક સમરસતા, સામાજિક સુરક્ષા અને આર્થિક ઉન્નતિ પ્રાપ્ત થાય તે માટેનો આ બિલમાં પ્રથમ પ્રયત્ન છે. આપ સૌ સુવિદિત છો જ કે શ્રમ વિષય ભારતના બંધારણ હેઠળ સમવર્તી યાદીમાં આવે છે આમ છતાં છેલ્લા ત્રણ દાયકામાં કામદારોના શ્રમિકોના હામી કહેવડાવતા રાજયોમાં પણ શ્રમયોગી તરફી સુધારા કરવાની કોઇ દરકાર કરી નથી. અને એટલે રાજયમાં છેલ્લા દોઢ દાયકાથી આ બધી બાબતોનો વિચાર કરતાં કરતાં આગળ વધતાં વધતાં ગુજરાતે પણ એક શિરસ્તો પાડયો છે એને કારણે આપણા રાજયમાં ઔદ્યોગિક શાંતિ પ્રવર્તે છે. કારણ કે શ્રમિકોના હિતનો વિચાર આપણી સરકારે કર્યો છે અને ગુજરાતની જનતા પણ આ શ્રમિકોને પોતાની સાથે લઇને આગળ વધી છે એના કારણે આપણે ત્યાં ઔદ્યોગિક શાંતિ પ્રવર્તે છે. આ પરિસ્થિતિ વધારે સુદ્રઢ બને અને સ્પર્ધાના યુગમાં ઉત્પાદકતા વધે આ હેતુસર રાજય સરકારે શ્રમ કાયદામાં સમયની માંગની સાથે તાલ મીલાવીને યોગ્ય સમયે સુધારા કરવામાં પણ ગુજરાતે ભારતમાં પહેલ કરી છે. અને આ વિધેયકમાં આપણી સરકાર માને છે કે મજદૂર સંતુષ્ઠ તો ઉદ્યોગ સમૃદ્ધ અને ઉદ્યોગ સમૃદ્ધ તો રાજય સુદ્રઢ અને વિકાસશીલ એટલે કે રાજય સરકારની આ નીતિને કારણે કામદારો અને ઉદ્યોગકારો વચ્ચે સંવાદિતા અને સમરસતાનું વાતારણ બનશે અને જેના પરિણામે ગુજરાતમાં દેશ વિદેશમાંથી જંગી મૂડી રોકાણો આવશે અને ગુજરાતના યુવાનોને રોજગારીની વિપુલ તકો પણ પ્રાપ્ત થશે એ હેતુથી આ દિશામાં આગળ વધવા માટે આપણી સરકાર પ્રયત્ન કરી રહી છે. શ્રમયોગીઓના હિત સાથે ઉદ્યોગોનું પણ હિત સમાયેલું છે અને સાથે સાથે એના આધાર ઉપર દેશનું હિત બનતું હોય છે એટલે શ્રમયોગીનું હિત ઉદ્યોગનું હિત અને દેશનું હિત આ ત્રણેય હિતને ધ્યાનમાં રાખીને આ ત્રણેય યંત્રણાની પુષ્ટિ કરનારું આ બિલ છે.

રાષ્ટ્રપિતા પૂજય મહાત્મા ગાંધીજીની માલિક અને મજૂર વચ્ચેની સંઘર્ષ નહિ મનમેળ, એકરાગ સ્થાપવો જોઇએ એ વિચારધારાને રાજય સરકારે અક્ષરશઃ સ્વીકારેલ છે. અને એ વિચારધારાને આગળ વધારતા સરકારની નીતિઓના પરિણામે ગુજરાતમાં ઉદ્યોગોમાં હડતાલ, તાળાબંધી મજદૂર આંદોલનો આજે બનતા નથી એ પણ આપણા માટે ગૌરવની વાત છે. મને જણાવતા આનંદ થાય છે કે સમગ્ર ભારત ભરમાં મોટા રાજયોમાં ઓછામાં ઓછા માનવદિનનું નુકસાન એ ગુજરાતમાં છે અને ગુજરાતમાં તાળાબંધી, લોકાઉટ, આંદોલનો એ નહિવત છે અને એના કારણે સમગ્ર દેશભરમાં ગુજરાતે ઓછા માનવદિનની નુકસાની ભોગવી છે. આપણી સરકાર માને છે કે મજદૂરો દેશ કે લીએ કામ કરે, ઔર કામ કે લઇ સહી દામ મીલે એ દિશામાં આપણી સરકાર આગળ વધી છે. મજદૂરોનું શોષણ ન થાય અને કામના બદલે સહી દામ મળે એ દિશામાં આગળ વધવા માગે છે. એટલે માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેને પટેલે ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ માનનીય અટલબિહારી બાજપઇના જન્મ દિવસે શ્રમયોગીઓના કલ્યાણ મેળામાં શ્રમયોગીઓ માટે લઘુત્તમ વેતનના દરોમાં સુધારો કરીને ૨૭ ટકા જેટલું લઘુત્તમ વેતન ગુજરાતે વધાર્યું છે અને એના કારણે સમગ્ર દેશમાં નાના રાજયોને બાદ કરતાં જે લોકો પોતાની મજદૂરના હિતની વાત કરે છે એવા રાજયો કરતાં પણ વધુ લઘુત્તમ વેતન ગુજરાત આપે છે અને મોટા રાજયોની તુલનામાં ગુજરાત આજે મોખરે છે.

''શ્રમયેવ જયેતેનો નારો '' માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશભરમાં આપ્યો. ત્યારે છેવાડાના આ અસંગઠીત શ્રમયોગીઓ માટે આપણી સરકાર સંવેદનશીલ સરકાર તરીકે સાબિત થઇ છે. અને શ્રમયોગીઓમાનો મોટો વર્ગ અસંગઠીત શ્રમયોગીઓ છે, જયારે ગુજરાત એ પહેલું રાજય છે કે જેણે અસંગઠીત શ્રમયોગીઓની ઓળખ ઉભી થાય એમને પણ સ્વમાન અને સ્વાભિમાન મળે એની સાથે સાથે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ મળે, સુરક્ષાનું કવચ મળે, સાથે સાથે શોષણ ન થાય અને ન્યાય મળે એ માટે શ્રમયોગીઓ માટે યુનિક કાર્ડ એટલે કે ઓળખકાર્ડ આપવા માટે શ્રમયોગી કલ્યાણમેળા રાજયમાં ૨૦ અલગ અલગ જગ્યાએ આશરે પાંચ લાખથી વધુ અસંગઠીત શ્રમયોગીની નોંધણી ગુજરાતની આ સરકાર છે કે જેમણે દેશમાં સૌ પ્રથમ કરી છે અને તેના કારણે આજે હું અમારા નાણા મંત્રી સૌરભભાઇ પટેલને પણ અભિનંદન આપું છું કે ગઇ કાલે પ્રસ્તુત થયેલ બજેટમાં શ્રમયોગીઓને યાદ કરીને અસંગઠિત શ્રમયોગી કે જેનું કોઇ નથી, ઉપર આકાશ છે અને નીચે ધરતી છે. રસ્તા ઉપર કામ કરતો શ્રમયોગી કે જેને આગળ પાછળ કાંઇ નથી અને ગટરમાં કામ કરવા ઉતરતો શ્રમયોગી કે જે તેના આરોગ્ય સાથે સંકળાયેલી બાબત છે, છતાં આરોગ્યને બાજુએ મૂકીને લોકોની સુખાકારી માટે કામ કરે છે. આઠમા માળે કામ કરતો કડિયો કે કોઇ પણ બહેન ત્યાં સ્લેબ ભરાતો હોય, માથે ટોપલો લઇને જતી બહેન કે જેને આગળ–પાછળ કાંઇ નથી એવા શ્રમયોગીઓને ગઇ કાલે બજેટમાં પેન્શન યોજના જાહેર કરીને આખા ભારતને એક નવી દિશા આપી છે કે આ શ્રમયોગીઓ પણ એ પોતે પાછલા દિવસોમાં મરણમૂડી ઉભી થાય, તેમના માટે પણ પેન્શનની વ્યવસ્થા ઉભી થાય કે જે બીજા કર્મચારીઓ તેના પાછલા દિવસોમાં તેની ભવિષ્યની પેઢી માટે પેન્શનની વ્યવસ્થા કરે, આ પહેલી વખત ભારતમાં ગુજરાતે પેન્શન વ્યવસ્થા ઉભી કરી છે. નાણાં મંત્રીને પણ અમારા ખાતા તરફથી આપણાં બધા વતી આ યોજના લાગુ કરવા માટે ફરી વખત હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સમતોલ વિધેયકનું મુદ્દાવાર વિવરણ, શ્રમયોગીઓ અને ઉદ્યોગકારો તેમજ રાજયને ફાયદા થવાના છે. તેની માહિતી આ સભાગૃહને એક પછી એક કલમ દ્વારા આપવા પ્રયત્ન કરું છું.

હાલમાં શ્રમયોગીઓને અકસ્માત સમયે મૃત્યુ થઇ જાય અથવા તો કાયમ માટેની અપંગતા આવી જાય એ સમયે તેમને સુરક્ષા કવચ પૂરું પાડવા માટે કામદાર વળતર અધિનિયમ–૧૯૨૩ હેઠળ અકસ્માત થયાના ૯૦ દિવસમાં શ્રમયોગી અથવા તેમના આશ્રિત દ્વારા વળતર માટેની અરજી કામદાર વળતર કમિશ્નર સમક્ષ કરવાની જોગવાઇ છે. આ બાબતે શ્રમયોગીઓને કાયદાકીય જાણકારી ન હોવાના લીધે અરજી કરી શકતા નથી. જેને લીધે શ્રમયોગીને વળતર મેળવવામાં મુશ્કેલી પડે છે. આથી જો અકસ્માત થયાના ૯૦ દિવસમાં શ્રમયોગી અથવા તેમના આશ્રિતો દ્વારા વળતર માટેની અરજી કામદાર વળતર કમિશ્નરશ્રી સમક્ષ કરવામાં ન આવે તો રાજય સરકારે અધિકૃત કરેલ અધિકારી દ્વારા શ્રમયોગી અથવા તેમના આશ્રિત વતી આ વળતર માટેની અરજી કરે તેવો શ્રમયોગી માટેનો મહત્વનો સુધારો અમે આ બિલમાં લાવ્યા છીએ. જેને પરિણામે ખાસ કરીને વારંવાર જે સ્થળાંતરિત થાય છે. આજે પંચમહાલના શ્રમયોગીઓ રાજકોટ કામ કરતા હોય, છ મહિના પછી એ કામ કરવા ભાવનગર જાય છે કે પછી કચ્છમાં જાય છે, એવા સ્થળાંતરિત કામ કરતા કામદારોને આનાથી લાભ થવાનો છે. ખાસ કરીને આદિવાસી, અનુસૂચિત જનજાતિના શ્રમયોગીઓ અને અનુસૂચિત જાતિના શ્રમયોગીઓને જે કાયદાકીય અજ્ઞાનતા છે, જાગૃતતાનો અભાવ છે, આવા છેવાડાના માનવીઓ માટે આ સુધારો સરકાર લાવી રહી છે અને એની મુશ્કેલી દૂર કરવા માટે અમારો આ પહેલો સુધારો છે.

બીજો સુધારો એવો છે કે આ શ્રમયોગીઓના હિતને સ્પર્શતા સૌથી સંવેદનશીલ ઇસ્યુ એટલે કે લઘુત્તમ વેતન અધિનિયમ–૧૯૪૮ની જોગવાઇ. શ્રમયોગીઓને રોકડ વેતનની ચૂકવણીની જોગવાઇ હાલમાં છે. જેના પરિણામે શ્રમયોગીઓને ઓછું વળતર મળે છે. ઓછા વળતરની ફરિયાદો પણ આવે છે. અવાર–નવાર શોષણ થાય છે. ત્યારે આવી ફરિયાદો નિવારવા લઘુત્તમ વેતન અધિનિયમ–૧૯૪૮ હેઠળ ૨૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામ કરતી દુકાનો, વાણિજ્ય સંસ્થાઓ, કારખાના ધારા હેઠળ નોંધાયેલ કારખાનાઓમાં લઘુત્તમ વેતનનું ચૂકવણું હવે પછી બેંક દ્વારા ફરજીયાત ચૂકવવામાં આવે, આ પ્રકારની પારદર્શકતા લાવવા

માટે શ્રમયોગીઓનું શોષણ ન થાય, માલિકો પૂરતો પગાર આપે માટે ફરજીયાત ચેકથી તેમનું વેતન ચૂકવાય એ માટેની જોગવાઇ લાવી અને શ્રમયોગીઓનું શોષણ અટકાવવા માટે આ વિધેયકમાં ફેરફાર લાવવામાં આવ્યો છે. ત્યાર પછી હાલમાં લઘુત્તમ વેતન અધિનિયમ–૧૯૪૮માં માલિકની વ્યાખ્યામાં આઉટસોર્સીંગ એજન્સીનો સમાવેશ કરવામાં આવતો નહોતો. આપે જે સરકારની વાત કરી તેની જ વાત કરું છું. આઉટસોર્સીંગ આજે મેનેજમેન્ટનો એક ભાગ બની ગયો છે. આઉટ સોર્સીંગનો બધા જ લોકો પોતાની વ્યવસ્થામાં એનો ઉપયોગ કરે છે. પરંતુ આઉટ સોર્સીંગ કાયદા હેઠળ લેવામાં આવતું નહોતું અને ગુજરાત પહેલું રાજ્ય છે, એણે પહેલ કરી છે, આઉટ સોર્સીંગને પણ આ મજૂર કાયદા લાગુ પડે. એટલા માટે આઉટ સોર્સીંગની દરેક સેવાનો સ્વીકાર કરીને એની જવાબદારી જે તે કોન્ટ્રાક્ટરને માથે નાંખી છે. આઉટ સોર્સીંગથી કામ કરાવતા કોન્ટ્રાક્ટરો, માલીકોને આ પ્રમાણેના નિયમો લાગુ પડશે અને સમગ્ર દેશભરમાં આજે આઉટ સોર્સીંગ પ્રત્યે ઉદાસીનતા દાખવવામાં આવે છે. ગુજરાત સંવેદનશીલ રાજ્ય છે અને આ મહત્વની વાતનો સ્વીકાર કરવાના કારણે આવતા દિવસોમાં લાખો અસંગઠીત કામદારોને લાભ કરાવવા માટે આ સુધારો લાવ્યો છું. આજે દિવસો સુધી ઇન્સ્પેક્ટર રાજના લીધે ઉદ્યોગોને ઘણી બધી હાડમારી થતી હતી. હવે ગુજરાત વિકાસનું ગ્રોથ એન્જીન બન્યુ છે. ઉદ્યોગો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. તેથી કાયદાનું સરળીકરણ થાય, જાતજાતના અને ભાતભાતના ફોર્મ ભરવાના, તુમારશાહીમાંથી છૂટકારો મેળવવા માટે અમે એક ફોર્મ બનાવવા માટેનો સુધારો કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓને જણાવું કે, અત્યારે ઉદ્યોગોને અનેક ફોર્મ ભરવા પડતા હતા અને હવે માત્રને માત્ર એક જ ફોર્મ ભરવાનું થશે અને આ ફોર્મ નાનકડું એક જ પાનાનું હશે. આ સુધારો અતિ મહત્વની બાબત છે. કારણ કે, તુમારશાહી અને અમલદારશાહીને તોડવા માટે સરકાર કટિબદ્ધ છે. આ એક જ ફોર્મમાં બધી જ માહિતી ભરવાની છે. આ સુધારો કરવા માટે આપણે આગળ વધી રહ્યા છીએ. આ ફોર્મ પણ પાછું સ્વયંપ્રમાણિકરણ સહ સંકલિત વાર્ષિક પત્ર દ્વારા લાગુ કરવામાં આવશે. આ યોજનાનો મુખ્ય હેતુ ઇન્સ્પેક્ટર રાજ ઘટાડવા, કાયદાની અમલવારીમાં પારદર્શિતા જાળવવાનો છે. આ હેતુને કાયદાકીય સ્વરૂપ આપવા નીચે જણાવેલ શ્રમ કાયદા હેઠળ સ્વયંપ્રમાણિકરણ સહ સંકલિત વાર્ષિક પત્રક યોજના ફરજીયાત કરવાનો સુધારો સુચવેલ છે. જેમાં કારખાના અધિનિયમ ૧૯૪૮, લઘુતમ વેતન અધિનિયમ ૧૯૪૮, બોનસ ચૂકવણી અધિનિયમ ૧૯૬૫, કોન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ ૧૯૭૦, ગ્રેજ્યુઇટી ચૂકવણી અધિનિયમ ૧૯૭૨. પરંતુ આ યોજનાનો દુરુપયોગ ન થાય તે માટે સારી વ્યવસ્થા કરી છે. કોઇપણ કારખાનાવાળા ખોટી માહિતી આપે તો એના માટે ઠરાવેલ ઓડિટ એજન્સી દ્વારા ઓડિટ કરાવવામાં આવશે. આ રીતે આ કાયદામાં જોગવાઇ કરવામાં આવી છે. જે સંસ્થાઓ આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાન દ્વારા ઠરાવેલ શ્રમ માપદંડો તથા લાગુ પડતા શ્રમ કાયદાનું પાલન કરતી હશે તેને પ્રોત્સાહિત કરવામાં આવશે. તેમને ભવિષ્યમાં પ્રોત્સાહન આપવા માટે પણ સ્ટાર રેટીંગ આપવાનો સરકારે નિર્ણય કર્યો છે. એમને ફાઇવ સ્ટાર, ફોર સ્ટાર, થ્રી સ્ટાર જેવું સ્ટાર રેટીંગ પણ આપવામાં આવશે. એ પ્રમાણે કારખાનાના લોકો વચ્ચે પ્રસ્થાપિત કરીને અને બીજા લોકોને પ્રેરણા મળે તે માટેનો આપણે પ્રયત્ન કરવાના છીએ. આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે, આ યોજનામાં વધારે પારદર્શિતા લાવવા માટે રાજ્યનું શ્રમ તંત્ર પ્રયત્નશીલ છે. આ શ્રમ તંત્ર દ્વારા ઇન્ફર્મેશન ટેકનોલોજીના માધ્યમથી આધુનિકીકરણ કરવા શ્રમ સુવિધા પોર્ટલ શરૂ કરેલ છે. જેના માધ્યમથી દરેક માલિકે ઓનલાઇન સ્વયંપ્રમાણિકરણ સહ સંકલિત વાર્ષિક પત્રક યોજનાનું ફોર્મ ભરવાનું છે. આ ફોર્મની માહિતી વેબસાઇટ ઉપર રહેશે. તમામ લોકો જોઇ શકશે. કોઇપણ કામદાર એમ ન કહી શકે કે, મારા માલિકે ખોટી માહિતી ભરી છે અને એને ન્યાય મળે એ માટેના પગલાં તંત્ર લેશે.

**વિરામ બપોરના ૨.૩૦થી ૩.૧૫**

**ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી વિજયભાઇ રૂપાણી : છેલ્લે મેં જે વાત કરી હતી તે ઇન્સ્પેકટર રાજયને ખતમ કરવા માટે તુમારશાહી સંપૂર્ણ રીતે બંધ થાય અને ઉદ્યોગોને પણ મોકળાશ રહે, અને મેં આપને અને બધા માનનીય

સભ્યોને દેખાડયું કે એટલા બધા ફોર્મ ભરવા પડતા હતા હવે એની સામે માત્ર એક ફોર્મ આ ભરવામાં આવશે એટલે કે અલગ–અલગ ચાર કાયદા છે એને આ અંતર્ગત આવરી લીધા છે. અને એના આધાર ઉપર ઉદ્યોગોને પણ અમલદાર શાહીનો જે ભોગ બનવું પડે છે એ ન બનવું પડે અને આવનારા દિવસોમાં ગુજરાત જયારે ઔદ્યોગિક હરણફાળ ભરી રહ્યું છે ત્યારે આ ઉદ્યોગો એ સરળતાપૂર્વક કામ કરી શકે એ આ બિલનો હેતુ છે. આ બિલમાં ટેકનોલોજીના માધ્યમથી આધુનિકરણ કરી શ્રમસુવિધા પોર્ટેલ શરૂ કર્યુ છે કે માલિક ઓનલાઇન સ્વયં પ્રમાણિત સ્વસંકલિત વાર્ષિક પત્રક યોજનાનું ફોર્મ ભરવાનું રહેશે. અને આ ફોર્મની માહિતી બધા લોકો જોઇ શકશે. કોઇ પણ કામદાર, કોઇપણ વ્યકિત એ પોતે આ પોર્ટલ ઉપરથી જોઇ શકે કે માલિકે કંઇ ખોટું કર્યુ છે તો વાંધો લઇ શકે, એના માલિક શું ભરી રહ્યા છે, કામદારો માટેની યોજનાની માલિકે પૂરતી માહિતી આપી છે કે નથી આપી એનો લાભ પણ રહેશે. એટલે કે માલિકોને પણ સરળીકરણ અને કામદારોને પણ પારદર્શીતા એટલા માટેની આ આખી વ્યવસ્થા આ બિલની અંદર કરવામાં આવી છે. આ યોજનાને લીધે શ્રમ કાયદાના નીરીક્ષણમાંથી મુકિત મળશે, ઇન્સ્પેકટરો પાસે જવું ન પડે, ઇન્સ્પેકટરો ફેકટરીમાં ન જાય, સતત અલગ અલગ ફોર્મ માગીને હેરાન–પરેશાન ન કરે અને જે માનનીય વડાપ્રધાનનું જે સૂત્ર છે કે ''મીનીમમ ગવર્નમેન્ટ અને મેકસીમમ ગવર્નન્સ'', આ જોગવાઇને સાકાર કરવા માટેનું આ મહત્વનું પગલું છે. કારણ કે મીનીમમ ગવર્મેન્ટ એ અત્યારની આવશ્યકતા છે. આ પ્રકારના સરકારી હસ્તક્ષેપથી લોકોને તકલીફ પડે છે, ત્યારે મેકસીમમ ગવર્નન્સ થાય એ હેતુ આપણે આ બિલમાં પણ ઉપલબ્ધ કર્યો છે. ખાસ કરીને બાંધકામ શ્રમ યોગી બહુ મોટો વર્ગ છે. દા.ત. કડીયા, સુથાર, પ્લમ્બર, ઇલેકટ્રીશીયન, સ્લેબ ભરનારા લોકો, ખોદનારા લોકો, પાયા ખોદનાર લોકો આ બધા શ્રમયોગીઓ અને એના માટે આપણી પાસે અધિનિયમ ૧૯૯૬ હેઠળ શ્રમ યોગીની વ્યાખ્યા, બાંધકામ શ્રમયોગીની વ્યાખ્યામાં પણ આ બિલમાં આપણે સુધારો કરીએ છીએ. આમાં જોગવાઇ એ હતી કે ૧૬૦૦ રૂપિયા જેની વેતનની મર્યાદા છે એવા મુકાદમ, એવા સુપરવાઇઝર, એવો હેડ કામદાર એ શ્રમયોગીમાં ૧૬૦૦ રૂપિયાની મર્યાદામાં આવે, આ એકટમાં આ વાતને પણ આજે ૨૦–૨૨ વર્ષ થઇ ગયા છે ત્યારે ૧૬૦૦ રૂપિયાની મર્યાદાને વધારીને આપણે સ્પષ્ટ કર્યુ છે કે મીનીમમ લઘુતમ વેતનના ત્રણ ગણા એટલે મીનીમમ લઘુતમ વેતન ગમે ત્યારે ગમે તેટલું વધે ઘટે પણ એની સાથે ભવિષ્યમાં સુધારો ન લાવવો પડે, અને એટલા માટે એની સાથે જોડીને કે એના ત્રણ ગણા એટલે આજના દિવસે ૨૨,૫૦૦ રૂપિયા જેનો પગાર હોય એને આપણે આમાં લાવી શકીએ. અને એટલા માટે પણ આ વસ્તુની અંદર ફેરફાર કર્યો છે. અને મીનીમમ લઘુતમ વેતન સાથે સંકળાવીને દૂરોગામી સુધારો આપણે આ બિલમાં લાવ્યા છીએ. આ સન્માનનીય ગૃહને જણાવતા મને ગૌરવ થાય છે કે રાષ્ટ્રમાં સૌ પ્રથમ વખત શ્રમ કાયદાના ભંગ અને શિક્ષાત્મક પગલાના સ્થાને માંડવાળીની જોગવાઇ લાવ્યા છીએ. આજ દિવસ સુધી કોઇ રાજયોએ કર્યુ નથી. માંડવાળની જોગવાઇ કોઇ લાવ્યા નથી. (અંતરાય) ૨૫ સુધારા છે એટલે મારે સુધારા સ્પષ્ટ કરવા પડશે. (અંતરાય)

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય પરિસ્થિતિ એવી છે કે માનનીય મંત્રીશ્રી મુવર ઓફ ધ બિલ છે અને બિલની કોઇ લિમિટ ન હોય, પછી રાતના આઠ વાગ્યા સુધી ચાલશે. મંત્રીશ્રી જવાબ આપવાના છે. બિલની કોપી અમને આપી છે. એના ઉપર સભ્યશ્રીઓ બોલશે પછી એ જવાબ આપવાના છે. આખી દુનિયાની વાતો કલાકો સુધી, આપનું મેડન પ્રવચન ફર્સ્ટ ટાઇમ છે પણ લાસ્ટ ટાઇમ નથી. ઘણી ઓપર્ચ્યુનિટી છે.

શ્રી વિજયભાઇ રૂપાણી : મહત્વના સુધારા છે એની વાત કરું છું. પછી ચર્ચા થાય તો એનું હાર્દ આવી જાય એટલા પૂરતી વાત છે. સમજણ સ્પષ્ટ કરવા પૂરતો મારો મુદ્દો છે. આ મહત્વનું બિલ છે. આજ દિવસ સુધી રાષ્ટ્રમાં કોઇપણ રાજ્યે કર્યું નથી એવી માંડવાળની આપણે જોગવાઇ લાવ્યા છીએ એનો આ જ કાયદામાં સમાવેશ કર્યો છે. આજ દિવસ સુધી શ્રમ કાયદાના ભંગ અંગે શ્રમ તંત્ર દ્વારા ફોજદારી અદાલતોમાં માલિક સામે કેસ દાખલ થતો હતો. આ કેસના નિકાલમાં વર્ષો નીકળી જાય. વધુમાં, ફોજદારી કેસમાં અદાલત દ્વારા દંડ કરવામાં આવે એની રકમ સરકારી તિજોરીમાં પડી રહે. આથી શ્રમ કાયદાના ભંગ બદલ માંડવાળની જોગવાઇ દંડના માધ્યમથી સૂચવવામાં આવી છે અને સાવ નોમિનલ દંડ હતો. ૧૦૦, ૨૦૦, કે

૫૦૦ એ વધારીને ૨૧ હજાર સુધી આપણે સૂચવ્યો છે અને શ્રમયોગીઓના વિવાદોના નિરાકરણ બાદ માંડવાળની પ્રક્રિયા હાથ ધરાશે. આ માંડવાળની રકમના ૭૫ ટકા અસરગ્રસ્ત શ્રમયોગીને વહેંચવાની ઐતિહાસિક જોગવાઇ કરી છે. માલિક અને શ્રમયોગીઓ વચ્ચે જે કેસના કારણે કડવાશ આવે છે એના બદલે હળવાશ થાય એ પ્રકારના આ પ્રયત્નો છે. જે કિસ્સામાં માંડવાળની રકમનો વણચૂકવાયેલ હિસ્સો કોઇ શ્રમયોગીની ઓળખ પ્રસ્થાપિત ન થઇ હોય તો એ પૈસા શ્રમયોગી સામાજિક સુરક્ષા બોર્ડમાં જમા કરાવવાનું આમાં સૂચવ્યું છે. રાજ્યનો ઔદ્યોગિક વિકાસ સતત વધતો રહ્યો છે. ઔદ્યોગિક શાંતિ જળવાઇ રહે એ અનિવાર્ય છે અને ઔદ્યોગિક એકમોને લોકોપયોગી સેવાઓમાં કે જ્યાં આગળ હડતાલ, તાળાબંધી જેવી પરિસ્થિતિના કારણે શ્રમિક પણ હડતાલ પાડતો હોય અને માલિકો પણ ઓચિંતો લોક–આઉટ કરતા હોય છે ત્યાં આવશ્યક સેવાઓમાં વીજળીનું ઉત્પાદન, પાણી પુરવઠાની વ્યવસ્થા, હોસ્પિટલ, જાહેર વાહન વ્યવહાર, ખાદ્ય સામગ્રી, પેટ્રોલ–ડિઝલ રિફાઇનરી, ગેસ ઉત્પાદન, ફાયર બ્રિગેડ સેવા કે જેમાં માનવતાવાદી એપ્રોચની આવશ્યકતા છે, આપત્તિ અને અકસ્માતો વચ્ચે પણ આ સેવાઓ ચાલુ રહેવી જોઇએ અને એટલા માટે આપણે એમને ૬ મહિનાની મુદત દર વખતે વધારી આપતા હતા એના બદલે ૧ વર્ષની મુદત સુધી એક્સટેન્શનનું આ બિલમાં પ્રોવિઝન કર્યું છે. છતાં પણ કોઇપણ કામદારને હડતાલ પાડવી હોય તો ૧૪ દિવસની નોટિસનો અબાધિત અધિકાર રહે છે. માલિકોને લોક–આઉટ કરવું હોય તો ૧૪ દિવસનો અધિકાર રહે છે. એટલે કાયદાકીય પ્રક્રિયા કરી અને ઓચિંતી કોઇ હડતાલ ન પાડે કે જેના કારણે સમાજ જીવન અસ્તવ્યસ્ત થઇ જાય. એની પણ આખી વ્યવસ્થા આ નવા સુધારામાં અમે લોકોએ કરી છે. લાંબા સમય સુધી ક્યારેક જે શ્રમયોગી છુટા થઇ જાય અને પછી લાગે કે ન્યાય માટે લડવું છે. વર્ષો સુધી ગમે ત્યારે અપીલ કરે કે કેસ દાખલ કરે તો આ સુધારામાં એક વર્ષની જોગવાઇમાં જેથી રેકર્ડ અવેલેબલ રહે, નોકરીનો રેકર્ડ થઇ શકે અને વર્ષમાં કેસ દાખલ કરે અને ત્યાર પછી ન્યાય મળે એ વ્યવસ્થા કરી છે.

અતિ અગત્યની વાત હવે કરી રહ્યો છું. આવનારા દિવસોમાં ગુજરાત એ ઔદ્યોગિક રીતે દુનિયા આખીના નકશા ઉપર છે. એક હજાર કરોડથી વધારે ઇન્વેસ્ટમેન્ટ અહીં કરવા ઇચ્છતા હોય, જે લોકો એક સંગઠિત નોકરી મળે એની સામે ૫ અસંગઠિત નોકરી મળતી હોય છે. ઇકોનોમિક્સનો નિયમ છે. ત્યારે આવડા મોટા એકમ જ્યારે આવતા હોય ત્યારે છટણી અંગેની જે આખી વાત છે એમાં આખા ગુજરાતમાં છટણી લાવતા નથી. કામદારનો અધિકાર જળવાઇ રહે. પરંતુ સેઇઝ સો ટકા એકસપોર્ટ યુનિટ, નિટ્સ એટલે કે જે નેશનલ કોરીડોર બની રહ્યો છે ત્યાં અને સર્ફ કે જ્યાં સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ ઝોન ઊભો કરીએ છીએ. એ વિસ્તારમાં જે મોટા યુનિટ આવશે ત્યાં આગળ કામદારને છૂટો કરવો પણ ૬૦ દિવસનું વર્ષનું વેતન ગણવું. માની લો કે કોઇ કામદારે ૫ વર્ષ નોકરી કરી છે તો ૩૦૦ દિવસનું વેતન ચુકવીને છૂટો કરવામાં આવે એમ ને એમ છૂટો ના કરી શકે એનું પણ પ્રાવધાન કર્યુ છે. મારી પાસે વેબસાઇટ ઉપર અવેલેબલ આંકડા છે એના ઉપરથી એમ કહી શકીશ કે, આખી દુનિયામાં લગભગ ૬૦ દિવસનું વળતર વાર્ષિક એક પણ રાજ્યે કર્યુ નથી. આ ગુજરાતે કર્યુ છે અને ગુજરાત આજે દેશને નવી દિશા આપી રહ્યું છે. ખાસ તો આ ચેન્જ ઓફ વર્ક હોય છે એ ચેન્જ ઓફ વર્કમાં (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર. કરમશીભાઇ તમને બોલવાની તક છે ત્યારે આપ બોલજો.

શ્રી વિજયભાઇ રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, નોકરીની ચેન્જ ઓફ વર્ક હોય દા.ત. એના માટે નોટિસ આપવી પડતી હતી. આ એક રસપ્રદ દાખલો આપું છું કે, એક ફેક્ટરીમાં પહેલા કેમિકલની ૧૦૦ કિલોની બોરી બનતી હતી. મજૂરને ઉપાડવી અઘરી પડે. ૧૦૦ કિલોની બોરીમાંથી ૫૦–૫૦ કિલોની બોરી કરી તો આ ચેન્જ ઓફ વર્કને પણ ૧૪ દિવસની નોટિસ આપીને પછી જ માલિક કરી શકતો હતો અને એના કારણે વિવાદો થતા હતા તો આ નવા સુધારામાં આ ચેન્જ ઓફ વર્ક માટે કોઇ નોટિસ દેવાની જરૂર નહિ. આ પ્રકારના ચેન્જ ઓફ વર્ક કરી શકે અને સરળતાથી કામ થાય એ માટેનો પણ સુધારો આ સરકાર લાવી રહી છે. હવે અંતમાં હું એ કહેવા માગું છું કે, મેં પહેલા કીધું એમ શ્રમિક સંતુષ્ઠ તો ઉદ્યોગ સમૃદ્ધિ તરફ અને ઉદ્યોગ સમૃદ્ધિ તરફ હોય તો જ રાષ્ટ્રનો વિકાસ થઇ શકે તો વર્ષોથી દેશમાં શ્રમિકો અને ઉદ્યોગપતિઓ વચ્ચે ખાઇ જોવામાં આવી છે અને વર્ગવિગ્રહની કાયમ બદબૂ આવી છે. આપણી સરકાર કોઇ એક વર્ગની સરકાર નથી.

સહઅસ્તિત્વના સિધ્ધાંતને અનુલક્ષીને સૌને સાથે લઇ ''સૌનો સાથ, સૌનો વિકાસ'' બધા વર્ગોની વાત અમે આ બિલમાં લાવ્યાં છીએ. આ કામદારોના હીતવાળું ખાલી બિલ નથી. આ ઉદ્યોગોના હીતવાળું પણ ખાલી બિલ નથી. ''સૌનો સાથ, સૌનો વિકાસ'' પૂજ્ય ગાંધીજી, પૂજ્ય દીનદયાળ ઉપાધ્યાય, પંડિત લોહિયા, જયપ્રકાશ નારાયણ અને એમ.એન. રોય આ બધાના સિધ્ધાંતોને ધ્યાનમાં રાખીને અંતમાં બાબા સાહેબ આંબેડકરની એક ઉક્તિને યાદ કરીને કહું છું –

''સત્તાના જોરે ઔદ્યોગિક શાંતિ પ્રસ્થાપિત કરવી શક્ય નથી. કાયદાનુસાર કાર્ય કરીને જ ઔદ્યોગિક શાંતિ પ્રસ્થાપિત થશે એની ય ખાતરી નથી. માત્ર સામાજિક ન્યાય દ્વારા જ સ્થાપી શકાશે. કામદારે પોતે જ પોતાની ફરજ સમજવી જોઇશે. કામ ટાળવાની વૃત્તિ છોડવી પડશે. માલિક વાજબી વેતન આપે એનું નામ જ શોષણખોરીનો અંત. કામ કરતા સગવડભરી પરિસ્થિતિનું નિર્માણ કરવું એનું નામ કામદાર કલ્યાણ. સરકાર અને સમાજે સારા ઔદ્યોગિક સંબંધ માટે કાળજી લેવી જોઇશે અને આ સાર્વજનિક કાર્ય છે.માત્ર કામદાર અને માલિક વચ્ચેનો કરાર નથી.''

આ વાતને ધ્યાનમાં રાખીને માનનીય સભ્યશ્રીઓ વચ્ચે આ જે બિલ લાવ્યો છું હું વિરોધાપક્ષના મિત્રો પાસે પણ આશા રાખું છું કે આપણે સૌ સાથે મળીને વર્ષો પછી આટલા બધા સુધારા સાથે કામદારોને ન્યાય મળે અને ઉદ્યોગને પણ અનુકૂળતા મળે એ પ્રકારનું બિલ આપના વચ્ચે પ્રસ્થાપિત કર્યું છે. આપણે સૌ સાથે મળીને ભવિષ્યમાં જે ઔદ્યોગિક વિકાસ થવાનો છે ત્યારે સુમેળ અને શાંતિ અને લોકાઉટ અને હડતાળ એ ભૂતકાળના શબ્દો બની જાય એ પ્રકારે આપણે સૌ કામ કરીએ, અસ્તુ.

શ્રી શક્તિસિંહ ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખૂબ લાંબી–લાંબી, લાંબી–લાંબી વાતો As a mover of the Bill કરી. (આ તકે મંત્રી શ્રી પ્રદિપસિંહ તેમના સ્થાને બેઠા બેઠા કાંઇક બોલતાં) માનનીય પ્રદિપસિંહ કહે છે કે, જરૂરી હતી. આમાંની જરૂરી વાતો કરતાં બિનજરૂરી ઝાઝી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, મજૂર કાયદો મજૂર કલ્યાણ માટે અને આ જે કાયદા બન્યા છે ને એ આજે જેની જન્મ જયંતિ છે, પૂજ્ય રવિશંકર મહારાજજી જેવા, એમના મજૂરોના માટેના કલ્યાણ અને ચિંતાના આધારિત, ગુજરાત ભૂતકાળના જે બનેલા કાયદાના કારણે નંબર વન રહ્યું. કારણ કે, માલિકને ખબર હતી કે, હું મારા કામદારને અન્યાય કરીશ તો મને કોઇ બચાવી નહીં શકે, હું કાયદાનું ઉલ્લંઘન કરીશ મારે જેલના સળિયા પાછળ જવું પડશે. આ કાયદાની જોગવાઇ હતી.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા સૌરાષ્ટ્રમાં કહેવાય છે કે, કોથળામાં પાંચ શેરી. આ તો કોથળામાં પાંચ મણીયું છે, કામદારોના માથે ફેંકીને પાડવા માટેનું કહીશ કે, આ બિલ છે. કોઇ સંજોગોમાં આ કાયદો સ્વીકારવાનું તો ઠીક છે, આવો વિચાર પણ હું માનું છું કે, આપણી કામદાર વિરોધી નીતિ દર્શાવે છે કે, આપણે આવું વિચારી પણ શકીએ. ધનપતિઓને ડર શેનો હોય ? આ કોઇ માલિકો છે એને ૨૧,૦૦૦/-, ૨૫,૦૦૦/- કે ૫૦,૦૦૦/- એની ચિંતા નથી હોતી. એને ખોફ હોય કે, હું ગુન્હો કરીશ, મારી સામે ફોજદારી કેસ દાખલ થાય અને ખાખી કપડાવાળો આવીને મને દંડો મારીને જેલની અંદર પૂરી શકે, આ ડર હોય છે ત્યારે એ કામદારોને અન્યાય કરતા ખચકાતો હોય છે. આપણા કાયદામાં આ જોગવાઇ હતી. હું તો અહીંયા બેઠેલા માનનીય તમામ સભ્યશ્રીઓને આ પાટલી ઉપર હોય કે આ પાટલી ઉપર હોય, જનતાના આશીર્વાદથી બહુ લાંબા સમય સુધી આ ગૃહમાં આમ બેસીને પણ કામ કર્યું છે, આમ બેસીને પણ કામ કર્યું છે, કેબીનેટમાં બેસીને પણ કામ કર્યું છે. અધિકારીઓ, કેટલાક ઉદ્યોગપતિઓના હાથે, આ પહેલો પ્રયત્ન નથી, કદાચ આપના વિભાગની ફાઇલ ઉપર હોય તો જોજો. ૧૯૯૩માં આવો એક પ્રયત્ન થયો હતો કે, ક્રિમિનલ કેસીસ ના કરવા જોઇએ, દંડ કરીને માંડવાળ કરવાનું કરીએ. અને હું યાદ કરીશ સ્વ. મનુભાઇ પરમારને, સ્વ. કરસનદાસ સોનેરીને, સ્વ. નવીનભાઇ શાસ્ત્રીને, પોતાની સરકારની કેબીનેટમાં જબરજસ્ત વિરોધ થયો હતો કે, કામદારોના કલ્યાણ માટે આવા કાયદા ન હોવા જોઇએ કે, જ્યાં માલિકોને ડર ના રહે પોલીસનો. ક્રિમિનલ કેસો બંધ કરીશું તો પૈસા આપીને તો સાહેબ કોઇ પણ છટકી જવાનો છે. કમ્પાઉન્ડેબલ ઓફેન્સ આપ કરો છો. માનનીય મંત્રીશ્રી આપ સહેજ આપે આજનું મેડન પ્રવચન હતું આપે કહ્યું. આ

વિધાનસભા ગૃહમાં એક દિવસ બધા જ પહેલી વખત બોલતા હોય છે અને પહેલી વખત બોલનાર આપણે સૌ આપણા માટે એક દિવસ એવો હોય પણ આપણે ન ભુલવું જોઇએ આપણા સૌના માટે આજ વિધાનસભા ગૃહ એક દિવસ શોક પ્રસ્તાવ પણ પસાર કરવાનો છે, આવ્યા છીએ અને જવાના છીએ. આ કાળ દરમિયાન આપણા હાથે શું થયું ? આપ કહો છો, આપના ઉદેશ્ય અને કારણોમાં કહો છે. I would like to dra w the attention of th is august House આપના Objects & Reasonsતરફ, આપના ઉદેશ્ય અને કારણોમાં આપે પહેલાં જ શું લખ્યું ? ગુજરાત તેની શરૂઆતથી જ ઔદ્યોગિક રીતે પ્રગતિશીલ રાજ્ય રહ્યું છે. તેમાં છેલ્લા દાયકામાં દેશનું ઔદ્યોગિક કેન્દ્ર, વિકાસ એન્જીન બનેલ છે. ઉદ્યોગ અને કામદાર વચ્ચેના સંબંધો ઉષ્માભર્યા, મૈત્રીપૂર્ણ રહ્યા છે, હડતાળ અથવા તાળાબંધીના કોઇ બનાવો ભાગ્યે જ બન્યા છે. ગુજરાતમાં વધુ ને વધુ ઉદ્યોગોની સ્થાપના કરવામાં આવી છે. રાજ્ય સરકારના ઉદ્યોગો અને અને કામદારો વચ્ચેના હિત સબંધમાં સમતુલા જાળવી રાખવી. આપે શરૂઆતમાં જ સ્વીકાર્યું છે કે ગુજરાતમાં કામદારો અને માલિકો વચ્ચે મૈત્રીપૂર્ણ સબંધો રહ્યા છે. જો એ સબંધો સારા જ રહ્યા છે તો એના મૂળ તો તપાસો કે આ શું કામ સારા રહ્યા છે? એ સારા એટલા માટે રહ્યા છે કે કામદારને ઇનજસ્ટીસ થઇ શકતો નથી આ રાજયમાં. ઇન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટની સેકશન- ૨૫ કોઇ કામદારને અન્યાય થાય તો માલિક છટકી ન શકે. ક્રિમીનલ કેસ, ફોજદારી ગુનો દાખલ થાય અને આ ધનપતિઓ છે ને એ આનાથી જ ડરતા હોય છે. આપણને શું એવો પ્રેમ આવી ગયો, આપણને કોણે એવી રજૂઆત કરી કે એમની સામે ફોજદારી કેસ ન કરો અને પૈસા લઇને માંડવાળ કરો. આ માંડવાળ વાળું જે છે એ કામદારો માટે અતિ ખરાબ પરિસ્થિતિ છે.

ન્યૂનતમ વેતન ધારો અને ન્યૂનતમ વેતન ધારામાં સુપ્રીમ કોર્ટે એશીયાડના કેસમાં સ્પષ્ટ કહ્યું છે. I have gone through the judgment. જે ઉદ્યોગ ચલાવનાર કામદારને લઘુત્તમ વેતન આપવાની ક્ષમતા ધરાવતા ન હોય તો તેવા ઉદ્યોગ ચલાવવાનો અધિકાર એ ઉદ્યોગપતિને નથી. Minimum wage is compulsory, one has to pay it. અને આપણે શું કર્યું? આપણે કોઇ લઘુત્તમ વેતન ધારાનો ભંગ જો કરે તો એનું અત્યારે પ્રાવધાન શું છે? આ કાયદો પસાર ન કરીએ ત્યાં સુધી શું છે? ક્રિમીનલ કેસ. આપ સુધારો શું લઇ આવો છો? માંડવાળ કરવાનો. ક્રિમીનલ કેસ નહીં કરવાનો પણ એ કેસ માંડવાળ કરવાનો. ઇન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ કલમ-૬માં ૩૧ પછીની નીચેની કલમ દાખલ કરી. એ કલમ શું છે એ મારે આપના મારફત આ ગૃહના માનનીય સભ્યશ્રીઓના ધ્યાને મૂકવી છે. સેકશન-૨૫ જે કામદારોના હિત માટે સતત ચિંતા સેવે છે અને એના જ કારણે આજે આ ગુજરાતમાં, આપણા ગુજરાતમાં કોઇક અંશે કામદારોનું હિત જળવાઇ રહ્યું છે. સેકશન-૨૫ હું ઇચ્છતો હતો કે જયારે આપ પુરવણી આપો છો ત્યારે એમાં બધી જ કલમો આજુબાજુની જે એમાં અસરકર્તા છે એને આપ મૂકો. કમનસીબે અહીંયા જે પુરવણી આપી છે એમાં માનનીય મંત્રીશ્રીએ આટલી બધી મહેનત જે બિલ સમજાવવા એમના પ્રવચનમાં કરી એના બદલે માનનીય સભ્યશ્રીઓ માટે જો આટલી ચિંતા સેવી હોત તો કદાચ આ ગૃહના માનનીય સભ્યશ્રીઓને વધારે ઉપયોગી થઇ શકત. પહેલી સૂચિમાં અહીં જે પુરવણી આપી છે કયાંથી શરૂ થાય છે? સબ સેકશન-૬ એમાં શું વાંધો હોય છે માનનીય સભ્યશ્રીઓને. હું તો જે તંત્ર ડ્રાફ્ટ કરે છે મેં અનુભવ્યું હતું એક વિભાગના મંત્રી તરીકે કે આ સરકારનું લીગલ ડિપાર્ટમેન્ટ બીજા ડિપાર્ટમેન્ટને પણ કહેતું હતું કે ના, વી આર ગોઇંગ બીફોર લેજીસ્લેટર્સ. ધારો ઘડનારા વ્યકિતઓ પાસે જઇએ. પ્રશ્નોત્તરી એ અલ્પજીવી હોય શકે પણ કાયદો બને છે એ ચિરંજીવી હોય છે અને એ ભા.જ.પ.નો કામદાર, કે કોંગ્રેસનો કામદાર કે અપક્ષનો કામદાર નથી જોતો. આ કાયદો બન્યા પછી તમામને એકસરખો લાગુ પડવાનો છે, ત્યારે આપણી પણ ચિંતા તમામ માટે કેમ ન હોઇ શકે? અને એટલા માટે જ લિગલ ડિપાર્ટમેન્ટ જ્યારે બિલનો ડ્રાફ્ટ થાય ત્યારે આવી તમામ બાબતોની ચિંતા કરતો હોય છે અને ધીરે ધીરે, ધીરે ધીરે આ જે બિલનું ડ્રાફ્ટિંગ જે રીતે પુઅર ડ્રાફ્ટિંગ સભ્યશ્રીઓને જે પુરવણી આપવાની હોય એમાં પૂરતી માહિતી ન મળે એવી પરિસ્થિતિનું નિર્માણ દિવસે ને દિવસે થઇ રહ્યું છે. મજૂર સંઘોની લડતો ચાલુ હતી. માત્ર દેશ આઝાદ થયો ત્યારે જ નહીં, એના મૂળ દેશની આઝાદી પહેલાના પણ છે. શ્રમિકોનું શોષણ લોકશાહીનું આપણે શેના માટે આવકારીએ છીએ કે જ્યાં શ્રીમંત સર્વેસર્વા નથી. એને અધિકારો નથી કોઇનું શોષણ કરવાનો? અને લોકપ્રતિનિધિ એવા કાયદોઓ બનાવે કે ગરીબ માણસોને

તકલીફ પડે તો કાયદો એને રક્ષણ આપે. અને જે સુધારાઓ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે, એમાં કેટલીક વાતો કરી કયાંક કોઇને ૪૫ દિવસના બદલે ૬૦ દિવસનું વેતન આપવાનું, કયાંક કોઇને ૨–૫ રૂપિયા વધારે આપવાના. બકરીને લીલો ઘાસચારો, ખાણ બધું આપો અને બાજુમાં ખુલ્લો વાઘ છોડી દો, તો બકરી ખાવાનું નહિ ખાય, વાઘ એને ખાશે. અને માનનીય મંત્રીશ્રી તો વેપારી વર્ગમાંથી આવનારા, સૂઝબૂઝવાળા માણસ છે. હું એમની પાસેથી અપેક્ષા રાખું છું કે કમસે કમ આ પ્રોવિઝન જે ક્રિમિનલ કેસીસને માંડવાળ કરવાની છે. આટલું માનનીય મંત્રીશ્રી બંનેય પ્રોવિઝનમાંથી દૂર કરે હું અને મારા પક્ષના સભ્યશ્રીઓ બિલને વિના વિરોધે પસાર કરવા માટે તૈયાર છીએ.

આપણે કઇ દિશામાં જઇએ છીએ. આપ રકમની બાબતમાં ૨૦૦, ૫૦૦ કે ૨૧૦૦૦ કરીશું એ આપણા કામદારોના સંબંધમાં મોટા લાગશે. મેઇન માલિક, ઇન્ડસ્ટ્રિઝનો માલિક, ઉદ્યોગપતિ, કામદારોને કામે રાખનારો માણસ એના માટે આપની ૭ હજાર, ૧૦ હજાર, ૧૫ હજાર, ૨૦ હજાર, ૨૧ હજાર કે ૨૬ હજારની રકમ સાહેબ ખાલી એને પોલીસ કેસ થાય અડધો દિવસ જેલમાં રહેવાનું આવે તો એને ખબર પડે કેટલા વિસે સો થાય છે! બાકી ૨૦ હજાર, ૨૫ હજાર રૂપિયામાં પોલીસ કેસને બદલે માંડવાળ કરવાનું આવતું હશે ને તો આપને બધા પીઠ થાબડશે. જેને ગરીબ માણસનું શોષણ કરવાનું એ આપની પીઠ થાબડશે. ગરીબ માણસના હિતેચ્છુ કયારેય કાયદાને આ સ્વરૂપે નહિ સ્વીકારી શકે. આપણે કોનું રિપ્રેઝન્ટેશન કરીએ છીએ. હું ના નથી પાડતો. કોઇ કલાસને તકલીફ પડે તો પણ આપણે એડ્રેસ કરીએ. માસનું શોષણ થાય અને કલાસને માલામાલ કરવા માટેનો કાયદો આપણાથી નહિ લાવી શકાય. માનનીય સભ્યશ્રીઓને માનનીય મંત્રીશ્રીએ બહુ લંબાણથી વાત કરી. હું ઇચ્છતો હતો કે ટૂંકમાં વાત કરે. કાયદાને અનુરૂપ કરે. શું ફેરફારથી શું અસર થવાની છે એની વાસ્તવિકતા બતાવો. સંસ્થાઓમાં અથવા રોજગારમાં કામે રાખનારા કામદારોની સંખ્યા ૧ થી ૫૦ હોય. પહેલા ગુના માટે ૧૫૦૦, બીજા ગુના માટે ૩,૦૦૦ અને ત્રીજા ગુના માટે ૬,૦૦૦. કોઇ શિક્ષા પાત્ર ગુનાનું ફોજદારી કામ શરૂ કરતા પહેલા અથવા કથિત ગુનેગારોની અરજી ઉપરથી અરજી કોણ કરવાનો છે સાહેબ.

માનનીય અધ્યક્ષશ્રીઃ હું મીનિમમ વેજીસ મારા ઉદ્યોગમાં ન આપું અને મારા સામે પોલીસ કેસ થવાનો હોય એટલે હું સરકારને કહું કે આ લ્યો ૨૧ હજાર રૂપીયા અને મને ગુનામાંથી મુક્ત કરો અને માંડવાળ કરો. કઇ દિશા તરફ? મારા માટે સૌથી મોટો ચિંતાનો વિષય એ છે કે આપણા ગુજરાતમાં જો આ દિશા આપણે નહીં બદલીએ, આ કાયદાથી ગરીબનું શોષણ કરનારને પરવાનો આપણે આપીશું કે તું ચિંતા ન કર તારી પાસે તો પૈસા છે એટલે એક નાનો એવો ટુકડો આપજે એટલે તારી સામે પોલીસ કેસ નહીં થાય, માંડવાળ થઇ જશે. આપણા ગુજરાતમાં જે નથી થતું અને આજ સુધીના આ જ ગૃહમાં બેસનારા ધારાસભ્યશ્રીઓ અને તે પહેલાંના ચિંતકોએ જે ચિંતા કરીને કાયદાની કડકાઇ રાખી છે તે ફોજદારી ગુનો કરવાનું કાઢી લઇશું તો તે શોષણ થશે અને તેનું એન્ડ રીઝલ્ટ, અંતિમ પરિણામ એ હશે કે ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે અંધેરની ભસ્મતણી ન લાદશે. ગરીબ માણસની હાય છે, તેમનો ઉકળાટ છે. આપણા ગુજરાતમાં નકસલવાદ નથી. આપણા ગુજરાતમાં આપે સ્વીકાર્યુ છે તે પ્રમાણે શાંતિ પ્રવર્તે છે તેનું કારણ છે તે કાયદાની કડકાઇ છે. ઉદેશ અને કારણો તથા વાસ્તવિકતા તે બંને વચ્ચે આસમાન અને જમીનનો ફરક છે.

મજૂર કાયદા ભંગના કેસોની દંડની રકમ વસૂલ કરીને માંડવાળ કરવાની જોગવાઇનો સ્પષ્ટ અર્થ એ થાય કે કારખાનાનો ધારો, લઘુત્તમ વેતનનો ધારો, સમાન વેતનનો ધારો, કોન્ટ્રેકટ લેબર એકટ આ બધા મજૂરોના રક્ષણ માટેના કાયદા છે. તે માત્રને માત્ર નામના જ રહેવાના. તે કાયદાનું પાલન ન કરે તેની સામે તમે ક્રિમીનલ કેસ ન કરવાના હોવ અને ટૂંકી રકમથી માંડવાળ કરવાના હોવ તો આ જે મહત્વના મેં જે ગણાવ્યા, આપ તો એક જ બિલથી લઇને આવ્યા છો. નવી પ્રથા થોડા સમયથી શરૂ કરી છે. નહીં તો એક એક કાયદાના એક એક બિલ માટે ભૂતકાળમાં તો અલગ અલગ વિધેયકો આવતા. એકસાથે મજૂરોના હિતના આ બધા જ કાયદા નિરર્થક બનશે. મજૂરોનું શોષણ ચરમસીમાએ પહોંચશે. ૧૯૨૦ પહેલાં I.L.O. ની

સ્થાપના થઇ હતી. બીજા વિશ્વ યુદ્ધ વખતે મજૂરોની અવદશા હતી તે સ્થિતિનું નિર્માણ કરવા માટે આપણે જઇ રહ્યા છીએ. ઇન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટસ એકટ–૩૧(ક)માં આપે બતાવ્યું છે કે માંડવાળની જે રકમનું કોષ્ટક છે તેમાં (૪)માં ગેરકાયદેસર હડતાળને માટે દરેક કામદારને દિવસદીઠ ૧૫૦ રૂપીયા પણ અપર સીલીંગ ૩૦૦૦ થી વધુ નહીં તેટલી રકમ ભરશે એટલે ગુનો માંડવાળ થશે.

શ્રી વિજયભાઇ રૂપાણી: કામદારનો.

શ્રી શક્તિસિંહ ગોહિલ : કામદારનો જ કહું છું. કામદારનો જ કહું છું. કામદારને આપ ૩૦૦૦ ની મર્યાદા સુધી ખેંચી જાઓ છો. પેલા નામદારો છે તેની પાસે લાખો રૂપીયા છે, હું એના ઉપર જ આવતો હતો અને એ જ કહેતો હતો કે કામદાર હડતાળ પર કયારે જાય છે? તેને તો રોજનું લઇને રોજનું ખાવાનું છે. તે માલિક નથી ત્યારે આ પ્રકારની જોગવાઇ જે છે, કામદાર માટે આ પૈસા કેમ કરવા તે પણ મુશ્કેલ થાય. આ ૩૦૦૦ રૂપીયા માલિક માટે સહેલા હોય છે. કામદાર તેની વ્યાજબી માંગ માટે અવાજ ન ઉઠાવી શકે, હડતાળનો વિચાર ન કરી શકે તે દિશા તરફ આપણે જઇએ છીએ.

આપે એક બીજી જોગવાઇ કરી છે. અમે એ જ કહીએ છીએ કે માંડવાળ ન ચાલે. એ જ કહીએ છીએ. મજૂરોના હિતમાં મજૂર કાયદાનો ભંગ બદલ માલિકની ઉભી થતી આર્થિક જવાબદારીની માફી બાબતની સત્તા રાજય પોતાના હસ્તક લઇ શકે નહીં. કાયદાના ભંગ બદલ સજાની જોગવાઇ ચાલુ રહેવી જોઇએ અને કાયદાના ભંગ બદલ સજા કરવાની સત્તા અત્યારે કોના પાસે છે સાહેબ? કોર્ટો પાસે છે. શું આપણને એ ન્યાયાલયોમાં શ્રધ્ધા નથી? કોઇ નિર્દોષ માણસ હોય અને એના સામે કેસ થાય, ક્રિમિનલ કેસ થાય High Court has power to quash the criminal complaint under section 482 of Criminal Procedure Code. તો આનો ઉપયોગ કેમ ના થાય? કે ચાલો સી.આર.પી.સી.ની ૪૮૨ મુજબ quash કરાવી દઇશું. પણ અહીંયા એવું નથી, પેલો ગુનો કરનારો જાણે છે કે મને કોર્ટમાં તો ન્યાય નહીં મળે કારણ કે મેં મજદુરને અન્યાય કર્યો છે પણ મારી સરકાર મા–બાપના હાથમાં આવી જાય કોર્ટના હાથમાંથી નીકળીને તો માંડવાળ, માંડવાળ, માંડવાળ હું કરાવી લઇશ. આ જે પધ્ધતિ છે એ કોઇ સંજોગોમાં કામદારોના હિતની છે એમ કહી શકાય જ નહીં. રાજય સરકારે.. હું વાંચતો હતો એમાં એવું છે કે તમામ મજદુરો, સંગઠનો સાથે પરામર્શ કર્યા વગર (અંતરાય) ના આમાં સમય મર્યાદા ન હોય કારણ કે આ બિલ છે અને if I will go out of scope, here is the Speaker to stop me.

ઉપાધ્યક્ષશ્રીઃ માનનીય શક્તિસિંહજી આપના સભ્યોનું લિસ્ટ છે એ પ્રમાણે આગળ વધવું પડશે.

શ્રી શક્તિસિંહ હ.ગોહિલઃ કામકાજ સલાહકાર સમિતિએ કહ્યું છે કે, રાતના ૧૨–૦૦ વાગ્યા સુધીમાં પસાર કરવાનું છે, મારા સભ્ય રાતના ૧૨–૦૦ વાગ્યા સુધીમાં ચર્ચા પૂરી કરશે. અને if I am going to step out of the scope, there are emple judgments of Hon'ble Speaker. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય હરિશ્ચંદ્રભાઇ પટેલ માનનીય અધ્યક્ષ તરીકે બેઠા હતા ત્યારે હું સાડા ત્રણ કલાક કન્ટીન્યુસ અહીંથી બોલ્યો હતો. (અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી વિસ્તૃત રીતે બોલી શકે છે અમને કોઇ વાંધો નથી.

શ્રી શક્તિસિંહ હ.ગોહિલઃ આપના સભ્યોને વાંધો છે. આ સમય મર્યાદામાં રાતના ૧૨–૦૦ પહેલા પૂરૂં કરવાનું છે, આજના દિવસમાં પૂરું કરવાનું છે. (અંતરાય) સૌરભભાઇ, પ્રશ્નોતરી હોય તો હું આગળ જરૂર ચલાવું હાઉસ ઓર્ડરમાં ન હોય તો પણ. This is the legislation and we are legislatures, લેજીસ્લેશનના બિઝનેસમાં જ્યારે હાઉસ ઓર્ડરમાં ન હોય ત્યારે ચલાવવું હાઉસના હિતમાં પણ નથી મારા હિતમાં પણ નથી. એટલે હવે ચલાવીએ. સૂચિત સુધારાઓ પ્રમાણે પ્રમાણીકરણ, ઓડીટ, મૂલ્યાંકન અને ગુનાઓની માંડવાળ જેવા પગલાંઓમાં પારદર્શીતા અને હેતુલક્ષીતા આવશે એમ જણાવે છે. સાહેબ, આમાં પારદર્શીતા ક્યાં રહી? આમાં હેતુલક્ષીતા ક્યાં રહી? I don't know who is drafting your objects and reasons. પારદર્શીતા તો ન્યાયાલય પાસે જાય તો આપણે કહી શકીએ કે, there is independent authority to decide whether person has committed crime or not,

whether the person has violated provisions of law or not and if the judiciary is deciding, no one can point out finger against any justice becase there is ample opportunity to go before the appellate authority and upto Hon'ble Supreme Court. અહીંયા તો આપ માંડવાળ કરશો આમાં પારદર્શીતા ક્યાં આવી? અને માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગપતિઓ તો ગમે તેવી માગણીઓ કરશે. 'સમરથ કો નહીં દોષ ગુસાઇ' આપણે એમના બદલે સામાન્ય માણસને આ કાયદાથી જે રક્ષણ મળતું હતું. માનનીય અધ્યક્ષશ્રી, અનફોરચ્યુનેટલી ફોર મી એન્ડ ફોરચ્યુનેટલી ફોર બીજેપી, આજે જ મારી ગળાની તકલીફ અને તબિયત બરાબર નહીં હોવાના કારણે હું બધી કલમોનું સેકશનવાઇસ, અધરવાઇસ માનનીય મંત્રીશ્રીને કલમવાઇસ મારી નોટ હતી એ કહેવું હતું કે, આપ એક એક કલમની પાછળના હાર્દને પછી એ લઘુતમ વેતનધારો હોય, આપ ઇન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ્સ એકટ હોય, પુરવણીમાં આપે લિમિટેડ આપ્યું છે, રિલેવન્ટ સેકશન પુરવણીમાં નથી કે જેથી માનનીય સભ્યશ્રીઓ તેમાંથી પસાર થઇને રજૂઆત કરે. આપે તો માત્ર એક નવી જોગવાઇ કરીએ છીએ અને કેટલું માંડવાળ કરીએ છીએ ત્યાં જ મૂકી દીધું છે. હું સમજું મારી તબિયત સારી ના હોય તો પણ મારી જવાબદારી અને પ્રાયોરિટી ક્યાં છે.

હું ફરી વખત માનનીય મંત્રીશ્રીને આપના મારફતે વિનંતી કરું છું કે આપનું આ મેઇડન બિલ છે આ બિલને ગુજરાતના કામદારોના હિત માટેનું આપનું પ્રથમ બિલ રાખો, કામદારોના અહિત કરનારની સામે ક્રિમિનલ કેસ માંડવાળ કરનારા કામદાર વિરોધી બિલ તરીકે આ બિલ ઇતિહાસમાં ના જાય, અને એટલા જ માટે કાં તો આપ આ પ્રોવિઝન પાછું ખેંચી લો, આપને એમ લાગતું હોય સહેજ મારી સમજણ ફરક હોઇ શકે છે આપ તમામ રાજકીય પક્ષના કામદાર સંગઠનના નેતાઓને બોલાવો હું એક પણ શબ્દ બોલ્યા વગર આપની ખુરશીની પાછળ બેસી રહીશ અને આ રાજ્યના કામદાર સંગઠનના, આ પાર્ટી કે તે પાર્ટીના તમામ નેતાઓ એમ કહે, આપે જે રીતે પ્રવચનમાં કહ્યું એ રીતે કે આ બિલ ગુજરાતના કામદારોના હિતમાં છે, તો મને વિશ્વાસ છે મારી પાર્ટીના નેતામાં અને મારી પાર્ટીના માનનીય સભ્યશ્રીઓમાં અને આ બિલ અમે સર્વસંમતિથી પસાર કરીશું. પણ એના માટે આપે તૈયારી રાખવી પડે કે ગુજરાતના તમામ કામદારોના એસોસીએશનના નેતાઓને આપને ત્યાં બોલાવો એમાં આ પાર્ટી કે તે પાર્ટી નહિ, એમને બિલની કોપી આપો હું ચોકકસ માનું છું કે કોઇપણ સંજોગોમાં ગુજરાતના કામદારોનું હિત ઇચ્છનારો એક પણ વ્યક્તિ આ બિલની મુખ્ય બે પ્રોવિઝન છે એને ક્યારેય સ્વીકાર કરી શકશે નહિ. ક્રિમિનલ કેસને માંડવાળ કરવાની વાત એ અન્યાયકર્તા છે અને કાં તો આ બિલને આપ પ્રવર સમિતિને સોંપો આજે કમસેકમ આજનો દિવસ એ રવિશંકર મહારાજનો જન્મ દિવસ છે અને એ જન્મદિને, જેમણે આખું જીવન ગુજરાત માટે અને ગુજરાતના કામદારો માટે સમર્પિત કર્યું એમના જન્મ દિવસે કામદારોને અન્યાય કરતું બિલ આ વિધાનસભા ગૃહ પસાર ના કરે એ જ શબ્દો સાથે હું વિરમું છું.

શ્રી પૂર્ણેશભાઇ મોદીઃ(સુરત-પશ્ચિમ)ઃ માનનીય અધ્યક્ષશ્રી, સૌપ્રથમ આજે આ ગૃહમાં આપશ્રી ઉપાધ્યક્ષની ચૂંટણીમાં આપ ઉપાધ્યક્ષ થયા છો તે બદલ હું આપશ્રીને અભિનંદન પાઠવું છું. સન ૨૦૧૫ વિધેયક ક્રમાંક-૫ મજૂર કાયદા સુધારા વિધેયક બાબતે શ્રમ અને રોજગાર મંત્રી આદરણીય શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબે આ ગૃહમાં સૌપ્રથમવાર તેમની સ્પીચ રજૂ કરી જેમાં શ્રમયોગી કામદારો, દલિત, શોષિત, પિડીત તેમજ ઉદ્યોગકારો આ બન્નેના પ્રશ્નો, મુશ્કેલીઓ, તકલીફો દૂર કરવા માટે અનેક વરસોથી જે સમસ્યા ચાલી આવતી હતી એમાં સુધારો કરવા માટે મજૂર કાયદામાં સુધારા લાવ્યા છે, જેનાથી સમગ્ર ઉદ્યોગ જગત સમગ્ર કામદાર જગત આ બન્ને વચ્ચે શાંતિનું વાતાવરણ સર્જશે એવો મને ચોકકસ વિશ્વાસ છે અને આ શાંતિના વાતાવરણના કારણે, ઉદ્યોગોની પ્રગતિ, શ્રમજીવીઓની પ્રગતિ, એમની રોજીરોટી અને આખરે રાષ્ટ્રની પ્રગતિ આ ઐતિહાસિક સુધારા વિધેયક લાવવા બદલ લાખ લાખ અભિનંદન હું વિજયભાઇ રૂપાણીને પાઠવું છું. મુળભૂત રીતે આ વિધેયકની પાછળ એની જે કલ્પના છે, જેમ અહીંયા વાત થઇ કે ગુજરાતમાં આજે પરમપૂજ્ય રવિશંકર મહારાજના જન્મજયંતિના દિવસે, મજૂરોના હિત માટે એમનું સમગ્ર જીવન ગયું છે એવો આજે એમનો જન્મ દિવસ છે અને સાથે સાથે પંડિત દિનદયાલ ઉપાધ્યાયનું જે જીવન

હતું છેવાડાના માનવીનું ઉત્થાન અને એમણે સૂત્ર આપ્યું હતું કે હર હાથકો કામ ઔર કામ કા સહી દામ આ બન્ને સૂત્રને સાર્થક કરવા માટે કેટલાય વરસોથી ચારસો ચારસો પાના લઇને, ફોર્મ ભરી ભરીને અનેક લોકો મુશ્કેલીમાં મૂકાતા હતા એની જગ્યાએ આજે ચાર પાનાનું ફોર્મ થશે અને એના કારણે એક સાનુકૂળ વાતાવરણ સર્જવામાં આવ્યું છે. એ બદલ હું સરકારશ્રીને અભિનંદન આપીશ. આજે આ દેશની અંદર અનેક પ્રાંત છે, અનેક સરકાર કાર્યરત છે. આ સરકારોમાં જે કોમ્યુનિસ્ટ તે એમ સમજતી હતી કે અમે મજૂરોના હામી છીએ પરંતુ સાહેબ મને કહેવા દો સમગ્ર હિન્દુસ્તાનમાં આ કાયદો લાવીને એ શ્રમિકોના હિતથી ઉપર ઉઠીને ગુજરાત સરકારે માનનીય આનંદીબહેન પટેલના નેતૃત્વમાં જે આ મજૂર સુધારા વિધેયક લાવ્યા છે તેના કારણે કોમ્યુનિસ્ટો જે પશ્ચિમ બંગાળમાં છે તે જે કારીગરોના અને કામદારોના હામી ગણાય છે તેના કરતા પણ આ સુધારા આખો દેશ અને દુનિયા યાદ રાખે એ પ્રકારના ઐતિહાસિક સુધારા છે. અને આના કારણે હજુ પણ આ વિધેયકના હાર્દ અને સૂચવવામાં આવેલા સુધારા જોયા અને જાણ્યા અને સમજયા પછી હું સ્પષ્ટપણે માનુ છું કે આ સુધારા શ્રમજીવીઓના કલ્યાણ અને ઉદ્યોગોને પ્રોત્સાહન આ બન્નેનું એક સમન્વય છે.

આવો સમન્વય કયારેય જોવા નથી મળતો, આવી સમરસતા કયારેય જોવા નથી મળતી મને કહેવા દો સાહેબ ભૂતકાળની અનેક સરકારમાં જે વાતો અહીંયા થાય છે પરંતુ એ સરકારમાં અનેક આંદોલનો થયા હતા. અનેક વખત અનેક ઉદ્યોગકારોને એની જે નીતિ હતી તેના કારણે સંઘર્ષમય વાતાવરણ હતું, છાશવારે હડતાલ પડતી હતી, છાશવારે લોકોના જીવન અને રોજી રોટી જે ગરીબ કામદારો જે આ હડતાલના કારણે તેના પેટે પાટા બાંધવા પડતા હતા. અને કેટલાક વર્ષોથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં નરેન્દ્રભાઇ મોદીની સરકાર આવ્યા પછી કયાંય પણ આ ઔદ્યોગિક કલેશ જોવા મળ્યું નથી. સાહેબ આ ઔદ્યોગિક કલેશ દૂર કરવા માટે આપે જે પ્રયત્ન કર્યા છે, આ જે ઔદ્યોગિક કલેશ દૂર કરવા માટે આ જે સુધારાઓ છે તે સુધારાઓ શ્રમજીવીઓના વર્ષોથી પડતર પ્રશ્નો તેને ઉકેલવા માટે આપે જે આ કામ લાવ્યા છે તે ખૂબ ઉમદા છે.

અનેક સુધારા છે ત્યારે મારે વાત કરવી છે શ્રમજીવીઓની. સાહેબ આજે કડિયો એક સામાન્ય માણસ તેની કયારેય કોઇ ચિંતા નથી કરતુ. એક અસંગઠિત કામદારના વર્ગમાંથી આવે છે અને આ કામદાર તેનું મૃત્યુ થાય, કડિયાનું મૃત્યુ થાય તો તેને બે રૂપિયા પણ કોઇ આપવાવાળુ નથી. આ કડિયાઓ, આ મકાન બાંધનારાઓ, આ પાયા ખોદનાર કારીગરોના એના બાંધકામ કામદારોના કડિયાની જે વેતન મર્યાદા ખાલી ૧૬૦૦/- રૂપિયા માસિક હતી. સાહેબ ૫૩ રૂપિયા રોજ આજે તો ચા પીવા જઇએ તો પણ ૨૦/- રૂપિયાની એક કપ ચા હોય છે. અને જયારે ૫૩/-રૂપિયાની રોજ હોય અને ૧૬૦૦/- રૂપિયા માસિક વેતન મર્યાદા હોય તો કયા સંજોગોમાં ચલાવી લેવાય ? આજે જે કાયદો ઘડવામાં આવ્યો છે કે જે મિનિમમ વેતન ધારો છે તેના ત્રણ ગણા જેટલો આ માસિક લઘુત્તમ વેતન જેટલી એની કિંમત વધારીને કરવામાં આવી છે. કયાં ૫૦-૫૩/-રૂપિયા રોજ અને કયાં મિનિમમ વેતન ધારો આને સાહેબ સાચો ન્યાય કહેવાય. હું એટલા માટે કહું છું કે સરકાર તો મિનિમમ વેતન ધારાના આધારે કામ કરે છે. સરકારની કોઇ પણ એજન્સી હોય તો એ કારીગર માટે મિનિમમ વેતન ધારો આપે છે. પરંતુ જે વચના લોકો હોય છે અને તેના આધારે જયાં રોકડ રકમની ચૂકવણી કરવામાં આવે છે ત્યાં વચ્ચેટીયાઓના કારણે, અમુક કોન્ટ્રાકટરોના કારણે તેને પૂરતાં પૈસા મળતાં નથી કેટલાક કિસ્સામાં આવું બને છે પણ સરકારે તેની પણ કાળજી રાખી છે. સરકારે આ તમામ કારીગરોને ચેક દ્વારા પેમેન્ટ કરવામાં આવે એવો જે સુધરો કરવામાં આવ્યો છે તે ઐતિહાસિક છે.

માનનીય અધ્યક્ષશ્રી, આના કારણે પારદર્શકતા આવશે, આના કારણે મજૂરોનું શોષણ અટકશે, આના કારણે મજૂરોના ઘરમાં યોગ્ય દીવો પ્રગટશે. એટલા માટે કહેવું છે કે જે શ્રમજીવીઓ, બાંધકામના કામદારો જે છે તેનું શોષણ ના થાય એના માટેનો કાયદો છે ત્યારે ઉદ્યોગ જગતની વાત કરીએ તો જે પહેલાં છ માસ અને ત્યાર પછી બીજા છ માસ માટે પણ રાજય સરકાર જાહેરનામુ બહાર પાડી શકશે. જે સુધારો થયો છે તેમાં હવે એક વર્ષ અને ત્યાર પછી પણ બીજા એક વર્ષ માટે રાજય સરકાર જાહેરનામુ બહાર પાડશે જે પણ ઉદ્યોગકારોના હિતમાં છે. આમ, ઉદ્યોગકારોનું પણ અહિત થતું હતુ ત્યાં આપણે સુધારો કર્યો છે. સાહેબ બે

આંખે આપણે કંઇ પણ જોઇ શકીએ છીએ એક આંખે જોવાથી કોઇ દિવસ ભલુ થતું નથી. બન્ને સમાન આંખની દ્રષ્ટિથી એક આંખમાં ઉદ્યોગકાર હોય તો આપણી એક આંખમાં કામદાર હોય. આવી બેવડી આપણી દ્રષ્ટિના કારણે આપણે આગળ વધ્યા છીએ. કેટલાક લોકો આજે પણ એક આંખે જૂએ છે. એ એક આંખે જોવું આજના જમાનામાં વ્યાજબી નથી.

બીજું મારે એ કહેવું છે કે જે શ્રમજીવી છે તેને કામદાર વળતર એકટના સુધારો આપણે લાવીએ છીએ. બોનસ ચુકવણી એકટમાં સુધારો લાવીએ છીએ. કોન્ટ્રાકટ એકટમાં સુધારો લાવીએ છીએ. મકાન અને અન્ય બાંધકામના કામદારો બાબતના એકટમાં સુધારો લાવીએ છીએ. આ સુધારાના કારણે કામદારોના જે વળતર અને બોનસના પ્રશ્નો છે તેવા અનેક પ્રશ્નો છે તેની રકમ તેને ઝડપથી મળી શકે, સમય મર્યાદામાં મળી શકે અને સમય મર્યાદા પછી પણ તેનો હકક અબાધિત ઉભો રહે તેવો ઐતિહાસિક સુધારો, ન ભૂતો ન ભવિષ્ય જેવો સુધારો છે. આ સુધારો એટલા માટે કે જયારે કોઇ કામદારને અકસ્માત થાય, એને વળતર લેવાનું આવે અને એના આશ્રિતો યોગ્ય સમયમાં વળતરનો દાવો નહીં કરે તો પછી એ કલેઇમ કયારેય કરી શકાતો નથી, પરંતુ એની જગ્યાએ એને આશ્રિતને આ કલેઇમ મળે તેના માટે સરકાર આશ્રિતોના દ્વારે ગઇ છે. આવો ઐતિહાસિક સુધારો કયાંય જોવા નહીં મળે, એની સાથે સાથે બીજી તરફ ઔદ્યોગિકમાં પણ આપણે સુધારો કરીએ છીએ, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ એકટમાં સુધારો થવાથી બિન જરૂરી નોટીસ જે સમય મર્યાદા જે આપવાની છે તેમાંથી પણ મુકિત મળશે. આ બન્ને વસ્તુ આપણા માટે જરૂરી છે. સરકાર આ જે સંપૂર્ણ દલિત, શોષિત પીડીત આ તમામના હિત જુએ છે. આ ગરીબોની સરકાર છે, આ દલિતોની સરકાર છે, આ શોષિતોની સરકાર છે, શ્રમેવ જયતે ની સાથે આગળ વધનારી સરકાર છે, કલ્પના કરો કે ઉદ્યોગ જગત સાથે સંકળાયેલી કોઇ ઇલેકટ્રીસીટીનું ઉત્પાદન કરતી કંપની હોય અને એ ઉદ્યોગમાં એ જો સ્ટ્રાઇક પાડે તો તેના કારણે ગુજરાતના તમામ ઉદ્યોગો બંધ થઇ જાય, તો એના માટે આપણા જે નવા કાયદાની જોગવાઇના કારણે આપણે એમાં પણ સુધારો કરી શકીએ છીએ. અને અનેક પ્રકારનો ફાયદો આપણે આમાં જોઇ શકીએ છીએ.

મારે વાત કરવી છે શ્રમિક કાયદાની જોગવાઇના ભંગ બદલ પહેલા સો કે પાંચસો રૂપિયા સુધીનો દંડ હતો હવે આ દંડ ૨૧ હજાર સુધીનો આપણે કરીએ છીએ. કયાં સો બસો રૂપિયા રીક્ષાના આવવા જવામાં ખર્ચાઇ જતા હોય છે અને એટલા માટે એ દંડ સરકાર લેતી હતી અને આજે ૨૧ હજાર રૂપિયા જે દંડની જોગવાઇ છે એમાંથી મોટી રકમ કામદારોને મળવાની છે. સરકારને નથી મળવાની, અહીંયા જે વાત કરવામાં આવી એમાં એક મહત્વની વાત મારે કરવી છે. મહત્વની વાત એ છે કે સાહેબ અહીંયા આઇ.પી.સી. એકટ આખા હિન્દુસ્તાનમાં મોજુદ છે કોઇ પણ ફોજદારી ગુનો બનતો હોય તો કોઇ અટકાવી શકે એમ નથી, આ માત્ર સગવડને આ કાયદામાં સુધારા માટે એટલા માટે લાવ્યા છીએ કે જો કોઇ સંજોગોમાં માંડવાળ કરવી હોય તો પહેલા સૌથી પહેલા કામદારોની સંમતિ જરૂરી હોય છે. જો કામદારોની સંમતિ જ ન મળતી હોય તો આ સમાધાન કે માંડવાળ થવાની નથી. એટલે અહીં જે કંઇ વાતો હમણાં માનનીય પ્રતિ પક્ષે કરી છે તેની સાથે હું સંમત નથી. ઉદ્યોગકારો માટે પણ કાયદામાં સુધારો કરી અને જે શેષની પૂરતી રચના ન રાખતા એમાં કહ્યું એકસ્પોર્ટર, જે નિકાસલક્ષી એકમો, જે શેષલેસ ઇન્વેસ્ટમેન્ટ રીઝન છે, જે નેશનલ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ મેન્યુફેકચર ઝોન છે, તેને પણ આ સુધારો લાગુ પડે છે અને એને કારણે સાહસિક ઉદ્યોગો વધશે. અને સમગ્ર દેશ અને દુનિયામાં હાલમાં જે ૧૧–૧૨–૧૩ જાન્યુઅરી વાયબ્રન્ટ સમીટ રચવામાં આવી તેમાં લગભગ ૨૫ લાખ કરોડથી વધુ એમ.ઓ.યુ. થયા અને તેના કારણે આખા દેશ અને દુનિયામાંથી ગુજરાતમાં સેંકડો ઉદ્યોગકારો અહીં આવશે. અને તેમના માટે સાનુકૂળ વાતાવરણ આવા સુધારા લક્ષી કાયદાને અનુરુપ આવશે. અને તેને કારણે આપણે અહીંયા ઉદ્યોગો લાવીને રોજગારીનું વધુમાં વધુ પ્રમાણ ઉભું કરી શકીશું.

મને કહેતા આનંદ થાય છે કે છેલ્લા દસ વર્ષમાં સમગ્ર દેશમાં એક તરફ ગુજરાતે ૭૨ ટકા જેટલી રોજગારી આપી, એમાં પણ હવે આ કાયદો આવવાના કારણે રોજગારીમાં આપણે ૭૨ ટકાથી અનેક ગણો વધારો કરી શકીશું. આના કારણે દેશ અને દુનિયાનું ધ્યાન ગુજરાત તરફ ખેંચાયું છે. પરિવર્તનશીલ ગુજરાતમાં અનેક પ્રકારના સાનુકૂળ વિધેયકો લાવવામાં આવ્યા છે. અનેક પ્રકારના લોકોને જે અનુકૂળ

સગવડ બધાને બરાબર મળી રહે એના માટે કોઈપણ ક્ષેત્ર હોય ચાહે મહેસૂલ વિભાગ હોય, આરોગ્ય હોય કે બીજા વિભાગો હોય એમાં અનેક સુધારા છેલ્લા દસ વર્ષમાં કરતાં આવ્યા છીએ. આજે શ્રમની વાત કરીએ ત્યારે ૧૯૨૦ની વાત લઇને ચાલીશું તો આવનારી પેઢી આપણને માફ નહિ કરે એના માટે આપણે આધુનિક નવા વિચારો મૂકવા જોઈએ અને માનનીય મંત્રીશ્રીએ જે વિચારો મૂકયા છે એને આવકારું છું.

માનનીય શકિતસિંહે વાત કરી એ વાતમાં હું એમ કહેવા માગું છું કે માસ અને કલાસની જે વાત છે કામદાર અને નામદારની વાત છે, સાહેબ અમે તો માસનું શોષણ ઘટે એના માટે કાયદો લાવ્યા છીએ અને કલાસનું ઉત્પાદન વધે એના માટે કાયદો લાવ્યા છીએ, એ વાત એમણે ધ્યાનમાં રાખવી જોઇએ. નામદાર અને કામદારની વાત કરીએ તો દેશ અને દુનિયામાં કેટલાક દેશો મૂડીવાદી તો કેટલાક સામ્યવાદી છે અનેક દેશમાં અલગ અલગ પ્રકારની સરકાર છે ત્યાં કેટલાય કારીગરોનું શોષણ થાય છે એનો રેશિયો કોઇ જાણે, સમગ્ર દુનિયામાં ગુજરાતને એકબાજુ મૂકવામાં આવે તો આ ઉદ્યોગકાર અને કામદાર વચ્ચે સાનૂકુળ વિધેયક લાવવાને કારણે જે શાંતિ સભાનતા જે સમરસતા ઉત્પન્ન થવાની છે એ બેનમૂન છે અને અદ્ભૂત છે. જયારે નામદારની વાત કરી કે નામદારો પૈસા આપીને છૂટી જશે. સાહેબ એવું નથી, જો કોઇ સંજોગોમાં માંડવાળ કરવાની થાય અને એના પૈસા ચૂકવવાના ઉદ્યોગપતિએ થાય તો સૌથી પહેલા કામદારની સંમતિ જરૂરી છે. કામદારની સંમતિ વગર કંઇ નથી થવાનું એટલે આ બજેટમાં આ વખતે જે આપણે મજૂર સુધારા વિધેયક લાવવામાં આવ્યું છે એ માત્રને માત્ર દરેક સ્તર ઉપર કામદારોનું હિત જોવામાં આવ્યું છે એના કારણે સવાસો કરોડના દેશમાં ગુજરાતના અસંગઠીત કામદારોના હિત માટે વાત કરતા હોય ત્યારે હું એમ કહીશ કે આ ડ્રાફટીંગ થયું છે એ સર્વશ્રેષ્ઠ છે. આ ડ્રાફટીંગના આધારે હું ચોક્કસ કહીશ કે એસ.સી. કે એસ.ટી. વિસ્તાર હોય, શોષીત વિસ્તાર હોય એ દરેકના ઘરમાં સુશાસનના રૂપમાં દિવો પ્રગટશે. અને શોષણ અટકશે. આવનાર દિવસોમાં સમગ્ર વિશ્વની અંદર ગુજરાત સુશાસનમાં પોતાનું નામ કાઢશે અને જે ભય શકિતસિંહે બતાવ્યો છે એના માટે હું એટલું ચોક્કસ કહીશ કે ઇન્ડિયન પીનલ કોડ અને બીજા અનેક ફોજદારી ગુના મૌજુદ છે ત્યારે કોઇ કારીગર ગુનાહિત ફરિયાદ માલિક સામે કરવા ઇચ્છે ત્યારે કરી શકે છે એમાં કોઇ બાધ નથી. એટલા માટે ઉદ્યોગકારોને પણ આપણે જે કંઇ મુશ્કેલી હતી એ દૂર કરવાની આપણે વાત કરી છે એને હું આવકારું છું અને ભૂતકાળ બધાને યાદ કરાવું છું કે એ જમાનામાં માત્ર હડતાલ ઉત્પાદન ઘટે, રાષ્ટ્રહિત તૂટી અને કારીગરોને પેટે પાટા બાંધવા પડે એ દિવસો દૂર થયા છે ત્યારે ફરીથી હું લઘુત્તમ વેતન ધારો જે એજન્સીને આપેલા હોય એ એજન્સી સામે પણ કડકમાં કડક પગલાં ભરીને દરેક કારીગરને મિનિમમ વેતન મળે એના માટે પણ આપ આગળ વધો એવી શુભેચ્છા સાથે આ બિલને આવકારું છું અને અનુમોદન આપું છું અને ફરીથી વિજયભાઇ રૂપાણી સાહેબને આ બિલ લાવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

શ્રી શૈલેષ મ. પરમાર**(**દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, શાસક પક્ષનો આત્મા જાગ્યો અને આપ ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે બિરાજમાન થયા. આત્મારામભાઇ, હું આપને મારા વતી ખૂબ ખૂબ અભિનંદન આપું છું. (અંતરાય) દલિતને મૂકવા જોઇએ એવું મારું સૂચન હતું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પ્રથમ વખત આ સભાગૃહમાં મજૂર કાયદા ગુજરાત સુધારા વિધેયક-૨૦૧૫ લઇને આવ્યા છે ત્યારે લોકશાહીના મંદિરમાં વિજયભાઇનું આ પ્રથમ બિલ છે. પૂ. રવિશંકર મહારાજની આજે જન્મ જયંતિ છે ત્યારે આપણે સૌએ તેમને યાદ કર્યા. ૨૨મી તારીખે ઇન્દુચાચાની પણ જન્મ જયંતિ હતી. આ બે મહાનુભાવોની જન્મ જયંતિ આ ચાર દિવસના અંતરે આવે છે અને આ બન્ને મહાનુભાવો શ્રમજીવી, ગરીબ, કામદાર માટેની લડત ચલાવનારા હતા. બિલને મેં બરાબર વાંચ્યું, તેનો અભ્યાસ કર્યો અને મંત્રીશ્રીને પણ સાંભળતો હતો.

કોઇ પણ રાજયનો પાયો એ ઉદ્યોગ ઉપર ઉભો હોય એમ કહેવાય, પણ જે ઉદ્યોગોમાં કામદાર જ ન હોય તો એ પાયો નબળો થઇ જાય છે. એટલે જમણો હાથ જો સરકાર ઉદ્યોગોને ગણતી હોય તો ડાબો હાથ એ કામદારો છે. હું એવું માનું છું કે જમણો હાથ એ કામદાર છે અને ડાબો હાથ એ ઉદ્યોગપતિઓ છે. મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એ બિલમાં જે બે-ત્રણ સુધારા છે એ સુધારાને હું આવકારું પણ છું. ખાસ કરીને

અકસ્માત વખતે કોઇક શ્રમિક કદાચ અરજી ન કરે પરંતુ અધિકારી એ અરજી કરીને અરજી કર્યા બાદ તેનું વળતર તેને મળી શકે એ જે સુધારો લઇને આવ્યા છે એ સુધારાને હું આવકારું છું.

લઘુત્તમ વેતનની વાત આવી. લઘુત્તમ વેતનના કાયદા મુજબ શ્રમિકને મળતું વળતર એ તેના બેંકના ખાતામાં જમા થાય તેને પણ હું સ્વીકારું છું અને આવકારું છું. આજે ગુજરાત રાજયમાં ૨૦૦૩થી ૨૦૧૫ સુધી કુલ ૭ વાયબ્રન્ટ સમિટ થયા અને તેના આધારે આ રાજયમાં પણ ૧૯૪૭થી ૧૯૭૬ સુધીમાં મજૂરોના અનુસંધાનમાં ૭ કાયદા નોંધાયા છે. આ ૭ કાયદાનો અમલ ૧૯૪૭થી ચાલુ છે. આ સાતેય કાયદા સરકાર દ્વારા આ બિલના માધ્યમ દ્વારા આની અંદર રજૂ કર્યા છે. કલમ–૩માં ૧૯૪૭નો  કારખાના ઔદ્યોગિક તકરાર અધિનિયમ જે સુધારવાની વાત છે. કલમ–૮માં ૧૯૪૮ ન્યૂનતમ વેતન અધિનિયમ છે. કલમ–૧૬માં ૧૯૬૫ મોટર પરિવહન કામદાર અધિનિયમનો આમાં સમાવેશ છે. કલમ–૧૯માં ૧૯૬૬નો બીડી અને સિગાર કામદાર (રોજગારીની  શરતો) અધિનિયમ આમાં ટાંકીને આવી રહ્યો છે. ખાસ કરીને ૧૯૭૦નો કન્ટ્રાકટ મજૂર અધિનિયમ  જે કલમ–૨૦માં ટાંકવામાં આવ્યો છે. એવી જ રીતે ૧૯૭૨નો  શિક્ષાપાત્ર ગુનો ગ્રેચ્યુઇટી ચૂકવણી ગુજરાત અધિનિયમ એ કલમ–૨૨માં ટાંકવામાં આવ્યો છે અને ૧૯૭૬માં કલમ–૨૨ મુજબ સમાન મહેનતાણા અધિનિયમ આની અંદર ટાંકવામાં આવ્યો છે.  માનનીય મુખ્યમંત્રીશ્રીએ બજેટની અંદર શ્રમજીવીઓને વળતર માટે રૂ.૨૫/– કરોડની જોગવાઇ કરી છે જેને આવકારું છું. માનનીય મંત્રીશ્રીની આ મજૂર કાયદા વિધેયકની અંદર જે ચિંતા છે એને લગતી ૨–૩ કલમો છે એ ખૂબ સારી છે એની પ્રસંશા કરું છું. બાકીની કલમોના આધારે જે મજૂરોના હાથ કાપી લેવાની વાત છે એ બરાબર નથી. બાકીની કલમોમાં ઉદ્યોગપતિઓના હાથ મજબૂત કરવાની વાત છે એ માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકવા માગું છું.

જે રીતે આ રાજ્યની અંદર ઘરઘાટી માટે ઘરઘાટી કામદાર કલ્યાણ બોર્ડ છે એમાં લગભગ ૭ લાખ કરતાં વધારે કામદારો છે, ઓટોરિક્ષા કલ્યાણ બોર્ડમાં ૧૮ લાખ કરતાં વધારે રિક્ષા ચાલકો આ રાજ્યમાં નોંધાયેલા છે. આપણે અસંગઠિત ક્ષેત્રના કામદારોની વાત કરીએ છીએ. એના માટે મુખ્યમંત્રીશ્રીએ રૂ.૨૫/– કરોડની જોગવાઇ કરી છે. એવા ૫ લાખ કામદારો છે. આ દેશ ખેતી પ્રધાન દેશ છે. ખાસ કરીને ખેતીમાં કામ કરતા કામદારોની સંખ્યા આ રાજ્યમાં ૬૮ લાખ કરતાં વધારે છે. ખાસ કરીને  આ બિલમાં ટાંકવામાં આવેલ બાંધકામ ક્ષેત્રના કામદારો જેવા કે, કડિયા, સુથાર, લુહાર, મજૂર વગેરેની સંખ્યા ૪૪ લાખ કરતાં પણ વધારે શ્રમિકો છે. ઉદ્યોગપતિઓની વાત કરીએ તો આમાં મોટા ઉદ્યોગોની વાત થઇ. નાના ઉદ્યોગ, મોટા ઉદ્યોગ અને કુટિર ઉદ્યોગ છે. જેની અંદર આ રાજ્યની અંદર એક કરોડ કરતાં વધારે શ્રમિકો કામ કરતા હોય ત્યારે મારે મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે, સરકાર એક બાજુ કામદારોને ન્યાય મળે, કામદારોના હક્કો છીનવાઇ ન જાય એના માટેની વાત કરે છે ત્યારે ખાસ કરીને  બાંધકામ ક્ષેત્રની સાથે જોડાયેલ વર્ગ છે, જેવા કે, કડિયા હોય, સુથાર હોય, લુહાર હોય, મજૂર હોય એની વાત કરી આ રાજ્ય સરકારે બાંધકામ કલ્યાણ બોર્ડની સ્થાપના કરેલ છે અને બાંધકામ કલ્યાણ બોર્ડ દ્વારા લગભગ રૂ.૯૦૦/– કરોડ જેટલું ફંડ ભેગું કરવામાં આવેલ છે. આ રકમ આજની તારીખે સરકાર પાસે જમા બોલે છે. આ રકમ ઉપર કામદારોનો હક્ક છે. જેનો ઉપયોગ કામદારો માટે થવો જોઇએ. રૂ.૯૦૦/– કરોડના ફક્ત એક ટકા જેટલી રકમ કામદારોના કલ્યાણ માટે વપરાય છે. કામદારોના કલ્યાણ માટે વધુમાં વધુ રકમ વપરાય તે માટે સરકારે વિચારવું જોઇએ. એક બાજુ આપણે શ્રમિકો માટે કાયદા બનાવીએ છીએ અને બીજી બાજુ કામદારોના કલ્યાણ માટેનું ફંડ વાપરી ન શકીએ અને કામદારોના હાથ કાપવાની વાત છે, આવી બે મોઢાની વાત મને સમજાતી નથી. આની અંદર બાંધકામ કામદાર કલ્યાણ બોર્ડની જે પ્રોસેસ છે, હું આ બોર્ડ સાથે જોડાયેલ છું ત્યારે બાંધકામ કામદાર કલ્યાણ બોર્ડમાં એ કામદારે જ્યાં કામ કરતો હોય ત્યાંથી ૩ માસનું સર્ટિફિકેટ લેવું પડે છે અને આ બોર્ડમાં એનું રજીસ્ટ્રેશન કરાવવું પડે છે. આવા અનુભવના સર્ટિફિકેટનું રજીસ્ટ્રેશન કરાવવું પડે છે. આ એક એવી પ્રથાને લીધે બાંધકામ ક્ષેત્ર સાથે જોડાયેલ કામદાર એનું રજીસ્ટ્રેશન કરાવી શકતો નથી. શ્રમિક કાયદા સાથે જોડાયેલ લેબર એક્ટ છે. કોઇપણ ઉદ્યોગપતિ ફેક્ટરી નાંખે, કોઇપણ કારખાનું નાંખે તો ગુજરાતનો લેબર એક્ટ એમ કહે છે કે, આ કારખાનાની અંદર કામ કરતા કામદારો છે એ ૯૦ ટકા ગુજરાતી હોવા જોઇએ અને ૧૦ ટકા જ ગુજરાતની બહારના હોવા જોઇએ.

આ જ વિધાનસભા ગૃહની અંદર સાણંદમાં નખાયેલો એક નેનો પ્લાન્ટ અને એ નેનો પ્લાન્ટની અંદર ગુજરાત સરકારના લેબર એકટ મુજબ ૯૦ ટકા લોકો ગુજરાતી હોવા જોઇએ. તેમ છતાં પણ નેનો પ્લાન્ટની અંદર ૯૦ ટકા ગુજરાતીની જગ્યાએ એ લેબર એકટનો વિરોધ કરીને, લેબર એકટના નિયમનું ઉલંઘન કરીને ૯૦ ટકા ગુજરાતીઓને લેવામાં આવ્યા નથી અને સરકાર જાણતી હોવા છતાં અજાણ હોય એમ નેનોને લાભ આપ્યો પણ નેનોએ જયારે લેબર એકટનો વિરોધ કર્યો, જયારે લેબર એકટની વિરૂદ્ધ ગઇ પણ સરકાર એની સામે પગલા ના લઇ શકી, આ બિલમાં પણ એવું જ છે, કે આ બિલના આધારે શ્રમિકો સામે પગલા લેવાશે પણ ઉદ્યોગપતિઓ સામે પગલા નહીં લેવાય એવું આ બિલની અંદર સ્પષ્ટપણે હું જોઇ રહ્યો છું.

અસંગઠિત કામદારની વાત આની અંદર થાય છે, આપણે અસંગઠિત કામદારની વાત કરતા હોઇએ ત્યારે એનું ન્યૂનતમ વેતન એ ઉદ્યોગપતિઓ, એ ફેકટરીઓ દ્વારા એને આપવામાં આવે છે કે કેમ એ જોવું જોઇએ. માનનીય મંત્રીશ્રી કહેતા હતા કે ઇન્સ્પેકટર પાસે જવું નહીં પડે, એ ઇન્સ્પેકટર ચેક નહીં કરે, એનું ફોર્મ રજીસ્ટ્રેશન કરાવી દેશે, ઓન લાઇન થઇ જશે અને એનો હક એને મળી જશે. માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મારે કહેવું છે કે શું ન્યૂનતમ વેતન દ્વારા એ ફેકટરીમાં નોકરી કરતો એ શ્રમિક કે જેનો વીમો લેવામાં આવે છે કે નહીં, એનો પ્રોવિડંડ ફંડ કાપવામાં આવે છે કે કેમ? એને આઇ–કાર્ડ આપવામાં આવે છે કે કેમ? ગુજરાતની વિવિધ સંસ્થાઓ, યોજનાઓ દ્વારા એને હાઉસિંગ યોજના મુજબ એનો હકક એને મળવામાં આવે છે કે કેમ? આ પણ સરકારે આ વિધેયકના આધારે શ્રમિકોના હિત ખાતર આ વિચારીને આગળ પગલું લેવું પડશે. વાત આવે છે નવા કાયદાની, બહુમતિના જોરે સો ટકા કાયદો પણ આજે પસાર પણ થઇ જશે, હું જે ચિંતા કરી રહ્યો છું એ મારી ચિંતા એ છે કે કાયદો આજે ઘડાશે, ૨૧ હજારનો દંડ લઇને એની વસૂલાત કરાશે, બીજા અનેક પ્રોવિઝનો એની અંદર છે, જેના આધારે ઉદ્યોગપતિઓની આજની રાત મહેફિલ મળવાની રાત હશે એવું ચોકકસપણે માનવું છે.

મારે કહેવું છે કે જયારે સરકાર બિલ લઇને આવી છે ત્યારે, શ્રમિકો અને મજૂરોની વાત કરે છે ત્યારે જે ૧૯૬૦થી આજે ૨૦૧૫ સુધી જે શ્રમિકોએ કામ કર્યુ છે, જે શ્રમિકોએ પોતાનો પસીનો વહાવીને ગુજરાતને આગળ લઇ જવાની વાત કરી છે, એના થોડા આકડા માનનીય મંત્રીશ્રી આપની સમક્ષ આ સભાગૃહ સમક્ષ હું મૂકવા માગુ છું. અમદાવાદ શહેર એક જમાનામાં માંચેસ્ટર હતું. મીલોથી ધમધમતું હતું. ગુજરાતના કોઇપણ ગામમાં રહેતો મજૂર એ પોતાના ગામમાં ખેતી છોડીને નોકરી કરવા માટે એ અમદાવાદ શહેરમાં આવતો હતો. (અંતરાય) હું રાજકારણમાં ધારાસભ્ય તરીકે પાટલી થપથપાવવા નથી આવ્યો. પણ જે હકકની વાત હશે, જે મજૂરના અહિતની વાત હશે એ વાત હું સામે કહેવા માટે આજે આવ્યો છું. મારા સાથી મિત્રો સાંભળી રહ્યા હતા કે આ દલિતોના હિતની વાત છે, આ આદિવાસીઓના હિતની વાત છે. મારે સભાગૃહમાં બેઠેલા તમામ ધારાસભ્ય મિત્રોને કહેવું છે મજૂરની વ્યાખ્યામાં દલિત નથી આવતો. મજૂરની વ્યાખ્યામાં આદિવાસી નથી આવતો. મજૂરની વ્યાખ્યામાં સવર્ણ પણ આવે છે અને મજૂરની વ્યાખ્યાની અંદર આ રાજયમાં વસતો એકે એક વર્ગ આવે છે માટે તમામ વર્ગોને આવરી લેતું આ બિલ છે. મારે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે. આ કાયદાનો અમલ આજે આપ કરવા જઇ રહ્યા છો, આજે ગુજરાતની અંદર અને અમદાવાદ શહેરની અંદર જે બંધ મિલો પડેલી છે, એક જમાનો હતો માન્ચેસ્ટરના નામથી ઓળખાતું આ અમદાવાદ શહેર કે જેમાં જી.એસ.ટી.સી.ની બાર મિલો ચાલતી હતી અને આ સભાગૃહમાં ટ્રેઝરી બેન્ચ ઉપર મારા સ્વર્ગીય પિતાશ્રી મનુભાઇ પરમાર બેસતા હતા, મને એ વાતનું ગૌરવ છે. એમને સરકારની અંદર સારું ખાતું આપવાની માનનીય મુખ્યમંત્રીશ્રીએ જયારે વાત કરી હતી ત્યારે એમણે એવું કીધું હતું કે હું મજૂરનો દીકરો છું, મારે શ્રમ ખાતુ જોઇએ છીએ અને શ્રમમંત્રી તરીકે શાસક પક્ષમાં બિરાજયા હતા. શાસક પક્ષમાં બિરાજયા પછી એ મજૂરના દીકરા તરીકે અમદાવાદ શહેરમાં ચાલતી બાર જી.એસ.ટી.સી. મીલો જેનું રાષ્ટ્રીયકરણ કર્યુ અને એ છ મિલો એ કોંગ્રેસની અમરસિંહભાઇ ચૌધરીની સરકાર અને શ્રમમંત્રી મનુભાઇ પરમારના પ્રતાપે એ મિલો ચાલુ થઇ હતી. કહેતા હતા કોણે બંધ કરી? ૧૯૯૮થી અમદાવાદ શહેરમાં ૬ જી.એસ.ટી.સી.ની મિલો ચાલતી હતી એ બધી બંધ થઇ ગઇ છે. એનો જસ જતો હોય તો શાસક પક્ષને જાય છે. ખાસ કરીને અમદાવાદ શહેરમાં જે મિલો બંધ થઇ એમાં સરકારે નિયમ બનાવ્યો કે ૨૦ ટકા

જમીન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને આપવી પડશે અને ૨૦ ટકા જમીન કોર્પોરેશનને મળે એમાંથી સરકારની યોજના મુજબ અલગ અલગ કેટેગરીમાં એમને રહેવા માટેના મકાનો બનશે. આ પગલાને હું આવકારું છું. પણ સાથે કહેવું છે કે કોઈકે મિલ વેચી અને કોઈકે મિલ લીધી પણ એ મિલમાં નોકરી કરતો કામદાર હોય, હું ઓન રેકર્ડ કહેવા માગું છું. (અંતરાય) મિત્રો, સાંભળો, હું મારા ખિસ્સાની વાત નથી કરતો. મારી પાસે મજૂર મહાજન સંઘ છે કે જે મિલ કામદારો માટેનો સંઘ છે અને એમના માટે લડત ચલાવે છે એણે મને લેખિતમાં આપ્યું છે કે અમદાવાદ શહેરમાં ૧૮ મિલોના ૪૬,૧૯૪ કામદારો આ મિલો બંધ થવાના કારણે બેકાર બન્યા છે. (અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, બિલ ઉપર, એના સેકશન ઉપર, એની અસરો ઉપર બોલે. આ ભૂતકાળની વાતો છે. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : બિલની બહાર એક શબ્દ બોલતો નથી. સરકારે જે માંડવાળની વાત કરી છે.

ઉપાધ્યક્ષશ્રી : શૈલેષભાઇ, બિલ ઉપર બોલો. તમારા સભ્યોને શાંત પાડો. તમારા સભ્યો બોલે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : બિલની બહાર નથી બોલતો. આમાં ભૂતકાળમાં હતું કે કેસ કરી શકે. ફોજદારી કોર્ટમાં કેસ થઇ શકે. ઉદ્યોગપતિઓ સામે કેસ થઇ શકે. એ કેસો બંધ કરવાનું પ્રોવિઝન આ બિલમાં છે અને આ બિલની અંદર બોલું છું. હું જે ચિંતા કરી રહ્યો છું, માનનીય મંત્રીશ્રી હજી ભૂલ કરે છે. આ લોકોના લેણા છે એ આ કાયદો ઘડ્યા પછી એની જવાબદારી કોની? આ બિલના આધારે સરકાર એ જવાબદારી લેશે કે કેમ? એનો આમાં સમાવેશ કર્યો છે કે કેમ? (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : મંત્રીશ્રી, આપના પ્રવચનમાં લઇ લેજો. શૈલેષભાઇ, તમારા સભ્યો બોલે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બિલમાં કહ્યું છે કે માંડવાળ કરાશે. માંડવાળના બાબતે મારે કહેવું છે કે ૪૩,૧૯૪ કામદારો છે એ કામદારોને આજની તારીખમાં ૨૮૫.૮૫ કરોડ રૂપિયા લેવાના નીકળે છે. આને સરકાર માંડવાળ કરવા માગે છે કે કેમ? મંત્રીશ્રી એમના જવાબમાં એ અંગે સ્પષ્ટતા કરે એવી માગણી કરું છું. જેવી રીતે લેબર કોર્ટમાં પડતર કેસો પુષ્કળ છે, આપ માંડવાળ કરવા જઇ રહ્યા છો ત્યારે આ જે લેબર કોર્ટો આ રાજ્યમાં કાર્યરત છે એ લેબર કોર્ટો માટે આપ શું કરશો? એ સ્મોલ કોઝ કોર્ટ હોય, ઔદ્યોગિક અદાલત હોય કે લેબર કોર્ટ હોય, એની પાસે આજે પણ ૨૪,૬૫૧ કેસો દાખલ થયેલા છે. અને એક વર્ષ કરતા પણ વધારે પડતર હોય એવા ૨૬૪૬૧ કેસ છે. આવી જ રીતે વીસેક હજાર જેટલા કેસો રાજકોટ, સુરત અને વડોદરામાં પેન્ડિગ અને પડતર પડેલા છે અને એના આધારે જ માનનીય મંત્રીશ્રીનું થોડું ધ્યાન દોરવું છે કે શ્રમિકોની વાત કરી, શ્રમજીવીઓની વાત થઇ અને માનનીય પ્રધાનમંત્રીશ્રીએ એક સરસ સૂત્ર આપ્યું છે. **''શ્રમમેવ જયતે''** ૨૮૫.૮૫ કરોડ રૂપિયા **શ્રમમેવ જયતે** ના બાકી છે એમાં સરકાર ચિંતા કરે. હું ધ્યાન દોરવા માગું છું કે, આજે મારી પાસે કેગનો રિપોર્ટ છે આ બિલની બહાર નહિ બોલું વિજયભાઇ. બિલમાં તમે જે સૂચવ્યું છે તેના આધારે જ કહું છું. (અંતરાય) તમે ઘડીયે ઘડીયે ઊભા થઇ જાવ છો. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : શૈલેષભાઇ, આપ (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ કેગના રિપોર્ટના આધારે બોલું છું અને બિલના આધારે કે રાજ્ય સરકારના (અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પોતે એવું કહે છે કે હું બિલના આધાર પર બોલું છું. આખા બિલની અંદર માંડવાળ, ફોજદારી કેસ ના કરવો એવો આખા બિલની અંદર કયાંય ઉલ્લેખ જ નથી અને માનનીય સભ્યશ્રી એના આધાર ઉપર આ સરકાર કાયદો લાવીને ફોજદારી કેસો નહિ કરે એવી માનનીય અધ્યક્ષશ્રી, સત્યથી વિહોણી વાત કરે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બિલમાં જ છે. (અંતરાય)

શ્રી વિજયભાઇ રૂપાણી : એક મિનિટ, શૈલેષભાઇ, પહેલા વહેલા તો માંડવાળની જે જોગવાઇ છે. (અંતરાય) ભાઇ, વાત સાંભળો.

ઉપાધ્યક્ષશ્રી : પૂંજાભાઇ આપ બેસો. (અંતરાય) શૈલેષભાઇને વાંધો નથી તમે શું કામ ઊભા થઇ જાવ છો? પૂંજાભાઇ, અશોકભાઇ, અનિલભાઇ જોષીયારા..

શ્રી વિજયભાઇ રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, આખા બિલમાં માંડવાળની જોગવાઇ માત્ર અને માત્ર શ્રમિક અને મિલ–માલિક સંમત થાય તો જ છે, નહિતર ફોજદારી કેસની છૂટ છે. હાઇકોર્ટમાં અપીલ કરવાની છૂટ છે અને આમાં પણ હજી આગળ એથી એટલે શક્તિસિંહે એ વખતે બિલમાં લખ્યું હતું કે, આ ચર્ચા ખોટી ચાલે છે એટલા માટે હું વાત કરું છું. (અંતરાય )

ઉપાધ્યક્ષશ્રી : શૈલેષભાઇ, તમે ફક્ત બિલ ઉપર જ બોલો.

શ્રી વિજયભાઇ રૂપાણી : એક મિનિટ, માનનીય અધ્યક્ષશ્રી, કયાંય શ્રમિકોના અધિકાર છીનવાતા નથી. લેબર કોર્ટ, હાઇકોર્ટ, સુપ્રીમ કોર્ટ સુધી શ્રમિક જઇ શકે. પરંતુ બંને લોકો સંમત થાય તો માંડવાળના આધાર ઉપર જે પોતે બોલે છે કે લેબરકોર્ટ, હાઇકોર્ટમાં જે ઠરાવો છે એ ઠરાવો દૂર કરવા માટે આ જોગવાઇ છે.

ઉપાધ્યક્ષશ્રી : આપે સંબોધન કરવાનું છે એ વખતે પણ લઇ શકો છો.

શ્રી વિજયભાઇ રૂપાણી : એક મિનિટ, માનનીય અધ્યક્ષશ્રી, આ ચર્ચા ખોટી ના ચાલે ને, એટલા માટે કહું છું.

ઉપાધ્યક્ષશ્રી : ભાઇ, શૈલેષભાઇને વાંધો ના હોય તો પૂંજાભાઇ તમે શું કામ ઊભા થઇ જાવ છો? શૈલેષભાઇ, કેરી ઓન પ્લીઝ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે ગુજરાત મજૂર કાયદા સુધારા વિધેયક છે. વિધેયકના પાના નં. (અંતરાય) શાંતિ રાખો, આપણે ધારાસભ્યો મજા ના લો પ્લીઝ. માનનીય મંત્રીશ્રીએ જે બિલ રજૂ કર્યુ છે એ બિલના આધારે પાના નં.૨૧ ચોથા ફકરામાં, ના માંડવાળ માટે લખ્યું છે. એવી જ રીતે હું જે આપનું ધ્યાન દોરવા માગુ છું – કલમ ૧૪(૧) માં શિક્ષાપાત્ર ગૂનામાં માંડવાળ કરવા માટે લખેલું છે. એ જ રીતે કલમ ૧૯ની અંદર પણ લખેલું છે. આ બધી જ કલમો વાંચું છું એમાં ક્લિઅરલી કલમ ૨૪ માં પણ લખેલું છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપનું ધ્યાન દોરવું છે કે, કેગે પણ કીધું છે કે ૫૪૦.૮૮ કરોડ રૂપિયા બાંધકામ ક્ષેત્રના કામદારો માટે કલ્યાણ બોર્ડના ખાતામાં તબદીલ ના કરવાના કારણે ૫૪૦.૮૮ કરોડ રૂપિયા પડી રહ્યાં. એવી જ રીતે માનનીય અધ્યક્ષશ્રી, કામદારો માટેનું જે સરવેની વાત છે એ કરવાની અંદર આવી છે ત્યારે કદાચ ધારાસભ્ય મિત્રોને આ બિલ માટે કદાચ *(xxxxxx) એટલે (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દો રેકર્ડ ઉપરથી દુર કરું છું. આપના આ શબ્દો હું રેકર્ડ ઉપરથી દુર કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ વ્યક્તિને રાજકીય ટિકિટ મળે, એ કોઇ પણ રાજકીય પાર્ટી હોય (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : શૈલેષભાઇ આપ બિલ ઉપર આવો ને, આ બિલ ઉપર નથી આવતું.

શ્રી શૈલેષ મ. પરમાર : બિલ ઉપર જ છું, માટે શ્રમિકોના (અંતરાય) ( આ તકે સભ્યશ્રી કિરીટસિંહ રાણા તેમના સ્થાનેથી કાંઇક બોલતાં)

ઉપાધ્યક્ષશ્રી : તમારે બોલવાનું છે એમાં તમે લઇ લેજો બાપુ.

શ્રી શૈલેષ મ. પરમાર : અને ખાસ કરીને માનનીય અધ્યક્ષશ્રી, કલમ –૫ અને ૬ની અંદર સો ટકા નિકાસલક્ષી ઔદ્યોગિક સંસ્થાઓ, એસ.આઇ.આર., એન.આઇ.એમ.જી.માં સ્થાપવામાં આવેલ ઔદ્યોગિક સંસ્થાઓને કામદારોની નોકરીની સમાપ્તિના કિસ્સામાં કામદારોને પીસ્તાળીસ દિવસના પગારના બદલે સાત દિવસનું વળતર આપવાની જોગવાઇ અને એમ્પ્લોયમેન્ટ છૂટા કરવાની જે જોગવાઇ કરવામાં આવી છે એ શ્રમિકોના બિલકુલ વિરોધી છે. આ બિલ એ શ્રમિક વિરોધી બિલ છે અને મારે દુ:ખ સાથે કહેવું પડે છે આજે માનનીય અધ્યક્ષશ્રી, કે માનનીય મંત્રીશ્રી પ્રથમ વખત, પ્રથમ બિલ લઇને આવ્યા અને એ પણ મજૂરો વિરોધનું બિલ લઇને આવ્યા. આજે હું એવું માનું છું કે, આ મજૂરો માટે કાળો દિવસ છે. આ બિલને કોઇ

---

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

સંજોગોમાં સ્વીકારી શકાય એમ નથી. મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, મજૂરોના હિતની જો વાત કરતા હોય તો શ્રમિકોનો સાથ પણ ઉદ્યોગપતિઓના વિકાસનું આ બિલ છે ત્યારે આ બિલને માનનીય મંત્રીશ્રીએ પાછુ લેવું જોઇએ, પ્રવર સમિતિને સોંપવું જોઇએ અને જે પણ લેબર સાથે જોડાયેલા સંગઠનો છે એની સાથે ચર્ચા વિચારણા બાદ સરકાર આ બિલ લાવશે તો સો ટકા એક ધારાસભ્ય તરીકે હું મંત્રીશ્રીને ટેકો આપવા માટે તૈયાર છું પણ આ બિલને અત્યારના આ સંજોગોમાં આ કાળા બિલને હું ટેકો આપી શકું એમ નથી.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહમાં આપની ઉપાધ્યક્ષ તરીકેની જે વરણી થઇ છે એ બદલ અમારા બધા વતી આપને હૃદયપૂર્વકના અભિનંદન આપીએ છીએ અને આપના અનુભવનો લાભ અમને કાયમને માટે મળતો રહેશે એ જ અભ્યર્થના સાથે આજે અમારા માનનીય શ્રમ અને રોજગાર મંત્રી આદરણીય શ્રી વિજયભાઇ રૂપાણીએ જે સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૧૫નું મજૂર કાયદા (ગુજરાત સુધારા) વિધેયક લાવ્યા છે એને હું અનુમોદન આપવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વના કોઇ પણ રાષ્ટ્રના વિકાસના પાયામાં શ્રમ સમાયેલો છે અને એટલે જે જીવાની શરૂઆતથી શ્રમિક રહેલા તેજ, તમન્ના અને તાકાતના પ્રતિનિધિ આપણા વડાપ્રધાન, પહેલી જ વાર એમણે એમ કહ્યું કે, હું કામદાર છું. એવું સ્વીકારી રાષ્ટ્રના વિકાસમાં શ્રમિક બનવાની અપીલ કરી છે. શ્રમિક એક ધબકતા વિશ્વનો શ્વાસ છે અને જગતના મહાન તત્વચિંતક કાર્લ માર્કસે ઝડપી ન્યાય માટે કહેલું.(આ તકે સભ્યશ્રી શક્તિસિંહજી ગોહિલે તેમનું સ્થાન લેતાં) ત્યારે શક્તિસિંહજી પણ આવી ગયા છે એ આ વાત મને એમ લાગશે કે એ સાંભળશે. એમણે એમ કહ્યું કે, શ્રમિકોનો અધિકાર શ્રમિકોનો પરસેવો સૂકાઇ જતા પહેલાં મળી જવો જોઇએ અને અત્યાર સુધી આ વિધાન અધુરુ જણાતું હતું. એમાં રહેલી ઉણપો, એમાં રહેલી ખામીઓ દૂર કરવા, આગવી કોઠા સૂઝ વાપરીને મજૂર કાયદામાં જે ફેરફાર કર્યો છે એ આંખે ઉડીને જાજરમાન અને દૈદિપ્ત્વમાન છે એમ કહું તો ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે જે કલમોની વાત કરવી છે, ઘણી કલમોની અહીંયા વાત થઇ. હું જે મુખ્ય કલમોની વાત કરું છું અને જે ન ભૂતો ન ભવિષ્ય, એમણે જે એક વાત કરી છે કે, એમ્પ્લોય કોમ્પેન્શેસન એકટ એમાં ૧૯૨૩ની કલમની અંદર એણે ૨૨મી કલમની અંદર અત્યાર સુધીની અંદર કામદાર વળતર અધિનિયમની અંદર એ અકસ્માત થાય, અપંગતા આવે, મૃત્યુના કિસ્સામાં ૯૦ દિવસની અંદર જો આપ કમિશનર સમક્ષ અરજી ના કરો તો એને લાભ નથી મળતો.

માનનીય અધ્યક્ષશ્રી, હું એમ કહેવા માગું છું કે, આ સરકાર તમારા દ્વારે આ પહેલીવાર સમગ્ર દેશની અંદર, ગુજરાતમાં આ પહેલીવાર આ કલમનો જો ઉલ્લેખ થયો હોય તો આ પહેલીવાર થયો છે. મિત્રો ઔદ્યોગિક શાંતિના એક ઉદ્દિપક તરીકે આ કલમ હંમેશા કયા રહેશે. એમ માનું છું કે હકકથી વંચિત રહેતો મારો કામદાર એક રેમેડી એને મળશે અને એની જે પરિસ્થિતિ છે કે ૯૦ દિવસ પછી હવે મારું શું થવાનું છે એની જગ્યાએ સરકારના અધિકારી એની પાસે જઇને એને વળતર અપાવશે. આ જેવી તેવી વાત નથી. માનનીય પ્રધાનમંત્રીએ જનધન યોજનાનો જે ક્રાંતિકારી નિર્ણય લીધો છે અને એના જ માટે અધિનિયમ ૧૯૪૮ અને કલમ–૧૧ની અંદર એમણે જે ફેરફાર કર્યા છે એમાં સંસ્થા, કારખાના જેવા ઓછામાં ઓછા ૨૦ કામદારો જેમણે રાખ્યા હોય એનું વેતન બેંકમાં હવેથી જમા થશે. માનનીય અધયક્ષશ્રી, આ જેવી તેવી વાત એટલા માટે નથી કે આ એક આશીર્વાદરૂપ કલમ એમાં ઉમેરાઇ છે અને એને લીધે શોષણ દૈર થઇને પૂરેપૂરું વેતન એને મળશે.

બીજી બાજુ જો હું વાત કરું તો અહીંયા અમારા કનુભાઇથી લઇને જે ઇન્ડસ્ટ્રીઝ ચલાવે છે એ બીજા બધા પણ અહીંયા બેઠા છે. એક જમાનો એવો હતો કે અમારું વાપી હોય કે ત્યાંથી આગળ ચાલીને ભરુચ હોય ઇન્ડસ્ટ્રીઝની અંદર એમ ખબર પડે કે પહેલી તારીખે હોય, એમ ખબર પડે કે બાર તારીખે છે. જયારે પગાર થવાનો હોય ત્યારે કેટલાય કિસ્સાની અંદર કેશિયરો પણ લુંટાતા હતા. હવે આ પણ બંધ થઇને એમને ટ્રાન્સપરન્સી મળશે અને એમને લઘુત્તમ વેતન મળશે. જો કોન્ટ્રાકટ બેઝ હોય, આજે આપણે ચારસો રૂપિયા કોન્ટ્રાકટરને આપણે આપી દઇએ છીએ, એ એના મજૂરોને બસ્સો રૂપિયા પણ આપે છે, ત્રણસો રૂપિયા પણ આપે છે પણ આ કલમથી હું એમ માનું છું કે એક આશીર્વાદરૂપ કલમ આમાં ઉમેરાઇ છે. મારે વિશેષ વાત

એટલા માટે કરવી છે. અહીંયા જયારે શકિતસિંહ બેઠા છે, મને લાગે છે કે અત્યાર સુધીમાં ૩૧માંથી એક જ કલમનો એમણે વિરોધ કર્યો હોય એમ લાગે છે. બાકીની બધી કલમમાં એમણે સંમતિ આપી હોય એમ લાગે છે. કેમકે માંડવાળની જે વાત છે. હું વિશેષ વાત એટલા માટે કરું છું કે માંડવાળમાં ખૂબ સારી વાત અમારા મંત્રીશ્રીએ કરી કે આપણે ધારોકે આ બાબતની અંદર એક વાત એમણે સ્પષ્ટ કરી કે માલિક અને મજૂર બંનેની સંમતિ હોય તો જ માંડવાળ થઇ શકે છે. આજે હું કામદાર છું એટલે કહી શકું છું. કેટલા વર્ષથી ગ્રેજયુઇટી માટે, કેટલા વર્ષથી વેતન માટે આજે કોર્ટમાં કેસ ચાલે છે, એક પણનો નિકાલ નથી આવ્યો. લગભગ એ જો કેસનો નિકાલ આવે તો આજે ૩૩–૩૪કરોડ રૂપિયા અને દોઢ સો વર્ષ પણ પૂરા થાય એવી ન્યાયિક પ્રક્રિયા છે અને એને લીધે બંનેની સંમતિ થાય અને એની અંદર કામદારને એના માલિકમાંથી ૭૫ ટકા મળે છે. મિત્રો, હું તો એમ કહું છું કે સર્વાનુમતે થઇને આ એક ક્રાંતિકારી નિર્ણય છે એમ કહું તો ખોટું નથી.

બીજી સેલ્સ સર્ટીફીકેટની જે વાત કરવામાં આવી છે. કોન્સોલીડેટેડ એન્યુઅલ રિટર્ન સ્કીમ આ પણ જેવી તેવી વાત નથી. ૪૦–૪૨ પાનામાંથી ફકત ને ફકત એક પત્રક જયારે ભરવાનું હોય છે. હું તો એમ કહું છું માનનીય આનંદીબેનના નેતૃત્વમાં સ્ત્રી સશકિતકરણની વાત છે અને આને લીધે વર્કર્સ અને માલિક બંનેનું સશકિતકરણ થશે એમ કહું તો ખોટું નથી. કારણ કે માલિક જે નકકી કરે છેએ એના ફોર્મની અંદર ભરી દે છે કે ધારોકે આટલી આટલી અમે જોગવાઇ કરી છે પરંતુ વેબસાઇટ પર ઓનલાઇન મજૂરો પણ આ વાત જોઇ શકે, આ ફોર્મની સંપૂર્ણ માહિતી જોઇ શકે અને માલિકે ખોટી માહિતી જો આપી હોય તો એ પકડી શકે છે. એક જ દાખલો આપીશ કે લગભગ છ સાત વર્ષ પહેલા જે પ્રોસેસીંગની અંદર યાન ડાઇંગ હોય છે. એ યાન ડાઇંગની અંદર માલિકે લખીને આપ્યું, ફોર્મ ભરીને આપ્યું લેબર કમિશ્નરને કે અમે તમામને ગમ બુટથી માંડીને, એપેલન્ટથી માંડીને તમામ સાધનો આપ્યા. એ વખતે એક એકસીડન્ટ થયો અને સો ડીગ્રી ટેમ્પરેચરની વચ્ચે જયારે મજૂરોએ કામ કર્યું અને એને નથી એપેલન્ટ મળ્યા કે નથી ગમ બુટ મળ્યા અને નાછૂટકે બે જણનો જાન ગયો. આ પેપરમાં પણ દાખલો હતો. હું એમ માનું છું કે એને જીવતદાન મળશે, એ બચી જશે કારણ કે એણે જે ફોર્મમાં જે કબૂલાત કરી છે એ તમામ કબુલાત અમારો શ્રમયોગી વેબસાઇટ પર જોશે તો એને જે અધિકાર આપ્યો છે એ ખૂબ સારી રીતે મળશે એમ કહું તો ખોટું નથી. ન ભૂતો ન ભવિષ્યતિ. બેકારી વળતરની વાત છે એમાં એમ લાગે છે કે વિરોધ પક્ષના સભ્યો સમજયા નથી. બેકારી વળતરની અંદર સો ટકા નિકાસલક્ષી ઔદ્યોગિક સાધનો જે છે અને ખાસ મૂડીરોકાણના જોનની અંદર ૧૫ દિવસનું વળતર તો એની જે નોર્મલ ગ્રેજયુઇટી છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : બિલ પર આવો.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, વોહ કત્લ ભી કરતે તો ચર્ચા નહિ હોતી, હમ આહે ભી ભરતે હે તો હો જાતે હૈ બદનામ. બેકારી વળતરની જે વાત છે. એ ૧૦૦ ટકા નિકાસલક્ષી જે ઔદ્યોગિક સાધનો છે એની અંદર વર્ષના ૪૫ દિવસની જગ્યાએ વર્ષના ૬૦ દિવસનો પગાર એને આપવાનો થાય છે. આમ જેવીતેવી વાત નથી. આ ખૂબ ક્રાંતિકારી નિર્ણય શ્રમમંત્રીશ્રીએ લીધો છે. આ ગુજરાત એવું પહેલું રાજય છે, કહેવાતા પશ્ચિમ બંગાળના રાજય હોય કે કેરળના રાજય હોય એણે પણ આજ સુધીનો આ નિર્ણય નથી લીધો. મારે વિશેષ વાત બધી કલમોને આવકારું છું અને છેલ્લે એમ કહું છું કે ઇન્ડન્ટ આઇ.ડી. એકટ ૧૯૪૭, ફેકટરી એકટ ૧૯૪૮, ગ્રેજયુઇટી એકટ ૧૯૭૨, બોનસ એકટ ૧૯૬૫ જે વર્ષોથી માલિકો અને મજૂરો વચ્ચે રહેલા વિવાદોના લાંબા અંતરને ટૂંકાવશે. એમાં કોઇ શંકાને સ્થાન નથી. અને પરિણામ સ્વરૂપ માલિક અને મજૂરોના વિવાદો એ વિવાદો ન રહેતા માલિક અને મજૂર વચ્ચે સંતુલન સંધાતા આ વિવાદો સંવાદોનું સ્વરૂપ પકડશે અને પરિણામ રૂપે કાયમી એને માટે ઔદ્યોગિક શાંતિ જન્મશે અને એના લીધે આપણે કવોલિટી ઓફ પ્રોડકિટવિટીની વાત કરીએ છીએ તે હંમેશા કવોલિટી ઓફ પ્રોડકિટવિટી એની ગુણવત્તા આવશે અને ગુજરાત અને દેશ ઝડપથી વિકાસ કરશે અને ગુજરાત વિશ્વના નકશામાં વિકસિત રાષ્ટ્રોની

યાદીમાં મોખરે રહેશે અને માલિક અને મજૂર બંનેને ઝડપી ન્યાય મળશે. આ રીતનું કદમ કલમમાં ઉમેરાય છે ત્યારે હૃદયપૂર્વક એક સભ્ય તરીકે બિલને સમર્થન આપું છું અને અનુમોદન કરું છું.

શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સરકારી વિધેયક સન ૨૦૧૫ નું વિધેયક ક્રમાંક ૫ મજૂર કાયદા સુધારા વિધેયક લઇને આવ્યા છે, તે અંગે હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય શક્તિસિંહભાઇએ અને માનનીય શૈલેષભાઇએ લંબાણપૂર્વકની ચર્ચા કરી છે. એનું પુનરોચ્ચાર ન કરતા કેટલીક વાત હું કરીશ. ભુતકાળમાં આઝાદી પહેલા મૂડીપતિઓ, માલિકો મજૂરને ઘેર પણ જવા દેતા ન હતા. કારખાનાની અંદર જ બાંધી રાખવામાં આવે અને ૧૬-૧૬ કલાક કરતા વધુ કામ એમની પાસેથી લેવામાં આવતું અને જીવતા રહે એટલો ખોરાક આપવામાં આવતો. આજે એ પરિસ્થિતિ નથી. તેમ છતા શ્રમિક, શ્રમિક એટલે જે વ્યક્તિ પોતાનું શારીરિક શ્રમનું વેચાણ કરે અથવા માનસિક અને કોઇકની દેખરેખ હેઠળ કામ કરે છે એવા શ્રમિક વર્ગ અને અનેક ક્ષેત્રોમાં આ લોકો કામ કરતાં હોય છે. અને દરેક ક્ષેત્રમાં એ સંગઠિત હોય છે એવું નથી. મોટા ભાગના ગ્રામ્ય વિસ્તારોમાં, નાના નગરોમાં કામ કરતા શ્રમિકોનું આવું કોઇ સંગઠન જોવા મળતું નથી. મોટાં શહેરોની અંદર, મોટા ઉદ્યોગોની અંદર આવા સંગઠનો હોય છે. સંગઠિત હોય છે, શક્તિશાળી હોય છે અને લાંબા સમય સુધી ટકી પણ રહેતા હોય છે અને જ્યારે જ્યારે માલિકો દ્વારા મૂડીપતિઓ દ્વારા એમને એમના કામના બદલામાં પૂરું વેતન ન મળે ત્યારે ઔદ્યોગિક ઝઘડા ઉભા થતા હોય છે. તેના નિરાકરણ માટે રાજયના આર્થિક વિકાસ માટે, દેશના આર્થિક વિકાસ માટે જરૂરી હોય છે શાંતિ. ઔદ્યોગિક શાંતિ જળવાય અને તે ન જળવાય તો વિકાસને નુકસાન કરતી હોય છે. એટલા માટે વિવિધ પ્રકારના કાયદા દ્વારા મૂડી અને શ્રમિક એટલે માલિક અને શ્રમિક એ બેની વચ્ચે સંવાદિતા જળવાય તેવી કાયદા દ્વારા કામ કરવાની પદ્ધતિ અપનાવવામાં આવી છે. ગુજરાતમાં પણ આવા અનેક કામદારોના સંગઠનોએ અત્યાર સુધી આ કામ કર્યું. ગાંધીજીએ જે સંગઠન સ્થાપ્યું હતું તે કયારેય હડતાળનો આશરો લેતું ન હતું અને સંવાદિતા દ્વારા પ્રશ્નનો ઉકેલ આવે તે માટેનો પ્રયત્ન થતો. આજે એવા કેટલાય શ્રમિકો છે કે જે રોજબરોજ કામ કરતા હોય છે તે નાના નગરોમાં સવારના નવેક વાગ્યે કોઇ એક જગ્યાએ ભેગા થતા હોય છે. ઠેકેદારો તે લોકોને જુદા જુદા વિસ્તારમાં કામ માટે લઇ જતા હોય છે. આવા જે શ્રમિકો છે તેના કોઇ સંગઠન હોતા નથી. ઠેકેદારો જે છે તેનું કોઇ રજીસ્ટ્રેશન હોતું નથી. ખેતી ક્ષેત્રમાં, કેટલીક જગ્યાએ બાંધકામના ક્ષેત્રમાં, નાના નગરોમાં જે લોકો ઘરકામ કરતા હોય તેવા ઘાટી લોકોના કોઇ સંગઠનો નથી. તેમનું વ્યાપક પ્રમાણમાં શોષણ થતું હોય છે. તે શોષણ અટકાવવા માટે આજે પણ આપણી પાસે તેવી કોઇ વ્યવસ્થા નથી. આપણે ઉભી કરી શકયા નથી. અત્યારે જે વ્યવસ્થા છે તે સંગઠિત ક્ષેત્રો માટેની છે. હમણાં આખા દેશની અંદર બેન્ક કર્મચારીઓએ હડતાલ પાડવાનું એલાન કર્યું અને તે સંગઠન પાવરફૂલ હતું એટલે સરકારે ૧૫ ટકા પગારમાં વધારો કરી આપવાની વાત કરી, સંગઠને તે વાત સ્વીકારી અને જે હડતાળની વાત હતી તે આટોપી દેવાઇ. ત્યારે સંગઠન અનાવશ્યક છે તેવું નથી. શ્રમિકનું શોષણ અટકાવવા માટે તે પણ એટલું જ જરૂરી છે. રાજયએ તેને પણ મજબૂત બનાવવું જોઇએ. તેને નામશેષ કરી દેવું ન જોઇએ. શ્રમિકનું કલ્યાણ એ રાજયનું કામ છે. કારણ કે આવા તો લાખો મજૂરો કામ કરતા હોય છે. આજના આધુનિક યુગમાં ફાયર એન્ડ ફાયર તમારે કામની જરૂર હોય તો કોઇને કામે રોકો. કાલે જરૂર નથી તો મુકત કરી શકો છો, કાઢી મૂકો છો. સરકારશ્રી પણ આઉટ સોર્સિંગ દ્વારા આ જ કામ કરે છે. આટલા બધા માણસો બેરોજગાર હોય ત્યારે કામદાર તેનું રક્ષણ કરી શકવા માટે હંમેશાં અસમર્થ હોય છે. તે વાત સ્વીકારીને ચાલવું જોઇએ. રાજય જયારે કાયદા બનાવવા જઇ રહ્યું હોય ત્યારે આવા માણસોનું ધ્યાન રાખવું જોઇએ તેવી મારી મંત્રીશ્રીને વિનંતી છે. વિશેષ વાતો બંને મુરબ્બીઓએ કરી એટલે કરતો નથી.

શ્રી ગોવાભાઇ રબારી (ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે મજૂર કાયદા સુધારા બિલ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરું છું. પ્રથમ તો આપ આજે ઉપાધ્યક્ષ બન્યા છો તે બદલ તમને અભિનંદન આપું છું.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે.**

શ્રી પંકજ દેસાઇ(મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, કામકાજની યાદીમાં જે બિલ દર્શાવેલા છે તે બિલ પસાર થઇ જાય ત્યાં સુધી હાઉસનો સમય લંબાવવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રીઃ સૌ સંમત છો? (થોડીવાર બાદ) સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી ગોવાભાઇ રબારી : માનનીય અધ્યક્ષશ્રી શ્રમિક અને મજૂર એક મોટી સમસ્યા છે. બિલની અંદર જે સુધારા લાવ્યા છે તેમાં માત્રને માત્ર ઉદ્યોગપતિઓને ફાયદો થાય છે. શ્રમિકને ફાયદો કયાંય દેખાતો નથી. તેમાં હડતાળનું લખેલ છે. પહેલાં શ્રમિકો હડતાળ પાડતા હતા. હવે તો ત્રણ વર્ષમાં ઉદ્યોગપતિઓ બધા લાભ લઇ સીધું ફડચામાં મૂકી દે છે, એટલે ઉદ્યોગપતિઓ હડતાલ પાડે છે. શ્રમિકો નથી પાડતા. એટલે તેમના માટે જોગવાઇ કરવી જરૂરી છે. શ્રમિકો તો પહેલાં હતા. માત્ર ઉદ્યોગપતિઓ તેમના લાભ માટે, સરકારનો લાભ, સબસીડીનો લાભ અને ત્રણ વર્ષ સુધી હડતાલ ન પાડે તેવો કાયદો થઇ ગયો એટલે મજૂર મથ્યા કરે અને એનો લાભ લઇને બીસ્ત્રા બાંધીને જતો રહે અને મજૂર રોયા કરે એ જાતનો આ બિલમાં સુધારો છે. ગરીબોને કાયદાનું રક્ષણ નહીં મળે, કોર્ટનું રક્ષણ નહીં મળે તો બધા જ શોષણ કરશે. માનનીય અધ્યક્ષશ્રી, આજે આટલા વર્ષોમાં ઉદ્યોગપતિના કુટુંબના લોકો જ ઉદ્યોગપતિ બન્યા, સંબંધીઓ ઉદ્યોગપતિ બન્યા પણ શ્રમિક કોઇ ઉદ્યોગપતિ બન્યો નથી કારણ કે એને ત્યાં સુધી જવા જ દેતા નથી, એને પૂરી મહેનતનું પણ આપતા નથી અને કયાંકને કયાંક વિવાદ લઇને મૂકી દે છે એ તો જૂના કાયદા હતા જ્યારે આ મીલો ફડચામાં ગઇ એની જમીનનો પણ એને હિસ્સો મળે છે એમાં પણ આમાં સુધારો લાવ્યા છે કે એ ભાઇનો પત્તો ન મળે તો સંસ્થામાં એની રકમ જમા કરવાની. કેમ ન મળે? એના વારસદાર છે, એનું કુટુંબ છે એને શોધીને આપવી જોઇએ. સુધારો એવો કરવો જોઇએ કે, શ્રમિકનો હક છે એના વારસદારને સરકાર શોધીને પણ એને મળે એવું કરે. (અંતરાય) આ બિલમાં જ છે એની વાત કરું છું. આમાં લખેલું જ છે કે ન મળે તો જમા અહીંયા કરવાના. તો કેમ ન મળે? એનો સુધારો એવો કરો કે એનો વારસદાર જયાં હોય ત્યાં સરકાર શોધીને એને મળવાપાત્ર હક એને આપે એ લાવવું જોઇએ એને બદલે એની તપાસવાળો કહી દે કે એનું કોઇ એડ્રેસ મળતું નથી એટલે પત્યું. પણ માનનીય અધ્યક્ષશ્રી, શ્રમિક રાજયના ગમે તે ખૂણામાંથી એ મજૂરી કરવા આવે છે એનો હક છે અને જયાં રહે ત્યાં એનું ઘર છે એને કોઇ બંગલા કે કોઇ ગામ નથી જયાં મજૂરી કરે એ એનું ગામ છે, જયાં ધંધો કરે એ એનું વતન છે માટે એનું કોઇ એડ્રેસ ન હોય પણ એ સરકારની જવાબદારી છે અને આ માટે કાયદામાં સુધારો લાવવો જોઇએ કે એનો હક જયાં હોય ત્યાં શોધીને એને આપવો જોઇએ.

બીજું માનનીય અધ્યક્ષશ્રી, અકસ્માતની વાત કરી છે સારી છે. જે કમિશનરમાં અરજી કરે પણ એવા કેટલાય છે કે જે લોકો એવી અરજી કરી શકતા નથી પણ એવી અરજી ન થાય તો પછી પણ એ લે પરંતુ અકસ્માત થઇ જાય તો એના બાળકો કે સ્ત્રી ક્યાં અરજી કરવા જાય? તો આ માટે એવો કાયદામાં સુધારો લાવવો જોઇએ કે એનો પોતાનો અકસ્માત થાય તો એ મીલ માલિક કે ઉદ્યોગપતિની એ જવાબદારી બને કે એનો વીમો મેળવવા માટે સરકારમાં એની અરજી એ કરે અને એ માટે એની જવાબદારી ઠરે એવો સુધારો લાવે. આ તો એ અરજી ન કરે તો પતી ગયું એને મળે જ નહીં, ગરીબનું કોણ હોય જે ફુટપાથ પર રહેતો હોય એ ક્યાંથી આ કરવાનો છે? એટલે ઘણી બધી સમસ્યાઓ છે માટે આ સુધારાની અંદર મજૂરલક્ષી સુધારા માનનીય મંત્રીશ્રીએ લાવવા જોઇએ. તમે કડવાશને હળવાશ કરવાની વાત કરો છો પણ આમાં મજૂરની કડવાશ હળવી નથી થતી. આમાં ટોટલ જગ્યાએ તમે ૪૫ ના ૬૦ દિવસનું વળતર આપો છો પણ એમાં મજૂર મરી જાય છે. જે માલિક કહે એજ કાયદો છે, માલિક કહે એજ સાચું છે, પેલાને કોઇ સાંભળે નહીં ૬૦ દિવસ થાય એટલે એનો હક ગયો એટલે એ પણ સુધારો બરાબર નથી માલિકોના હિતમાં છે માટે આમાં મજૂર માટેનો કોઇ ફાયદો નથી. મજૂરને હક એને પૂરેપૂરો રહેવો જ જોઇએ. ત્રણ વર્ષની જગ્યાએ એક વર્ષ કર્યું છે એમાં સારું છે કે ટાઇમ ઓછો જાય પણ માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગપતિઓ મજૂરોનું શોષણ જ કરે છે. ઉદ્યોગપતિઓની જવાબદારી ઠરવી જોઇએ કે મજૂરને એક વર્ષમાં એનો હક મળી જાયા, મજૂરને કોઇ ધક્કાથી ફેર નથી પડતો પણ એ ત્રણ વર્ષમાં ઉદ્યોગપતિઓ એને ધક્કા ખવરાવ્યા કરે છતાં એ સમાધાન કરવા જતા હતા પણ હવે એક વર્ષ ગમે તેમ કાઢીને એનો હક જતો કરશે. અને મજદૂર ક્યાંય જીત્યો નથી એની હાર જ થતી આવે છે. આજે ન્યાય મેળવવો પણ મોંઘો થઇ ગયો છે માટે સરકાર એને કાયદાની જોગવાઇમાં રક્ષણ

આપે તો મજૂરને રક્ષણ મળે કે એનો હક એ મેળવી શકે એ જાતનો સુધારો અંદર લાવવો જોઇએ. બીજા અમારા ઘણાં મિત્રોએ એમની વાત કરી છે એમાં પણ મારો સૂર પૂરાવું છું.

ગુજરાતનો વિકાસ ફકત બે પાંચ ઉઘોગપતિઓથી નથી થતો, ઉઘોગો તો અત્યારે કોન્ટ્રેકટ બૈઝ પર મજૂર લાવે છે, એક જ કોન્ટ્રેકટરને પકડી લે છે અને એના મજૂર લાવે છે ત્યારે કમસેકમ અહીંયા એમ.ઓ.યુ. કરીને વચન આપે છે કે અમે આટલી રોજગારી આપીશું પણ આપ જોઇ આવો ત્યાં કોન્ટ્રેકટરના માણસો હશે ત્યારે કોન્ટ્રેકટર કમાતો હશે મજદૂરને એનું પૂરું વળતર નથી મળતું એ માટે જવાબદારી સરકારની છે કે એની પણ તપાસ કરવી જોઇએ. આજે ૮૦ ટકા મજૂર ખેડૂતોના ખેતરમાં કામ કરીને વધારે સારું વેતન અને મજૂરી મેળવે છે, ઉઘોગમાંથી નહીં. ગુજરાતમાં કયાંય પણ જો શ્રમિકને રોજી મળતી હોય માત્ર ખેડૂતોના ખેતરમાં જ મળે છે ઉઘોગમાં તો માત્ર ૫ ટકા શ્રમિકોને પણ રોજી મળતી નથી માટે ઉઘોગોને છોડીને વધારે લાભ ખેડૂતો માટે આપવો જોઇએ કે આટલી શ્રમિકોને રોજી આપે છે તો એની વીજળી માફ કરીશું અથવા ૫૦ ટકા ઓછા કરીશું, ૮ કલાક વીજળી અપે છે તો ૧૨ કલાક આપીશું. શ્રમિકો જે છે મજદૂર છે એને ત્યાં હક મળે છે મજદૂરને જ્યાં રોજી મળે છે એના માટેની મારી વાત છે એ સુધારો લાવવો જોઇએ આતો માત્ર જે જૂના મીલ માલિકો વધ્યા ઘટ્યા છે એનું હડપ કરવા માટે અને મજૂરોનો હક છીનવા માટેનું આ બિલ છે અને એની અંદર કોઇ મજૂરોને ફાયદાકારક એને હક મળે એવો કોઇ સુધારો લાગતો નથી માટે બિલનો વિરોધ કરી મારી વાત પૂરી કરું છું.

શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) :માનનીય અધ્યક્ષશ્રી, સૌપ્રથમ આપને ખાસ અભિનંદન. મજૂર કાયદા સુધારા પર વિવિધ ચર્ચાઓ થઇ અને મને લાગે છે કે, બધા pros and cons ની ચર્ચા થયા પછી, એમાંથી એકજ વાતનો સાર નીકળે છે કે આ જે સુધારા બિલ છે એ સંપૂર્ણ બહુમતીથી પાસ થવું જોઇએ. કેમકે જે રીતે મિલો બંધ થઇ છે અને મિલોના હિસાબ, મિલોના એકાઉન્ટ, કામદારોના સેટલમેન્ટ હજી પણ બાકી છે આ સુધારા બિલમાં એવો કોઇપણ કાયદો નથી કે પિનલ કોડ, કોન્ટ્રેક્ટ એકટ અથવા કોઇપણ કાયદા કે જે ભારત સરકારના છે તેમાં સુધારા કરવાની વાત છે. આ સુધારો ફક્ત ગુજરાતને લાગુ પડતા મજૂર કાયદાને લગતો છે અને કામદારનો હક્ક ક્રિમિનલ કેસ પર અબાધિત રહે છે. એ સૌ સભ્યશ્રીઓને જણાવવાની મારી ફરજ થાય છે. સમાધાનની ફોર્મ્યુલા અત્યારે પણ ચાલે છે, માંડવાળની ફોર્મ્યુલા અત્યારે જુદી રીતે ચાલે છે આપણે લોકઅદાલતમાં ઘણા બધા કામદારોના કેસો આપણે સેટલ કરાવીએ છીએ, તે જ પ્રકારની આ માંડવાળની પ્રથા એ રીતેની છે કે જો બન્ને પક્ષો સંમત થાય તો જ આ પરિસ્થિતિ આગળ વધી શકે. લોક અદાલતમાં કામદારને ઓછું વળતર મળે છે, પરંતુ આ પદ્ધતિ અખત્યાર થશે એમાં કામદારોને સારામાં સારો ફાયદો થશે એની મને ચોક્કસ ખાતરી છે, જે રીતે કહેવાયું કે ગુજરાતમાં ઓછામાં ઓછાં મેન ડેઝ લોસ છે, ગુજરાતની પ્રોડકટીવિટી સૌથી વધુ છે જે રીતે ગુજરાતના મુખ્યપ્રધાન ૧૨૫ લાખ અસંગઠિત શ્રમિકોની ચિંતા કરે છે અને એમના માટે બાજપાઇજીના જન્મ દિવસે જે રીતે સંગઠિત થઇને એ લોકોના ભલા માટે વિચાર કરે છે ત્યારે ગુજરાત એક એવું રાજ્ય છે કે જેમાં કોઇપણ જાતની કામદાર અશાંતિ થશે નહિ અને થવા પામશે નહિ, આપણે જે ભય બતાવી રહ્યા છીએ એ ખાલી ભય છે દરેક વખત ડિમાન્ડ અને સપ્લાય પ્રમાણે જ કામદારોના પ્રશ્નો આવે છે અને ગુજરાતમાં જે રીતે ઔઘોગિક વિકાસ થઇ રહ્યો છે ત્યારે કામદારો એકદમ ડિમાન્ડમાં છે અને કામદારોની સ્થિતિ ગુજરાતમાં સૌથી સારી છે અને જ્યારે ગુજરાત ૭૨ ટકા જેટલી રોજગારી આપે છે ત્યારે આપણે શ્રમિકોને મલ્ટી સ્કીલ માટે સારા કામો કરવા માટે પ્રોત્સાહન આપવું જોઇએ નહિ કે એમને રક્ષણની બાંહેધરી આપીને, એમનો વિકાસ રૂંધવો જોઇએ.

વિજયભાઇ જે સુંદર સુધારા સાથે બિલ લઇને આવ્યા છે એના માટે પણ એક નૈતિક હિંમત જોઇએ કેમકે કામદારોનો પ્રશ્ન હોય કે ઉઘોગોનો પ્રશ્ન હોય અને જ્યારે સરકાર સરળીકરણની વાત કરવાની હોય ત્યારે આટલું સુંદર બિલ લાવ્યા છે એ બિલને હું સંપૂર્ણ સમર્થન આપું છું. એના લીધે ઘણી બધી ગુંચવણો છે કે સીલ સર્ટીફિકેશનથી પોતે ઉઘોગ એક ઓક્યુપાયર પોતાની રીતે, પોતાની પાસે શું છે, શું કરવા ધારે છે, શાની જવાબદારી છે, બધું જણાવશે અને ત્યારપછી એને વેબસાઇટ ઉપર મૂકવામાં આવશે. આ એક ટ્રાન્સપરન્ટ પદ્ધતિ આવવાની છે અને ગુજરાતના સંપૂર્ણ ઔઘોગિક વિકાસ માટે એ એકદમ ફાયદાકારક નીવડશે અને જે

રીતે બધા વાર્ષિક રિટર્ન્સ ભરવાની જે સરળ પદ્ધતિ છે એના લીધે પણ ઘણા બધા કામના કલાકોનો બચાવ થશે અને તેથી આ બિલને હું મારું સંપૂર્ણ સમર્થન આપું છું.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભામાં ૨૦૧૫નું મજૂર કાયદા સુધારા વિધેયક મંત્રીશ્રી લાવી રહ્યાં છે ત્યારે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર અત્યાર સુધી આ બધી લાંબી લાંબી ચર્ચાઓ થઇ પણ ખરેખર મજૂરોનો વિચાર કરી અને મજૂરોની જે ચિંતા કરતા હોય તે ખરેખર મજૂરો અત્યારે કઇ પોઝીશનમાં જયાં નોકરી કરતા હોય ત્યાં શું કરે છે અને તેમને કેવુ કરવામાં આવે છે. દરેક ફેકટરીઓમાં કે કંપનીઓમાં કોન્ટ્રાકટ પધ્ધતિ છે. ત્યાં મજૂરોની કોઇ પણ જાતની નોંધ કરવામાં આવતી નથી. એ કોન્ટ્રાકટરને જે રીતે કહેલું હોય એ રીતે એ કોન્ટ્રાકટર પોતે ૧૫-૨૫-૫૦ મજૂરો લાવે છે અને જે તે કંપનીમાં તે મજૂરો કામ કરવા જાય છે અને તેને જે વળતર મળે છે તે વળતર કોન્ટ્રાકટર પોતે લઇ અને પછી મજૂરોને આપે છે જેથી કોઇ પણ કંપનીઓમાં મજૂરોની નોંધ કરવામાં આવતી નથી. તો માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને એ રજૂઆત કરું છું કે, દરેક કંપનીમાં કોન્ટ્રાકટ પધ્ધતિ રદ કરી અને ડાયરેકટ જે તે મજૂરો હોય કે જે તે કામદારો હોય તે કામદારોની નોંધ કરવામાં આવે. અને વચ્ચેટિયા આ જે કોન્ટ્રાકટરો છે તે રદ કરવામાં આવે જેથી મજૂર, કામદારોને છે તેને તેનું પૂરેપૂરું વળતર મળે.

બીજું, આ મજૂરના જે વર્ગ હોય તેમાં શ્રમ કલ્યાણ બોર્ડમાં દરેક બાંધકામ કરતાં હોય ત્યાં એક ટકો સેસ લેવાય છે. આ રાજય સરકારના આ બોર્ડમાં ૮૫૦ થી ૯૦૦ કરોડ જેટલી રકમ પડી છે તો તે રકમ ખરેખર મજૂરોના કલ્યાણ અર્થે વપરાય અને મજૂરોને જે કંઇ વળતર ઓછું આપે છે અને તે જયારે ગુજરી જાય ત્યારે સરકારે પણ આમને મદદ કરવી જોઇએ. હું મારા વિસ્તારની વાત કરું તો સાણંદ-બાવળા વિસ્તારમાં બધી કંપનીઓ આવેલ છે. આ કંપનીઓમાં છેલ્લા બે માસમાં ચારથી પાંચ કંપનીઓ બંધ કરી અને લગભગ પાંચસોથી એક હજાર મજૂરોને છૂટા કર્યા છે. જે મજૂરો છેલ્લા ૨૫ વર્ષથી નોકરી કરતા હતા તેમને બે માસથી પગાર પણ આપવામાં આવ્યો નથી અને તેમનું જે કંઇ ગ્રેચ્યુઇટી કે પ્રોવિડન્ડ ફંડ આપવાનું હોય તે પણ આપેલુ નથી. તે લોકોએ શ્રમ અને ઉદ્યોગ કમિશ્નરને રજૂઆત પણ કરેલી છે તેમ છતાં આ બાબતમાં કોઇ નિર્ણય લેવાયો નથી. તો મારી તો એ વિનંતી કે કોઇ પણ જગ્યાએ શ્રમિકો, કામદારો જે કામ કરતા હોય અને તેમના ન્યાયમાં હિત ના સચવાતું હોય તે જગ્યાએ માનનીય મંત્રીશ્રી તેમને બધી રીતે મદદ થાય એવુ આયોજન કરવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તાર સાણંદમાં નેનો અને ફોર્ડ કંપનીને જે સરકારશ્રીએ જમની આપી છે તે બિલકુલ મફતના ભાવે આપી છે. અને ત્યાં જે મજૂરો છે તે બહારના મજૂરો છે અને સ્થાનિક ખરેખર ૯૦ ટકા લોકોને સ્થાનિકને મજૂરી આપવી જોઇએ તે મજૂરી આપવામાં આવતી નથી અને બહારના પરપ્રાંતિય લોકોને લાવી અને આ ઉદ્યોગકારો ધંધો કરે છે. તેથી એવી પણ જોગવાઇ કરવામાં આવે કે સ્થાનિક જે કંપનીઓ હોય પછી તે મોટી હોય કે નાની હોય તે તમામ કંપનીઓમાં ૯૦ ટકા ભરતી સ્થાનિક લોકોથી કરવી જોઇએ જેથી તેમને રોજી રોટી મળી રહે. આટલું કહી હું આ બિલનો વિરોધ કરું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને અમારા સભ્યોની જે લાગણી છે ખાસ કરીને શકિતસિંહ ગોહિલ સાહેબથી માંડીને કે એક જ કલમ પૂરતો અમને એ છે તો માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગુ છું કે આપ એમાંથી કંઇક કરવા માગો છો કે કેમ ?

શ્રી વિજયભાઇ રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું બધાજ જવાબો લઉં છું. (અંતરાય) પહેલાં આપનું જ લઉં છું બાપુ, એટલે પછી પૂરું કરવું હોય તો જેમ આપની ઇચ્છા. આજે પૂજય રવિશંકર મહારાજની જન્મ જયંતિ નિમિતે ગરીબ અને શ્રમિક લોકો માટેની આટલી સરસ ચર્ચા, અને એમાં પણ બધા જ સભ્યશ્રીઓએ પોતે ઇન્વોલ્વ થઇ અને જે વાત કરી છે તે મેં બધી નોંધી છે. મને એમ લાગે છે કે આદરણીય વિરોધપક્ષના આગેવાન શકિતસિંહ ભાઇએ જે વાત કરી તેની પહેલા ચર્ચા કરું તો માંડવાળ બાબતમાં એમણે એક વાકય એ કહ્યું કે આ માંડવાળથી ફોજદારી રાહે જે પગલાં લેવાતા હતા તે હવે નીકળી જશે અને તેને કારણે જે જેલની બીક, જેલની ફડક, ધરપકડની વાત, ગમે એટલા પૈસા એ મહત્વના નથી

હોતા, આ એક કલમ કાઢી નાખે તો હું આ બિલને સપોર્ટ આપવા તૈયાર છું. આ વાત આપે કરી છે એના સંદર્ભમાં જ મારે સ્પષ્ટતા કરવાની કે આ માંડવાળના કેસની એક વધારાની જોગવાઇ કરી છે, જૂની ફોજદારી કેસ કરવાનો અધિકાર આ બિલમાંથી કયાંય શ્રમિકો પાસેથી લીધો જ નથી. આ નવા એકટમાં કયાંય ફોજદારી કરવાનો અધિકાર દૂર થતો નથી. હું આપને સ્પષ્ટતાપૂર્વક કહું એ પાછો લીધો નથી. માંડવાળના કેસોમાં પણ અધિકૃત અધિકારી પૂર્તતા થાય, એટલે કે દા. ત. મારે અને તમારે વાંધો પડયો, મને તમે ગ્રેચ્યુટી નથી આપતા તો ગ્રેચ્યુટી મને તમારે આપવાની જ રહેશે. ગ્રેચ્યુટી આપી દીધા પછી દંડ ભરો પછી તમે મુકત થાઓ, અને જો હું શ્રમિક તરીકે સંમત ન હોઉં તો ફોજદારી કેસ ચાલુ જ રહેશે અને મારો અધિકાર ફોજદારી કેસ કરવાનો છે એમાં સી.આર.પી.ની કોઇ એક પણ કલમ કાઢી નથી. વધારાની માંડવાળની જોગવાઇ કરી છે. આ વધારાની જોગવાઇ કરી છે, આમાં કયાંય સી.આર.પી.સી. માંથી મુકિત આપી નથી.

ઉપાધ્યક્ષશ્રી : સેટલમેન્ટનો એક વધારાનો પ્રોવિઝો કર્યો છે એમ કહેવું છે એમનું.

શ્રી શકિતસિંહ ગોહિલ : સીમ્પલ વસ્તુ છે, સોરી ટુ ઇન્ટરપ્ટ, માનનીય મંત્રીશ્રી કહે છે. પણ જે બિલ હોય તે જ કાયદો બને, બિલની કલોઝમાં કામદારની સંમતિ કયાંય નથી, મારી પાસે બિલની કોપી છે. બીજું કોર્ટમાં જવા દો ને, કામદારની સંમતિ હોય તો તો કોર્ટમાં આમ પણ માંડવાળ થઇ જાય. ફોજદારી ફરિયાદમાં આપ આટલું જ ખાલી દૂર કરો તો અમે આપની વાતમાં માંડવાળ શબ્દો કાઢીને આપ માંડવાળ વાળી પ્રોસીઝર બંધ કરો.

શ્રી વિજયભાઇ રૂપાણી : આ બિલના જ શબ્દો હું વાંચુ છું. પાના નંબર ૭ ઉપર છે. વળી કથીત ગુનેગારે એવી વર્તણૂંક કરેલ હોય જેનાથી આવા અધિકારી અથવા સત્તાધિકારીને ખાતરી થાય કે તેમણે આવો ગુનો વધુ ચાલુ રાખેલ નથી ત્યાર પછી જ આવા ગુનાની માંડવાળ કરી શકાશે.

શ્રી શકિતસિંહ ગોહિલ : આપ કહો છો કે કામદારની સંમતિ, આમાં કયાં સંમતિ લખેલ છે?

શ્રી વિજયભાઇ રૂપાણી : માંડવાળ એટલે બન્નેની સંમતિ બાપુ. બન્નેની સંમતિ હોય ત્યારે જ માંડવાળ થઇ શકે. માંડવાળની કોઇ પણ વાત આમાં કયાંય તમે મને દેખાડો કે આનાથી સી.આર.પી.સી. નીકળી જશે. અધિકાર નહીં રહે, આમાં બિલમાં આપ મને દેખાડો.

ઉપાધ્યક્ષશ્રી : માંડવાળ શબ્દનો અર્થ આપણે શું કરીએ? સમાધાન જ કરીએ ને? કાં માંડવાળ થાય કાં સમાધાન થાય, એ જ થયું ને બીજું શું થાય?

શ્રી વિજયભાઇ રૂપાણી : બીજું આ લીગલી શબ્દ છે.

શ્રી શકિતસિંહ ગોહિલ : કોર્ટમાં જાય અને કોર્ટ એનો ન્યાય કરે, આ સરકાર કરે છે.

ઉપાધ્યક્ષશ્રી : માંડવાળ એટલે વન કાઇન્ડ ઓફ સેટલમેન્ટ. બન્ને રાજી હોય તો શું પ્રોબ્લેમ હોય? બન્ને સંમત હોય.

શ્રી વિજયભાઇ રૂપાણી : બીજું માનનીય શકિતસિંહભાઇ, આપ કહો છો કે પુરવણી આમાં આપી નથી. ૨૭માં પાના ઉપર પુરવણી આપી જ છે. પુરવણી બિલમાં જોડેલી જ છે. એટલે એક એક કલમની પુરવણીની અંદર એકટમાં ફેરફારની પુરવણી આપી જ છે. અને આ ત્રીજી વાત કે આ બિલ લાવ્યા પહેલા આઇ.એલ.ઓ. સંસ્થાના અધિકારીઓ, આપણી મહાત્મા ગાંધી લેબર ઇન્સ્ટિટયૂટના તમામ શ્રમિકોના મંડળો, ઉદ્યોગપતિઓના મંડળો, ચેમ્બર ઓફ કોમર્સ આ બધાની સાથે ચર્ચા કર્યા પછી બધાના સુધારાઓને ધ્યાનમાં રાખી અને આ બિલને બનાવવામાં આવ્યું છે. હું એમ માનું છું કે આમ આ બિલ સંપૂર્ણ રીતે કામદારોના હિતમાં જ છે. ઉદ્યોગોના હિતમાં છે, અને આપણે આ બિલમાં કયાંય કોઇ જગ્યામાં કામદારોના અધિકારો ઉપર તરાપ મારી નથી તેવું હું સ્પષ્ટ માનું છું. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માંડવાળ શબ્દ એ જ સમાધાન છે એ જ સેટલમેન્ટ છે, તમે નકકી કરી લીધું હોય તો વસ્તુ અલગ છે. આમાં ગેરસમજ થાય છે. માંડવાળના કલોઝથી કોર્ટમાં જવાના અધિકારો ફોજદારી રાહે કેસ કરવાના અધિકારો કોઇ શ્રમિકોના આ સરકાર પાછા લેતી નથી.

( આ તબક્કે વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ સભાગૃહ છોડી ગયા)

શ્રી વિજયભાઇ રૂપાણી : હું એમ માનું છું કે, માત્રને માત્ર રાજકીય રીતે કોઇપણ પ્રકારની કાયદાકીય ચર્ચામાં એવું મહત્વનું ધ્યાન વિરોધપક્ષના સભ્યો આપી શકયા નથી. કોઇ મુદ્દા નથી માત્ર વિરોધ કરવા ખાતર વિરોધ કરવો એ દૃષ્ટિથી આજે ચર્ચા થઇ છે, મને એમ લાગે છે કે ઘણા વરસો પછી ગુજરાતે સમગ્ર દેશ માટે નવી દિશા આપી છે. સમગ્ર કામદારો અને ઉદ્યોગોને આનાથી મેં પહેલા કહ્યું કે કામદાર સંતુષ્ટ તો જ ઉદ્યોગ સમૃદ્ધ અને તો જ આ રાષ્ટ્રનો વિકાસ એ આધાર ઉપર આ બિલ હું લઇ આવ્યો છું. ત્યારે હું આશા રાખું છું કે માનનીય સભ્યશ્રીઓ આ બિલ પાસ કરશે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી વિજય રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૧૫નું મજૂર કાયદા (ગુજરાત સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ થી ૨૬, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી વિજય રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૫– સન ૨૦૧૫નું મજૂર કાયદા (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

ઉપાધ્યક્ષશ્રી: સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૫– સન ૨૦૧૫નું મજૂર કાયદા (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તેને પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫–૨૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫**
**ફાલ્ગુન ૭, ૧૯૩૬ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**
**ઉપાધ્યક્ષશ્રી આત્મારામ પરમાર અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં વિમાન અને હેલિકોપ્ટર રીપેરીંગ વ્યવસ્થા**

* ૧૪૬૮૨ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિમાન અને હેલીકોપ્ટર રાજ્યમાં જ રીપેરીંગ થઇ શકે તેવી કોઇ વ્યવસ્થા અમલમાં મુકવાની યોજના બનાવી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અંગે કઇ વ્યવસ્થા કરવામાં આવેલ છે, અને | (૨) રાજ્ય સરકારશ્રી દ્વારા અમદાવાદ એરપોર્ટ ખાતે ગુજસેલ એમ.આર.ઓ. કોમ્પલેક્ષ બનાવવામાં આવેલ છે. |
| (૩) આ અંગે હાલમાં શું કામગીરી કરવામાં આવેલ છે ? | (૩) છેલ્લા એક વર્ષમાં ૬ વિમાન અને ૧ હેલિકોપ્ટરની મરામત કરવામાં આવેલ છે. |

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ભારતમાં રાજ્ય સરકારની માલિકીના કેટલી જગ્યાએ એમ.આર.ઓ. ઉપલબ્ધ છે અને એની જોગવાઇ ક્યા વર્ષમાં કરવામાં આવી? મારો બીજો પ્રશ્ન એ છે કે, એમ.આર.ઓ.ની સુવિધા નાગરિક ઉડ્ડયનમાં કેવી રીતે ઉપયોગી થઇ શકે?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશમાં ગુજરાત એક એવું પ્રથમ રાજ્ય છે કે, જેમાં મેઇન્ટેનન્સ, રિપેરીંગ અને ઓવરોલ બધી સર્વિસ સમગ્ર ભારત દેશમાં ગુજરાત રાજ્યમાં પ્રથમ વખત શરૂ કરી છે. તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને આજના વડાપ્રધાને ૨૦૦૯-૧૦માં રૂ.૧૦ કરોડની જોગવાઇ કરીને એનું આગોતરું આયોજન કરી અને ગુજરાતને મોડલ સ્ટેટ પ્રસ્થાપિત કરવાની કામગીરી કરી છે. જ્યાં વિમાનો અને હેલિકોપ્ટરમાં ઇલેક્ટ્રીકલ, મેઇન્ટેનન્સ, મરામત, એર બેઇઝ રિપેરીંગ, ઓવરોલ વગેરેની સર્વિસ માટે નિયત જગ્યા નક્કી કરવામાં આવી છે. જે એમ.આર.ઓ. તરીકે ઓળખાય છે. માનનીય વડાપ્રધાનશ્રીએ મેક ઇન ઇન્ડિયા કેમ્પેઇન શરૂ કરીને ઉત્પાદન ક્ષેત્રમાં કામ કરવા માટે આહવાન કરેલ છે. જે એમ.આર.ઓ. માટે લાભપ્રદ બનશે. ખાનગી અને સરકારી વિમાન અને હેલિકોપ્ટરની મરામતની સર્વિસની કામગીરી કરી છે. ખાનગી ઉડ્ડયન ક્ષેત્રે ગુજરાત રાજ્યમાં સુવિધા વધતાં વિમાન અને હેલિકોપ્ટરના ઉડાણ અને ઉતરાણ વધશે. જેનાથી આર્થિક રોજગારી પ્રાપ્ત થશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી અને ખાનગી વિમાનોનું ગુજરાતમાં રિપેરીંગ થાય છે, ત્યારે ગુજરાત સરકાર પાસે કેટલા વિમાન અને હેલિકોપ્ટર છે અને છેલ્લા બે વર્ષમાં આ સરકારી વિમાન અને હેલિકોપ્ટરની મરામત પાછળ સરકારે કેટલો ખર્ચ કર્યો છે?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી સિનિયર ધારાસભ્ય છે. આ પ્રશ્ન એમ.આર.ઓ.ની વ્યવસ્થા અને રિપેરીંગનો છે. તેઓ અલગથી પ્રશ્ન પૂછશે તો એનો જવાબ આપીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આમાં બહુ ક્લીયર લખ્યું છે અને આપે જવાબમાં પણ કહ્યું છે. ખાનગી અને સરકારી બન્નેની મરામત થાય છે. મારે સરકારી વિમાન અને હેલિકોપ્ટર છે એની

મરામત આમાં કરવામાં આવી છે કે કેમ? અને કરવામાં આવી હોય તો છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયો છે એ જાણવું છે.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, રિપેરીંગની વાત કરી છે. એમાં સભ્યશ્રીને કહેવું છે કે, છેલ્લા જાન્યુઆરીથી શરૂઆત કરી અત્યાર સુધીમાં રૂ.૧૩.૩૪ લાખની ગુજરાત સરકારને રિપેરીંગની આવક થઇ છે. એમાં અદાણી કંપનીનું એક એર ક્રાફ્ટ, ઇન્ડિયન એર ફોર્સના ૩ એર ક્રાફ્ટ, યુરો ફોર્ટ એવિએશન કંપનીનું એક હેલિકોપ્ટર, ચેન્નાઇ પોર્ટનું એક હેલિકોપ્ટર. આમ જુદા જુદા વિમાન અને હેલિકોપ્ટરોનું રિપેરીંગ કરવામાં આવ્યું છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આમાં સરકારી કેટલા છે એ જાણવું છે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન બહુ સ્પષ્ટ છે, એમ.આર.ઓ.ની અંદર કેવી રીતે કામગીરી થાય છે? મંત્રીશ્રીએ જવાબ સ્પષ્ટ આપ્યો છે. આ મેઇન્ટેનનસ અને રિપેરીંગ માટે આવેલ છે. આપને જો સરકારી હેલિકોપ્ટર, સરકારી પ્લેન માટે પૂછવું હોય તો બીજી નોટીસ આપો અમે ચોકકસ જવાબ આપીશું. (અંતરાય ) મારે માનનીય સભ્યશ્રીને જાણ કરવી છે કે આ એમ.આર.ઓ. એટલે મેઇન્ટેનન્સ, રીપેર અને ઓવરઓલ માટેની એક વ્યવસ્થા આપણે ઉભી કરી છે. આખા દેશની અંદર કોઇ રાજય સરકારે પહેલ કરી હોય તો ગુજરાતે પહેલ કરી છે. બીજું આ એક બહુ જ મોટો વ્યવસાય છે જેના કારણે હાઇટેક એટલે એન્જીનીયર્સને ખૂબ મોટા પ્રમાણમાં રોજગારીની તકો ઉભી થાય છે. આજે દિવસે દિવસે ખૂબ મોટા પ્રમાણમાં પ્લેનો ઇન્ટરનેશનલ પ્લેન હોય, ડોમેસ્ટીક એરક્રાફ્ટ હોય, ડોમેસ્ટીક એરલાઇન્સ હોય આ બધાને મેઇન્ટેનન્સ માટે આજે ગુજરાતની, ઇન્ડિયાની બહાર જવું પડતું હોય છે. અને આવતા દિવસોની અંદર કેન્દ્ર સરકાર દ્વારા થોડી નીતિમાં ફેરફાર થાય તો ગુજરાત એક એમ.આર.ઓ.ના હબ માટે ખૂબ મોટી વ્યવસ્થા આપણે ઉભી કરી શકીએ છીએ એટલે આ જે બનાવ્યું છે એ પ્રી વિઝન સાથે આવતા દસ વર્ષમાં શું લાભ થઇ શકે, ગુજરાતમાં કઇ કઇ જગ્યાએ એમ.આર.ઓ. થઇ શકે, આવતા દિવસોમાં અમે અંકલેશ્વરને પણ એમ.આર.ઓ. માટે વિચારીએ છીએ, આવતા દિવસોમાં પ્રાયવેટ પાર્ટી જોડે રહી એમ.આર.ઓ. માટેની જગ્યા ભાડે રેન્ટ કરીશું જેથી બહારથી બધા વિમાનો આવે અને આપણા ત્યાં સર્વીસીંગ કરાવે.

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે જે રીતે માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે એમ.આર.ઓ.ની સવલત પૂરી પાડતું માત્ર એક ગુજરાત રાજય છે એ બદલ હું એમનો આભાર માનુ છું પણ સાથેસાથે જે રીતે ગુજરાત અને વિશ્વ એક પર્યાયવાચી શબ્દ બની ગયા છે તો જો એમ.આર.ઓ.માં સલામતીના ધોરણો એ વિશ્વકક્ષાના એમ.આર.ઓ.ની ફેસીલીટી સમકક્ષ છે કે નહીં એ જાણવા માગુ છું.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે તો માત્ર જે એમ.આર.ઓ.ની જગ્યા છે એ ભાડે આપીએ છીએ અને જે પ્લેનો લાવનાર છે એ સંસ્થાઓ લાવે છે એ ડાયરેકટર જનરલ ઓફ સિવિલ એવીએશનમાં રેકોગ્નાઇઝ થયેલી સંસ્થાઓ આની અંદર પોતે રીપેરીંગ માટે લાવે છે એટલે મશીનરીથી માંડી, સાધનસામગ્રીથી માંડી આ બધું જ એ પ્રાયવેટ એજન્સી કરે છે. ડાયરેકટર જનરલ ઓફ સિવિલ એવીએશન દ્વારા માન્યતા આપેલી હોય એ અને આજે એરપોર્ટ ઓથોરીટીએ જે રેટ ફીકસ કર્યા છે એ રીતે આપણે જગ્યા ભાડે આપીએ છીએ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે ગુજરાત રાજયની માલિકીની એકમાત્ર એરસ્ટ્રીપ વર્ષોથી અમરેલીમાં ઉપલબ્ધ છે. સંલગ્ન ઇન્ફ્રાસ્ટ્રકચરના કામો પણ પૂરા થઇ ગયા છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, સવાલ કલીયર છે, પ્લીઝ સીટડાઉન.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ એમ.આર.ઓ. અમરેલીમાં ચાલુ કરવા માગો છો?

ઉપાધ્યક્ષશ્રી : ના, ના એમાં નથી આવતું. અમરેલી નથી આવતું.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય સભ્યશ્રીને જાણ કરવી છે કે રાજયની જેટલી એરસ્ટ્રીપ હોય એમાં મેઇન્ટેનન્સ અને રીપેરીંગ કરવું હશે તો રાજય સરકાર કરી નાખશે અને આવતા

દિવસોમાં એમ.આર.ઓ.ની જો અમરેલીમાં પણ મોટી વ્યવસ્થા ઉભી કરવાની જરૂર પડે અને આપણને બિઝનેસ દેખાય તો આપણ અમરેલી નહીં પણ આપણા રાજયના બધા જ સરકારી એરસ્ટ્રીપ કરીશું.

શ્રી જનકભાઇ મ. કાછડીયા : આદરણીય અધ્યક્ષશ્રી મહોદયશ્રી, સૌ પ્રથમ તો હું આપણા ખૂબ જ દૂરદર્શીતા ધરાવનાર આપણા દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને આપણા રાજયના ઉડયન મંત્રી આદરણીય સૌરભભાઇ પટેલ અને આદરણીય જશાભાઇ બારડ સાહેબને ખૂબ ખૂબ અભિનંદન આપુ છું. કારણ કે જે એમ.આર.ઓ. કોમ્પલેક્સ બનાવવામાં આવ્યું છે એમાં જે નાના અને મધ્યમ કદના જે વિમાનો છે એનું રીપેરીંગ હવે ગુજરાત રાજયમાં થશે. એના હિસાબે આવતા દિવસોમાં નાની નાની એરલાઇન્સો શરૂ થશે. હું સુરતમાં રહુ છું અને સૌરાષ્ટ્રનો નાગરિક છું. મને ખ્યાલ છે ડાયમંડ એરોનોટીકસ જે એરવેઝ ચાલુ કરવામાં આવી છે એમાં અમે બગદાણા જવા માટે જયારે સુરતથી અમે નીકળીએ ત્યારે આઠ કલાકનો સમય જતો હોય છે. પણ હવે જે ડાયમંડ એરવેઝ ચાલુ થઇ છે એમાં ફકત ૨૨ મીનીટમાં અમે ભાવનગર પહોંચીએ છીએ. તો જે પરેશભાઇનો સવાલ છે એ જ હું કહુ છું કે અમરેલી એરલાઇન્સ ચાલુ કરવા માટે જે અમરેલીમાં રનવેનું રીપેરીંગ કરવાનું છે તો એના માટે કંઇ બજેટ મંજૂર કર્યુ છે? બીજો સવાલ એ છે કે એરપોર્ટ ઓથોરિટી દ્વારા ગુજસેલ એમ.આર.ઓ. માટે ટેન્ડર બહાર પાડવામાં આવેલ તેમાં કઇ કંપનીને એલ.૧ તરીકે પસંદ કરી છે અને ગુજસેલ એમ.આર.ઓ. કોના દ્વારા બનાવવામાં આવશે?

શ્રી સૌરભ પટેલ : ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાં આપણે એરસ્ટ્રીપ બનાવવાનું આયોજન કર્યું છે. હાલમાં જેટલી એરસ્ટ્રીપ છે અને જ્યાં પણ રીપેરીંગનું કામ કરવાનું હશે તો સરકાર સહમત છે. અમરેલીનું પણ આપણે પૂરું કરીશું. બીજું કે આ વખતે બજેટમાં સિવિલ એવિએશન ઉપર ટેક્સનો ઘટાડો કરવામાં આવ્યો છે જેથી એક જગ્યાએથી બીજી જગ્યાએ એરલાઇન્સ જઇ શકે અને લોકો એનો લાભ લઇ શકે. આવતા દિવસોમાં રાજ્ય સરકાર ટેન્ડર બહાર પાડીને હાઇએસ્ટ બીડને આપણે આ રેન્ટ ઉપર આપીશું.

**રાજયમાં કાર્યરત વીજ સબસ્ટેશનો**

* ૧૪૩૯૭ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજયમાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કુલ કેટલા વીજ સબ–સ્ટેશનો કાર્યરત છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજયમાં કુલ ૧૪૭૭ વીજ સબસ્ટેશનો કાર્યરત છે. |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ રાજયમાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ સબ–સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા ? | (૨) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજયમાં છેલ્લા બે વર્ષમાં, વર્ષ ૨૦૧૩ દરમ્યાન કુલ ૯૫ વીજ સબસ્ટેશનો અને વર્ષ ૨૦૧૪ કુલ ૧૦૩ એમ કુલ ૧૯૮ નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા. |

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે રાજયમાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જુદી જુદી કેટેગરીના કુલ કેટલા સબ સ્ટેશનો કાર્યરત છે અને તે પૈકી છેલ્લા પાંચ વર્ષમાં કેટલા નવા કાર્યરત થયેલા છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં બતાવ્યું છે કે કુલ ૧૪૭૭ સબ સ્ટેશનો કાર્યાન્વિત છે, એમાં ૪૦૦ કે.વી.એ.ના ૧૧, ૨૨૦ કે.વી.એ.ના ૮૮, ૧૩૨ કે.વી.એ.ના ૫૧, ૬૬ કે.વી.એ.ના ૧૩૨૬ અને ૧૧ કે.વી.એ.નું ૧ એમ કુલ મળીને ૪૭૬ સબ સ્ટેશનો છેલ્લા પાંચ વર્ષમાં કાર્યાન્વિત થયેલા છે.

શ્રી પુનમભાઇ કા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજ્યમાં કેટલા વીજ સબ સ્ટેશનો હાલ બંધ હાલતમાં છે અને તે ક્યારે ચાલુ કરવા માગો છો? બીજું કે આ સબ સ્ટેશનો પાછળ કેટલો રીપેરીંગ ખર્ચ કર્યો? નવા વીજ સબ સ્ટેશનો હાલ કેટલાં ચાલુ છે અને એમની પાછળ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : કુલ સબ સ્ટેશનો રાજ્યમાં કેટલા છે એ અંગેનો પ્રશ્ન પૂછયો છે. જવાબ ૧૪૭૭ આપેલ છે. કોઇ સબ સ્ટેશન હાલમાં બંધ નથી અને જો આપના ધ્યાનમાં કોઇ બંધ હાલતમાં જણાય તો જાણ કરશો તો એ અંગે કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં આદિવાસી વિસ્તારમાં કેટલા સબ સ્ટેશનો કાર્યાન્વિત છે અને નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬માં રાજ્યમાં આદિવાસી વિસ્તારમાં કેટલા નવા સબ સ્ટેશનો બનાવવાનું સરકારનું આયોજન છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૪૦૦ કે.વી.એનું ૧, ૨૨૦ કે.વી.એ.ના ૭, ૧૩૨ કે.વી.એ.ના ૫, ૬૬ કે.વી.એ.ના ૧૬૨ એમ કુલ ૧૭૫ સબ સ્ટેશનો આદિવાસી વિસ્તારમાં કાર્યાન્વિત છે. નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં આદિવાસી વિસ્તારમાં ૧૩૨ કે.વી.એ.નું ૧ અને ૬૬ કે.વી.એ.ના ૨૪ એમ કુલ ૨૫ સબ સ્ટેશનો બનાવવાનું આયોજન છે અને નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ દરમિયાન આદિવાસી વિસ્તારમાં ૨૨૦ કે.વી.એ.નું ૧ અને ૬૬ કે.વી.એ.ના ૩૨ એમ કુલ ૩૩ સબ સ્ટેશનો બનાવવાનું આયોજન છે.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : મારે એ જાણવું છે કે છેલ્લા બે વર્ષમાં મંજૂર થયા હોય છતાં કાર્યાન્વિત ન થયા હોય અથવા તો બાંધકામ શરૂ ન થયું હોય એવા કેટલા સબ સ્ટેશનો છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : કેટલાક સબ સ્ટેશનોમાં કેટલીક જગ્યાએ જમીન મેળવવાના કારણે, કેટલીક જગ્યાએ કોર્ટ મેટરના કારણે, કેટલીક જગ્યાએ જંગલ વિસ્તારની એન.ઓ.સી.ના કારણે, રેલ્વે ક્રોસિંગના કારણે સબ સ્ટેશનોની જગ્યા નિશ્ચિત કરવામાં આવેલ હોય પણ આ કારણોસર આપણે ચાલુ કરી શક્યા નથી. બીજી બધી પ્રોસિઝર પૂરી થશે એટલે ચાલુ થશે.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન સ્પેસિફિક છે કે કેટલા સબસ્ટેશનો મંજૂર થયા અને તે પૈકી કેટલા કાર્યાન્વિત કે ચાલુ નથી થયા? એનો આંકડો હોય તો હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું.

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ અંગે તમે અલગથી પ્રશ્ન પૂછશો તો એનો જવાબ આપીશ.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે કોલસા આધારિત જે વીજ મથકો છે એમનો કોલસો મેળવવા માટે કઇ રીતની કાર્યવાહી કરો છો?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સબસ્ટેશનનો સવાલ છે. કોલસા આધારિત વીજ મથકોનો સવાલ નથી.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, દાહોદ જિલ્લામાં કેટલા સબસ્ટેશનો કાર્યરત છે? અને દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા મંજૂર થયેલા છે અને કેટલા પૂર્ણ કરવાના બાકી છે?

ઉપાધ્યક્ષશ્રી : આ તાલુકાનો પ્રશ્ન નથી, જિલ્લાની માહિતીનો છે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૪૭૭ સબસ્ટેશનો રાજ્યમાં અને હાલમાં ૧૩૨ કે.વી.ના ૨, ૬૬ કે.વી.ના ૧૨, આમ કુલ ૧૪ સબસ્ટેશનો આજે દાહોદ જિલ્લામાં અસ્તિત્વમાં છે.

શ્રીમતી નીમિષાબેન સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે જુદા જુદા દબાણના એક સબસ્ટેશન બનાવવા પાછળનો ખર્ચ કેટલો થાય છે અને એક સબસ્ટેશન પૂર્ણ કરવામાં કેટલો અંદાજીત સમય લાગે છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૬૬ કે.વી.નું એક સબસ્ટેશન ઊભું કરવામાં લગભગ ૫ કરોડનો અને પૂરું કરવામાં લગભગ ૮ માસનો સમય જાય છે. ૧૩૨ કે.વી.ના ૧૫ થી ૨૦ કરોડ અને ઊભું કરવામાં લગભગ ૧૫ માસનો સમય જાય છે. ૨૨૦ કે.વી.ના ૪૦ થી ૫૦ કરોડ અને ઊભું કરવામાં લગભગ ૧૫ માસનો સમય લાગે છે. ૪૦૦ કે.વી.ના ૧૦૦ થી ૨૫૦ કરોડ સુધીનો ખર્ચ થાય છે અને અંદાજે ૨૬ માસનો એમાં સમય લાગે છે.

**પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં ખેતી/સિંચાઇ માટે વીજ કનેકશનોની પડતર અરજીઓ**

* ૧૪૨૬૬ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર ખેતી/સિંચાઇ માટે વીજ કનેકશનોની કુલ કેટલી અરજીઓ પડતર છે, અને

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં અનુક્રમે કુલ ૪૫૮૩ અને ૫૦૫૪ કૃષિ વીજજોડાણો માટેની પડતર અરજીઓની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| **પંચમહાલ** | | **મહીસાગર** | |
|---|---|---|---|
| **તાલુકો** | **પડતર અરજીઓની સંખ્યા** | **તાલુકો** | **પડતર અરજીઓની સંખ્યા** |
| ગોધરા | ૧૩૫૩ | કડાણા | ૩૧૩ |
| શહેરા | ૧૩૫૮ | સંતરામપુર | ૨૬૬ |
| હાલોલ | ૪૫૮ | લુણાવાડા | ૨૦૦૮ |
| મોરવા (હડફ) | ૩૦૭ | ખાનપુર | ૧૦૭૦ |
| જાંબુઘોડા | ૩૧૩ | બાલાસિનોર | ૫૩૪ |
| કાલોલ | ૩૬૮ | વિરપુર | ૮૬૩ |
| ઘોઘંબા | ૪૨૬ | | |

(૨) પડતર અરજીઓ અન્વયે ક્યાં સુધીમાં વીજ કનેકશન આપવામાં આવશે ?

(૨) કૃષિ વીજ જોડાણ, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવતા હોય છે. કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે. તદ્ અનુસાર તમામ પડતર અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરી શક્ય તેટલી ઝડપથી વિજ જોડાણ આપવાનું આયોજન છે.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, આમાં બે જિલ્લાની માહિતી પૂછવામાં આવી હતી એમાં ૯૬૩૭ જેટલા વીજ કનેકશન બાકી છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપની મારફત એટલું જાણવું છે કે આ પૈકીના બે વર્ષ સુધીની અરજીઓ હોય એવા કેટલા છે? બે વર્ષથી પાંચ વર્ષના કેટલા છે? અને પાંચ વર્ષથી ઉપરના કેટલા છે? બીજું, માનનીય અધ્યક્ષશ્રી, હું એટલું જાણવા માગુ છું કે આ પૈકીના ટ્રાયબલ વ્યક્તિઓએ કે ખેડૂતોએ જોડાણો માગ્યા હોય એમના કેટલા બાકી છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષવાર નોંધાયેલા પાંચ વર્ષના આંકડાઓમાં ગોધરા ૨૦૧૧ માં -નીલ-, ૨૦૧૨ માં ૧૨, ૨૦૧૩ માં ૧૦, ૨૦૧૪ માં ૬૬, કુલ ૮૮. અંદાજપત્ર પ્રમાણે રકમ ન ભરેલી હોય એવી ૬૩, નાણા ભરાયેલી હોય એવી ૧૧ અને કુલ પડતર ૧૬૨. શહેરા ટોટલી બધા તાલુકા બોલું કે એકપછી એક ટોટલ આપી દઉં તમને? (અંતરાય) ટોટલ આદિજાતિ વિસ્તારમાં છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૪૨૬ કનેકશનો વીજ જોડાણ આપવાના બાકી છે. જેમાંથી નાણા ભરાયેલા હોય એવા ૫, નાણા ના ભરાયેલા હોય એવી ૬૧૯. પછી સામાન્ય યોજનાના કુલ ૩૬૬૫ અને નાણા ભરાયેલા ના હોય એવા ૨૨૫ અને નાણા ભરાયેલા હોય એવા ૧૩૮

.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર ખેત વિષયક કેટલા વીજ જોડાણો આપવામાં આવેલા છે ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં આદિજાતિ વિભાગમાં ૭૭૩, સામાન્યમાં ૧,૦૧૯ અને તત્કાલ યોજનામાં ૧,૭૯૪ એટલા કનેકશનો આપવામાં આવ્યા છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, ૯,૬૩૭ બન્ને જિલ્લાઓમાં વીજ જોડાણની અરજીઓ પડતર છે. તો મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, સને ૨૦૦૦ પહેલાંની કેટલી અરજીઓ છે અને તત્કાલ યોજનામાં વીજ જોડાણ જે આપે છે તો યોજના પહેલા આ પડતર અરજીઓનો નિકાલ કરવા માગે છે કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૧ની સાલમાં ૧,૯૩૮ કુલ નોંધાયેલી પડતર અરજીઓ હતી સામાન્યમાં અને આદિજાતિમાં ઝીરો હતી. કુલ જે પડતર અરજીઓ છે એ ૩,૮૯૭ એમાં સામાન્યમાં છે ૩,૩૦૨, અંદાજપત્રમાં જે પૈસા ન ભર્યા હોય એવી ૨૨૫ છે અને નાણા ભરાયેલી અરજીઓ હોય એવી ૧૩૮ છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન છે કે, ૨૦૦૦ પહેલાં એટલે કે, લગભગ ૧૪ વર્ષ પહેલાંની અમુક અરજીઓ બાકી છે તો તત્કાલ યોજનામાં જે નવો આવે એને તાત્કાલિક એનો લાભ મળે છે અને આજે ૧૫–૧૫ વર્ષથી જે વીજ જોડાણ માટે રાહ જોઇ રહ્યો છે એને મળતું નથી. તો મારો પ્રશ્ન સ્પષ્ટ છે કે, આ તમે તાત્કાલિક કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો સ્પષ્ટ જવાબ છે કે, આજે પંચમહાલ જિલ્લામાં ૨૦૧૦ થી એકેય બાકી નથી, ૨૦૧૦ પહેલાંની એકેય બાકી નથી બરાબર. ૨૦૧૧ની પંચમહાલ જિલ્લામાં ટ્રાયબલની એકેય પણ બાકી નથી. પંચમહાલ જિલ્લામાં ૨૦૧૨ની ગોધરામાં ૧૨ બાકી છે એના સિવાય એકેય તાલુકામાં એકેય બાકી નથી. ૨૦૧૩માં ટી.એસ.પી.માં, ટ્રાયબલમાં ગોધરાની ૧૦ બાકી છે એના સિવાય એકેય બાકી નથી. એટલે ૨૦૧૩ સુધીમાં જોવા જઇએ તો ટી.એસ.પી.માં એટલે કે, ટ્રાયબલ વિસ્તારમાં માત્ર ૨૨ અરજીઓ બાકી છે અને ૨૦૧૪માં ૫૭૩, ૨૦૦૦ ટોટલ ૫૯૫. બીજું આ અરજીઓ જે પેન્ડીંગ છે અને પંચમહાલમાં જે નોન–ટ્રાયબલ છે એની અંદર કુલ ૩,૮૯૭ છે, તત્કાલમાં અહીંયા આ વિસ્તારમાં એટલી અરજીઓ આવતી નથી એટલે કોઇ વિષય એનો ઉભો થતો નથી અને અમે લોકો આને પ્રાયોરિટી આપવા માગીએ છીએ.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, કૂવાના વીજળીકરણ માટે વીજ જોડાણ મેળવવા ખેડૂત કઇ કઇ પાત્રતા ધરાવતો હોવો જોઇએ? અને માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષના બજેટમાં સરકારે એક લાખ વીજ કનેકશનો આપવાની જાહેર કરી છે તે બદલ સરકારશ્રીને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે, કોણ પાત્રતા ધરાવે, તો કોઇ પણ ખેડૂત પછી એ ટ્રાયબલનો હોય, ડાર્ક ઝોનમાં હોય, સામાન્ય વીજમાં હોય એવો કોઇ પણ ખેડૂત હોય, એ અરજી કરવાને પાત્રતા ધરાવે છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, નવા નિયમો પ્રમાણે એક જ સરવે નંબરમાં ખેતી વિષયક બીજું જોડાણ આપવામાં આવતું નથી તો સરકારશ્રી...

ઉપાધ્યક્ષશ્રી : પડતર અરજીની વાત છે એમાં હોય તો આપો.(અંતરાય) બીજો પ્રશ્ન જોઇએ, પ્રશ્ન હીરાભાઇ.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બીજો મારો પ્રશ્ન એ છે કે પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં જે વિકાસશીલ તાલુકા છે અને એવા તાલુકામાં જે ખેડૂતોએ વીજ જોડાણની માગણી કરી છે અને એમના કેસ પડતર છે એમને કોઇ અગ્રતાક્રમે છોડીને જેમણે માગણી કરી છે એ તમામને વીજ જોડાણ સરકાર આપવા માગે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે અગ્રતાક્રમ પ્રમાણે જ જઇએ છીએ. એક સાથે જયારે રીલીઝ આપે ત્યારે એસકયુ સો, એકસો પચાસને આપી એટલે અગ્રતાક્રમ બહાર આપણે જવા ઇચ્છતા નથી.આખા રાજયની અંદર એક જ નિયમ છે પણ આપણે આની અંદર ઝડપ કરીશું અને મારે ખાલી ધ્યાન દોરવું છે કે ૨–૩ વર્ષના કનેકશન બાકી છે. લાખ કનેકશન આપીશું એટલે મોટાભાગના ઘણા

કનેકશન નીકળી જશે. પહેલો સવાલ પૂછયો એમાં જી.ઇ.આર.સી.નો ઓર્ડર સ્પષ્ટ છે. એક સર્વે નંબરમાં એક કનેકશન આપીએ છીએ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય મંત્રીશ્રીને મારે પૂછવું છે હમણા જ એક સદસ્યશ્રી આ બજેટની અંદર એક લાખના અભિનંદન આપતા હતા મારે એમને કહેવું છે કે ગુજરાતમાં ૪૮૨૦૦૦ આજે પણ કનેકશનો બાકી છે. જે ચાર લાખ બ્યાશી હજાર છે એ પડતર અરજીઓ જ છે. પડતર અરજીઓની જ વાત કરું છું. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : રાઘવજીભાઇ, તમારા સભ્યશ્રી પ્રશ્ન પૂછે છે. તમારા સભ્યને, તમારા દંડકને ડિસ્ટર્બ કરવા છે તમારે? હી ઇઝ ઓન લેગ. સીટ ડાઉન.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી એ છે કે પડતર અરજીઓનું જ પૂછું છું. સમગ્ર ગુજરાતની અંદર ૪૮૨૦૦૦ બાકી હોય અને અહીંયા આગળ માત્ર એવો જવાબ આપવામાં આવે કે અમે જે પ્રક્રિયા ચાલુ છે એ પ્રક્રિયા મુજબ આપીશું. માનનીય સરકારશ્રીને મારે કહેવું છે કે આમાં સ્પષ્ટ કહેવું જોઇએ. આજે ખેડૂતો દુઃખી છે, ખેડૂતો આત્મહત્યા કરે છે કે ૨૦૧૦ના જયારે બાકી હોય ત્યારે સરકાર સ્પષ્ટ કહે કે અમે એક વર્ષમાં આપવાના છીએ. સમય નકકી કરીને કેટલા જોડાણો તાત્કાલિક આપવાના છે એ મંત્રીશ્રી નકકી કરીને તાત્કાલિક કહે.

શ્રી સૌરભ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો પંચમહાલ જિલ્લાનો પ્રશ્ન છે પણ દંડકશ્રી છે એટલે પહેલા તો મારે એમનો આભાર માનવાનો છે. ગઇ સાલ સુધી દસ લાખ કહેતા હતા હવે સાડા ચાર લાખ કહે છે અને બીજુ, અત્યાર સુધી ૯૫ કહેતા હતા હવે ૨૦૧૦ ઉપર આવ્યા. એટલે આ બે વસ્તુ, આ પ્રગતિ છેલ્લા વર્ષોમાં આપે સરકારની જોઇ. છેલ્લા પાંચ દસ વર્ષમાં અમે જેટલા કનેકશન આપ્યા છે એટલા છેલ્લા ચાલીસ વર્ષમાં નથી આપ્યા. આ કનેકશન પાછળ માનનીય સભ્યશ્રીને મારે કહેવું છે કે આ સરકાર ૧૮૦૦ કરોડ રૂપિયા વર્ષે આપે છે. ખેડૂતો વતી આપે છે. અને આદિવાસીઓની ચિંતા ના કરતા, અમે બેઠા છીએ ચિંતા કરનાર અને પંચમહાલથી માંડીને દરેક જગ્યાએ એમને પાણીનો પણ લાભ મળે અને જોડેજોડે ટપક પદ્ધતિનો પણ લાભ મળે એવી વ્યવસ્થા કરીશું.

**રાજ્યમાં વિમાન અને હેલિકોપ્ટર રીપેરીંગ વ્યવસ્થા**

* ૧૪૬૮૧ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારશ્રીએ વિમાન અને હેલિકોપ્ટર રાજ્યમાં જ રીપેરીંગ થઇ શકે તેવી કોઇ વ્યવસ્થા અમલમાં મુકવાની યોજના બનાવી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અંગે કઇ વ્યવસ્થા કરવામાં આવેલ છે, અને | (૨) રાજ્ય સરકારશ્રી દ્વારા અમદાવાદ એરપોર્ટ ખાતે ગુજસેલ એમ.આર.ઓ. કોમ્પલેક્ષ બનાવવામાં આવેલ છે. |
| (૩) આ અંગે હાલમાં શું કામગીરી કરવામાં આવેલ છે ? | (૩) છેલ્લા એક વર્ષમાં ૬ વિમાન અને ૧ હેલિકોપ્ટરની મરામત કરવામાં આવેલ છે. |

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા : માનનીય અધ્યક્ષ મહોદય, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગુજસેલ એમ.આર.ઓ.માં કઇ કઇ કંપનીઓ વિમાન અને હેલિકોપ્ટર રીપેરીંગ કરવા માટે આવે છે અને  શા માટે એ લોકો ગુજરાતમાં આવે છે અને ગુજસેલ એમ.આર.ઓ.માં માલિકીના હેલિકોપ્ટર અને વિમાનો કોના કોના રીપેરીંગ કરવામાં આવે છે?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધયક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો છે કે ડાયરેકટર જનરલ ઓફ સિવિલ એવીએશન દ્વારા માન્યતા પ્રાપ્ત અને સિવિલ એવીએશન રીકવાયર્મેન્ટ ૧૪૫ સીઆરએની મંજૂરી ધરાવતી કંપનીઓ એમઆરઓ કોમ્પ્લેક્ષમાં એરક્રાફટ, હેલિકોપ્ટર મરામત અને સર્વિસની કામગીરી કરી શકે છે.  અત્યાર સુધીમાં આ સુવિધાનો ઉપયોગ મેસર્સ ઇન્ડાવમર એવિએશન પ્રાઇવેટ લિમિટેડ કંપની તેમજ યુરોક્રોક કંપની દ્વારા કરવામાં આવેલ  અને અત્યારે આર.એમ.ઓ.ની

કામગીરી છે એ મેરી ટાઇમ એનર્જી એવીએર મહેર કંપની દ્વારા ગુજરાત રાજયમાં કામગીરી ચાલુ છે. ડાયરેકટર જનરલ ઓફ સિવિલ એવીએશન દ્વારા માન્યતા પ્રાપ્ત જે કંપનીને થાય અને સિવિલ એવીએશન ડિપાર્ટમેન્ટ નં.૧૪૫ ની મંજૂરી ધરાવતી કોઇપણ કંપની એમ.આર.ઓ. હબનું એરક્રાફ્ટ, હેલીકોપ્ટરની મરામત કરી શકે છે, તેમ છતા અત્યાર સુધીમાં એરબસ, હેલીકોપ્ટર, ફ્રાચ અને મે.ઇન્ડામર એવીએશન પ્રા.લિ. દ્વારા આ સુવિધાનો ઉપયોગ કરવા રજૂઆત કરેલ છે. જ્યાં સુધી ટેન્ડરની કામગીરી પૂરી ન થાય અને કોઇપણ ડી.જી.સી.એ. ની પરવાનગી મેળવીને ચોક્કસ હેતુ માટે ગુજસેલ એમ.આર.ઓ. માં કામગીરી કરી શકશે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી પ્રશ્ન પૂછવા માગું છું કે સરકાર એવું વિચારે કે એમ.આર.નો. ની જગ્યા માટે એના સેન્ટર માટે તો અમારા જૂનાગઢ જિલ્લામાં કેશોદમાં છેલ્લાં ૧૦ વર્ષથી કોઇજાતનું પ્લેન આવતું નથી.

ઉપાધ્યક્ષશ્રી : પ્લેન આવવાની વાત નથી. રિપેરિંગની વાત છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : અમારા કેશોદમાં પ્લેન પહેલા આવતું તો બાળકો જોવા નીકળે. આજે ૮ વર્ષથી આપે બંધ કર્યુ છે. અહીયા સેન્ટર ઉભું કરો તો જોવા તો લોકો આવે. બેસાડો નહિ તો કાંઇ નહિ. ઉભું કરવા માગો છો કે કેમ?

શ્રી જસાભાઇ ભા. બારડ : જૂનાગઢ જિલ્લાનો હું પણ છું. મેઇન્ટેનન્સ એમ.આર.ઓ. ની શરૂઆત ગુજરાત સરકારે કરી છે. જે ઐતિહાસિક શરૂઆત કરી છે અને ભારત સરકારની જે રાષ્ટ્રીય લેવલનું જે કેશોદ એરપોર્ટ છે, તે સેન્ટ્રલ ગવર્નમેન્ટ અન્ડરમાં આવે છે. ત્યાં પણ ટૂંક સમયમાં અમારા મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રી આનંદીબેનના કહેવાથી હમણા ટૂંક સમયમાં શરૂ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગુજરાત સેલનું પૂરું નામ શું છે? કોની માલિકી કંપનીની છે. ગુજરાત સેલ કંપનીમાં કેટલા કર્મચારીઓની ભરતી કરવામાં આવે છે?

શ્રી જસાભાઇ ભા. બારડ : કેન્દ્ર સરકારની એરપોર્ટ ઇકોનોમી ઓથોરિટી અને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા માન્ય થયેલ પાર્કીંગ અને હાઉસિંગ ચાર્જ દર પ્રમાણે ચાર્જ લેવામાં આવે છે. ભારત સરકારની ગાઇડલાઇન મુજબ અમદાવાદ એરપોર્ટ હાઉસિંગમાં હવે કેન્દ્ર સરકાર એરક્રાફ્ટના વજન અને તે પ્રમાણે ભાવ નક્કી કરવામાં આવે છે. કેટલું વજન છે કેટલા કલાક પડતર છે તેના ઉપર ચાર્જ લેવામાં આવે છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે આપે જે રીતે વાત કરી કે ગુજરાતનું એરપોર્ટ ખૂબ જ ધમધમતુ એરપોર્ટ છે અને ડોમેસ્ટિક ઇન્ટરનેશનલ ફ્લાઇટ આવે છે. બર્ડ હીટનું બહુ સાંભળ્યું છે, પણ બફેલો હીટ જે થયું એમાં જે નુકસાન થયું તો એને રિપેરિંગ કરવા...

ઉપાદક્ષશ્રી : વિષય બહાર નહિ, તેજશ્રીબેન બેસી જાઓ.

શ્રી પુનમભાઇ કા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, મારો જવાબ મળી ગયો છે.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી પૂછવા માગું છું કે ગુજસેલ એમ.આર.ઓ. દ્વારા પાર્કીંગ ચાર્જની ગણતરી કયા આધારે કરવામાં આવે છે તેમજ વિમાન હેલીકોપ્ટરમાં જે રેટ હોય છે તે અલગ અલગ હોય છે કે કેમ?

શ્રી જસાભાઇ ભા. બારડ : મેં હમણા વાત કરી કેન્દ્ર સરકારની એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા માન્ય થયેલ પાર્કીંગ, હાઉસિંગ ચાર્જ તે પ્રમાણે દર લેવામાં આવે છે. અમદાવાદ એરપોર્ટ પ્રમાણે હાઉસિંગ ચાર્જ રૂપિયા ૩, ૩.૫૦ અને કલાકના ૧ મેટ્રિકટનના ૫૪૮ રૂપિયા ૧૦, ૧૦.૫૦ અને ૧.૮૦ કલાકના ૨૭૬ આ કેન્દ્ર સરકાર દ્વારા એરફ્રાફ્ટના વજન પ્રમાણે ભાવ નક્કી થાય છે અને નક્કી થયેલ ભાવ ભારત સરકારની ઓથોરિટી મારફત નક્કી થાય છે તે પ્રમાણે જ લેવામાં આવે છે.

તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫
તારાંકિત પ્રશ્નો

**ભાવનગર શહેરમાં વાણિજ્યિક વેરાની આવક**

* ૧૩૬૨૮ **શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં ભાવનગર શહેરમાંથી વાણિજ્યિક વેરાની કેટલી આવક રાજ્ય સરકારને મળી, અને | (૧) રૂા. ૪૬૯.૧૭ કરોડ. |
| (૨) ભાવનગર શહેરની સૌથી વધુ આવક આપતી ૫(પાંચ) કોમોડીટીઓ કઇ છે ? | (૨) (૧) શીપ બ્રેકર્સ<br>(૨) ગેસ<br>(૩) તમાકુ<br>(૪) ઓટોમોબાઈલ્સ<br>(૫) આયર્ન અને સ્ટીલ |

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, એકસાથે આનંદ વહેંચવાનો આજનો આ ગુજરાતની જનતાનો પ્રસંગ છે ત્યારે હું આ ગૃહમાં એક આનંદ વહેંચવા માગું છું. છેલ્લા દશકાથી કેન્દ્રમાં રાજયના અનેક પડતર પ્રશ્નો હતા. આનંદીબેનના સબળ નેતૃત્વના કારણે તે પછી બંધના દરવાજાની બાબત હોય કે અન્ય બાબત હોય તે સફળતાપૂર્વક કેન્દ્રની નવી સરકારે, માનનીય નરેન્દ્રભાઇની સરકારે મંજૂર કરી છે. આ ગુજરાતની જનતાને આનંદ થાય તેવું છે. વિપક્ષના સભ્યોને પણ મારી વિનંતી છે. ગઇકાલે જે નિર્ણય થયો છે તે મારા પ્રશ્નને સુસંગત છે. ૧૪મા નાણાપંચની ભલામણો કેન્દ્રએ સ્વીકારી છે. કેન્દ્રીય વેરામાંથી રાજયનો હિસ્સો ૩૨ ટકામાંથી ગુજરાતનો ૪૨ ટકા કરવામાં આવ્યો છે. નવી ફોર્મ્યુલા પ્રમાણે કાયમ વિપક્ષના સભ્યો ચિંતા કરે છે ત્યારે તમે પણ પાટલી થપથપાવજો. ચાર હજાર કરોડ રૂપીયાનો સીધો ફાયદો ગુજરાતની જનતાને મળવાનો છે ત્યારે આદરણીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને અભિનંદન આપું છું અને પ્રજા વાત્સલ્ય વડાપ્રધાન એમણે અચ્છે દિનની અનુભૂતિ થતી હોય તેવો દેશ અને ગુજરાતની જનતાને અહેસાસ કરાવ્યો છે ત્યારે તેમનો પણ આભાર માનું છું. આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ભાવનગર શહેરની સૌથી વધુ આવક આપતી કોમોડીટી પર વેટનો દર શું છે? ૨૦૧૪–૧૫ દરમ્યાન વેટની કેટલી આવક આ કોમોડીટીમાંથી રાજય સરકારને પ્રાપ્ત થઇ છે?

શ્રી સૌરભભાઇ પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, સૌથી અગત્યની કોમોડીટી ભાવનગરમાં હોય તો તે શીપ બ્રેકીંગ છે. શીપ બ્રેકીંગમાં ૨૦૧૪–૧૫ એટલે અપ ટુ ડિસેમ્બર સુધીની ૨૫૮.૯૮ કરોડની આવક થઇ છે અને તેની અંદર કરવેરો પાંચ ટકાનો છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજયની કેટલી બેન્કોમાં ઇ–પેમેન્ટ સ્વીકારવામાં આવે છે અને ૨૦૧૪–૧૫માં કેટલી રકમ ઇ–પેમેન્ટ દ્વારા મેળવવામાં આવી?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ૧૮ બેન્કોમાં ઇ–પેમેન્ટ સ્વીકારવામાં આવે છે. ૨૦૧૪–૧૫ એટલે આ કરન્ટ યરમાં ૩૬,૨૦૦ કરોડની આવક કુલ ડિસેમ્બર સુધી થઇ છે. તેમાં ૨૬,૮૯૭ એટલે ૭૪ ટકા પેમેન્ટ સરકારને ઇ–પેમેન્ટ દ્વારા મળે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં જે રીતે આવક બતાવી છે તો મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આપણે જે રીતે વેટમાં રીફંડ આપીએ છીએ, તેનો જે પરિપત્ર છે તે કેટલા દિવસનો છે? પરિપત્ર બાદ જે લોકો રીફંડ માગે અને લેટ થાય તો સરકાર તેને વ્યાજ આપવા માગે છે કે કેમ?

ઉપાધ્યક્ષશ્રી : આ ભાવનગર જિલ્લા પૂરતો પ્રશ્ન છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, તેમાં વેટ પ્રમાણે ગતિ હોય છે. ૯૦ દિવસમાં આપવાના હોય છે. સરકાર ૨૦૦ દિવસ સુધી વેપારીઓને રીફંડ આજે પણ નથી આપતી જેના કારણે ટર્ન ઓવર બંધ થઇ જાય છે. સરકાર પાસે આવા અનેક દાખલા છે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં ૯૦ ટકા રીફંડ આપણે તાત્કાલિક આપીએ છીએ. આપણી પાસે કોઇ એવા કેસીસ ૯૦ દિવસ ઉપરના હોય તો મારી પાસે લાવજો આપણે ચોકકસ તેમને મદદ કરીશું. કરીશું મદદ. સાહેબ આમાં ટેકનિકલી પરફેકટ હોવું જોઇએ. ટેકનિકલી પરફેકટ ન હોય તો રીફંડ મોડું મળે છે. અમે લોકો, વેટ વિભાગ ટેકનિકલી એકદમ પરફેકટ હોય આ રાજયની તિજોરીમાં પૈસા ભરાય છે. ખોટા પૈસા આપી દઇએ પછી કોઇ મળતું નથી. કોઇ જડતું નથી. એટલે આ ચકાસણી કરી પૈસા આપીએ છીએ. છતાં પણ ૯૦ ટકા પૈસા પાછા આપીએ છીએ. મારે કહેવું છે કે આજની તારીખમાં અપ ટુ ડિસેમ્બર ખાલી ભાવનગરની અંદર ૩.૫૯ કરોડ રૂપિયા આપ્યા છે. જે ગઇસાલ આખા વર્ષમાં ૩.૨૬ કરોડ હતા. તેનાથી વધારે રીફંડ તરીકે આપ્યા છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ભાવનાબેન.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારો જવાબ બાકી છે.

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વેરો ઇ–પેમેન્ટથી ભરવાનો ફાયદો શું છે? અને કયા વેપારીઓએ ફરજિયાત પેમેન્ટ કરવું પડે છે?

ઉપાધ્યક્ષશ્રી : હું તમને ચાન્સ આપું આપ બેસો. માનનીય બલવંતસિંહજી. મેં બીજો પ્રશ્ન એલાઉ કરી દીધો છે. આઇ વીલ ગીવ યુ.

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, વેરો ઇ–પેમેન્ટથી ભરવાના ફાયદા શું છે, કયા વેપારીઓએ ફરજિયાત ઇ–પેમેન્ટ કરવું પડે છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઇ–પેમેન્ટના ઘણાં બધા ફાયદાઓ છે. એક તો સૌથી અગત્યનું એ ખૂબ ટ્રાન્સપરન્ટ રીતે પૈસાનું ટ્રાન્ઝેકશન થાય છે અને બીજી કોઇ ફિઝિકલ કોપી આપવાની જરૂર પડતી નથી, સમયની બચત થાય છે, પૈસાની સિક્યોરીટી હોય છે, બંને પાર્ટીઓ સંમત હોય છે અને ગમે ત્યાંથી એ વ્યક્તિ પૈસા ભરી શકે છે એટલે આના ખૂબ મોટા ફાયદા થાય છે. બીજું માનનીય બલવંતસિંહે જે વાત કરી એમાં જણાવું કે સરકાર દર વર્ષે વેટની આવકમાંથી જેટલું બને તેટલું રીફંડ અમે આપતા હોઇએ છીએ અને સમયસર આપીએ છીએ. અમારી પાસે જે નિયમોના ધોરણ છે એમાં દરેક જગ્યાએ કડકમાં કડક સૂચના આપી છે કે તમારે સમય મર્યાદામાં રહીને જ રીફંડ આપવું. અગર માનનીય સભ્યશ્રીને કોઇ જગ્યાએ લાગતું હોય આ જગ્યાએ ૯૦ દિવસથી વધારે સમય ગયો છે તો મારું ધ્યાન દોરજો હું ચોક્કસ અધિકારીને બોલાવીશ અને ૯૦ દિવસની જે સિસ્ટમ હોય એ પ્રમાણે મળી જાય એવી કોશીશ કરીશ. માનનીય અધ્યક્ષશ્રી, મારે સ્પષ્ટ કહેવું છે કે જો ૯૦ દિવસથી ઉપર રીફંડ હોય તો કલોઝીંગ બેલેન્સીસમાં રીફંડ આપવાનો કેટલો મોટો આંકડો દેખાય? હું સભ્યશ્રીને બતાવીશ કે રાજય સરકારની જ્યારે તિજોરી બંધ થાય છે ત્યારે એણે જે રીફંડ આપવાનું હોય છે એ એપ્રિલ મહિનામાં રીફંડ આપે છે. એટલે જેટલું તમે કહો છો એટલું રીફંડ આપવાનું બાકી રહેતું નથી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ ભાવનગર જિલ્લામાં ૮૬૯.૧૭ કરોડની આવક થઇ છે તેમાં પેટ્રોલ–ડિઝલ અને ખાતરમાંથી કેટલી વેટની આવક થઇ છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે આ માહિતી નથી પણ હું સભ્યશ્રીને આપી દઇશ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ જે પાંચ આઇટમ બતાવી છે એમાં ગેસ ઉપર કેટલી આવક થઇ એ માનનીય મંત્રીશ્રી જણાવે.

તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫
તારાંકિત પ્રશ્નો

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગેસ ઉપરનો વેરો દર ૧૫ ટકા છે અને આવક ૧૦૧.૨૭ કરોડ છે.

**તાપી જિલ્લામાં કૃષિ વિષયક વિજ જોડાણની પડતર અરજીઓ**

* ૧૪૧૩૯ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોના ખેડૂતોની કૃષિ વિષયક વિજ જોડાણ માટેની અરજીઓ કેટલા સમયથી પડતર છે,

(૨) કૃષિ વિષયક વિજ જોડાણો સત્વરે મળે તે માટે સરકારે શું આયોજન કરેલ છે, અને

(૩) કેટલા સમયમાં આ વિજ જોડાણો આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તાપી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણ માટેની તાલુકાવાર પડતર અરજીઓ અને તેમાં સમાવિષ્ટ ગામોની સંખ્યા તથા પડતર રહેવાના સમયની તાલુકાવાર માહિતિ સામેલ પત્રક–અ મુજબ છે.

**પત્રક–અ**

| તાલુકાનું નામ | અરજીઓ પડતર રહેવાનો સમય/વર્ષ | | | | ગામ/પેટાપરાની સંખ્યા |
|---|---|---|---|---|---|
| | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ | |
| વાલોડ | ૧૦૧ | ૧૮૯ | ૨૮૪ | ૩૦૮ | ૫૧ |
| વ્યારા | ૪૧૯ | ૬૪૯ | ૮૩૦ | ૬૧૭ | ૧૫૭ |
| ઉચ્છલ | ૭૦ | ૧૭૯ | ૧૯૧ | ૧૨૫ | ૬૮ |
| નિઝર | ૧૪૨ | ૨૬૧ | ૧૬૮ | ૧૯૪ | ૮૭ |
| સોનગઢ | ૧૪૯ | ૬૨૯ | ૭૮૪ | ૭૩૪ | ૧૭૫ |

(૨) અને (૩) કૃષિ વીજ જોડાણ અરજી નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવતા હોય છે. કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઇને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે. તદ અનુસાર તમામ પડતર અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરી શક્ય તેટલી ઝડપથી વીજ જોડાણ આપવાનું આયોજન છે.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧.૧૨.૨૦૧૪ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોના ખેડૂતોની કૃષિ વિષયક વીજ જોડાણ માટેની અરજીઓ કેટલા સમયથી પડતર છે? તો મને જે રીતે જવાબ આપવામાં આવ્યો છે ત્યારે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, વાલોડ, વ્યારા, ઉચ્છલ, નિઝર અને સોનગઢ બધા તાલુકાની અરજીઓ મળીને લગભગ ૯ હજાર અરજીઓ પડતર પડી છે. એનો જે સમય છે એ વર્ષ ૨૦૧૧, ૨૦૧૨, ૨૦૧૩ અને ૨૦૧૪ એ વર્ષમાં આટલી અરજીઓ આવી છે એમાં મને જે જવાબ આપ્યો છે એમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે માળખાગત સુવિધા, વીજ વિતરણ ચવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઇને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે. તો માનનીય અધ્યક્ષશ્રી, હું એમ કહેવા માગુ છું કે, આ માળખાકીય સુવિધામાં જનરલ કેટેગરીના ખેડૂતોની કેટલી અરજીઓ પડતર છે, અને આદિવાસી ખેડૂતોની કેટલી અરજીઓ પડતર છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કુલ જે પડતર અરજીઓ છે એનો તાલુકાવાર પડતર અરજીઓનો આંકડો તો આપને મળી ગયો છે. માનનીય અધ્યક્ષશ્રી, તાપી જિલ્લામાં તમામ તાલુકામાં ટ્રાયબલ ખેડૂતો છે એટલે કે જનરલ ખેડૂતોનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે જનરલ કેટેગરીના કેટલા ખેડૂતોની અરજીઓ પેન્ડીંગ છે, અને આદિવાસી ખેડૂતોની અરજીઓ કેટલી પેન્ડીંગ છે?

ઉપાધ્યક્ષશ્રી : તમારો સવાલ પડતર અરજીઓ અંગેનો છે તમારે એ બાબત સવાલમાં જ પૂછી લેવો જોઇતો હતો. નેકસ્ટ મોહનભાઇ ઢોડીયા, (અંતરાય) આમાં બહુ સ્પષ્ટ જ છે તમે પડતર અરજીઓ માટે પૂછ્યું છે એ બાબત તમને જોઇતી હતી તો એમાં જ પૂછી લેવું હતુંને?

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, તાપી જિલ્લામાં તાલુકાવાર છેલ્લાં ત્રણ વરસમાં ખેતીવિષયક કેટલા વીજ જોડાણ આપવામાં આવેલ છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : તાપી જિલ્લામાં છેલ્લા ૩ વરસમાં વાલોડમાં ૨૦૧૩માં ૫૧૫ છે. ટોટલી વાલોડ, વ્યારા, ઉચ્છલ, નિઝર, સોનગઢ બધા તાલુકાઓમાં થઇને ૨૦૧૩માં ૨૮૫૩, ૨૦૧૪માં ૩૬૫૫ અને ૨૦૧૪–૧૫માં ૨૫૩૬ કુલ કનેકશનો આપવામાં આવેલ છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય મંત્રીશ્રી પાસે સ્પષ્ટ જવાબ જાણવા માગું છું કે અરજદાર જ્યોતિગ્રામ યોજનામાં અરજી કરે, એ અરજી કર્યાની તારીખથી વધુમાં વધુ કેટલા સમયમાં એને વીજ જોડાણ આપવામાં આવે છે? સ્પષ્ટતા કરે કે રાજ્યની અંદર કોઇપણ અરજદાર અરજી કરે એ તારીખથી વધુમાં વધુ કેટલા સમયમાં એના ઘરમાં જ્યોતિ ગ્રામનો દીવો પ્રગટે છે? આનો સ્પષ્ટ જવાબ મંત્રીશ્રી આપે.

શ્રી સૌરભ પટેલ : આ કૃષિ વિષયકનો પ્રશ્ન છે સભ્યશ્રીએ જ્યોતિગ્રામ યોજનાની માહિતી મેળવવી હોય તો અલગ નોટિસ આપવાની રહે છે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કૃષિ વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો માટે વીજ બિલનું માળખું શું છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : કૃષિ વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો માટે વીજ બિલનું માળખું જે છે તે આ પ્રમાણે છે. એમાં ફિક્સ ચાર્જ પ્રતિ હોર્સ પાવર ૨૦ રૂપિયા, એનર્જી ચાર્જ તમામ વીજ વપરાશકારો માટે ૮૦ પૈસા પર યુનિટ, તત્કાલ યોજના માટે, જે તત્કાલના ગ્રાહકો હોય એ પાંચ વરસ પછી સામાન્ય ટેરિફમાં એટલે કે ૬૦ પૈસા પ્રતિ યુનિટ એના ગણવામાં આવે છે. ફિક્સ ચાર્જ સામાન્ય મીટર માટે પ્રતિ હોર્સ પાવર ૨૦ રૂપિયા, એનર્જી ચાર્જ પ્રતિ યુનિટ ૬૦ પૈસા, એચ.પી. આધારિત મીટર, ટેરિફ મીટર વિનાનું કૃષિ વિષયક વીજ કનેકશન ધરાવતા ખેડૂતો માટે તમામ માટે રૂપિયા ૨૦૦ પ્રતિ એચ.પી. પ્રતિ માસ અને રૂપિયા ૨૪૦૦ પ્રતિ એચ.પી. પ્રતિ વરસ, કૃષિ વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો પાસેથી વસૂલાત કરવાપાત્ર સબસીડી આધારિત ટેરિફ ૭.૫૦ એચ.પી. સુધી ૬૬૫ રૂપિયા પ્રતિ એચ.પી. પર ઇયર, એનાથી વધારે ૮૦૭.૫૦ પૈસા પ્રતિ એચ.પી. પ્રતિ ઇયર, આદિવાસી ખેડૂતો માટે માત્ર ૩૨૦ રૂપિયા એનો ચાર્જ લેવામાં આવે છે કનેકશન વખતે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, તાપી જિલ્લામાં ૨૦૧૧–૧૨માં કુલ ૨૭૬૮ અરજીઓ હતી, એમાં પુનાભાઇનો પ્રશ્ન હતો કે આદિવાસીઓની અરજીઓ કેટલી અને ઓપન કેટેગરીની અરજી કેટલી કારણ કે ,..

ઉપાધ્યક્ષશ્રીઃ આ સવાલ આમાં આવતો નથી, આપ બેસી જાઓ.

શ્રી ગોવિંદભાઇ પટેલ : ત્યાં જનરલી કોઇ કેટેગરી જ નથી સંપૂર્ણ ટ્રાયેબલનો વિસ્તાર છે એટલે જનરલનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ૨૦૧૧ થી ૨૦૧૪ સુધીની અરજી પેન્ડિંગ બતાવી છે એમાંથી પેઇડ પેન્ડિંગ એટલે કે એસ્ટીમેટ ભરેલી કેટલી છે અને એસ્ટીમેટ જે ભરેલી છે એ એસ્ટીમેટ ભર્યા પછી કેટલા સમયમાં વીજ જોડાણ આપવાની સરકારની નીતિ છે? જે આપવાના છે એના માટે ટ્રાન્સફોર્મર પૂરતા છે કે કેમ? અને નથી તો એ ટ્રાન્સફોર્મરના વોલ્ટેજ સાથે આપવા માગો છો કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ટોટલ અરજીઓ જે પૈસા ભરાય જાય તેને ૧૨૦ દિવસમાં કનેકશન આપવાની જોગવાઇ છે. કોઇપણ વ્યકિતના પૈસા ભરાય જાય એટલે ૧૨૦ દિવસ સુધી તેની પડતર હોય તેને કનેકશન મળી જશે અને પૂરતા ફોર્સથી વીજળી મળે તેના માટેના ટ્રાન્સફોર્મરો, ટીસીઓ અને ફીડરો મૂકવામાં આવે છે.

**સાબરકાંઠા જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ વિજ જોડાણ**

* ૧૪૫૭૦ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ કેટલા વીજ જોડાણો તાલુકાવાર આપવામાં આવ્યા ?

(૨) ઉક્ત સ્થિતિએ વીજ જોડાણોની કુલ કેટલી અરજીઓ મળી હતી, અને

(૩) બાકી અરજદારોને ક્યારે વીજ જોડાણ આપવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

જ્યોતિગ્રામ યોજનાનો હેતુ રાજ્યના સમગ્ર ગ્રામ્ય વિસ્તાર અને પેટાપરાઓમાં રહેણાંક, વાણિજ્યિક અને ઔદ્યોગિક વીજ જોડાણો માટે ફીડરોનું વિભાજન કરી આ માટેના અલગ ફીડરો દ્વારા ૨૪ (ચોવીસ) કલાક સતત થ્રી ફેઝ વીજ પુરવઠો પૂરો પાડવાનો તેમજ સાથે–સાથે કૃષિ વિષયક પ્રવૃત્તિ માટે પણ ઉચ્ચ ગુણવત્તાવાળો વીજ પુરવઠો કૃષિ ફીડરો પરથી પુરો પાડવાનો છે.

સાબરકાંઠા જિલ્લામાં જ્યોતિગ્રામ ફીડરો પરથી રહેણાંક, વાણિજ્યિક અને ઔદ્યોગિક વીજ જોડાણો માટેની તા. ૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ તથા આપવામાં આવેલ વીજ જોડાણોની વર્ષવાર અને તાલુકાવાર માહિતિ પત્રક–અ મુજબ છે.

**પત્રક–અ**

| **જિલ્લાનું નામ** | **મળેલ અરજીઓ** | **આપવામાં આવેલ વીજ જોડાણો** |
|---|---|---|
| વિજયનગર | ૮૫૫ | ૮૦૦ |
| ખેડબ્રહ્મા | ૧૨૮૨ | ૬૨૯ |
| હિંમતનગર | ૩૩૬૨ | ૨૪૫૬ |
| પ્રાંતિજ | ૮૩૭ | ૬૧૧ |
| ઈડર | ૨૪૫૪ | ૨૧૨૭ |
| વડાલી | ૧૧૭૭ | ૧૦૭૫ |
| તલોદ | ૧૧૦૯ | ૫૬૬ |
| પોશીના | ૨૬૪ | ૨૧૩ |

(૩) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ નાણા ભરાયેલ પડતર ૪૬ અરજીઓ પૈકી ૨૬ અરજદારોને જાન્યુઆરી–૨૦૧૫ સુધીમાં વીજ જોડાણ આપી દેવામાં આવેલ છે. જ્યારે બાકી રહેલ ૨૦ અરજદારોને શક્ય તેટલા ઝડપથી વીજ જોડાણ આપવાનું આયોજન છે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા હું એ પૂછવા માગુ છું કે, અહીંયા બતાવ્યુ છે કે ખેડબ્રહ્મામાં ૧૨૮૨માંથી ૬૨૯ કનેકશનો આપવામાં આવ્યા. માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગુ છું કે, આદિવાસી વિસ્તારોમાં જે જગ્યાએ કનેકશનો આપવામાં આવે છે ત્યાં કૂકડા ખાઇને કનેકશનો આપવામાં આવે છે. જયારે આદિવાસી અરજી કરે છે ત્યારે તેના થાંભલા નાંખવામાં આવે છે. થાંભલા નાંખ્યા પછી તેના વાયરો નાખવામાં આવે છે. વાયરો નાખ્યા પછી તેનું દોરડું નાખવામાં આવે છે પછી મીટરવાળો માણસ અલગ જાય છે.

ઉપાધ્યક્ષશ્રી : સવાલ પૂછો.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, પાંચ કૂકડા ખાય છે પછી આદિવાસીને કનેકશન મળે છે.

ઉપાધ્યક્ષશ્રી : તમારો સીધો સવાલ પૂછો.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારની અંદર કૂકડા ખાઇને કનેકશન આપવામાં આવે છે તો તેની તપાસ કરવા માગો છો કે કેમ ?

શ્રી સૌરભ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જેને જે કામગીરી સોંપેલી હોય તે વ્યકિત તે કામગીરી કરે. પહેલા મીટર નાખી અને પછી થાંભલા ના નંખાય. પહેલા થાંભલા જ નાખવા પડે, થાંભલાના લોકો જુદા હોય તેનો કોન્ટ્રેકટ આપેલો હોય, વાયરીંગવાળાનો જોડે કોન્ટ્રેકટ આપ્યો હોય. આ બધુ કર્યા પછી છેવટે મીટર માટે એન્જીનીયરો જાતે પોતે આવતા હોય અને એ પ્રમાણે કામગીરી થતી હોય છે. આખા રાજયમાં આ સેઇમ પઘ્ધતિ છે એમાં આદિવાસી વિસ્તારમાં અને બીજા વિસ્તારમાં કોઇ ફેર છે નહીં.

શ્રી નલીનભાઈ ના. કોટડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માઘ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, આમના પહેલાં તત્કાલિન મુખ્યમંત્રી અને આપણાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીને અભિનંદન આપવા માગુ છું એટલા માટે કે સૌરાષ્ટ્રની અંદર અને ખાસ કરીને સમગ્ર ગુજરાતના ગામડાંઓમાં જયારે અંધારૂં હતું અને લોકો પડતા આખડતા હતા ત્યારે આ જયોતિ ગ્રામ યોજના અમલમાં મૂકી અને ખૂબ સારી કામગીરી કરી છે તેમને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ યોજનાને કોઇ તરફથી કોઇ એવોર્ડ આપવામાં આવેલો છે કે કેમ ? અને આપ્યો હોય તો કોણે આપ્યો છે ?

શ્રી સૌરભ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જયોતિ ગ્રામ યોજનાએ આખા દેશની અંદર દરેક રાજયોને એક દિશા બતાવી છે. હાલમાં દરેક રાજય આપણે જે જયોતિ ગ્રામ યોજના કરી, અમલીકરણ કરી એ પ્રમાણે પોતે પોતાના રાજયમાં પણ અમલીકરણ કરવા જઇ રહ્યું છે. આજે મઘ્યપ્રદેશે પણ સફળતાપૂર્વક આ યોજના પૂરી કરી છે અને અનેક અનેક રાજયોએ અત્યારે કામગીરી ચાલુ કરી છે. ચોવીસ કલાક વીજળી આપવાનું કામ અને જે પ્રમાણે અત્યારે એન.ડી.એ.સરકાર આવી છે મને વિશ્વાસ છે કે આવતા દિવસોમાં આ વિભાગ દિલ્હીની અંદર જયોતિ ગ્રામ યોજના દ્વારા એટલે કે આવી બીજી યોજના દ્વારા બીજા રાજયોને પણ વીજળી મળે તે પ્રમાણે પ્રોત્સાહન કરવામાં આવશે.

ડો. અનિલ  જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કહે છે કે આ કનેકશનો આપીએ છીએ પણ પછાત વિસ્તારોમાં આ જયોતિ ગ્રામ યોજના બંધ કરી દેવામાં આવી છે અને તેના લીધે કનેકશનો આપતા નથી. અધિકારીઓ પાસે જયારે ગ્રાહકો જાય છે ત્યારે એમ કહે છે કે આ યોજના બંધ થઇ ગઇ છે એટલે કનેકશનો મળી શકતાં નથી. આજે ગામડામાં પરિસ્થિતિ એ છે કે છોકરીઓ બિચારી રાત્રે વાંચી શકતી નથી. આપણે શિક્ષણની વાત કરીએ છીએ લાઇટ વગર આ મુશ્કેલી છે.

ઉપાઘ્યક્ષશ્રી : ડોકટર, સવાલ ઉપર આવો.

ડો. અનિલ  જોષીયારા : મારી વિનંતી એ છે કે, યોજના ભલે બંધ કરી દીધી હોય પણ તમે આવા જે ગામડા રહી ગયા છે તેને શોધીને તાત્કાલિક કનેકશન આપવા માગો છો કે કેમ ?

શ્રી સૌરભ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં મારી પાસે એક ગામની માહિતી એવી નથી કે જે ગામ બાકી રહી ગયુ હોય. માનનીય સભ્યશ્રી આપના વિસ્તારમાં કોઇ પણ જગ્યાએ બાકી હોય તે મારું ઘ્યાન દોરજો. હું મારા એન્જીનીયર્સને તમારે ત્યાં મોકલીશ તમે જોડે જજો અને આ સ્કીમની અંદર એ લાયક હશે તો થાંભલા નાખવાનાં હોય કે જે કંઇ સુવિધા આપવાની થતી હશે તે આપણે આપીશું અને તેમને વીજળી આપીશું.  બીજું આ વખતે બજેટમાં સોલારની વ્યવસ્થા કરી છે. એટલે છેક અંદરના વિસ્તારો હોય, ઘર વપરાશ માટે હોય, ખેડૂતો જયારે ખેતરમાં રહેતા હોય અને આ યોજનાનો લાભ ન મળતો હોય તો તેના માટે ઘર વપરાશ માટે સોલાર લાઇટ આપવાની જોગવાઇ આ વર્ષે કરી છે.

શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સાબરકાંઠા જિલ્લામાં જયોતિગ્રામ ફીડર ઉપરથી વીજ જોડાણ મેળવવા તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કયા કયા હેતુઓ માટે કેટલી અરજીઓ મળી, કેટલા વીજ જોડાણો અપાયા અને કેટલા વીજ જોડાણો રદ થયા, બીજો પ્રશ્ન એ છે કે ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં જેમના નાણાં ભરાયા છે તેવી કેટલી અરજીઓના કામ બાકી છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાની અંદર આ યોજના થકી આપણે રહેઠાણોને, કોમર્શીયલને, ઇન્ડસ્ટ્રીયલ, પબ્લીક ઇન્સ્ટીટયુટ, સ્ટ્રીટલાઇટ અને વોટર વર્કસ, એટલી કેટેગરીને જયોતિગ્રામ ફીડર જે હોય એ ફીડરની અંદર કનેકશન આપીએ છીએ. આજે વિજયનગર, ખેડબ્રહ્મા, હિંમતનગર, ઇડર, પ્રાંતિજ, વડાલી, તલોદ અને પોશીવા આ ત્રણેમાં બે વર્ષમાં ૧૧૩૪૦ કનેકશન મળ્યા હતા તેની સામે ૮૪૭૭ કનેકશન આપણે ઓલ રેડી રીલીઝ કર્યા, અત્યારે ૨૮૬૩ કનેકશન બાકી છે એની અંદર અન્ડર પેમેન્ટ એટલે પેમેન્ટ ચૂકવવાનું બાકી હોય તેવા ૧૧૫૧ છે અને નંબર ઓફ એપ્લીકેશન જે પેડ પેન્ડીંગ હતી ૪૬, એ બધી જ અરજીઓને આજની તારીખ સુધીમાં કનેકશન અપાઇ ગયા છે એટલે પેડ પેન્ડીંગ એક પણ કનેકશન સાબરકાંઠા જિલ્લામાં બાકી નથી અને ૧૬૦૯ કનેકશનો રીજેકટ થયા છે. આ સાબરકાંઠા જિલ્લાની જયોતિગ્રામ યોજનાની માહિતી છે.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું એટલું જાણવા માગું છું કે સાબરકાંઠા અને અરવલી જિલ્લો એ છુટો છવાયો જિલ્લો છે, છૂટા છૂટા વિસ્તારમાં ગામડાંઓ વહેંચાયેલા છે. એમાં ૩ કિલો મીટરથી દૂર જયોતિગ્રામમમાં તમે કનેકશન આપતા નથી. ગામાડાંમાં નવી દૂધ ડેરી બનાવવામાં આવે તો એ છેડા ઉપર કયાંક દૂર હોય છે. કયાંક નવી ડેરી બની હોય તો ૩-૪ કિલોમીટર દૂર હોય છે. તો ૩ કિલોમીટરથી વધુ દૂર જયોતિગ્રામમમાં તમે કનેકશન આપવા માગો છો કે કેમ ? કારણ કે આ ગામડાંનો ખેડૂતો સાથે સંકળાયેલો પ્રશ્ન છે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે વાત કરી એવું મારા ધ્યાન ઉપર કયારેય આવ્યું નથી પણ આપ વિગત મોકલજો ચોકકસ જોવડાવી લઇશ. આપણો જે હેતુ છે તે હેતુ બહુ જ કલીયર છે કે ગામડાંઓમાં ઉદ્યોગો હોય, કોમર્શીયલ ટ્રાન્ઝેકશન હોય, રેસીડેન્સીયલ હોય એ રેસીડેન્સીયલમાં જૂથ હોવું જોઇએ, એ જૂથને આપણે કનેકશન આપીએ છીએ. એ જયોતિગ્રામ યોજનામાં ડાયરેકટ આપીએ છીએ, અને એ રીતે ઇન્ડસ્ટ્રીયલ અને કોમર્શીયલને પણ આપીએ છીએ. એટલે નિયમોનું પાલન કરતા હશે તો આપણે એમને ચોકકસ કનેકશન આપીએ છીએ.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : ગામથી દૂર ઘણી વખત ગામડું ૧૫-૧૫ કિલો મીટર વિસ્તરેલું હોય છે, તો પેલા છેડે દૂધની ડેરી આવેલી હોય તો તેને કનેકશન આપવામાં આવતું નથી. સાહેબ જૂથબંધી ન હોય, ડેરી જુથબંધીમાં નથી આવતી.

શ્રી સૌરભભાઇ પટેલ : ડેરીને મળશે, પ્રાયોરીટીમાં ડેરી છે, આપ એની ચિંતા ન કરતા, એના નિયમો પ્રમાણે ડેરી ફોર્મ ભરશે તો એમાં થઇ જશે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ગામડાંઓમાં ગામતળનો અભાવ છે એના કારણે લગભગ વાડી કે ફાર્મ હાઉસ ઉપર ૧૫-૨૦ ના જૂથ બનાવી અને લોકો રહેતા હોય છે. તો આવી જગ્યાએ ૨૪ કલાક પાવર જયોતિગ્રામનો આપવામાં આવતો નથી. અને જવાબ આપવામાં આવે છે કે ત્યાં ૨૪ કલાક ખેતીવાડીમાંથી વીજળી આપવામાં આવે છે. પણ ખરેખર ચોમાસાનો સમય હોય અને લાઇટ જાય ત્યારે રીપેરીંગ પણ થતું નથી. તો આવી કોઇ ચોકકસ વ્યવસ્થા જયોતિગ્રામની કરવા માગો છો કે કેમ અને દિલ્હીમાં આપની સરકારે ૫૦ ટકા વીજ શૂલ્ક માફ કર્યો તેવી રીતે ગુજરાતમાં કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જયોતિગ્રામ યોજના હેઠળ છેલ્લા ઘણા વર્ષોથી દરેક જગ્યાએ આપણે વીજળી પહોંચાડીએ છીએ. પરંતુ ૨૪ કલાકનો લાભ દરેક ખેતરમાં તો ન મળે, અને દરેક ખેતરમાં જો આપણે આપવા જઇએ તો આખી સિસ્ટમ હાલમાં જે બનેલી છે તે તૂટી જાય. એટલે આજની તારીખમાં કલસ્ટર હોય તો આપણે બધા જ ગામડાંઓમાં આપીએ છીએ, બધા જ પેટાપરામાં આપીએ છીએ. બધા જ કલસ્ટરોમાં રહેતા લોકોને આપીએ છીએ. અને હાલની તારીખમાં કલસ્ટરમાં ૮ કે ૧૦ લોકો હોય તો આપ લેતા આવજો તેને આપવામાં વાંધો નથી.

ઉપાધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં નવીન વીજ પ્લાન્ટ કાર્યાન્વિતની વીજ ઉત્પાદન ક્ષમતા**

* ૧૩૮૮૨ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકની વીજ ઉત્પાદક કંપની દ્વારા છેલ્લા બે વર્ષમાં કોઇ નવીન વીજ પ્લાન્ટ કાર્યાન્વિત કરવામાં આવ્યો છે કે કેમ,

(૨) જો હા, તો તેની વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે, અને

(૩) તે પ્લાન્ટ કાર્યાન્વિત કરવા માટે કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨)

તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકની વીજ ઉત્પાદન કંપનીઓ દ્વારા છેલ્લા બે વર્ષમાં વીજ ઉત્પાદન ક્ષમતામાં થયેલ વધારાની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | વીજ એકમનું નામ | ઉત્પાદન ક્ષમતા (મેગાવોટ) | થયેલ વધારાની તારીખ |
|---|---|---|---|
| ૧ | ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન યુનિટ–૬ (ગુજરાત ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિમિટેડ) | ૫૦૦ | ૦૮–૦૬–૨૦૧૩ |
| ૨ | જી.પી.પી. સી. –પીપાવાવ યુનિટ–૧ અને ૨ (જીએસપીસી પીપાવાવ પાવર કંપની લિમિટેડ) | ૭૦૨ | ૦૧–૦૭–૨૦૧૪ |

(૩) વીજ મથકને કાર્યાન્વિત કરવા માટે થયેલ અંદાજીત ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | વીજ એકમનું નામ | ઉત્પાદન ક્ષમતા (મેગાવોટ) | થયેલ અંદાજીત ખર્ચ (રૂા. કરોડમા) |
|---|---|---|---|
| ૧ | ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન યુનિટ–૬ | ૫૦૦ | ૩૦૧૩ |
| ૨ | જી.પી.પી.સી. –પીપાવાવ યુનિટ–૧ અને ૨ | ૭૦૨ | ૩૦૨૯ |

**વડોદરા જિલ્લામાં કાર્યરત વીજ સબ સ્ટેશનો**

* ૧૪૩૭૭ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કુલ કેટલા વીજ સબ સ્ટેશનો કાર્યરત છે,

(૨) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલા નવા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું,

(૩) તે પૈકી કેટલા નવા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૪) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કુલ ૬૬ સબસ્ટેશનો કાર્યરત છે.

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં, વર્ષ ૨૦૧૨–૧૩ દરમ્યાન કુલ ૩ અને વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન કુલ ૧૧ નવીન વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું.

(૩) તે પૈકી આયોજન કરેલા તમામે તમામ નવીન વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા.

(૪) તે માટે કુલ રૂા. ૧૨૫૦૯.૪૧ લાખનો ખર્ચ થયો.

**વડોદરા શહેરમાં મુખ્યમંત્રી ગૃહ યોજના**

* ૧૩૬૨૧ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

**જવાબ**

(૧) મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત વડોદરા શહેર માટે છેલ્લા બે વર્ષ દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ કોઇ આવાસ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા આવાસની કામગીરી પ્રગતિ હેઠળ છે ?

(૨) ગ્રીન ફિલ્ડ અંતર્ગત વડોદરા મહાનગરપાલિકા દ્વારા ૩૩૪૭, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ૮૨૦ અને ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા ૨૦૦૮ મળી કુલ ૬૧૭૫ આવાસ બાંધકામ પ્રગતી હેઠળ છે.

વડોદરા મહાનગરપાલિકા દ્વારા ગુજરાત સ્લમ રીહેબીલીટેશન પોલીસી PPP-૨૦૧૩ અંતર્ગત-૧૪૧ આવાસ પ્રગતિ હેઠળ છે.

**ગાંધીનગર જિલ્લાની વાણિજ્યિક વેરાની આવક**

* ૧૪૩૯૩ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન તા.૩૧-૧૨-૧૪ સુધીમાં ગાંધીનગર જિલ્લામાંથી રાજ્ય અને સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક રાજ્ય સરકારને મળી, અને

(૧) રૂ.૧૨૦૫.૨૯ કરોડ.

(૨) ગાંધીનગર જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫(પાંચ) કોમોડીટીઓ કઇ છે ?

(૨) (૧) નેચરલ ગેસ
(૨) આયર્ન એન્ડ સ્ટીલ
(૩) ઓટોમોબાઇલ્સ
(૪) કોમ્પ્યુટર
(૫) પેકીંગ મટીરીયલ

**વડોદરા જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજનામાં આવેલ અરજીઓ**

* ૧૪૩૮૪ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૧) વડોદરા જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર અગાઉની પડતર સહિત નીચે મુજબ અરજીઓ આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | કુલ |
|---|---|---|
| ૧ | વડોદરા શહેર | ૪૦૧૬ |
| ૨ | વડોદરા ગ્રામ્ય | ૭૪૫ |
| ૩ | સાવલી | ૬૧૬ |
| ૪ | ડેસર | ૩૧ |
| ૫ | વાઘોડીયા | ૧૬૭ |
| ૬ | ડભોઈ | ૬૮૧ |
| ૭ | પાદરા | ૧૦૭૯ |
| ૮ | કરજણ | ૩૯૦ |
| ૯ | શિનોર | ૧૬૩ |
| | **કુલ** | **૭૮૮૮** |

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી નીચે મુજબની અરજીઓ મંજૂર કરવામાં આવી.

| વર્ષ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ મંજૂર કરેલ અરજીઓની સંખ્યા | બેંક કક્ષાએ મંજૂર કરેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧-૧-૧૩ થી | ૨૭૫૬ | ૧૩૩૩ |

| | | |
|---|---|---|
| ૩૧-૧૨-૧૩ | | |
| ૧-૧-૧૪ થી ૩૧-૧૨-૧૪ | ૨૪૪૭ | ૧૩૬૪ |

(૩) કેટલી રકમની સહાય મંજૂર કરવામાં આવી ?

(૩) વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૪ માં નીચે મુજબ સહાય મંજૂર કરવામાં આવેલ છે.

| **વર્ષ** | **જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ મંજૂર કરેલ સહાય (રૂ.લાખમાં)** |
|---|---|
| ૧-૧-૧૩ થી ૩૧-૧૨-૧૩ | ૨૧૬.૧૮ |
| ૧-૧-૧૪ થી ૩૧-૧૨-૧૪ | ૨૦૯.૦૫ |

## રાજ્યમાં વીજ ઉત્પાદન કરતા સરકારી વીજ મથકોની ઉત્પાદન ક્ષમતા

* ૧૩૯૧૭ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં વીજ ઉત્પાદન કરતા સરકારી વીજ મથકોની મથકદીઠ ઉત્પાદન ક્ષમતા કેટલી છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં વીજ ઉત્પાદન કરતા સરકારી વીજમથકોની મથકદીઠ ઉત્પાદન ક્ષમતાની વિગતો નીચે મુજબ છે.

| **ક્રમાંક** | **વિગત** | **ઉત્પાદન ક્ષમતા (મે.વો.)** | |
|---|---|---|---|
| | | **તા.૩૧-૧૨-૨૦૧૩ ની સ્થિતિએ** | **તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ** |
| **(અ)** | **ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી લી.** | | |
| ૧ | ઉકાઈ થર્મલ પાવર પ્લાન્ટ | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૨ | ગાંધીનગર થર્મલ પાવર પ્લાન્ટ | ૮૭૦ | ૮૭૦ |
| ૩ | વણાકબોરી થર્મલ પાવર પ્લાન્ટ | ૧૪૭૦ | ૧૪૭૦ |
| ૪ | ઉત્તરાણ ગેસ પાવર પ્લાન્ટ | ૫૧૦ | ૫૧૦ |
| ૫ | કચ્છ લીગ્નાઈટ પાવર પ્લાન્ટ | ૨૯૦ | ૨૯૦ |
| ૬ | ધુવારણ ગેસ પાવર પ્લાન્ટ (૭-૮) | ૨૧૯ | ૨૧૯ |
| ૭ | સિક્કા થર્મલ પાવર પ્લાન્ટ | ૨૪૦ | ૨૪૦ |
| ૮ | ઉકાઈ હાઈડ્રો | ૩૦૫ | ૩૦૫ |
| ૯ | કડાણા અને પાનમ હાઈડ્રો | ૨૪૨ | ૨૪૨ |
| | **કુલ-અ** | **૫૪૯૬** | **૫૪૯૬** |
| **(બ)** | **સરકારી ક્ષેત્રના આઈપીપી** | | |
| ૧ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન કંપની લી. હજીરા | ૫૦૭ | ૫૦૭ |
| ૨ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. (સ્ટેજ-૧) | ૧૪૫ | ૧૪૫ |

| | | | |
|---|---|---|---|
| ૩ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. (એસએલપીપી) | ૫૦૦ | ૫૦૦ |
| ૪ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. (સ્ટેજ–૨) | ૧૬૫ | ૧૬૫ |
| ૫ | ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન | ૨૫૦ | ૨૫૦ |
| ૬ | જી.પી.પી.સી. પીપાવાવ પાવર પ્રોજેકટ | – | ૭૦૨ |
| | **કુલ–બ** | **૧૫૬૭** | **૨૨૬૯** |
| | **કુલ (અ+બ)** | **૭૦૬૩** | **૭૭૬૫** |

(૨) આ વીજ મથકો પૈકી કેટલા પૂર્ણતઃ ચાલુ છે અને કેટલા બંધ છે, કેટલા અંશતઃ ચાલુ છે, અને

(૩) જો વીજ મથકો બંધ હોય તો બંધ થવાના અને અંશતઃચાલુ હોય તો તે માટેના કારણો શા છે ?

(૨) અને (૩) : રાજ્ય સરકાર દ્વારા રાજ્યના તમામ કક્ષાના વીજ ગ્રાહકોને જરૂરીયાત મુજબ અને પૂરતી વીજળી પૂરી પાડી શકાય તે સારૂ, જરૂરી વીજ પૂરવઠો સુનિશ્ચિત કરાયેલ છે અને ઉકત સ્થિતિએ તમામ વીજ મથકો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ છે. પરંતુ વીજ ઉત્પાદનનો સંગ્રહ શક્ય નથી. આથી, રાજ્યના તમામ પ્રકારના ગ્રાહકોની જે તે સમયની વીજ જરૂરીયાતને લક્ષમાં રાખીને તેમજ જે તે વીજ મથકની ફ્યુલ કોસ્ટ અને નામ. વીજ નિયમન આયોગના મેરીટ ઓર્ડસ અંગેના રેગ્યુલેશનને ઘ્યાને રાખી, તમામ વીજ મથકો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોવા છતાં, ઉપર્યુકત અનિવાર્ય કારણોસર તત્પૂરતા સમય માટે હંગામી ધોરણે બંધ અથવા જે તે સમયની જરૂરીયાત મુજબ અંશતઃ કાર્યરત રાખવા પડે છે. આ ઉપરાંત આકસ્મિક ખોટવાઈ જવું, સમારકામની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં પણ જે તે સમયે વીજ મથકને બંધ રાખવા પડે છે.

**પાલીતાણામાં શેત્રુંજી નદીને પર્યટન સ્થળ તરીકે વિકસાવવા બાબત**

* ૧૩૭૬૭ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના પાલીતાણા યાત્રા વિકાસ ધામમાં આવેલ શેત્રુંજી નદી પર બંધ બાંધેલ છે તેને પર્યટન સ્થળ તરીકે વિકસાવવા કોઇ આયોજન છે કે કેમ ?

**જવાબ**

ના, જી.

**અમદાવાદ જિલ્લામાં કાર્યરત વીજ સબસ્ટેશનો**

* ૧૩૮૭૫ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કુલ કેટલા વીજ સબ સ્ટેશનો કાર્યરત છે,

(૨) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલા નવા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું,

(૩) તે પૈકી કેટલા નવા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૪) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કુલ ૫૭ વીજ સબસ્ટેશનો કાર્યરત છે.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં, વર્ષ ૨૦૧૨–૧૩ દરમ્યાન પાંચ અને વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન છ નવીન વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું.

(૩) તે પૈકી આયોજન કરેલા તમામે તમામ નવીન વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા.

(૪) તે માટે કુલ રૂ.૯૬૬૦.૧૧ લાખનો ખર્ચ થયો.

**બનાસકાંઠા જિલ્લામાં મુખ્ય ખનીજ અને ગૌણ ખનીજની ઉત્ખનન માટેની મંજૂર લીઝ**

* ૧૪૮૯૮ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય ખાણ – ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં મુખ્ય ખનીજ, ગૌણ ખનીજની કેટલા ટન ઉત્ખનન માટેની લીઝો મંજૂર કરવામાં આવી,

(૨) આ લીઝો મંજૂર થયા પછી ઉક્ત સ્થિતિએ કેટલી વખત સ્થળ તપાસ કરવામાં આવી અને સ્થળ તપાસ વખતે કેટલા લીઝ ધારકો દ્વારા ગેરરીતી આચરતા પકડાયા, અને

(૩) આ ગેરરીતીઓ આચરનાર લીઝ ધારકો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) મુખ્ય ખનિજની કોઈ લીઝ મંજૂર કરવામાં આવેલ નથી. જ્યારે ગૌણ ખનિજની કુલ ૧૧૧ કવોરીલીઝ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) આ લીઝો કાર્યાન્વિત કરવામાં આવેલ ન હોઈ, ખાણકામ શરૂ કરવામાં આવેલ ન હોઈ સ્થળ તપાસ–ચેકીંગ કરવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**મહેસાણા અને મહીસાગર જિલ્લામાં ખેતી/સિંચાઇ માટે વીજ કનેકશનોની પડતર અરજીઓ**

* ૧૪૭૪૬ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ મહેસાણા અને મહીસાગર જિલ્લામાં કુલ અને તાલુકાવાર ખેતી/સિંચાઇ માટે વીજ કનેકશનોની કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) બાકી રહેલ પડતર અરજીઓ અન્વયે ક્યાં સુધીમાં વીજ કનેકશન આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા અને મહીસાગર જિલ્લામાં અનુક્રમે કુલ ૮૧૬૧ અને ૫૦૫૪ કૃષિ વીજ કનેકશનોની પડતર અરજીઓ છે. જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| **મહેસાણા જિલ્લો** | | **મહીસાગર જિલ્લો** | |
|---|---|---|---|
| **તાલુકો** | **પડતર અરજીઓની સંખ્યા** | **તાલુકો** | **પડતર અરજીઓની સંખ્યા** |
| બેચરાજી | ૧૮૪ | કડાણા | ૩૧૩ |
| ગોજારીયા | ૩૯૦ | સંતરામપુર | ૨૬૬ |
| જોટાણા | ૨૫૫ | લુણાવાડા | ૨૦૦૮ |
| કડી | ૪૦૯ | ખાનપુર | ૧૦૭૦ |
| ખેરાલુ | ૧૭૫૮ | બાલાસિનોર | ૫૩૪ |
| મહેસાણા | ૬૩૦ | વિરપુર | ૮૬૩ |
| સતલાસણા | ૧૪૦૨ | | |
| ઉંઝા | ૪૩૦ | | |
| વિજાપુર | ૧૫૩૧ | | |
| વિસનગર | ૧૦૦૦ | | |
| વડનગર | ૧૭૨ | | |

(૨) કૃષિ વીજ જોડાણ, અરજી નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવતા હોય છે. કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે. તદ્ અનુસાર તમામ પડતર અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરી શક્ય તેટલી ઝડપથી વીજ જોડાણ આપવાનું આયોજન છે.

**રાજ્યમાં કાર્યરત ઈલેક્ટ્રીક સબસ્ટેશનો**

* ૧૩૮૭૮ **શ્રી સુરેશભાઇ ધ. પટેલ (મણિનગર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ કુલ કેટલા ઈલેક્ટ્રીક સબ-સ્ટેશનો કાર્યરત છે, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા?

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૧૪૭૭ ઈલેક્ટ્રીક સબસ્ટેશનો કાર્યરત છે.

(૨) તા,૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં, વર્ષ ૨૦૧૩ દરમ્યાન કુલ ૯૫ વીજ સબસ્ટેશનો અને વર્ષ ૨૦૧૪ કુલ ૧૦૩ એમ કુલ ૧૯૮ નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા.

**સાપુતારા નોટીફાઇડ એરીયામાં હોટલ ધારકોને પ્લોટ**

* ૧૪૬૬૦ **શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ સાપુતારા નોટીફાઇડ એરીયામાં ટાઉન પ્લાનીંગ પ્રમાણે હોટલ ધારકોને કેટલા પ્લોટ ફાળવેલ છે ?

**જવાબ**

તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ સાપુતારા નોટીફાઇડ એરીયામાં હોટલ ધારકોને કુલ તેર પ્લોટ ફાળવેલ છે.

**સુરેન્દ્રનગર જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત ઘર વપરાશના વીજ જોડાણો**

* ૧૪૩૮૧ **શ્રી કિરીટસિંહ જી. રાણા (લીંબડી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) : સુરેન્દ્રનગર જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂ.૧૪૮.૨૨ લાખના ખર્ચે ૩૨૪૯ તથા નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ માં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ રૂ.૯૬.૬૨ લાખના ખર્ચે ૨૨૨૮, આમ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કુલ રૂ.૨૪૪.૮૪ લાખના ખર્ચે ૫૪૭૭ ગૃહ વપરાશનાં વીજ જોડાણો આપવામાં આવ્યા.

**અમદાવાદ શહેરમાં બી.એસ.યુ.પી. યોજનામાં આવાસની ફાળવણી**

* ૧૩૬૨૦ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

છેલ્લા બે વર્ષ દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ બી.એસ.યુ.પી. (બેઝિક સર્વિસીસ ફોર અર્બન પુઅર) યોજના અંતર્ગત અમદાવાદ શહેરમાં કુલ કેટલા આવાસની ફાળવણી કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) કુલ ૧૪૪૫૨ આવાસની ફાળવણી કરવામાં આવેલ છે.

**રાજ્યમાં આંતર રાજ્ય હવાઇ સેવા**

* ૧૩૮૮૫ **શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી (સુરત પશ્ચિમ) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં આંતર રાજ્ય હવાઇ સેવા ક્યારથી શરૂ કરવામાં આવેલ છે,

(૨) આંતર રાજ્ય હવાઇ સેવા ક્યા ક્યા સ્થળો માટે ચાલુ કરવામાં આવેલ છે, અને

(૩) રાજ્યના લોકોને આ સેવાથી શું ફાયદો થશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં આંતર રાજ્ય હવાઇ સેવા શરૂ કરવામાં આવેલ નથી. હવાઈ સેવા શરૂ કરવા માટે તા. ૦૭-૧૧-૨૦૧૪ ના રોજ લેટર ઓફ ઈન્ટેન્ટ આપવામાં આવેલ છે.

(૨) તા. ૦૫-૦૧-૨૦૧૫થી પ્રથમ તબક્કામાં અમદાવાદ, ભુજ, જામનગર અને પોરબંદર ખાતે આંતર રાજ્ય હવાઈ સેવા શરૂ કરવામાં આવેલ છે.

(૩) આ સેવા શરૂ થવાથી વિકસતા ગુજરાત રાજ્યના ફક્ત વેપાર અને ઔદ્યોગિક ક્ષેત્રના ફેલાવા સુધી સીમિત ન રહેતા પ્રવાસન અને ઉડ્ડયન ક્ષેત્રનો પણ વિકાસ થશે, આ સેવાથી સમયનો બચાવ તેમજ મુસાફરીનું અનુકુળ માધ્યમ મળી રહેશે. લોકો પોતાની ધંધાકીય કામગીરી એક જ દિવસમાં પૂર્ણ કરીને પોતાના સ્થાનિક શહેરમાં તે જ દિવસે પરત ફરી શકશે. આ સેવાથી સરકારશ્રીને પણ મુસાફરીનો વિકલ્પ મળી રહેશે અને તેનાથી વહીવટી સ્તરની કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે.

## વડોદરા જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજનામાં આવેલ અરજીઓ

* ૧૪૩૪૨ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી રકમની સહાય મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર અગાઉની પડતર સહિત નીચે મુજબ અરજીઓ આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | કુલ |
|---|---|---|
| ૧ | વડોદરા શહેર | ૪૦૧૬ |
| ૨ | વડોદરા ગ્રામ્ય | ૭૪૫ |
| ૩ | સાવલી | ૬૧૬ |
| ૪ | ડેસર | ૩૧ |
| ૫ | વાઘોડીયા | ૧૬૭ |
| ૬ | ડભોઈ | ૬૮૧ |
| ૭ | પાદરા | ૧૦૭૯ |
| ૮ | કરજણ | ૩૯૦ |
| ૯ | શિનોર | ૧૬૩ |
| | **કુલ :-** | **૭૮૮૮** |

(૨) તે પૈકી નીચે મુજબની અરજીઓ મંજુર કરવામાં આવી.

| વર્ષ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ મંજુર કરેલ અરજીઓની સંખ્યા | બેંક કક્ષાએ મંજુર કરેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧–૧–૧૩ થી ૩૧–૧૨–૧૩ | ૨૭૫૬ | ૧૩૩૩ |
| ૧–૧–૧૪ થી ૩૧–૧૨–૧૪ | ૨૪૪૭ | ૧૩૬૪ |

(૩) વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૪માં નીચે મુજબ સહાય મંજુર કરવામાં આવેલ છે.

| વર્ષ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ મંજુર કરેલ સહાય (` લાખમાં) |
|---|---|
| ૧–૧–૧૩ થી ૩૧–૧૨–૧૩ | ૨૧૬.૧૮ |
| ૧–૧–૧૪ થી ૩૧–૧૨–૧૪ | ૨૦૯.૦૫ |

## નવસારી જિલ્લામાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ રકમની ફાળવણી

* ૧૪૩૫૪ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૨–૧૩ દરમિયાન નવસારી જિલ્લાને કેટલી રકમની ફાળવણી કરવામાં આવી,

(૨) આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૨–૧૩ દરમિયાન

**જવાબ**

(૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૨–૧૩ દરમિયાન નવસારી જિલ્લાને ` ૨૦૨૫.૦૦ લાખની રકમની ફાળવણી કરવામાં આવી.

(૨) આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૨–૧૩ દરમિયાન

ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને

ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી ` ૨૦૦૫.૬૫ લાખની રકમનો ખર્ચ થયેલ છે.

(૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલાં કામો મંજૂર થયેલ છે અને કેટલાં કામો પૂર્ણ થયેલ છે ?

(૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે ૧૦૪૪ કામો મંજૂર થયેલ છે અને ૧૦૪૩ કામો પૂર્ણ થયેલ છે અને ૧ કામ પ્રગતિમાં છે.

**ખાણ અને ખનીજ ખાતામાં ભૂસ્તરશાસ્ત્રી વર્ગ–૧ ની ખાલી જગ્યાઓ**

* ૧૪૮૧૭ **શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય ખાણ અને ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ખાણ, ખનીજ ખાતામાં ભૂસ્તરશાસ્ત્રી વર્ગ–૧ ની કેટલી જગ્યાઓ ખાલી છે,

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ભૂસ્તરશાસ્ત્રી (વર્ગ–૧) ની ૧૨ (બાર) જગ્યાઓ ખાલી છે.

(૨) આ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨)

| | | |
|---|---|---|
| ૨ જગ્યા– | ૧– | તા. ૧–૪–૨૦૦૭ |
| | ૧– | તા. ૧–૮–૨૦૦૭ |
| ૧ જગ્યા– | | તા. ૧–૩–૨૦૦૯ |
| ૧ જગ્યા– | | તા. ૧–૫–૨૦૧૨ |
| ૬ જગ્યા– | ૨– | તા. ૮–૨–૨૦૧૩ |
| | ૨– | તા. ૪–૮–૨૦૧૩ |
| | ૧– | તા. ૯–૮–૨૦૧૩ |
| | ૧– | તા. ૧–૧૧–૨૦૧૩ |
| ૨ જગ્યા | | તા. ૧–૧૧–૨૦૧૪ |

(૩) આ ખાલી જગ્યાઓ પૈકી બઢતીથી ભરવાની કેટલી અને સીધી ભરતીની કેટલી છે,

(૩) રેશીયો નિયત થયેલ નથી.

(૪) બઢતીથી ભરવાની જગ્યાઓ ભરવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૪) સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

(૫) ક્યાં સુધીમાં બઢતીથી જગ્યાઓ ભરવામાં આવશે ?

(૫) બઢતીની પ્રક્રિયા પૂર્ણ થયેથી.

---------

**રાજકોટ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત ઘર વપરાશના વીજ જોડાણો**

* ૧૩૮૭૨ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ–ગ્રામ્ય) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં ગરીબીની રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે રાજ્ય સરકારની ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યાં, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

(૧) અને (૨) રાજકોટ જીલ્લામાં ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪માં ` ૩૩૫.૧૯ લાખના ખર્ચે ૭૦૬૦ તથા નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ` ૧૮૧.૫૫ લાખના ખર્ચે ૩૮૮૫, આમ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કુલ ` ૫૧૬.૭૪ લાખના ખર્ચે ૧૦૯૪૫ લાભાર્થીઓને ગૃહ વપરાશનાં વીજ જોડાણો આપવામાં આવ્યા.

---------

**જામનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાની અરજીઓ**

* ૧૪૩૮૫ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે

(૧) અને (૨) માનવ કલ્યાણ યોજના અન્વયે અગાઉની પડતર તથા તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

તાલુકાવાર મળેલ અરજીઓ અને તે પૈકી મંજુર થયેલ અરજીઓ

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **તા. ૧-૧-૧૩ થી તા. ૩૧-૧૨-૧૩ સુધી** | | **તા. ૧-૧-૧૪ થી તા. ૩૧-૧૨-૧૪ સુધી** | |
|---|---|---|---|---|---|
| | | **આવેલ અરજીઓ** | **મંજૂર અરજીઓ** | **આવેલ અરજીઓ** | **મંજૂર અરજીઓ** |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** |
| ૧ | જામનગર | ૧૧૪૯ | ૬૩૨ | ૯૩૬ | ૫૯૦ |
| ૨ | ધ્રોલ | ૧૩૯ | ૧૨૦ | ૧૫૧ | ૧૨૦ |
| ૩ | જોડીયા | ૧૪૬ | ૧૨૯ | ૧૬૯ | ૧૩૩ |
| ૪ | જામજોધપુર | ૧૯૧ | ૧૭૭ | ૨૦૨ | ૧૭૧ |
| ૫ | લાલપર | ૧૫૧ | ૧૩૨ | ૧૫૩ | ૧૨૬ |
| ૬ | કાલાવડ | ૧૭૮ | ૧૬૧ | ૧૮૯ | ૧૬૦ |
| | **કુલ** | **૧૯૫૪** | **૧૩૫૧** | **૧૮૦૦** | **૧૩૦૦** |

(૩) ક્યા પ્રકારની ટુલકીટ મંજૂર કરવામાં આવી ?

(૩) વર્ષ-૨૦૧૩માં *પત્રક-૧ મુજબ અને વર્ષ-૨૦૧૪માં *પત્રક-૨ મુજબ ટુલકીટ મંજુર કરવામાં આવી.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**સુરત શહેરમાં બી.એસ.યુ.પી. યોજનામાં આવાસની ફાળવણી**

* ૧૩૬૧૯ **શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

છેલ્લા બે વર્ષ દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ બી.એસ.યુ.પી. (બેઝિક સર્વિસીસ ફોર અર્બનપુઅર) યોજના અંતર્ગત સુરત શહેરમાં કુલ કેટલા આવાસની ફાળવણી કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) કુલ ૧૦૭૩૪ આવાસની ફાળવણી કરવામાં આવેલ છે.

---------

**મોડાસા અને ધનસુરા તાલુકામાં કૃષિ વિષયક વિજ જોડાણોની પડતર અરજીઓ**

* ૧૩૬૮૨ **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ મોડાસા અને ધનસુરા તાલુકામાં કેટલા કૃષિ વિષયક વિજ જોડાણો માટેની અરજીઓ પડતરમાં છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા વિજ જોડાણો અપાયા, અને

(૩) બાકી રહેતા વિજ જોડાણો કેટલા સમયમાં આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ મોડાસા તાલુકામાં ૨૯૦૫ અને ધનસુરા તાલુકામાં ૯૨૬ કૃષિ વીજ જોડાણો માટેની અરજીઓ પડતર છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મોડાસામાં ૫૩૩ અને ધનસુરામાં ૩૭૯ કૃષિ વીજ જોડાણો આપવામાં આવ્યા.

(૩) કૃષિ વીજ જોડાણ, અરજી નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવતા હોય છે. કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઇને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે. તદ્ અનુસાર તમામ પડતર અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરી શક્ય તેટલી ઝડપથી વીજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

**ખેડા અને મહીસાગર જિલ્લામાં પડતર પેન્શન કેસો**

* ૧૪૩૧૩ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને મહીસાગરજિલ્લામાં કેટલા પેન્શન કેસોના નિર્ણય થવા માટે જિલ્લા લોકલ ફંડ કચેરીમાં પડતર છે,

(૧) કોઈ કેસ પડતર નથી.

(૨) આ કેસો કેટલા સમયથી પડતર છે,

(૩) કેસો પડતર રહેવાના કારણો ક્યા છે, અને

(૪) પડતર કેસોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

(૨), (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યમાં ખેડૂતોને વીજ બીલમાં ૫૦ ટકા રાહત આપવા બાબત**

* ૧૪૪૦૦ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઈ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને વીજ બીલમાં ૫૦ ટકા રાહત આપવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૨-૧૩ માં ઓછા તથા મોડા થયેલા વરસાદને કારણે તેમજ વર્ષ ૨૦૧૪-૧૫ માં ખેડૂતોને કપાસના ઓછા મળેલ ભાવના નુકશાન સામે આર્થિક રાહત આપવા સરકારે ખેડૂતોના કૃષિ વિષયક વીજ વપરાશના વીજ બીલમાં ૫૦ ટકા રાહત આપેલ છે.

(૨) આ અંગેની વિગતો નીચે દર્શાવ્યા મુજબ છે.

| ક્રમ | વર્ષ | વીજ બીલમાં અપાયેલ રાહતની રકમ |
|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | રૂ.૩૯૬.૦૭ કરોડ |
| ૨ | ૨૦૧૪-૧૫ (ડિસે-૨૦૧૪) | રૂ.૩૨૫.૯૨ કરોડ |

---------

**હિંમતનગર શહેરમાં ઈન્ટીગ્રેટેડ હાઉસીંગ એન્ડ સ્લમ ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજનામાં પૂર્ણ થયેલ આવાસોના કામો**

* ૧૩૬૧૮ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ઈન્ટીગ્રેટેડ હાઉસીંગ એન્ડ સ્લમ ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજના અંતર્ગત હિંમતનગર શહેરમાં કુલ કેટલા આવાસોના કામ પૂર્ણ થયેલ છે, અને

(૨) આ પૈકી કેટલા આવાસોની ફાળવણી કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) કુલ ૯૦૦ આવાસોના કામ પૂર્ણ થયેલ છે અને

(૨) ઉપર દર્શાવેલ તમામ ૯૦૦ આવાસની ફાળવણી કરવામાં આવેલ છે.

---------

**નર્મદા કેનાલ ઉપર સૂર્ય શકિતથી વીજ ઉત્પાદન મેળવવા પ્રોજેકટ કાર્યાન્વિત**

* ૧૪૩૯૮ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા નર્મદા કેનાલ ઉપર સૂર્ય શકિતથી વીજ ઉત્પાદન મેળવવા માટે નર્મદા બ્રાન્ચ કેનાલ ઉપર કોઈ પ્રોજેકટ કાર્યાન્વિત કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા છેલ્લા એક વર્ષમાં નર્મદા કેનાલ ઉપર સૂર્ય શકિતથી મેળવવા માટે નર્મદા બ્રાન્ચ કેનાલ ઉપર કોઈ પ્રોજેકટ કાર્યાન્વિત કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### ખાણ અને ખનિજ વિભાગમાં વર્ગ–૧ અને વર્ગ–૨ ના અધિકારીઓ સામે લાંચરૂશ્વતના કેસો

* ૧૪૬૪૧ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય ખાણ-ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાણ અને ખનીજ વિભાગમાં વર્ગ–૧ અને વર્ગ–૨ના કેટલા અધિકારીઓ સામે લાંચરૂશ્વતના કેસો થયેલ છે તથા ઉચ્ચ અધિકારીઓ ઉપર વિજીલન્સ તપાસ ચાલુ છે, અને | (૧) નીલ. |
| (૨) ઉકત સ્થિતિએ તેઓ કઈ જગ્યાએ ફરજ બજાવે છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### સુરત જિલ્લામાં એ.ટી.વી.ટી. યોજના હેઠળ રકમની ફાળવણી

* ૧૪૩૭૧ **શ્રી રાજેન્દ્રભાઇ પટેલ(ચોર્યાસી) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો (એ.ટી.વી.ટી) યોજના હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ દરમિયાન સુરત જિલ્લાને કેટલી રકમની ફાળવણી કરવામાં આવી. | (૧) વર્ષ ૨૦૧૩–૧૪ દરમિયાન સુરત જિલ્લાને આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો (એ.ટી.વી.ટી.) યોજના હેઠળ રૂ.૧૫૭૫.૦૦ લાખની રકમની ફાળવણી કરવામાં આવેલ છે. |
| (૨) આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ દરમિયાન ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને | (૨) આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ દરમિયાન રૂ.૧૫૩૭.૪૮ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલા કામો મંજૂર થયેલ છે અને કેટલા કામો પૂર્ણ થયેલ છે? | (૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે ૧૦૭૩ કામો મંજૂર થયેલ છે. અને ૧૦૬૩ કામો પૂર્ણ થયેલ છે. |

---------

### અમરેલી જિલ્લામાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ગ્રાન્ટ ફાળવવા બાબત

* ૧૪૩૬૯ શ્રી **હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન પ્રોત્સાહક જોગવાઈ હેઠળ અમરેલી જિલ્લાને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી. | (૧) પ્રોત્સાહક જોગવાઈ હેઠળ રૂ.૫૪.૧૬ લાખની ગ્રાન્ટ ફાળવેલ છે. |
| (૨) આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન ઉકત સ્થિતિએ વિવેકાધીન જોગવાઈ સામે ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને | (૨) વિવેકાધીન જોગવાઈ સામે રૂ.૧૩૨૯.૨૦ લાખની ગ્રાન્ટ ફાળવેલ છે, તે પૈકી રૂ.૭૪૭.૩૬ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૩) ઉકત સ્થિતિએ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલા કામો મંજૂર થયેલ છે અને કેટલા કામો પૂર્ણ થયેલ છે? | (૩) પ્રોત્સાહક જોગવાઈ સામે ૩૩ કામો મંજૂર થયેલ છે, તે પૈકી ૨૨ કામો પૂર્ણ થયેલ છે. જ્યારે વિવેકાધીન જોગવાઈ સામે ૫૫૫ કામો મંજૂર થયેલ છે, તે પૈકી ૨૭૧ કામો પૂર્ણ થયેલ છે. |

---------

### ભાવનગર જિલ્લામાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ગ્રાન્ટ ફાળવવા બાબત

* ૧૪૩૭૦ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન પ્રોત્સાહક જોગવાઈ હેઠળ ભાવનગર જિલ્લાને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી. | (૧) પ્રોત્સાહક જોગવાઈ હેઠળ રૂ.૪૧.૬૭ લાખની ગ્રાન્ટ ફાળવેલ છે. |
| (૨) આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન | (૨) વિવેકાધીન જોગવાઈ સામે રૂ.૧૨૬૭.૯૯ લાખની |

ઉકત સ્થિતિએ વિવેકાધીન જોગવાઈ સામે ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને

(૩) ઉકત સ્થતિએ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલા કામો મંજૂર થયેલ છે અને કેટલા કામો પૂર્ણ થયેલ છે?

ગ્રાન્ટ ફાળવેલ છે, તે પૈકી રૂ.૬૭૮.૩૪ લાખનો ખર્ચ થયેલ છે.

(૩) પ્રોત્સાહક જોગવાઈ સામે ૧૩ કામો મંજૂર થયેલ છે, તે પૈકી ૯ કામો પૂર્ણ થયેલ છે. જ્યારે વિવેકાધીન જોગવાઈ સામે ૬૫૧ કામો મંજૂર થયેલ છે, તે પૈકી ૩૧૭ કામો પૂર્ણ થયેલ છે.

---------

**સુરત શહેરમાં બી.એસ.યુ.પી યોજનામાં આવાસની ફાળવણી**

* ૧૪૩૬૬ **શ્રી જનકભાઇ કાછડીયા(કરંજ) : માનનીય શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

છેલ્લા બે વર્ષ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ બી.એસ.યુ.પી.(બેઝિક સર્વસીસ ફોર અર્બન પુઅર) યોજના અંતર્ગત સુરત શહેરમાં કુલ કેટલા આવાસો ની ફાળવણી કરવામાં આવેલ છે ?

**જવાબ**

કુલ ૧૦૭૩૪ આવાસોની ફાળવણી કરવામાં આવેલ છે.

---------

**ભરૂચ જિલ્લામાં એ.ટી.વી.ટી. યોજના હેઠળ રકમની ફાળવણી અંગે**

* ૧૪૩૭૨ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો (એ.ટી.વી.ટી) યોજના હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ દરમિયાન ભરૂચ જિલ્લાને કેટલી રકમની ફાળવણી કરવામાં આવી,

(૨) આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ દરમિયાન ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને

(૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલા કામો મંજૂર થયેલ છે અને કેટલા કામો પૂર્ણ થયેલ છે?

**જવાબ**

(૧) રૂા.૧૪૦૦.૦૦ લાખ.

(૨) રૂ.૧૩૪૯.૦૦ લાખ.

(૩) ફાળવેલ ગ્રાન્ટ સામે કામોની વિગતો નીચે મુજબની છે.

| | |
|---|---|
| મંજૂર થયેલ કામો | ૬૬૨ |
| પૂર્ણ થયેલ કામો | ૬૬૨ |

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લાની એસ્સાર કંપની પાસેથી વેચાણ વેરા/વેટ પેટેની વસુલ કરવાની રકમ**

* ૧૪૪૭૦ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ એસ્સાર કંપની પાસેથી વેચાણ વેરા/વેટ પેટેની કેટલી રકમ સરકારે લેવાની થાય છે,

(૨) તે પૈકી છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ વસુલ કરવામાં આવી, અને

(૩) ઉકત કંપની સમયસર વેરાની રકમ ન ભરતી હોય તો શા પગલા લીધા ?

**જવાબ**

(૧) રૂ.૧૨૯૬.૪૧ કરોડ.

(૨) છેલ્લા બે વર્ષમાં રૂ.૫૫૨૯.૭૦ કરોડ વસૂલ કરેલ છે.

(૩) (અ) નામદાર સુપ્રિમકોર્ટના તા.૨૩–૯–૧૪ ના આદેશ અન્વયે બાકી વસુલાતની કામગીરી ચાલુ છે.

(બ) વાણિજિયકવેરા ખાતા દ્વારા તા.૨૭–૭–૧૨ તથા તા.૧૮–૬–૧૩ થી બેંક ટાંચ કરેલ હતી.

(ક) વર્ષ ૨૦૦૮–૦૯ ની આકારણી પેટે બાકી વસુલાત રૂ.૬૪૧.૨૨ કરોડ સામે કંપની દ્વારા નામદાર વેટ ટ્રીબ્યુનલ સમક્ષ એફ.એ.નં.૧૧–૧૨–૨૦૧૩ અન્વયે નામ. પંચના તા.૧૨–૮–૨૦૧૩ ના આદેશ અન્વયે નિકાલ સુધીનો મનાઈ હુકમ છે.

---------

**રાજ્ય સરકાર હસ્તકની વીજ ઉત્પાદન કંપની દ્વારા નવીન વીજ પ્લાન્ટ કાર્યાન્વિત**

* ૧૪૩૯૫ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકની વીજ ઉત્પાદન કંપની દ્વારા છેલ્લા બે વર્ષમાં કોઈ નવીન પ્લાન્ટ કાર્યાન્વિત કરવામાં આવ્યો છે કે કેમ,

(૨) જો હા, તો તેની વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે, અને

(૩) તે પ્લાન્ટ કાર્યાન્વિત કરવા માટે કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) અને (૨) : તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકની વીજ ઉત્પાદન કંપનીઓ દ્વારા છેલ્લા બે વર્ષમાં વીજ ઉત્પાદન ક્ષમતામાં થયેલ વધારાની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | વીજ એકમનું નામ | ઉત્પાદન ક્ષમતા (મેગાવોટ) | થયેલ વધારાની તારીખ |
|---|---|---|---|
| ૧ | ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન યુનિટ–૬ (ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિમિટેડ) | ૫૦૦ | ૦૮–૦૬–૨૦૧૩ |
| ૨ | જી.પી.પી.સી.–પીપાવાવ યુનિટ–૧ અને ૨ (જીએસપીસી પીપાવાવ પાવર કંપની લિમિટેડ) | ૭૦૨ | ૦૧–૦૭–૨૦૧૪ |

(૩) વીજ મથકને કાર્યાન્વિત કરવા માટે થયેલ અંદાજીત ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | વીજ એકમનું નામ | ઉત્પાદન ક્ષમતા (મેગાવોટ) | થયેલ અંદાજીત ખર્ચ (રૂ.કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન યુનિટ–૬ | ૫૦૦ | ૩૦૧૩ |
| ૨ | જી.પી.પી.સી.–પીપાવાવ યુનિટ–૧ અને ૨ | ૭૦૨ | ૩૦૨૯ |

---------

**ખાનગી ઉદ્યોગ ગૃહો પાસેથી વિજળી ખરીદવા બાબત**

* ૧૪૮૬૮ **શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાનગી ઉદ્યોગ ગૃહો પાસેથી કેટલી વિજળી ખરીદવામાં આવી છે,

(૨) આ વીજળી શા ભાવે ખરીદવામાં આવી,

**જવાબ**

(૧) સ્ટેટ લોડ ડીસ્પેચ સેન્ટર દ્વારા સ્ટેટ એનર્જી એકાઉન્ટ (SEA) જે તે માસ પૂર્ણ થયા બાદ દિન ૧૦માં રજૂ થતું હોઈ, અને તેના બિલોની ચકાસણી અને ચુકવણીની સમગ્ર પ્રક્રિયામાં દોઢ માસ જેટલો સમય જતો હોઈ, તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ માહિતી આપવાનું હાલના તબક્કે શક્ય નથી. આથી છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં ખાનગી ઉદ્યોગ ગૃહો પાસેથી ખરીદવામાં આવેલ વિજળીની વિગતો નીચે મુજબ છે.

**(મિ. યુ.)**

| ખાનગી સાહસો | ૨૦૧૩ | ૨૦૧૪ (પ્રોવિઝનલ) |
|---|---|---|
| એસ્સાર પાવર લીમીટેડ | ૨૫ | –– |
| એસ્સાર પાવર ગુજરાત લીમીટેડ | ૫૫૧૨ | ૫૩૪૨ |
| ચાઈના લાઈટ એન્ડ પાવર ઈન્ડીયા પ્રાઈવેટ લી. | ૨૮૭ | ૨૬૪ |
| અદાણી પાવર લીમીટેડ | ૧૨૧૫૫ | ૧૪૦૮૦ |
| એ.સી.બી. (ઈન્ડીયા) લી. | ૧૩૪૫ | ૧૩૦૬ |
| કોસ્ટલ ગુજરાત પાવર કંપની લીમીટેડ | ૯૦૮૧ | ૧૧૫૭૩ |
| કેપ્ટીવ પાવર પ્લાન્ટસ | ૨૯ | ૨૫ |

(૨) છેલ્લા બે વર્ષમાં ખાનગી ઉદ્યોગ ગૃહો પાસેથી

અને

ખરીદવામાં આવેલ વિજળી ના ભાવની વિગતો નીચે મુજબ છે.

**(રૂા./યુનીટ)**

| **ખાનગી સાહસો** | **૨૦૧૩** | **૨૦૧૪ (પ્રોવિઝનલ)** |
|---|---|---|
| એસ્સાર પાવર લીમીટિડ | ૪.૮૦ | -- |
| એસ્સાર પાવર ગુજરાત લીમીટિડ | ૨.૯૬ | ૩.૦૪ |
| ચાઈના લાઈટ એન્ડ પાવર ઈન્ડીયા પ્રાઈવેટ લી. | ૫.૧૫ | ૪.૪૦ |
| અદાણી પાવર લીમીટિડ | ૨.૮૮ | ૨.૬૪ |
| એ.સી.બી. (ઈન્ડીયા) લી. | ૨.૧૦ | ૨.૦૫ |
| કોસ્ટલ ગુજરાત પાવર કંપની લીમીટિડ | ૨.૬૮ | ૨.૪૪ |
| કેપ્ટીવ પાવર પ્લાન્ટસ | ૨.૪૧ | ૨.૪૦ |

(૩) ખાનગી ઉદ્યોગગૃહો પાસેથી વીજળી ખરીદવાના કારણો શાં છે?

(૩) સમગ્ર દેશની વધતી જતી વીજ માંગને અનુલક્ષીને વીજ ઉત્પાદનમાં ખાનગી સાહસોના મુડી રોકાણને પ્રોત્સાહન આપવાની કેન્દ્ર સરકારની નીતિ તેમજ તે અન્વયે ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩માં થયેલ જોગવાઈઓ અને કેન્દ્ર સરકારની નેશનલ ટેરીફ પોલીસી ૨૦૦૬ની માર્ગદર્શિકાને અનુરૂપ રહીને રાજ્યના તમામ પ્રકારના વીજ ગ્રાહકોને પર્યાપ્ત વીજ પૂરી પાડી શકાય તે ધ્યાનમાં રાખીને વિવિધ સ્ત્રોતો મારફત વીજ ખરીદવામાં આવે છે. તદ્ ઉપરાંત સેન્ટ્રલ ઈલેકટ્રીસીટી ઓથોરીટી (સી.ઈ.એ.) ના સર્વેના આધારે રાજ્યની લાંબાગાળાની વીજ જરૂરિયાત તેમજ તમામ પ્રકારના ગ્રાહકોની વીજ માંગ ધ્યાનમાં રાખીને, નામદાર વીજ નિયમન આયોગની મંજુરી મેળવીને લાંબાગાળાના વીજ ખરીદી કરારો કરવામાં આવે છે અને જે તે સમયની વીજ માંગ તેમજ વીજ મથકોની માલિકીને નહી, પરંતુ સૌથી સસ્તા બળતણ ખર્ચના ભાવના ક્રમ મુજબ વીજ ખરીદી કરવા અંગેના નામદાર વીજ નિયમન આયોગના નિર્દેશ મુજબ, વીજ માંગ સંતોષાય ત્યાં સુધીની ખરીદી કરવામાં આવે છે.

---------

**છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં સ્થળોને પ્રવાસધામ તરીકે મંજૂર કરવા બાબત**

* ૧૩૭૩૧ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કયા ક્યા સ્થળોને પ્રવાસન ધામ તરીકે મંજૂર કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નીચેના સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાનું આયોજન છે.

૧. નવનાથ મંદિર, વડોદરા જિલ્લો
૨. કન્વેન્શન સેન્ટર, વડોદરા
૩. ચાણોદ કરનાલી, વડોદરા જિલ્લો
૪. યવતેશ્વર મહાદેવ મંદિર, વડોદરા જિલ્લો
૫. આનંદમંગલ હનુમાન મંદિર, પલાસવાડા, વડોદરા જિલ્લો
૬. સુર્યનારાયણ મંદિર, વડોદરા
૭. ઉમિયા માતા મંદિર, વડોદરા જિલ્લો

(૨) તે અન્વયે કેટલી રકમ ફાળવવામાં આવી?

(૨) તે અન્વયે નીચે મુજબ રકમ ફાળવવામાં આવી.

૧. નવનાથ મંદિર માટે રૂપિયા ૪/- કરોડ
૨. કન્વેન્શન સેન્ટર, વડોદરા માટે રૂપિયા ૫૦/- કરોડ
ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૯ નવા ફીડરો મંજૂર કરવામાં આવ્યા તે પૈકી ૧૧ ફીડરો કાર્યરત છે અને બાકીના ૮ ફીડરોની કામગીરી પ્રગતિમાં છે. જેની માહિતી સામેલ *પત્રક-અ મુજબ છે.

(૩) અને (૪)

મંજૂર કરવામાં આવેલ તમામ ફીડરો કાર્યરત હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-અ**

| અનુ.નં. | ફીડરનું નામ | કાર્યરત-કામગીરી પ્રગતિમાં |
|---|---|---|
| ૧ | યોગીનગર | કાર્યરત |
| ૨ | ખેરાના મુવાડા | કાર્યરત |
| ૩ | અંબિકા | કાર્યરત |
| ૪ | રણછોડપુરા | કાર્યરત |
| ૫ | ખડગોધરા | કાર્યરત |
| ૬ | ગડદાલાત | કાર્યરત |
| ૭ | સીલગઢ | કાર્યરત |
| ૮ | રોઝાવાડા | કાર્યરત |
| ૯ | કૈલાસકંપા | કાર્યરત |
| ૧૦ | ગાંજીયલ | કાર્યરત |
| ૧૧ | દ્વારકેશ | કાર્યરત |
| ૧૨ | એસ.આર.પી. | કામગીગી પ્રગતિમાં |
| ૧૩ | જરમલા | કામગીગી પ્રગતિમાં |
| ૧૪ | શાહપુર | કામગીગી પ્રગતિમાં |
| ૧૫ | લેવીસ | કામગીગી પ્રગતિમાં |
| ૧૬ | સિંકદર પોરડા | કામગીગી પ્રગતિમાં |
| ૧૭ | દેવપુરા | કામગીગી પ્રગતિમાં |

| | | |
|---|---|---|
| ૧૯ | રણછોડજી | કામગીગી પ્રગતિમાં |

---------

**બનાસકાંઠા જિલ્લામાં કૃષિ વીજ જોડાણોની પડતર અરજીઓ**

* ૧૪૫૪૭ **શ્રી ગોવાભાઇ રબારી(ડીસા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા કૃષી વિજ જોડાણો મેળવવા માટેની અરજીઓ પડતર છે, અને

(૨) આ પડતર અરજીઓનો સત્વરે ઉકેલ લાવી કેટલા સમયમાં વિજ કનેકશનો આપવામાં આવશે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં કૃષિ વીજ જોડાણ મેળવવા માટેની તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પડતર અરજીઓની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકો | પડતર અરજીઓની સંખ્યા |
|---|---|
| અમીરગઢ | ૨૯૭૬ |
| ભાભર | ૪૭૦ |
| દાંતીવાડા | ૪૩૮૩ |
| ડીસા | ૫૩૦૧ |
| દીઓદર | ૧૫૦૫ |
| ધાનેરા | ૩૯૧૪ |
| કાંકરેજ | ૧૯૦૨ |
| લાખાણી | ૨૩૪૫ |
| પાલનપુર | ૫૬૦૪ |
| સુઇગામ | ૯૫ |
| થરાદ | ૬૫૧૦ |
| વડગામ | ૪૩૮૯ |
| વાવ | ૮૨૮ |
| દાંતા | ૬૬૭ |

(૨) કૃષિ વીજ જોડાણ, અરજી નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવતા હોય છે. કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઇને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે. તદ અનુસાર તમામ પડતર અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરી શકય તેટલી ઝડપથી વીજ જોડાણ આપવાનું આયોજન છે.

--------

**કે.જી. બેઝિનમાંથી ગેસનું ઉત્પાદન**

* ૧૩૭૮૬ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય પેટ્રોકેમીકલ્સ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કે. જી. બેઝિનમાંથી ગેસનું ઉત્પાદન મેળવી ગેસને સમુદ્ર કિનારા સુધી લઈ આવવાની કામગીરી તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ સફળ રીતે પૂર્ણ કરવામાં આવી હતી તે હકીકત સાચી છે,

(૨) જો હો, તો તા. ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ની સ્થિતિએ કેટલા ઓઇલ અને ગેસનું ઉત્પાદન થયું,

**જવાબ**

(૧) કે. જી. બેઝિનમાંથી ગેસનું ઉત્પાદન અંગેની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કે. જી. બેઝિનમાં *KG/OSN/2001/3 બ્લોકમાંથી

| | |
|---|---|
| | ઉત્પાદન હજુ શરૂ થવાનું છે. |
| (૩) ઉત્પાદીત થયેલ ઓઈલ અને ગેસની કેટલી કિંમત થવા જાય છે. અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉત્પાદીત થયેલ ઓઈલ અને ગેસથી રાજ્ય સરકારને કેટલો ફાયદો થયો છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ શહેરમાં બી.એસ.યુ.પી યોજનામાં આવાસની ફાળવણી**

* ૧૪૩૬૭ **ર્ડા. નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા બે વર્ષ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ બી.એસ.યુ.પી. (બેઝીક સર્વિસીસ ફોર અર્બન પુઅર) યોજના અંતર્ગત અમદાવાદ શહેરમાં કુલ કેટલા આવાસની ફાળવણી કરવામાં આવેલ છે? | (૧) કુલ ૧૪૪૫૨ આવાસની ફાળવણી કરવામાં આવેલ છે. |

---------

**ભાવનગર જિલ્લામાં વિવેકાધીન જોગવાઇ હેઠળ ગ્રાન્ટ ફાળવવા બાબત**

* ૧૪૩૫૩ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ તા.૩૧–૧૨–૧૪ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન વિવેકાધીન જોગવાઇ હેઠળ ભાવનગર જિલ્લાને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૧) વિવેકાધીન જોગવાઇ હેઠળ રૂા.૧૨૬૭.૯૯ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |
| (૨) આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન ઉક્ત સ્થિતિએ વિવેકાધીન જોગવાઇ સામે ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને | (૨) વિવેકાધીન જોગવાઇ સામે ફાળવેલ રૂા.૧૨૬૭.૯૯ લાખની ગ્રાન્ટ પૈકી રૂા.૬૭૮.૩૪ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલા કામો મંજૂર થયેલ છે અને કેટલાં કામો પૂર્ણ થયેલ છે ? | (૩) ફાળવેલ ગ્રાન્ટ સામે ૬૫૧ કામો મંજૂર થયેલ છે, તે પૈકી ૩૧૭ કામો પૂર્ણ થયેલ છે. |

---------

**રાજ્યમાં ખેતી માટે વીજ કનેકશન મેળવવા એક સર્વે નંબરમાં બીજું કનેકશન ન આપવા બાબત**

* ૧૪૪૪૦ **ર્ડા. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ ખેડૂતોને ખેતી માટે રાજ્ય સરકાર દ્વારા એકજ સર્વે નંબરમાં બીજું વીજ કનેકશન ન આપવાનો નિર્ણય લીધેલ છે તે હકીકત સાચી છે,<br>(૨) જો હા, તો એક સર્વે નંબરમાં એક બાપના બે–ત્રણ દિકરાઓ જે ખેતી કરે છે, જેમની વર્ષોની વીજ કનેકશનની માગણી માટે સરકાર શી વ્યવસ્થા કરવાનું આયોજન છે, અને<br>(૩) એક સર્વે નંબરમાં બીજું વીજ કનેકશન ન આપવાના કારણો શા છે ? | (૧), (૨) અને (૩)<br>નામ. ગુજરાત વીજ નિયમન પંચના સપ્લાય કોડ નોટીફીકેશન નંબર ૧૧–૨૦૦૫ ના સેકશન ૪–પ્રોસીઝર ફોર ગ્રાન્ટ ઓફ સપ્લાય, પેરા નંબર ૪.૧.૧૭ મુજબ એકજ પ્રીમાઇસીસમાં એક કરતાં વધુ વીજજોડાણ આપી શકાતા નથી. પરંતુ, જો એક જ સર્વે નંબર વાળી જમીનના કૃષિ વીજ જોડાણની અરજી પહેલાં, ભાઈ–ભાગીદારોમાં ભાગ પાડ્યા હોય અને દરેક ભાગનું અલગ અસ્તિત્વ ધરાવતાં દસ્તાવેજી પુરાવા જેવાકે ૭/૧૨ ના ઉતારા અને ૮–અ ના ઉતારામાં ફેરફારની નોંધ, જમીનની માપણીની ડીસ્ટ્રીક્ટ ઈન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકોર્ડ દ્વારા પ્રમાણિત થયેલ નોંધ વિગેરે પુરાવા રજુ થયા હોય તો નવા સર્વે નંબરમાં બીજા અરજદારને કૃષિ–વીજ જોડાણ આપવામાં આવે છે. |

---------

**નર્મદા કેનાલ ઉપર સૂર્ય શકિતથી વીજ ઉત્પાદન મેળવવા પ્રોજેક્ટ કાર્યાન્વિત**

* ૧૩૮૭૯ **શ્રી યોગેશ પટેલ(માંજલપુર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા નર્મદા કેનાલ ઉપર સૂર્ય શક્તિથી વીજ ઉત્પાદન મેળવવા માટે નર્મદા બ્રાન્ચ કેનાલ ઉપર કોઇ પ્રોજેક્ટ કાર્યાન્વિત કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા છેલ્લા એક વર્ષમાં નર્મદા કેનાલ ઉપર સૂર્ય શક્તિથી મેળવવા માટે નર્મદા બ્રાન્ચ કેનાલ ઉપર કોઇ પ્રોજેક્ટ કાર્યાન્વિત કરવામાં આવેલ નથી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાજ્યમાં આંતર રાજ્ય હવાઇ સેવા**

* ૧૪૩૭૩ **શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં આંતર રાજ્ય હવાઇ સેવા ક્યારથી શરૂ કરવામાં આવેલ છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં આંતર રાજ્ય હવાઇ સેવા શરૂ કરવામાં આવેલ નથી. હવાઇ સેવા શરૂ કરવા માટે તા.૦૭–૧૧–૨૦૧૪ ના રોજ લેટર ઓફ ઇન્ટેન્ટ આપવામાં આવેલ છે. |
| (૨) આંતર રાજ્ય હવાઇ સેવા ક્યા ક્યા સ્થળો માટે ચાલુ કરવામાં આવેલ છે, અને | (૨) તા.૦૫–૦૧–૨૦૧૫ થી પ્રથમ તબક્કામાં અમદાવાદ, ભુજ, જામનગર અને પોરબંદર ખાતે આંતર રાજ્ય હવાઇ સેવા શરૂ કરવામાં આવેલ છે. |
| (૩) રાજ્યના લોકોને આ સેવાથી શુ ફાયદો થશે ? | (૩) આ સેવા શરૂ થવાથી વિકસતા ગુજરાત રાજ્યના ફક્ત વેપાર અને ઔદ્યોગિક ક્ષેત્રના ફેલાવા સુધી સીમિત ન રહેતા પ્રવાસન અને ઉડ્ડયન ક્ષેત્રનો પણ વિકાસ થશે, આ સેવાથી સમયનો બચાવ તેમજ મુસાફરીનું અનુકુળ માધ્યમ મળી રહેશે. લોકો પોતાની ધંધાકીય કામગીરી એક જ દિવસમાં પૂર્ણ કરીને પોતાના સ્થાનિક શહેરમાં તે જ દિવસે પરત ફરી શકશે. આ સેવાથી સરકારશ્રીને પણ મુસાફરીનો વિકલ્પ મળી રહેશે અને તેનાથી વહીવટી સ્તરની કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે. |

---------

**અમરેલી જિલ્લામાં વીજ પુરવઠા માટે ફીડરોનું વિભાજન**

* ૧૩૮૭૦ **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(લાઠી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં અમરેલી જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨)<br>અમરેલી જિલ્લામાં જુદી જુદી કક્ષાના વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં રૂ.૫૯.૬૫ લાખના ખર્ચે કુલ ૮ ફીડરો તથા નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ રૂ.૪૧૯.૬૭ લાખના ખર્ચે કુલ ૨૫ ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું, આમ છેલ્લા બે નાણાકીય વર્ષમાં રૂ.૪૭૯.૩૨ લાખના ખર્ચે કુલ ૩૩ ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું. |

---------

**ભરૂચ જિલ્લામાં એ.ટી.વી.ટી. યોજના હેઠળ ફાળવેલ રકમ અંગે**

* ૧૪૩૫૭ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો (એ.ટી.વી.ટી.) યોજના હેઠળ વર્ષ ૨૦૧૨–૧૩ દરમિયાન | (૧) રૂ.૧૪૦૦.૦૦ લાખ. |

ભરૂચ જિલ્લાને કેટલી રકમની ફાળવણી કરવામાં આવી,

(૨) આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને

(૨) રૂ.૧૪૦૦.૦૦ લાખ.

(૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલા કામો મંજૂર થયેલ છે અને કેટલા કામો પૂર્ણ થયેલ છે?

(૩) ફાળવેલ ગ્રાન્ટ સામે કામોની વિગતો નીચે મુજબની છે.

| | |
|---|---|
| મંજૂર થયેલ કામો | ૬૮૮ |
| પૂર્ણ થયેલ કામો | ૬૮૮ |

---------

**અમદાવાદ જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક**

* ૧૪૩૭૪ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં અમદાવાદ જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને

(૨) અમદાવાદ જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫(પાંચ) કોમોડીટીઓ કઇ છે ?

**જવાબ**

(૧) રૂ.૮૬૪૭.૦૪ કરોડ.

(૨) (૧) ઓટોમોબાઇલ્સ અને ઓટોપાર્ટસ
(૨) તમાકુ તથા તેની બનાવટો
(૩) મોબાઇલ ફોન
(૪) હોમ એપ્લાયન્સીસ
(૫) કોલ, કોક અને લિગ્નાઇટ.

---------

**અમદાવાદ જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક**

* ૧૩૬૨૨ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં અમદાવાદ જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને

(૨) અમદાવાદ જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫(પાંચ) કોમોડીટીઓ કઇ છે ?

**જવાબ**

(૧) રૂ.૮૬૪૭.૦૪ કરોડ.

(૨) (૧) ઓટોમોબાઇલ્સ અને ઓટોપાર્ટસ
(૨) તમાકુ તથા તેની બનાવટો
(૩) મોબાઇલ ફોન
(૪) હોમ એપ્લાયન્સીસ
(૫) કોલ, કોક અને લિગ્નાઇટ.

---------

**વલસાડ જિલ્લામાં ઇકો ટુરીઝમના વિકાસ માટે કાર્યરત યોજના**

* ૧૩૫૪૨ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં ઇકો ટુરીઝમના વિકાસ માટેની કઇ યોજના કાર્યરત છે, અને

(૨) ક્યા પ્રવાસન ધામનો તે અન્વયે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) અને (૨)

વલસાડ જિલ્લામાં ઇકો ટુરીઝમના વિકાસ માટેની યોજના હેઠળ વિલ્સન હિલના પ્રોજેક્ટને પસંદ કરવામાં આવેલ છે.

---------

તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

**પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં લીઝોની મંજૂરી**

* ૧૪૨૬૭ **શ્રી ગેંદાલભાઈ મો. ડામોર (સંતરામપુર) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કયા પ્રકારની કેટલી લીઝો માટેની મંજૂરી આપવામાં આવી,

(૨) મંજૂરી આપ્યા પછી આ લીઝોની કયારે સ્થળ તપાસ કે ચેકીંગ કરવામાં આવ્યું, અને

(૩) ચેકીંગ દરમ્યાન કોઈ ગેરરીતિઓ સામે આવી કે કેમ અને જો હા તો કેવા પ્રકારની ગેરરીતિઓ આચરવામાં આવતી હતી?

**જવાબ**

(૧)

| વર્ષ | જિલ્લો | તાલુકો | મુખ્ય ખનિજની લીઝ | ગૌણ ખનિજની લીઝ |
|---|---|---|---|---|
| ૨૦૧૩ | પંચમહાલ | ગોધરા | ૦ | ૧ |
| | મહીસાગર | –– | –– | –– |
| ૨૦૧૪ | પંચમહાલ | શહેરા | ૦ | ૨ |
| | મહીસાગર | –– | –– | –– |

(૨) આ લીઝો કર્યાન્વિત કરવામાં આવેલ ન હોઈ અને ખાણકામ શરૂ કરવામાં આવેલ ન હોઈ, મંજૂરી આપ્યા પછી આ લીઝોની સ્થળ તપાસ કે ચેકીંગ કરવામાં આવ્યું નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––––

**તાપી જિલ્લામાં ખનીજ ચોરીઓ પકડવા બાબત**

* ૧૪૧૪૦ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય ખાણ–ખનિજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલી ખનીજ ચોરીઓ છેલ્લા એક વર્ષમાં પકડવામાં આવી,

(૨) પકડાયેલ ઈસમો સામે કાનુની રાહે પગલાં લેવાય છે કે કેમ, અને

(૩) કેટલી રકમનો દંડ વસુલવામાં આવ્યો છે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર પકડવામાં આવેલ ખનીજ ચોરીઓના કેસો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | કેસો |
|---|---|---|
| (૧) | વ્યારા | ૧૨૯ |
| (૨) | સોનગઢ | ૩૫ |
| (૩) | વાલોડ | ૨૪ |
| (૪) | ઉચ્છલ | ૦૫ |
| (૫) | નિઝર | ૨૫ |

(૨) હા, જી.

(૩) રૂા. ૫૨,૭૨,૦૨૦/– દંડ વસુલવામાં આવેલ છે.

–––––––––

**સાબરકાંઠા જિલ્લાની નગરપાલિકામાં ગરીબ સમૃધ્ધિ યોજના**

* ૧૪૫૭૧ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કઇ નગરપાલિકામાં ગરીબ સમૃધ્ધિ યોજના હેઠળ કેટલા આવાસ બનાવવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા આવાસો નગરપાલિકાવાર બનાવવાના બાકી છે અને

(૩) બાકી આવાસો ક્યાં સુધી બનાવવામાં આવશે?

**જવાબ**

(૧) (૧) પ્રાંતિજ નગરપાલિકા – ૩૯૬ અને
(૨) હિંમતનગર નગરપાલિકા – ૯૦૦ આવાસો બનાવવામાં આવ્યા છે.

(૨) અને (૩) પ્રાંતિજ નગરપાલિકામાં – ૫૩ આવાસ બનાવવાના બાકી છે. જેનું બાંધકામ ચાલુ છે.

–––––––––

**મહીસાગર જિલ્લામાં પસંદ કરેલ પ્રવાસન સ્થળો**

* ૧૩૯૧૮ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં કયા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ માટે પસંદ કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં નીચેના સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે વિકાસ માટે પસંદ કરવામાં આવેલ છે.

૧. કડાણા ડેમ સાઈટ
૨. કેદાર
૩. સ્વરૂપ સાગર
૪. કલેશ્વરી
૫. ડાયનાસોર ફોસીલ પાર્ક

**પ્રશ્ન**

(૨) પસંદ કરેલ સ્થળોએ વિકાસ કરવા માટે કઈ સુવિધા પૂરી પાડવાની સરકારની યોજના છે, અને

**જવાબ**

(૨) ઉપરોક્ત પસંદ કરેલ સ્થળોનો વિકાસ કરવા માટે નીચેની સુવિધા પુરી પાડવાનું આયોજન છે.

- ટોઈલેટ
- પીવાનું પાણી
- કાફેટેરીયા
- કેમ્પીન્ગ સાઈટ
- મેડિટેશન
- સોવેનીઅર શોપ
- રીક્રીએશનલ એકટીવિટી ઝોન
- પાર્કીંગ એરીયા
- ઈન્ટપ્રિટેશન સેન્ટર
- સાઈનેજીસ
- નેચર ટ્રેલ
- ફેન્સીંગ
- ઓડીયો વિઝ્યુઅલ સવલત

**પ્રશ્ન**

(૩) રાજ્ય સરકારે આ માટે કેટલો ખર્ચ કરવા આયોજન કરેલ છે?

**જવાબ**

(૩) રાજ્ય સરકારે આ માટે રૂપિયા ૩૦.૦૦ કરોડનું ખર્ચ કરવાનું આયોજન કરેલ છે.

---------

**ભાવનગર જિલ્લામાં રેતીની લીઝ મંજૂર કરવા બાબત**

* ૧૩૭૬૯ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય ખાણ-ખનિજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી રેતી માટેની લીઝ મંજૂર કરવામાં આવેલ છે?

**જવાબ**

તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં રેતી ખનિજની કોઈ લીઝ મંજૂર કરવામાં આવેલ નથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં ખુલ્લા વિજ વાયરના કારણે થયેલ જાનહાની**

* ૧૪૮૯૯ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ના વર્ષમાં ખુલ્લા વીજ વાયર તથા વીજ સપ્લાયના ખામી ભરેલા ઈલેકટ્રીક સાધનોને લીધે તેમજ વીજતંત્રની બેદરકારીને કારણે કેટલા નાગરીકો અને પ્રાણીઓ મુત્યુ પામ્યા અને

**જવાબ**

(૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકશાનના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. કેટલીકવાર વીજ પુરવઠાના સાધનો

જેવા કે ટ્રાન્સફોર્મર સેન્ટર અને ઈસ્યુલેટરમાં વરસાદ તથા અન્ય કારણોસર અર્થ લીકિજ થવાથી અને ડેમેજ થવાથી પણ અકસ્માતો થાય છે.

બનાસકાંઠા જિલ્લામાં, સને ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ના વર્ષમાં થયેલ અકસ્માતોની વિગતો આ સાથેના સામેલ પત્રક ''અ'' મુજબ છે.

(૨) આ બાબતે યુ.જી.વી.સી.એલ. તથા જેટકોના કેટલા જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી

(૨) સામાન્ય રીતે અકસ્માતોના આવા કિસ્સામાં પૂરતી તપાસ કર્યા બાદ, જવાબદારો સામે શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. આ કિસ્સાઓમાં કાબૂ બહારના આકસ્મિક સંજોગોમાં અકસ્માતો થયેલ હોઈ, શિક્ષા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત સમયગાળામાં બેદરકાર રહેલા કર્મચારી/અધિકારી સામે પોલીસ ફરિયાદ કેટલી દાખલ કરવામાં આવી, અને

(૩) પોલીસ ફરીયાદ દાખલ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) અસરગ્રસ્તોને વળતર પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી બાકી છે?

(૪) (૧) નાગરિકોના અકસ્માતના કિસ્સામાં નામદાર સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા (બાઈનંદા કેસ) મુજબ વળતરની રકમ ચુકવવામાં આવે છે.

(૨) ઉત્તર ગુજરાત વીજ વીતરણ કંપનીના કાર્યક્ષેત્રમાં નાગરિકોના કુલ ૬ (છ) પ્રાણઘાતક કિસ્સાઓમાંથી ૧(એક) કિસ્સામાં કોર્ટકેસ અને બાકીના ૫ (પાંચ) કેસોમાં અસરગ્રસ્તોના વારસદારો તરફથી જરૂરી અરજી/દસ્તાવેજી પુરાવા રજુ કર્યા ન હોવાથી, રજુ કર્યેથી જરૂરી ચકાસણી કર્યા બાદ વળતર ચુકવી આપવામાં આવશે. નાગરિકોના ૩ (ત્રણ) બીનપ્રાણઘાતક કિસ્સાઓમાં પણ અસરગ્રસ્તોના વારસદારો તરફથી જરૂરી અરજી/દસ્તાવેજી પુરાવા રજુ કર્યા ન હોવાથી, રજુ કર્યેથી જરૂરી ચકાસણી કર્યા બાદ વળતર ચુકવી આપવામાં આવશે.

(૩) જેટકોના કાર્યક્ષેત્રમાં, સને ૨૦૧૨-૧૩માં ૧ (એક) પ્રાણઘાતક કિસ્સામાં અસરગ્રસ્તની પોતાની ભૂલને લીધે અકસ્માત થયેલ હોઈ, વળતર આપવાનું થતું નથી.

(૪) વળતરની ચુકવણીની વિગતો આ સાથે સામેલ પત્રક ''બ'' મુજબ છે.

**પત્રક-અ**

| **કંપનીનું કાર્યક્ષેત્ર** | **વર્ષ** | **કુદરતી આફતો/ આકસ્મીક સંજોગોના કારણે વીજ વાયરને થયેલ નુકશાનને લીધે થયેલ વિજતંત્રના નેટવર્કમાં થયેલ પ્રાણઘાતક અકસ્માતો** | | | **વીજતંત્રની બેદરકારીને લીધે થયેલ અકસ્માતો** | | | **વિજતંત્રના વીજ સપ્લાયમાં ખામી ભરેલા ઈલેક્ટ્રીક સાધનોને લીધે થયેલ અકસ્માતો (અર્થ લીકેજ, ઈન્સ્યુલેટર ડેમેજ વિગેરે કારણોસર)** | | | **વિજતંત્રના નેટવર્કમાં થયેલ કુલ અકસ્માતો** | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | **નાગરીકો** | | **પ્રાણી** | **નાગરીકો** | | **પ્રાણી** | **નાગરીકો** | | **પ્રાણી** | **નાગરીકો** | | **પ્રાણી** |
| | | **પ્રાણ ઘાતક** | **બિન પ્રાણ ઘાતક** | **પ્રાણ ઘાતક** | **પ્રાણ ઘાતક** | **બિન પ્રાણ ઘાતક** | **પ્રાણ ઘાતક** | **પ્રાણ ઘાતક** | **બિન પ્રાણ ઘાતક** | **પ્રાણ ઘાતક** | **પ્રાણ ઘાતક** | **બિન પ્રાણ ઘાતક** | **પ્રાણ ઘાતક** |
| યુ.જી.વી.સી.એલ. | ૨૦૧૨-૧૩ | ૨ | ૦ | ૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૪ |
| | ૨૦૧૩-૧૪ | ૪ | ૩ | ૧૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૩ | ૧૩ |
| જેટકો | ૨૦૧૨-૧૩ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ |
| | ૨૦૧૩-૧૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| **કુલ** | **૨૦૧૨-૧૩** | **૩** | **૦** | **૪** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૩** | **૦** | **૪** |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **કુલ** | **૨૦૧૩-૧૪** | **૪** | **૩** | **૧૩** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૪** | **૩** | **૧૩** |
| | **કુલ** | **૭** | **૩** | **૧૭** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૭** | **૩** | **૧૭** |

**પત્રક-બ**

| **વર્ષ** | **પૂર્ણ વળતર પેંટે ચુકવેલ રકમ (રૂા. લાખમાં)** | | **૫૦% વળતર પેંટે ચુકવેલ રકમ (રૂા. લાખમાં)** | | **પ્રાણઘાતક અકસ્માતોના કિસ્સાઓમાં વળતર ચૂકવવા માટે બાકી અસરગ્રસ્તોની સંખ્યા** | |
|---|---|---|---|---|---|---|
| | **પ્રાણી** | **રકમ** | **પ્રાણી** | **રકમ** | **નાગરીક** | **પ્રાણી** |
| ૨૦૧૨-૧૩ | ૨ | ૦.૦૨ | ૦ | ૦ | ૩ | ૨ |
| ૨૦૧૩-૧૪ | ૧ | ૦.૦૨ | ૨ | ૦.૦૨ | ૪ | ૧૦ |
| **કુલઃ** | **૩** | **૦.૦૪** | **૨** | **૦.૦૨** | **૭** | **૧૨** |

---------

**વારાહી તાલુકામાં સફેદ માટી માઈનીંગની ગેરકાયદે લીઝ**

* ૧૪૮૬૧ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય ખાણ-ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લાના વારાહી તાલુકામાં અલુવાસ ગામના સર્વે નંબર ૧૫૧માં સફેદ માટી માઈનીંગ લીઝમાં ગેરકાયદે લીઝ હોલ્ડરોએ ખાણકામ કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેમની સામે સરકારે શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ખેડા જિલ્લામાં ખનિજ ચોરી**

* ૧૪૩૧૫ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય ખાણ-ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા અને મહિસાગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વર્ષવાર કયા ખનિજની ચોરી પકડાઇ,

**જવાબ**

(૧) ખેડા અને મહિસાગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વર્ષવાર નીચે મુજબ ખનીજની ચોરી પકડાઈ

| **અ.નં.** | **જિલ્લો** | **તાલુકો** | **ખનિજના નામ** | |
|---|---|---|---|---|
| | | | **વર્ષ ૨૦૧૩** | **વર્ષ ૨૦૧૪** |
| ૧ | ખેડા | ઠાસરા | બ્લેકટ્રેપ, હાર્ડમુરમ, માટી ગ્રેવલ, રેતી | માટી, ગ્રેવલ, રેતી |
| | | ખેડા | માટી રેતી | માટી રેતી, કાર્બો શેલ |
| | | મહેમદાવાદ | માટી, રેતી | માટી, રેતી, લિગ્નાઈટ |
| | | મહુધા | માટી, રેતી | માટી, રેતી, બ્લેકટ્રેપ, |
| | | માતર | માટી | માટી, રેતી, |
| | | નડીયાદ | માટી, રેતી, બ્લેકટ્રેપ, | માટી, રેતી, કાર્બોશેલ, બ્લેકટ્રેપ, |
| | | કપડવંજ | માટી, રેતી, બ્લેકટ્રેપ, | માટી, રેતી, બ્લેકટ્રેપ, બોકસાઈટ, બિલ્ડીંગસ્ટોન |
| | | કઠલાલ | માટી, રેતી, | માટી, રેતી, |
| | | વસો | -- | માટી, રેતી, |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | મહીસાગર | લુણાવાડા | -- | બ્લેકટ્રેપ, ગ્રેવલ, રેતી, કવાર્ટઝ |
| | | બાલાસિનોર | -- | બ્લેકટ્રેપ, રેતી, કવાર્ટઝ |
| | | સંતરામપુર | -- | કવાર્ટઝ |
| | | વિરપુર | -- | રેતી, કવાર્ટઝ |
| | | ખાનપુર | -- | માટી, કવાર્ટઝ |

(૨) ઉક્ત સ્થિતિએ ખનીજ ચોરી કેટલી જમીનમાંથી કેટલી કિંમતનો જથ્થો હતો,

(૨) ખનિજ ચોરીમાં રૂ. ૪૭૯.૩૫ લાખની ખનીજ કિંમતનો જથ્થો હતો.

(૩) આમાં કેટલા ઈસમોની ધરપકડ કરી અને તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) આમાં કોઈ ઈસમોની ધરપકડ કરવામાં આવેલ નથી પરંતુ કસૂરદારો પાસેથી રૂ. ૧૩૩.૫૪ લાખની દંડકીય વસૂલાત કરવામાં આવેલ છે અને રૂ. ૩૪૦.૮૩ લાખની દંડકીય વસૂલાત માટે કાર્યવાહી ચાલુ છે.

(૪) આવા ગેરકાનુની પ્રવૃત્તિ કાયમ માટે અટકાવવા સરકાર દ્વારા શાં પગલા લેવાયા?

(૪) આવી ગેરકાનૂની પ્રવૃત્તિ કાયમ માટે અટકાવવા નીચે મુજબના પગલા લીધેલ છે,
(૧) જિલ્લા કચેરી દ્વારા નિયમિત તેમજ આકસ્મિક ચેકીંગ હાથ ધરી ખનીજ ખોદકામ/વહન/સંગ્રહની ચકાસણી કરી અનઅધિકૃત જણાતા સ્થળ તપાસ કરી કસુરદારો પાસેથી દંડ વસુલવામાં આવે છે.
(૨) જિલ્લા કક્ષાએ કલેકટરશ્રીની અધ્યક્ષતામાં દર માસે ટાસ્કફોર્સ તથા ગ્રિવન્સ રીડ્રેસલ કમિટીની બેઠક યોજી ખનીજચોરી અટકાવવા આયોજન કરવામાં આવે છે.

---------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ઔધોગિક એકમ ઉપર વીજ ચોરીની તપાસ**

* ૧૪૬૩૯ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કયા ઔધોગિક એકમ ઉપર વીજ ચોરીની તપાસ દરમ્યાન વીજ ચોરીની ગેરરીતિઓ પકડવામાં આવી, અને

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વીજ ચોરીમાં પકડાયેલા ઉધોગોની માહિતી નીચે મુજબ છે.

**સાબરકાંઠા જિલ્લોઃ-**

૧. જય ભારત પલ્સ મિલ
૨. ખાંટ ગોપીભાઈ દિતાભાઈ

**અરવલ્લી જિલ્લોઃ-**

૧. પ્રજાપતિ મનહરભાઈ રણછોડભાઈ
૨. ત્રિમૂર્તિ કવોરી વર્કસ
૩. પંડિત આર. બી.

(૨) આ વીજ ચોરીમાં પકડાયેલ ઉધોગો પાસેથી કેટલી રકમનો દંડ વસુલવામાં આવ્યો અને કેટલા ઉધોગો પર ચોરીના કેસો કરવામાં આવ્યા?

(૨) વીજ ચોરીમાં પકડાયેલા એકમો પાસેથી કુલ રૂા. ૪,૩૫,૫૭૭-૦૦ દંડની વસુલાત કરવામાં આવેલ છે. પાંચ પૈકી બે એકમોએ દંડની પૂરેપૂરી રકમ નિયમોનુસાર ભરપાઈ કરેલ છે. જ્યારે ત્રણ એકમો સામે સંબંધિત પોલીસ સ્ટેશનોમાં એફ.આઈ.આર. નોંધાવવામાં આવેલ છે.

---------

**દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં કવોરી લીઝની પડતર અરજીઓ**

* ૧૪૪૭૧ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય ખાણ-ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલી

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૩૬૪ અને જામનગર જિલ્લામાં ૭૩૩

કવોરીલીઝ માટેની અરજીઓ પડતર છે અને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

કવોરીલીઝ માટેની અરજીઓ પડતર છે. જિલ્લાવાર વર્ષવાર નીચે મુજબ અરજીઓ મંજૂર કરેલ છે.

| વર્ષ | દેવભૂમિ દ્વારકા | જામનગર |
|---|---|---|
| ૨૦૧૩ | ૨ | ૪૦ |
| ૨૦૧૪ | ૦ | ૬ |

(૨) મંજૂર કરવામાં આવેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ પર્યાવરણની મંજૂરી/કલીયરન્સ વિના મંજૂર કરવામાં આવી, અને

(૩) પર્યાવરણની મંજૂરી/કલીયરન્સ વિના અરજીઓ મંજૂર કરવાના કારણો શા છે?

(૨) અને (૩)

પર્યાવરણ મંત્રાલયની પર્યાવરણ મંજૂરી/કલીયરન્સ અંગેની જોગવાઇઓ અમલમાં આવ્યા બાદ દેવભૂમિ દ્વારકા તથા જામનગર જિલ્લામાં આવેલ લીઝ અરજીઓ પૈકી મંજૂર કરવામાં આવેલ તમામ અરજીઓ એન્વાયરમેન્ટ કલીયરન્સ મેળવવાની શરતે મંજૂર કરવામાં આવેલ છે.

---------

**વિસાવદર, ભેંસાણ અને જુનાગઢ તાલુકામાં ખેડૂતોને વીજ કનેકશન આપવા બાબત**

* ૧૪૮૬૯ **શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભેંસાણ તેમજ જુનાગઢ તાલુકામાં ખેડૂતોની વીજ જોડાણ મેળવવાની કુલ કેટલી અરજીઓ મળેલ છે, અને તે અરજીઓ પૈકી કેટલા ખેડૂતોને વીજ કનેકશન આપવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવા માંગો છો ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કૃષિ વીજ જોડાણ મેળવવા માટે ભેંસાણ તાલુકામાં મળેલ ૪૯૧ અરજીઓ પૈકી ૬(છ) વીજ જોડાણો આપવામાં આવ્યા જ્યારે જુનાગઢ તાલુકામાં મળેલ ૪૬૬ અરજીઓ પૈકી ૩(ત્રણ) વીજ જોડાણો આપવામાં આવ્યા. આ ઉપરાંત અગાઉની પડતર અરજીઓ પૈકી ભેંસાણમાં ૪૫૬ તેમજ જુનાગઢમાં ૬૧૨ કૃષિ વીજ જોડાણો છેલ્લા એક વર્ષમાં આપવામાં આવેલ છે.

(૨) કૃષિ વીજ જોડાણ, અરજી નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવતા હોય છે. કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઇને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે. તદ્અનુસાર તમામ પડતર અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરી શક્ય તેટલી ઝડપથી વીજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

**છોટાઉદેપુર જિલ્લામાં કાર્યરત વીજ સબસ્ટેશનો**

* ૧૩૭૩૨ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાને કેટલા વીજ સબસ્ટેશનો છેલ્લા બે વર્ષમાં મંજુર કરવામાં આવ્યા અને તે અન્વયે કેટલા કાર્યરત કરવામાં આવ્યા, અને

(૨) જે વીજ સબસ્ટેશનો મંજુર કરવામાં આવ્યા તેને કેટલા સમયમાં કાર્યરત કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૧૪(ચૌદ) સબસ્ટેશનો મંજુર કરવામાં આવ્યા અને તે અન્વયે ૬૬ કેવીના ૨(બે), સબસ્ટેશનો કાર્યરત કરવામાં આવેલ છે.

(૨) જે વીજ સબસ્ટેશનો મંજુર કરવામાં આવ્યા તેમાંથી વર્ષ ૨૦૧૫ ના માર્ચ અંતિત ૧૩૨ કેવી નું ૧(એક), ૬૬ કેવી ના ૩(ત્રણ) સબસ્ટેશનો કાર્યરત કરવાનો લક્ષ્યાંક નિશ્ચિત કરવામાં આવેલ છે.

૬૬ કેવી ના ૭(સાત) સબસ્ટેશનો વર્ષ ૨૦૧૬ દરમ્યાન અને ૨૨૦ કેવી નું ૧(એક) સબસ્ટેશન વર્ષ ૨૦૧૭

દરમ્યાન કાર્યરત કરવાનો લક્ષ્યાંક નિશ્ચિત કરવામાં આવેલ છે.

---------

**રાજ્યનું જાહેર દેવું**

* ૧૪૪૧૮ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું કેટલું છે, અને

(૨) સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું વ્યાજ ચૂકવવામાં આવ્યું છે ?

**જવાબ**

(૧)

| નાણાકીય વર્ષ | કુલ જાહેર દેવું |
|---|---|
| ૨૦૧૩-૧૪ ના સુધારેલ અંદાજ મુજબ | `૧૫૦૧૫૩ કરોડ |

(૨)

| નાણાકીય વર્ષ | ચુકવેલ વ્યાજ |
|---|---|
| ૨૦૧૨-૧૩ | `૧૦૮૮૩ કરોડ |
| ૨૦૧૩-૧૪ ના સુધારેલ અંદાજ મુજબ | `૧૧૯૮૯ કરોડ |

---------

**બનાસકાંઠા જિલ્લામાં ખેતી/સિંચાઇ માટે વીજ કનેકશનોની પડતર અરજીઓ**

* ૧૪૭૪૨ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કુલ અને તાલુકાવાર ખેતી સિંચાઇ માટે વીજ કનેકશનોની કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) બાકી રહેલ પડતર અરજીઓ અન્વયે ક્યાં સુધીમાં વીજ કનેકશન આપવામાં આવશે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણ માટેની કુલ પડતર અરજીઓની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકો | પડતર અરજીઓની સંખ્યા |
|---|---|
| અમીરગઢ | ૨૯૭૬ |
| ભાભર | ૪૭૦ |
| દાંતીવાડા | ૪૩૮૩ |
| ડીસા | ૫૩૦૧ |
| દીઓદર | ૧૫૦૫ |
| ધાનેરા | ૩૯૧૪ |
| કાંકરેજ | ૧૯૦૨ |
| લાખાણી | ૨૩૪૫ |
| પાલનપુર | ૫૬૦૪ |
| સુઇગામ | ૯૫ |
| થરાદ | ૬૫૧૦ |
| વડગામ | ૪૩૮૯ |
| વાવ | ૮૨૮ |
| દાંતા | ૬૬૭ |
| **કુલ** | **૪૦૮૮૯** |

(૨) કૃષિ વીજ જોડાણ, અરજી નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવતા હોય છે. કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઇને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે. તદ્અનુસાર તમામ પડતર અરજીઓનો બનતી ત્વારાએ નિકાલ કરી શક્ય તેટલી ઝડપથી વીજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં લીઝોમાં તારથી ફેન્સીંગ કરવા બાબત**

* ૧૪૫૯૬ **શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : માનનીય ખાણ – ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ મંજુર થયેલ લીઝોમાં તારથી ફેન્સીંગ કરવાની વ્યવસ્થા છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ગામના ક્યા લીઝ ધારકો દ્વારા કઇ લીઝોમાં ફેન્સીંગ કરવામાં આવ્યું નથી, અને

(૩) તેવા લીઝ ધારકો સામે શાં પગલા ભરવામાં આવ્યા?

**જવાબ**

(૧) લીઝ વિસ્તારના જે ભાગ માટે સક્ષમ અધિકારી આદેશ આપે તે ભાગ ફરતે વાડ બાંધવાની નિયમોમાં જોગવાઇ છે.

(૨) અને (૩)

સક્ષમ સત્તાધિકારીના આવા કોઇ આદેશનું ઉલ્લંઘન થયેલ હોવાનું ધ્યાને આવેલ નથી જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં રાજીવ ગાંધી વિદ્યુતીકરણ યોજનામાં વિજ જોડાણોની અરજીઓ**

* ૧૩૮૦૨ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતએ વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં રાજીવ ગાંધી વિદ્યુતીકરણ યોજના અન્વયે તાલુકાવાર વીજ જોડાણો આપવા માટે કેટલી અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી તાલુકાવાર તાલુકા વિકાસ અધિકારીશ્રીની ભલામણ પ્રમાણે તાલુકાવાર કેટલી અરજીઓ મંજુર કરી,

(૩) તે પૈકી કેટલા વીજ કનેકશન આપ્યા, અને

(૪) તે પૈકી કેટલી અરજીઓ ક્યા કારણે પડતર છે ?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪)

આર.જી.જીવી.વાય. હેઠળ વીજ જોડાણ મેળવવા અરજીની નોંધણી કરવામાં આવતી નથી કે તાલુકા વિકાસ અધિકારી દ્વારા અરજીઓની ભલામણ પણ કરવામાં આવતી નથી પરંતુ ભારત સરકારનાં ગ્રામ્ય વીજળીકરણ નિગમ (REC) દ્વારા સંબંધિત જિલ્લાનાં મંજૂર થયેલ પ્રોજેક્ટ રીપોર્ટ મુજબ બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવે છે. તદ્અનુસાર તતસમયના વડોદરા જિલ્લાનો મંજૂર થયેલ આર.જી.જી.વાય પ્રોજેક્ટ (કે જેમાં હાલનાં છોટાઉદેપુર જિલ્લાના તાલુકાઓનો પણ સમાવેશ થઇ ગયેલ હતો) માર્ચ–૨૦૧૨ માં પૂર્ણ થઇ ગયેલ છે. અને પ્રોજેક્ટમાં સમાવિષ્ટ ૩૩૨૧૦ બી.પી.એલ. લાભાર્થીઓ પૈકી ૩૨૬૨૬ લાભાર્થીઓને યોજનામાં આવરી લેવામાં આવેલ છે. જ્યારે બાકીનાં ૫૮૪ લાભાર્થીઓેએ ગૃહ વપરાશ વીજ જોડાણની રાજ્ય સરકારની અન્ય યોજનાઓ જેવી કે ઝુંપડા વીજળીકરણ યોજના, એસસીએસપી તેમજ કુટિર જ્યોતિ યોજના અંતર્ગત વીજ જોડાણ મેળવી લીધેલ હોઇ આ યોજના અંતર્ગત આવરી લેવાયેલ કોઇ લાભાર્થી બાકી રહેતા નથી.

---------

**ગાંધીનગર જિલ્લામાં રેતી–કાંકરી ખનન માટે પરમીટ આપવા બાબત**

* ૧૪૨૮૮ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય ખાણ–ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં રેતી–કાંકરી ખનન માટે કેટલી પરમીટ આપવામાં આવી,

(૧) ૧૪.

(૨) બિન પરવાનગી–ગેરકાયદેસર રેતી–કાંકરી ખનન કામગીરી કરતા કેટલા વાહનો તથા માલિકો સામે કેસો કરવામાં આવ્યા, અને

(૨) ૪૧૪.

(૩) તેઓ સામે શાં પગલાં ભરવામાં આવ્યા ?

(૩) તેઓને વસુલાત અર્થે નોટીસ આપવાના,

સમાધાન કેસ પેટે ખનિજ કિંમતની વસુલાત કરવાના તથા એફ.આઈ.આર. દાખલ કરવાના પગલાં ભરવામાં આવ્યા.

---------

**અમરેલી જિલ્લામાં વિજ મીટર બદલવા માટેની પડતર અરજીઓ**

* ૧૩૮૨૭ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વીજ મીટર બદલવા માટે કેટલી અરજીઓ પડતર છે,

(૨) આ પડતર અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે, અને

(૩) અરજીઓ પડતર રહેવાનાં શાં કારણો છે ?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વીજ મીટર બદલવાની પડતર અરજીઓની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| **તાલુકા** | **તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ પડતર અરજીઓ** |
|---|---|
| અમરેલી | ૫૩ |
| બાબરા | ૦ |
| બગસરા | ૧૫ |
| ધારી | ૩૬ |
| જાફરાબાદ | ૨૦ |
| ખાંભા | ૨૮ |
| કુંકાવાવ | ૨૩ |
| લાઠી | ૦ |
| લીલીયા | ૦ |
| રાજુલા | ૩૮ |
| સાવરકુંડલા | ૪ |

(૨) અને (૩)

તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ મીટર બદલવાની પડતર ૨૧૯ અરજીઓનો સ્થળ/એકમ પર જવાબદાર વ્યક્તિની ગેરહાજરી અથવા મકાન બંધ હોય તેવા કારણોસર પડતર હતી. આ તમામ પડતર અરજીઓનો તા.૧૦–૦૨–૨૦૧૫ સુધીમાં નિકાલ કરવામાં આવેલ છે.

---------

**મહેસાણા જિલ્લામાં કૃષિ વિષયક વિજ જોડાણોની પડતર અરજીઓ**

* ૧૪૯૧૦ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કૃષિ વિષયક વિજ જોડાણો માટેની કેટલી અરજીઓ પડતર છે,

(૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં કેટલા વિજ જોડાણો અપાયા, અને

**જવાબ**

(૧) અને (૨)

મહેસાણા જિલ્લામાં તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ કૃષિ વિજ જોડાણ માટેની પડતર અરજીઓ તથા છેલ્લા એક વર્ષમાં આપવામાં આવેલ વિજ જોડાણોની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| **તાલુકો** | **પડતર અરજીઓની સંખ્યા** | **છેલ્લા એક વર્ષમાં આપવામાં આવેલ વિજ જોડાણો** |
|---|---|---|
| બેચરાજી | ૧૮૧ | ૧૭ |
| ગોજારીયા | ૩૮૪ | ૭૯ |
| જોટાણા | ૨૩૮ | ૪૧ |
| કડી | ૩૯૦ | ૫૪ |
| ખેરાલુ | ૧૭૩૫ | ૮૮૮ |
| મહેસાણા | ૫૮૮ | ૧૨૭ |

| | | |
|---|---|---|
| સતલાસણા | ૧૩૪૮ | ૧૧૭૯ |
| ઉંઝા | ૪૨૨ | ૧૭૯ |
| વિજાપુર | ૧૫૩૧ | ૧૭૫ |
| વિસનગર | ૧૦૦૮ | ૫૪૧ |
| વડનગર | ૧૨૦ | ૨૭૪ |

(૩) બાકી રહેતા વિજ જોડાણો કેટલા સમયમાં આપવામાં આવશે ?

(૩) કૃષિ વીજ જોડાણ, અરજી નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવતા હોય છે. કૃષિ વિજ જોડાણની નોંધણી અને વિજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઇને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વિજ જોડાણ આપવામાં આવે છે. તદ્અનુસાર તમામ પડતર અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરી શક્ય તેટલી ઝડપથી વિજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

**આણંદ જિલ્લામાં ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે ચૂકવેલ સબસીડી**

* ૧૩૬૯૭ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લામાં તાલુકાવાર કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે કેટલી રકમની સબસીડી ચૂકવાઇ ?

**જવાબ**

આણંદ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં રાહત પેટે તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુક્રમે વર્ષ ૨૦૧૩–૧૪ માં રૂ.૪૧.૧૮ કરોડ તથા વર્ષ ૨૦૧૪–૧૫ (ડિસેમ્બર–૨૦૧૪ સુધી) માં રૂ.૩૩.૬૯* કરોડ મળીને કુલ રૂ.૭૪.૮૭ કરોડની સબસીડીઓ ચૂકવવામાં આવી, જેની તાલુકાવાર રકમ નીચે મુજબ છે.

| ક્રમાંક | તાલુકો | વર્ષ ૨૦૧૩–૧૪ (રૂ.કરોડમાં) | વર્ષ ૨૦૧૪–૧૫ (ડિસેમ્બર–૨૦૧૪ સુધી) (રૂ.કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૮.૬૨ | ૭.૨૦ |
| ૨ | આંકલાવ | ૪.૬૨ | ૪.૪૪ |
| ૩ | બોરસદ | ૯.૭૯ | ૭.૯૦ |
| ૪ | ખંભાત | ૫.૭૧ | ૪.૪૯ |
| ૫ | પેટલાદ | ૬.૨૫ | ૪.૭૩ |
| ૬ | સોજીત્રા | ૨.૦૧ | ૧.૫૦ |
| ૭ | તારાપુર | ૦.૪૧ | ૦.૩૧ |
| ૮ | ઉમરેઠ | ૩.૭૭ | ૩.૧૨ |
| | કુલ | ૪૧.૧૮ | ૩૩.૬૯* |

*વર્ષ ૨૦૧૪–૧૫ (ડિસેમ્બર–૨૦૧૪ સુધી) ની રકમમાં રાજ્ય સરકાર દ્વારા જાહેર કરેલ ૫૦ ટકા વીજ બીલમાં રાહતની રકમ રૂપિયા ૫.૩૩ કરોડનો પણ સમાવેશ થયેલ છે.

---------

**કચ્છ જિલ્લામાં અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની દ્વારા ખનીજ ચોરી**

* ૧૪૨૧૧ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં આવેલ અલ્ટ્રાટેક સીમેન્ટ કંપની દ્વારા ગેરકાયદે રીતે વ્યાપક ખનીજ ચોરીઓ થાય છે તે હકીકતથી સરકાર

**જવાબ**

(૧) ના જી.

આવી કોઈ ખનિજ ચોરી ધ્યાને આવેલ નથી.

વાકેફ છે, અને

(૨) જો હા, તો છેલ્લા એક વર્ષમાં સરકારે કેટલી રકમની ખનીજ ચોરી પકડી અને જવાબદારો સામે સરકારે શાં પગલાં લઈ કઈ કલમો લગાવી ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જી.એમ.ડી.સી.ના છેર ખાતે ઓછું વિજ ઉત્પાદન બાબત**

* ૧૪૧૨૩ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય ખાણ અને ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ જી.એમ.ડી.સી.ના છેર ખાતેના પાવર પ્લાન્ટ દ્વારા છેલ્લા બે વર્ષમાં કરાર કરતા કેટલું વિજ ઉત્પાદન ઓછું કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ કોરીયન કંપનીએ ઓછા ઉત્પાદન માટે કેટલી પેનલ્ટી ભરવાની થાય છે, અને

(૩)તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી રક્મ વસુલ કરવામાં આવી છે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ ૨૨.૬૭% વિજ ઉત્પાદન ઓછું થયેલ છે.

(૨) રૂપિયા ૬.૩૭ કરોડ.

(૩) સંપુર્ણ રકમ વસુલ કરવામાં આવી છે.

---------

**કૃષિ ક્ષેત્રની વીજ માંગ**

* ૧૪૫૩૪ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં કૃષિ ક્ષેત્રની વીજ માંગ કેટલી હતી અને કેટલી વીજળી પુરી પાડવામાં આવી, અને

(૨) કૃષિ ક્ષેત્રને ઓછી વીજ સપ્લાય આપવામાં કયા કારણો હતા ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં કૃષિ ક્ષેત્રની વીજ માંગ જેટલો જ વીજ પુરવઠો વર્ષવાર પુરો પાડવામાં આવેલ છે જેની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | વીજ માંગ/પૂરો પાડવામાં આવેલ વીજ પુરવઠો (મેગાવોટ) |
|---|---|
| તા.૦૧/૦૧/૨૦૧૩ થી તા.૩૧/૧૨/૨૦૧૩ | ૫૮૭૯ |
| તા.૦૧/૦૧/૨૦૧૪ થી તા.૩૧/૧૨/૨૦૧૪ | ૭૨૭૩ |

(૨) રાજ્યમાં કૃષિ ક્ષેત્રે દરરોજ પર્યાપ્ત વીજ પુરવઠો એટલે કે દરરોજ ઓછામાં ઓછો ૮ કલાક ગુણવત્તા સભર અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો પુરો પાડવમાં આવે છે. તે ઉપરાંત સમયાંતરે આકસ્મિક સંજોગોમાં પાકની જરૂરિયાતને ધ્યાને લઈ ખેડૂતોને ઉભો પાક બચાવવા માટે જરૂરિયાત મુજબ વધારે સમય માટે વીજ પુરવઠો પાડવાનું પણ આયોજન કરવામાં આવે છે.

---------

**ખાનગી વીજ ઉત્પાદક પાસેથી વીજળી ખરીદવા બાબત**

* ૧૩૬૦૧ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે કયા કયા ખાનગી વીજ

**જવાબ**

તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ દ્વારા અલગ અલગ ખાનગી વીજ

ઉત્પાદક પાસેથી કેટલી વીજળી શા ભાવે પ્રતિ યુનીટ ખરીદવામાં આવી ?

ઉત્પાદકો પાસેથી લાંબા ગાળાના વીજ ખરીદી કરારો મુજબ ખરીદેલ વીજળી તથા તેના દરની વિગત નીચે મુજબ છે.

| **ખાનગી સાહસો** | **૨૦૧૩** | | **૨૦૧૪** | |
|---|---|---|---|---|
| | મી.યુ | રૂ◌ા/યુનીટ | મી.યુ | રૂ◌ા/યુનીટ |
| એસ્સારપાવર લીમીટેડ | ૨૫ | ૪.૮૦ | -- | -- |
| એસ્સાર પાવર ગુજરાત લીમીટેડ | ૫૫૧૨ | ૨.૯૬ | ૫૩૪૨ | ૩.૦૪ |
| ચાઈના લાઈટ એન્ડ પાવર ઈન્ડીયા પ્રાઈવેટ લી. | ૨૮૭ | ૫.૧૫ | ૨૬૪ | ૪.૪૦ |
| અદાણી પાવર લીમીટેડ | ૧૨૧૫૫ | ૨.૮૮ | ૧૪૦૮૦ | ૨.૬૪ |
| એ.સી.બી. (ઈન્ડીયા) લી. | ૧૩૪૫ | ૨.૧૦ | ૧૩૦૬ | ૨.૦૫ |
| કોસ્ટલ ગુજરાત પાવર કંપની લીમીટેડ | ૯૦૮૧ | ૨.૬૮ | ૧૧૫૭૩ | ૨.૪૪ |

---------

## દાહોદ જિલ્લામાં રેતીની લીઝો

* ૧૪૧૮૪ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર રેતીની લીઝો કેટલી છે.

(૧) દેવગઢબારીયા તાલુકામાં ૪૧ અને ગરબાડા તાલુકામાં ૧

(૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં કેટલી રોયલ્ટી પેટે કેટલી આવક થઈ, અને

(૨) રૂ. ૭૦.૯૧ લાખ

(૩) ચોરી કરતા પકડાયેલ ઈસમો સામે દંડની કેટલી રકમ વસુલ કરવામાં આવી ?

(૩) રૂ. ૧૫.૬૭ લાખ

---------

## રાજ્યની રાજકોષીય ખાધ

* ૧૪૧૫૬ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં સન ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ના વર્ષમાં રાજ્યની રાજકોષીય ખાધ કેટલી છે ?

| નાણાકીય વર્ષ | રાજકોષીય ખાધ |
|---|---|
| ૨૦૧૩–૧૪ ના સુધારેલ અંદાજ મુજબ | રૂ.૧૬૨૭૫ કરોડ |
| ૨૦૧૪–૧૫ના અંદાજ મુજબ | રૂ.૨૧૭૧૫ કરોડ |

---------

## રાજ્યમાં રણોત્સવ, પતંગોત્સવ અને નવરાત્રી મહોત્સવનો ખર્ચ

* ૧૩૯૭૯ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં રણોત્સવ, પંતગોત્સવ અને નવરાત્રી મહોત્સવ કુલ કેટલા ખર્ચે કરવામાં આવ્યા, અને

(૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં રણોત્સવ, પતંગોત્સવ અને નવરાત્રી મહોત્સવ પાછળ નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| ઉત્સવનું નામ | તા.૧–૧–૨૦૧૩ થી તા.૩૧–૧૨–૨૦૧૩ | તા.૧–૧–૨૦૧૪ થી તા.૩૧–૧૨–૨૦૧૪ | કુલ ખર્ચ |
|---|---|---|---|
| રણોત્સવ | રૂ.૭,૪૪,૮૭,૧૬૦/- | રૂ.૧,૮૧,૪૩,૫૯૯/- | રૂ.૯,૨૬,૩૦,૭૫૯/- |
| પતંગોત્સવ | રૂ.૩,૫૬,૩૧,૬૨૯/- | રૂ.૩,૦૨,૧૨,૦૫૪/- | રૂ.૬,૫૮,૪૩,૬૮૩/- |
| નવરાત્રી મહોત્સવ | રૂ.૪,૭૫,૪૮,૪૦૮/- | રૂ.૭,૬૯,૫૦,૧૧૬/- | રૂ.૧૨,૪૪,૯૮,૫૨૪/- |
| **કુલ** | **રૂ.૧૫,૭૬,૬૭,૧૯૭/-** | **રૂ.૧૨,૫૩,૦૫,૭૬૯/-** | **રૂ.૨૮,૨૯,૭૨,૯૬૬/-** |

(૨) આ મહોત્સવમાં વિદેશી મહેમાનોની સરભરા માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કેટલા ડેલીગેટોએ ભાગ લીધો ?

(૨) આ મહોત્સવમાં કોઈ વિદેશી ડેલીગેટ કે મહેમાનો આવેલ ન હોઈ, તેમની સરભરાનો કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં વાણિજ્યક વેરાની આવક**

* ૧૪૭૬૯ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૩–૧૪ના નાણાકીય વર્ષ દરમ્યાન રાજ્યના બનાસકાંઠા જિલ્લાથી વાણિજ્યક વેરાની કેટલી આવક મળી, અને

(૨) તે પૈકી જિલ્લાની સૌથી વધુ આવક આપતી પાંચ કોમોડીટીઓ કઈ છે ?

**જવાબ**

(૧) રૂ. ૨૫૯.૧૮ કરોડ

(૨) (૧) ઓઈલ સીડ્સ
(૨) ડેરી પ્રોડકટ્સ
(૩) ઓટોમોબાઈલ્સ એન્ડ પાર્ટસ
(૪) તમાકુ અને તેની બનાવટો
(૫) પેટ્રોલ – ડીઝલ

---------

**અમદાવાદ જીલ્લામાં કુટીર જ્યોત અને રાજીવ ગાંધી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો**

* ૧૩૫૭૯ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ અમદાવાદ જીલ્લામાં તાલુકાવાર કુટીર જ્યોત અને રાજીવગાંધી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો મેળવવા છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી,

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર થઈ, અને

(૩) બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરી વીજ જોડાણો અપાશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) રાજ્યની કુટીર જયોત યોજના એ માત્ર આદિજાતિ વિસ્તારોમાં ગૃહ વપરાશ વીજ જોડાણ માટેની યોજના છે. અમદાવાદ જિલ્લાનો કોઈ વિસ્તાર આદિજાતિ વિસ્તાર ન હોવાથી અરજીઓ નોંધાયેલ નથી, જયારે આર.જી.જી.વી.વાય. હેઠળ અરજીઓ નોંધવામાં આવતી નથી, પરંતુ ભારત સરકારનાં ગ્રામ્ય વીજળીકરણ નિગમ (REC) દ્વારા સંબંધિત જિલ્લાનાં મંજૂર થયેલ પ્રોજેકટ રીપોર્ટ મુજબ બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારનાં લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવે છે. તદ્અનુસાર અમદાવાદ જિલ્લાનો મંજૂર થયેલ આર.જી.જી.વી.વાય પ્રોજેક્ટમાં માર્ચ–૨૦૧૨માં પૂર્ણ થઈ ગયેલ છે. અને પ્રોજેકટમાં સમાવિષ્ટ ૨૨૨૦૭ બી.પી.એલ. લાભાર્થીઓને આ યોજના હેઠળ આવરી લઈ વીજ જોડાણ આપવામાં આવેલ છે.

---------

**ખેડા જિલ્લામાં ખનિજ ચોરીના કેસો**

* ૧૪૭૨૭ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખનિજ ચોરી અન્વયે કેટલા કેસો કરી કેટલો દંડ વસુલવામાં આવ્યો, અને

(૨) ખનીજની ચોરીઓ અટકાવવા સરકારે શાં પગલાઓ લીધા ?

**જવાબ**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષવાર ખનિજ ચોરી અન્વયે નીચે મુજબ કેસો/દંડ વસુલાત કરેલ છે.

| વર્ષ | કેસની સંખ્યા | વસુલ કરવામાં આવેલ રકમ રૂ. લાખ |
|---|---|---|
| તા.૧/૧/૨૦૧૩ થી તા.૩૧/૧/૨૦૧૪ | ૧૩૮ | ૫૮.૮૭ |
| તા.૧/૨/૨૦૧૪ થી તા.૩૧/૧/૨૦૧૫ | ૧૨૮ | ૭૧.૭૯ |

(૨) ખનીજની ચોરીઓ અટકાવવા નીચે મુજબના પગલા લીધેલ છે.

(૧) જીલ્લા કચેરી દ્વારા નિયમિત તેમજ આકસ્મિક ચેકીંગ હાથ ધરી ખનીજ ખોદકામ/વહન/સંગ્રહની ચકાસણી કરી અનઅધિકૃત જણાતા સ્થળ તપાસ કરી કસુરદારો પાસેથી દંડ વસુલવામાં આવે છે.
(૨) જીલ્લા કક્ષાએ કલેકટરશ્રીની અધ્યક્ષતામાં દર માસે ટાસ્કફોર્સ તથા ગ્રિવન્સ રીડ્રેસલ કમિટિની બેઠક યોજી ખનીજચોરી અટકાવવા આયોજન કરવામાં આવે છે.

---------

## જામનગર જિલ્લામાં ખુલ્લા વીજ વાયરથી અકસ્માતો

* ૧૩૭૮૭ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** તા. ૭-૭-૧૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૯૪૩૦ (અગ્રતા-૧૧૨)ના અનુસંધાને **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં સને ૨૦૧૧ અને ૨૦૧૨ના વર્ષમાં ખુલ્લા વીજ વાયરો તથા વીજ સપ્લાયના ખામી ભરેલા સાધનોને લીધે થયેલ પ્રાણ ઘાતક અકસ્માતના કિસ્સામાં તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ ૧૩ નાગરિકો તથા ૩૯ પ્રાણીઓના મૃત્યુના કિસ્સામાં ચુકવણીની કાર્યવાહી તથા ત્રણ કર્મચારીઓ સામે શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરેલ તે બાકી હતી તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) વીજ વિતરણ એ જાહેર જનતાને સ્પર્શતી બાબત છે, ઘણીવાર વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતાં હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે ખુલ્લા વીજવાયરોના કારણે અકસ્માતો થતા નથી, પરંતુ અકસ્માત થવાના કારણો નીચે મુજબ છે.

(૧) નાગરિકો દ્વારા લાઈન સાથે ચેડા થવાથી.
(૨) ગેરકાયદેસર વીજ વપરાશ કરવાથી
(૩) વધુ પડતા માલ ભરાયેલ માલવાહક વાહનો વીજલાઈન ને અડકવાથી તેમજ નીચેથી પસાર થવાથી.
(૪) નાગરિકો દ્વારા લાઈન ની આસપાસ બેદરકારી થી કામ કરવાથી.
(૫) મકાન, બિલ્ડીંગ, રસ્તા ના ગેરકાયદેસર બાંધકામ તથા લાઈન ની નજીક સલામત અંતર રાખ્યા વગર કામ કરવાથી
(૬) ગામડામાં વીજ લાઈનની ગંભીરતા સમજ્યા વગર, વીજ લાઈન ઉપર જાતે કામગીરી કરવાથી
(૭) કુદરતી આફતો/આકસ્મિક કારણોસર ખુલ્લા વીજ વાયરોમાં નુકશાન થાય છે અને તેના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરીકો અને પ્રાણીઓના મૃત્યુ થતાં હોય છે.

જામનગર જિલ્લામાં સને ૨૦૧૧ અને ૨૦૧૨ના વર્ષમાં થયેલ પ્રાણ ઘાતક અકસ્માતના કિસ્સામાં તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ ૧૩ નાગરિકો તથા ૩૯ પ્રાણીઓના મૃત્યુના કિસ્સામાં ચૂકવણીની તેમજ ત્રણ કર્મચારીઓ સામે હાથ ધરેલ શિસ્તભંગની કાર્યવાહી બાકી હતી.

(૨) જો હા, તો આ કાર્યવાહી પૂર્ણ કરી તમામ વળતર ચુકવી આપવામાં આવ્યું છે કે કેમ અને ન ચુકવાયું હોય તો તેના શા કારણો છે, અને

(૨) વળતર ચૂકવણીની પાત્રતા ધરાવતા અસરગ્રસ્ત વ્યકિતઓના કિસ્સાઓમાં મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ, બાઈનંદા કેસની માર્ગદર્શિકા વગેરે પાસાઓને ધ્યાનમાં રાખીને અને પ્રાણીઓના કિસ્સાઓમાં જી.યુ.વી.એન.એલ.ના માર્ગદર્શક સર્ક્યુલર મુજબ રકમ ચૂકવવામાં આવતી હોય છે. ગ્રાહકોના આંતરીક વાયરીંગ કે ઈલેકટ્રીક સાધનોના કારણે તેમના મકાનમાં થતા અકસ્માતોમાં વીજ કંપનીની કોઈ જવાબદારી રહેતી ન હોય, વળતર આપવાનું થતું નથી. તદ્નુસાર નીચે દર્શાવ્યા

પ્રમાણે કેસમાં ચુકવણી કરવામાં આવી.

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ, કુલ ૧૩ નાગરિકોના મૃત્યુના કિસ્સાઓ પૈકી ૧ કિસ્સામાં રૂા. ૨.૩૫ લાખ વળતર ચૂકવેલ છે. (પત્રક 'અ' સામેલ છે).

(૨) ૩૯ પ્રાણીઓના કિસ્સાઓમાંથી ૩ કિસ્સાઓમાં રૂ. ૦.૨૪ લાખ (૧૦૦ ટકા વળતર) અને ૧ કિસ્સાઓમાં રૂ. ૦. ૦૪ લાખ (૫૦ ટકા વળતર) વળતર ચુકવવામાં આવેલ છે. (પત્રક 'અ' સામેલ છે).

આ ઉપરાંત વળતર ચુકવવાનું બાકી હોય તેવા ૧૨ નાગરિકો તથા ૩૫ પ્રાણીઓના કિસ્સાઓ અંગે કારણોની વિગતો 'બ' અને 'ક' મુજબ છે.

(૩) બાકી રહેલા તમામ અસરગ્રસ્તોને વળતર કયાં સુધીમાં ચુકવવામાં આવશે અને જવાબદારો સામે શિસ્તભંગની શી કાર્યવાહી કરેલ છે?

(૩) નાગરિકોના ૮ કિસ્સાઓમાં અસરગ્રસ્તોના વારસદારો તરફથી જરૂરી અરજી/દસ્તાવેજી પુરાવા રજુ કર્યા ન હોવાથી, રજુ કર્યેથી જરૂરી ચકાસણી કર્યા બાદ વળતર ચુકવી આપવામાં આવશે. નાગરિકોનાં ૨ કિસ્સામાં કોર્ટ કેસ ચાલુ હોય, કોર્ટના નિર્ણય આવ્યે બાકી વળતરની રકમ ચૂકવી આપવામાં આવશે. તથા નાગરિકોના ૨ કિસ્સાઓમાંથી, ૧ કિસ્સામાં વારસદારો દ્વારા વળતર મેળવવાની ના પાડી હોય અને બીજા કિસ્સામાં કોઈ વારસદાર મળેલ ન હોય, હવે આ ૨ કિસ્સાઓમાં કોઈપણ પ્રકારનું વળતર ચૂકવવાનું બાકી રહેતું નથી.

પ્રાણીઓનાં ૨૩ કિસ્સાઓમાં પ્રાણીઓનાં માલિકો તરફથી અરજી કરેલ ન હોવાથી/જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ કર્યા ન હોવાથી, રજુ કર્યેથી જરૂરી ચકાસણી કર્યા બાદ વળતર ચુકવી આપવામાં આવશે. તથા પ્રાણીઓનાં ૩ કિસ્સાઓમાંથી પ્રાણીનાં માલિક દ્વારા વળતર મેળવવાની ના પાડી હોય અને બીજા ૯ કિસ્સાઓમાં પ્રાણીઓ બિન વારસી હોઈ, હવે આ ૧૨ કિસ્સાઓમાં કોઈપણ પ્રકારનું વળતર ચૂકવવાનું બાકી રહેતું નથી. (પત્રક 'ક' સામેલ છે).

સામાન્ય રીતે અકસ્માતોના આવા કિસ્સાઓમાં પૂરતી તપાસ કર્યા બાદ ખાતાકીય જવાબદારી હોય તો જવાબદારો સામે શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. ઉપરોક્ત અકસ્માતો બાબતે પી.જી.વી.સી.એલ. દ્વારા ત્રણ કર્મચારીઓ સામે શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરેલ છે. આ કાર્યવાહીની વિગતો નીચે મુજબ છે.

**સને–૨૦૧૧**

૧. ખંભાળીયા વિભાગિય કચેરી હેઠળની ભાટીયા પેટા વિભાગિય કચેરીના શ્રી એચ.કે. નંદાણીયા (નાયબ ઈજનેર)ને ચાર્જશીટ આપવામાં આવેલ અને કાર્યવાહીના અંતે તેમનો એક ઈજાફો હંગામી ધોરણે અટકાવવામાં આવ્યો છે.

૨. જામનગર શહેર–૧ વિભાગિય કચેરી હેઠળની હાપા પેટાવિભાગિય કચેરીના શ્રી જે.જે. જાડેજા (આસિસ્ટન્ટ લાઈનમેન)ને ચાર્જશીટ આપવામાં આવી છે. જેનો નિર્ણય આવતા તેમનો એક ઈજાફો કાયમી ધોરણે બંધ કરવામાં આવેલ છે.

**સને–૨૦૧૨**

૧. ખંભાળીયા વિભાગિય કચેરી હેઠળની ભાટીયા પેટા વિભાગિય કચેરીના શ્રી એચ.કે. નંદાણીયા (નાયબ ઈજનેર)ને ચાર્જશીટ આપવામાં આવેલ છે. જેમાં ચાર્જ પુરવાર થયેલ નથી જેથી સાદર ચાર્જશીટ દફતરે કરાયેલ છે.

૨. ગ્રામ્ય વિભાગિય કચેરી હેઠળની કાલાવડ (ઈસ્ટ) પેટા વિભાગિય કચેરીના શ્રી જી.ડી. ભંડેરી (આસિસ્ટન્ટ લાઈનમેન)ને તા. ૩૧-૦૭-૨૦૧૨ થી તા.૧૯-૦૩-૨૦૧૩ સુધી સસ્પેન્ડ કરેલ અને કાર્યવાહિના અંતે તેમના બે ઈજાફા કાયમી ધોરણે બંધ કરવામાં આવેલ છે.

**પત્રક 'અ'**

| ક્રમ | વર્ષ | પ્રાણઘાતક અકસ્માતોના કિસ્સાઓમાં વળતર મળવા પાત્ર બાકી અસરગ્રસ્તોની સંખ્યા | | તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ પ્રાણઘાતક અકસ્માતોના કિસ્સાઓમાં વળતર પેંટે થયેલ ચૂકવણીની રકમ (રૂ. લાખમાં) | | | | | | પ્રાણઘાતક અકસ્માતોના કિસ્સાઓમાં વળતર ચૂકવવા માટે બાકી અસરગ્રસ્તોની સંખ્યા | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | નાગરિકો | પ્રાણી | નાગરિકો | રકમ | ૧૦૦% વળતર | | ૫૦% વળતર | | નાગરિકો | પ્રાણી |
| | | | | | | પ્રાણી | રકમ | પ્રાણી | રકમ | | |
| ૧ | ૨૦૧૧ | ૫ | ૨૭ | ૦ | ૦.૦૦ | ૩ | ૦.૨૪ | ૦ | ૦.૦૦ | ૫ | ૨૪ |
| ૨ | ૨૦૧૨ | ૮ | ૧૨ | ૧ | ૨.૩૫ | ૦ | ૦ | ૧ | ૦.૦૪ | ૭ | ૧૧ |
| ૩ | **કુલ** | **૧૩** | **૩૯** | **૧** | **૨.૩૫** | **૩** | **૦.૨૪** | **૧** | **૦.૦૪** | **૧૨** | **૩૫** |

**પત્રક 'બ'**

| ક્રમ | વર્ષ | વળતર ચૂકવવા માટે બાકી અસરગ્રસ્તોની કુલ સંખ્યા | વળતર ચૂકવાયેલ નથી જેના કારણો | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | વારસદારો દ્વારા વળતર મેળવવાની ના પાડી હોય તેવા કિસ્સા | વારસદારો દ્વારા વળતર મેળવવા માટેની અરજી કરેલ ન હોય/જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ કર્યા ન હોય તેવા કિસ્સા | વારસદારો દ્વારા કોર્ટ કેસ કરેલ હોય તેવા કિસ્સા | કોઈ વારસદાર મળેલ ન હોય તેવા કિસ્સા | કુલ |
| ૧ | ૨૦૧૧ | ૫ | ૧ | ૨ | ૨ | ૦ | ૫ |
| ૨ | ૨૦૧૨ | ૭ | ૦ | ૬ | ૦ | ૧ | ૭ |
| ૩ | **કુલ** | **૧૨** | **૧** | **૮** | **૨** | **૧** | **૧૨** |

**પત્રક 'ક'**

| ક્રમ | વર્ષ | વળતર ચૂકવવા માટે બાકી અસરગ્રસ્તોની કુલ સંખ્યા | વળતર ચૂકવાયેલ નથી જેના કારણો | | | |
|---|---|---|---|---|---|---|
| | | | પ્રાણીના માલિક દ્વારા વળતર મેળવવાની ના પાડી હોય તેવા કિસ્સા | પ્રાણીના માલિક દ્વારા વળતર મેળવવા માટેની અરજી કરેલ ન હોય/જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ કર્યા ન હોય તેવા કિસ્સા | બિન વારસી પ્રાણીઓનાં કિસ્સા | કુલ |
| ૧ | ૨૦૧૧ | ૨૪ | ૩ | ૧૭ | ૪ | ૨૪ |
| ૨ | ૨૦૧૨ | ૧૧ | ૦ | ૬ | ૫ | ૧૧ |
| ૩ | **કુલ** | **૩૫** | **૩** | **૨૩** | **૯** | **૩૫** |

---------

**રાજ્યમાં સરકારી વીજ મથકોની ઉત્પાદન ક્ષમતા**

તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

* ૧૪૪૩૯ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં વીજ ઉત્પાદન કરતા સરકારી વીજ મથકોની મથકદીઠ ઉત્પાદન ક્ષમતા કેટલી છે,

**જવાબ**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં વીજ ઉત્પાદન કરતા સરકારી વીજ મથકોની મથકદીઠ ઉત્પાદન ક્ષમતાની વિગતો નીચે મુજબ છે.

| **ક્રમાંક** | **વિગત** | **ઉત્પાદન ક્ષમતા (મે.વો.)** |
|---|---|---|
| | **ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી લી.** | |
| ૧ | ઉકાઈ થર્મલ પાવર પ્લાન્ટ | ૧૩૫૦ |
| ૨ | ગાંધીનગર થર્મલ પાવર પ્લાન્ટ | ૮૭૦ |
| ૩ | વણાકબોરી થર્મલ પાવર પ્લાન્ટ | ૧૪૭૦ |
| ૪ | ઉત્તરાણ ગેસ પાવર પ્લાન્ટ | ૫૧૦ |
| ૫ | કચ્છ લીગ્નાઈટ પાવર પ્લાન્ટ | ૨૯૦ |
| ૬ | ધુવારણ ગેસ પાવર પ્લાન્ટ (૭–૮) | ૨૧૯ |
| ૭ | સિક્કા થર્મલ પાવર પ્લાન્ટ | ૨૪૦ |
| ૮ | ઉકાઈ હાઈડ્રો | ૩૦૫ |
| ૯ | કડાણા અને પનામા હાઈડ્રો | ૨૪૨ |
| | **કુલ–અ** | **૫૪૯૬** |
| | **સરકારી ક્ષેત્રના આઈપીપી** | |
| ૧ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન કંપની લી. હજીરા | ૫૦૭ |
| ૨ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. (સ્ટેજ–૧ અને ૨) | ૩૧૦ |
| ૩ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી.(એસએલપીપી) | ૫૦૦ |
| ૪ | ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન | ૨૫૦ |
| ૫ | જી.પી.પી.સી. પીપાવાવ પાવર પ્રોજેક્ટ | ૭૦૨ |
| | **કુલ–બ** | **૨૨૬૯** |
| | **કુલ (અ + બ)** | **૭૭૬૫** |

(૨) આ વીજ મથકો પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા પૂર્ણતા ચાલુ છે અને કેટલા બંધ છે. કેટલા અંશતઃચાલુ છે,

(૩) અંશતઃચાલુ વીજમથકોમાં મથકદીઠ કેટલું ઉત્પાદન થાય છે, અને

(૪) જો વીજ મથકો બંધ હોય તો બંધ થવાના અને અંશતઃચાલુ હોય તો તે માટેના કારણો શા છે?

(૨), (૩) અને (૪)

રાજ્ય સરકાર દ્વારા રાજ્યના તમામ પ્રકારના ગ્રાહકોને જરૂરિયાત મુજબ પૂરતી વીજળી પૂરી પાડી શકાય તેટલો વીજ પુરવઠો સુનિશ્ચિત કરાયો છે, અને રાજ્યના તમામ પ્રકારના વીજ ગ્રાહકોને કોઈપણ પ્રકારના લોડ શેડિંગ વગર પૂરતો વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. વધુમાં ઉક્ત સ્થિતિએ ઉપર્યુક્ત તમામ વીજ મથકો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ છે. પરંતુ વીજ ઉત્પાદનો સંગ્રહ શક્ય નથી અને માંગને લક્ષમાં રાખીને ઉત્પાદન કરવું પડે છે. આમ, વીજ ઉત્પાદન જે–તે સમયના વપરાશ/માંગને આધારિત હોય છે અને આ સ્થિતિ દરેક દિવસે દરેક ક્ષણે બદલાતી રહે છે. સામાન્ય રીતે વીજ મથકોમાંથી ઉત્પાદન મેળવવાનું ચાલુ હોય છે પરંતુ આકસ્મિક રીતે ખોટવાઈ જવું, સમારકામની જરૂરિયાત, જેવા કપરા સંજોગોમાં પ્લાન્ટને બંધ રાખવા પડે છે. આ ઉપરાંત નામ. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના ‘‘મેરીટ ઓર્ડર્સ રેગ્યુલેશનને ધ્યાને લઈ તેમજ લો ડિમાન્ડ (low demand) ના સમયગાળામાં SLDC (સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર)ની સૂચના મુજબ, જે તે સમયે વીજ મથકો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોવા છતાં ઉપર્યુક્ત અનિવાર્ય કારણોસર તત્પુરતા સમય માટે હંગામી ધોરણે બંધ અથવા જે તે સમયની જરૂરીયાત મુજબ અંશતઃ કાર્યરત રાખવા પડે

છે.

તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ વીજ મથકોમાં થયેલ મથકદીઠ વીજ ઉત્પાદન નીચે પ્રમાણે છે.

| નં. | વીજ મથકનું નામ | મીલીયન યુનીટસ |
|---|---|---|
| ૧ | ઉકાઈ થર્મલ વીજમથક | ૧૬.૭૭૮ |
| ૨ | ગાંધીનગર થર્મલ વીજમથક | ૧૧.૭૦૫ |
| ૩ | વણાકબોરી થર્મલ વીજમથક | ૧૫.૭૬૦ |
| ૪ | કચ્છ લિગ્નાઈટ થર્મલ વીજમથક | ૩.૭૬૦ |
| ૫ | સિક્કા થર્મલ વીજમથક | ૨.૦૪૨ |
| ૬ | ઉકાઈ જળ આધારીત વીજમથક | ૨.૩૫૬ |
| ૭ | કડાણા જળ આધારીત વીજમથક | ૦.૮૭૮ |
| ૮ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. | ૧.૭૧૦ |
| ૯ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. (એસએલપીપી) | ૮.૫૭૦ |
| ૧૦ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન કંપની લી. | ૧.૩૪૪ |
| ૧૧ | ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન | ૪.૭૧૪ |

---------

## વલસાડ જિલ્લામાં કુટિર ચોજનામાં આવેલ અરજીઓ

*૧૩૫૪૩ **શ્રી ઈશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીચ કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર કુટીર યોજના અંતર્ગત કેટલી અરજીઓ આવી, અને

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજુર કરી અને કેટલી ના મંજુર કરવામાં આવી, તથા અરજી નામંજુરના કારણો શા છે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર કુટિર યોજના અંતર્ગત અગાઉની પડતર સહિત નીચે મુજબ અરજીઓ આવેલ છે.

| અ. નં. | તાલુકાનું નામ | કુલ |
|---|---|---|
| ૧ | વલસાડ | ૧૭૪૪ |
| ૨ | પારડી | ૧૨૬૮ |
| ૩ | ઉમરગામ | ૧૧૯૧ |
| ૪ | ધરમપુર | ૭૮૦ |
| ૫ | કપરાડા | ૫૬૦ |
| ૬ | વાપી | ૯૨ |
| | **કુલઃ–** | **૫૬૩૫** |

(૨) તે નીચે મુજબની અરજીઓ મંજુર તથા નામંજુર કરવામાં આવી.

| વર્ષ | મંજુર કરેલ અરજીઓની સંખ્યા | | નામંજુર કરેલ અરજીઓની સંખ્યા | |
|---|---|---|---|---|
| | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ | બેંક કક્ષાએ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ | બેંક કક્ષાએ |
| ૧–૧–૧૩ થી ૩૧–૧૨–૧૩ | ૨૩૯૨ | ૧૨૧૬ | ૩૬૩ | ૧૧૫૮ |
| ૧–૧–૧૪ થી | ૨૩૯૯ | ૧૨૮૬ | ૨૩૪ | ૧૦૦૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧-૧૨-૧૪ | | | | |

**ના મંજુર થયેલ અરજીઓના કારણો નીચે મુજબ છે**

**(૧) જીલ્લા ઉદ્યોગ કક્ષાએ**

૧ લાભાર્થીએ સાધનિક પુરાવાઓ પુરા પડેલ ન હોવાથી
૨ અરજદારની ઉંમર વધારે-ઓછી હોવાથી
૩ અરજદારનો અપુરતો અભ્યાસ હોવાથી
૪ અરજદારે અન્ય યોજના નીચે લાભ લીધેલ હોવાથી
૫ અરજદાર પાસે ધંધાનો અનુભવ ન હોવાથી.

**(૨) બેંક કક્ષાએ**

૧ ધંધો અર્થક્ષમ ન હોવાથી
૨ અરજદાર તથા તેઓના કુટુંબીજનો બાકીદાર હોવાથી
૩ ધંધાની જાણકારી ન હોવાથી
૪ અરજદારે બેન્કમાં જરૂરી માહિતી રજુ કરેલ ન હોવાથી
૫ અરજદાર અન્ય ધંધામાં રોકાયેલ હોવાથી
૬ અરજદારનો અભ્યાસ ચાલુ હોવાથી
૭ અરજદારે સરકારશ્રીની અન્ય આવી યોજનાઓનો અગાઉ લાભ લીધેલ હોવાથી

-----

**રાજ્યમાં રાસાયણિક ખાતર પર વેટ લેવા બાબત**

* ૧૪૨૬૮ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં રાસાયણિક ખાતર પર કેટલો વેટ લેવામાં આવે છે, અને

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વેટ પેટે કેટલી રકમ સરકારને મળી ?

**જવાબ**

(૧) તમામ પ્રકારના રાસાયણિક ખાતરના **પ્રથમ તબક્કાના વેચાણ પર ૪%+૧%** વધારાનો વેરો લેવામાં આવે છે. ત્યારબાદ તમામ પ્રકારના **પુનઃ વેચાણો વેરામાફ** છે.

(૨)

| **વર્ષ** | **આવક (રૂ. કરોડમાં)** |
|---|---|
| ૨૦૧૩ | ૧૧૧.૦૬ |
| ૨૦૧૪ | ૧૨૧.૪૮ |

---------

**સાબરકાંઠા જિલ્લામાં ગેરકાયદે રેતીના કિસ્સા પકડવા બાબત**

* ૧૪૫૭૨ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય ખાણ-ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ગેરકાયદેસર રેતી લઈ જતા કેટલા કિસ્સાઓ પકડવામાં આવ્યા, અને

(૨) તેમની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) ૩૧૯

(૨) તેઓની પાસેથી સમાધાન કેસની રકમ રૂ. ૫૩.૮૨ લાખની વસુલાત કરેલ છે.

---------

**રાજ્યમાં સૌર ઉર્જા આધારિત ખાનગી વીજ ઉત્પાદકોને મંજૂરી**

* ૧૩૯૧૯ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ સૌર ઉર્જા આધારિત કેટલાં ખાનગી

**જવાબ**

(૧) ઈલેક્ટ્રિસિટી એક્ટ-૨૦૦૩ ની જોગવાઈ મુજબ પાવર જનરેશન પ્રોજેકટ માટે મંજૂરી આપવાની જરૂર નથી

વીજ ઉત્પાદકોને મંજૂરી આપવામાં આવી છે,

પરંતુ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ સૌર ઉર્જા આધારિત ૨ (બે) ખાનગી વીજ ઉત્પાદકો ના પ્રોજેકટની નોંધણી કરવામાં આવી છે,

(૨) આ પૈકી ઉકત સ્થિતિએ કુલ કેટલા સૌર ઉર્જા વીજમથકો દ્વારા મથકદીઠ કેટલું ઉત્પાદન કરવામાં આવે છે, અને

(૨) આ પૈકી ઉકત સ્થિતિએ એક સૌર ઉર્જા વીજમથક દ્વારા ૬ મે. વો. ક્ષમતાનું વીજ ઉત્પાદન કરવામાં આવે છે, અને ૫૧ મે. વો. ની ક્ષમતાનું એક સૌર ઉર્જા વીજ મથક સ્થાપવા ની કામગીરી પ્રગતિમાં છે.

(૩) આ ખાનગી વીજ મથકો પાસેથી સરકાર શાં ભાવે વીજળી ખરીદે છે ?

(૩) આ ખાનગી વીજ મથકો પાસેથી ગુજરાત સરકાર વીજળી ખરીદતી નથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં કપાસ/રૂમાં વેચાણ પેટે વેટની આવક**

* ૧૪૯૦૦ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૧૨-૨૦૧૩ અને ૨૦૧૩-૨૦૧૪ ના વર્ષમાં કપાસ/રૂના વેચાણ પેટે રાજ્ય સરકારને વેટની કેટલી આવક થઈ, અને

(૨) આ પૈકી કેટલી રકમ કપાસ પકવતા ખેડૂતના હિતમાં વાપરવા નાણા વિભાગે ડીસે-૨૦૧૪ ની સ્થિતિએ શા ચોક્કસ આદેશ આપ્યા છે?

**જવાબ**

(૧)

| વર્ષ | આવક (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૧.૬૮ |
| ૨૦૧૩-૧૪ | ૧.૪૧ |

(૨) રાજ્યના નાણાકીય સંસાધનોની ફાળવણી રાજ્યના સર્વાંગી વિકાસની નીતિ અનુસાર કરવામાં આવે છે, જેમાં ખેડૂતોના હિતોનો પણ સમાવેશ થાય છે.

---------

**ક્રુડ ઓઈલની રોયલ્ટી પેટે લેણી રકમ**

*૧૪૭૪૮ **શ્રી રમેશભાઈ મ. ચાવડા(કડી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્રુડ ઓઈલની રોયલ્ટી પેટે કેટલી રકમ કેન્દ્ર સરકાર પાસે લેણી છે,

(૨) તા.૦૧-૦૨-૨૦૧૫ સુધીમાં છેલ્લા બે વર્ષમાં આ પૈકી કેટલી રકમની રાજ્ય સરકારને ચુકવવામાં આવી, અને

(૩) બાકીની રકમ ચુકવવા બાબતમાં સરકાર તરફથી શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્રુડ ઓઈલની રોયલ્ટી પેટે કેટલી રકમ કેન્દ્ર સરકાર પાસે કોઈ રકમ લેણી નિકળતી નથી. પરંતુ કેન્દ્ર સરકાર હસ્તકના એકમ ઓ.એન.જી.સી.લી. પાસે તા.૦૧-૦૪-૨૦૦૮ થી તા.૩૧-૧૨-૨૦૧૪ સુધીના સમયગાળામાં રૂ. ૧૦,૦૫૯/- કરોડ રોયલ્ટી પેટે અને અંદાજીત રૂ. ૫૩૦૦/-કરોડની રકમ દંડ પેટે લેણી નીકળે છે.

(૨) અને (૩)
તા.૦૧-૦૨-૨૦૧૫ સુધીમાં છેલ્લા બે વર્ષમાં આ પૈકી કોઈ રકમ ચુકવવામાં આવી નથી, હાલમાં આ બાબત નામદાર સુપ્રિમ કોર્ટમાં પડતર છે.

---------

**ખેડૂતોને ખેતી વિજ જોડાણમાં ૩૦ હોર્સ પાવરનું કનેકશન**

* ૧૪૮૭૦ **શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ ખેડૂતોને ખેતી વીજ જોડાણમાં ૩૦ હોર્સ પાવરનું કનેકશન ધરાવતા હોઈ તે વીજ ગ્રાહક ૧૦-૧૦ હોર્સ પાવરની બે સબ મર્સીબલ મોટર ચલાવી નથી શકતા તે હકીકત સાચી છે, અને

(૨) જો, હા તો સરકાર ૩૦ હોર્સ પાવરનું જોડાણ

**જવાબ**

(૧) અને (૨)
હા, જી અગાઉ વીજભાર વધારાની સ્વૈચ્છિક જાહેરાત યોજના (Voluntary Disclosure Scheme) અનઅધિકૃત વીજભાર અધિકૃત કરવા અમલી બનાવાયેલ હતી. પરંતુ સદર યોજનામાં એકજ સર્વે નંબરમાં ગેરકાયદેસર

ધરાવતા ખેડૂતોને તેની મર્યાદામાં બે સબ મર્સીબલ પંપ ચલાવવાની મંજૂરી કેટલા સમયમાં આપવાનું આયોજન છે ?

બીજો નવીન બોર બનાવી બીજી સબ મર્સીબલ મોટર મુકી વધારાના નવીન અનધિકૃત વીજ ભારને અધિકૃત કરાવવાની અરજીઓ વધુ પ્રમાણમાં નોંધાયેલ હતી. જેના કારણે વીજ તંત્ર ઉપર વધારાનો વીજભાર આવતો સાથે–સાથે માળખાકીય હળવા–ભારે દબાણની વીજ લાઈનોના ક્રોસીંગ અપ્રમાણસર વધી જતાં તાંત્રિક અને સલામતી સહિતના અનેકવિધ પ્રશ્નો સર્જાયા હતા. તેમજ એકજ સર્વે નંબરમાં એક થી વધુ મોટર ચલાવવાથી ભૂગર્ભ જળ ઉંડા જવાથી ભૂર્ગભ જળના વધુ વપરાશને લગતા અનેક પ્રશ્નો સર્જાયા હતા. ઉપરાંત એકજ સર્વે નંબરમાં બીજો અનધિકૃત નવીન બોર બનાવી બીજુ કનેકશન બિનકાયદેસર વાપરવાના પ્રસંગો ઉભા થવાની સંભાવના જોતા લાંબા સમયથી પ્રતિક્ષા યાદીમાં રાહ જોતાં અન્ય અરજદારોને અન્યાયકારક બને. આ તમામ કારણોસર એકજ સર્વે નંબરમાં એકજ કૃષિ વીજ જોડાણ પર બે સબમર્શીબલ મોટર મૂકી ભૂગર્ભ જળ ખેંચવાની મંજૂરી આપવામાં આવતી નથી.

---------

## છોટા ઉદેપુર જિલ્લા ખાણ ખનિજ/રેતીની લીઝોમાં બનાવટી રોયલ્ટીના પાસો

* ૧૩૭૩૩ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય ખાણ–ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં ખાણ–ખનીજની રોયલ્ટી રેતીની લીઝોમાં બનાવટી રોયલ્ટીના પાસ અપાય છે તેવા કેટલા બનાવો છેલ્લા એક વર્ષમાં નોંધાયા, અને

(૨) પકડાયેલ ઈસમો સામે સરકારે શાં પગલાં લીધા,

(૩) આ બનાવટી રોયલ્ટી પાસો બનાવી આપનાર ઈસમોના મૂળ સુધી સરકાર પહોંચવા માંગે છે કેમ ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં આકસ્મિક રોડ ચેકીંગ દરમ્યાન વાહન ચાલકો દ્વારા રજૂ કરેલ રોયલ્ટી પાસોની ચકાસણી કરતાં ૦૩ (ત્રણ) કિસ્સામાં બનાવટી રોયલ્ટીના પાસ હોવાનું ધ્યાને આવેલ છે.

(૨) અને (૩)
પકડાયેલ ઈસમો તેમજ બનાવટી રોયલ્ટી પાસો બનાવી આપનાર ઈસમો સામે કાયદેસર કાર્યવાહી કરવા માટે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે.

---------

## આણંદ જિલ્લાની વાણિજિયક વેરાની આવક

* ૧૪૪૨૦ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૨૦–૧–૨૦૧૫ ની સ્થિતિએ આણંદ જિલ્લામાંથી છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક મળી,

(૨) આણંદ જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ કોમોડીટીઓ કઈ છે, અને

(૩) સદર કોમોડીટીઝવાર કેટલી આવક રાજ્ય સરકારને મળી ?

**જવાબ**

(૧) રૂ.૫૦૩. ૭૩ કરોડ.

(૨) (૧) પેઈન્ટ્સ
(૨) ઓટો અને તેના ભાગો
(૩) મીલ્ક પ્રોડક્ટ્સ
(૪) ટોબેકો પ્રોડક્ટ્સ
(૫) મશીનરી અને પાર્ટસ

(૩)

| કોમોડીટી | આવક (રૂ. કરોડમાં) |
|---|---|
| (૧) પેઈન્ટ્સ | ૩૬૫.૨૧ |
| (૨) ઓટો અને તેના ભાગો | ૪૫૦૧.૮૫ |
| (૩) મીલ્ક પ્રોડક્ટ્સ | ૨૨૯.૯૩ |

| | |
|---|---|
| (૪) ટોબેકો પ્રોડક્ટ્સ | ૧૮૨૮.૬૦ |
| (૫) મશીનરી અને પાર્ટસ | ૭૪૬.૪૪ |

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કૃષિ વિષયક વિજ જોડાણોની પડતર અરજીઓ**

* ૧૪૫૯૭ **શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કૃષિ વિષયક વિજ જોડાણો માટે કેટલી અરજીઓ પડતર છે,

(૨) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે, અને

(૩) ઉક્ત વિજ જોડાણો આપવામાં વિલંબ થવાના શાં કારણો છે ?

**જવાબ**

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષની કૃષિ વિજ જોડાણ માટેની પડતર અરજીઓની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકો | છેલ્લા બે વર્ષમાં પડતર અરજીઓ |
|---|---|
| ભાણવડ | ૧૨૪૧ |
| કલ્યાણપુર | ૧૬૬૮ |
| ખંભાળિયા | ૨૦૮૩ |
| ઓખામંડલ | ૭૦૨ |

(૨) અને (૩)

કૃષિ વિજ જોડાણ, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવતા હોય છે. કૃષિ વિજ જોડાણની નોંધણી અને વિજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વિજ વિતરણ વ્યવસ્થા અને વિજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઇને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વિજ જોડાણ આપવામાં આવે છે. તદ્-અનુસાર તમામ પડતર અરજીઓની બનતી ત્વરાએ નિકાલ કરી શક્ય તેટલી ઝડપથી વિજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

**રાજ્યમાં જિલ્લા આયોજન મંડળને આપેલ ગ્રાન્ટોમાંથી કરેલ વિકાસના કામો**

* ૧૩૮૦૩ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ રાજ્ય સરકારે જિલ્લા આયોજન મંડળને આપેલ ગ્રાન્ટમાંથી અતિ આવશ્યક વિકાસ કામો ગાઇડ લાઇન પ્રમાણે સ્થાનિક ધારાસભ્ય સુચવે તે કામો કરવા માટે કોઇ માપદંડ આદેશ નક્કી કરેલ છે કે કેમ, અને

(૨) પાયાની જરૂરીયાતના તાલુકા કક્ષાએ વિકાસના કામો ગાઇડ લાઇન પ્રમાણે કોણ નક્કી કરે છે ?

**જવાબ**

(૧) રાજ્ય સરકારે જિલ્લા આયોજન મંડળને આપેલ ગ્રાન્ટ અન્વયે, જિલ્લા આયોજન મંડળમાં વિવેકાધીન, પ્રોત્સાહક અને ભૌગોલિક રીતે ખાસ પછાત વિસ્તારની જોગવાઇ હેઠળના માર્ગદર્શક યાદીને અનુરૂપ તાલુકા આયોજન સમિતિએ સુચવેલ કામો મંજુર કરવામાં આવે છે. આ સમિતિમાં માન.ધારાસભ્યશ્રી સભ્યશ્રી તરીકે માર્ગદર્શક યાદીને અનુરૂપ કામો સુચવી શકે છે.

(૨) તાલુકા કક્ષાએ ગાઇડ લાઇન પ્રમાણેના વિકાસના કામો તાલુકા આયોજન સમિતિ નક્કી કરે છે.

---------

**રાજ્યમાં ખાનગી વીજ ઉત્પાદક પાસેથી વીજળી ખરીદવા બાબત**

* ૧૪૨૮૯ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકાર હસ્તકના વીજમથકો દ્વારા કેટલું વીજ ઉત્પાદન કરવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકાર હસ્તકના વીજ મથકો દ્વારા કરવામાં આવેલ વીજ ઉત્પાદનની વિગત નીચે મુજબ છે.

| નં. | વીજ ઉત્પાદન કરનાર ક્ષેત્ર | વીજ ઉત્પાદન (મીલીયન યુનીટસ) | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ |
| | | (તા.૦૧-૦૧-૧૩ | (તા.૦૧-૦૧-૧૪ |

| | | થી ૩૧-૧૨-૧૩) | થી ૩૧-૧૨-૧૪) |
|---|---|---|---|
| ૧ | રાજ્ય સરકાર હસ્તકની સરકારી વીજ કંપની જીએસઇસીએલ | ૧૭૨૮૦.૯૧ | ૨૦૨૫૯.૮૯ |
| ૨ | રાજ્ય સરકાર હસ્તકના સ્વતંત્ર વીજ ઉત્પાદકો | ૫૧૦૩.૫૪ | ૫૮૬૨.૧૯ |
| | **કુલ** | **૨૨૩૮૪.૪૫** | **૨૬૧૨૨.૦૮** |

(૨) આ સમયગાળા દરમ્યાન ખાનગી ઉત્પાદકો પાસેથી કેટલી વીજળી ક્યા ભાવે અને ક્યા ઉત્પાદક પાસેથી ખરીદવામાં આવી ?

(૨) જુદા જુદા ખાનગી ઉત્પાદકો પાસેથી લાંબાગાળાના વીજ ખરીદી કરારો મુજબ ખરીદવામાં આવેલ વીજળી અને તેના ભાવોની વિગતો નીચે મુજબ છે.

| ખાનગી સાહસો | ૨૦૧૩ | | ૨૦૧૪ | |
|---|---|---|---|---|
| | મી.યુ. | રૂા./ યુનીટ | મી.યુ | રૂા./ યુનીટ |
| એસ્સાર પાવર લીમીટેડ | ૨૫ | ૪.૮૦ | - | - |
| એસ્સાર પાવર ગુજરાત લીમીટેડ | ૫૫૧૨ | ૨.૯૬ | ૫૩૪૨ | ૩.૦૪ |
| ચાઈના લાઈટ એન્ડ પાવર ઈન્ડીયા પ્રાઈવેટ લી. | ૨૮૭ | ૫.૧૫ | ૨૬૪ | ૪.૪૦ |
| અદાણી પાવર લીમીટેડ | ૧૨૧૫૫ | ૨.૮૮ | ૧૪૦૮૦ | ૨.૬૪ |
| એ.સી.બી.(ઈન્ડીયા) લી. | ૧૩૪૫ | ૨.૧૦ | ૧૩૦૬ | ૨.૦૫ |
| કોસ્ટલ ગુજરાત પાવર કંપની લીમીટેડ | ૯૦૮૧ | ૨.૬૮ | ૧૧૫૭૩ | ૨.૪૪ |
| કેપ્ટીવ પાવર પ્લાન્ટસ | ૨૯ | ૨.૪૧ | ૨૫ | ૨.૪૦ |

---------

**અમરેલી જિલ્લામાં કપાસ અને રૂ પર વેટ વસૂલવા બાબત**

* ૧૩૮૨૮ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં કપાસ અને રૂ નાં વેચાણ પેટે રાજ્ય સરકાર દ્વારા કેટલા દરે વેટ વસૂલવામાં આવે છે, | (૧) ૪% + ૧% વધારાનો વેરો. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કેટલી આવક થઇ, અને | (૨) રૂ.૬૦૬.૬૬ કરોડ. |
| (૩) થયેલ આવકમાં અમરેલી જિલ્લામાંથી કેટલી વેટની રકમ મળી ? | (૩) રૂ.૪૮.૭૨ કરોડ. |

---------

**રાજ્ય સરકારે બજારમાંથી બોન્ડ મેળવવા બાબત**

* ૧૪૨૧૨ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્ય સરકારે તેના વિકાસ અને માળખાકીય યોજનાઓને આગળ વધારવા આર્થિક જરૂરીયાતોને સંતોષવા કેટલી રકમના બોન્ડ ૨૦૧૪-૧૫ ના વર્ષમાં બજારમાંથી મેળવ્યા ? | શૂન્ય. |

---------

**રાજ્યમાં ગેસ આધારિત વીજ મથકો**

* ૧૩૬૦૨ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં ક્યા ગેસ આધારિત વીજ મથકો કે વીજ મથકોના અમુક યુનિટો કેટલા સમયથી બંધ પડેલ છે, તેના કારણો શા છે, | (૧) રાજ્ય સરકાર દ્વારા રાજ્યના તમામ પ્રકારના વીજ ગ્રાહકોને જરૂરિયાત મુજબ પૂરતી વીજળી પૂરી પાડી શકાય તે સારુ, જરૂરી વીજ પુરવઠો સુનિશ્ચિત કરાયેલ છે. તદનુસાર, તમામ વીજ ગ્રાહકોને કોઇ પણ પ્રકારના લોડ શેડિંગ વગર પૂરતી વીજળી પૂરી પાડવામાં આવે છે. તમામ વીજ મથકો, વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોવા છતાં, જે-તે સમયની વીજ માંગ અને નામ. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના મેરીટ ઓર્ડર્સ અંગેના રેગ્યુલેશનના કારણે કેટલાક વીજ મથકો તત્પુરતા સમય માટે રિઝર્વ શટ ડાઉન રાખવા પડે છે અથવા અંશતઃ ચાલુ રાખવા પડે છે. આ અંગેની વિગતો પરિશિષ્ટ-અ મુજબ છે. |
| (૨) ગેસ આધારિત વીજ મથકો સંપૂર્ણ કે અંશતઃ બંધ રહેતા કેટલી વીજળી ઉત્પાદન થઇ શકી નહી, અને | (૨) સામાન્ય રીતે વીજળીનો મોટા પ્રમાણાં સંગ્રહ થઇ શકતો નથી, માટે વીજળીની જેટલી જરૂરીયાત હોય તેટલું જ ઉત્પાદન કરવામાં આવતું હોય છે. તેથી જે તે સમયે સીસ્ટમની જરૂરીયાત પ્રમાણે મેરીટ ઓર્ડર મુજબ સસ્તુ જનરેશન સીસ્ટમમાં રાખી જરૂરીયાત પ્રમાણે ઉત્પાદન કરવામાં આવતું હોય છે અને મોંઘુ જનરેશન રીઝર્વ શટડાઉનમાં કે લો ડીમાન્ડના કારણોસર બંધ રાખવામાં આવે છે. તદનુસાર, તા.૩૧-૧૨-૨૦૧૪ ના રોજ આ પ્રમાણે થતાં, ૮૩.૦૭ મીલીયન યુનીટસ વીજળીનું ઉત્પાદન મેળવી શકાયું નહીં. |
| (૩) આવા વીજ મથકો ચાલુ થાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી ? | (૩) હાલમાં, રાજ્યમાં વીજળીની કોઇ ખેંચ નથી અને તમામ પ્રકારના લોડ શેડિંગ વગર પૂરતો વીજ પુરવઠો પૂરો પાડવામાં આવી રહ્યો છે તેમ છતાં, નામ. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના મેરીટ ઓર્ડર્સ અંગેના રેગ્યુલેશનમાં આવી શકે તે પ્રમાણે પોષણક્ષમ ભાવે ગેસ ઉપલબ્ધ થઇ શકે તે માટે વિવિધ કક્ષાએ રજૂઆતો કરેલ છે અને આ બાબત કેન્દ્ર સરકારમાં વિચારણા હેઠળ છે. |

**પરિશિષ્ટ – અ**

| નં. | રાજ્યમાં આવેલ ગેસ આધારીત વીજ મથક | વીજ મથક/યુનીટ નં. | કેટલા સમયથી રીઝર્વ શટડાઉન અથવા બંધ પડેલ છે તે તારીખ |
| --- | --- | --- | --- |
| ૧ | ઉતરાણ ગેસ આધારીત વીજ મથક સ્ટેજ-૧ | જીટી-૧,૨,૩ અને એસટીજી | ૨૪-૦૮-૨૦૧૩ |
| ૨ | ઉતરાણ ગેસ આધારીત વીજ મથક સ્ટેજ-૨ | જીટી અને એસટીજી | ૨૧-૧૧-૨૦૧૪ |
| ૩ | ધુવારણ ગેસ આધારીત વીજ મથક | સ્ટેજ-૨ (જીટી અને એસટીજી) | ૨૧-૧૨-૨૦૧૪ |
| ૪ | જીઆઇપીસીએલ પાવર પ્લાન્ટ સ્ટેજ-૧ | જીટી-૧ | ૦૨-૧૨-૨૦૧૪ |
| ૫ | જીઆઇપીસીએલ પાવર પ્લાન્ટ સ્ટેજ-૨ | જીટી અને એસટીજી | ૨૦-૧૧-૨૦૧૪ |
| ૬ | જીસેગ પાવર પ્લાન્ટ | જીટી-૧૧ | ૨૬-૧૨-૨૦૧૪ |
| ૭ | એ.ઇ. કંપની ટોરેન્ટ પાવર | જીટી-૧,૨ અને એસટીજી | ૧૧-૦૯-૨૦૧૪ |
| ૮ | ચાઇના લાઇટ પાવર (ઇ) પ્રા.લી. | જીટી-૧,૨,૩ અને એસટીજી | ૩૦-૧૨-૨૦૧૪ |
| ૯ | એસ્સાર પાવર લિમીટેડ | જીટી-૧,૨,૩ અને એસટીજી | ૨૪-૦૮-૨૦૧૩ |
| ૧૦ | સુજેન પાવર પ્લાન્ટ | યુનીટ-૨ | ૦૮-૧૧-૨૦૧૪ |
| | | યુનીટ-૩ | ૦૬-૦૯-૨૦૧૪ |
| ૧૧ | ઉનો સુજેન પાવર પ્લાન્ટ | યુનીટ-૧ | ૦૭-૦૨-૨૦૧૪ |
| ૧૨ | ક્વાસ ગેસ પાવર પ્લાન્ટ | જીટી-૧ એ | ૧૫-૧૧-૨૦૧૪ |
| | | જીટી-૧ બી | ૧૬-૧૧-૨૦૧૪ |

| | | | |
|---|---|---|---|
| | | એસટીજી ૧ સી | ૧૬–૧૧–૨૦૧૪ |
| ૧૩ | ઝાનોર ગેસ પાવર પ્લાન્ટ | જીટી–૧ | ૦૩–૧૨–૨૦૧૪ |
| | | જીટી–૨ | ૦૩–૧૨–૨૦૧૪ |
| | | જીટી–૩ | ૦૭–૧૧–૨૦૧૪ |
| | | એસટીજી | ૦૩–૧૨–૨૦૧૪ |

---------

**રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા**

* ૧૩૯૭૮ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતામાં કેટલો વધારો કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા ૨૩૬૨૮ મે.વો. છે.

પરંપરાગત સ્ત્રોત – ૧૯૨૧૨ મે.વો.

બિન પરંપરાગત સ્ત્રોત – ૪૪૧૬ મે.વો.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વીજ ઉત્પાદન ક્ષમતામાં વર્ષવાર થયેલ વધારાની વિગત નીચે મુજબ છે.

| **ક્રમાંક** | **વીજ મથકો** | **વધારો (મે.વો.)** |
|---|---|---|
| | **વર્ષ ૨૦૧૩** | |
| ૧ | મુન્દ્રા યુ.એમ.પી.પી–કોસ્ટલ ગુજરાત પાવર લી. (યુનીટ–૪ અને ૫) | ૭૨૨ |
| ૨ | મૌડા સુપર થર્મલ પાવર સ્ટેશન (યુનીટ–૧) | ૧૨૦ |
| ૩ | વિંધ્યાચલ સુપર થર્મલ પાવર સ્ટેશન સ્ટેજ–૪ (યુનીટ–૧) | ૧૨૦ |
| ૪ | ઉકાઇ થર્મલ પાવર સ્ટેશન (યુનીટ–૬) | ૫૦૦ |
| | **કુલ** | **૧૪૬૨** |
| | **વર્ષ ૨૦૧૪** | |
| ૧ | મૌડા સુપર થર્મલ પાવર સ્ટેશન (યુનીટ–૨) | ૧૨૦ |
| ૨ | વિંધ્યાચલ સુપર થર્મલ પાવર સ્ટેશન સ્ટેજ–૪ (યુનીટ–૨) | ૧૨૦ |
| ૩ | જી.પી.પી.સી. પીપાવાવ પાવર પ્રોજેક્ટ | ૭૦૨ |
| | **કુલ** | **૯૪૨** |

---------

**ખેડા જિલ્લામાં એક્સપ્રેસ હાઇવે બનાવવા બાબત**

* ૧૪૭૨૮ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય ખાણ–ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં ખાણ ખનિજ દ્વારા એક્સપ્રેસ હાઇવે બનાવવામાં કુલ કેટલી માટી ખોદવાની મંજૂરી આપેલ છે, અને

(૨) તે અન્વયે ગૌચરની જમીનમાંથી આ માટી ખોદવાની પરવાનગી આપવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) કુલ ૪૦, ૦૦૦ મે.ટન માટી ખોદવાની મંજૂરી આપેલ છે.

(૨) ગૌચરની જમીનમાંથી માટી ખોદવાની પરવાનગી આપવામાં આવેલ નથી.

---------

**જામનગર જિલ્લામાં ખુલ્લા વીજવાયર તથા સપ્લાયના ખામી ભરેલા ઇલેક્ટ્રીક સાધનો**

* ૧૩૭૮૮ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં સને ૨૦૧૩ તથા ૨૦૧૪ ના વર્ષમાં ખુલ્લા વીજ વાયર તથા વીજ સપ્લાયના ખામી ભરેલા ઇલેક્ટ્રીક સાધનોને લીધે તેમજ વીજ તંત્રની બેદરકારીને કારણે કેટલા નાગરિકો અને પ્રાણીઓ મૃત્યુ પામ્યા અને

**જવાબ**

(૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત

ગંભીર રીતે ઈજાગ્રસ્ત બની અંગો ગુમાવ્યા,

થતા નથી. પરંતુ કુદરતી આફતો/આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકશાનના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. કેટલીકવાર વીજ પુરવઠાના સાધનો જેવા કે, ટ્રાન્સફોર્મર સેન્ટર અને ઈસ્યુલેટરમાં વરસાદ તથા અન્ય કારણોસર અર્થ લીકેજ થવાથી અને ડેમેજ થવાથી પણ અકસ્માતો થતા હોય છે.

જામનગર જિલ્લામાં, સને ૨૦૧૩ અને ૨૦૧૪ ના વર્ષમાં થયેલ અકસ્માતોની વિગતો આ સાથેના સામેલ **પત્રક–અ** મુજબ છે.

(૨) આ બાબતે પી.જી.વી.સી.એલ. તથા જેટકો કંપનીના કેટલા જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૨) સામાન્ય રીતે અકસ્માતોના આવા કિસ્સામાં કાબૂ બહારના આકસ્મિક સંજોગોમાં અકસ્માતો થયેલ હોઈ શિક્ષા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ છતાં, અકસ્માતોના આવા કિસ્સામાં પૂરતી તપાસ કર્યા બાદ, જવાબદારો સામે શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. ઉપરોક્ત અકસ્માતો બાબતે પી.જી.વી.સી.એલ. દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો નીચે મુજબ છે.

સને–૨૦૧૪: ભાણવડ પેટા વિભાગીય કચેરી હેઠળ તા.૦૭–૧૨–૨૦૧૪ ના રોજ થયેલ અકસ્માત સંદર્ભે નાયબ ઈજનેરને કારણ દર્શક નોટીસ પાઠવેલ છે.

(૩) ઉક્ત સમયગાળામાં બેદરકાર રહેલા કેટલા કર્મચારી/અધિકારીને કારણે થયેલ અકસ્માત સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી,

(૩) પોલીસ ફરીયાદ દાખલ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) અસરગ્રસ્તોને વળતર પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી બાકી છે, અને

(૪) (૧) નાગરિકોના અકસ્માતના કિસ્સામાં નામદાર સુપ્રિમ કોર્ટની માર્ગદર્શિકા (બાઈનંદા કેસ) મુજબ વળતરની રકમ ચુકવવામાં આવે છે.
(૨) પશ્ચિમ ગુજરાત વીજ વીતરણ કંપનીના કાર્યક્ષેત્રમાં, નાગરિકોના કુલ ૧૮(અઢાર) પ્રાણઘાતક કિસ્સાઓમાંથી ૩(ત્રણ) કિસ્સામાં કોર્ટ કેસ અને બાકીના ૧૫(પંદર) કેસોમાં અસરગ્રસ્તોના વારસદારો તરફથી જરૂરી અરજી/દસ્તાવેજી પુરાવા રજુ કર્યા ન હોવાથી, રજુ કર્યેથી જરૂરી ચકાસણી કર્યા બાદ વળતર ચુકવી આપવામાં આવશે.
(૩) જેટકોના કાર્યક્ષેત્રમાં, સને ૨૦૧૩ માં ૧(એક) પ્રાણઘાતક તથા સને ૨૦૧૪ માં ૧(એક) પ્રાણઘાતક કિસ્સાઓમાં અસરગ્રસ્તની પોતાની ભૂલને લીધે અકસ્માત થયેલ હોઈ, વળતર આપવાનું થતું નથી.
(૪) વળતરની ચુકવણીની વિગતો આ સાથે સામેલ **પત્રક ''બ''** મુજબ છે.

(૫) બાકી રહેલ વળતરની રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે ?

(૫) નામદાર કોર્ટના ચુકાદા તેમજ જરૂરી દસ્તાવેજો રજૂ કર્યેથી બાકી રકમની ચૂકવણી કરવામાં આવશે.

**પત્રક ''અ''**

| કંપની | વર્ષ | **કુદરતી આફતો/આકસ્મીક સંજોગોના કારણે વીજ વાયરને થયેલ નુકશાનને લીધે થયેલ વિજતંત્રના નેટવર્કમાં થયેલ પ્રાણઘાતક અકસ્માતો** | | **વીજતંત્રની બેદરકારીને લીધે થયેલ અકસ્માતો** | | **વિજતંત્રના વીજ સપ્લાયમાં ખામી ભરેલા ઈલેક્ટ્રીક સાધનોને લીધે થયેલ અકસ્માતો (અર્થ લીકેજ, ઈન્સ્યુલેટર ડેમેજ વિગેરે કારણોસર)** | | **વિજતંત્રના નેટવર્કમાં થયેલ કુલ અકસ્માતો** | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | **નાગરીકો** | **પ્રાણી** | **નાગરીકો** | **પ્રાણી** | **નાગરીકો** | **પ્રાણી** | **નાગરીકો** | **પ્રાણી** |

| | | પ્રાણ ઘાતક | બિન પ્રાણ ઘાતક | પ્રાણ ઘાતક | પ્રાણ ઘાતક | બિન પ્રાણ ઘાતક | પ્રાણ ઘાતક | પ્રાણ ઘાતક | બિન પ્રાણ ઘાતક | પ્રાણ ઘાતક | પ્રાણ ઘાતક | બિન પ્રાણ ઘાતક | પ્રાણ ઘાતક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પી.જી.વી.સી.એલ. | ૨૦૧૩ | ૧૧ | ૧૨ | ૨૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૧ | ૧૨ | ૨૬ |
| | ૨૦૧૪ | ૭ | ૯ | ૨૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૭ | ૯ | ૨૧ |
| જેટકો | ૨૦૧૩ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ |
| | ૨૦૧૪ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ |
| **કૂલ** | **૨૦૧૩** | **૧૨** | **૧૨** | **૨૬** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૧૨** | **૧૨** | **૨૬** |
| **કુલ** | **૨૦૧૪** | **૮** | **૧૦** | **૨૧** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૮** | **૧૦** | **૨૧** |
| | **કુલ** | **૨૦** | **૨૨** | **૪૭** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૨૦** | **૨૨** | **૪૭** |

**પત્રક ''બ''**

| **વર્ષ** | **પૂર્ણ વળતર પેટે ચૂકવેલ રકમ (રૂ.લાખમાં)** | | **૫૦% વળતર પેટે ચૂકવેલ રકમ (રૂ.લાખમાં)** | | **પ્રાણઘાતક અકસ્માતોના કિસ્સાઓમાં વળતર ચૂકવવા માટે બાકી અસરગ્રસ્તોની સંખ્યા** | |
|---|---|---|---|---|---|---|
| | **પ્રાણી** | **રકમ** | **પ્રાણી** | **રકમ** | **નાગરીક** | **પ્રાણી** |
| ૨૦૧૩ | ૧ | ૦.૦૮ | ૮ | ૦.૬૯ | ૧૨ | ૧૭ |
| ૨૦૧૪ | ૦ | ૦ | ૨ | ૦.૧૫ | ૮ | ૧૯ |
| **કુલ** | **૧** | **૦.૦૮** | **૧૦** | **૦.૮૪** | **૨૦** | **૩૬** |

---------

**અરવલ્લી જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણોની પડતર અરજીઓ**

* ૧૪૪૨૯ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા માટેની કેટલી અરજીઓ પડતર છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ખેડૂતોને ખેતી માટે વીજ કનેકશનો આપવામાં આવ્યા, અને

(૩) બાકીના ખેડૂતોને ક્યાં સુધીમાં વીજ કનેકશનો આપવામાં આવશે ?

**જવાબ**

(૧) અરવલ્લી જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણ મેળવવા માટેની ૧૧૨૬૯ અરજીઓ પડતર છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એટલે કે તા.૦૧-૦૨-૨૦૧૩ થી તા.૩૧-૦૧-૨૦૧૪ દરમિયાન ૩૪૮૧ તથા તા.૦૧-૦૨-૨૦૧૪ થી તા.૩૧-૦૧-૨૦૧૫ દરમિયાન ૪૨૬૮ કૃષિ વીજ જોડાણો આપવામાં આવ્યા.

(૩) કૃષિ વીજ જોડાણ, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવતા હોય છે. કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનારો બોજો ધ્યાને લઇને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે. તદ-અનુસાર તમામ પડતર અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરી શક્ય તેટલી ઝડપથી વીજ જોડાણ આપવાનું આયોજન છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

**પ્રશ્નોત્તરીમાં એક પ્રશ્ન માટે પાંચ મિનિટનો સમય રાખવા અંગે**

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓર્ડર છે. હું વિધાનસભાની નિયમોની બૂકના નિયમ ૮૯ તરફ આપનું ધ્યાન દોરવા માગું છું.

પૂરક પ્રશ્નોમાં નિયમ ૮૯ની અંદર જોગવાઇ છે કે કોઇપણ તારાંકિત પ્રશ્નનો જવાબ આપવામાં આવ્યા પછી કોઇપણ સભ્ય અધ્યક્ષશ્રી જેનું નામ પોકારે ત્યારે અપાઇ ચૂકેલ જવાબમાંથી કોઇપણ હકીકત પરત્વે વધુ સ્પષ્ટતા મેળવવા સારુ પૂરક પ્રશ્ન પૂછી શકશે. પરંતુ અધ્યક્ષને એમ લાગે કે

કોઇ પૂરક પ્રશ્નનું સ્વરૂપ ઉલટ તપાસ જેવું છે અથવા પ્રશ્નોને લાગતા નિયમોનું ઉલ્લંઘન કરે છે તો અધ્યક્ષ તે નામંજૂર કરી શકે. વધુમાં એમ પણ ઠરાવવામાં આવ્યું છે કે અધ્યક્ષ કોઇપણ પ્રશ્ન ઉપર પાંચ મિનિટ કરતાં વધારે સમય પૂછવા દેશે નહિ. વિધાનસભાના નિયમોની અંદર સ્પષ્ટપણે જોગવાઇ છે વરસોથી પ્રણાલિકાઓ ચાલી આવે છે. આજની પ્રશ્નોત્તરીના પ્રશ્ન ક્રમાંક–૧ની અંદર દસ મિનિટ સુધી પ્રશ્ન ચાલ્યો અને એના કારણે બીજા ધારાસભ્યશ્રીઓનો જે અધિકાર છે એના ઉપર તરાપ પડે છે. ગઇકાલે પ્રશ્નોત્તરીમાં દસ મિનિટ કરતાં વધારે સમય ફાળવવામાં આવેલ એના આગલા દિવસે એક અગત્યનો અમદાવાદનો કાયદો અને વ્યવસ્થાનો પ્રશ્ન હતો એ ચર્ચામાં ન આવે એટલા માટે પૂરક પ્રશ્નોનો મારો બોલાવીને તથા એનો મંત્રીશ્રીએ લાંબો લાંબો જવાબ આપીને સભ્યશ્રીના અધિકાર ઉપર તરાપ મારવામાં આવે છે. વિધાનસભાની પ્રણાલિકાઓ છે એનો સ્પષ્ટપણે ભંગ થાય છે ત્યારે આ નિયમોની જોગવાઇ ઉપર મેં પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો છે એના ઉપર આપનું માર્ગદર્શન મળે અને ભવિષ્યમાં એવી પ્રણાલિકા ન પડે એની તકેદારી રાખવા આપનું માર્ગદર્શન માગું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની વાત સાચી છે, પરંતુ કેટલાક પ્રશ્નો એવા હોય છે કે જેમાં વધારે માહિતી જરૂરી હોય. માનનીય સભ્યશ્રીઓ પોતાના વિસ્તારની માહિતી મેળવવા માગતા હોય દા.ત. ૧૧૬માં પહેલા જ દિવસે જેણે પ્રશ્ન પૂછયો હોય એ ધારાસભ્યશ્રીને તક આપીએ છીએ. કદાચ એકાદ પ્રશ્ન વધારે પૂછવા દઇએ છીએ. એ દિવસે એ મુદ્દો એવો હતો, ગુજરાતના હિતનો મુદ્દો હતો, અહીંયા ચર્ચા કરવા જેવો મુદ્દો હતો એટલે એમાં કોઇ નિયમોથી ઉપર જઇને દોઢ કલાક સુધી આ પ્રશ્ન ચર્ચાયો હતો, એટલે આ નિયમ બધી જ જગ્યાએ લાગુ કરીએ તો ન થાય. પ્રશ્નનું મહત્વ અને અગત્યતા કેટલી છે એ જોઇને માનનીય અધ્યક્ષશ્રી નિર્ણય કરે છે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, આમાં કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

શ્રી પંકજકુમાર વિ. દેસાઇ : તે દિવસે આઠ પૂરક પ્રશ્નો આપના સભ્યશ્રીઓએ પૂછયા હતા.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : એ વાત સાથે સહમત થઇ શકાય નહિ. મંત્રીશ્રીએ જે વાતનો ઉલ્લેખ કર્યો એ આખા રાજય માટે સ્વાઇનફલૂનો પ્રશ્ન હતો, ખૂબ જ ગંભીર મુદ્દો હતો, ચિંતાનો વિષય હતો. ભૂતકાળમાં આ ગૃહની પ્રણાલિકા હોય છે કે આવો સેન્સિટીવ મુદ્દો પ્રજાના હિતનો હોય ત્યારે અધ્યક્ષશ્રીએ સમય વધારે આપ્યો છે. જયારે આજની પ્રશ્નોત્તરીમાં એમ.આર.ઓ. પ્લેનની અંદર સગવડો કરી દીધી એ મહત્વનો મુદ્દો નહોતો. કદાચ તમારા માટે મહત્વનો હોઇ શકે. બાકી બીજો મહત્વનો મુદ્દો હતો નહીં. તેના કારણે વિધાનસભાના નિયમોમાં સ્પષ્ટ જોગવાઇ છે અને નવા નિયમો બનાવવામાં આવે તો અમને કોઇ વાંધો નથી. નિયમોનું પાલન થાય...

ઉપાધ્યક્ષશ્રી : આપે આપની રજૂઆત કરી દીધી છે. આપ બેસી જાવ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : આપનું સ્પષ્ટ રુલીંગ મળે તે માટે આશા રાખું છું. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : એ તમને લાગે છે. પ્રશ્ન પૂછવાવાળાને થોડું લાગે છે. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુંજાભાઇએ વિધાનસભાના નિયમોના નિયમ–૮૯ નીચે જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે. તેમણે અને માનનીય મંત્રીશ્રીએ જે વિચારો રજૂ કર્યા એમાં મારે પૂરક વાત કરવી છે કે વિધાનસભાની કાર્યવાહીમાં તારાંકિત પ્રશ્નોત્તરી એ વિધાનસભાનું હાર્દ છે અને તારાંકિત પ્રશ્નોત્તરીથી વિધાનસભામાં માનનીય સભ્યશ્રીઓ તેમના પ્રશ્નો રજૂ કરી સરકારનું ધ્યાન આકર્ષિત કરે અને તેના નિરાકરણ માટે થઇને અપેક્ષા રાખતા હોય છે. પ્રશ્નોત્તરીકાળમાં જે તારાંકિત પ્રશ્નો પૂછવામાં આવે છે તેની અંદર પણ વિધાનસભા પ્રાયોરિટી ડ્રો કરીને કુલ પ્રશ્નો પૈકી પાંચ મિનિટની એવરેજમાં વધુમાં વધુ માત્ર ૧૨ જેટલા પ્રશ્નો ચર્ચી શકીએ એવી જોગવાઇ છે. ત્યારે વિધાનસભાના નિયમોમાં જે જોગવાઇ કરી. મારે આપનું માર્ગદર્શન જોઇએ છે કે વધુ પ્રશ્નો પૂછી શકાય પણ વિસ્તૃત જવાબો આપવાની પદ્ધતિ ટૂંકા ગાળામાં ઉભી થઇ છે તેના ઉપર નિયંત્રણ લાવીએ. ટ્રેઝરી બેંચ જો વિસ્તૃત જવાબ આપવા માગતી હોય, એ જરૂરિયાત જણાતી હોય તો એ પાછળથી પણ ફલોર ઉપર મૂકી શકે છે. તો તારાંકિત પ્રશ્નોત્તરીમાં સભ્યોને મળેલા અધિકારનું રક્ષણ કરવું એ માટે આપની પાસેથી માર્ગદર્શન માગીએ છીએ.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે સભ્યશ્રીએ પ્રશ્નની વાત કરી કે આટલી મિનિટમાં ચર્ચવો જોઇએ. આજની પ્રશ્નોત્તરીની ચર્ચામાં જે કૃષિ વિષયના પ્રશ્નો હતા તે તમામ સભ્યને કયાંય ને કયાંય લાગતી વળગતી બાબત હોય તો તેનો ઇન્ટરેસ્ટ હોઇ શકે છે. આ ફ્લોરમાં હું ૧૯૯૫થી વિધાનસભામાં આવ્યો. આજે મેં સાંભળ્યું છે કે ૨૦૧૦થી ઉપરના એકેય ખેડૂતોના કનેકશન બાકી નથી. આજે સાંભળું છું. જે રીતે આ વિભાગની કામગીરી થઇ છે એ સાચી રીતે આજે ફ્લોર પર મૂકાઇ છે કે ખેડૂતોના કનેકશન માટે રાજય સરકારે જે ચિંતા કરી છે અને આજે સભ્યશ્રીને જવાબ મળ્યો છે. ખરેખર સાચો જવાબ ફ્લોર ઉપર મૂકાયો છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પુંજાભાઇ વંશે જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે. અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોમાં પાના નં. ૬૩, પ્રશ્ન–૩૮માં બહુ કલીયર લખેલું છે કે પ્રશ્નનો જવાબ વધારે માહિતી અને વિગતો હોય તો તે ટેબલ ઉપર મૂકવાની રહેશે. ભૂતકાળની અંદર ગુજરાત વિધાનસભાના ચર્ચા પુસ્તક–૧૫૧, ૨૦૧૦માં લખેલું છે. પરમદિવસે ગ્યાસુદીનભાઇ શેખનો અમદાવાદ શહેરમાં બળાત્કારના ૧૦૦ કિસ્સાઓ બન્યા એ પ્રશ્નની ચર્ચા વિધાનસભા ગૃહમાં ન થઇ શકે માટે ઘેંટા–બકરાં અને ગધેડાને કેટલી રસીઓ પીવડાવવામાં આવી એનો જવાબ માનનીય મંત્રીશ્રીએ ૨૦ મિનિટ સુધી આપ્યો. આ સરકાર માટે મહિલા પર થતો બળાત્કાર એ અગત્યનો ન હતો પણ ગધેડા–ઘોડાને કેટલી રસીઓ પીવડાવી એ મહત્વનું હતું. એ પોઇન્ટ ઓફ ઓર્ડરના આધારે..(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ બેસી જાવ. આપનું આવી ગયું. અધ્યક્ષશ્રીના અગાઉના રુલીંગ મુજબ કોઇપણ મંત્રીશ્રી વધારાની માહિતી હોય તો એ ટેબલ ઉપર મૂકી શકે છે.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ એ છે કે, કોઇપણ પ્રશ્ન ચર્ચાય એમાં સભ્યની લાગણી થવી જોઇએ. હું થોડા સમયથી જોઉં છું. બનને પક્ષે એમના ગમતા પ્રશ્નની અંદર વધારે સમય લેતા હોય છે. એમાં વિરોધપક્ષ હોય તો એ પણ વધારે સમય લે છે અને ટ્રેઝરી બેન્ચ અને સત્તાધારી પક્ષનો એવો પ્રશ્ન હોય તો એ વધારે સમય લેતા હોય છે. એની અંદર આપણે બધા લોકોએ એવું નક્કી કરવું જોઇએ કે, પ્રશ્ન ઉપરની ચર્ચામાં પાંચ મિનિટ થાય એટલે આગળ વધવું જોઇએ. એ જ આનો વિકલ્પ છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે કે, આ પ્રશ્નોત્તરી કાળમાં ક્યા પ્રશ્નને કેટલો વખત આપવો એ માનનીય અધ્યક્ષશ્રીના પોતાના અધિકારની વસ્તુ છે, અધ્યક્ષશ્રી પોતે નક્કી કરી શકે છે. અધ્યક્ષશ્રીએ કેવી રીતે કામ કરવું એ માનનીય સભ્યશ્રી ઠરાવી નહીં શકે એટલા માટે તેમનો આ પોઇન્ટ ઓફ ઓર્ડર યોગ્ય નથી.

ઉપાધ્યક્ષશ્રી : પુંજાભાઇ બેસો, દરેક સભ્યની રજૂઆતની વિરુદ્ધમાં કાઉન્ટર રિપ્લાય નહીં આપી શકો. આપ બેસો, પ્લીઝ, સીટ ડાઉન. શ્રી બાબુભાઇ.

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નમાં એવી રજૂઆત કરવામાં આવી કે, તમે પ્રશ્નનો જવાબ બહુ લાંબો આપો છો. તો મારે જણાવવું છે કે, મારા પહેલા પ્રશ્નમાં એવું પૂછ્યું હતું કે, તાલુકાવાર અને પશુવાર માહિતી આપો. ત્યારે વિરોધપક્ષના સભ્યોને કોઇ વાંધો નહોતો. મારા બીજા પ્રશ્નમાં પેટા પ્રશ્ન પણ નહોતો, મારો મૂળ પ્રશ્ન હતો. એની અંદર જે પ્રશ્ન પૂછ્યો હતો એમાં તાલુકાવાર અને પશુવાર માહિતી માગી હતી અને એ પ્રમાણે મેં જવાબ આપ્યો છે. આપ રેકર્ડ ઉપરથી જોઇ શકો છો.

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં જે શૈલેષભાઇએ વાત કરી છે કે, આઠમો પ્રશ્ન મહિલાઓ ઉપરના બળાત્કારનો હતો એની ચર્ચા ન થાય એટલા માટે છ નંબરના પ્રશ્ન ઉપર વધુ ચર્ચા કરવામાં આવી. છ નંબરનો પ્રશ્ન એક જ જાતનો સેઇમ પ્રશ્ન હતો એની અહીં બરાબર ચર્ચા થઇ હતી અને એ જ ટાઇપનો આઠમા નંબરનો પ્રશ્ન હતો. ફક્ત જિલ્લો અલગ હતો. હવે જ્યારે એક પ્રશ્નમાં ચર્ચા થઇ ગઇ હોય તો બીજા પ્રશ્નમાં વિષય આવતો નથી. એમાં બીજો કોઇ વિષય આવતો નહોતો અને જે રીતે કચ્છની અંદર પશુપાલન મુખ્ય ધંધો છે એની જે રીતે ચર્ચા કરી છે અને જવાબ આપ્યો છે એમાં આટલું બધું ઓબ્જેકશન લેવાનો પ્રશ્ન નથી.

ઉપાધ્યક્ષશ્રી : હું રુલિંગ આપું છું. બેસી જાઓ. હું મારું રુલિંગ આપું છું. પુંજાભાઇ, બેસી જાઓ.

તમને સાંભળી લીધા છે. આપે રજૂઆત કરી દીધી છે. તમારે કેટલીવાર બોલવાનું? તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર સાંભળી લીધો છે, આપે રજૂઆત કરી દીધી છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : પ્રદિપભાઇએ જે વાત કરી કે, સભ્યને એવો કોઇ અધિકાર રહેતો નથી, સ્પીકર છે એ ફાઇનલ ઓથોરિટી છે. અધ્યક્ષ છે એ ગૃહના સર્વોપરી છે. અધ્યક્ષ હોવા છતાં પણ તેમણે ગુજરાત વિધાનસભાના નિયમો પ્રમાણે ગૃહ ચલાવવાનું હોય છે. છતાં પણ અધ્યક્ષને કોઇ જગ્યાએ વ્યવસ્થિત લાગે તો એ સમયમાં નાનોમોટો ફેરફાર કરી શકે એ અધ્યક્ષનો અધિકાર છે. અધ્યક્ષને અધિકાર છે અને પ્રદિપસિંહજીએ જે વાત કરી છે એ સંપૂર્ણપણે *(xxxxxx) છે.

ઉપાધ્યક્ષશ્રી : હું આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરુ છું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : હું રૂલિંગ ઉપર ધ્યાન દોરવા માગુ છું. અગાઉના અધ્યક્ષશ્રીએ જે અગત્યના નિર્ણયો આપ્યા છે એના રૂલિંગ ઉપર હું આપનું ધ્યાન દોરવા માગુ છું. આ સભાગૃહનું ધ્યાન દોરવા માગુ છું. માનનીય અશોકભાઇ ભટ્ટ અધ્યક્ષ તરીકે હતા એમણે રૂલિંગ આપ્યું એગ્રીકલ્ચર સેકટરના એમ.ઓ.યુ. કરવાના પ્રશ્નના સંદર્ભમાં બંન્ને પક્ષના સાતથી વધુ સભ્યોએ પૂરક પ્રશ્નો પૂછયા હતા. જયારે ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ આપવાના પ્રશ્નમાં બારથી પણ વધારે સભ્યશ્રીઓએ પૂરક પ્રશ્નો પૂછયા હતા. આ કારણોસર આજે ફકત ત્રણ પ્રશ્નોની ચર્ચામાં લાંબો સમય ગયો હતો. સભ્યો મારફત પૂછાતા પ્રશ્નો જો ટૂંકા અને પીનપોઇન્ટેડ હોય તો મંત્રીશ્રીએ લાંબો જવાબ આપવો ન પડે, પરંતુ સભ્યશ્રીઓ ટૂંકા અને પીનોઇન્ટ પ્રશ્નો પૂછતા નથી હોતા અને તેના પરિણામે મંત્રીશ્રી લાંબો જવાબ આપે તો ફરિયાદ કરતા હોય છે. (અંતરાય) આખો નિર્ણય વાંચવા તો દો, આ પરિસ્થિતિ નિર્માણ ન પામે એટલા માટે દરેક સભ્યશ્રીઓને વિનંતી છે કે તેઓ પોતાના પ્રશ્નો તેમજ મૂળ પ્રશ્નમાંથી ઉદ્ભવતો પૂરક પ્રશ્ન ટૂંકો અને મુદ્દાસર પૂછે અને મંત્રીશ્રીઓ પણ તેનો જવાબ એટલા જ મુદ્દાસર આપે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારે અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણય ૨૦૦૮ થી ૨૦૧૨ દરમિયાન, એમણે મારો ઉલ્લેખ કરીને કહ્યું છે એટલે મારે કહેવું છે પાના નંબર-૬૮ના જરમાં પ્રશ્નકાળના સંચાલન માટેની કાર્યશૈલી નકકી કરવાનો અધ્યક્ષશ્રીનો અધિકાર છે. પ્રશ્ન પૂછવા માગતા સભ્યશ્રી હાથ ઉંચો કરીને પણ અધ્યક્ષશ્રીનું ધ્યાન દોરી શકે છે. સભાગૃહના સંચાલન માટેની કાર્યશૈલી નકકી કરવાનો એ અધ્યક્ષશ્રીનો અધિકાર છે.

ઉપાધ્યક્ષશ્રી : આજ રોજ વિધાનસભાના સભ્યશ્રી પુંજાભાઇ વંશે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને પ્રશ્નના જવાબમાં કેટલો સમય જાય એ મુદ્દો ઉઠાવ્યો છે. હું આ ગૃહનું ધ્યાન દોરું છું કે માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશનો આ પહેલો પ્રશ્ન નથી. આપણે પ્રશ્ન પૂછીએ છીએ પછી એમાં અધ્યક્ષે આપેલા રૂલિંગને જો ધ્યાને રાખીએ તો હું એમ માનું આવો પ્રશ્ન ઉપસ્થિત થાય નહીં. આ પ્રકારનો એક પ્રશ્ન માનનીય સદસ્યશ્રીએ બીજી માર્ચ ૨૦૦૭ના રોજ આ જ પ્રકારનો વિષય લઈને ઉઠાવ્યો હતો અને એના અનુસંધાનમાં એ પોઇન્ટ ઓફ ઓર્ડરનું રૂલિંગ ૧૪-૩-૨૦૦૭ના રોજ જે તે વખતના માનનીય અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઇ પટેલે આપ્યું હતું અને એમાં કલીયર છે, હું બીજા બધા મુદ્દાની છણાવટ કરતો નથી. આપ એમાં વાંચી લેજો, મેં સાઇટ કર્યુ છે હું ફકત એટલું કહીશ કે વિધાનસભાના નિયમ ૫૬ હેઠળ કોઇપણ બાબતના નિયમના સંબંધમાં અધ્યક્ષને સર્વસામાન્ય અધિકારો પ્રાપ્ત થયેલા છે. જયારે કોઇ મહત્વના પ્રશ્ન પાછળ પાંચ મીનીટ કરતા વધુ સમય ફાળવવાનું અધ્યક્ષના સ્વવિવેકને આધીન છે, અને તેની સામે કોઇ સભ્ય વાંધો લઇ શકે નહીં. એટલે પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. અને એટલા માટે મેં કહ્યું એ પ્રમાણે આપણે ઘણી વખત પૂછીએ એમાં ધ્યાન આપો.

શ્રી શૈલેષ મ. પરમાર : આમાં તમારા અધિકારની વાત જ નથી આવતી. (અંતરાય )

ઉપાધ્યક્ષશ્રી : હવે તમે બેસી જાવ. શૈલેષભાઇ બેસી જાઓ.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા.

સરકારી વિધેયક

**દાખલ કરવાનું તથા પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેનું વિધેયક**

**સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૬**

**ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૫**

**ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિકેયક**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૬–સન ૨૦૧૫નાગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૬–સન ૨૦૧૫ના ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વધારેમાં વધારે ક્વોલિટી બેઝ એજ્યુકેશન ભાવિ પેઢીને આપણે આપી શકીએ અને એ અત્યારના યુગમાં એટલા માટે જરૂરી છે કે હવે આપણી હરિફાઇ કોઇ જિલ્લા, કોઇ રાજ્ય કે આંતરદેશીય હરિફાઇ નથી. પણ આપણી હરિફાઇ આંતરરાષ્ટ્રીય હરિફાઇ થવાની છે અને એ આંતરરાષ્ટ્રીય હરિફાઇમાં આપણો યુવાન ટકી શકે એટલું જ નહીં પરંતુ હરિફાઇમાં જીતી શકે એનું ધ્યાન રાખીને અને એ હરિફાઇ ઉદ્યોગની હોય, કૃષિની હોય કે શિક્ષણની હોય, એમાં સફળતા મેળવવા માટે રાજ્યમાં વધારેમાં વધારે ઉચ્ચ શિક્ષણની સુવિધાઓ મળે. રાજ્ય સરકાર દ્વારા પણ રાજ્ય સરકારની મર્યાદાઓમાં રહીને નવી નવી યુનિવર્સિટીઓની સ્થાપના કરે છે. બે દિવસ પહેલાં જ બજેટમાં માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ બે યુનિવર્સિટીઓ આપી. વિદ્યાર્થીઓને વધારે તક આપવા માટેની વ્યવસ્થાઓ જ્યાં સુધી શિક્ષણમાં રોકાણ ન થાય અને એવી સંસ્થાઓ દ્વારા રોકાણ થાય કે જે વર્ષોથી મૂલ્યનિષ્ઠ પ્રમાણિકતાથી જાહેર જીવનમાં શૈક્ષણિક ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ હોય, એને ધ્યાનમાં રાખીને આદરણીય નરેન્દ્રભાઇએ ૨૦૦૯માં ખાનગી યુનિવર્સિટી વિધેયક લાવીને આની શરૂઆત કરી. એ પહેલાં ૬ યુનિવર્સિટીઓને મંજૂરી આપી હતી અને એ પછીથી આજ સુધી ૧૫ ખાનગી યુનિવર્સિટીઓની સ્થાપના થઇ છે. આજે હું ૧૬મી એવી યુનિવર્સિટી લઇને આ સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યો છું. ઉચ્ચ શિક્ષણને વધારે મહત્વ આપવા માટેની વિચરણા વર્ષોથી થઇ હતી. અનેક કમિશનોની રચના થઇ હતી. કેન્દ્ર સરકાર દ્વારા ૧૯૬૬માં એક કોઠારી કમિશનની રચના થઇ અને ગ્રોસ નેશનલ પ્રોડક્ટ ૬ ટકા સુધી પહોંચે એવી ભલામણ આ કમિટિએ આપી. પણ જ્યારે રીવ્યુ થયો અને ૧૯૮૬ સુધીમાં કરવાનું હતું પણ ૨૦૦૧–૦૨ સુધી પણ ૩ ટકાથી વધી ન શક્યા. એ સંજોગોમાં આદરણીય નરેન્દ્રભાઇએ એમની દીર્ઘદ્રષ્ટિનો ઉપયોગ કરીને કે આગામી દિવસોમાં ગુજરાતને આપણે ક્યાં લઇ જવાનું છે તે ધ્યાને લઇ સરકારની સાથોસાથ ખાનગી રોકાણકારોને પ્રોત્સાહન આપીને એ પણ હરિફાઇ કરે, સરકારની સાથે, એક યુનિવર્સિટી બીજી યુનિવર્સિટી સાથે હરિફાઇ કરે અને શ્રેષ્ઠ હાયર એજ્યુકેશન ભાવિ પેઢીને મળે એના માટેનું આયોજન અને એના ભાગરૂપે હું આ બિલ લઇને આવ્યો છું. આવતો સમય એ સાયન્સ અને ટેકનોલોજી, એન્જિનિયરીંગ, મેડિસિન અને ઇનોવેશનનો સમય છે. રાજ્ય સરકાર આ બધું આપે છે. પરંતુ સમાજમાં એવી કેટલીક સંસ્થાઓ છે કે જે વિશ્વમાં આ જ કામ ખૂબ સુંદર રીતે કરે છે તો એને તક ના આપવી જોઇએ?

* વિધેયક તાઃ ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

એને તક આપવા માટે અને આ કામગીરીનો પ્રભાવ આ ૨૧મી સદીમાં શું છે એ મારે સન્માનનીય સભાગૃહને એ જણાવવું છે.

એક સંશોધન પ્રમાણે વિશ્વની કામ કરતી વસ્તીના ૪% લોકો આ કામ કરે છે. વિશ્વમાં સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ, મેડિસીન ઇનોવેશનનું કામ કરે છે. પરંતુ આ ૪% લોકો વિશ્વના ૮૦% GDP નું ઉત્પાદન કરે છે પણ આ કામથી એ સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ, મેડિસીન ઇનોવેશનના કામથી એટલે કે વિશ્વમાં કામ કરતા ૪% લોકો જે ઉપરોક્ત પાંચ ક્ષેત્રોમાં કામ કરે છે એમની આવક અન્ય ક્ષેત્રોમાં કામ કરતા ૯૬% લોકોથી વધારે છે. મતલબ એ થયો કે જ્યારે વિશ્વની આ પરિસ્થિતિ હોય ત્યારે ગુજરાત કેમ પાછળ રહી જાય? અને હું નરેન્દ્રભાઇને યાદ કરીને ધન્યવાદ આપું છું એમની દીર્ઘદ્રષ્ટિને. એમણે જે તે વખતે કેટલી સુંદર કામગીરી કરીને પ્રાઇવેટ યુનિવર્સિટીઓને માન્યતા આપીને આપણા વિદ્યાર્થીઓને તક આપી. ધીરૂભાઇ યુનિવર્સિટી અમદાવાદ, નિરમા, સેન્ટ્રર ફોર અન્વાયરમેન્ટ, ધરમશીભાઇ દેસાઇ, ગણપત, કડી આ બધી શ્રેષ્ઠ પુરવાર થઇ છે. આટલા વર્ષો પછી પણ ત્યાં એડમિશન માટે લાઇન અને હરિફાઇ ચાલે છે. દરેક યુનિવર્સિટી એકબીજાથી ચઢીયાતી પુરવાર થઇ છે. શ્રેષ્ઠ શિક્ષણ અને મેં કહ્યું તેમ પેલા પાંચ સેકટરમાં અને એના કારણે આજે ખૂબજ આ દિશાની અંદર આપણને વ્યાપક તક છે. આની સાથે સાથે સમગ્ર દેશ અને રાજ્યમાં ૧૮ થી ૨૩ની ઉંમરના વિદ્યાર્થી જેને GE R કહેવાય છે કે Gross Environment Ratio એ GER માં કેટલે જાય છે? નરેન્દ્રભાઇની આ દીર્ઘદ્રષ્ટિને કારણે જ જે GER ૮% હતો. પરંતુ રાજ્ય સરકારની યુનિવર્સિટીઓ અને આવી ખાનગી યુનિવર્સિટીઓ બન્નેની હરિફાઇ ચાલી, પ્રોત્સાહન. આજે મને કહેતા આનંદ થાય છે કે ગુજરાતનો GER આજે ૧૮% છે. જે ૮% હતો એ આજે આ બધી જ યુનિવર્સિટીઓનું રાજ્ય સરકાર screening કરે છે. દરખાસ્ત આવે અને મંજૂર કરીએ એવું નથી. પરંતુ ત્યાં શું કામ કર્યુ છે? એમના પરિણામો કેવા આવ્યાં છે? એમના વિદ્યાર્થીઓને placement કેવા મળ્યા છે? અમારા અધિકારીઓ એ બધી બાબતોની ચકાસણી કર્યા પછી અમે એ યુનિવર્સિટીને માન્યતા આપીએ છીએ અને આજે વૈશ્વિક હરીફાઇમાં ટકી રહેવું હશે તો એ ખૂબ જ રૂરી છે. ગયા મહિનાની ૧૯ થી ૨૩ હું અને અમારા ACS અરવિંદ અગ્રવાલ Education World Forum માં લંડન ગયા. ત્યાં પણ quality education ની ચર્ચા. teacher’s education ની ચર્ચા અને એક મુદ્દો તો એવો આવ્યો કે can we afford investment in education? આપણને પોષાય? શિક્ષણમાં મતમતાંતર હતા તો કોઇએ કહ્યું કે, can we afford not improving education? બરાબર છે ને ? બધા જ લોકો એ વાત સાથે સંમત થયા કે, We can not afford, not Improving the education. આપણને શિક્ષણની ગુણવત્તા સુધારવાનું નહીં કરવું એ ન પોષાય અને એટલા જ માટે શિક્ષણની ગુણવત્તા વધે એટલા માટેના આશય સાથે રાજ્યમાં અત્યાર સુધીમાં જે યુનિવર્સિટીઓ આવી છે એમાં એક યુનિવર્સિટીનો ઉમેરો આજે કરું છું અને કેવી યુનિવર્સિટી છે માનનીય અધ્યક્ષશ્રી? એ સૂચિતનું નામ છે, “ જી.એલ.એસ. યુનિવર્સિટી ”, ગુજરાત લો સોસાયટી.

માનનીય અધ્યક્ષશ્રી, હું વારંવાર કહું છું કે, અમે સ્કુટીની કરીએ છીએ અને શ્રેષ્ઠ યુનિવર્સિટીનું રિઝલ્ટ આપી શકે એના માટે જ અમે કામ કરીએ છીએ. આ સંસ્થા જેની સ્થાપના ૧૯૨૭માં થઇ હતી. લોખંડી પુરુષ એવા સરદાર વલ્લભભાઇ પટેલના ચેરમેન પદે આજે જે સંસ્થાને હું યુનિવર્સિટી તરીકે લઇને આવ્યો છું, એ સંસ્થાની સ્થાપના ૧૯૨૭માં સરદાર સાહેબના ચેરમેન પદે થઇ હતી. ત્યારબાદ એનું નેતૃત્વ લોકસભાના પ્રથમ સ્પીકર શ્રી ગણેશ માવલંકરે કર્યું, ત્યાર પછી કસ્તુરભાઇ લાલભાઇએ કર્યું અને પછી આઇ.એમ.નાણાવટી જેવા લબ્ધ પ્રતિષ્ઠિત વ્યક્તિઓના હસ્તે આ સંસ્થા, જેની પાસે આઠ જેટલી કોલેજો છે અને એ આઠે–આઠ કોલેજો અલગ અલગ ક્ષેત્રની અંદર ખૂબ સુંદર કામગીરી કરે છે. આ બધી જ કામગીરીની અમે ચકાસણી કરી છે અને એ ચકાસણી કર્યા બાદ જ હું આ બિલ લઇને આવ્યો છું.

મેં અગાઉ કહ્યું ને કે, અત્યાર સુધીમાં આ ૧૬મી યુનિવર્સિટી છે. એ સિવાય પણ માનનીય નરેન્દ્રભાઇએ જે સ્ટેટ યુનિવર્સિટી તરીકે અલગ અલગ વિષયને ધ્યાનમાં રાખીને ચિલ્ડ્રન યુનિવર્સિટી, ટિચર્સ યુનિવર્સિટી, સ્પોર્ટસ યુનિવર્સિટી, યોગ યુનિવર્સિટી. માનનીય અધ્યક્ષશ્રી, કોઇને વિચાર ન આવે કે, યોગ

યુનિવર્સિટી હોય, ટિચર્સ યુનિવર્સિટી હોય ચિલ્ડ્રન યુનિવર્સિટી હોય? બાળકના ગર્ભમાં રહ્યાથી જન્મથી ૧૮ વર્ષ સુધી એનો અભ્યાસ કરનારી યુનિવર્સિટી એટલે ચિલ્ડ્રન યુનિવર્સિટી. આજ કાલ જે સમસ્યાઓ અને પ્રશ્નો પેદા થાય છે, બાળકની માનસિકતા, નાપાસ થાય એટલે આપઘાત કરે, એક સમસ્યા છે આજે આ સમાજની. શ્રી નરેન્દ્રભાઇએ નક્કી કર્યું કે, આનો ઉપાય શું ? તો બધા ધર્મ શાસ્ત્રોમાં કહ્યું છે, ધર્મ સંસ્કરણનું એક શાસ્ત્ર છે. આ ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં છેલ્લા ચાર–પાંચ વર્ષોથી આનો અભ્યાસ કરવામાં આવે છે અને સફળ પ્રયોગો. એટલે રાજ્ય સરકાર જે જે યુનિવર્સિટીમાં આગળ વધી છે અને એ મંજૂરી આપી છે, બધી યુનિવર્સિટીએ આ રાજ્યમાં વિદ્યાર્થીઓને પૂરતી તક આપી છે અને એ તક આપ્યા પછી શ્રેષ્ઠ પુરવાર થઇ છે અને આ દિશામાં માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર પણ રોકાણ કરવામાં કાંઇ પાછી પાની નથી કરતી. ૨૦૦૮–૦૯માં બજેટમાં ૬,૩૩૦ કરોડ રૂપિયાની જોગવાઇ હતી. આજે મારે ખૂબ આનંદ અને ગૌરવ સાથે કહેવું પડે છે, ૨૦૦૮–૦૯ એટલે હમણાં જ માનનીય અધ્યક્ષશ્રી, ૬,૩૩૦ હતી, આજે ૨૨,૭૮૭ કરોડની જોગવાઇ. એટલે રાજ્ય સરકાર પ્રાથમિકથી લઇને, માધ્યમિકથી લઇને, ઉચ્ચ માધ્યમિકથી લઇને, હાયર અને ટેકનોલોજી, ગુજરાતો વિદ્યાર્થી એ દેશ નહીં પરંતુ વિશ્વમાં હરિફાઇ કરી શકે અને સફળ થઇ શકે પરંતુ એને ભણવા માટેની તક, આપણને બધાને ખબર છે કે, હજુ પાંચ–સાત જ વર્ષ પહેલાં આપણા સમાજના બાળકોને રાજ્ય બહાર જવું પડતું હતું. કારણ કે, એ વ્યવસ્થા નહતી અને વધારે પૈસા ચૂકવવા પડતા હતા, આર્થિક બોજો સહન કરવો પડતો હતો. એના બદલે આજે વિદ્યાર્થીને જે ફેકલ્ટીમાં અભ્યાસ કરવાની ઇચ્છા હોય, એ તમામે તમામ ગયા સત્રની અંદર લઇને હું આવ્યો હતો. ટીમલીઝ યુનિવર્સિટી લઇને હું આવ્યો હતો એ સ્કીલ યુનિવર્સિટી. આપણે અત્યાર સુધી નોલેજ આપીએ છીએ પણ સ્કીલ નથી આપતા. આ યુનિવર્સિટી નોલેજ પણ આપે અને સ્કીલ પણ આપે એટલે વિદ્યાર્થીઓને એક જગ્યાએ નોલેજ લેવા જવું પડે અને એક જગ્યાએ સ્કીલ લેવા જવું પડે એવું નહીં પરંતુ ત્યાંજ નોલેજ પણ મળે અને સ્કીલ પણ મળે. ગુજરાતના વિદ્યાર્થીઓને અહીંયા શ્રેષ્ઠતમ હાયર એજયુકેશનની સગવડતા પૂરી પાડવા માટેનો રાજય સરકારનો આ પ્રયાસ છે. મારી આપ સૌને વિનંતી છે. માનનીય અધ્યક્ષશ્રી, આઠ કોલેજો છે એમાં મેં જે કહી એ બધા જ પ્રકારની ફેકલ્ટીઓની વ્યવસ્થા કરવામાં આવશે. આગામી દિવસોની અંદર હું જે વિનંતી કરતો હતો કે આ બિલને રાજયના હિત, રાજયના વિકાસની દ્રષ્ટિએ તમે જોજો. તમે સૂચન કરશો તો હું સ્વીકારી લઇશ પણ આના ઉપર કોઇ રાજયકીય અવલોકન ન થાય, આ રાજયના હિતનો સવાલ છે એ ૧૯૨૭માં સરદાર પટેલના અધ્યક્ષપણા નીચે સ્થપાયેલી સંસ્થા આજે વધારે કામ કરવા માટે યુનિવર્સિટી બનાવવામાં આવે એનો કોઇ વિરોધ ન કરે, સૂચન કરે અને સર્વાનુમતે આ ગૃહ મારું બિલ પસાર કરે એવી હું આપ સૌને વિનંતી કરું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એમણે માત્ર ગુજરાતનું નહીં પણ સમગ્ર વિશ્વનું અને આજની પરિસ્થિતિ વિશેનું આ બિલ ઉપર વર્ણન કર્યું છે. માટે ખાસ કરીને મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે ચોકકસ ગુજરાતનો વિકાસ થાય, ગુજરાતના લોકો આગળ વધે, એમાં અમને બધાને ગૌરવ હોય. અમને બધાને એમ થાય કે ગુજરાતનો એક માણસ એ સમગ્ર વિશ્વમાં કોઇપણ ખુણામાં જાય, એ ગૌરવવંતો બને એવો અમારો હંમેશા પ્રયત્ન રહયો છે. જે પ્રમાણે દિનપ્રતિદિન ખાનગી યુનિવર્સીટીઓ તરફ આપણે જઇ રહ્યા છીએ એ ખરેખર ચિંતા કરવાનો જબરજસ્ત વિષય છે. આજે આપણે શિક્ષણ ક્ષેત્રે કયાં છીએ, ગુજરાતમાં શિક્ષણની શું પરિસ્થિતિ છે. હું એવા એક વિસ્તારમાંથી આવું છું કે અમુક ગામડાંઓમાં આજે પણ આઠમા ધોરણ પછી બીજે કયાંય નથી જઇ શકતા. એવી પરિસ્થિતિ ગુજરાતના બીજા કેટલાય ગામડાંઓમાં છે. તો માની લો કે પ્રાઇવેટ ટ્રસ્ટો ગામવાળા બધા ભેગા થઇને કરે તો પણ ના ચલાવી શકે એવી સ્થિતિ આજે ગુજરાતમાં છે. આપણે ચોકકસ મોટી બધી જ વાતો કરીએ પણ જે પાયો છે પાંચ પચ્ચીસ લોકોને ફાયદો થાય અને અનેક લોકોનું એના તરફ ધ્યાન ના દોરાય તો આપણા માટે બહુ તકલીફવાળી વાત છે. જે રીતે શિક્ષણની વાત થાય આપણને ચોકકસ થાય કે આજનો જમાનો ૨૧ મી સદીનો એ ઇન્ફર્મેશન ટેકનોલોજીનો જમાનો છે. ગુજરાત સરકાર એની અંદર જે રીતે પ્રયત્ન કરે ભૂતકાળની જે સરકારો આવી અને બધાએ કંઇકને કંઇક અંશે પ્રયત્ન કર્યો માટે આપણે અહીંયા

આગળ બેસી શકયા છીએ. ભણી ગણી અને આ ગુજરાત આપણે ચલાવી શકીએ છીએ. જે લોકોને તક મળી છે એ લોકો પણ શિક્ષણક્ષેત્રે કંઇક સારું કરે અમેં હંમેશા શિક્ષણ હોય, આરોગ્ય હોય એ બધામાં સંમત થતા હોઇએ છીએ. માનનીય મંત્રીશ્રી જે રીતે બિલ લઇને આવ્યા છે ભૂતકાળમાં આપણા અધ્યક્ષશ્રીઓના ઘણાબધા નિર્ણયોમાં પણ એમ કહેવામાં આવ્યું છે કે આપણે કોઇપણ બિલ લાવતા હોઇએ ત્યારે બિલની અંદર ચોકકસપણે કહેતા હોઇએ છીએ કે એની જે ચકાસણી થાય. આજે બિલમાં સ્પષ્ટ લખ્યું છે કે અમે આની ચકાસણી કરી છે. આજે ચકાસણી સમિતિ આજે મારે જોવી હોય કે એમાં શું ચકાસણી થઇ છે. એની આજે મારી પાસે માહિતી નથી. રાજય સરકારને ખાતરી થઇ ગઇ. રાજય સરકારને બધા જ જયારે આટલા સભ્યો બેઠા છે. ભૂતકાળમાં આ બાબતમાં સરકારશ્રીનું ધ્યાન દોરવામાં આવેલ છે કે આવી કોઇપણ વસ્તુ હોય તો ચોક્કસપણે આ બધી વસ્તુઓની માહિતી રહે એવા અનેક આપેલ છે. હું માનનીય મંત્રીશ્રી સાથે એક વાત પર સંમત છું જેટલી યુનિવર્સિટીઓ ૧૫ જે આજે વાંચી છે, અનુભવી છે, જોઇ છે. આ જે સંસ્થા પ્રત્યે મને ચોક્કસપણે માન છે. સરદાર વલ્લભભાઇ પટેલથી માંડીને મેં પણ યુનિવર્સિટી માટે અને કોલેજ માટે જાતે નિરીક્ષણ કરી અને ઘણી બધી વખત જોયું છે. મને ચિંતા સતાવે છે કે આપણે વિશ્વમાં જે રીતે યુનિવર્સિટી પર્સનલ થાય અને ત્યાં આગળ ફાયદો શું? તો બીજી યુનિવર્સિટી પાસે ફી ધારા ધોરણ નક્કી કરવા હોય તેની અંદર કદાચ આપણે પૂછવાનું ન રહે. કદાચ એવું થઇ શકે કાયદા ન લાગે, પણ વિદ્યાર્થી માટે આજનો જમાનો ચિંતન કરવાની જરૂર છે. એ ભણી ગણીને યુનિવર્સિટીમાં રહેશે, કયાંક કોઇક કહેશે એ જ યુનિવર્સિટી છે, એને કોઇ જાણતું નથી, અનુભવતું પણ નથી. ભૂતકાળમાં પણ એવી યુનિવર્સિટીના બિલો આપણે આપી ચૂક્યા છીએ. જેની શરૂઆત ૨-૩ વર્ષથી થઇ હોય એની પણ યુનિવર્સિટી બનાવી છે. જેનું નામ ન જાણીતું હોય, ગુજરાતમાં ન જાણીતું હોય. ચોક્કસ આનું નામ ૧૦૦ ટકા જાણીતું છે. એમાં સંમત છું. આપણે ખાનગી યુનિવર્સિટી તરફ સરકાર ઝોક લઇ રહી છે, ત્યારે ચોક્કસપણે સભ્યશ્રી તરીકે મારે આપનું ધ્યાન દોરવું ખૂબ જરૂરી છે. યુનિવર્સિટીમાં કોઇપણ માણસ પોતાનું સર્ટીફિકેટ લઇને જતો હોય છે. કહેતા હોય છે કે કયાંથી ભણીને આવ્યા? બહુ મહત્વની વાત છે. સર્ટીફિકેટ જોઇને એમ લાગે મેં ઘણા બધા વિદ્યાર્થીઓ જોયા છે. હું પણ આવી સંસ્થા ચલાવું છું, અનુભવું છું. ભણીને આવ્યો હોય. પણ એમાં સંજોગોવશાત એમાં થતું નથી. મારે સરકારનું ધ્યાન દોરવું છે કે શિક્ષણમાં ખરેખર ચિંતા કરતા હોય, યુનિવર્સિટીની ચિંતા, એન્જિનિયરીંગની વાત કરી, સાયન્સની વાત કરી. આજે ગુજરાતમાં એવી કેટલી જગ્યાઓ છે જેમાં ૫૦ ટકાથી વધારે જગ્યાઓ ન ભરાતી હોય. માનનીય મંત્રીશ્રી જાણતા હશે. આજની પરિસ્થિતિમાં ચોક્કસ હરિફાઇ થઇ સારી વાત છે. સંમત છીએ. કરોડો રૂપિયા ખર્ચી એનું સ્ટ્રકચર આજે એમને એમ પડી રહ્યું છે. સરકારે એ તરફ ઉપયોગ કરવો જોઇએ. આજે કરોડો રૂપિયા ખર્ચીને કાયદાની ભાષામાં આપણે ઉપયોગ ન કરી શકીએ. એમાં ચોક્કસપણે સુધારો લાવવો જોઇએ તો સાચી શિક્ષણની ચિંતા કરી હશે. નો ડાઉટ ૫૦ ટકા વિનાની રહેતી હોય સંશોધન કરવું જોઇએ. આજના જમાનો એવો છે કે ઓછા ખર્ચે સારું શું શિક્ષણ આપી શકાય, એના માટેની ચિંતા કરવાનો સમય છે. આજે યુનિવર્સિટીનું જે આવું છે. કાલે ગુજરાતમાં ધીમે ધીમે જે લોકોમાં અસમાનતા ફેલાઇ છે એ રીતની ફેલાઇ છે કે સરકારી સ્કૂલમાં ભણવા જવું, બહાર બીજે જવું પ્રાઇવેટાઇઝેશન થાય લોકો એમાંથી નાના છોકરાથી બીજા ઉપર ઘણી બધી અસર થતી હોય છે. આ છોકરો ફલાણી સ્કૂલમાં ભણે છે. હું સરકારી સ્કૂલમાં ભણું છું. આવી સારી યુનિવર્સિટી થાય, ઘણી બધી અસમાનતા ઉભી થતી હોય છે. સરકારશ્રીને વિનંતી છે કે આ અસમાનતા દૂર કરવા માટે ચિંતન કરે, જેના કારણે ભાવિ પેઢીને અસમાનતા પેદા ન થાય, જેના કારણે પરિસ્થિતિનું નિર્માણથી હું ચોક્કસપણે એમ કહી શકીશ સારી યુનિવર્સિટી છે. ચકાસણી કરી હશે જો અમને આ બધું જોવાની તક મળી હોત તો અમને થાત અમે સંમત થઇ શકયા હોત. આજે જે જોવું જોઇએ જે હજુ અમે અમારા સભ્યશ્રીઓને મળી નથી જે ખરેખર દુઃખદ બાબત છે. આ બધી પરિસ્થિતિ પૂરી થઇ હોત તો અમે ચકાસણી વિશેષ કરીને ટકોર આપી શકત.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો આપને નાયબ અધ્યક્ષ તરીકે ચૂંટાવા બદલ અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક ૨૦૧૫ને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતના બંધારણની અંદર આર્ટિકલ-૨૪૬ નીચે સાતમા શીડયુલમાં લીસ્ટ-૩ની અંદર જે કોન્કરન્ટ લીસ્ટ બનાવવામાં આવ્યું છે તેમાં એન્ટ્રી નં.૨૫માં એજયુકેશન ઇન્કલુડીંગ ટેકનિકલ એજયુકેશન, મેડિકલ એજયુકેશન યુનિવર્સિટી સબજેકટ ટુ એન્ટ્રી ૬૩, ૬૪, ૬૫ એન્ડ ૬૬ ઓફ ધી યુનિયન લીસ્ટની જોગવાઇ કરવામાં આવી છે. હમણાં જ વિરોધપક્ષના માનનીય દંડકશ્રી શિક્ષણની ચિંતા કરતા હતા. મારે એમને કહેવું છે કે, ગઇકાલે સામાજિક આર્થિક સમીક્ષા ૨૦૧૪-૧૫ બહાર પાડવામાં આવી છે. તેમાં જે ઉચ્ચ શિક્ષણ અંગેની જોગવાઇઓ રાજયમાં ઉપલબ્ધ છે તેની વિગતો આપવામાં આવી છે. તે વિગતો જરા જોઇ જાય તો આનંદ થશે કે રાજયમાં ૨૦૧૩-૧૪ની સ્થિતિએ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ ૧૦૬૩ કાર્યરત છે. ૧૨ લાખ ૫૭ હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. બહુ ગૌરવની બાબત છે કે ૧૨ લાખ ૫૭ હજાર પૈકી ૫ લાખ ૧૮ હજાર વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરી રહી છે અને ૩૦૨૭૨ જેટલા શિક્ષકો કાર્યરત છે. ગુજરાતની અંદર ૨૦૦૦ની સાલમાં ૧૫ યુનિવર્સિટીઓ હતી અને ફકત ૨૦ જ સરકારી કોલેજો હતી અને ૩૧૯ અનુદાન મેળવતી કોલેજો હતી. આજે પરિસ્થિતિ શું છે? આપણે આભાર માનવો જોઇએ માનનીય વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીનો કે ૨૦૧૪ની અંદર આજે ૧૫ને બદલે ૬૨ ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓ કામ કરી રહી છે. જેમાં યુનિવર્સિટીઓ અને સંશોધન કેન્દ્રોનો સમાવેશ થાય છે. જે ૨૦ સરકારી કોલેજો હતી, ભાઇ, સરકાર કામ કરતી નથી તો સાંભળો. ૨૦ સરકારી કોલેજો હતી તેના બદલે ૭૫ સરકારી કોલેજો અત્યારે કાર્યરત છે. ૩૧૯ અનુદાન મેળવતી કોલેજો હતી તેની સામે ૩૫૬ અનુદાન મેળવી રહી છે. આ સન્માનનીય ગૃહે ૨૦૦૯ની અંદર ખાનગી યુનિવર્સિટી એકટને મંજૂરી આપેલી છે. આ ખાનગી યુનિવર્સિટી એકટનો ઉદેશ રાજયની અંદર ગુણવત્તાસભર અને ઉદ્યોગલક્ષી ઉચ્ચ શિક્ષણ ઉપલબ્ધ થાય તે માટેનો છે. આ એકટની કલમ.૪ની અંદર નિર્દિષ્ટ કરવામાં આવ્યું છે કે આ જે ખાનગી યુનિવર્સિટીઓ હશે તેમાં પ્રશિક્ષણ, અધ્યાપન અને તાલીમની જોગવાઇ કરવામાં આવશે. જ્ઞાનનું સર્જન કરવામાં આવશે. સંવર્ધન અને પ્રસાર કરવામાં આવશે. વૈશ્વિક ધોરણો ઉપલબ્ધ થાય તે પ્રકારનું માળખું આ ખાનગી યુનિવર્સિટીઓ ઉભું કરશે. આ યુનિવર્સિટીઓની અંદર નિરંતર શિક્ષણ, ઓનલાઇન ઇન્ટરનેટના માધ્યમથી શિક્ષણ તેમજ પત્ર વ્યવહારના માધ્યમથી શિક્ષણ જેવા શૈક્ષણિક કાર્યક્રમો ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ખાનગી યુનિવર્સિટીઓ મારફતે કેમ્પસની બહાર, સંકુલની બહાર બાહ્ય કેન્દ્રો, અભ્યાસ કેન્દ્રો, પરીક્ષા કેન્દ્રો ઉભા કરવામાં આવશે. આ યુનિવર્સિટીઓ મારફતે બૌદ્ધિક ક્ષમતાનું ઉચ્ચત્તમ નિર્માણ થાય તેવી શિક્ષણની તાલીમ ઉત્કૃષ્ટ પ્રકારની ઉપલબ્ધ થાય તે માટેના પ્રયત્નો કરવામાં આવશે. આ ખાનગી યુનિવર્સિટીઓ અધ્યાપન અને સંશોધન તેમજ નિરંતર શિક્ષણના કાર્યક્રમો ઉપલબ્ધ કરાવશે. સંશોધન અને વિકાસ, જ્ઞાનના આદાન પ્રદાન માટે ગુણોત્સવ કેન્દ્રો એટલે કે સેન્ટર ઓફ એકસલન્સની સ્થાપના કરશે. ઉદ્યોગો અને જાહેર સંગઠનો સાથે પરામર્શ કરીને જનરલ વિકાસ માટે પોતાની ભાગીદારી કરશે. જરૂરી મુખ્ય કેમ્પસ તથા આંતર માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરાવશે. આ યુનિવર્સિટીઓ પદવી ડિપ્લોમા પ્રમાણપત્રો એનાયત કરશે અને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રો રાષ્ટ્રીય અને વૈશ્વિક સહભાગીતાની વ્યવસ્થા ઉભી કરવા માટે પ્રયત્ન કરશે. અધ્યાપન, સંશોધન, તાલીમ, દસ્તાવેજીકરણ, પ્રકાશન અને વિવિધ પ્રકારના માધ્યમો દ્વારા ઉપયોગ કરીને પ્રચાર-પ્રસારના કાર્યક્રમમાં જોડાશે. અત્યાર સુધીમાં ૨૦૦૯નો જે કાયદો આવ્યો છે એના અંતર્ગત ૧૫ જેટલી ખાનગી યુનિવર્સિટીઓની સ્થાપના કરવામાં આવી છે જેની માહિતી પરિશિષ્ટની અંદર આપવામાં આવી છે. હું રાજય સરકારને અભિનંદન આપુ છું કે, ૧૬મી યુનિવર્સિટી જેના પુરસ્કરતા મંડળ ગુજરાત લો સોસાયટી અમદાવાદ છે એના દ્વારા ૧૬મી યુનિવર્સિટીને આ વિધેયક દ્વારા માન્યતા આપવામાં આવી રહી છે.

હમણા જ માનનીય સભ્યશ્રીએ કહ્યું કે ચકાસણી સમિતિનો અહેવાલ પરંતુ જે અરજી આવતી હોય છે એના માટે રાજય સરકારે ૨૦૦૯ના અધિનિયમ નીચે ચકાસણી સમિતિની રચેના કરેલી છે, ચકાસણી

સમિતિ એની ચકાસણી કરે ત્યાર બાદ જ ઈરાદાપત્ર આપવામાં આવતો હોય છે અને ઈરાદાપત્ર આપ્યા બાદ કલમ ૧૦ નીચે ઈરાદાપત્રની શરતોનું પાલન થયું છે કે કેમ? એ પ્રકારની જોગવાઇઓની રાજય સરકાર ખાતરી કરતી હોય છે. આ કિસ્સામાં જી.એલ.એસ.યુનિવર્સિટીના કિસ્સામાં રાજય સરકારને ખાતરી થઈ છે કે યુનિવર્સિટીને આપણે ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) અધિનિયમ નીચે આવરી લઈને ૧૬મી યુનિવર્સિટી તરીકે માન્યતા આપવી. હું રાજય સરકારને અભિનંદન આપું છું ખાનગી ક્ષેત્રનો વિકાસની અંદર પ્રદાન છે એને આપણે અવગણી ન શકીએ. રાજય સરકાર પોતાની રીતે પ્રયત્ન કરે છે એ ઉપરાંત રાજય સરકારની સાથે સાથે ખાનગી ક્ષેત્રનો પણ સહયોગ લઈને રાજયનો ઝડપથી વિકાસ થાય, વૈશ્વિક કક્ષાનું શિક્ષણ ગુજરાતમાં ઉપલબ્ધ થાય અને ગુજરાતના વિદ્યાર્થીઓ જે બહાર જતા હતા કર્ણાટકની અંદર, મદ્રાસ, બેંગ્લોર, મુંબઈ વગેરે બીજા રાજયોના શહેરોમાં જે અભ્યાસ કરવા જતા હતા એમાં પરિસ્થિતિ એ થઈ છે કે અન્ય રાજયોના વિદ્યાર્થીઓ હવે ગુજરાતમાં આવતા થયા છે અને ગુજરાતના વિદ્યાર્થીઓને પણ ઘરબેઠા પૂરેપૂરો લાભ મળ્યો છે ત્યારે આ બિલને હું સમર્થન આપું છું.

શ્રી હીરાભાઈ હ. પટેલ(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક ૬, સન ૨૦૧૫નું ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક લઈને આવ્યા છે એ અંગે હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૨૦૦૯ પછી ૧૫ નવી ખાનગી યુનિવર્સિટીઓને સરકારે મંજૂરી આપી છે અને આજે આ જે બિલ લઈને સરકાર આવી છે એનો નંબર ૧૬મો છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૨૭માં સરદાર પટેલના પ્રમુખપણા હેઠળ આ એજ્યુકેશન સોસાયટીની રચના થઈ અને આટલા વર્ષો દરમ્યાન કસ્તુરભાઈ, માવળંકર અને અત્યારે એમના વારસદાર અને જે ટ્રસ્ટીઓ છે એ ટ્રસ્ટીઓ પણ ગુજરાતના નામાંકીત વ્યક્તિઓ છે એમાં કોઈ મતમતાંતર નથી, આ તદન એક વાસ્તવિકતા છે. પણ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી કેટલીક બાબતો જાણવાની મારી ઈચ્છા છે કે, જયારે ૧૯૨૭માં આપણા દેશની અને મહારાષ્ટ્રની, ત્યારે તો આપણે બધા મહારાષ્ટ્ર રાજયના ભાગ હતા ત્યારે શિક્ષણની શું સ્થિતિ હતી? અને એ સ્થિતિમાં મહાજનો દ્વારા એવા પ્રયત્નો થયેલા કે અમદાવાદમાં શિક્ષણનો વ્યાપ વધે, ગુણવત્તાસભર શિક્ષણ મળે, (અંતરાય) અંગ્રેજો હતા એનો વાંધો નહીં, પણ આવા લીડરો પણ હતા, આવા લીડરો પણ કોંગ્રેસની અંદર હતા કે જે લડતા પણ ખરા અને શિક્ષણનો વ્યાપ વધે, સારું શિક્ષણ મળે એ માટેના પ્રયત્નો પણ કરેલા. આ મહાજનનો પ્રયત્ન હતો અને અત્યાર સુધીમાં ૨૯ જેટલી સંસ્થાઓ ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, આઠ જેટલી કોલેજો, વિનયન, વાણિજ્ય અને એ સિવાયની સંસ્થાઓનું સંચાલન એ આ લો સોસાયટી દ્વારા થાય છે, ઉદ્દેશમાં એવું જણાવવામાં આવ્યું છે કે, શિક્ષણની ગુણવત્તા સુધરે અને પ્રવર્તમાન સંજોગોમાં જે ઉદ્યોગોને જરૂરી છે એવી શિક્ષણની વ્યવસ્થા દ્વારા જરૂરી યુવાનો પ્રાપ્ત થાય. એની સામે પણ કોઈ વાંધો નથી. પણ પ્રશ્ન મને એ થાય છે કે લો સોસાયટી દ્વારા જે કોઈ કોલેજો ચલાવવામાં આવે છે અને પ્રો. માવલંકર અને આચાર્ય કૃપલાણીજી જેવા તજજ્ઞ માણસોએ શિક્ષણનું કામ જે સંસ્થાઓમાં કર્યું હોય અને આજે પણ શિક્ષણની બાબતમાં લો સોસાયટી દ્વારા ચાલતી કોઈપણ કોલેજમાં ગુણવત્તાની બાબતમાં કોઈ શંકાને સ્થાન નથી અને એવા સંજોગોમાં ખાનગી યુનિવર્સિટી સ્થાપવા માટેનું મન કેમ થયું એ પણ એક વિચાર માંગી લેતો પ્રશ્ન છે. હું આપને એક એ પણ કહેવા માગું છું કે, એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજ સરકાર ચલાવે છે અને આજે પણ હું વ્યક્તિગત રીતે માનું છું કે, સમગ્ર ગુજરાતમાં એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીના તોલે કોઈ વિદ્યાર્થી આવી શકે તેમ નથી. આ બાબતને હું પણ સ્વીકારું છું. સરકાર ભલે ચલાવતી હોય પણ છતાં આ સ્થિતિ છે. તો એવા સંજોગોમાં આ ખાનગી યુનિવર્સિટી સ્થાપવાનું મન મહાજનને જે થયું એમાં મને વ્યક્તિગત રીતે શંકા ઉભી થાય છે. કારણ કે કોઈક એવી સ્થિતિ ના હોવી જોઈએ કે ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન આ લો સોસાયટીની કોલેજો હતી. યુનિવર્સિટીની બાજુમાં આસપાસ કરોડો રૂપિયાની જમીનોમાં વિશાળ મેદાનો સાથે અદ્યતન સુવિધાઓ, સગવડો સાથે આ સંસ્થાઓનું સંચાલન થતું હોય એવા સંજોગોમાં આ મહાજનને આ વિચાર કેમ આવ્યો? મને કેટલીક વખત શંકા એવી આવે છે કે, સરકાર દ્વારા આવી સંસ્થાઓનું ગળું ટૂંપાઈ જાય એટલી હદે એવા

કામ કરે કે જેથી સંસ્થાઓનું સંચાલન કરવું મુશ્કેલ બની જાય અને એમ માનીને પણ મન થાય કે ચાલો એક ખાનગી યુનિવર્સિટી કરીએ કે જેથી સરકારની દરમિયાનગીરી ઓછી થાય અને આપણે ઇચ્છીએ એ પ્રકારની શિક્ષણની વ્યવસ્થા ઉભી કરી શકાય. જો આ બાબત હોય તો એ બાબત સારી નથી. એવું હું સ્પષ્ટ રીતે કહેવા માગું છું. આજની તારીખે ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજો, સરકારી અનુદાનવાળી હોય એમાં સમયસર વર્ગની મંજૂરી ના મળે સ્ટાફની નિમણૂંક સરકારશ્રીએ કરવાની છે છતાં સ્ટાફ પૂરતો ના મળે. નોન ટીચીંગ સ્ટાફ ૧૯૯૮ પછી કોઇને આપ્યો જ નથી. સ્વીપર ના મળે, ગ્રંથપાલ ના મળે, વ્યાયામનો શિક્ષક ના મળે તો આ સંસ્થાઓ ચલાવવી કઇ રીતે ? મને કહેતાં બહુ દુઃખ થાય છે હમણાં માનનીય બલવંતસિંહજીએ કહ્યું કે સાહેબ અસમાનતા ઉભી ના થાય. લો સોસાયટીને ખાનગી યુનિવર્સિટી આપવામાં મને કોઇ સંકોચ નથી. તેની પ્રમાણિકતા, તેની નિષ્ઠા, શિક્ષણ માટેનો પ્રેમ અને તે સારું કરશે તેમાં કોઇ બેમત નથી. (અંતરાય) વાંધો છે જ નહીં, વાંધો એ છે કે સરકારશ્રી ગવર્નમેન્ટ અનુદાનીક કોલેજોને ગ્રાન્ટ ઇન એઇડ ઓફ રેવન્યુવાળી કોલેજોને સમયસર સ્ટાફ આપતી નથી અને સંચાલન કરવું બહુ અઘરૂં થઇ ગયુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, તમે એમ કહો છો સ્વચ્છ ગુજરાત અને સ્વીપર ના આપો, વાંચે ગુજરાત અને લાયબ્રેરીયન ના આપો, રમે ગુજરાત અને તેના રમત ગમત માટેનો ટીચર ના આપો તો શું મતલબ છે ? એટલા માટે જે લોકો સક્ષમ છે, જેની પાસે મૂડી છે જે સ્વયં આ સંસ્થાઓ ચલાવે ખાનગી યુનિવર્સિટી કરીએ એવા લોકો આ માગણી કરે છે. ઘણી એવી યુનિવર્સિટીઓ છે, ઘણી એવી કોલેજો પણ છે પણ આ એક અદ્વિતિય છે. એ બધા પૈકીની એક નથી લો સોસાયટી. મેં સ્ટડી અહીંયા કર્યો છે એટલે મને ખબર છે. હું આ સંસ્થાઓનો વિદ્યાર્થી છું અને એટલા માટે આ કહેવાનું મન થાય છે મારી શિક્ષણ મંત્રીશ્રીને વિનંતી છે કે આ બાબતો પરત્વે સરકારશ્રીનું પૂરતું ધ્યાન આપે. અને બીજી એક વાત કહું કે વિશ્વની અંદર કેમ્બ્રીજ યુનિવર્સિટી હોય કે ઓકસ્ફોર્ડ યુનિવર્સિટી હોય એ વિશ્વની અંદર ઉત્તમ કક્ષાની યુનિવર્સિટીઓ છે એની ના નહીં અને એ કક્ષાની આ બને તો અમને આનંદ થશે. પણ બધા માણસો, બધા વિદ્યાર્થીઓ, બધા વાલીઓ પોતાના ઉત્તમ કવોલીટીના બાળકોને કે જેમની ભણવાની ક્ષમતા છે તેમને ઓકસ્ફોર્ડ કે કેમ્બ્રીજમાં મોકલી શકતાં નથી. ભારતમાંથી ઘણાં ત્યાં જઇ આવ્યા, ભણ્યાં, સારું શિક્ષણ મેળવ્યું અને વિદ્વાન બન્યા તેનો વાંધો નહીં અને તેનો લાભ ભારતને પણ મળ્યો, ગુજરાતને પણ મળ્યો પણ બધા જઇ શકતા નથી તે વાસ્તવિકતા છે ત્યારે ગુજરાતની અંદર પણ ઉત્તમ કક્ષાની ખાનગી યુનિવર્સિટી થાય તેનો પણ વાંધો નહીં. પણ બધા વિદ્યાર્થીઓ ત્યાં ભણી શકશે ? બધા વિદ્યાર્થીઓ ત્યાં ભણી શકયા ? એની ફીના ધોરણો છે તે ઘણાને પોસાતા નથી. આજે પણ એ સ્થિતિ છે અને મારું સ્પષ્ટ માનવું છે કે અસમાનતા ઉભી થશે. જે લોકો સુખી સાધન-સંપન્ન છે તે આવી સારી સંસ્થાઓની અંદર શિક્ષણ પ્રાપ્ત કરશે અને જે લોકો સુખી સાધન-સંપન્ન નથી એમના બાળકોને ગમે ત્યાં ભણાવવા પડશે. અને એ પણ વ્યવસ્થા ધીમે ધીમે ખતમ થતી જાય છે ત્યારે સમયસર સરકારી ગ્રાન્ટેડ સંસ્થાઓનું એમના જે પ્રશ્નો છે તે પ્રશ્નોનો ઉકેલ લાવે અને સારી રીતે આ સંસ્થાઓ ચાલે એનું ધ્યાન સરકારશ્રી રાખે એવી મારી નમ્ર વિનંતી છે. ખાનગી યુનિવર્સિટીઓ સામે વાંધો નથી પણ એ પણ જરૂરી છે હમણાં એક કિસ્સો એવો બન્યો સાહેબ સરકારે નકકી કર્યું કે સ્વાયત સ્કૂલોમાં ૨૫ ટકા ગરીબ બાળકોને પણ લેવા. પણ કોણ લે છે? બાળકો મળતા નથી એમ કહી અને પાછળથી કેપીટેશન આપી શકે તેવા વાલીઓના બાળકોની ભરતી કરી દેવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આ વિષયાંતર થાય છે. તમે કનફ્યુઝ થઇ ગયા છો. વિરોધ પણ કરી શકતા નથી અને ફેવર પણ કરી શકતા નથી.

શ્રી હીરાભાઇ હ. પટેલ : હું ફકત એક દાખલો આપું છું. સરકારશ્રીના ધ્યાન ઉપર પણ આ બાબત આવી છે. ગરીબ વિદ્યાર્થીઓને પણ આવી ઉત્તમ સંસ્થાઓમાં પ્રવેશ મળવો જોઇએ અને સરકારે આ બાબતમાં હસ્તક્ષેપ કરવો જોઇએ. આજે આ હરીફાઇનો જમાનો છે. કાર્યક્ષમતા હશે તો જ ટકી શકશે એ વાતનો હું સ્વીકાર કરું છું. શિક્ષણની ગુણવત્તા સુધરે એમાં કોઇ વાંધો ન હોઇ શકે. પણ લાંબા ગાળે

અસમતુલા ઉભી ન થાય તે જોવાનું કામ સરકારનું છે અને તે કામ સરકાર ચૂકે નહીં એટલું કહી અને મારી વાત પૂરી કરું છું.

ડો. ટી.ડી. માણીયા : માનનીય અધ્યક્ષશ્રી સૌ પ્રથમ તો પહેલો સગો પાડોશી, તે દ્રષ્ટીએ મારા વિશેષ અભિનંદન આપું છું. આપ મારા પડોશી ધારાસભ્ય છો અને આપને ઉપાધ્યક્ષશ્રીનું સન્માનનીય પદ મળ્યું તે બદલ આપને હાર્દિક અભિનંદન પાઠવું છું. આજે માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક ૬, સન ૨૦૧૫નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક લઇને આવ્યા છે તેને ખાસ અનુમોદન આપવા માટેની મારી વાત રજૂ કરું છું.

શિક્ષણનું મહત્વ બધા જ જાણે છે, શિક્ષણનું માનવજીવનમાં અનેરૂ અને અનોખું મહત્વ છે. શિક્ષણ જીવન મૂલ્યોના ઘડતર સાથે યોગ્ય દિશા બતાવવવાનું અને એ દિશામાં સર્વ પ્રકારની પ્રગતિ અને વિકાસ કરવાનું કૌશલ્ય અને બળ પૂરું પાડે છે. ટૂંકમાં એજયુકેશન માણસને ફકત શિક્ષિત બનાવે છે એટલું જ નહીં પરંતુ સાથે સાથે તેને દિક્ષિત પણ બનાવે છે અને સાથે સાથે દરેક પ્રકારે રક્ષીત પણ બનાવે છે. અને એ પ્રકારે વિકસીત પણ બનાવે છે. એ પ્રમાણેનો ગુજરાત સરકારનો ધ્યેય છે તેના માટેનું આ એક કદમ છે. હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેકસ, એચ.ડી.આઇ. કે જે માનવ વિકાસનો સૂચકાંક છે. એમાં ત્રણ મુખ્ય પરિબળોમાં આરોગ્ય, શિક્ષણ અને પોષણ, એમાં એચ.ડી.આઇ.ના ગ્રોથ માટે ગુજરાત સરકાર પ્રયત્ન કરી રહી છે એ શિક્ષણના બજેટ ઉપરથી આપણે ચોકકસ કહી શકીએ કે આ વર્ષે પણ શિક્ષણમાં ૨૨ હજાર કરોડ કરતા પણ વધારે પૈસાની જોગવાઇ કરી છે એ અભિનંદનને પાત્ર છે. એટલે ખાસ તો ૨૧મી સદી આપણે કહીએ છીએ કે જ્ઞાનની સદી છે, વિજ્ઞાનની સદી છે. ટેકનોલોજીની સદી છે, ત્યારે ભારતની સદી પણ બનાવવી હોય તો આપણા દેશના નવ યુવાનો દરેક પ્રકારે અપડેટ અને અપ ટુ ડેટ હોવા જોઇએ. આ શિક્ષણના મહત્વની વાત થઇ, સાથે સાથે ગુજરાત લો સોસાયટી સંચાલિત સૂચિત જી.એલ.એસ. અમદાવાદને પ્રાઇવેટ યુનિવર્સિટીનો દરજ્જો આપવા માટે રાજય સરકાર વિધેયક લાવી છે તેના માટે ખાનગી યુનિવર્સિટીના મુખ્ય ઉદેશો આપણા શું છે તે વિષે માનનીય મંત્રીશ્રીએ તો કહ્યું જ છે પણ હું ટૂકમાં કહું તો વિજ્ઞાન, ટેકનોલોજી, સમાજ વિજ્ઞાન, શિક્ષણ વ્યવસ્થાપન, વાણિજય, કાયદો, આરોગ્ય સંભાળ અને માનવ ઉન્નતિ માટેના તમામ ક્ષેત્રોમાં જ્ઞાનનું સંકલન, સંવર્ધન અને પ્રસાર કરવો, એટલે રાજયમાં હાલ ૧૪ સરકારી યુનિવર્સિટી છે. એટલે રાજયના સામાન્ય વર્ગના વિદ્યાર્થીઓને ગુણવત્તા યુકત અને ઉચ્ચ કક્ષાનું શિક્ષણ પૂરું પાડવા માટે વ્યાવસાયિક અભિગમ સાથે આઇ.આઇ.ટી.ઇ. ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ ટીચર એજયુકશન જે ઉત્તમ શિક્ષકો નિર્માણ કરવાનું કામ કરે છે ત્યારે એવી એક ઇન્સ્ટિટયૂટ આપણી સરકાર દ્વારા એ યુનિવર્સિટી ચાલે છે.

સાથે સાથે એક નવીન પ્રકારની યુનિવર્સિટી જે વર્લ્ડમાં બહુ ઓછી જોવા મળે એવી ચીલ્ડ્રન યુનિવર્સિટી પણ છે. વિશ્વમાં બહુ ઓછી જોવા મળે એવી ચિલ્ડ્રન યુનિવર્સિટીની વાત કરીએ તો અત્યારે રોગની ટ્રીટમેન્ટ કરવા કરતાં રોગ અટકાવવો જોઇએ. અત્યારે યુવાનોમાં પ્રશ્નો જોઇએ છીએ એ નાનપણથી જ અટકે એના માટેની આખી સાઇકોલોજીનો અભ્યાસ કરીને એક યુનિવર્સિટીની સ્થાપના એને અનુસંધાને કરવામાં આવી એ ચિલ્ડ્રન યુનિવર્સિટી સરકાર દ્વારા ચલાવવામાં આવે છે. આમ રાજય સરકાર બીજી ૧૪ યુનિવર્સિટીઓ ચલાવે છે પણ સરકાર દ્વારા યુનિવર્સિટીઓની વધુ જરૂરિયાત જણાતાં અને રાજયના સ્ત્રોતોને ધ્યાને લઇને વધારે મહત્વ આપવાનો સંનિષ્ઠ પ્રયત્ન કર્યો છે પરંતુ રાજયમાં ઉચ્ચ શિક્ષણના વ્યાપ અને વિસ્તાર તથા હરિફાઇના ધોરણોને ધ્યાને લેતાં તથા વિકસતા ઉદ્યોગોની માંગ અને તેમાં જરૂરી બુદ્ધિધનની જરૂરિયાતને સંતોષવા માટે રાજયમાં આ પ્રકારનું શિક્ષણ આપી શકે તેવા ખાનગી ટ્રસ્ટો અને કંપનીઓની સહભાગીદારીતા પણ આવશ્યક છે. ટ્રસ્ટો અને કંપનીઓ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટીનો જે સિદ્ધાંત છે એ પ્રમાણે પ્રયત્ન કરી રહ્યા છીએ અને ભૂતકાળમાં લોકભાગીદારીથી ઉત્તમ કાર્યો કરેલા છે. આપણા વડાપ્રધાન અને પૂર્વ મુખ્યમંત્રીશ્રીનું એક સૂત્ર જનભાગીદારી એટલે જન ભાગીદારીથી ભૂતકાળમાં આપણે ગુજરાતમાં જળ ક્રાંતિ આવી એ રીતે લોક ભાગીદારીથી કામ કરેલા છે. જળ ક્રાંતિ માટે સરદાર પટેલ જળસંચય સહ ભાગીદારી યોજનામાં લોકભાગીદારીથી ભૂતકાળમાં ઉત્તમ કામો

થયેલા છે. આમાં ખાનગી યુનિવર્સિટી બને છે એમાં સરકારને નાણાકીય બોજ પડતો નથી. આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક જરૂરિયાતોને અનુરૂપ મેન પાવર તાલીમ અને વિકાસને ધ્યાનમાં લઇને દસ અલગ અલગ પ્રકારના વિભાગો નવા શરૂ થવાના છે. ત્યારે ખાનગી યુનિવર્સિટીના માધ્યમથી વિદ્યાર્થીઓને ઇનોવેટીવ પ્રકારની પરીક્ષા પદ્ધતિથી તૈયાર કરવાનું આયોજન છે જેમાં નિયમિત, ઓપન પાઠયપુસ્તકીય પરીક્ષા, કોમ્પ્યુટર આધારથી મૂલ્યાંકન પદ્ધતિઓ તથા સતત મૂલ્યાંકન યોજનાનો સમાવેશ થાય છે. આવી યુનિવર્સિટી આવી રહી છે અને હાલ અમદાવાદ આંતરરાષ્ટ્રીય ગ્લોબલ એજયુકેશન હબ બની રહ્યું છે ત્યારે ટ્રષ્ટ દ્વારા સંચાલિત કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને એકસચેન્જ પોગ્રામ, સંયુકત સંશોધન અને મુલાકાતી ફેકલ્ટીઝ વ્યવસ્થાઓ હેઠળ કારકિર્દી ઘડતર થાય તે માટે વિદેશની અલગ અલગ આઠ યુનિવર્સિટીઓ સાથે રીલેશનશીપ ધરાવે છે. આદરણીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ આ બિલને લઇને આવ્યા છે એને મારુ સંપૂર્ણ સમર્થન આપું છું.

શ્રી ગોવાભાઇ હ. રબારી(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત ખાનગી યુનિવર્સિટી વિધેયક ક્રમાંક–૬ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય મંત્રીશ્રીએ કહ્યું એમ ૧૫ યુનિવર્સિટીઓને મંજૂરી આપી છે અને આ ૧૬મી છે અને હજી બીજી પાંચને આપે એમાં પણ અમને કોઇ વાંધો હોઇ શકે નહિ કારણ કે એ ખૂબ જ જરૂરી છે. પરંતુ અમારી ચિંતા એટલી જ છે કે પ્રાઇવેટ યુનિવર્સિટીઓ થયા કરશે અને યુનિવર્સિટીની અંદર જે વિદ્યાર્થી છેવાડાના ગામમાં ભણીને આ યુનિવર્સિટી સુધી આવે પરંતુ ગામડામાં સાયન્સની શાળા નથી, કોલેજો છે એમાં આર્ટસ હોય, સાયન્સ હોય, એન્જિનિયરીંગ હોય એ કોલેજોમાં અધ્યાપકો, પ્રોફેસરોની જગ્યા ખાલી છે. આપણી કોશિશ છે ગામડામાં રહેતા ગરીબ વિદ્યાર્થીની ચિંતા છે એ આમાં સફળ નહિ થાય. આમાં માત્ર સુખી માણસોની શહેરોમાં રહેતા સુખી કુટુંબોની યુનિવર્સિટી ન બની જાય એના માટે ખૂબ વિચારવું જરૂરી છે. જે કોઇ બીજી યુનિવર્સિટીઓ દા.ત. ખેતીવાડીની યુનિવર્સિટી છે એ પણ બંધ પડવા આવી છે અને એના પણ આજે ચાર ભાગ પાડી દીધા છે. શિક્ષણની આજે ખૂબ જરૂરી છે એની સાથે સાથે આ દેશનો ધરતી પુત્ર છે એ આ દેશનો સ્તંભ છે ખેડૂત પુત્ર છે એની પણ ચિંતા કરવાની જરૂર છે એના બાળકો ભણે એ જરૂરી છે એ પોતે સારી ટેકનોલોજીથી ખેતી કરે એ જરૂરી છે પરંતુ યુનિવર્સિટીઓ આજે બિલકુલ મરણ પથારીએ પડી છે એની કોઇ ચિંતા કરવામાં આવતી નથી. એની પર ધ્યાન જાય. આ યુનિવર્સિટીઓ વધારે થાય એમાં ફાયદો છે. વિશ્વની વાતો કરીએ છીએ એ સારી છે, થવું જોઇએ પરંતુ આપ ગંભીરતાથી જોશો તો દસ ૧૫ ટકા કુટુંબોની અને વિદ્યાર્થીઓની ન બની જાય એની પણ કાળજી રાખજો.

માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ જ મોંઘું શિક્ષણ થઇ ગયું છે. ગરીબ માણસ ભણી શકતો નથી એવું જોવામાં આવે છે. આ કયાંથી આવ્યો છે કે બનાસકાંઠાથી આવ્યો છે. તો તેની કોલેજમાં તો અધ્યાપકો જ નથી. કંઇ સારું નહીં હોય, સર્ટિફિકેટ નથી. બીજું બહાનું કાઢીને તેને એડમિશન નથી મળતું. એમની કોરેમોરે ફરતા કે કોરેમોરેની એમની પ્રાઇવેટ યુનિવર્સિટીઓના વિદ્યાર્થી એક બીજાંમાં આવે તો તેને એડમિશન મળી જાય, તેનું જે કંઇ ડોનેશન હોય કે ફી હોય તો પણ એ ભરી દે. પણ એક ગરીબ કુટુંબનો વિદ્યાર્થી ભરી શકતો નથી તો તેના માટે આપણે કંઇ કર્યું? મારી તો માનનીય મંત્રીશ્રીને એ પણ વિનંતી છે જે ખૂબ ગંભીર છે. ગામડાંના ગરીબ માણસોની લાગણી છે તો આવી બે–પાંચ સરકારી યુનિવર્સિટીઓ કરી હોત અને એ મૂકી હોત તો તો વધારે ખુશી થાત કે ખરેખર સરકારી યુનિવર્સિટી થશે તો તેમાં ગુજરાતના તમામ વર્ગના ગરીબ લોકોને તેનો લાભ મળશે. માટે એ પણ કરવું જરૂરી છે. કારણ કે પ્રાઇવેટ તો આગળ મિત્રોએ કહ્યું એમ એક જાગીરી જેવું બની જાય છે કે આ તો અમારી યુનિવર્સિટી છે. એમના મન મુજબ નિયમો બનાવવા, મન મુજબ એડમિશનો આપવા અને ગમે તે રીતે તેમનો પોતાનો એક ઠેકો છે એવું પણ બની ન જાય એ ખૂબ જરૂરી છે. યુનિવર્સિટીઓની મંજૂરી આપ્યા પછી સરકાર મંજૂરી આપે છે તો સરકાર પણ તેની પાછળ ઓડિટ, તેની દેખરેખ, કેવા વિદ્યાર્થીઓ આવે છે, કેવાને એડમિશન મળે છે, શું શિક્ષણ મળે છે એ તરફ પણ સરકાર થોડું ધ્યાન આપે અને જૂએ તો પણ સારું રહેશે.

મારી તો વિનંતી છે કે જે સરકારની તાલુકે તાલુકે કોલેજો આપવાની વાત હતી, આજે કેટલાય તાલુકા એવા છે કે આખા તાલુકામાં કોલેજ જ નથી, પછી યુનિવર્સિટીની વાત તો બીજાં નંબરે રહી. તો આના ઉપર પણ ચિંતા કરે. જે ગામોની અંદર સાયન્સ શાળાઓ નથી, તો ત્યાંથી જ વિદ્યાર્થી આવવાનો છે. ગણ્યા ગાંઠ્યા સિટીના તો ૧૦ ટકા માણસો છે. તો તેની પણ ચિંતા કરે અને ત્યાં પણ આવી બધી સુવિધા સરકાર ઉભી કરે તો બધાને લાભ મળશે. એટલે મારી મંત્રીશ્રી પાસે આશા અને વિનંતી છે કે આવી બે–ત્રણ યુનિવર્સિટીઓ સરકાર પણ બનાવે તો આ બધાને લાભ મળશે. મારે ત્યાં લોક નિકેતન મોટી સંસ્થા છે. સ્વ. હરિસિંહ ચાવડાએ બે–ત્રણ વખત માગણી કરી. પણ એ પૈસાવાળો માણસ નહોતો. ગરીબ માણસ હતો. તેની ખૂબ સારી સંસ્થા છે. ખૂબ ગરીબ માણસો ભણે છે. તેનો આદર્શ ખૂબ ઉંચો હતો પણ તેને સરકારમાંથી પૈસાના અભાવે મંજૂરી ન મળી. મતલબ કે રોકાણો કરવા, તેની ડિપોઝીટો મૂકવી, એ કરોડોમાં હોય છે. તે એની પાસે નહોતા. નહીં તો ચાર–પાંચ હજાર વિદ્યાર્થીઓ શિક્ષણ લે છે. વર્ષોથી ગરીબમાં ગરીબ માણસ શિક્ષણ લે છે. તેની એક અંતિમ ઇચ્છા હતી કે હું યુનિવર્સિટી બનાવું પણ પૈસાના અભાવે ન બનાવી શક્યો. તો આની પણ પૂરી ગંભીરતાથી કાળજી લઇને આવા માણસો હોય તેની સરકાર ડિપોઝીટ ભરીને તેને માન્યતા આપે તો ગુજરાતને ખૂબ લાભદાયી બનશે એટલું કહી મારી વાત પૂરી કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (**શિક્ષણ મંત્રીશ્રી**) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી બલવંતસિંહ, શ્રી ગોવાભાઇ, શ્રી આર.એમ. પટેલ, શ્રી હીરાભાઇ, ડો. માણીયા સૌ મિત્રોનો આ ચર્ચામાં ભાગ લેવા બદલ આભાર માનું છું. તમારી કોઇ શંકા–કુશંકા રહેશે નહીં તેની ખાતરી આપું છું. બલવંતસિંહ, કોઇ અસમાનતા રહેશે નહીં તેની પણ ખાતરી આપું. મારે હીરાભાઇને શું જવાબ આપવો? તમે ન આમ બોલ્યા, ન આમ બોલ્યા.

ઉપાધ્યક્ષશ્રી : એમણે પ્રશ્નો પૂછ્યા અને જવાબ પણ એમણે જ આપ્યા.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : અને ટ્રસ્ટ બહુ સારું છે, હું તેમાં ભણેલો છું તો પછી સમર્થન આપવું જોઇતું હતું. તમારી માહિતી માટે કહું, મારા સાથી વીજયભાઇ અહીં ગુજરાતમાં આવ્યા એ પહેલાં દિલ્હીમાં રાજયસભામાં હતા અને સ્ટેન્ડીંગ કમિટીમાં એમની સાથે તમારા નેતા રાહુલ ગાંધી હતા અને સ્ટેન્ડીંગ કમિટીમાં એ હંમેશ માટે આગ્રહ રાખતા કે હિંદુસ્તાનમાં શિક્ષણમાં હાયર એજ્યુકેશનમાં ખાનગી રોકાણ થવું જ જોઇએ, વધારેમાં વધારે થવું જોઇએ. આપણે ઓક્સફર્ડની વાત કરતા હોઇએ તો મિત્રો, ઓક્સફર્ડ પણ ખાનગી યુનિવર્સિટી જ છે. કેમ્બ્રિજ પણ ખાનગી યુનિવર્સિટી જ છે અને આ જે ૧૫ અને ૧૬ તમામના જોડાણ આવી સારામાં સારી યુનિવર્સિટીઓ સાથે છે જ. એટલે આપણાં વિદ્યાર્થીને અહીં બેઠાં એ જોડાણનો લાભ મળવાનો છે. એટલે કોઇ શંકા–કુશંકા કરવાની જરૂર નથી. શિક્ષણમાં ખાનગીકરણની શરૂઆત કોંગ્રેસના સમયમાં થઇ છે અને કંઇ ખોટું થયું નથી. આજે હું આપને કહું કે જે જે ક્ષેત્રમાં ખાનગી રોકાણ થયું. (અંતરાય) જે જે ક્ષેત્રે ખાનગી રોકાણ આવ્યું છે એ તમામ ક્ષેત્રમાંથી પ્રજાને લાભ થયો છે. એ રસ્તાઓ હોય, ઇન્ફ્રાસ્ટ્રક્ચર હોય, આરોગ્ય હોય, શિક્ષણ હોય કે વાહન વ્યવહાર હોય. આ બધા જ ક્ષેત્રમાં સરકારની સાથેસાથે પ્રજાને પણ લાભ થયો છે. પ્રજાને વધારે તક મળી છે અને આ બિલ પાછળ પણ રાજ્ય સરકારનો એ જ હેતુ છે. ગુજરાતના વિદ્યાર્થીઓને અત્યારે જે વિષયો જોઇએ છે એ વિષયોમાં પણ વધારે તક મળવાની છે અને વધારે તક આપવાનો રાજ્ય સરકારનો પ્રમાણિક પ્રયત્ન છે. તમારા મનમાં પ્રશ્ન હતો કે, આમાં રાજ્ય સરકાર કોઇ ગ્રાન્ટ આપવની છે કે કેમ? રાજ્ય સરકાર આમાં કોઇ ગ્રાન્ટ આપવાની નથી. એમાં રાજ્ય સરકારનું કોઇ રોકાણ નથી.

શરૂઆતમાં આપે કહ્યું કે, અમને બતાવવું જોઇએ. આના સ્પેસિફિક નિયમો છે. એ નિયમો પ્રમાણે સ્કૂટિની કમિટિ હોય છે એ તપાસ કરે છે, એની કામગીરીનો અહેવાલ મંગાવીએ છીએ. આ બધી જ કામગીરી રાજ્ય સરકારે તટસ્થતાપૂર્વક પૂર્ણ કરી છે અને ત્યાર પછી આ બિલ હું લાવ્યો છું. બિલમાં જોગવાઇ છે એ આપી શકાય પણ રાજ્ય સરકારે સ્કૂટીનીની કાર્યવાહી કરી છે એ આપવાની જોગવાઇ નથી. તમે કહ્યું કે અસમાનતા અને શંકા છે એ માટે હું કાયમ માટે ઓપન છું. આ યુનિવર્સિટી નહીં, કોઇપણ યુનિવર્સિટી માટે શંકા હોય તો તમે ગમે ત્યારે આવીને મને મળજો, એ શંકા–કુશંકા હું ચોક્કસ દૂર કરીશ. એટલે મારી આપ

સૌને ફરીવાર વિનંતી છે કે, આ બિલ વિદ્યાર્થીઓના હિતમાં, ગુજરાતના હિતમાં લાવ્યો છું. તો આપ સૌ સર્વાનુમતે એને પસાર કરો. આપે કોઇ સંસ્થાનો વિરોધ નથી કર્યો, આ કામનો વિરોધ નથી કર્યો. તમારા સજેશન છે એ હું ચોક્કસ ધ્યાનમાં લઇશ. બિલને સર્વાનુમતે પસાર કરવામાં આવે તેવી વિનંતી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ચોખવટ થઇ જાય તો અમે ટેકો આપવા માટે રેડી છીએ. ભૂતકાળમાં પણ અમે ખાતરી લીધી છે. એ જ ખાતરી આજે અહીં આપવામાં આવે. આ જે ગ્રાન્ટેડ કોલેજો છે એને જોઇન્ટ કરવાની નથીને? આ યુનિવર્સિટી થઇ ગઇ. બીજી ચાર કોલેજો ગ્રાન્ટેડ હોય એને તો જોઇન્ટ કરી દેવાની હોય તો એ બરાબર નથી. ભૂતકાળમાં ખાતરી આપવામાં આવી છે. ભવિષ્યમાં આવી ગ્રાન્ટેડ કોલેજો ન જોડાવાની હોય તો અમારો સર્વાનુમતે ટેકો છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એમના હસ્તકની જેટલી જોલેજો છે એ તો એમાં જોડાવાની છે. ફરીવાર કહું છું કે, આઠ કોલેજો છે એ એની અંદર આવવાની છે અને મિત્રો, આપણે વિદ્યાર્થીઓના ભાવિનો વિચાર કરીએ. ધોરણ–૧૨ પછી હાયર એજ્યુકેશનમાં જવાની ટકાવારી ૧૦૦એ ૮ હતી. આપણે એ નીતિને પ્રોત્સાહન આપ્યા પછી આજે એ વધીને માત્ર ૧૦ વર્ષમાં ધોરણ – ૧૨ પછી હાયર એજ્યુકેશનમાં આજે ૧૮ છે. રાજ્ય સરકારનો સંકલ્પ અને નેમ છે. આવતા ૫ વર્ષની અંદર અમારે ૩૦ ટકા સુધી લઇ જવી છે. વિદ્યાર્થીઓનો ડ્રોપ આઉટ રેશિયો છે એ ઘટાડવો છે અને વધારેમાં વધારે વિદ્યાર્થીઓ હાયર એજ્યુકેશન મેળવે એ અમારી નેમ છે. બીજી વાત, હું કાયમ માટે કરતો આવ્યો છું કે, આજે વિશ્વની ૨૦૦ યુનિવર્સિટીઓમાં હિન્દુસ્તાનની એકપણ યુનિવર્સિટી નથી અને ચાઇનાની ૪૫ યુનિવર્સિટીઓ છે. જે ચાઇનાની ૧૯૮૫માં એકપણ નહોતી. એની આટલા ટૂંકાગાળામાં ૪૫ યુનિવર્સિટીઓ આવી ગઇ. મિત્રો ત્યાં દેશના લોકોએ સર્વાનુમતે નક્કી કર્યું હશે કે, રાજકારણથી ઉપર જઇને નક્કી કર્યું હશે. સરકાર, શિક્ષકો, સમાજ આ બધા લોકો એમાં જોડાયા અને ચાઇના તરીકે આ ૨૦૦માં આપણે સ્થાન લેવું છે એવું નક્કી કર્યું હશે. જેથી આજે ૨૦૦માંથી ૪૫ છે. ૨૦માં ૩ છે. મિત્રો, રાજયના શિક્ષણ મંત્રી તરીકે હું મન બનાવીને નીકળ્યો છું કે આવતા દિવસોની અંદર આ ૨૦૦ની અંદર કોઇ એક યુનિવર્સિટી આવશે તો એ ભારતની, એ ગુજરાતની હશે અને એના માટે તમારો સાથ અને સહકાર જોઇએ છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૬– સન ૨૦૧૫ના ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨, કલમ–૧ દીર્ઘસંજ્ઞા, ઈનેકટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૬– સન ૨૦૧૫નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

ઉપાધ્યક્ષશ્રી : સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૬– સન ૨૦૧૫નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તેને પસાર કરવમાં આવે છે.

**વિરામ બપોરના ૨–૨૮ થી ૩–૧૫**

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

**બિન સરકારી વિધેયકો**

<#D/અન્ય/D#>

**પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન–સરકારી વિધેયકો.**

**સન ૨૦૧૪નુ ગુજરાત વિધેયક ક્રમાંક – ૧૨.**

## ગુજરાત જાહેર સંપત્તિને થતું નુકસાન અને તોડફોડ અટકાવવા બાબત વિધેયક, ૨૦૧૪
## ગુજરાત રાજ્યમાં જાહેર સંપત્તિને કરાતું નુકસાન અને તોડફોડ માટે શિક્ષા તેમજ વળતર માટે અને તેની સાથે સંકળાયેલી બાબતોની જોગવાઇ કરવા માટેનું વિધેયક.

શ્રી ભુષણ અ. ભટ્ટ(જમાલપુર–ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક–૧૬–સન ૨૦૧૪ના ગુજરાત જાહેર સંપત્તિને થતું નુકસાન અને તોડફોડ અટકાવવા બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ભુષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીને ગૃહના ઉપાધ્યક્ષ થવા બદલ અભિનંદન આપું છું. સાથે સાથે આ ગુજરાતના દરેક સભ્ય અમદાવાદ સાથે એક યા અન્ય રીતે જોડાયેલા છે અને આજે અમદાવાદનો ૬૦૪ મો જન્મદિન છે એટલે અમદાવાદને પણ જન્મદિનની શુભેચ્છા.

માનનીય અધ્યક્ષશ્રી, જાહેર સંપત્તિને નુકસાન અને તોડફોડ માટે શિક્ષા તેમજ વળતર માટે જોગવાઇ કરવા આ સભાગૃહના સભ્યો તેમજ આ સરકાર શિક્ષાત્મક પગલાં ભરે તે અંગેનો આગ્રહ કરવા માટે આ વિધેયકમાં મારા વિચારો રજૂ કરું છું. સૌ સભ્યો સાથે મળી આ અંગે ચર્ચા અને ચિંતન કરે એવી અપીલ અને વિનંતી કરું છું. જાહેર અને સરકારી મિલકતો એટલે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, મહાનગર, નગર નિગમની ઓફિસો, રેલવે, એરપોર્ટ, ઓ.એન.જી.સી., સરકારી દવાખાના, અર્ધ સરકારી દવાખાના, પબ્લિક ટ્રાન્સપોર્ટની બસો જેવી આ બધી બાબતોના રક્ષણની બાબતમાં આ વાત લઇને આવ્યો છું, ત્યારે આજે આ જાહેર મિલકતોને નુકસાન થતું અટકાવવા માટે સમાજમાં એક વાત બની ગઇ છે કે આ મિલકતોને નુકસાન કરવું એ એક ફેશન બની ગઇ હોય એવું મને લાગી રહ્યું છે. આ એટલા માટે લાગી રહ્યું છે કે, આજે મને જણાવતા દુઃખ થાય છે કે છેલ્લા ૫ વર્ષમાં આ પ્રકારના ૬૭૮ ગુનાઓ બનવા પમેલા છે અને એમાં ૪૦૬૭ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલી છે. આ ૪૦૬૭ લોકોની ધરપકડ કરવામાં આવેલ એમાં મિલકતોને કિંમતની દ્રષ્ટિએ નુકસાન જોવા જઇએ તો અંદાજે ૫ કરોડ ૮ લાખ રૂપિયા જેટલી કિંમતની મિલકતોને નુકસાન થવા પામેલ છે. છેલ્લા ૫ વર્ષની વાત કરીએ તો ૨૦૧૦માં ૧૩૪ ગુનાઓ આ રાજ્યમાં નોંધાયા, ૭૦૭ લોકોની ધરપકડ થઇ અને ૭૦,૫૪,૪૭૬ રૂપિયાની મિલકતોને નુકસાન થયું. ૨૦૧૧માં ૧૨૧ ગુનાઓ બન્યા, ૭૯૭ લોકોની ધરપકડ થઇ, ૬૦,૬૫,૯૩૦ રૂપિયાનું નુકસાન થયું. ૨૦૧૨ની વાત કરીએ તો ૧૩૭ ગુના બન્યા, ૮૩૮ લોકોની ધરપકડ થઇ અને ૮૭,૦૨,૦૬૫ રૂપિયાનું નુકસાન થયું. ૨૦૧૩ની વાત કરીએ તો ૧૨૬ ગુના બન્યા, ૬૪૨ લોકોની ધરપકડ થઇ અને ૨૨,૭૩,૨૧૨ રૂપિયાનું નુકસાન થયું. ૨૦૧૪ની વાત કરીએ તો ૧૬૦ ગુના બન્યા, ૧૦૮૩ લોકોની ધરપકડ થઇ, ૬૧,૪૦,૩૨૩/– રૂપિયાની નુકસાની થઇ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું પડે કે આટલા ગુન્હા બન્યાં, આટલા લોકોની ધરપકડ થઇ, આટલા કરોડો રૂપિયાનું નુકસાન થયું અને એ કરોડો રૂપિયાના નુકસાન પછી જોવા જઇએ તો છેલ્લા પાંચ વર્ષની અંદર એકપણ વ્યક્તિ સજા પામી નથી અને એક પણ વ્યક્તિ ઉપર દંડાત્મક દંડ પણ થયો નથી. ૨૦૧૩ની સાલમાં માત્ર ૨૦૦ રૂપિયાનો દંડ થયો. આટલા મોટા નુકસાનની સામે આખા રાજ્યમાં જે તે મિલકતને નુકસાન થયું તો કોર્ટે માત્ર એક વ્યક્તિને ૨૦૦ રૂપિયાનો દંડ કરીને એને જવા દેવામાં આવ્યો છે. આ સંપત્તિ એ ગરીબ લોકોની છે, સેવા માટેની સંપત્તિ છે અને એ સંપત્તિની અંદર સેવાઓ અપાતી હોય છે ત્યારે આ સંપત્તિને નુકસાન ના થાય, એના જાનમાલને નુકસાન ના થાય એ જોવાની અને જાળવણી કરવા આપણે કાયદાનો કડક અમલ કરવો જોઇએ. પાણી પુરવઠો, ગેસ પુરવઠો કે ઓઇલ પુરવઠો કોઇ ખોરવી નાખે તો એને એક વર્ષની સજા અને ૨૦,૦૦૦ નો દંડ કરવો જોઇએ કે ૬ મહિનાની સજા અને ૨૦,૦૦૦ નો દંડ કરવો જોઇએ. કોઇ આગ–અકસ્માત્ કરે, બસ સળગાવે તો એને પણ એક વર્ષની સજા અને ૨૦,૦૦૦ કરતા વધુ દંડ કરવો જોઇએ. આ જો કડક સજા કરવામાં આવશે તો મને ચોક્કસપણે એવું લાગે છે કે આવનારા દિવસોમાં આપણે આ સંપત્તિને બચાવી શકીશું. ગઇકાલે આ સભાગૃહના સાથી પક્ષના મારા

---

* વિધેયક તા. ૧૭મી જુલાઇ, ૨૦૧૪ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

વડિલ મિત્ર શૈલેષભાઇ એમના સ્વર્ગીય પિતાશ્રી મનુભાઇ પરમાર સાહેબની વાત કરતા હતા અને આજે મને એક વાત કરવાનો મોકો મળ્યો છે કે આ લોકશાહીના મંદિરની અંદર સ્વર્ગિય અશોકભાઇ ભટ્ટ અધ્યક્ષ તરીકે હતા અને સત્રના પહેલા દિવસે વિરોધપક્ષ તરફથી જ્યારે હુમલો કરવામાં આવ્યો, સૂત્રોચ્ચાર અને હો–હા કરવામાં આવી. વિરોધપક્ષ સૂત્રોચ્ચાર કરીને પોતાની લાગણી વ્યક્ત કરે, આ બધું કરે, માઇક તોડ્યા ત્યારે ગુજરાતના ઇતિહાસમાં પહેલી વખત વિપક્ષોને આ નહિ કરવું જોઇએ. તમારી લાગણી ચોક્કસપણે રજૂ કરવી જોઇએ. તે દિવસે હું આ ગેલેરીમાં બેઠો હતો અને એ અધ્યક્ષ તરીકે, લોકશાહીના સેનાપતિ તરીકે આ ખુરશીમાં બેઠા પછી એમણે પહેલી વખત ગુજરાતના ઇતિહાસની અંદર એમણે આ કૃત્ય કરનારને દંડની સજા ફટકારી હતી અને એમણે દિલગીરી વ્યક્ત કરવી પડી હતી. આ લોકશાહીના મંદિરના સેનાપતિ તરીકે આપણા સૌની ફરજ થઇ પડે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જ વાત કહેવી છે કે આજે આપણે સાથે મળીને આ વાતાવરણની અંદર સર્વે સાથી પક્ષના મિત્રો ભેગા મળી એક કાયદો બનાવીએ અને અમદાવાદની આ ૬૦૪ની જન્મ જયંતિએ આ કાયદાની ભેટ આપીએ એવી મારી લાગણી વ્યક્ત કરું છું.

શ્રી આનંદભાઇ મો.ચૌધરી(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૪ નું ગુજરાત વિધેયક ક્રમાંક–૧૬ મારા સ્નેહી મિત્ર મુરબ્બી ભૂષણભાઇ ભટ્ટ લઇને આવ્યાં છે. ગુજરાત રાજયમાં જાહેર સંપત્તિને કરાતું નુકસાન અને તોડફોડ માટે શિક્ષા તેમજ વળતર માટે તેની સાથે સંકળાયેલી બાબતોની જોગવાઇ કરવા માટેનું વિધેયક.

દેર આયે દૂરસ્ત આએ ભૂષણભાઇએ છેલ્લા પાંચ વર્ષની વાત કરી, પણ ૨૦૦૨ સુધીની વાત કરત તો આ ક્રાઇમ રેશિયો જે છે એ પણ આપણને ધ્યાનમાં આવત. ભૂષણભાઇએ વાત કરી એ ખૂબ સરસ વાત છે. જાહેર જે મિલકતો છે, ટોળાના ઉદ્દેશો અને કારણમાં લખ્યું છે કે જાહેર સંપત્તિને નુકસાન કરતી ઘટનાઓ રોજબરોજ વધતી જાય છે. ઘણીવાર કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ. લોકોના ટોળા એમના અધિકારો માટે વિરોધ કરે. સ્વાભાવિક છે કે લોકશાહીના આ મંદિરમાં અને બહાર પણ લોકો પોતાનો અવાજ રજૂ કરતા હોય છે. જ્યારે ટોળું એ વિવેક અને ભાન વગરનું હોય ત્યારે એ જે જાહેર સંપત્તિ હોય છે એને નુકસાન પહોંચાડવાનું કૃત્ય કરે અને જે પણ સરકાર એનામાં ઉત્તરદાયિત્વ હોય બહારથી પ્રોત્સાહન આપતા હોય ત્યારે સામાન્ય માણસને જે નુકસાન થાય છે, સામાન્ય કુટુંબને નુકસાન થાય છે, ક્યારેય ખોટ પૂરાતી નથી એવા ઘણા બધા દાખલાઓ આપણે જોયા હશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક વાત કરવી છે અહીંયા, એક નમ્ર સૂચન છે ભૂષણભાઇ, એવા લોકોના સંગઠનના નેતાઓ ઉપર પ્રદર્શન માટે અનધિકૃત ''ઉપાય'' આપણે લખ્યું છે પણ ''કૃત્ય'' લખો તો યોગ્ય હશે એવું મારું એક નમ્ર સૂચન છે. સાથે આ વિધેયક જે છે એને આપણે આવકારીએ અને જે જાહેર મિલકતો છે, જે જાહેર સંસ્થાઓ છે કે, કોઇ પણ માણસને જાહેર રીતે નુકસાન થતું હોય તો એ અટકાવવાની આપણા સૌની જવાબદારી છે અને એ દિશામાં આપ આગળ વધો એવું મારું આ સૂચન છે અને આ આવકાર્ય પગલાને હું સ્વીકારું છું. જય હિન્દ, જય ભારત.

શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગૃહના સન્માનનીય સદસ્ય શ્રી ભૂષણભાઇ ભટ્ટ, ગુજરાત જાહેર સંપત્તિને થતું નુકસાન અને તોડફોડ અટકાવવા બાબતનું વિધેયક–૨૦૧૪ લઇને આવ્યા છે ત્યારે મારા પણ વિચારો હું રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા જાહેર જીવનના ક્ષેત્રમાં સેવાકીય બાબતો હોય, આપણી માળખાકીય સુવિધાઓ માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે વિવિધ પ્રકારની લોકોના ઉપયોગ માટે અનેક પ્રકારની સુવિધાઓ આખા રાજયમાં અને દેશમાં બધે જ્યારે ફેલાયેલી હોય, રાજયની સંપત્તિ, સરકારની સંપત્તિ જ્યારે એને નુકસાન થતું હોય, વ્યકિતગત નુકસાન કરતું હોય કે સમુહમાં જ્યારે રાજ્યની આવી સંપત્તિનો દુરુપયોગ કરે, એને નુકસાન કરે અને તોડફોડ કરે ત્યારે હમણાં જે શ્રી ભૂષણભાઇએ જે પ્રકારના આંકડાઓ આપણને આપ્યા, ખૂબ મોટું નુકસાન ગણી શકાય. માત્ર રસ્તા, વીજળી, પાણી અથવા તો વાહન વ્યવહારની જેટલી પણ સુવિધાઓ આપણે લોકોને જ્યારે આપીએ છીએ, ત્યારે લોકોની પણ એટલી જ હક્ક સાથે એટલી જ ફરજો પણ આપણે નક્કી કરવાની હોય છે અને આપણે જેટલો હક્ક, સેવાઓ મેળવવા માટે હોય એટલી જ

આપણી ફરજ પણ બનતી હોય કે, આવી સંપત્તિઓની આપણે જાળવણી કરીએ. આવા અનેક ગુન્હાઓ બન્યા છે, તોડફોડ થઇ છે. ઘણા સત્યાગ્રહો થતા હોય, હડતાળો થતી હોય, આંદોલનો થતા હોય ત્યારે સામૂહિક રીતે લોકો આવી સંપત્તિનો તોડફોડ કરી પ્રદર્શન કરતા હોય છે. ત્યારે આવા લોકો સમૂહમાં જ્યારે ભાન ભૂલે ત્યારે એના થકી લોકોની સેવાઓમાં જે અગવડ ઉભી થાય છે અને લોકોને હાલાકીનો સામનો કરવો પડે છે એ પણ ઘણું મોટું નુકસાન કરનારો  છે. ત્યારે રાજ્ય સરકારની તિજોરીમાં આપણે લોકોના કરથી જ્યારે સગવડો ઉભી કરતા હોઇએ ત્યારે આપણી સેવાઓ માટે, આપણી સારી સેવાઓ માટે આવા પ્રકારની મિકલતોનો ઉપયોગ લોકો કરતા હોય ત્યારે આવા તોડફોડ કરનારા લોકો જે દુષ્કર્મ આદરતા હોય એવા લોકોને કડકમાં કડક સજા થાય એના માટેનું આ જે વિધેયક લઇને ભૂષણભાઇ આવ્યા છે એમાં હું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ બે દિવસ પહેલાં સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલ પણ કહેતા હતા કે, કાયદાનો અને ફોજદારી કલમનો  લોકોની સમક્ષ ડર હોવો જોઇએ. આ ડર પ્રસ્થાપિત થાય તો આવા પ્રકારની ગુન્હાખોરી જે થતી હોય એ ન થઇ શકે. એના માટે જે પ્રકારમાં કાયદાનું પ્રાવધાન આપણે હોવું જોઇએ એ ખરેખર કરવું જોઇએ અને યોગ્ય પણ છે. કારણ કે, લોકોની માનસિકતામાં જો આવા પ્રકારનો ડર ના હોય તો ગુન્હાખોરોને, ગુન્હાખોરી કરનારાઓને આવા પ્રકારનું પ્રોત્સાહન મળતું હોય છે. આપણે છેલ્લા કેટલાય દાખલાઓની અંદર જોયું છે, ગુન્હા નોંધાયા છે, લોકોએ જોયું હોવા છતાં પણ સાક્ષી પૂરતા નથી. કારણ કે, સરકારનું છે, પોતાની વ્યક્તિગત મિલકત હોત તો એ એનો અલગ રીતે એની ફોજદારી કલમથી એને સાબિત કરવાનું અને સજા કરવાનો એણે વધારે પ્રયત્ન કર્યો હોય. પણ જ્યારે સરકારની મિલકત કોઇની નથી એવી જો માનસિકતા લોકોની અંદર હોય તો ખૂબ ભૂલ ભરેલું છે. આવા પ્રકારના લોકોને સાક્ષી હોય કે આપણો અમલીકરણ અધિકારી હોય એ પણ કાયદાને વધારેમાં વધારે મજબૂત બને.  વધારે કેસ મજબૂત થાય એના માટેના પ્રાવધાનો આ વિધેયકની જોગવાઇમાં છે ત્યારે હું ભુષણભાઇ ભટ્ટના આ વિધેયકનું સમર્થન કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભુષણભાઇ જે બિલ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. ભુષણભાઇ જાહેર સંપત્તિને નુકસાન અને તોડફોડને સમાજનું (xxxxxx)માને છે એવા ભુષણભાઇ આ બિલ લઇને આવ્યા છે.

ઉપાધ્યક્ષશ્રી : ભુષણભાઇ (xxxxxx) માને છે એમ.

શ્રી શૈલેષ મ. પરમાર : એમાં મારા વિચારો રજૂ કરું છું. ભુષણભાઇ એ વિધાનસભા ગૃહના આપણા અધ્યક્ષ સન્માનનીય સ્વર્ગિય અશોક ભટ્ટનું એક આ મોટામાં મોટું આભુષણ સભાગૃહ સમજે છે. મારા મિત્ર છે, એ તો ભુષણ જ છે. આભુષણ છે પણ જે *(xxxxxx)લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. રાજ્ય સરકાર પાસે કાયદાઓ ઘણા બધા છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : (xxxxxx) અટકાવવા આવ્યા છે. (અંતરાય) (xxxxxx) શબ્દ રદ કરીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : કાઢી નાખીશું સાહેબ. અધ્યક્ષશ્રી, મજબૂત છે. એમનો આત્મા પણ મજબૂત છે. ચિંતા ના કરો. એટલે સભાગૃહમાં ઘણાબધા કાયદાઓ ઘડાયા છે, કાયદાઓનો અમલ પણ થતો હોય છે. વિધેયકો પણ આ સભાગૃહમાં અવારનવાર આવતા હોય છે. એ સરકારી વિધેયક હોય કે બિન સરકારી વિધેયકો આવતા હોય છે. ભૂતકાળમાં પણ આ સભાગૃહની અંદર સરકારી વિધેયકના ભાગરૂપે પચાસ ટકા મહિલાઓને અનામત આપો અને ફરજીયાત મતદાન  એ બંને વિધેયક એકી સાથે એક જ કલોઝની અંદર આ વિધાનસભા ગૃહમાં પસાર થયા હતા, બહુમતીના જોરે પસાર પણ થયા ગવર્નર સાહેબે એમાં મંજૂરી પણ આપી. પરિસ્થિતિ એવી થઇ કે વિધેયકના જે બે પાર્ટ હતા, પચાસ ટકા મહિલા અનામત અને ફરજીયાત મતદાન. સરકારની પરિસ્થિતિ, સરકાર જયારે બિલ લાવી ત્યારે વિપક્ષ એની ચિંતા કરતો હતો કે આ બંને બિલ સાથે ના લાવો. આ બંને બિલ જુદા લાવો પણ સરકાર માની નહીં અને સરકાર બંને બિલ સાથે લાવી

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા.

અને એ સરકારે આજે જયારે ગવર્નર સાહેબે બિલને મંજૂરી આપી એ બિલની મંજૂરીના ભાગરૂપે આજે એ સરકાર પચાસ ટકા મહિલા અનામતની જે વાત હતી એ અનામતનો અમલ સરકાર કરી રહી છે. પચાસ ટકા અનામતની જ વાત થઇ. ફરજીયાત મતદાનની વાત ન થઇ એટલે સરકાર એવા કોઇ બિલ લઇને આવે કે જેના લીધે સરકારે પોતે પાછી પાની કરવી પડે. ભુષણભાઇ જે બિલ લઇને આવ્યા છે. સરકારના કાયદાઓ ખૂબ મજબૂત છે. તોડફોડ થતી હોય, સરકારી પ્રોપર્ટીને કોર્પોરેશનનો જયારે બિલની અંદર ઉલ્લેખ કરવામાં આવ્યો છે ત્યારે એ પ્રોપર્ટીને નુકસાન કરવા કોણ જાય છે? પ્રજાના પ્રશ્નોને વાચા જયારે ના મળતી હોય, કોર્પોરેશનના પ્રશ્નો પાણી, નળ, ગટર માટે અધિકારી સાંભળતા ના હોય અને પ્રજા જયારે મોરચો લઇને જતી હોય, આક્રોશમાં હોય અને આક્રોશમાં હોય ત્યારે તોડફોડ થતી હોય છે તો કોર્ટના કાયદાના આધારે નિર્ણય પણ થતા હોય છે અને કોર્ટ એના નિર્ણય પણ લેતી હોય છે. કોર્ટ પાસે એના પાવર્સ પણ છે. આજે નવા વિધેયકના ભાગરૂપે તોડફોડ ન કરવી જોઇએ એની સામે દંડની જોગવાઇ હોવી જોઇએ. ભુષણભાઇ, આ બિલ પાછું ના ખેંચતા. સરકાર કહે તો પણ ના ખેંચતા એટલા માટે કે બિલ લાવો તો એનો અમલ કરો અને તમે પણ અડગ રહો કે આ કરવું જ જોઇએ. કારણ કે રાજય સરકારના કાયદા છે. આ રાજયની અંદર દારુબંધી હોવા છતાં પણ છડેઆમ દારુના ધંધા ચાલે છે.

ઉપાધ્યક્ષશ્રી: સાઇડ ટ્રેક થાય છે.

શ્રી શૈલેષ મ. પરમાર : સાઇડ ટ્રેક નથી. વન ટાઇપ ઓફ કાયદાની વાત છે. હું આપને સંબોધીને નથી કહેતો. હું કાયદા અનુસંધાને વાત કરું છું. સરકારના કાયદાની અંદર ગુજરાતમાં દારૂબંધી હોવા છતા દારૂનો ધંધો ચાલે છે. લોકો જાતે જઇને રેડ પાડે છે. તો શું આપણે એમ માનવું કે કાયદો છે, પણ અમલમાં નથી. કાયદાનું ચુસ્તપણે પાલન થતું નથી. એમ માનીને આપણે ચાલવું? જાહેર મિલકત નહિ, માણસને જાહેરમાં દારૂ વેચવો તે પણ જાહેર મિલકત જ છે.

ઉપાધ્યક્ષશ્રી : સભ્યોને અંદરો અંદર જવાબ ન આપો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તમે ઓર્ડરમાં લાવવાની વાત કરો. જો સામે રિપ્લાય આપશે તો જવાબ આપીશ. મને ખબર છે કે *(xxxxxx) તેવી વાત છે. પ્રજાને પડતી મુશ્કેલીનો ભાગ હોય ત્યારે(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી કહેવત છે.

ઉપાધ્યક્ષશ્રી : બિન સંસદીય શબ્દોની યાદીમાં હશે તો કાઢી નાખવામાં આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર : પ્રજાને સ્પર્શતા પ્રશ્ન માટે લોકો જયારે જતા હોય ત્યારે આવા બનાવો બનતા હોય છે અને એના લીધે ઘણા બધા કેસો પણ થયેલા છે અને કેસોનો ચુકાદો આમાં આવતો હોય છે, ત્યારે ભૂષણભાઇ દૂષણ સમજીને બિલ લઇને આવ્યા હોય તો ૧૦૦ ટકા ટેકો આપું છું. બિલ પાછું ખેંચી લેવાનું હોય તો આવા બિલો આ સભાગૃહમાં લાવ્યા કરતા સરકાર સાથે ચર્ચા કર્યા બાદ જ આવા બિલો લાવવા જોઇએ. સરકારના કાયદા હોય ત્યારે સરકારે કાયદાનો અમલ ચુસ્તપણે કરાવતી હોય, કોર્ટો રાજયમાં ઉપલબ્ધ હોય ત્યારે જાહેર સંપત્તિ આવી જતી હોય છે અને આ જાહેર સંપત્તિઓનું રક્ષણ કરવા માટે સરકાર સક્ષમ હોય ત્યારે હું પોતે માનું છું કે સરકાર સક્ષમ હોય, કાયદો સક્ષમ હોય ત્યારે આવા કોઇ બિલો લાવવાની જરૂર હોતી નથી. શાસક પક્ષના સભ્યશ્રી બિલ લઇને આવ્યા છે તેમાં શંકાને સ્થાન જાય છે. સરકાર સક્ષમ નથી કે કાયદો સક્ષમ નથી એ સભ્યશ્રીએ સમજવાનું છે. આ સાચું બિલ છે. ભૂષણભાઇ ન ખેંચે તો ખૂબ સારું છે. હું માનું છું કે ખેંચી લેશે તેવું લાગે છે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ (ગૃહ પોલીસ આવાસ, નાગરિક સંરક્ષણ, ગૃહ રક્ષક દળ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રજાના કામો માટે તથા સામાજિક ઉપયોગ પ્રજાની સગવડો, પ્રજાની સુખાકારી આ હેતુથી ઉભી કરવામાં આવેલી. જાહેર મિલકતો એ કોઇ ચોક્કસ વ્યક્તિ કે સમૂહની માલિકીની નથી હોતી. દેશની, રાજયની પ્રજા એની માલિક હોય છે અને એટલે રાજયમાં અરાજકતા ફેલાવવાના હેતુથી કયારેક કોઇ બાબતમાં પોતાનો વિરોધ પ્રદર્શિત કરવા માટે અથવા પોતાની માગણીઓ, રજૂઆતોના સંદર્ભે કેટલાક લોકો

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા.

દ્વારા આવી જાહેર મિલકતોને નુકસાન પહોંચાડવાની પવૃત્તિઓ થતી હોય છે અને આ પ્રવૃત્તિઓ બિલકુલ ચલાવી ન લેવાય. એ પ્રકારની વાત અહીયા કહેવામાં આવી છે. માનનીય ધારાસભ્યશ્રી ભૂષણભાઇ ભટ્ટ દ્વારા આ સંબંધમાં ગુજરાત જાહેર સંપત્તિને થતું નુકસાન અને તોડફોડ અટકાવવા બાબતે રજૂ કરવામાં આવેલ બિલ વિધેયક ક્રમાંક–૧૬ સન ૨૦૧૪ માટેની તેઓની લાગણી હું સમજી શકું છું અને આ વિધેયક બાબતે સભાગૃહના સન્માનનીય સભ્યશ્રીઓએ પોતપોતાના વિચારો રજૂ કર્યા છે તેને આવકારું છું. પરંતુ જાહેર સંપત્તિને થતું નુકસાન અને તોડફોડ અટકાવવાના સંદર્ભમાં હાલમાં ભારત સરકારના ધી પ્રિવેન્શન ઓફ ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એકટ ૧૯૮૪ નો કાયદો અમલમાં છે. ભારત સરકારના પ્રવર્તમાન આ કાયદામાં જાહેર મિલકતને નુકસાન માટે ૫ વર્ષ સુધીની સજા તથા દંડ કરવાની જોગવાઇઓ છે. તદ્ ઉપરાંત જાહેર મિલકત જેવી કે વોટર સપ્લાયનું વિતરણ હોય, ઉર્જાના ઉત્પાદનની બાબત હોય, વિતરણ સંબંધી મકાનો, સુએજ વર્ક, ખનીજની માઇન્સ, પબ્લીક ટ્રાન્સપોર્ટેશનના સાધનો હોય, ટેલીકોમ્યુનિકેશનના સાધનો અથવા આવા સાધનો ધરાવતા બિલ્ડીંગો, ઓઇલ ઇન્સ્ટોલેશન વગેરેને નુકસાન કરવામાં આવે તો છ માસથી ઓછી નહીં એવી અને પાંચ વર્ષ સુધીની સજા તથા દંડ કરવાની જોગવાઇ આમાં કરવામાં આવેલી છે.

માનનીય ધારાસભ્યશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલા વિધેયકમાં કલમ–૩ હેઠળ છ માસથી વધુ નહીં હોય એવી અને ૨૦ હજાર સુધીના દંડની જોગવાઇ એમણે સૂચવેલી છે. જેની સામે ભારત સરકારનો પ્રવર્તમાન કાયદો છે તેની જોગવાઇઓ ઘણી વધારે અને ઉચિત પણ છે. હાલના ભારત સરકારના પ્રવર્તમાન કાયદામાં વિસ્ફોટક પદાર્થો અથવા ખાનગી જાહેર મિલકતને નુકસાન કરવામાં આવે તો એક વર્ષથી ઓછી નહીં અને દસ વર્ષ સુધીની સજા અથવા દંડની જોગવાઇઓ આમાં રાખેલી છે. માનનીય ધારાસભ્યશ્રીએ સૂચવેલ વિધેયકની કલમ.૪ જોતાં આવા જ ગુનાઓ માટે વધુમાં વધુ એક વર્ષની સજા તથા વીસ હજાર સુધીના દંડની જોગવાઇ તેમાં સૂચવાઇ છે. ભારત સરકારના આ કાયદાની જોગવાઇના પ્રમાણમાં એ ઘણી ઓછી અને હળવી છે. સમગ્ર રીતે જોતાં જાહેર સંપત્તિને થતું નુકસાન અને તોડફોડ અટકાવવા બાબતે ભારત સરકારના પ્રવર્તમાન આ કાયદાની જોગવાઇઓ તે ઘણી અસરકારક, ન્યાયોચિત અને પૂરતા પ્રમાણમાં છે. હાલમાં ભારત સરકારના અમલમાં રહેલ પ્રીવેન્શન ઓફ ડેમેઝીસ પબ્લીક પ્રોપર્ટી એકટ, ૧૯૮૪નું યોગ્ય તથા અસરકારકતાથી અમલીકરણ થઇ રહ્યું છે. તે હેઠળ રાજયમાં દાખલ થયેલ ગુનાઓની આંકડાકીય વિગતો પણ અહીં આપવામાં આવેલી છે. વર્ષ ૨૦૧૦માં આ કાયદા હેઠળ ૧૩૪ જેટલા ગુનાઓ નોંધી ૭૦૭ આરોપીઓની અટકાયત કરેલી છે. એ જ પ્રમાણે વર્ષ ૨૦૧૧માં ૧૨૧ ગુનાઓ નોંધી ૭૯૭ આરોપીઓની અટકાયત કરેલી છે. વર્ષ ૨૦૧૨માં ૧૩૭ ગુનાઓમાં ૮૩૮ આરોપીઓને પકડયા છે. ૨૦૧૩માં ૧૨૬ ગુનાઓમાં ૬૪૨ જેટલા આરોપીઓ તથા વર્ષ ૨૦૧૪માં ૧૬૦ ગુનાઓમાં ૧૦૮૩ આરોપીઓની અટકાયત કરવામાં આવેલી છે. આમ, માનનીય સભ્યશ્રીએ જે જણાવેલ છે તેમાં પ્રવર્તમાન કાયદા હેઠળ જાહેર સંપત્તિને થતું નુકસાન અને તોડફોડ અટકાવવાના બાબતે અસરકારક કાર્યવાહી થઇ રહેલી છે. તેમજ સૂચિત વિધેયકની સરખામણીમાં પ્રવર્તમાન કાયદો ઘણો કડક અને અસરકારક હોઇ આ સૂચિત વિધેયક મુજબ કાયદો બનાવવાની જરૂરિયાત જણાતી નથી અને એટલા માટે માનનીય ધારાસભ્યશ્રી ભૂષણભાઇ ભટ્ટને આ વિધેયક પરત લેવા માટે હું વિનંતી કરું છું.

શ્રી ભુષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આ બિનસરકારી વિધેયકની અંદર સભ્યશ્રી આનંદભાઇ, સભ્યશ્રી શબ્દશરણભાઇ તથા શૈલેષભાઇએ ખૂબ અસરકારક રીતે વાત કરી અને માનનીય મંત્રીશ્રીએ જે રીતે વિસ્તૃત છણાવટ કરી છે અને આ વચનબદ્ધ સરકાર છે અને વચનબદ્ધ સરકાર જે કામ કરી રહી છે અને કેન્દ્ર સરકારના પ્રવર્તમાન કાયદાઓને ધ્યાનમાં રાખીને માનનીય મંત્રીશ્રીએ જે છણાવટ કરી છે તે જોતાં મને સંતોષ છે એવું લાગે છે અને હું આપની અનુમતિથી આ વિધેયક પાછું ખેંચવાની સભાગૃહ સમક્ષ અનુમતિ માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી ભુષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંકઃ૧૬ સન ૨૦૧૪નું ગુજરાત જાહેર સંપત્તિને થતું નુકસાન અને તોડફોડ અટકાવવા બાબત વિધેયક હું પાછું ખેંચું છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

**સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંકઃ૧૪**

**ગુજરાત રાજય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયક, ૨૦૧૪**

**કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેની માળખાકીય રચનાને સહાયરૂપ થવા ફંડ ઉભું કરવા માટેનું અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષાંગિક બાબતો માટેનું વિધેયક.**

ડો. નીમાબેન બી. આચાર્ય(ભુજ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૧૪ સન ૨૦૧૪નું ગુજરાત રાજય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, આજે ખાસ આ વિધેયક હું અહીંયા લઇ આવી છું એ ગુજરાત રાજય કેન્સર અને ડ્રગ્સના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બોર્ડની રચના કરવા માટેનું છે. આની અંદર જે બોર્ડની રચના કરવા માગીએ છીએ એ બોર્ડમાં ખાસ ફંડની જોગવાઇ કરવામાં આવે જે ફંડ પહેલા તબક્કામાં રૂપિયા ૫૦ કરોડ જેટલું હોય અને બોર્ડની અંદર જે સભ્યો બનાવવામાં આવે તેમાં બોર્ડના અધ્યક્ષ માનનીય મુખ્યમંત્રીશ્રી હોય અને સભ્યો તરીકે માનનીય આરોગ્ય મંત્રીશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને જે તે વિભાગના સચિવશ્રી અને મુખ્ય સચિવશ્રી એ પણ આમાં સભ્ય હોય અને મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી પણ સભ્ય હોય આ રીતે આ જે બોર્ડ બનાવવામાં આવે અને એની અંદર જે ફંડની જોગવાઇ કરવામાં આવે એ ફંડ જુદી જુદી મંડળીઓ અને જે ઔધોગિક સાહસો હોય, અન્ય સાહસો હોય તેઓ પણ આમાં ફંડ આપી શકે અને જાહેર બોર્ડ કોરપોરેશનો, માર્ગ અને મકાનના બોર્ડ આ બધા જ બોર્ડ પોતાનું ફંડ આપી શકે, મંડળીઓ પણ પોતાનું ફંડ આપી શકે અને આ રીતે ૫૦ કરોડ રૂપિયા જેવું ફંડ આની અંદર હોય કે જેની અંદરથી કેન્સર પીડિતોને સહાય કરી શકાય.

કેન્સર એક એવો રોગ છે આપણે કહીએને કે પ્રિવેન્શન ઇઝ બેટર ધેન ક્યોર. તો અર્લી સ્ટેજમાં જો કેન્સરને ડાયગ્નોસીસ કરવામાં આવે તો એ મટી શકે છે અને અર્લી સ્ટેજમાં એને ડાયગ્નોસ કરવા માટે જે જરૂરિયાત છે એમાં મુખ્ય જરૂરિયાત છે લોકોમાં જાગૃતિ હોય અને લોકોમાં પ્રચાર–પ્રસારથી જાગૃતિ આવે અને એના માટેનું રીસર્ચ થાય, એના ઇન્વેસ્ટીગેશન અર્લી ઇન્વેસ્ટીગેશનની સર્વ પ્રકારની સાધન–સહાય હોય, એના માટેની માળખાકીય સુવિધા હોય, એના માટેના મકાનો હોય, એના માટે જે કોઇ અધતન સાધનોની જરૂરિયાત હોય એ પણ હોય અને એ લોકોની સારવાર માટેની તમામ સુવિધા જોઇએ એ મળે એ જરૂરી છે. ખાસ કરીને પીડિત લોકો ગરીબ હોય છે એ લોકોને કેન્સરનો રોગ જ્યારે થતો હોય છે ત્યારે આખો પરિવાર નિઃસહાય બની જતો હોય અને એક તો કેન્સરના નામથી એવો હાઉ પેદા થતો હોય છે કે, ૫૦ ટકા તો કેન્સરનું નામ સાંભળીને દર્દી ખતમ થઇ જતો હોય છે અને એના પરિવારના લોકો પણ ખૂબ પીડા ભોગવતા હોય છે ત્યારે એવા સંજોગોમાં જાગૃતિ હોય, લોકોને કેન્સરના રોગ વિશેની પૂરેપૂરી માહિતી આપવામાં આવે કે આ મટી શકે છે અને આની પૂરેપૂરી સમયસર સારવાર લેવી જોઇએ, ઘણાં લોકો સારવાર લેવામાં પણ બેદરકારી રાખે છે અને એ લોકોને એ પણ ખ્યાલ નથી હોતો કે સારવાર લઇએ તો આ મટી શકે છે તો આવા અનેક પાસાઓ છે કે આ રોગની ભયંકર પીડાની અંદર સહાયરૂપ થઇ શકાય છે અને એટલા માટે આ બોર્ડની રચના કરવી જરૂરી છે અને એના માટે જે કોઇ વ્યવસ્થા કે માળખાકીય સુવિધા ઉભી કરવાની હોય, જે કોઇ ફંડ ઉભું કરવાનું જરૂરી હોય એ કરીને આ કેન્સરના દર્દીઓને અને એના પરિવારને સહાય પૂરી પાડી શકીએ એ જરૂરી છે. કેન્સરની અંદર હું એક દાખલો આપીશ કે આની કેટલી જરૂર છે. દાખલા તરીકે કેન્સર સર્વિક્સ અને બ્રેસ્ટ કેન્સર એની અંદર ૨૭ ટકા ખાસ કરીને મહિલાઓ આનાથી પીડિત હોય અને ૨૭ ટકા બહેનો જ્યારે આ રોગથી પીડાતી હોય અને એને ખબર ન હોય, ૨૭ ટકા મૃત્યુ થતા હોય છે જો અર્લી ડાયગ્નોસીસ થાય તો આપણે એને બચાવી શકીએ. ઝીરો સ્ટેજમાં જો કેન્સર સર્વિક્સ ડાયગ્નોસ થાય તો

ટોટલી કેન્સર ફ્રી પેશન્ટ થઇ શકતું હોય છે અને એના માટેનું વિઝિયોલ ઇન્સ્પેકશન ટેસ્ટ આવે છે એ વિઝિયોલ ઇન્સ્પેકશન ટેસ્ટ એક કોલપોસ્કોપ  હોય અને સર્વિક્સ ઉપર આયોડીન લગાવી અને એને જો કોલપોસ્કોપથી જોવામાં આવે તો માસ સ્ક્રીનીંગ થાય અને આ માસ સ્ક્રીનીંગમાં ખબર પડે કે આ બહેનને કેન્સર થવાનું છે, હજી થયું નથી.  પણ એવું ડાયગ્નોસીસ જો આપણે કરી શકતા હોઇએ, પેપ્સનીયર દ્વારા જો આપણે જાણી શકતા હોઇએ ઝીરો સ્ટેજમાં તો આ જાતનો જે પ્રચાર પ્રસાર કરવાનો છે, જે આવું માસ સ્ક્રીનીંગ કરવાનું છે આ બધું સંસ્થાઓ દ્વારા, ડોકટરોની ટીમ દ્વારા આપણે કરી શકતા હોઇએ છીએ અને એના માટેની જે ફેસેલીટી જોઇએ એ આ માળખાકીય ફંડ બોર્ડ જે કરવા માગીએ છીએ એમાંથી આપણે પ્રોવાઇડ કરી શકીએ  અને કેન્સરના દર્દીઓ જ્યારે પૂરેપરી સારવાર લઇ લેતા હોય ત્યારપછી પણ એને ડર હોય છે તો એને પુનઃસ્થાપિત કરવા માટે એ નોર્મલ જીવન જીવે એના માટેની પણ વ્યવસ્થા અને એનો પ્રચાર, પ્રસાર કરવો જોઇએ અને આ બધા રોગોની અંદર રિસર્ચ કરવું બહુ મહત્વનું હોય છે, તો એના માટે પણ જે સુવિધા કરવી હોય એટલે આ બોર્ડની જરૂર છે અને ડ્રગ્સની જો હું વાત કરું, જેમ તમાકુ લોકો લેતા હોય, તો તમાકુથી મોઢાનું કેન્સર થતું હોય છે, આપણું યુવાધન આમાં વેડફાતું હોય છે ત્યારે યુવાધનને બચાવવા માટે પણ આ ડ્રગ્સની પીડામાંથી એમને બહાર લાવવા જોઇએ. આવા વ્યસનમાંથી બહાર લાવવા જોઇએ અને  વ્યસન મુક્તિ માટેની ઝુંબેશ કરવી જોઇએ. પ્રચાર, પ્રસાર કરીને વ્યસનથી જે તકલીફો થાય છે, વ્યસનથી જે જીવન બરબાદ થતું હોય છે એ વાતનો પ્રચાર, પ્રસાર થાય, ખાસ કરીને યુવાનોમાં આનો ડર ઉભો થાય તો એ ડ્રગ્સ લેતા બંધ થાય ડ્રગ્સ લે નહિ અને ડ્રગ્સ લેનારા જે લોકો છે એને પણ આ વ્યસનમાંથી મુક્ત કરવા માટે જે હોસ્પિટલાઇઝ કરવા પડે અને એના માટે સારવાર આપવી પડે, એના માટેની જે વ્યવસ્થા કરવાની છે એ પણ આ ડ્રગ્સના વ્યસનમાંથી એ લોકોને મુક્ત કરી શકતા હોય છે અને એમને પુનઃસ્થાપિત કરવા માટે જે કંઇ વ્યવસ્થા કરવી પડે એ પણ આપણે કરી શકતા હોઇએ છીએ અને ડ્રગ્સ જે લેતા હોય છે એમને વ્યસન મુક્ત કરવા માટે જે સારવાર આવે છે એ સારવાર ઇઝીલી અવેલેબલ હોય છે એની જાગૃતિ હોય, ઘણા લોકો વ્યસન કરતા હોય પરંતુ એમાંથી મુકત થવા માટે એને બહુ ઇચ્છા હોય પણ એ મુક્ત થઇ શકતા નથી હોતા તો એના માટેની જે સારવાર છે એ સારવાર એ લઇ શકે, એને હોસ્પિટલાઇઝ કરવામાં આવે અને પૂરેપૂરી એમને જે સારવાર આપવામાં આવે તો વ્યસન મુક્ત થઇ શકતા હોય છે એટલે આ રીતે વ્યસન મુક્તિ માટે પણ પ્રચાર, પ્રસાર અને જાગૃતિ ખૂબ જ જરૂરી હોય છે, એની જાહેર ખબરો આપી એના દ્વારા થતાં નુકસાનનો એ લોકોને ખ્યાલ આવે તો આપણું યુવાધન આપણે આમાંથી બચાવી શકીએ હાલના વડાપ્રધાન જ્યારે આપણે ત્યાં મુખ્યમંત્રી હતા ત્યારે તેઓ ગુટકા પર પ્રતિબંધ માટે પણ અહીંયા લઇ આવ્યા હતા બજેટની અંદર તો આ જાતની વ્યવસ્થા કરવા માટે હું આપણા આરોગ્ય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, મારું આ બિલ મંજૂર કરવામાં આવે અને આ જો કરવામાં આવે તો ખરેખર સાચા અર્થમાં આપણે કેન્સર અને ડ્રગ્સની વ્યસન મુક્તિમાં ખૂબ સારું કામ કરી શકીએ, આપણું યુવાધન બચાવી શકીએ, મહિલાઓને બચાવી શકીએ અને આ રીતનું મારું આ બિલ અહીંયા હું રજૂ કરું છું તો એને સ્વીકારવામાં આવે એવી મારી વિનંતી છે.

ડો. તેજશ્રીબેન  દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહિલા તબીબ એવા નીમાબહેન આચાર્ય જે ગુજરાત રાજ્ય કેન્સર અને ડ્રગ્સના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયક, ૨૦૧૪ જે  લઇને આવ્યા છે તેના માટે હું તેમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને વિનંતી કરું છું કે આ વિધેયક પાછું ન ખેંચતા કારણ કે  તમે એના જે ફાયદા વર્ણવ્યા છે એ ખરેખર ખૂબજ પ્રશંસનીય છે અને એક મહિલા ડોકટર તરીકે અને આરોગ્યની બાબતમાં જ્યારે આટલી સુંદર જાણકારી આપશ્રી લઇને આવ્યા છો ત્યારે એ અભિનંદનને પાત્ર છે.

આપના માધ્યમથી એક બીજી વાત કરી દઉં કે અત્યારે ફ્લુવેર સિરપ જે સ્વાઇન ફ્લુ માટે અવેલેબલ નથી તો મંત્રીશ્રી એના માટે વ્યવસ્થા કરે.   હવે આ બિલ ઉપર વાત કરું તો આપણે ગઇકાલે જ વિધાનસભાના જવાબોમાં સાંભળ્યું કે કેન્સર વિભાગમાં જ ૧૩૬ જગ્યાઓ ખાલી છે તો સરકાર આટલી ગંભીર બેદરકારી કેમ રાખે છે એ ચિંતાનો પ્રશ્ન છે. માનનીય નીમાબહેને જે વાત કરી કલમ–૩માં કે આઠ લોકોની આ બોર્ડમાં સભ્ય તરીકે નિમણુંક થવી જોઇએ, એમાં મારી વિનંતી છે કે એમાં એક વિરોધપક્ષના

નેતાનું નામ પણ ઉમેરવું જોઇએ. શાસક પક્ષમાં અને વિરોધપક્ષમાં જો કોઇ તબીબ હોય તો એમનું નામ પણ અંદર હોવું જોઇએ અને સાયકોલોજીના જે નિષ્ણાત ડોકટર હોય એમની પણ આમાં એક નિમણુંક હોવી જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, "કરું છું યુદ્ધ હું તો રાત દિવસ જાતની સાથે, જગત સાથે યુદ્ધ કરવા હું મારી જાતને સક્ષમ નથી સમજતો" એવું આ ડ્રગ એડીકટનું કહેવું હોય છે કારણ કે જે ડ્રગ એડીકટ થઇ જાય છે એને એમાંથી મુકત કરવા ખૂબજ મુશ્કેલ હોય છે, માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે ડી–એડીકશન સેન્ટર અને રિહેબીલીટેશન સેન્ટર જીલ્લે જીલ્લે ઉભાં કરવા જોઇએ જેમાં સાયકોલોજીના ટ્રેઇન્ડ ડોકટર હોવા જોઇએ અને ડ્રગ્સ એડીકશન દૂર કરવા માટે આ ડ્રગ્સ પણ એટલી જ અવેઇલેબલ હોય એ હું કહેવા માગું છું. અને બીજુ જે પેશન્ટસ એડિક્ટ થઇ ગયા છે તે લોકો તો ઇચ્છતા હોય છે કે પોતે આમાંથી મુકત થાય. પરંતુ એ ખૂબ અઘરું હોય છે અને તેમના સગા–વહાલાં ખાસ વધારે ઇચ્છતા હોય છે કે આ બધા addiction થી પોતાનો યુવાન દિકરો હોય કે પિતા હોય કે પતિ હોય તો એ આ addiction માંથી મુકત થાય.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે માનનીય મહિલા મુખ્યમંત્રી હોય ત્યારે હું તેમને પણ વિનંતી કરવા માગુ છું કે, બહેને જે પ્રમાણે વાત કરી કે ૨૭ ટકા મહિલાઓને જે સર્વિકસ કેન્સર અને બ્રેસ્ટ કેન્સર થતાં હોય છે. તેના માટે તાલુકે તાલુકે ચાલીસ વર્ષથી મોટી ઉંમરની મહિલાઓ માટે પેપ્સ મીયર ટેસ્ટીંગ, મેમોગ્રાફી સેન્ટર અને કોલ્પોસ્કોપી તે ફ્રી અને ફરજિયાત કરવુ જોઇએ. કારણ કે આપણે ત્યાં એજયુકેશનનું પ્રમાણ ઓછું હોવાને કારણે આપણી બહેનોને એટલી જાગૃતતા નથી હોતી તો એ લોકોને જો આ સેન્ટર ફરજિયાત હોય અને તેનું રિપોર્ટ અને ટેસ્ટીંગ થાય તો આટલો મોટો ગંભીર રોગ જે ફેલાય છે અને થાય છે જે આપણે કાલના પ્રશ્નોત્તરીના જવાબમાં જોયુ કે કેન્સરના પેશન્ટોની સંખ્યા વધે છે તો તેમાં ઘટાડો થઇ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, મારુ બીજુ એ કહેવું છે કે, તમાકુના લીધે જે તેમણે વાત કરી કે આપણા વડાપ્રધાન આજના જે જયારે મુખ્યમંત્રી હતા ત્યારે ગુટકા ઉપર પ્રતિબંધ લાવ્યા પરંતુ એથી શું થયુ ? તમે રિઝલ્ટ જુઓ જે પાંચ રૂપિયાની તમાકુની પડીકી મળતી હતી તે પહેલા મિકસ મળતી હતી તેના બદલે હવે છૂટ્ટુ છૂટ્ટુ તમાકુ અને ચૂનો બે વસ્તુ મળે છે. અને તેની કિંમત પાંચ રૂપિયાના બદલે પંદર રૂપિયા થઇ ગઇ પણ એથી જે લોકો તમાકુ ખાય છે તેના ઉપર પ્રતિબંધની અમલવારી બરોબર થતી નથી. ખરેખર તો આજના જ પ્રશ્નના જવાબમાં તમે જણાવ્યુ કે ભાવનગર જિલ્લામાં વેટની આવક તમાકુમાંથી ઘણી બધી થાય છે તો ખરેખર તો વેટની આવક ડબલ કરી દેવી જોઇએ તો કદાચ આની ઉપર થોડો ઘણો અંકુશ આવી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, પડીકીઓ વેંચનાર કરતા પણ હું તો વધારે જવાબદાર જે પડીકીઓ બનાવનાર છે તેને કહુ છું પડીકીઓ બનતી જ ના હોય અને વેંચાતુ જ ના હોય તો યુવાન ધનને એ અવેલેબલ જ ના થાય અને તે લોકો ખાય જ નહીં અને આ ભયંકર કેન્સરના રોગમાંથી મુકત થઇ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ મારે એ કહેવુ છે કે, દારૂના લીધે અને drug addiction ના લીધે જે યુવાનોને peptic ulcer, perforation, cirrhosis of liver કિડનીના ડિસીસ અને જે કેન્સર બાજુ જે રોગ જવા જઇ રહ્યાં છે તેના કારણે ગતિશીલ ગુજરાતમાં દારૂનો પણ કડક અમલ થવો જોઇએ. છેલ્લા પાંચ વર્ષમાં ૩૨૩ કરોડ ૪૩ લાખ રૂપિયાનો દારૂ પકડાયો એમાં વિદેશી દારૂ ૧ કરોડ ૯૯ લાખ લિટર અને કેટલો પીવાયો હશે તેની તો કલ્પના જ કરવી રહી.

માનનીય અધ્યક્ષશ્રી, જે દારૂના અડ્ડાઓ ચાલે છે તેના માટે ભારતીય જનતા પાર્ટીના બે ધારાસભ્યોએ સંકલન સમિતિમાં રજૂઆત કરી કે સરસપુર રખિયાલમાં પે એન્ડ યુઝ ટોયલેટમાં દારૂ અને જુગારના અડ્ડાઓ ચાલે છે ત્યાં મહિલાઓએ જાતે રેડ પાડવી પડી, મહિલાઓએ જાતે આ દારૂના અડ્ડાઓ બંધ કરવા પડયા. અને એ વખતે પોલીસે પણ લાઠીચાર્જ કર્યો અને ટીયરગેસના સેલ છોડયા. આવી કરુણ દશા અત્યારે આપણી ગુજરાતમાં આ બની રહી છે અને આ બધી ડ્રગ્સ નશાકારક, ગેરકાયદેસર ધંધામાંથી જે મોટા મોટા હપ્તાઓ ઉઘરાવવામાં આવે છે, જે મોટી મોટી આવકો થાય છે તેના માટે થઇને આ યુવાન ધન અત્યારે મોતના મુખમાં ધકેલાઇ રહ્યું છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, નીમાબેનની વાત સાથે હું સંમત છું કે આ બધુ ડ્રગ એડિકસન અને ડ્રગનો વ્યાપ જે વધી રહ્યો છે તે બંધ થવો જોઇએ. સરકાર આ બધી બાબતો

જાણતી હોવા છતાં આંખ આડા કાન કરે છે તે કોઇ પણ હિસાબે ચલાવી લેવાય નહીં. કારણ કે એમણે કહ્યું કે, prevention is always better than cure એટલે આ બધુ અટકાવવામાં આવે તો જ આપણે તેમાંથી બચી શકીએ. એટલે હપ્તાના પૈસાની આવકમાંથી, લાલચમાંથી અને આ હપ્તાના પૈસા ફંડમાં નાંખી દે એમ કરી આપણે આ યુવાનો જે બેહાલ થઇ રહ્યા છે, આ આપણું યુવાધન જે કેન્સર જેવા અસાધ્ય રોગ તરફ ધકેલાઇ રહ્યું છે તે ના થાય તેના માટે હું નીમાબહેનને વિનંતી કરું છું કે તમે તમારું બિલ પાછું ના ખેંચતા અને માનનીય મંત્રીશ્રી પણ માને.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી(નરોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય ડો. નીમાબહેન આચાર્ય સન ૨૦૧૪નું બિન સરકારી વિધેયક ક્રમાંક-૧૪ ગુજરાત રાજય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબતનું વિધેયક લાવ્યા છે એને હું અનુમોદન આપું છું. તે દિવસે સામે વાળા બહેન સભ્યશ્રી, સભ્યોને સ્વાઇન ફલુની વેકસીન આપવા માટે રજૂઆત કરતા હતા, હું આપશ્રીને વિનંતી કરું છું કે અમે બધા જન પ્રતિનિધિ છીએ અને વેકસીન પોતે એફોર્ડ કરી શકીએ છીએ, તો આ વેકસીનનો ઉપયોગ ગરીબ જનતા જનાર્દન માટે જરૂરિયાત પ્રમાણે કરવો જોઇએ. ઇંગ્લીશ ફીલોસોફર રસેલ બર્નાડ, એમણે કહ્યું છે કે ડ્રગ એડીકશન ઇઝ એ સીરીયસ ડિસીસ, ઇટ વીલ એન્ડ વીથ જેલ, મેન્ટલ ઇસ્ટીટયૂશન ઓર ડેથ, આ પરિસ્થિતિની ગંભીરતાને સમજીને અમારા લોક લાડીલા, દીર્ઘ દ્રષ્ટા, વીઝનરી, સંવેદનશીલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ''મનકી બાત''માં ડ્રગ ફ્રી ઇન્ડિયા માટેના અભિયાનને મીશન મોડમાં લઇ જવાની અપીલ કરી છે, વ્યસન એક માનસિક રોગ છે, તેનાથી આર્થિક, સામાજિક અને શારીરિક નુકસાન થાય છે. અને વૈશ્વિક કક્ષાએ અંદાજે ૫૦૦ મિલિયન ડોલરનો ડ્રગનો કાળો વ્યાપાર થાય છે. જે ત્રીજા નંબરનો વ્યાપાર છે.

વ્યસન જુદા જુદા પ્રકારના હોય છે. દારૂ, તમાકુ, અફિણ, ચરસ, ગાંજા, ભાંગ, કેફીન, એન્ફીટામીન, હેરોઇન, એલ.એસ.ડી., સજેટલ્સ, હીપ્નોટીકસ અને નીકોટીન, પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, સત્રના પહેલા જ દિવસે સદનમાં જે અનુશાસન હિનતા જોવા મળી તે કેવા નશાને લીધે હતી તે હું સમજી શકી નહીં. વિશ્વ સ્તરે ૩૦૦ મિલિયન યુવાનોમાંથી ૧૫૦ મિલિયન યુવાનો ધુમ્રપાનથી ઉદભવતા રોગોને કારણે મૃત્યુને ભેટે છે. ભારત ભરમાં એકલા માત્ર ગુજરાત એક એવું રાજય છે કે જયાં રાજયની સ્થાપના થયાના દિવસથી આજ સુધી નશાબંધી ચાલી રહી છે. અને આપણા દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૧૧ સપ્ટેમ્બર ૨૦૧૨ ના રોજ ગુટખા ઉપર સંપૂર્ણ પણે પ્રતિબંધ લાદયો હતો. ડબલ્યુ. એચ. ઓ. ના જણાવ્યા પ્રમાણે ડ્રગ્સ એબ્યુસ કાયદાકીય રીતે એક ગુનો હોવા છતાં ૩૦ લાખ લોકો ડ્રગ્સનું વ્યસન કરે છે અને ડ્રગ્સ એડીકશનના કારણે respiratory system, સેન્સર સિસ્ટમ, ડાયજેસ્ટીંગ સિસ્ટમ અને જુદા જુદા મેન્ટલ ડીસ ઓર્ડરના રોગોથી પીડાય છે અને આઇ.વી. ડ્રગ્સના લીધે એઇડસનું પ્રમાણે વધે છે. હેરોઇન એ સસ્તી અને સહેલાઇથી ઉપલબ્ધ થવાના કરણે ૧૦ લાખ જેટલા લોકો તેનું સેવન કરે છે. ડ્રગ્સ એડીકશન મોટાભાગે આનુવાંશીક, જૈવિક કારણો, માનસિક પરિબળો જેવા કે અતિશય ક્રોધ, વર્તન અને શિક્ષાત્મક કારણો, રોજગારમાં તીવ્ર હરિફાઇ, આધુનિક યંત્રવત જીવન અને સતત માનસિક તણાવ વાળું જીવન જીવવાના કારણે થાય છે. ગુજરાત રાજયની પ્રથમ મહિલા મુખ્ય મંત્રી માનનીય શ્રી આનંદીબહેન પટેલના નેતૃત્વ વાળી સરકાર દ્વારા આવી વ્યકિતની સારવાર બે તબકકામાં આપવામાં આવે છે. પ્રથમ તબકકામાં આવા વ્યકિતની સંપૂર્ણ શારીરિક માનસિક તપાસ કરવામાં આવે છે, અને દવામાં દાખલ કરીને એને જે શારીરિક આડ અસરથી મુકત કરવા માટેની દવાઓ આપવામાં આવે છે. બીજી બાજુ વ્યકિતને તથા સગા સંબંધીઓને ડ્રગ્સ એડીકટ થવા માટેના કારણો છે તે સમજાવવામાં આવે છે અને ફરીથી એ દવાનો ઉપયોગ ન કરે તેના માટે બીજી દવાઓ આપવામાં આવે છે. અને તેના માટે રાજયમાં વ્યસનમુકિત કેન્દ્રો, રાજયની છ મેડિકલ કોલેજો તેમજ અમદાવાદ વડોદરા અને ભૂજ ખાતેની સરકારી માનસિક રોગોની હોસ્પિટલોમાં વિના મૂલ્યે ડ્રગ એડીકટની સારવાર કરવામાં આવે છે. નાર્કોટીક કન્ટ્રોલ બ્યુરો, એન.સી.બી. અને સુરક્ષાસેતુના સંયુકત અભિગમથી નશાબંધી માટેના જુદા જુદા કાર્યક્રમો કરવામાં આવે છે. હાલમાં

નરોડા વિધાનસભાના અમારા વિસ્તારમાં અમે બધી સ્કૂલોને સાથે લઇને હેલ્ધી કેમ્પસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમા છ મુદ્દાઓનું વર્ણન કરવામાં આવ્યું હતું. પ્રમોટીંગ હેલ્ધી લીવીંગ, પ્રમોટીંગ સ્ટ્રેસ મેનેજમેન્ટ, બિલ્ડીંગ સોશીયલ કોન્સીયસનેસ, ડેવલપીંગ સોફ્ટ સ્કીલ્સ, પ્રમોટીંગ ક્રીટીકલ થીન્કીંગ એન્ડ બિલ્ડીંગ સેલ્ફ એસ્ટીમ. ''ભગવાન બુદ્ધને કહા હૈ કી હે મનુષ્ય તુમ સિંહ કે સામને જાતે સમય ભયભીત ન હોના, વે પરાક્રમ કી પરીક્ષા હૈ. તુમ બઢતી હુઇ જવાલઓસે વિચલીત ન હોના વે સ્વર્ણ પરીક્ષા હૈ. પર નશે ઔર શરાબ કે સદા ભયભીત રહેના કયોંકી વે પાપ ઓર અનાચારકી જનની હૈ.''

સ્વાસ્થય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેજા હેઠળ ગુજરાતમાં કેન્સરની ખૂબ જ સારી સારવાર મળી રહી છે.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, ડો. નીમાબેન આચાર્ય સન ૨૦૧૪નું ગુજરાત રાજય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયક લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

ગઇકાલે જ પ્રશ્ન આવ્યો હતો એમાં જણાવ્યું કે ગુજરાતમાં કેન્સરના લગભગ ૩ લાખ ૫૫ હજાર દર્દીઓ સારવાર લઇ રહ્યા છે. કેન્સર રોગ છેલ્લા થોડાક સમયથી ખૂબ વધી ગયો છે. એના માટે જો કોઇ જવાબદાર હોય તો આપણે પોતે જ છીએ. એ એટલા માટે કે ખેતીમાં આપણે રાસાયણિક ખાતરો પુષ્કળ પ્રમાણમાં વાપરીએ છીએ અને શાકભાજીમાં પણ મોટા પ્રમાણમાં આ ખાતરો વાપરવામાં આવે છે એના લીધે કેન્સરનું પ્રમાણ વધી ગયું છે. અમારા ગામડામાં કેન્સરને કેન્સલ જ કહેવામાં આવે છે. આપણે જે રાસાયણિક ખાતર વાપરીએ છીએ એનો પશ્ચિમના દેશોમાં વાપરવા ઉપર પ્રતિબંધ આવી ગયો છે. આપણે જાણીએ છીએ કે શહેરોની અંદર જે શાકભાજી આવે છે એની અંદર રાસાયણિક ખાતરનો ઉપયોગ મોટા પ્રમાણમાં થાય છે. હમણાં બે-ત્રણ વર્ષ પહેલા દિલ્હીમાં એક મોટા ઓફિસરે ડાયાબિટીસની દવા માટે દુધીનો જયુસ પીધો એ પછી એમનું મૃત્યુ થયું. એનું કારણ એ કે ખેડૂતો પાકનું ઉત્પાદન વધારવા માટે જાત જાતના રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓ વાપરે છે એ શાકભાજી બજારમાં જાય છે અને ખેડૂતને ખબર નથી કે માણસો એ શાકભાજી કયારે વાપરવાના છે.

બીજું જે અનાજ છે, એનું વધારે ઉત્પાદન થાય એના માટે જાતજાતના ખાતરો નાખતા હોય છે એમાં દર વખતે દસ થી ૧૫ ટકા યુરિયા અથવા ડી.એ.પી.નું પ્રમાણ હોય છે. ગયા વખતે એક સરવે એવો આવ્યો હતો કે જે બાળકો દુધ પીવે છે એમાં ૧૫ ટકા યુરિયાનું પ્રમાણ હોય છે. એટલે બાળક જન્મે છે ત્યારથી આપણે એને યુરિયા પીવડાવીએ છીએ. ભેંસો, ગાયોને જયારે ઘાસચારો આપવામાં આવે છે એમાં યુરિયા હોવાને કારણે દુધમાં પણ યુરિયા આવે છે. આપણે ચા પીએ છીએ એમાં યુરિયા આવ્યું હતું એટલે આપણે ચા નથી પીતા પણ કેમિકલ પીએ છીએ. (અંતરાય) તમે બચાવ કરો છો અત્યારે આપણે આનો સામનો કરી રહ્યા છીએ. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય જેઠાભાઇ, આપ બેસી જાવ.

ડો. અનિલ જોષીયારા : તમે તપાસ કરો. જો હું ખોટું બોલતો હોય તો તપાસ કરાવી શકો છો. દુધમાં યુરિયા કેટલા પ્રમાણમાં હોય છે એની તપાસ કરાવી શકો છો.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, મારી પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય સભ્યશ્રીને કહો કે એ બેસી જાય. મારો સમય બગડે છે. આ તો શાકભાજી અને દુધની વાત થઇ. અત્યારે બજારમાં જે દારૂ વેચાય છે એમાં પણ ભેળસેળ વધી ગઇ છે. અમારા વિસ્તારમાં પહેલા મહુડાનો ચોખ્ખો દારૂ મળતો હતો હવે એમાં પણ બેટરીના સેલનો પાવડર નાખવામાં આવે છે એના લીધે કેન્સર જેવા ગંભીર રોગ થાય છે. અત્યારનું યુવાધન મોટા ભાગે નોકરીઓ ન મળવાને કારણે અત્યારે દારુના રવાડે ચડી ગયું છે. તેના લીધે કેન્સરનું પ્રમાણ વધ્યું છે. નીમાબેનની ચિંતા એ છે કે અત્યારે જે અધિકારીઓ છે તેમનું તો બિલ પાસ થઇ જવાનું છે. બહુ વાંધો નથી આવતો. પદાધિકારીઓ, ધારાસભ્યોને પણ બહુ ચિંતા નથી. તેમનું બિલ પાસ થઇ જાય છે. પણ જે લોકો લોઅર મિડલ કે મિડલ કલાસના છે. જેની પાસે બી.પી.એલ. કાર્ડ નથી તેની શું દશા છે તેની કોઇ દિવસ ચિંતા કરી

છે? એ લોકોનો આખો પરિવાર ખલાસ થઇ જાય છે. કેન્સરનું નામ સાંભળીને આખો પરિવાર ચિંતામાં પડી જાય છે. તેની ચિંતા આપણે કરવી જોઇએ. એવા જે પરિવાર છે તેને કેમ કરીને મદદ કરાય તેના માટેનું આ બિલ છે તે નીમાબેન લઇને આવ્યા છે, મારું સમર્થન છે અને હું તો એમ કહું છું કે ભૂતકાળમાં જે બીડી અને સિગારેટ માટે સ્કૂલોની આજુબાજુ ૧૦૦ મીટરમાં ગુટખા ન હોવા જોઇએ એ હતું, મારે તો એમ કહેવું છે કે ગુટખા તો ઠીક છે પણ તમે તમાકુનુ ઉત્પાદન શાના માટે કરવા દો છો? તમાકુનુ ઉત્પાદન પણ બંધ કરવું જોઇએ કે જેથી તેની આ બનાવટો પણ બંધ થઇ જાય. (અંતરાય) ખેડૂત વિરોધી નથી. તમાકુ જેમાં વપરાય છે. તમાકુ બીડીમાં વપરાય છે અને તમને કહું, મોટા ભાગના.. જેઠાભાઇ, હું એક દાખલો આપું. અમારે ત્યાંના અધિકારીનો ૨૨ વર્ષનો એકનો એક છોકરો તમાકુના સેવનથી બે જ વર્ષ જીવ્યો અને મરી ગયો. જીભનું કેન્સર થઇ ગયું હતું. મેં કહ્યું, જીભ કપાવી નાખો, બચી જશે. એ નહીં માન્યા, મારો એકનો એક છોકરો, હું કેમ કરીને જીભ કપાવું અને એ મૃત્યુ પામ્યો. આવી હાલત થાય છે તો તમે તમાકુને લઇને ખેડૂતોની ચિંતા કરો છો પણ સાથે આપણે લોકોના જીવનની પણ ચિંતા કરવી જોઇએ. તમે એક પાસુ નહીં વિચારો. ખેડૂતોને કમાવા માટે બીજા રસ્તા છે. એટલે આ બિલને સમર્થન આપીને નીમાબહેનને કહું છું કે આ બિલ પાછું ન ખેંચે એટલી વિનંતી સાથે વિરમું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) જેઠાભાઇને દૂધ પૂરતો વાંધો છે. દારુમાં વાંધો નથી. દૂધમાં વાંધો છે. તમે કહ્યું કે દૂધમાં યુરિયા બહુ આવે છે. તેનો વાંધો છે. કારણ કે એ દૂધ ઉત્પાદક પશુપાલક સમાજમાંથી આવે છે. દૂધ ડેરીના ચેરમેન છે. પછી તમે એમ કહો કે આમાં યુરિયા આવે છે તો પછી તેમના ધંધાનું શું થાય?

માનનીય અધ્યક્ષશ્રી, હું માનું છું કે આજે ગુજરાત વિધાનસભામાં એક ઇતિહાસ સર્જાયો છે. એ ઇતિહાસ એ રીતે સર્જાયો છે કે ડો. નીમાબેન આચાર્ય જે પ્રજાલક્ષી, દર્દીઓલક્ષી, વ્યસનોની સારવાર માટે અને વ્યસનોની મુક્તિ માટેનું ખૂબ ઉમદા ભાવના સાથેનું ઉમદા હેતુવાળું જે બિલ લઇને આવ્યા છે તેમાં એ બિલ ઉપર ચાર માનનીય સભ્યશ્રીઓએ એમના વિચારો અને સૂચનો વ્યક્ત કર્યા. આ ચારેય માનનીય ધારાસભ્યશ્રીઓ ઉચ્ચ કક્ષાના સ્પેશ્યાલિસ્ટ ડોક્ટરો છે. આજે ડોક્ટર સિવાય કોઇએ પોતાનો પ્રતિભાવ–સૂચન આપ્યું નથી અને કદાચ રેકર્ડ જોઇ લેજો સાહેબ, કે આજ સુધી ગુજરાત વિધાનસભામાં નહીં બન્યું હોય કે ફક્ત ડોક્ટરોએ જ સૂચનો રજૂ કર્યા હોય એવું આ પહેલું બિલ છે. (અંતરાય) હું ડોક્ટર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા સમાજ જીવનમાંથી આવીએ છીએ. અહીં બેઠેલાં આપણે બધાં છ કરોડ ગુજરાતીઓનું પ્રતિનિધિત્વ કરીએ છીએ. આપણી બધાની હંમેશા એ ઇચ્છા હોય છે કે આપણું ગુજરાત પ્રગતિશીલ બને, આપણાં ગુજરાતનો સર્વાંગી વિકાસ થાય અને સાથે સાથે દરેક ગુજરાતી શારીરિક રીતે, માનસિક રીતે બધી જ રીતે પુષ્ટ બને અને કોઇ પણ ગુજરાતીને, કોઇ પણ ભારતવાસીને કોઇ પ્રકારનું દુઃખ, દર્દ થાય નહીં અને કદાચ થાય તો તેની સારામાં સારી સારવાર થાય, તે વ્યક્તિનો જીવ બચી જાય અને પરિવારમાં હસતો–ફરતો થઇ જાય. કમાતો થઇ જાય અને મા–બાપ બાળકો બધા સાથે રહી અને પોતાનું પારિવારિક જીવન આનંદથી વિતાવે એવી આપણી બધાની હંમેશા ઇચ્છા હોય છે. પરંતુ આપણી ઇચ્છાઓ આડે અનેક પ્રશ્નો આવતા હોય છે. અને એમાં જે પ્રશ્નો આવે એ સામાજીક હોય, આર્થિક હોય, વ્યવહારીક હોય, ધંધાકીય હોય એ બધા પ્રશ્નો અલગ રીતના હોય છે. પણ જે કુદરતી પ્રશ્નો આવે, કોઇ રોગના પ્રશ્નો થાય ત્યારે સ્વાભાવિક રીતે જ આપણે મદદ કરવાની અનેક ઇચ્છા ધરાવતા હોઇએ છીએ. આજે માનનીય નીમાબેન, તેજશ્રીબેન, નિર્મલાબેન અને અનિલભાઇ જોષીયારા જે ચારેય ડોક્ટરો છે, એમના જીવનના અનુભવોનું ભાથુ છે એના દ્વારા એમણે સૂચનો રજૂ કર્યા છે. આપણે બધા દાયકાઓથી જાણીએ છીએ કે, કેન્સર એ જીવલેણ રોગ છે. જોષીયારાજીએ કહ્યું એમ કેન્સરનું નામ પડે એટલે વ્યકિત હવે આપણી વચ્ચે નહીં રહી શકે એવી બધાના મનની લાગણી થઇ જાય છે. આ બાબત આખા દેશની દ્રષ્ટીએ ચિંતાજનક છે. જુદા જુદા કારણોથી કેન્સરની માત્રા દેશમાં વધતી જાય છે. એમાં અનેક પરિબળો જવાબદાર છે. એક અંદાજ પ્રમાણે આપણા દેશની અંદર લગભગ ૨૮ લાખ લોકો કેન્સરના દર્દથી પીડાય છે. જેમાં દર વર્ષે ૧૦ લાખ નવા કેસ ઉમેરાય છે. ૧૨૫ કરોડ લોકોમાંથી દેશમાં દર વર્ષે ૧૦ લાખ લોકોને કેન્સરનું દર્દ થાય છે અને વિશ્વ

આરોગ્ય સંસ્થાએ જે સરવે કર્યો છે અને જે આંકડા બહાર પાડ્યા છે એ પ્રમાણે ૨૦૦૫માં ભારતમાં ૫ લાખ લોકોનું કેન્સરના કારણે મૃત્યુ થયેલું. એટલે આમાં દર્દના લક્ષણો જોતાં એમાં મૃત્યુની માત્રા પણ વધારે હોય છે. ખાસ કરીને પુરુષોમાં મોઢાનું કેન્સર, ફેફસાનું કેન્સર, અન્નનળીનું કેન્સર વધારે જોવા મળે છે. સ્ત્રીઓમાં સ્તન કેન્સર, ગર્ભાશયના મુખનું કેન્સર વધારે પ્રમાણમાં જોવા મળે છે. કેન્સરની સારવાર આપણી હોસ્પિટલોમાં આપવામાં આવે છે. કોઇ વ્યક્તિ એમ નહીં કહી શકે કે, કેન્સર ૧૦૦ ટકા મટી જ જાય છે. એવી સિક્યોર દવા કે વ્યવસ્થા કે સિક્યોર ઓપરેશનની પદ્ધતિ પુરવાર કરી શકયા નથી. એટલા માટે હજુપણ સમગ્ર દુનિયાભરમાં કેન્સરની હોસ્પિટલોને  હોસ્પિટલની સાથોસાથ રિસર્ચ સેન્ટર તરીકે પણ જોવામાં આવે છે. અનેક જાતના રિસર્ચ સેન્ટરોમાં દવાઓ શોધાય છે, સારવાર પદ્ધતિ શોધાઇ જાય અને પછી એમાંથી દર્દીઓને રાહત આપવાનો આપણે પ્રયત્ન કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સ્ત્રીઓમાં ૨૫ ટકા સ્તન કેન્સરના કેસ અને ૧૬ ટકા ગર્ભાશયના મુખના કેસ જોવા મળે છે. એમાં માનનીય સભ્યશ્રીએ કહ્યું તેમ જો વહેલુ સ્ક્રીનીંગ થાય તો ચોક્કસ આપણે દર્દીને બચાવી શકીએ છીએ. આપણે બધા જાણીએ છીએ કે, અનેક જગ્યાએ કેન્સરના જુદા જુદા સ્ટેજ હોય છે અને એ સ્ટેજ એ, બી, સી સામાન્ય લોકભોગ્ય સમજ પ્રમાણે છે. પ્રથમ તબક્કામાં એ કેટેગરીમાં જો રોગનું ડિટેક્શન થાય, ડાયગ્નોસીસ થઇ જાય તો એની સારવાર પદ્ધતિઓ આપણે અપનાવી ચૂક્યા છીએ અને અમલમાં મૂકી ચૂક્યા છીએ અને દર્દીને આપણે ૧૦૦ ટકા બચાવી શકીએ છીએ. બીજા તબક્કામાં રોગ ડિટેક્ટ થાય, એટલે કે એ બી કેટેગરીમાં આવતા હોય તો એમને પણ આપણે બચાવવા માટે ચોક્કસ પ્રયત્ન કરીએ છીએ, એમની જીવન મર્યાદા આપણે વધારી શકીએ છીએ, જીવન રેખા લંબાવી શકીએ છીએ. સી કેટેગરી એટલે છેલ્લા તબક્કામાં રોગ પહોંચ્યો હોય તો એવા દર્દીની ટીપીકલ પરિસ્થિતિ થાય છે. માનનીય નીમાબેનનો હેતુ છે એ બિલમાં એ છે કે, રૂ.૫૦/– કરોડનું ફંડ સરકાર ઉભું કરે અને કેન્સરના દર્દીઓની એ ફંડમાંથી સારવાર થાય.

મારે માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકવું છે.  કે આ ૫૦ કરોડ રૂપિયા  એ રાજય સરકાર માટે કોઇ મોટી રકમ નથી.  એમણે કીધું  કે બહારથી ફંડ લાવીએ, બીજા લોકો દાન આપે, એ પણ જરૂર નથી. એટલા માટે જરૂર નથી કે આપણી રાજય સરકાર પોતે અમારો આરોગ્ય વિભાગ દર વર્ષે સેંકડો  કરોડ રૂપિયા કેન્સરના દર્દીઓની સારવાર માટે, સુવિધા માટે, ઓપરેશનો માટે, દવા માટે,  આપણે ગુજરાતના લોકોને મદદરૂપ થવા  ખર્ચ કરીએ છીએ. ગુજરાતમાં રાજય સરકારની સંચાલિત એવી ચાર કેન્સરની હોસ્પિટલ છે, છ ખાનગી હોસ્પિટલ છે અને જુદી જુદી ટ્રસ્ટોની પણ હોસ્પિટલ છે એ છ ટ્રસ્ટો પણ કેન્સરની સારવાર આપે છે.  અહીંયા રકમની વાત થઇ કે કેન્સરના દર્દીને કીડની હોય, હૃદય રોગ હોય, મોંઘી સારવાર વાળા દર્દો હોય એ આપણે જાણીએ છીએ એટલા માટે જ આપણા મુખ્યમંત્રી જયારે નરેન્દ્રભાઇ મોદી સાહેબ હતા ત્યારે એમણે ‘મા’ યોજના અમલમાં મૂકેલી અને બે લાખ રૂપિયા સુધીની સારવાર બધાને મફત થાય, કેન્સરના દર્દીઓની એ આપણે અમલ કરી દીધો છે એ પછી ગયા વર્ષે માનનીય આનંદીબેન મુખ્યમંત્રીશ્રીએ  ‘મા વાત્સલ્ય યોજના’ અમલમાં મૂકી એમાં મધ્યમ વર્ગની ૧ લાખ ૨૦ હજારની આવક ધરાવતા પરિવારોને પણ આપણે સંપૂર્ણ સારવાર મફત કરીએ છીએ.

ગુજરાતની કેન્સર ઇન્સ્ટીટ્યૂટ એ આપણી એક વિશ્વ પ્રસિદ્ધ કેન્સરની સારવાર આપતી આપણી હોસ્પિટલ છે.  એના વિશે આપણે બધા જાણીએ છીએ.  આ વખતે આપણે ગુજરાતમાં સારવારનો વ્યાપ વધારી ભાવનગર ખાતે કેન્સર હોસ્પિટલનું કામ પૂર્ણ કરવા ઉપર છીએ અને એમાં લીનીયર એકસીલેટર અને સીટી સીમ્યુલેટર બે મશીન ૨૦૧૫–૧૬માં આપણે મૂકવાના છીએ અને એની ખરીદી કરવાની ટેન્ડરની બજેટ જોગવાઇ પણ આપણે કરી દીધી છે.  એવી રીતે રાજકોટમાં કેન્સર કેર સેન્ટર જી.સી.સી.નું પણ આપણે આયોજન કર્યુ છે.  ૭૫ ટકા ભારત સરકાર મદદ કરશે, ૨૫ ટકા રાજય સરકારના છે.  ત્યાં ૨૦૦ પથારીની હોસ્પિટલનું બાંધકામ સો ટકા ગુજરાત સરકારના  ખર્ચે લગભગ આપણે પૂર્ણ કરવા ઉપર છીએ અને ત્યાં પણ આ બન્ને મશીનો આપણે મૂકીશું.  લીનીયર એકસીલેટર અને સીટી સીમ્યુલેટર રાજકોટમાં સારવાર અપાશે, જામનગરમાં પણ સો પથારીની કેન્સર હોસ્પિટલનું ચોવીસ કરોડ રૂપિયાના ખર્ચે કામ ચાલુ કર્યુ છે

ત્યાં પણ બે મશીન આપણે ૩૭ કરોડ રૂપિયાના ખર્ચે આ વર્ષે વસાવવાના છીએ. વડોદરામાં પણ મશીન મૂકવા બંકરનું કામ ચાલુ છે અને લીનીયર એકસીલેટર અને સીટી સીમ્યુલેટરની ખરીદવાની કામગીરી ચાલુ છે. સુરતમાં ગ્રાન્ટ ઇન એઇડ હોસ્પિટલને આપણે મદદ આપીએ છીએ. સિદ્ધપુરનો દાખલો કહું માનનીય બલવંતસિંહજી છે એટલા માટે સિદ્ધપુરમાં બે પ્રકારના મશીન છે. ગઇ કાલે જે મેં વાત કરી એ મશીન જે આપણે ખસેડવાના છીએ એ અલગ મશીન છે. ત્યાં રેડિયો થેરાપીનું રેડિયો થેરાપી માટે આપણે લીનીયર એકસીલેટરની સેવા ચાલુ છે, સારવાર ચાલુ છે અને ગુજરાત કેન્સર હોસ્પિટલ ત્યાં આગળ વ્યવસ્થા સંભાળે છે અને અત્યાર સુધીમાં સેંકડો દર્દીઓને આપણે ત્યાં લાભ આપી ચૂકયા છીએ અને ચાલુ પણ છે. બીજો જે એમનો વિષય છે – વ્યસન મુકિત, એ પણ સમાજના બધા જ અગ્રણીઓ માટે ખૂબ ગંભીર વિષય છે. જેમ જેમ સમૃદ્ધિ વધી, હરવા ફરવાની તકો વધી, એડવર્ટાઇઝો જોઇને દેખાદેખી વધી એમ બધા જ વ્યસનો તરફ વળ્યા છે તો વ્યસન મુકિત થાય, કોઇને વ્યસનની આદત પડી હોય તો વ્યસનમાંથી મુકત થાય એ બધું જ સરકાર તરફથી બધી જ જગ્યાએ આપણે કરી રહ્યા છીએ માટે સરકાર અનેક ગણું જયારે કામ કરી રહી છે ત્યારે માનનીય નીમાબેનને મારી વિનંતી છે કે આપનું બિલ આપ પાછું ખેંચો અને આપે ખૂબ સુંદર વિચારો સાથે બધા જ સભ્યશ્રીઓએ જે સૂચન કર્યા છે એની અમે નોંધ લીધી છે અને જેટલા શકય હશે એ બધ જ સૂચનોનો પોઝીટીવલી અમે સરકારમાં, આરોગ્ય વિભાગમાં અમલ કરીશું.

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, મારા બિલમાં જે સભ્યશ્રીઓએ ભાગ લીધો છે એ સૌનો પણ હું આભાર માનુ છું અને માનનીય મંત્રીશ્રીએ જે વિગતવાર ચર્ચા કરી છે અને કેન્સર માટે ખાસ કરીને જે લીનીયર એકસીલેટર મશીનો વસાવવા કરોડોના ખર્ચે બધી હોસ્પિટલોમાં જે રીતે વ્યવસ્થા ગોઠવી છે એ રીતે મને એ વાતથી ઘણો સંતોષ થયો છે અને જે માનનીય મંત્રીશ્રીએ જે ડ્રગ્સની, વ્યસન મુકિત માટે પણ જે અહીંયા ચર્ચા કરી છે, તો મને લાગે છે કે સરકારશ્રી તરફથી ખૂબ સારા પ્રયત્નો કેન્સર રિસર્ચ, કેન્સર નિદાન અને વ્યસન મુક્તિમાં થઇ રહ્યા છે અને કરોડો રૂપિયાનો ખર્ચ જ્યારે સરકાર આ બધા વિષયોમાં કરી રહી છે અને બજેટમાં પણ ખૂબ જોગવાઇ કરી છે ત્યારે અમારા સૂચનો છે એ તમામ સૂચનોને ધ્યાને લઇ વિશેષ કામગીરી કરવાની મને જ્યારે ખાતરી મળી છે, ત્યારે આ સભાગૃહ મને મારું બિલ પાછું ખેંચી લેવાની અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, હું મારું વિધેયક પાછું ખેંચી લઉં છું.

ઉપાધ્યક્ષશ્રી : **વિધેયક પાછું ખેચવામાં આવે છે.**

**સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૫**

**ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક, ૨૦૧૪**

**રાજયના શહેરી વિસ્તારોમાં ટ્રાફિકને લગતી જોગવાઇઓના ચુસ્ત અમલીકરણ માટેની તથા ટ્રાફિક ઉપદ્રવના નિવારણ અને નિયંત્રણ માટેના અમુક પગલાં લેવા માટેની અને તેને લગતી બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક.**

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૧૪ના ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ તો આપને ઉપાધ્યક્ષ તરીકે વરણી થઇ તે બદલ હૃદયથી અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું તો એ જિલ્લામાંથી આવું છું કે, ગુજરાત રાજયનો અત્યારનો જો સૌથી મોટો ટ્રાફિકની સમસ્યા ભોગવતો હોય તો એ ભરુચ જિલ્લો છે અને ઘણી વિસ્તૃત ચર્ચાઓ આ બાબતમાં કરી

* વિધેયક તા. ૧૭મી જુલાઇ ૨૦૧૪ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

શકાય એમ છે. ઘણા બધા સારા સૂચનો પણ છે. જે રીતે ગુજરાતનો વિકાસ થઇ રહ્યો છે એ જોતાં જ્યારે આર.ટી.ઓ. ઓફિસના આંકડા લઇએ ત્યારે આપણી આંખ ખુલ્લી રહી જાય એટલા બધા વાહનો આ રાજ્યમાં વધી રહ્યા છે અને એના કારણે આપણા માર્ગો છે એ આટલા બધા વાહનો સહન કરી શકે એમ ન હોવાના કારણે આખા રાજ્યમાં ટ્રાફિકની સમસ્યા ઉભી થયેલી જોવા મળે છે.

સૌ પ્રથમ તો મારે એ ધ્યાન દોરવું છે કે આજે ગૃહમાં બેઠેલા બધાની ચિંતા હશે કે આજના મા–બાપો એ ચિંતા કરતાં નથી કે ટ્યુશનનો સમય થઇ ગયો હોય અને કોઇ વ્યવસ્થા ન હોય પણ બાળક જો ૧૪–૧૫ વર્ષનું હોય તો એને સ્કૂટર અપાવી દે છે. જેથી કરીને બાળક ટ્યુશનમાં કે શાળાએ જઇ શકે. એમ કહી શકાય કે આખા રાજ્યમાં ઘણા એવા કેસો જોવા મળે છે કે નાના નાના બાળકો અકસ્માતોને કારણે મોતને ભેટતા હોય છે અથવા તેઓ અપંગતા મેળવે છે. સૌથી મોટું કારણ આ દેશની અંદર અભણ લોકોને પણ લાયસન્સ બહુ સહેલાઇથી મળી જાય છે. આના કારણે પણ અકસ્માતો વધારે થતા હોય છે. કોઇ અભણ માણસ વાહન ચલાવે છે ત્યારે એને ટ્રાફિક નિયમનનું ભાન હોતું કે નથી લખેલું વાંચી શકતો અને એના કારણે એ જ્યારે આખા દેશમાં પરિભ્રમણ કરતો હોય છે ત્યારે ઘણા અકસ્માતો જોવા મળે છે. આપણે પિકચરોમાં પણ જોઇએ તો એક 'ધૂમ' નામનું પિકચર આવેલું. એ જોઇએ તો એક બાઇક ઉપર હીરો પસાર થતો હોય, એ બાઇક કોમ્પ્યુટરાઇઝડ હોય કે જેની સ્પીડ આપણને ખબર પડતી ન હોય પણ એની બરાબર નકલ કરીને આજના યુવાનો વાહનો ચલાવે છે અને આ યુવાનોના અનુકરણ કરવાના કારણે રસ્તા પર જતાં નિર્દોષ લોકો, રોડ પર ફરતા લોકો સાથે અકસ્માત થતા હોય છે અને આવા બાઇક ચલાવનારના કારણે ઘણા લોકો મૃત્યું પામે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખોટું પાર્કીંગ. આજે જોઇએ તો પાર્કીંગના બોર્ડ, નો પાર્કીંગ ઝોન હોય છે તો પણ અજ્ઞાનતાના કારણે જ્યાં ત્યાં વ્હીકલો મૂકવા, જ્યાં ત્યાં વ્હીકલો પાર્ક કરવા અને એના કારણે પણ આપણે જોઇએ તો આજે એક્સીડન્ટ થાય છે. ખોટા ટ્રેક પર ડ્રાઇવિંગ કરવું. ગમે એટલો દૂર હોય પણ રોડ વળીને આવવાના બદલે એ રોંગ સાઇડ જવાના કારણે પણ જ્યારે આખા આર.ટી.ઓ.ના ફિગર્સ છે જ્યારે પણ મૃત્યુના કારણો જોઇએ છીએ તો એની અંદર આ તમામે તમામ કારણો હું માનું છું ત્યાં સુધી આ મુખ્ય છે. આજે પણ તમે જોશો કે મોબાઇલ યુગ છે. ઘણાં બધા યુવાનો, ઘણાં બધા લોકો આજે સ્કૂટર પર હોય, ગાડી પર હોય, કોઇ પણ પ્રકારના વ્હીકલ પર હોય ત્યારે એક સાઇડ પોતાના કાન પર રાખીને આજના આર.ટી.ઓ. સરવે પણ એવું કહે છે કે સૌથી વધારે એક્સીડન્ટ એ મોબાઇલ યુઝર દ્વારા થાય છે. મોબાઇલ ચાલુ રાખીને જ પોતાનું વાહન હંકારતા હોય છે. ભલે ગમે એટલા નિયંત્રણ હોય પણ મોબાઇલ યુઝરથી પણ એક્સીડન્ટ ખૂબ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં નશાની વાત કરી પણ રેસ્ટલેસ ડ્રાઇવિંગ જેને કહી શકાય છે. હીટ અને રનના કેસ આ રાજ્યમાં જોવા મળે છે. મધરાતે જેટલા એક્સીડન્ટ કાર કે સ્કૂટરની ઓવર સ્પીડિંગના કારણે થતા હોય તે નશામાં ડ્રાઇવિંગ કરતા હોય છે એને લીધે એક્સીડન્ટ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું એક કારણ એ પણ છે કે ગાડીના સીસી જેને કહી શકાય. એ ભલે ૮૦૦ સીસીની કે ૧૦૦૦ સીસીની ગાડી હોય પણ એને ઓવર સ્પીડિંગ કરો છો. જ્યારે ગાડીની ક્ષમતા ના હોય તેમ છતાંય ગાડી જ્યારે હાઇવે પર જતી હોય ત્યારે ઓવર સ્પીડ જ હોય છે એનાથી પણ બહુ પ્રમાણમાં એક્સીડન્ટ થાય છે અને નિર્ધારિત પેસેન્જર કરતા વધારે પેસેન્જર ભરવાથી પણ એક્સીડન્ટ થાય છે. નેશનલ હાઇવેની વાત કરું. આપણા નેશનલ હાઇવે પણ ૩ લેઇન છે. જે સૌથી ફાસ્ટ લેઇન છે એના પર આપ જોશો તો મોટા મોટા વાહનો અને ટ્રકો એ ફાસ્ટ લેઇન પર ચલાવે છે. કારણ કે એ ડ્રાઇવરને મેં કહ્યું એમ એને લેઇનનું ભાન નથી અને એ હંમેશા પોતાના વ્હીકલને સેઇફ રાખવા માટે એ ફર્સ્ટ લેઇનની અંદર ચલાવતો હોય છે એનાથી પણ બહુ મોટા એક્સીડન્ટ થાય છે. અત્યારના ઠંડા પીણામાં એડવર્ટાઇઝમેન્ટ આવે છે– ડર કે આગે જીત હૈ આવી એડવર્ટાઇઝમેન્ટ જોઇને પણ આજના યુવાનો ગમે એવા ટ્રેક પર ચલાવે છે. જ્યારે માઉન્ટેરીંગ માટે જતા હોય ત્યારે ત્યાંથી એડવર્ટાઇઝમેન્ટ જોઇને એવા મોતને ભેટેલા છે એવા પણ કિસ્સા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ કહેવું છે કે ડોકટરના માનવા મુજબ ૭% હાર્ટ એટેક એ ટ્રાફિક સમસ્યાનો ભાગ ભજવે છે. હવાનું પ્રદૂષણ એ હાર્ટ એટેકના હુમલા સાથે આપણુ પર્યાવરણ સાથે સંકળાયેલું હોય છે. ભારે ટ્રાફિક હોય છે અને એનું હવાનું પ્રદૂષણ હોય છે તો ડોકટરનું તારણ પણ છે કે ૭% હાર્ટ એટેક એના લીધે આવે છે એમ કહી શકાય. હવા પણ બહુ મોટું કારણ છે કે ટાયરમાં ઈન્ફ્લેશન હોય, વધારે પડતી હવા હોય તો એનાથી એક્સીડન્ટ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આના નિવારણ માટે પબ્લિક ટ્રાન્સપોર્ટ વધુમાં વધુ ઉપયોગ થાય. આપણે એવી જોગવાઇ કરવી જોઇએ કે આંખોની તપાસ ફરજિયાત કરવામાં આવે. રોડ પર રખડતા ઢોર–જનાવર છે જેના લીધે નુકસાન થાય છે જેના નિયમો કડક બનાવવા જોઇએ. સભા–સરઘસ, વરઘોડા, લગ્ન પ્રસંગનો પણ મુખ્ય રસ્તા પર પ્રતિબંધ લાવવો પડે. ભારતમાં કુલ વાહનો છે એ આખી દુનિયામાં જે વાહનો છે એના ૧% છે. ખાલી સિંગલ પર્સન્ટ આ દેશની અંદર છે તો પણ એક્સીડન્ટનું પ્રમાણ જો જોવા જઇએ તો દુનિયાની સરખામણીમાં આજે ૧૦% છે તો આ પણ એક ધ્યાનમાં લેવા જેવી બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, લાયસન્સની પ્રક્રિયામાં ખરેખર સુધારો કરવો જોઇએ. ટાઉન પ્લાનિંગમાં ટ્રાફિકને મહત્વ આપવું જોઇએ. ટ્રાફિક પાર્ક બનાવવા જોઇએ. ટ્રાફિક એજ્યુકેશન અનિવાર્ય છે. ત્યાં સુધી છે કે ધોરણ ૫ થી લઇને ધોરણ ૮ સુધી જો એક ટ્રાફિકનો સબ્જેક્ટ રાખવામાં આવે તો બહુ સારુ નોલેજ આપશે. પોલીસમેન અને ઓફિસર્સને ટ્રેનિંગ આપવી જોઇએ. ટ્રાફિક ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટની સ્ટેટ લેવલે એની રચના થવી જોઇએ. અર્બન પ્લાનિંગની અંદર ટ્રાફિક ઇમ્પોર્ટન્ટ કોમ્પોનન્ટ હોવો જોઇએ. એક્સપર્ટ ટ્રાફિક મેનેજમેન્ટ આ દેશની અંદર અમલમાં મૂકવું પડે અને જે લાયસન્સ પ્રોસેસ છે એને સ્ટ્રિક્ટ બનાવીને જેનાથી એક્સીડન્ટ ૩ વખત થાય તો એનું લાયસન્સ રદ કરવા માનનીય મંત્રીશ્રીને સૂચન કરું છું કે આમાં કાંઇક સારા સૂચનો હોય તો તે અમલમાં મૂકે.

શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબતનું વિધેયક આ ગૃહમાં લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ લઇને આવ્યા છે એમના માટે હું મારા વ્યક્તિગત રીતે પણ એમને ધન્યવાદ આપું છું. કારણ કે મોટા ભાગે અમારા સંબંધીઓ દક્ષિણ ગુજરાતના હોવાના નાતે, મોટા શહેરોની તો વાત ઠીક પણ આજે નેશનલ હાઇ–વે, સ્ટેટ હાઇ–વે પણ મોટા ભાગે ટ્રાફિકમાં જામ થાય છે અને એમાં શું મુશ્કેલીઓ હોય છે એ ભૂતકાળમાં વર્તમાન પત્રોમાં પણ આવ્યું છે કે, મોટાભાગે આ બે માસ પહેલાં લગ્ન ગાળાની સીઝન હતી. સ્વાભાવિક છે કે, લગ્નનો સમય હોય નિયમ સમય, પણ ટ્રાફિક ભરુચ સાઇડે લગભગ પાંચ–સાત કલાક જામ હોવાના કારણે લગ્નમાં પણ લગ્ન પતી ગયા પછી એ પોતાના કુટુંબીજનો ત્યાં પહોંચે છે. એ લાગણી ભૂતકાળમાં આપ સૌ એ રોડે ગયા હોય તો ખબર પડે, "ઘાયલ કી ગતિ, ઘાયલ જાને". દુષ્યંતભાઇ ઘાયલની ગતિ ઘાયલ તરીકે જાણે છે, તમે એમને પૂછી લેજો. એમના ભરુચ વિસ્તારમાંથી આ બિલ કેમ લાવ્યા છે ? એમની મુશ્કેલીઓ વધી ગઇ છે. શહેરમાં તો મુશ્કેલી છે પણ હાઇ–વે પર આટલી બધી મુશ્કેલી હોય ત્યારે આ બિલ લાવવાની ફરજ પડી છે ત્યારે ફરીથી એમને અભિનંદન આપું છું અને સરકારને એ કહેવા માગુ છું કે, માનનીય અધ્યક્ષશ્રી, મોટા શહેરોની અંદર લોકો નોકરી ધંધા માટે, સમયસર પહોંચવા માટે, બાળકો ટ્યૂશને અને સ્કુલે સમયસર જવા માટે અને બાંધકામ ઝડપથી થઇ રહ્યું છે ત્યારે લોકો મજૂરો, કડિયા, મિસ્ત્રી આ લોકો પણ પોતાના વાહનોમાં જે તે સ્થળે પહોંચવા માટે, ઝડપથી જવા માટે પોતાના વાહનોનો ઉપયોગ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું પડે છે કે, આજે રાજ્ય સરકારની અંદર હું પણ વાહન વ્યવહાર મંત્રી તરીકે ફરજ બજાવી ચૂક્યો છું. ભૂતકાળમાં સન ૨૦૦૦ પહેલાં જે વસ્તી હતી એ આ ૨૦૧૫માં વસ્તી પણ કેટલી બધી વધી છે એ આપ સૌ જાણો છો એની સાથે વાહનોની સંખ્યા પણ ત્રણ થી ચાર ગણી વધી છે. અને વાહનોની સંખ્યા વધવાને કારણે આજે રાજ્ય સરકાર કે કોરપોરેશન ઓવર બ્રીજ બનાવતી હોય પણ ટ્રાફિકના નિયમો, આજે સ્ટાફના અભાવે, આર.ટી.ઓ.ની ભરતી નહીં થવાના કારણે અને પોલીસમાં પણ

ટ્રાફિક પોઇન્ટ, હું જરૂર કહીશ કે, ભૂતકાળમાં બે માસ પહેલાં મેં સંકલનમાં પ્રશ્ન પૂછયો હતો, કલેકટરશ્રીએ જાહેરનામું બહાર પાડ્યું છે વન–વેનું તેમ છતાંય કોઇ પોલીસ પોઇન્ટ મૂકવામાં નથી આવતો. આજે બે મહિના થયા છતાં ત્યાં સુધી પણ કોઇ પોલીસ પોઇન્ટ મૂક્યો નથી, મારા ગોધરાની વાત કરું છું. એનું કારણ એ છે કે, સ્ટાફનો અભાવ. આર.ટી.ઓ. ઓફિસમાં પણ કર્મચારીઓનો અભાવ, એના કારણે પણ આજે ટ્રાફિકની સમસ્યા વધી છે. ટ્રાફિકની સમસ્યાની સાથે સાથે આજે ગુજરાતની અંદર દારૂબંધી છે. સાહેબ, આ ગુજરાતની અંદર દારૂબંધી કહેવા પૂરતી છે અને એના માટે જો ખાસ કડકમાં કડક સજા જે ડ્રાઇવીંગ કરતી વખતે દારૂ પીધેલો જણાય તો એના માટે કડક સજા થવી જોઇએ, એવા પણ નિયમો સરકારે ઘડવા જોઇએ. આજે પોલીસ પણ આજે કોઇ પણ પોલીસ સ્ટેશનમાં તમે રાત્રીના નવ વાગ્યા પછી જાવ તો પોલીસ સ્ટેશનમાં કોઇ સારો કર્મચારી હોઇ શકે નહીં. આપણી ફરિયાદ નોંધવી હોય તો પણ એ ગલ્લાં–તલ્લાં કરે એવી આજે પોલીસ સ્ટેશનોની દશા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટ્રાફિકની અંદર આજે  હું એક દાખલો આપીશ કે, જ્યારે હું વાહન વ્યવહાર મંત્રી હતો ત્યારે અમદાવાદની અંદર ગીતા મંદિરમાં એક સાઇડમાં વન–વેમાં હું ઘૂસી ગયો, મારી પોતાની પ્રાયવેટ ગાડી હતી. તો એ ટ્રાફિક કર્મચારીને મેં મારી ઓળખાણ આપી, એ ટ્રાફિક કર્મચારીએ મને કહ્યું કે, ભલે તમે મંત્રી હોય પણ તમે આ નિયમનો ભંગ કર્યો છે, વન–વેની અંદર ઘૂસી ગયા છો. સાહેબ મને એ પોલીસ ચોકીએ લઇ ગયા, અને પોલીસ ચોકીએ લઇ ગયા પછી મને કહ્યું કે, તમે એક જવાબદાર વ્યક્તિ છો અને તમે આ વન–વે નો ભંગ કર્યો છે એટલે અમે તમને ચ્હા પીવડાવીને પાછા મોકલીશું . સાહેબ, આવા અધિકારીઓનું પણ સન્માન થવું જોઇએ.આવા અધિકારીઓ જે ટ્રાફિક નિયમનથી માંડીને પોલીસ ખાતાની અંદર જે સાચા ગુન્હેગારોને પકડે છે. આજે મારે નાછૂટકે કહેવું પડશે કે, આ  મોટા શહેરોની અંદર જે બાઇકર્સ ગેંગ અને જે ધૂમ પ્રકારના યુવાનો આજે મતલબ ઝડપથી જે પસાર થાય છે. આજે સાહેબ, જે સ્કુટરો છે એ પણ ઘણી સ્પીડવાળા છે. એટલે સ્પીડ નિયમનની વાત કરીશ તો ફોરેનની અંદર ૯૦ કિલોમિટરની સ્પીડની જો મર્યાદા હોય અને ફક્ત પાંચ કિલોમિટર જો વધારાની સ્પીડ હોય તો એને એક મહિનાની અંદર, પંદર દિવસમાં મેમો મળે. અહીંયા પણ જોગવાઇ કરવામાં આવે કે, ચાર રસ્તા હોય અને ઓવર સાઇડ એ પસાર થઇ ગયો હોય તો સી.સી.ટી.વી. દ્વારા એને પણ દંડની જોગવાઇ કરવામાં આવે અને એને પણ સજા કરવામાં આવે. આમાં આ જે ઉપદ્રવ છે, ટ્રાફિક ઉપદ્રવને નિયમન એ વાત કરીએ તો ઉપદ્રવ એટલે કોઇ પણ વ્યક્તિ બેદરકારીથી, નશાયુક્તથી, રોંગ સાઇડથી, વન–વેનો ભંગ કરવાથી  ખૂબ ઝડપથી અને ધૂમ સ્ટાઇલથી બાઇક ચલાવતા હોય એવા લોકોને જુદી જુદી કોર્ટમાં, જુદા જુદા ગુનાની સજા થવી જોઇએ અને આ બિલની અંદર કલમ–૪ મુજબ ટ્રાફિક અધિનિયમ હેઠળ સમયમર્યાદામાં જે ગુનો થયો હોય એની ખાસ  કોર્ટ ઉભી કરવી જોઇએ અને આવનારા દિવસોની અંદર સજાગતા માટે સી.સી.ટી.વી. કેમેરા મારફત જે કોઇ આવો ગુનો કરે એને પંદર દિવસની સજા અને હજાર રૂપિયા દંડની પણ જોગવાઇ કરવામાં આવે તો હું એમ માનું છું કે ભય વગર પ્રીત નહીં અને આજે ભય નથી એટલા માટે લોકો બેફામ થઇ ગયા છે. આજે પોલીસ પણ પકડતી નથી. પોલીસ પોઇન્ટ હોય અને ત્યાંથી બાઇકર્સ એટલી સ્પીડમાં નીકળી ગયો હોય કે બે મિનિટમાં કયાંનો કયાંય પહોંચી જાય. એને કોઇ પકડતા નથી અને એને આવી પ્રવૃત્તિ કરવાનું વારંવાર મન થાય છે એટલે આવા બાઇકર્સો માટે અને આવી ગેંગ માટે સરકાર કડક પગલાં લે અને આવા જે ગુનાઓ થતા હોય એને અટકાવવાનો પ્રયત્ન કરે એના માટે દુષ્યંતભાઇ જ બિલ લઇને આવ્યા છે એને હું આકારું છું અને અનુમોદન આપું છું કે આ બિલને પાછું ન ખેંચતા અને અને આ બિલને મંજૂર કરાવે એવી મારી વિનંતી.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, હું  બિન સરકારી વિધેયક ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ વિધેયક ૨૦૧૪ માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ લાવ્યા છે એને સમર્થન આપવા માટે ઉભો થયો છું. સોશ્યો ઇકોનોમીક રીવ્યુ, ૨૦૧૪–૧૫ના આંકડા મુજબ ઓકટોબર–૧૪ સુધીમાં રાજયમાં ૧૮૦ લાખ જેટલા વાહનો કાર્યરત છે. જો કે એમાંથી મોટાભાગના ૭૩ ટકા વાહનો દ્વીચક્રી છે એટલે ૧૩૧લાખ વાહનો મોટરસાઇકલ, સ્કુટર અને મોપેડ છે.  સવાલ એ છે કે જે ગુનાઓ ટ્રાફિકના નોંધાઇ રહ્યા છે એમાં ૨૦૧૧ની અંદર ૪૭ લાખ, ૨૦૧૨ની અંદર ૫૭ લાખ, ૨૦૧૩માં ૭૦લાખ

અને ૨૦૧૪માં ૯૩ લાખ જેટલા ગુનાઓ નોંધવામાં આવ્યા છે એટલે ગુનાઓની સંખ્યા જોતા આ સમસ્યા જે છે એ દિન પ્રતિદિન ખૂબ જ વિકટ બનતી જાય છે એટલા માટે આપણે એમ કહીએ કે રાજયની અંદર મોટર વ્હીકલ એકટ ૧૯૮૮, સેન્ટ્રલ મોટર વ્હીકલ રૂલ્સ ૧૯૮૯, ગુજરાત મોટર વ્હીકલ રૂલ્સ ૧૯૮૯ અને રૂલ્સ ઓફ રોડ રેગ્યુલેશન ૧૯૮૯ અમલમાં હોવાછતાં પણ લાખોની સંખ્યાની અંદર જયારે ગુના બની રહ્યા હોય ત્યારે હાલની જે જોગવાઇ છે ગુજરાત પોલીસ એકટમાં, આઇ.પીસી.માં અને મોટર વ્હીકલ એકટમાં એ પૂરતી જણાતી નથી અને એટલા માટે હું દુષ્યંતભાઇને આ બિન સરકારી વિધેયક રજૂ કરીને સરકારશ્રીનું ધ્યાન દોર્યું છે એટલા માટે એમને અભિનંદન આપું છું.

એમણે જે જોગવાઇઓ સૂચવી છે એમાં જયારે ગુનાઓ અટકાવવા હશે ત્યારે અસરકારક સજાની જોગવાઇ કરવી જ પડશે અને એટલા માટે જ એમણે જે બિલમાં સુચવ્યું છે એ પ્રમાણે ૧૫ દિવસ સુધીની સજા અને દંડની જોગવાઇને હું સમર્થન આપું છું. સાથેસાથે વખતોવખત ગુનાઓ કરતા હોય એમના લાયસન્સ રદ કરવાની સત્તા પણ પ્રાપ્ત થવી જોઇએ. બિલની અંદર વોરંટ વગર ધરપકડ કરવાની જે જોગવાઇ સૂચવવામાં આવી છે એ પણ ખૂબ જ યોગ્ય છે કારણ કે જે લોકો અવારનવાર આ ગુનાઓ કરતા હોય અને પબ્લિકને હેરાનગતિ થતી હોય ત્યારે વોરંટ વગર ધરપકડ કરવાની અને ધરપકડ થાય ત્યારે સી.આર.પી.સી.ની જોગવાઇઓ લાગુ કરવાની જે જોગવાઇ એમણે સૂચવી છે એને પણ સમર્થન આપું છું અને આટલી મોટી સંખ્યામાં જયારે ગુનાઓ બનતા હોય ત્યારે હયાત કોર્ટોને ડેઝીગ્નેટ કરીને આ ગુનાઓ માટે સ્પેશ્યલ કોર્ટ પણ નિમવા માટે હું ભલામણ કરું છું. એમનું જે બિલ છે એ શહેરી વિસ્તાર માટે છે શહેરી વિસ્તારની અંદર પોલીસ તંત્ર, આર.ટી.ઓ. અને એની એજન્સીઓ કામ કરતી હોય છે. પણ આપણે જોયું છે કે એનો અમલ અસરકારક નથી અને અસરકારક અમલ માટે બિલની અંદર જે જોગવાઇઓ સૂચવવામાં આવી છે, એનો સરકાર સ્વીકાર કરે. જરૂર પડે તો હાલનો કાયદો છે. નિયમમાં સુધારો કરીને એ જોગવાઇ આમેજ કરીને ટ્રાફિક નિયંત્રણ થાય એના માટે યોગ્ય પગલાં લેવામાં આવે અને ઉપદ્રવ નિવારણ થાય તે માટે ઘટતી કાર્યવાહી કરવા માટે હું રાજ્ય સરકારને વિનંતી કરું છું.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્યશ્રી દુષ્યંતભાઇ જે ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક–૨૦૧૪ લઇને આવ્યા છે. દુષ્યંતભાઇને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે એમણે આ સરકાર દ્વારા જે ટ્રાફિકના નિયમોનું અમલીકરણ નથી થતું અને તેમના અંતરના આત્માથી આ એક સરસ બિલ લઇને આવ્યા છે, જે સમગ્ર રાજ્યના કરોડો શહેરીજનોને માટે ખૂબ અનુકૂળ રહે અને હમણા જે મંત્રીશ્રી નીતિનભાઇ વાત કરતા હતા કે આજનો દિવસ ઐતિહાસિક રહેશે. આ બિલ પાસ થશે તો રાજ્યના કરોડો પ્રજાજનો માટે ઐતિહાસિક રહેશે તેવું માનું છું.

આજે ટ્રાફિકની સમસ્યા એવી છે કે જ્યારે કોઇપણ વ્યકિત પોતાના ઘરેથી પોતાનું વાહન લઇને નીકળે અને એણે સમય મર્યાદામાં પહોંચવાનું હોય ત્યારે નક્કી કરેલ સમયે નીકળે ત્યારે ૫૦ કિ.મી.નું અંતર કાપવાનું હોય તો નક્કી સમય મર્યાદામાં એક કલાકમાં કાપે, પણ શહેરી વિસ્તારનું ૫ કિ.મી.નું અંતર કાપવાનું હોય તો એક કલાક જાય. સમગ્ર શહેરમાં આજે ટ્રાફિકનો એટલો બધો ઉપદ્રવ છે. આ ઉપદ્રવ થવાના કારણે સમગ્ર શહેરીજનો ખૂબ જ મુશ્કેલી અનુભવી રહ્યા હોય છે. આજે ટ્રાફિકનો પ્રશ્નને હલ કરવા માટે ગૃહ વિભાગ દ્વારા એક ટ્રાફિક નિયંત્રણ માટે એક વિભાગ પણ હોય છે, પણ જ્યારે સમગ્ર શહેરમાં જે પેસેન્જરો માટે અવર–જવર કરતી શટલિયા રીક્ષા હોય કે અન્ય વાહનો હોય, પણ પોલીસ દ્વારા આ વાહનોનું યોગ્ય રીતે પ્લાનિંગ કરી એમને માટે પાર્કીંગની વ્યવસ્થા કરવામાં આવતી નથી. અથવા તો પોલીસના હપ્તા રાજ અને આ શટલિયા રીક્ષા ફરતી હોય છે, એમની પાસેથી નક્કી કરેલી હપ્તાની રકમ કોડવર્ડમાં લેવામાં આવે છે. એના કારણે શહેર હોય ત્યાં ગમે તે જગ્યાએ વાહન પાર્કીંગ કરી નાખે, એના કારણે ટ્રાફિક સમસ્યા ઉભી થતી હોય છે.

માનનીય મંત્રીશ્રીને તેમજ ઉચ્ચ પોલીસ અધિકારીને જાણ હશે કે પોલીસ ડિપાર્ટમેન્ટમાં ટ્રાફિકની ભરતી થાય તો લાંબી લાઇનો લાગતી હોય છે. આમાં પોસ્ટિંગ આપો એ રીતની ભલામણ માનનીય મંત્રીશ્રીને અને ઉચ્ચ અધિકારીને મળતી હોય છે, એનું કારણ શું તે પણ અંતરના આત્માથી જાણવું જોઇએ. ઘણીવાર

રોડ ઉપર જઇએ તો રોડ ઉપર ટ્રાફિક પોલીસ સંચાલન કરતી પોલીસની ગાડી ઉભી હોય જે વાહન નીકળે તેને અટકાવવામાં આવે. બીજી વ્યક્તિ નાણાકીય લેવડદેવડ કરતી હોય તેવું નજરે પડે છે. એટલે આવી ટ્રાફિક પોલીસ હોય એ પોતાની પાસે અલગ માણસ રાખે અને આ જે નાણાકીય લેવડ દેવડ કરી ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનોને અટકાવતા નથી. ઘણી જગ્યાએ શહેરોમાં પાર્કીંગની વ્યવસ્થા નથી, એટલે દરેક શહેરમાં પાર્કીંગનું અલગ રીક્ષા સ્ટેન્ડ હોય તો અલગ વાહન માટે વ્યવસ્થા કરવી જોઇએ એવું સૂચન છે.

હમણા અમારા સી.કે. રાઉલજી કહેતા હતા કે લગ્નમાં જવાનું મોડું થાય શહેરોમાં પણ ઘણી જગ્યાએ મેરેજ હોલ, પાર્ટી પ્લોટ હોય એવી જગ્યાએ એટલો બધો વાહનનો ભરાવો હોય કે સમગ્ર ટ્રાફિક તંત્ર પણ ખોરવાઇ જાય. એટલે જ્યાં જયાં આવા પ્રસંગો હોય ત્યાં આગળ ટ્રાફિકની વ્યવસ્થા માટેનું સુવ્યવસ્થિત આયોજન થાય તે માટે પણ યોગ્ય આયોજન થવું જોઇએ. શહેરોમાં થતા અસહ્ય ટ્રાફિકજામને કારણે પેટ્રોલ ડીઝલ તેમાં પણ ઘણો મોટો ખર્ચ આવતો હોય છે. વાહન ચાલકોને ઘણું આર્થિક નુકસાન પડતું હોય છે. આ વાહન ચાલકોના વાહનોના પ્રદૂષણના કારણે ઘણા લોકો રોગના પણ ભોગ બનતા હોય છે ત્યારે આવી જગ્યાએ ટ્રાફીકનો પ્રશ્ન હલ કરવા માટે ભાઇશ્રી દુષ્યંતભાઇ ખૂબ સરસ ટ્રાફીક નિવારણનું જે બિલ લઇને આવ્યા છે, મોટર વ્હીકલ એકટની કલમો, નિયમો પણ છે, એમ.વી.એકટની કલમો મુજબ તેમાં સજા અને દંડની જોગવાઇ છે. ભાઇશ્રી દુષ્યંતભાઇ જે બિલ લઇને આવ્યા છે તેમાં ઘણી સારી કલમો છે, તેના ઉદ્દેશો અને કારણો અગત્યના છે ત્યારે આ બિલ દુષ્યંતભાઇ પરત ન ખેંચે અને આ સન્માનનીય ગૃહ બહુમતિથી પસાર કરે તે માટે હું મારા વિચારો વ્યક્ત કરું છું.

શ્રી રજનીકાન્ત સો. પટેલ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરો અને શહેરી વિસ્તારોમાં ધૂમ સ્ટાઇલથી ભયજનક રીતે વાહન હંકારવાથી રોડ પરથી પસાર થતા લોકો સાથે વધતા જતા ટ્રાફીક અકસ્માતના બનાવો અને તેના લીધે થતી ગંભીર ઇજાઓ તથા મૃત્યુ, ગેરકાયદેસર ટ્રાફીક પાર્કીંગથી થતી સમસ્યાઓ અંગે અસરકારક પગલાં લેવા તથા ગુનો કરનારને સજા કરવા અલગથી કાયદો બનાવી બોમ્બે પોલીસ એકટ.૧૯૫૧માં સત્તાઓ છે. તે ઉપરાંત વધારાની સત્તાઓ સોંપવાના આશયથી માનનીય ધારાસભ્યશ્રી આ વિધેયક લાવેલ છે. માનનીય સભ્યશ્રીઓએ પણ તેમાં અનેક સૂચનો અને તેમની લાગણી વ્યક્ત કરી છે તે હું સમજી શકું છું. આ વિધેયક બાબતે સભાગૃહના માનનીય સભ્યશ્રીઓએ જે પોતપોતાના સૂચનો અને વિચારો વ્યક્ત કર્યા છે તેને હું આવકારું છું. વાહનને ભયજનક રીતે અથવા લાપરવાહીથી ચલાવવા તેમ કરીને આવતા જતા રાહદારીઓને અડચણ ઉભી કરવી, ગમે ત્યાં રસ્તા ઉપર વાહન પાર્ક કરવું અથવા છોડી દેવું, વાહનને તેના નિર્ધારીત સ્થળ વગર માલ સામાન ઉતારવા અથવા ચડાવવા માટે જાહેર રસ્તા ઉપર ઉભું રાખી લોકોની અવરજવરમાં અડચણ ઉભી કરવી, દારૂ પીધેલી હાલતમાં વાહન ચલાવી લોકોના જાનમાલને જોખમમાં મૂકવા વગેરે પ્રકારના ગુનાઓ બાબતે એક હજાર રૂપિયાથી ઓછો ન હોય તેટલો દંડ અથવા પંદર દિવસ કરતાં વધુ ન હોય તેટલી જેલની સજા કરવા અને ભયજનક રીતે અથવા લાપરવાહીથી વાહન ચલાવવાનું લાયસન્સ રદ કરવા વગેરે પ્રકારની જોગવાઇ કરવાનું પ્રસ્તુત વિધેયકમાં તેમણે સૂચવ્યું છે.

